
# નિયમસાર રહસ્ય


(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૬ના ગાથા - ૭૭ થી ૧૧૦ તથા કળશ- ૧૦૮ થી ૧૬૦ ઉપરના શબ્દશ: પ્રવચનો )



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદ આચાર્ય દેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



શ્રી કાનજીસ્વામી

## ભાગ - 3

પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર રહસ્ય

(ભાગ–૩)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૬૬ના પરમાર્થ પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન તથા પરમ આલોચના
અધિકારની ગાથા-૭૭ થી ૧૧૦ તથા કળશ-૧૦૮ થી ૧૬૦
ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત ૨૦૮૨

વીર સંવત ૨૫૫૨

ઈ. સન ૨૦૨૬

**પ્રકાશન તિથિ**

શ્રી બાહુબલી મુનિન્દ્રનો ત્રીજો પ્રતિષ્ઠા દિન,
તા. ૩-૧-૨૦૨૬

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા–તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ–પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારાજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઇન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઇત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર ‘અભિનંદન ગ્રંથ’ આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઇન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઇત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઇત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને

યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર

સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## નિયમસાર રહસ્ય ભાગ-૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૭૨, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૬૧ | ૧૦–૦૫–૧૯૬૬ | ગાથા–૭૭ થી ૮૧, શ્લોક–૧૦૮ | ૦૦૧ |
| ૦૬૨ | ૧૧–૦૫–૧૯૬૬ | ગાથા–૭૭ થી ૮૨, શ્લોક–૧૦૯ | ૦૧૪ |
| ૦૬૩ | ૧૨–૦૫–૧૯૬૬ | ગાથા–૮૨–૮૩, શ્લોક–૧૧૦ | ૦૨૭ |
| ૦૬૪ | ૧૩–૦૫–૧૯૬૬ | ગાથા–૮૩–૮૪, શ્લોક–૧૧૧ | ૦૪૦ |
| ૦૬૫ | ૧૭–૦૫–૧૯૬૬ | ગાથા–૮૫, શ્લોક–૧૧૨ થી ૧૧૪ | ૦૫૩ |
| ૦૬૬ | ૧૮–૦૫–૧૯૬૬ | શ્લોક–૧૧૪, ગાથા–૮૬ | ૦૬૬ |
| ૦૬૭ | ૧૯–૦૫–૧૯૬૬ | ગાથા–૮૬–૮૭, શ્લોક–૧૧૫ થી ૧૧૭ | ૦૮૦ |
| ૦૬૮ | ૨૦–૦૫–૧૯૬૬ | ગાથા–૮૮–૮૯, શ્લોક–૧૧૮ | ૦૯૩ |
| ૦૬૯ | ૨૧–૦૫–૧૯૬૬ | ગાથા–૮૯–૯૦, શ્લોક–૧૧૯–૧૨૦ | ૧૦૮ |
| ૦૭૦ | ૨૨–૦૫–૧૯૬૬ | ગાથા–૯૦–૯૧, શ્લોક–૧૨૧ | ૧૨૨ |
| ૦૭૧ | ૨૩–૦૫–૧૯૬૬ | ગાથા–૯૧, શ્લોક–૧૨૨ | ૧૩૬ |
| ૦૭૨ | ૨૪–૦૫–૧૯૬૬ | ગાથા–૯૨ | ૧૫૦ |
| ૦૭૩ | ૨૫–૦૫–૧૯૬૬ | ગાથા–૯૩–૯૪, શ્લોક–૧૨૩–૧૨૪ | ૧૬૪ |
| ૦૭૪ | ૨૬–૦૫–૧૯૬૬ | ગાથા–૯૪, શ્લોક–૧૨૫–૧૨૬ | ૧૭૭ |
| ૦૭૫ | ૨૭–૦૫–૧૯૬૬ | ગાથા–૯૫ | ૧૯૨ |
| ૦૭૬ | ૨૮–૦૫–૧૯૬૬ | ગાથા–૯૫–૯૬, શ્લોક–૧૨૭ | ૨૦૫ |
| ૦૭૭ | ૨૯–૦૫–૧૯૬૬ | ગાથા–૯૬–૯૭ શ્લોક–૧૨૮ | ૨૨૦ |
| ૦૭૮ | ૩૦–૦૫–૧૯૬૬ | ગાથા–૯૭, શ્લોક–૧૨૯ | ૨૩૪ |
| ૦૭૯ | ૩૧–૦૫–૧૯૬૬ | શ્લોક–૧૩૦ થી ૧૩૨ | ૨૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૦૮૦ | ૦૧–૦૬–૧૯૬૬ | ગાથા–૯૮–૯૯, શ્લોક–૧૩૩ | ૨૫૯ |
| ૦૮૧ | ૦૨–૦૬–૧૯૬૬ | ગાથા–૯૯–૧૦૦, શ્લોક–૧૩૪ | ૨૭૩ |
| ૦૮૨ | ૦૩–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૦ | ૨૮૬ |
| ૦૮૩ | ૦૪–૦૬–૧૯૬૬ | શ્લોક–૧૩૫ | ૨૯૯ |
| ૦૮૪ | ૦૫–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૧, શ્લોક–૧૩૬ | ૩૧૩ |
| ૦૮૫ | ૦૬–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૨, શ્લોક–૧૩૭ | ૩૨૯ |
| ૦૮૬ | ૦૭–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૩, શ્લોક–૧૩૮ | ૩૪૨ |
| ૦૮૭ | ૦૮–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૪, શ્લોક–૧૩૯–૧૪૦ | ૩૫૫ |
| ૦૮૮ | ૦૯–૦૬–૧૯૬૬ | ગાથા–૧૦૫, શ્લોક–૧૪૦–૧૪૧ | ૩૬૮ |
| ૦૯૭ | ૧૮–૦૬–૧૯૬૬ | ગાથા–૧૧૦ | ૩૮૧ |
| ૦૯૮ | ૧૯–૦૬–૧૯૬૬ | ગાથા–૧૧૦, શ્લોક–૧૬૦ | ૩૯૪ |

ॐ
સહજ ચિદાનંદ.

॥श्री परमात्मने नमः॥

# નિયમસાર રહસ્ય

**(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી નિયમસારજી પરમાગમ ઉપર ચાલેલા**
**શબ્દશઃ સળંગ પ્રવચનો)**
**(ભાગ-3)**

**વૈશાખ વદ-૬, મંગળવાર, તા.૧૦-૦૫-૧૯૬૬**
**ગાથા-૭૭ થી ૮૧, કળશ-૧૦૮, પ્રવચન-૬૧**

સમ્યગ્દર્શનસહિત, સમ્યગ્જ્ઞાન સહિત સાચું ચારિત્ર કેવું હોય એનું આમાં વર્ણન છે. પાંચમો અધિકાર--પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર. **'અધિકારના પ્રારંભમાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્રી માધવસેન આચાર્યદેવને શ્લોક દ્વારા નમસ્કાર કરે છે.'** પોતાના આચાર્યને નમસ્કાર કરે છે.

**(वंशस्थ)**
**नमोऽस्तु ते संयमबोधमूर्तये**
**स्मरेभकुंभस्थलभेदनाय वै।**

विनेयपंकेजविकाशभानवे
विराजते माधवसेनसूरये॥१०८॥

પોતાના ગુરુને વંદન કરે છે. '**શ્લોકાર્થ :- સંયમ અને જ્ઞાનની મૂર્તિ,...**' છે એમ કહે છે. માધવસેન આચાર્ય સંયમ. સ્વરૂપની સ્થિરતા અને જ્ઞાનની તો મૂર્તિ છે. એમ પંચમહાવ્રતધારી પોતે પોતાના ગુરુના સ્વરૂપને વર્ણન સમજીને નમસ્કાર કરે છે. સમજાણું? '**સંયમ અને જ્ઞાનની મૂર્તિ, કામરૂપી હાથીના કુંભસ્થળને ભેદનાર...**' જેનું ઇન્દ્રિયદમન સખત હતું એમ કહે છે. કામરૂપ હાથી એના કુંભસ્થળ. એને ભેદનાર '**અને શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન...**' શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન. ઠીક. એનો અર્થ કે અમે સમજવાને લાયક હતા અને અમને ઇ સૂર્ય સમાન થયા છે. એમ કહે છે. શું કહે છે કે ઘડીકતો ઇ રાખો, બીજાથી વિકસાય એમ તો રાખો એમ કહે છે.

**શ્રોતા :-** .. ત્યારે તો રાખો એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઇ કહે છે. ઇ જ કીધું. '**શિષ્યરૂપી કમળને વિકસાવવામાં સૂર્ય સમાન...**' સૂર્ય જ્યારે થાય છે ત્યારે કમળ પોતાને કારણે વિકસે છે. એમ પોતે પોતાથી વિકસાય એમ ન બતાવતા ગુરુથી આ વિકસવાનું થયું એમ કહેવા માગે છે.

'**એવા હે બિરાજમાન...**' '**विराजते**' છેને? એટલે '**(શોભાયમાન) માધવસેનસૂરિ!**' એમના આચાર્ય-ગુરુનું નામ છે. '**તમને નમસ્કાર હો.**' અમારો તમને નમસ્કાર હો. એમ કરીને આ નિશ્ચય ચારિત્રની વ્યાખ્યા શરૂ કરતા આ નમસ્કાર અને વિનય વર્ણવ્યો. હવે ટીકા એની. હવે જે આ અધિકાર વ્યવહારનયનો આવ્યો હતો માથે બધો. '**સકળ વ્યવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી...**' જુઓ, ચોખ્ખી વાત છે. '**સકળ વ્યવહારિક ચારિત્ર...**' પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ અને જેટલા વિકલ્પો વ્યવહારના શાસ્ત્રમાં આવે છે. વ્યવહારચારિત્ર. એનાથી આ નિશ્ચય ચારિત્ર પ્રતિપક્ષ છે. વ્યવહાર ચારિત્ર એ શુભરાગરૂપ છે અને નિશ્ચયચારિત્ર એ અરાગરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એનું જ્ઞાન અને ભાન થવામાં પોતાનો આશ્રય થઈને જે થયું એમાં સ્વરૂપની રાગરહિત ચારિત્રદશા એ અરાગ છે અને સાથે પંચમહાવ્રતના વિકલ્પ છે એ રાગ છે. એટલે વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર પ્રતિપક્ષ છે. સ્વરૂપ જ એનું વિરૂદ્ધ છે એમ કહે છે. નિશ્ચય ચારિત્ર અરાગી પરિણામ છે અને વ્યવહાર ચારિત્ર રાગપરિણામ છે. બે વિરૂદ્ધ પક્ષવાળા છે.

**શ્રોતા :-** શુભ ઉપયોગમાં બેય હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભ ઉપયોગમાં એકેય હોય નહિ. શુભ ઉપયોગ એકલું બંધનું કારણ હોય છે. ઇ ફળની વાત આવશે. આ તો વર્તમાન બે ભાગનું સ્વરૂપ પહેલું વર્ણવે છે કે વ્યવહાર ચારિત્રથી નિશ્ચય ચારિત્ર પ્રતિપક્ષ છે, નિશ્ચય ચારિત્રથી વ્યવહારચારિત્ર પ્રતિપક્ષ છે. આત્મામાં

સ્વભાવને આશ્રયે જે સ્થિરતા નિશ્ચય ચારિત્રની વ્યાખ્યા લેવાની છે ઇ. એ શાંત અરાગી પરિણામ એનાથી પંચમહાવ્રત આદિ વ્યવહાર ક્રિયાકાંડના જે પરિણામ એ વિરૂદ્ધ પ્રતિપક્ષ છે. કહો, સમજાણું કાંઈ? કેટલાક કહે કે ભાઈ! વ્યવહાર કરતાં પછી નિશ્ચય થશે. અહીં કહે છે કે વ્યવહાર ચારિત્રથી '**સકળ વ્યવહારચારિત્રથી...**' '**એવું જે નિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર...**' એમ લેવું છેને? બધા જેટલા વિકલ્પોના વ્યવહારચારિત્રનું વર્ણન હોય એનાથી નિશ્ચયનયસ્વરૂપ પરમચારિત્ર પ્રતિપક્ષરૂપે છે, વિરોધરૂપે છે. કહો, સમજાણું?

'**અને તેના ફળની પ્રાપ્તિથી...**' વ્યવહારચારિત્રનું ફળ બંધ છે, નિશ્ચય ચારિત્રનું ફળ મોક્ષ છે. બેના ફળમાં ફેર છે. કહો, ચંદુભાઈ! છે? તો આ પછી વ્યવહાર કરતા નિશ્ચય થાય એ ક્યાં આવ્યું? વ્યવહાર ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર છે અને પછી એમ કે નિશ્ચય છે. સાતમા સુધી? આઠમે. કહો, સમજાણું? એમ છે નહિ. એક સમયમાં બે સાથે છે. એમ કહેવું છે. આત્માનું સમ્યગ્દર્શન એ નિશ્ચય સ્વને આશ્રયે થયું એ. તેમાં વ્યવહારસમ્યગ્દર્શનનો રાગ કે આનાથી વિરૂદ્ધ પક્ષવાળા છે. એમ આત્માનું જ્ઞાન સમ્યક્ ચૈતન્યને આશ્રયે થયું તે જ્ઞાન અને આ શાસ્ત્ર આદિનું પરતરફથી જ્ઞાન બેય વિરૂદ્ધ પક્ષે છે અને બે વિરૂદ્ધ પક્ષના બે ફળ વિરૂદ્ધ છે. વિરૂદ્ધ પક્ષે અસ્તિ છે અત્યારે એના ફળ વિરૂદ્ધ છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન ચૈતન્યને આશ્રયે થયા એ સંવર-નિર્જરારૂપ છે અને રાગ આદિ જે છે એ આસ્રવરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ વ્યવહાર ચારિત્ર આસ્રવરૂપ છે, નિશ્ચયચારિત્ર સંવરરૂપ છે. અને એના ફળરૂપે નિશ્ચય ચારિત્રનું ફળ મુક્તિ છે, નિર્જરા આદિની મુક્તિ, આનું ફળ બંધ છે. કહો, સમજાણું? કે નહિ... નહિ... નહિ... એમ માન્ય રાખતા નથી.

જે શુદ્ધનિશ્ચયનય સ્વરૂપ. દેખો, '**જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમચારિત્ર...**' એમ પાછું. શુદ્ધનિશ્ચયનય સ્વરૂપ જ પરમચારિત્ર. એટલે શુદ્ધ નિશ્ચય અને એનો વિષય ચારિત્ર એમ પણ નહિ. અહીંયાં અભેદ લઈ લીધું. આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધપણે ઠરે, અરાગીપણે ઠરે, વીતરાગી પર્યાયપણે ઉત્પન્ન કરે એ શુદ્ધનયસ્વરૂપ જ પરમચારિત્ર છે. '**તેનું પ્રતિપાદન કરનારો...**' વ્યવહાર ચારિત્રથી અને તેના ફળ પ્રાપ્તિથી વિરૂદ્ધ એવું જે શુદ્ધ ચારિત્ર '**તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.**' લ્યો. પરમાર્થે સાચું પ્રતિક્રમણ, એ સાચું પ્રતિક્રમ, નિશ્ચય પ્રતિક્રમણ એવો અધિકાર કહેવામાં આવે છે. '**ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.**' લ્યો, એ ગાથાને પંચરત્ન કહેવામાં આવે છે. આ ગાથાને જ પંચરત્ન કહે છે. '**તે આ પ્રમાણે :**'

'**હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે :**' લ્યો.

**णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७७।।**

णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७८।।
णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।७९।।
णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८०।।
णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं।
कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं।।८१।।

**નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.**
**હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.**
**હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.**
**હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.**
**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.**

એની '**ટીકા :- અહીં શુદ્ધ આત્માને...**' શુદ્ધ દૃષ્ટિ થઈ, શુદ્ધ જ્ઞાન થયું એવા '**શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.**' રાગાદિ, દેહાદિનો હું કર્તા નથી એમ તો દૃષ્ટિ થઈ હતી, પણ અહીંયાં ચારિત્ર છે એટલે વિશેષ સ્થિરતામાં એ પ્રકારનો વિકલ્પ પણ મને નથી. શું કહે છે જુઓ, નારકીનું નથી એમ કહ્યું હતુંને? '**બહુ આરંભ અને પરિગ્રહનો અભાવ હોવાને લીધે...**' ઘણા આરંભ અને પરિગ્રહ એ નારકગતિનું કારણ છે. ઘણો આરંભના પરિણામ કષાયના તીવ્ર અને આસક્તિ એ બધા નરકગતિમાં જવાના પરિણામ છે. કહે છે કે, એ બહુ આરંભ પરિગ્રહનો અભાવ મારામાં એ છે નહિ. વસ્તુ જ્ઞાયક ચૈતન્ય છું એમાં એ પરિણામ જ નથી. સમજાણું કાંઈ? હું ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ. જુઓ, આ ચારિત્રવંત પરમાર્થ-પ્રતિક્રમણવંત એમ અંતરમાં ભાન અને જ્ઞાન કરે છે. એ ઘણો આરંભ એટલે કષાયભાવ તીવ્ર. એમાં લીનતા એકાગ્રતા આસક્તિ એનો મારા સ્વરૂપમાં જ અભાવ છે. હું ચૈતન્ય જ્ઞાયકસ્વભાવથી ભરેલો એમાં આવા કષાયની તીવ્રતાના

પરિણામ અને આસક્તિ પરિગ્રહના પરિણામનો એમાં અભાવ હોવાને કારણે, એમ. આવા ભાવનો અભાવ હોવાને કારણે. '**હું નારક પર્યાય નથી.**' એ નારકીની ગતિ મારે નથી. કહો, સમજાણું?

વસ્તુસ્વરૂપમાં ચૈતન્ય આનંદ અને અનંત જ્ઞાનાદિથી ભરેલો આત્મા એમાં આ આરંભ અને પરિગ્રહના પરિણામનો જ્યાં અભાવ છે. આ કારણે હું નારકી જ નથી. એ પરિણામ જ મારામાં નથી તો એના ફળરૂપે નારકી હું નથી. કહો, સમજાણું આ? જુઓ આ પ્રતિક્રમણ. સાચું પ્રતિક્રમણ, નિશ્ચય પ્રતિક્રમણ એટલે ચારિત્ર. આહા..હા..!

**શ્રોતા** :- સાંજ-સવારને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોવીસ કલાકનો. એમ કે પડિક્કમણાનો ટાઈમ તો સાંજ-સવાર હોયને. સાંજ અને સવારે કરે. અહીં તો ચોવીસ કલાક હું છું ત્યાં બધે પડિક્કમણું છે એમ કહે છે. કહો, હું તો આત્મા છું, જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો પદાર્થ છું. એ પાપના પરિણામ એ મારામાં નથી, તો પછી હું નારકી છું એવું છે નહિ. તો જ્યાં-જ્યાં આત્મા ત્યાં-ત્યાં આવો ભાવ છે. કહો, સમજાણું આમાં?

'**સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે...**' પાછું એ સિદ્ધ કર્યું. ઉદયભાવ સંસારીને ઉદયભાવ હોય છે એ વ્યવહારથી હોય છે. આરંભ અને પરિગ્રહના પરિણામ વર્તમાનમાં વ્યવહારનયને આશ્રયે હોય છે. હું મારા સ્વરૂપમાં એ છે નહિ. એમ વ્યવહારનું જ્ઞાન મારામાં નથી. સમજાણું કાંઈ? ત્યારે સંસારી જીવને ત્યારે પોતે સિદ્ધ થઈ ગયો? ઇ જ કહે છે કે હું તો સિદ્ધ જ છું.

**શ્રોતા** :- પહેલા કીધુંને હું શુદ્ધાત્મા છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, શુદ્ધ આત્મા છું. હું શુદ્ધ આત્મા છું. વસ્તુ બહુ આરંભ-પરિગ્રહથી રહિત, પરિણામરહિત પરિણામવાળો છું. સંસારી જીવની દૃષ્ટિ સંસાર પર્યાયની બુદ્ધિમાં એને આરંભ અને પરિગ્રહ હોય, વ્યવહારથી છે. વસ્તુના સ્વભાવમાં શુદ્ધ આત્મામાં નથી. કહો, ચંદુભાઈ! આહા..હા..! આ તો નીચેથી આ ચારિત્રવંત વાત વિચારે છે.

'**સંસારી જીવને...**' ત્યારે પોતે સંસારથી રહિત છે? તો હા સાંભળને. એ પરિણામ જ મારા શુદ્ધ આત્મામાં નથી. એકલો ચૈતન્ય ગોળો શુદ્ધ પરમાનંદની મૂર્તિ એ આત્મા. આ પરિણામ તો આસ્રવ પરિણામ છે. એ આસ્રવ પરિણામ એ મારામાં નથી. તેના ફળરૂપે નારકી હું નથી. આસ્રવ પરિણામ વ્યવહારનયથી પર્યાયની દૃષ્ટિએ જોવે તો એમાં છે. વસ્તુમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? '**અને તેથી જ તેને નારક આયુના હેતુભૂત...**' સંસારીને વ્યવહાર પરિણામથી વ્યવહાર જોવે તો વ્યવહારે છે. '**તેથી જ તેને નારક આયુના...**' કારણભૂત નારકીના આયુષ્યના હેતુ '**સમસ્ત મોહ-રાગ-દ્વેષ હોય છે,...**' છતાં મોહ અને રાગ-દ્વેષ હોય છે. એની પર્યાયમાં, અજ્ઞાનદશામાં મારામાં છે એમ એ માને છે. '**પરંતુ મને શુદ્ધ નિશ્ચયનયના બળે શુદ્ધ**

**જીવાસ્તિકાયને--તેઓ નથી.**' જુઓને વાત. સમજાણું કાંઈ? પણ સંસારીને હોય છે. હું ક્યાં સંસારી છું. હું શુદ્ધ જીવાસ્તિકાય છું. ચારિત્ર એટલે મોક્ષનું કારણ, હું તો મોક્ષસ્વરૂપે ચાલનારો છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરંતુ મને શુદ્ધ નિશ્ચયનયના બળે...**' કહ્યુંને નિશ્ચયનયના બળે એટલે કે અંતર સ્વભાવની દૃષ્ટિના જોવાને કારણે '**શુદ્ધ જીવાસ્તિકાય...**' શુદ્ધ જીવાસ્તિકાય હું છું. હું તો શુદ્ધ જીવ અસ્તિ. પાછું અસંખ્ય પ્રદેશ ઓલો સાધારણ જીવ હોય એમ નહિ. આ તો શુદ્ધ જીવાસ્તિકાય છું. શુદ્ધ જીવ અસ્તિ તો છું, પણ અસંખ્ય પ્રદેશી કાયવાળો છું. તેઓ મને નથી. તેઓ મને નથી. કહો, સમજાણું કાંઈ?

ચારિત્રવંતને આ તો સમ્યગ્દૃષ્ટિને જ આમ છે. અને સ્થિરતા વિશેષ લેવી છે ઇ પરિણામ જ મારામાં નથી. હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. ચૈતન્ય પરમાત્મસ્વરૂપ જ હું છું. મારે એ શુદ્ધ નિશ્ચયનયના બળે શુદ્ધ જીવાસ્તિકાયના સત્ત્વમાં એ આરંભ અને પરિગ્રહના પરિણામ, એ વ્યવહારે છે સંસારીને. એ મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ ચારિત્ર એ મોક્ષનો માર્ગ વર્ણવે છે. નિયમસાર છેને? આહા..હા..! એ પડિક્કમણું. આ પરિણામ મારામાં નથી અને આવો હું છું એનું નામ પ્રતિક્રમણ. એ પરિણામ મારામાં નથી અને હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. જુઓને, શુદ્ધ જીવાસ્તિકાય મને મારામાં એ નથી. એ પડિક્કમણું થયું. નવરંગભાઈ! પડિક્કમણું આ મિચ્છામી દુક્કડમ અને આ બોલવું ઇ પડિક્કમણું છે? કહો, સમજાણું કાંઈ? નારકીનો ભાવ જે કહે છે ઇ ભાવ જ મારામાં નથી તો હું નારકી ક્યાંથી આવ્યો? હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. આહા..હા..! જુઓ, આ મુનિની દશા. ત્યાંથી ઉપાડ્યું છેને. બાકી દૃષ્ટિમાં એમ જ છે. હું શુદ્ધ જીવાસ્તિકાય છું. શુદ્ધ કીધું છેને? શુદ્ધ જીવાસ્તિકાય અસ્તિ શુદ્ધ ગુણવાળો આ અસંખ્ય પ્રદેશી શુદ્ધ એવો હું છું. આ હું નથી. પાછો ફર્યો અને અહીં ઠર્યો એનું નામ પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ? પ્રતિક્રમણ ખરુંને પાછો ખસ્યો.

'**તિર્યંચપર્યાયને યોગ્ય...**' હવે આ તિર્યંચ-પશુ એકેન્દ્રિય. '**માયામિશ્રિત અશુભકર્મનો અભાવ હોવાને લીધે...**' એ માયામિશ્રિત અશુભકર્મનો મારામાં તો અભાવ છે. '**હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું...**' લ્યો, હું સદાય તિર્યંચપર્યાયના કર્તાપણાથી રહિત છું. લ્યો એમ ભાષા વાપરી જુઓ. આમ તો '**णारयभावो तिरियत्थो**' તિર્યંચ--એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય આદિ એના માયામિશ્રિતનું ફળ છે એ ભાવ મારામાં નથી. '**તિર્યચ પર્યાયના કર્તૃત્વ વિહીન...**' સદાય હું છું. ગતિ-બતિ મારે નથી. તિર્યંચની ગતિ જ મારામાં નથી, ગતિનો ભાવ જ મારામાં નથી. ગતિનો ભાવ જ મારામાં નથી તો ગતિ ક્યાંથી આવી? આહા..હા..!

'**મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ-ભાવકર્મનો અભાવ હોવાને લીધે...**' લ્યો, એ મનુષ્ય નામકર્મને લાયક એ જડકર્મ જે છે નામ પ્રકૃતિ એ મારામાં નથી અને જે ભાવે મનુષ્યપ્રકૃતિ બંધાય એ ભાવ પણ મારામાં નથી. વાહ! ઓલામાં એમ વાપર્યું હતું કે મને શુદ્ધ બળે જ આ નથી.

ઓલામાં એમ કહે કે હું સદા કર્તૃત્વ વિહીન છું. તિર્યંચમાં એમ લીધું. મનુષ્યમાં? કે 'ભાઈ! મનુષ્યપણું છેને. આ ગતિ એ ચારિત્રને સાધન છે. મનુષ્યપણામાં ચારિત્ર હોય છેને?' પણ હું મનુષ્ય જ નથું. જે ભાવે મનુષ્યપણું મળે એ ભાવનો જ મારા સ્વભાવમાં (અભાવ છે)! વસ્તુમાં ક્યાં છે? ચિતાનંદ આનંદકંદ આત્મા શુદ્ધ જીવાસ્તિકાય એમાં નામકર્મનો યોગ્ય જે જડકર્મ અને ભાવકર્મનો અભાવ હોવાને લીધે. મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી. કહો, ઓલામાં તિર્યંચમાં કર્તૃત્વ વિહીન લીધું હતું. આમાં આ.

હું મનુષ્ય પર્યાય શુદ્ધનિશ્ચયથી મારે છે જ નહિ, તો પછી મનુષ્યપર્યાય ગતિથી અહીં લાભ થાય, મનુષ્ય ગતિ છે માટે અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય એમ છે જ નહિ). મનુષ્યમાં ચારિત્ર છે કે નહિ? કહો, 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ જ્યાં છાયા' મનુષ્યભવમાં ઇ છે. અહીં ના પાડે છે, મનુષ્યભવમાં નહિ. એય..! 'કલ્પવૃક્ષસમ સંયમકેરી અતિશીતળ જ્યાં છાયા, ચરણ કરણ ગુણધારા મહામુનિ મધુકર મન લોભાયા.' એ ચરણ શાંતિ સંયમ એ મનુષ્યભવમાં હોય છે. એમ આનંદઘનજીનું છે. અહીં કહે છે કે મનુષ્યભવમાં એ છે જ નહિ. હું મનુષ્યભવમાં નથી ત્યાં પછી ક્યાં આવ્યું વળી? જે ભાવે મનુષ્યપણું એ ભાવ નથી અને જે ભાવથી મનુષ્યપણું કર્મ બંધાય એ કર્મ મારામાં નથી. અજીવ ક્યાં મારામાં છે અને આસ્રવ ક્યાં મારામાં છે? એમ. જે ભાવે મનુષ્યપણું બંધાય એ ભાવ આસ્રવ છે અને જે કર્મ બંધાય એ અજીવ છે. એ આસ્રવ અને અજીવનો મારામાં અભાવ છે. આહા..હા..! જુઓ, આ પ્રતિક્રમણ. **'મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી.'** મનુષ્યદેહ તો ઠીક પણ ગતિ નથી. સમજાણું કાંઈ? મનુષ્યની ગતિનું અસ્તિત્વ મારામાં છે જ નહિ. મારું અસ્તિત્વ-હોવાપણું-મોજુદગી શુદ્ધનિશ્ચયસ્વરૂપે શુદ્ધ જીવાસ્તિકાય અસ્તિરૂપે આત્મા છે. સમજાણું?

**'દેવ એવા નામનો આધાર જે દેવપર્યાય...'** દેવ એવા નામનો આધાર દેવપર્યાય **'તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે...'** દેવના શરીર એવા હોય છેને આમ આ સુંદર. સમજાણું? **'એવા નામનો આધાર જે દેવપર્યાય...'** દેવ એને કહેવાયને? **'તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ...'** એ પુદ્ગલદ્રવ્યના સંબંધનો જ મારે અભાવ છે. તેથી **'નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.'** મુનિ તો અત્યારે પંચમકાળના દેવપદમાં જાય. અહીં કહે છે કે પણ દેવ (પર્યાય) મારામાં છે જ નહિ, દેવપર્યાય મારામાં નથી. ક્યાં જાવ હું? હું તો મારામાં છું. મારું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ અખંડાનંદ આનંદ એમાં હું છું. દેવપર્યાય મારામાં નથી. કહો, સમજાણું આમાં?

**'સુરસ-સુગંધસ્વભાવવાળા...'** આમ શરીરનું જ્યાં આમ દેવનું શરીર તો સુગંધ, સુરસ, સુરૂપ એવો પુદ્ગલનો સંબંધ એ દેવ. પણ એવો મારે પુદ્ગલનો સંબંધ જ નથીને. દેવ ક્યાંથી આવ્યો હું? એમ કહે છે. દેવનું શરીર આમ સુગંધ અને રૂપાળું આમ. હું પણ દેવ શરીરરૂપે જ

નથી, પુદ્‌ગલનો સંબંધ જ મારે નથી. **'નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.'** હું તો શુદ્ધ જીવાસ્તિકાય અખંડ જ્ઞાયક ચૈતન્ય છું. 'એમાં રહું છું તે આ મારામાં નથી' એમ કહે છે અહીંયાં. હું આમાં રહું છું માટે આમાં હું નથી. એ ચારિત્રનું. સમજાણું આમાં?

હવે માર્ગણાની વાત કરે છે. **'ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...'** માર્ગણા સ્થાન છેને ચૌદ ગતિ, કાય આદિ. **'તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો...'** પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, પર્યાપ્ત આદિ કે જે ગુણસ્થાનો. **'કે ગુણસ્થાનો...'** એમ. **'તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો કે ગુણસ્થાનો શુદ્ધ નિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (પરમભાવ જેનો સ્વભાવ એવા મને) નથી.'** આહા..હા..! હું શુદ્ધ જીવાસ્તિકાય અભેદસ્વરૂપ ચિદાનંદ જ્ઞાયક આનંદમાં રહેનાર એવા શુદ્ધ જીવમાં, અસ્તિમાં, અસંખ્ય પ્રદેશમાં એવામાં હું મારામાં રહેનાર એને આવા માર્ગણાના ભેદો મારામાં નથી. અભેદમાં એ ભેદ નથી. ઓહો..હો..! ક્યારે? આ તો ચારિત્રવંત વર્તમાનમાં કહે. પંચમકાળના મુનિ કહે છે લ્યો. સમજાણું?

એ ચૌદ ભેદ માર્ગણાના. ગતિ, કાય, યોગ આવે છેને? અને ચૌદ જીવસ્થાનના અને ચૌગ ગુણસ્થાન લ્યો. બધાય એ મારે નથી. બીજી ગાથા. માર્ગણાસ્થાનો નહિ, ગુણસ્થાન અને જીવસ્થાનો નહિ. લ્યો ૪૨ બોલ કાઢી નાખ્યા. ૪૨માં તો ઘણાય છે. ચૌદ માર્ગણામાં તો કેટલાય ... હું તો પરમસ્વભાવ પરમભાવસ્વભાવવાળો. આહા..હા..! હું તો પરમભાવ ત્રિકાળી પરમજ્ઞાયકભાવ એવા સ્વભાવવાળો, કાયમી સદા પરમસ્વભાવભાવવાળો હોવાને કારણે એ પરભાવ જેનો સ્વભાવ છે. પરમભાવ જેનો સ્વભાવ છે, એમાં પરભાવ જેનો સ્વભાવ છે એ પરમભાવમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? પરમભાવ જેનો સ્વભાવ ભગવાન આત્માનો એમ નાખ્યું આમાં. પરમભાવસ્વભાવ... પરમભાવસ્વભાવ... પરમભાવસ્વભાવ... એને લઈને આ ભેદભાવસ્વભાવ પરમભાવસ્વભાવમાં એ નથી. આનું નામ પ્રતિક્રમણ. ભારે! કહો, મલુપચંદભાઈ!

**શ્રોતા :-** ધ્યાન રાખે તો પ્રરૂપણ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્યાન રાખવાની વાત છે, શેની? કેટલા પડિક્કમણા કર્યા? નથી કેટલાય કાઢી નાખ્યા. આહા..હા..! નાગનેશમાં તો બહુ પડિક્કમણા કરે ઘણા. એય..! નવરા ડોસા જાય પડિક્કમણું કરો... પડિક્કમણું કરો... પણ પ્રતિક્રમણ એટલે કે જે ભાવ જીવના સ્વભાવમાં નથી અને જે પર્યાયમાં છે તેના સ્વભાવમાં નથી એવું અંતર દૃષ્ટિ કરીને ઠરવું એનું નામ પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું? પરમભાવસ્વભાવ હું વસ્તુ છું અનાદિ-અનંત. પરમભાવસ્વભાવ પદાર્થ આત્મા એમાં આવા માર્ગણાના ભેદો, જીવના ભેદો--પર્યાય, અપર્યાપ્ત અને ગુણસ્થાનના ભેદો ચૌદ ગુણસ્થાન. એવા ભેદ પરમભાવસ્વભાવમાં તેનો અભાવ છે. પરમભાવસ્વભાવમાં તેનો અભાવ છે. માટે તે તેનાથી મારું પ્રતિક્રમણ છે. તેના ભેદથી હું હઠી ગયેલો છું. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા '**(પરમભાવ જેનો સ્વભાવ એવા મને)...**' એમ પાછું. એવો હું એમ. પરમભાવ જેનો સ્વભાવ એવો હું. હું એટલે ચૈતન્ય કોણ? ચૈતન્ય એટલે આત્મા એટલે કોણ? કે પરમસ્વભાવવાળું સ્વરૂપ તે આત્મા. એવો હું એવા ભેદવાળા ભાવો તે મારા પરમસ્વભાવમાં નથી. અભેદમાં એ ભેદ નથી. કહો, સમજાણું કાંઈ?

હવે '**મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના...**' દેવને તો આવું છે નહિ, નારકીને નથી. નારકી તો સદાય બિચારા રોગી-રોગી. દેવને જરી સુખ બહાર અનુકૂળ હોય છે. આ નહિ. '**મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના વયકૃત વિકારથી...**' વયકૃત. એ કાયાના ઉંમરકૃત વિકાર '**(-ફેરફારથી) ઉત્પન્ન થતા...**' મનુષ્યને અને તિર્યંચદશામાં કાયાના વયકૃત એના વય જેવી બાળ-યુવાન-વૃદ્ધ થાયને વય? એવાથી ઉત્પન્ન થયેલો ફેરફાર. એવા ઉત્પન્ન થતા બાળ એ હું નથી. યુવાન હું નથી, સ્થવીર હું નથી. સ્થવીર વૃદ્ધાવસ્થા આદિ રૂપ. લ્યો. પીઢ-પીઢ થાય છેને. આ નથી કહેતા ૫૦ વર્ષે, ૬૦ વર્ષે એમ કહેતા પહેલા. પછી વૃદ્ધા વસ્થા થઈ ગઈ જીર્ણ બહુ. એ બધી વયકૃત વિકાર શરીરના છે. આત્મામાં નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

શરીરના ઉંમરથી કરાયેલા એ બધા પ્રકારો જડના છે. બાળપણું, યુવાનપણું, વૃદ્ધપણું, સ્થવિર. સમજાણું કાંઈ? એનાથી વધારે જુદું લીધું છે જરી. પ્રૌઢ-પ્રૌઢ. પછી ઓલો વૃદ્ધ થઈ ગયો. છેને ઓલા ચિત્ર દસ નથી ચિત્ર? ત્યાં જામનગરમાં. એ અહીં મૂક્યું ટીંગાડ્યું નીચે. બારણાની પાસે. વયકૃત દસના એક. ઓલો એક જન્મે બાળ, પછી મોટું થાય, પછી યુવાન થાય, પછી ભણે છે અને પછી પરણે છે અને પછી રળે છે અને પછી વૃદ્ધ થાય છે અને પછી આમ .. હેં.. હેં. કરે અને પછી ઠાઠડીએ પડે અને ઠાઠડી પડીને ચાલતો થાય. શરીર હોં. ઇ બધા વયકૃત શરીરના વયકૃત ભેદ છે. એ ભગવાન આત્મા સર્વજ્ઞપદવાળું તત્ત્વ પરમસ્વભાવ એમાં એ બધા છે નહિ. આહા..હા..! ઓલો કહે અમે યુવાન છીએ, ઓલા કહે અમે બાળક છીએ, ઓલો કહે અમે વૃદ્ધ છીએ, ઓલો કહે અમે પ્રૌઢ, પીઢ થઈ ગયા છે માણસ. શું કહે છે? આધેડ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના આધેડ કહે છે સાચી વાત એ. આધેડ કહે છે હોં. આધેડ થઈ ગયા છે. બાળક નહિ, જુવાન નહિ અને આધેડ. અને ઓલો વૃદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ? પણ એ તો બધા શરીરના કરાયેલા પ્રકાર છે. મારામાં શરીર જ નથી તો પ્રકાર ક્યાંથી આવ્યો? આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુની સત્તાનું હોવાપણું એ તો પરમસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા છે. જુઓ, આ પંચમકાળના મુનિ પોતા માટે એમ કહે છે. એ કોઈ ચોથા આરા માટે અને ફલાણા માટે એમ નથી. ચારિત્રવંતને આમ હોય છે. હું ઠરું છું. જે વસ્તુ છે એમાં આ નથી, એમાં હું ઠરું છું. અહીંથી ખસું છું એમ કહે છે. કારણ કે એ ચીજ મારામાં નથી એટલે એમાં ઠરવું નથી. મારામાં નથી એટલે શું ઠરવું એને? આહા..હા..! આત્મા પરમસ્વભાવ અખંડાનંદ પ્રભુ પરમબ્રહ્મ

આનંદકંદ જીવાસ્તિકાય હું છું. એ કારણે આવા વયકૃત ફેરફાર શરીરના અવસ્થાને કારણે જે ફેરફાર શરીરમાં થાય તેને આ બધા બાળપણું, યુવાનપણું, આધેડપણું અને વૃદ્ધાવસ્થાપણું એવું કહેવાય છે અને આદિ **'અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો...'** પાછું લ્યો. સ્થૂળ આમ શરીર જાડું થાય અને વળી કૃશ થઈ જાય, પાતળું પડે. એ **'વિવિધ ભેદો શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.'** કહો, આમ પચાસ વર્ષનો હોય, ચાલીસ વર્ષનો જુવાન લઠ્ઠ જેવું ઠાઠડા જેવું અને પાડા જેવું શરીર હોય બળદ જેવું મોટું. એમ જીર્ણ થઈ જાય, આમ ન કરી શકે, આમ બેસી રહે. કહે છે કે એવા સ્થૂળ અને કૃશ શરીરના ભેદો વિવિધ ભેદો એ મારા શુદ્ધનિશ્ચય હું તો જ્ઞાયક ચૈતન્યભાવ સ્વભાવી વસ્તુ. ચૈતન્ય સ્વભાવી પદાર્થ મારો આત્મા એમાં આ નિશ્ચયનયના અભિપ્રાય મારામાં નથી. વ્યવહારે પર્યાયમાં હોય એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી એમ કહે છે.

**શ્રોતા :-** સાંભળતી વખતે લાગે કે (આ કંઈક) જુદું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદું છે, પછી ઘરે જાય ત્યાં ફેર પડે છે. આહા..હા..!

ચૈતન્ય સ્ફટિક રત્ન. ભગવાન ચૈતન્યસ્ફટિક રત્ન એવો શુદ્ધ જીવાસ્તિકાય પદાર્થ. એમાં આ બધા શરીરકૃત, વયકૃત ભેદો અને સ્થૂળ-કૃશના ભેદો. જુઓને, આ ક્ષય થઈ જાય તો જીર્ણ થઈ જાય છેને? ક્ષય ન હોય તો મોટો પાઠડા જેવો બધા લઠ્ઠ જેવા. અને આ તો બધું સુકાઈ જાય, આંતરડા આમ ટેટા જેવું થઈ જાય. ચકલું સુકાઈ ગયું હોયને એવું ટેટું થઈ જાય. ઇ બધા જડના ભેદ છે, મારા તત્ત્વમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વૃદ્ધાવસ્થા ન થાય ત્યાં ધર્મ કરી લેવો. એવું આવે વળી. કહો, આવે છે કે નહિ? ઇન્દિયા ન હાયન્તિ. ઇન્દ્રિયો હાનિ ન પામે, રોગ બહાર દેખાવ ન દે અને શરીરમાં જીર્ણતા બહુ ન આવે, વૃદ્ધાવસ્થા આમ થઈ જાય આંખ. એવું ન આવે એ પહેલા ધર્મ કરી લઈએ. એ તો બધી વાત પુરુષાર્થ જગાડવા માટે છે, એ કાંઈ તારામાં છે નહિ, તને એ નડતા નથી. તારામાં હોય તો નડેને. કહો, સમજાણું?

**'શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.'** આહા..હા..! હું એક સત્તા-હોવાવાળો પદાર્થ છું, મોજુદગીવાળો પદાર્થ છું. અસ્તિ છે. છેને સત્તા? અવબોધજ્ઞાન એ પરમ ચૈતન્ય દર્શન-જ્ઞાન ભેગું લેવું. પરમચૈતન્ય છું. **'અને સુખની અનુભૂતિમાં લીન...'** હું તો મારા હોવાપણામાં જ્ઞાન અને પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન. સુખની અનુભૂતિ આનંદમાં લીન **'એવા વિશિષ્ટ આત્મતત્ત્વને...'** એવા ખાસ **'આત્મતત્ત્વને ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી.'** સમજાણું? હું એક હોવાવાળો, અવબોધ જ્ઞાનવાળો, પરમચૈતન્ય સ્વભાવવાળો દર્સન-જ્ઞાન આદિ અને સુખની અનુભૂતિ આનંદસ્વરૂપ એનો અનુભવ, એની લીનતા **'એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...'** એટલે એ ત્રિકાળ બધું અનુભૂતિમાં લીન જ આત્મા છે એમ કહે છે. શુદ્ધદ્રવ્યાર્થિક છેને આમાં? એ તો બધા લીન જ છે ભગવાન આત્મા. સત્તામાં છે, અવબોધમાં સુખની અનુભૂતિમાં લીન જ છે. આનંદના અનુભવમાં

ભગવાન આત્મા ત્રિકાળ લીન જ છે. એવા ખાસ આત્મતત્ત્વને ગ્રહનારા. આવા આત્મતત્ત્વને ગ્રહનારું શુદ્ધદ્રવ્યાર્થિકનય. શુદ્ધ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... સત્તા ત્રિકાળ, અવબોધ ત્રિકાળ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિ ત્રિકાળ. હું તો આનંદમાં જ લીન છું. મારું સ્વરૂપ જ ત્રિકાળ એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા મોહ-રાગ-દ્વેષ નથી એમ કહેવું છેને? મોહ-રાગ-દ્વેષ તો બધું દુ:ખરૂપ છે. પણ હું તો ત્રિકાળી ચૈતન્ય આવો છું. એવી દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા અંદર રહે છે એ ચીજને ગ્રહતા ચીજ આવી ત્રિકાળ છે.

વિશિષ્ટ ખાસ આત્મતત્ત્વ જે આવું એને જાણનારું, પકડનારું, ગ્રહનારું, શુદ્ધદ્રવ્યાર્થિકનય. શુદ્ધદ્રવ્ય સ્વરૂપે ભગવાન સત્તા અવબોધ પરમચૈતન્ય અને સુખમાં લીન એને પકડનાર જે નય છે એના બળે અથવા એના બળે મારે સકળ મોહ-રાગ-દ્વેષ નથી. મારામાં કોઈ મોહ-રાગ-દ્વેષ છે નહિ. એમ પરથી ખસી પોતાના સ્વભાવમાં લીન થાય છે. સ્વભાવ આવો જેણે અંતર દ્રવ્યાર્થિકનયે જાણ્યો છે. ઓહો..હો..!

હવે કહે છે સંસારના ક્લેશો ક્રોધ, માન, માયા, લોભ નથી એમ કહે છે. '**સહજ નિશ્ચયનયથી...**' સ્વભાવિક નિશ્ચયસ્વરૂપે '**(૧) સદા નિરાવરણ સ્વરૂપ...**' હું તો સદા નિરાવરણ સ્વરૂપ છું. દૃષ્ટિ નિરાવરણ ચૈતન્યને સ્વીકારે છે. **(૧) સદા નિરાવરણ સ્વરૂપ...**' લ્યો. ઓલા કહે લ્યો આવરણ વિનાનો થઈ ગયો અત્યારે? એરે..! સાંભળને. આ વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ જ છે. એની દૃષ્ટિથી નિરાવરણ સ્વરૂપે ભગવાન ત્રિકાળ બિરાજે છે. આવરણનો સંબંધ તો વ્યવહારનયનો વર્તમાન છે. સમયનો સંબંધ છે. વસ્તુની દૃષ્ટિમાં વસ્તુ પોતે નિરાવરણ સ્વરૂપ જ છે. એકલો ચૈતન્ય પિંડ જ્ઞાયક સ્વભાવ ધ્રુવ સત્ત્વ, ચૈતન્યનું સત્ત્વથી ભરેલું તત્ત્વ. ચૈતન્યના સત્ત્વથી ભરેલો ભગવાન ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ છે, ત્રિકાળ નિરાવરણ સ્વરૂપ છે. એને કોઈ આવરણ અંદરમાં નથી. વસ્તુને આવરણ હોય? વસ્તુમાં આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. સમજાણું કાંઈ?

**(૧) સદા નિરાવરણ સ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ,...**' હું શુદ્ધ જ્ઞાનરૂપ છું ત્રિકાળ. '**(૩) સહજ ચિત્શક્તિમય,...**' સ્વભાવિક ચિત્શક્તિ વીર્ય. સ્વભાવિક ચિત્શક્તિમય એ તો સ્વભાવિક જ્ઞાનના વીર્યમય છું હું તો. કહો, સમજાણું કાંઈ? પહેલા સદા નિરાવરણ કહી અને પછી શુદ્ધજ્ઞાનરૂપ કીધું, પછી સહજવીર્ય ચિતજ્ઞાનનું બળ વીર્ય.. સદાય જ્ઞાનના બળવાળો છું. સદાય જ્ઞાનબળવાળો છું. '**(૪) સહજદર્શનના સ્ફુરણથી પરિપૂર્ણ મૂર્તિ...**' દર્શન લીધું દર્શન. સદા દર્શનના સ્ફુરણથી પરિપૂર્ણ મૂર્તિ. જાણે દર્શન સ્ફુરણ છે એમાં ત્રિકાળમાં હોં. દર્શન સ્ફુરણ પ્રગટ-પ્રગટ સત્ છે. એવું પરિપૂર્ણ '**(જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજદર્શનના સ્ફુરણથી પરિપૂર્ણ છે એવો)**' દર્શનભાવથી પરિપૂર્ણ સ્ફુરણ છે એટલે છે જ એમ. એકલો દર્શનભાવ, દેખવાના સ્વભાવથી ભગવાન પરિપૂર્ણ બિરાજમાન છે. આહા..હા..! આવી દૃષ્ટિનો વિષય આ ચીજ છે એમ દૃષ્ટિમાં લીધો છે એમાં હવે

ઠરે છે. સમજાણું કાંઈ? ભારે વાત પણ, ભાઈ!

**'અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** ચારિત્ર લીધું. જ્ઞાન લીધું, વીર્ય લીધું, દર્શન લીધું અને ચારિત્ર લીધું. **'સ્વરૂપમાં અવિચળ સ્થિતિ...'** સામાન્ય વાત લીધી. મને **'સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળો...'** ત્રિકાળ હોં અહીંયાં. એને યથાખ્યાત શબ્દ કહ્યો છે. યથા જેવું ચારિત્રનું સ્વરૂપ છે તેવા સ્વરૂપથી હું ભરેલો જ છું ત્રિકાળ. **'સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** ત્રિકાળ **'સહજ યથાખ્યાત ચારિત્રવાળો...'** પ્રસિદ્ધ છે કે આત્મા આવો શુદ્ધ છે સ્થિર. **'એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ...'** સમસ્ત સંસારક્લેશના હેતુ **'ક્રોધ-માન-માયા-લોભ નથી.'** આહા..હા..! સમજાણું? પર્યાયમાં છે એ જાણવાલાયક છે. આ વસ્તુ આદરવાલાયક છે એમ કહે છે. એટલો સ્પષ્ટ પાઠ છે લ્યો તોય હજી પોકાર-પોકાર ઉઠે કે નહિ, કર્મને લઈને વિકાર થાય. કર્મ ન હોય તો વિકાર ન થાય. કર્મને નહિ માનનારા એમ કે કર્મથી દોષ ન થાય એમ માનનારા કર્મને માનતા જ નથી. કર્મનું કાર્ય છે દોષ કરાવવું કહો.

**શ્રોતા :-** આત્માનું કાર્ય નિર્વિકલ્પ થવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ તો કહે છે કર્તા ઇ છે. હું ક્યાં કર્તા છું? એ તો દૃષ્ટિ ત્યાંથી ખસી ગઈ છે એટલે વિકારનો કર્તા કર્મ. હું ક્યાં કરતો હતો? એમ અપેક્ષાએ. કરતો હતો હું, પણ મારું કરવાપણું જ એમાં નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટાના કામને કરું ઇ કરું. એ રાગ કરાવે કર્મ એનો હું કરણ કર્તા-ફર્તા નથી. એનું કારણ હું નથી. કઈ અપેક્ષાએ કહે એને સમજે નહિ (અને) પકડે (ઉંધુ કે) કર્મ કરાવતું હતું કહે છે, લ્યો. કહો, સમજાણું?

**'હવે આ ઉપરોક્ત વિવિધ વિકલ્પોથી ભરેલા...'** જુઓ, આટલા બધા ભેદ કીધાને? **'ઉપરોક્ત વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા...'** વિકલ્પ .. ભેદ છે. **'વિભાવ પર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી,...'** એ નારકીના ભાવનો હું કર્તા નથી, ગતિનો કર્તા નથી. બધી ગતિઓ એટલે બધા ભાવ લેવા. ચાર ગતિ, એ ચૌદ માર્ગણાસ્થાનનો પણ હું કર્તા નથી. જીવસ્થાનનો હું કર્તા નથી, ગુણસ્થાનનો હું કર્તા નથી, આ વયકૃતનો હું કર્તા નથી. કહો, મોહ-રાગ-દ્વેષ આદિનો હું કર્તા નથી, ક્રોધ-માનનો હું કર્તા નથી. એ **'વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવ પર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી,...'** એટલે કે કર્મ કરાવે એમ નથી અહીંયાં. મારામાં એ ભાવ જ નથી પછી કર્તા ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહા..હા..! હું ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો હું તેરૂપે પરિણમનાર જ નથી. એરૂપે થનારો હું નથી. હું તો શુદ્ધ ચારિત્રરૂપે, શુદ્ધ આનંદરૂપે થવાવાળો હું છું. સમજાણું કાંઈ? ભારે લાગે આ અધ્યાત્મની વાત માણસને મૂળમાંથી, આ તો પહેલેથી વાત છે આ.

**'હું કર્તા નથી,...'** દેખો, એ બધા ભેદો આદિ બધાનો હું કર્તા નથી. એ કરાવનાર નથી. **'કારયતિ નથી...'** સમજાણું? કરાવનાર નથી. **'અને પુદ્‌ગલકર્મરૂપ કર્તા...'** જુઓ, '(-

**વિભાવપર્યાયનો કર્તા જે પુદ્ગલકર્મો તેમનો) અનુમોદક નથી...**' કઈ અપેક્ષાએ? એ વિકલ્પનું કાર્ય જ ખરેખર એનું છે. મારું નથી. પરિણમન છે એની પર્યાય પોતાની, પણ મારા દ્રવ્યસ્વભાવમાં એ નથી. શુદ્ધ જીવાસ્તિકાયમાં એ નથી. માટે તે કર્તા પુદ્ગલ તેનો હું કર્તા નથી. એમ કહે છે. આ નાખેને આખું એક લ્યો. એય..! સમજ્યા વિનાના આ શું કહે છે?

**શ્રોતા** :- વિભાવપર્યાયનો કર્તા પુદ્ગલકર્મ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એનો અર્થ શું? શુદ્ધ જીવાસ્તિકાય એવું જે તત્ત્વ. એવું તત્ત્વ તે વિભાવને કેમ કરે? જ્યાં એની ખાણમાં જ વિભાવ નથી એ કરે શી રીતે? એમ કહે છે. એકલો જ્ઞાયક દૃષ્ટા આનંદસ્વભાવ એ આનંદ અને જ્ઞાનસ્વભાવને જ પરિણમે કે તે રાગરૂપે વસ્તુ નથી એ રૂપે પરિણમે? એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધા બોલો માથે કીધા એનો ખુલાસો પછી કરશે પાછો.

એ '**પુદ્ગલકર્મરૂપ કર્તાનો (-વિભાવપર્યાયોનો કર્તા જે પુદ્ગલકર્મો...**' લ્યો, એ પુદ્ગલકર્મે કર્યું... પુદ્ગલકર્મે કર્યું... હું નહિ એ અપેક્ષાએ પુદ્ગલે કર્યું એમ કીધું. એમ. મારો એ સ્વભાવ નહિ માટે એનું કાર્ય તે મારું જ્ઞાન એને જાણે. હું કર્તા-ફર્તા નથી. આહા..હા..! એનો કર્તાનો હું '**અનુમોદક નથી...**' એમ. કે ઠીક થયું હોં મનુષ્યપણું મળ્યું ઇ, એમ. ઠીક થયું આ લોભ થયો ઇ, માન થયું એ. કે આ ભેદ પડ્યા ઇ, એમ. સમજાણું કાંઈ? '**(એમ વર્ણવવામાં આવે છે).**' જુઓ, હવે વિશેષ એનું સ્પષ્ટિકરણ કરવામાં આવે છે. એટલા બોલ કહ્યા એની સાથે પાછું સામાન્ય પહેલી વ્યાખ્યા કરી, હવે એનું સ્પષ્ટિકરણ વિશેષમાં કરે છે.

'**હું નારકપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.**' લ્યો, આ ચારિત્ર છેને? હું તો જ્ઞાન ચૈતન્ય આનંદ એવા મારા નિજસ્વભાવને ભાવું એટલે એકાગ્ર થાવ છું. જુઓ, એ ચારિત્ર છેને અહીંયાં? આહા..હા..! નારકી પર્યાયને હું કરતો નથી. '**સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને...**' '**આત્માને જ...**' એટલે આત્મા કેવો? કે સ્વભાવિક ચૈતન્યના વિલાસરૂપ, સ્વભાવિક ચૈતન્યના વિલાસ સ્વરૂપ એવા '**આત્માને જ ભાવું છું.**' એવા આત્મામાં એકાગ્ર થાવ છું. આ (પુદ્ગલની પર્યાયો) મારું સ્વરૂપ છે નહિ. લ્યો, સમજાણું આમાં? '**હું તિર્યંચપર્યાયને કરતો નથી,...**' ઢોરના શરીરનું કારણ નથી તો શરીર પણ મને નથી. '**સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું. હું મનુષ્ય પર્યાયને કરતો નથી,...**' મારામાં નથી એને શું કરે? એમ કહે છે. '**સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.**' સ્વભાવિક ચૈતન્યનો વિલાસ તેવા આત્માને ભાવું છું. આત્માને ભાવું છું એટલે એનો પુરુષાર્થ પોતાનો પોતામાં આવ્યો. ઓલો કર્તા હું નથી એમ કહ્યું. મનુષ્ય પર્યાય કરતો નથી, મનુષ્યની ક્રિયા એ મારી છે જ નહિ એ ગતિ. એ ગતિપણું છે નહિ. હું તો સ્વભાવિક ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.

'**હું દેવપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.**' આ

શક્તિઓ ચૈતન્ય સ્વભાવિક ચૈતન્ય વિલાસ. ભગવાન આત્મા સ્વભાવિક ચૈતન્યનો વિલાસ છે. એમાં રાગ અને પુણ્યનો વિલાસ એ સ્વરૂપ છે જ નહિ. સ્વભાવિક ચૈતન્યના વિલાસરૂપ એવા આત્માને, એવો આત્માને એને એકાગ્ર થાઉં છું. આ ભાવું છું એટલે ચારિત્ર આનું નામ છે. કહો, સમજાણું કાંઈ? ચારિત્ર કોઈ બીજી ક્રિયાકાંડ નથી. આવો સહજ ચૈતન્ય વિલાસ એકલા જ્ઞાન અને આનંદના વિલાસસ્વરૂપે આત્મા એમાં એકાગ્ર થાવ છું, એને ભાવું છું, એમાં એકાગ્ર થાવ છું. આ એનું નામ પ્રતિક્રમણ કર્યું કહેવાય છે. પરના ભાવથી હઠ્યો અને સ્વભાવમાં ઠર્યો એને બહારથી બીજા તરફથી પ્રતિક્રમણ કહેવામાં આવે છે. વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૭, બુધવાર, તા.૧૧-૦૫-૧૯૬૬
## ગાથા-૭૭ થી ૮૨, કળશ-૧૦૯, પ્રવચન-૬૨

પ્રતિક્રમણ અધિકાર. નિયમસાર. પાંચ ગાથા છે ૭૭ થી ૮૧. અહીંથી આવી ગયુંને? '**હું નારકપર્યાયને કરતો નથી,...**' ત્યાં. નારકીના ભાવને હું કરતો નથી. એમ કરાવતો પણ નથી એમ લઈ લેવું. તેમ કર્મથી થતા ભાવને હું અનુમોદતો નથી અને તેનું હું કારણ જ નથી. જીવ જ્ઞાયકસ્વભાવ એવા ભેદનું, એની પર્યાયનું કારણ નથી. સમજાય છે કાંઈ? એમ હું તિર્યંચપર્યાય, મનુષ્યપર્યાય અને દેવપર્યાય એને હું કરતો નથી, કરાવતો નથી. કારણ કે જીવદ્રવ્ય સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક ભિન્ન એવી દષ્ટિવંત ધર્માત્મા એવા મનુષ્ય આદિ પર્યાયને કારણરૂપ આત્મા નથી, કર્તા નથી, કારણ, કરનાર, અનુમોદના હું નથી. પુદ્ગલથી થયેલા કાર્યનો હું કર્તા અને કારણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અને છે ત્યારે હું શું કરું છું? '**સહજ ચૈતન્યના વિલાસરૂપ આત્માને જ ભાવું છું.**' હું તો જ્ઞાનાનંદ આત્મા એની એકાગ્રતાથી આત્માની જ ભાવના કરું છું. આ એનું નામ ચારિત્ર કહેવાય છે. ભાવું છું લીધું છેને? દષ્ટિમાં તો આત્મા છે એવો બેઠો, પણ હું હવે એની એકાગ્રતા કરું છું.

પછી '**હું...**' એટલે હું આત્મા. '**ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને...**' કાયા, ગતિ લેશ્યા આદિના ભેદ છે. એવા '**ભેદોને હું કરતો નથી,...**' એકલો જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચૈતન્ય પદાર્થ એની ભાવનાને કરતો હું આને કરતો નથી, કરાવતો નથી. એ ચૌદ માર્ગણાના ભેદને હું કરાવનાર નથી. તેમ એને સંમત નથી. પુદ્ગલના પરિણામથી થતા એમ કહે છે. સમયસારમાં આવે કે અનુભૂતિથી

ભિન્ન પુદ્ગલના બધા પરિણામ છે. એ પુદ્ગલનું કાર્ય છે આત્માનું નહિ.

**શ્રોતા** :- કર્મથી તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કર્મથી થયું. બધી એક જ વસ્તુ છે. ભેદ અને કર્મ બધું એક જ ચીજ છે. આત્મા અભેદસ્વરૂપમાં એ છે નહિ. એમ અપેક્ષા છે. કહો, સમજાણું?

એ '**ચૌદ માર્ગણાસ્થાનના...**' એમ કે આ કાયા ને ગતિ ને લેશ્યા ને કષાય ને ભવ્ય અને અભવ્ય ને એવા ભેદ છેને? જ્ઞાનના ભેદ અને દર્શનના ભેદ અને ચારિત્રના ભેદ એ બધા એવા ભેદોને એકરૂપ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિવંત એવા ભેદોને હું કરતો નથી. એવા ભેદનું હું કારણ પણ નથી. અભેદ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ એવો આત્મા એ ભેદનું કારણ નથી. તેમ તેનો કર્તા, કરાવનાર અને અનુમોદન હું નથી. સ્વભાવિક '**ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' સ્વભાવિક જ્ઞાયક આત્મા એનો ચૈતન્ય વિલાસ. જાણવા-દેખવા અને આનંદનો વિલાસ એવું સ્વરૂપ, એવું સ્વરૂપ આત્મા. સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ, એમ. આવો હું નથી. છું કેવો? સ્વભાવિક ચૈતન્યનો વિલાસ, જ્ઞાનનો, આનંદનો એવા વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. કહો, સમજાણું કાંઈ? આ પડિક્કમણું. ભારે પડિક્કમણું, ભાઈ! ઓલા તો મિચ્છામિદુક્કડમ અને કેટલાય પડિક્કમણા થયા.

'**હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાન ભેદોને કરતો નથી,...**' લ્યો ચૌદ ગુણસ્થાનને હું અભેદ ચૈતન્ય જ્ઞાયક ચૈતન્ય વિલાસસ્વરૂપ પ્રભુ એવો હું આત્મા, આત્માની એકાગ્રતાને ભાવતો આવા ભેદોને હું કરતો નથી. એ ગુણસ્થાનને કારણરૂપે હું નથી, એનો રચનાર નથી, કરાવનાર નથી, કર્તા તેને પુદ્ગલ તેનો કર્તા માથે લઈ લેવું ઓલામાં. પુદ્ગલકર્મરૂપ કર્તાનો અનુમોદક નથી. માથે લખ્યું બધે લઈ લેવું. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અભેદપણે આત્મા પરિણમે એ ધર્મ છે. ભેદ એ ધર્મ નથી. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પરમાનંદ પ્રભુ એ પોતે પોતા તરફમાં એકાગ્ર થાય એ આત્મા છે. ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્માની એકાગ્રતા તે ધર્મ છે. આવો ભેદ છે એ મારું કરવું પણ નથી, હું કારણ પણ નથી, છતાં તેને સંમત નથી. ભેદ પડે તેને હું સંમત થતો નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

વસ્તુ આમ જ્ઞાન અને આનંદનથી ચૈતન્યના વિલાસથી ભરેલું તત્ત્વ. એમાં આવા રાગ અને દ્વેષને ભેદો એમાં ક્યાં હતા? એવો આત્મા એને હું ભાવતા, સેવતા, .. થતાં આવા ભેદોનું કારણ આ દ્રવ્યસ્વરૂપ આ આત્મા એનું કારણ નથી. કર્તા નથી, કરાવનાર નથી અને કર્તાને સંમત હું નથી. બહુ ઝીણું! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કરે જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે એ થાય એમાં ભેદને. એ કર્મ કરે, આત્મા કરતો નથી એટલે કર્મ કરે એમ કહેવામાં આવે છે લ્યો. ચંદુભાઈ! આહા..હા..! ભગવાન રામ,

આત્મરામ અને એ બધા ગામ-સમૂહ એનું હું કારણ નથી. હું જ્ઞાયક ચૈતન્ય છુંને. સહજાત્મસ્વરૂપ એવો ચૈતન્યનો વિલાસભાવસ્વરૂપ એવો જે આત્મા એના સન્મુખની એકાગ્રતાની ભાવનામાં આ બધા પ્રકારોનું હું કારણ નથી. જાણનાર છે. છે એને જાણે છે. કહો, સમજાણું કાંઈ? પણ મારા સ્વરૂપમાં એ નથી. સમજાણું કાંઈ?

ચૌદ ગુણસ્થાનનું કારણ નથી. રાડ પાડે કે નહિ ઓલા? વસ્તુ આમ જ્ઞાયકચૈતન્ય ચૈતન્યના વિલાસસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ અભેદ જ્ઞાનના વિલાસસ્વરૂપ આત્મા એના તરફની દૃષ્ટિમાં, એકાગ્રતામાં આ બધી વાત ભિન્ન રહી ગઈ. એમાં આવી નહિ, ભળી નહિ એથી એનો કર્તા નહિ. સમજાણું કાંઈ? આનું નામ સાચું પ્રતિક્રમણ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ સમજવું એ કરવાનું છે. વસ્તુ છે કે નહિ આત્મા? એ ચૈતન્ય પદાર્થ સ્વભાવ ચૈત્ય વિલાસ છે કે ભેદવિલાસ છે એનો સ્વભાવ? રાગ અને એ એનું સ્વરૂપ છે? અખંડ ચૈતન્યનો વિલાસ પ્રભુ આનંદકંદ અંતર્મુખની એકાગ્રતામાં આ બધા ભેદો આ સ્વરૂપમાં નથી. કહો, સમજાય છે કાંઈ? એવા ગુણસ્થાનભેદોને હું કારણપણે નથી, આ ભગવાન કારણપણે ભેદને નથી. આહા..હા..! એનો હું કર્તા નથી, કરાવનાર નથી, સંમત નથી, અનુમોદક નથી. પદાર્થ છે કે નહિ આત્મા? તો એક સમયનો એનો સ્વભાવ ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા આનંદસ્વભાવી. અહીં ચૈતન્યને જ્ઞાયકસ્વભાવી વર્ણવવો છે. જ્ઞાયકસ્વભાવીભાવ એવો આત્મા, એ આત્મા તરફની એકતા એમાં અભેદતા થાય એમાં આવા ભેદો મારા સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! હું કારણ નથી, કરાવનાર નથી, સંમત નથી.

**'સહજ ચૈતન્યના વિલાસ સ્વરૂપ ભગવાન આત્માને જ ભાવું છું.'** એમ. આ આ નથી ત્યારે આ હું ભાવું છું. પૂર્ણથી, જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ વસ્તુ છેને. મહાન પદાર્થ છે. એવા આત્માને એકાગ્ર થઈને, એ તરફના વલણવાળા ભાવથી એને ભાવું છું. આ વલણવાળી આ વસ્તુ મારી નથી. કહો, સમજાય છે કે નહિ? આ કહે છે સમજવું પહેલું આકરું એમ કહે છે. **'હું એકેન્દ્રિયાદિ જીવસ્થાન ભેદોનો કરતો નથી.'** એ પંચેન્દ્રિયનો ભેદ અને આ પર્યાપ્ત ભેદને એ મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! જ્યાં દૃષ્ટિમાં ચિદાનંદ જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું એ વસ્તુમાં આ ભેદ ક્યાં છે એ? પંચેન્દ્રિય ને પર્યાપ્ત ને બાદર ને માણસ. એકેન્દ્રિયાદિ. એકેન્દ્રિય-પર્યાપ્ત-અપર્યાપ્ત, બે એમ પંચેન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત. પંચેન્દ્રિયનો પર્યાપ્ત છે કે નહિ? કે ના. એ તો પંચેન્દ્રિય પર્યાપ્તિ આત્મદ્રવ્ય છે. એક સ્વરૂપ ચૈતન્ય અભેદ સ્વભાવને ભાવતો એ જ સ્થિતિમાં આ ભેદો પર્યાયના પંચેન્દ્રિય આદિ મારામાં નથી. એનું એ કારણ પણ નથી. એ પંચેન્દ્રિય પર્યાયનો હું કર્તા નથી, કરાવનાર નથી, કર્તાને અનુમોદન નથી. એકકોર રામ અને એકકોર ગામ, બે વાત છે. ભેદ પડે એ પુદ્ગલનું કાર્ય, અભેદ એ આત્માનું કાર્ય. કહો, સમજાણું

કાંઈ? એ ભેદ છે તેને જાણનાર છે. એમ જાણે ખરો હોં. સમજાણું કાંઈ? ... આવે છે કે નહિ? વ્યવહારને મૂકશો તો તીર્થનો નાશ થશે, નિશ્ચયને છોડશો તો તત્ત્વનો નાશ થશે. એટલે આવું તત્ત્વ ન હોય દષ્ટિમાં તો નિશ્ચયનો નાશ થાય છે. અને એની અવસ્થામાં ભેદ નથી એમ જો જાણે તો વ્યવહારનયનો વિષય જે છે. મારા સ્વરૂપમાં નથી છે એનો નાશ થઈ જાય છે. ચંદુભાઈ! આ ગુણસ્થાનભેદો વ્યવહારનયનો વિષય છે. એને વ્યવહારથી છે એમ જાણવું જોઈએ. સ્વરૂપના એકાકારમાં એ વસ્તુનો અભાવ છે. માટે તેનો હું કારણ અને કર્તા નથી. બહુ ઝીણું, ભાઈ!

જુઓ, જ્યારે સ્વભાવિક ચૈતન્યનો વિલાસ. ભેદનો વિલાસ છે એનો? સ્વભાવિક ચૈતન્ય સહજાત્મસ્વરૂપ એવું જે આત્મા એને જ એકાગ્ર થઈ એ તરફના વલણની વૃત્તિ પરિણતિથી આત્માને સેવું છું, ભાવું છું. ભાવના એની છે, ભેદની નથી. ભેદમાં હું નથી. ભેદમાં હું નથી.

**શ્રોતા** :- ભેદની ભાવના

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેદની ભાવના હોય શેની? હું નથી એમાં ભાવના શેની? ભેદ છે ખરો. સમજાણું કાંઈ? ઓલા કહે છેને કે વ્યવહાર છોડવો નહિ. પણ વ્યવહાર છોડવો નહિ એટલે કે વ્યવહાર છે એમ જાણવું. પણ એ ભેદ આદરણીય છે? કહો, વજુભાઈ! આવે છે કે નહિ? વ્યવહાર છોડશો તો આમ થાશે, નિશ્ચય છોડશો તો આમ થાશે. વ્યવહારને છોડશો તો આમ થાશે. એટલે? માટે વ્યવહાર પણ કરવા જેવો છે. અહીં કરવા જેવાની ના પાડે છે. કે વ્યવહાર છે ખરો, એનો હું કરનાર નથી. એવા વ્યવહારનું હું કારણ નથી. એ છે એ જાણવા માટે છે. ચંદુભાઈ! આહા..હા..! એક સમયમાં ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા જેની ખાણમાં તો એકલો ચૈતન્યનો વિલાસ જ છે. અભેદ સ્વરૂપે ભગવાન એમ આત્માની એકાગ્રતામાં આ ચીજો એમાં અહીં નથી. નિશ્ચયમાં આ વ્યવહાર નથી. માટે હું નિશ્ચયની ભાવના આત્માની કરું છું. આનો હું કરનાર જ નથી, ભેદનો હું કરનાર નથી, ભેદનો હું કારણ નથી. ભેદ છે એને જાણું એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ એટલે માણસને સોંઘુસટ કરી દીધું જાવ. કરો વ્રત લઈ લ્યો અને ત્યાગ કરી લ્યો જાઓ થઈ ગઈ સામાયિક. અને દોષ લાગે પંચમકાળ છે, ભાઈ! કાંઈ એવું સરખું રહે નહિ તો મિચ્છામી દુક્કડમ સાંજે પડિક્કમણું કરી લેવું. પછી એમ કહે ભાઈ! પંચમકાળ બધો છે. દોષ તો લાગે. એ દોષનું સાંજે પ્રાયશ્ચિત મિચ્છામી દુક્કડમ ભગવાન...

**શ્રોતા** :- ...દોષ લાગે ત્યારે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ક્યો દોષ? વસ્તુમાં સ્વભાવમાં જ્યાં નથી ત્યાં દોષ લાગે એમ જે માનવું એ પહેલી દૃષ્ટિ જ ખોટી છે. આહા..હા..! નિર્દોષ ચૈતન્ય વિલાસ સ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતામાં આવા જે ભેદો એનામાં છે જ નહિ. આ નથી, આમાં આ છે એમ દૃષ્ટિ કરવી એનું નામ પ્રતિક્રમણ ખરું જાણવા માટે છે. પણ જાણવા માટેનું કારણ હું નથી. આહા..હા..! કે એને હું રચું છું ભેદને પંચેન્દ્રિયની પર્યાપ્તને અને ગુણસ્થાનના ભેદને હું રચનારો છું એમ નથી. છે ખરી

ચીજ. છે ખરી, બિલકુલ નથી એમ નહિ, પણ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ આત્મા એમાં નથી. એનો અર્થ થયો કે નિશ્ચયમાં વ્યવહાર નથી. તો નિશ્ચય દષ્ટિવંત સ્વભાવ આત્મા વ્યવહારને રચતો જ નથી. છતાં વ્યવહાર છે ખરો. તેથી કહ્યુંને પુદ્ગલ કર્મરૂપ કર્તાનો એ વિભાવપર્યાયનો કર્તાનો તેનો હું ... નથી. સમજાણું કાંઈ? બહુ ઝીણું, ભાઈ! આવું પડિક્કમણું ભગવાનભાઈ!

**શ્રોતા :-** ... એમાં અને આમાં કેટલો ફેર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉગમણો-આથમણો... એ તો બહુ પડિક્કમણા કરનારને કે નહિ? શાંતિભાઈ! આહા..હા..!

કહે છે કે ભાઈ! વસ્તુ જે આત્મા છે એક સમયમાં અનંત ચૈતન્યની શક્તિનું સત્ત્વ આખું છે. એવી અંતરમાં દૃષ્ટિ કરી અને એના તરફની એકાગ્રતા એ આ ભેદને ભાવતો નથી, ભેદને પોતામાં લાવતો નથી, ભેદનું કારણ થતું નથી, ભેદને કરતો નથી, ભેદને જાણે છે, આત્માને આદરે અને આને જાણે. આ એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? ઓલીકોર.

**'હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી,...'** આ શરીર, બાળ અવસ્થા, વૃદ્ધ અવસ્થા, યુવાન અવસ્થા આપણે રાખીએ એ રહે અવસ્થા. સમજાય છે કે નહિ? પથ્ય આહાર કરીએ તો રહે. સરખું આહાર-પાણી લઈએને અવસ્થા રહે. મૂઢ છે કહે છે કે એ.

**શ્રોતા :-** સિદ્ધાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર આદ્યં ખલું ધર્મ.. મૂઢનો સિદ્ધાંત છે. અહીં તો શરીર પરદ્રવ્યની અવસ્થા વયકૃત અવસ્થા બાળની, યુવાનની, વૃદ્ધની શરીરની એનો હું કર્તા નથી, હું એનું કારણ જ નથી. થતા હોય તેને અનુમોદતો નથી, મારી ચીજમાં એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શરીરસંબંધી...'** બાળ, યુવાન, સ્થવીર એટલે આધેડ અને વૃદ્ધાવસ્થા આદિ ભેદોને હું કરતો નથી. મારામાં છે નહિ, એમ. કરાવતો નથી, તેનું હું કારણ નથી. શરીરની યૌવન અવસ્થા, નિરોગ અવસ્થા, સરોગ અવસ્થા, વૃદ્ધા અવસ્થા તેનું આત્મા કારણ નથી. કહો, સમજાણું? આ તો એવું થયું કે પથ્ય આહાર લઈએ તો સાતાનો ઉદય આવે અને શરીર ઠીક રહે. એય..! અપથ્ય આહાર લે તો અશાતાનો ઉદય આવે તો એને રોગાદિ થાય. આહા..હા..! એ તો અશાતાના ઉદયથી થાય, છતાં કહે છેકે એ અવસ્થામાં હું કારણ નથી.

**શ્રોતા :-** .. બાદશાહ ગણાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાદશાહ ગણાય. બધા એવા ગાંડા. રતિભાઈ આવ્યા નથી. માસ્તર કહેતા કાંઈક બહુ. ફલાણું આમ હતું અને ફલાણું આમ હતું. મિતાહારી કોણ કહી ગયું? અકબર. એ તો આવે નામ આકરું. લોકો મિતિના બોલમાં આવે. કોણ કરે મિત આહાર?

જ્ઞાનાનંદ ભગવાનના સ્વરૂપમાં, મર્યાદામાં આહારની ક્રિયા આત્મામાં નથી. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય વિલાસી પ્રભુ એવો આત્મા તેમાં શરીરની અવસ્થા મિત આહારથી રાખું ઇ સ્વરૂપમાં જ નથી. આહા..હા..! સમજાણું? એક વૈદ્ય એવો હતો તો આમ હુશિયાર વૈદુ બહુ કરે બધાનું. અને એકવાર જરી મીઠાશ લાગી તુવેરની દાળ કે રોટલીનું કાંઈક. અડધી રોટલી ખવાણી એમ કહે હવે ત્રણ અપવાસ કરવા પડશે. નાગરભાઈ હતા બહુ વૈદ્ય આમ હુશિયાર લોકોમાં કહેવાતા. પણ વહેમ એવો વહેમ. પ્રાણભાઈ બહુ હુશિયાર કહેવાતા. જગજીવનભાઈ, નાગરભાઈ અને ઈશ્વર ભટ્ટ. ત્રણ. ગટુભાઈના દાદા. છેલ્લા ઇ હતા. પહેલાવહેલા ઇ ગુજરી ગયા. છેલ્લા ઇ. વહેમ એવો પડે કાંઈક રોટલી ખવાઈ ગઈ હોય અડધી વધારે ધાર્યાથી બે બટકા લઈને આમ દાળમાં અને શાક ચડી ગયું સરખું. આહા..હા..! એય..! ત્રણની સાડા ત્રણ થઈ. પચશે નહિ. પણ એ ક્રિયા મારી નથી અહીં તો કહે છે. આહા..હા..! એ દેહની અવસ્થા યુવાન, બાળ, વૃદ્ધ, આધેડ એનું હું કારણ નથી, એનો કર્તા નથી, કરાવનાર નથી, પુદ્ગલથી થાય તેમાં હું સંમત નથી કે આ ઠીક થાય છે... ઠીક થાય છે... શરીર ઠીક રહે છે. શરીર ઠીક રહે છે એમ હું સંમત નથી. એય..! મગનભાઈ! આહા..હા..! પણ એને કારણે રહે એમાં ઠીક અને સંમત થાય એમાં શું છે પણ ન સંમત થાય તો. એનું કારણ જ નથી. જુઓ, અહીં તો ના પાડે છે. મેં ધ્યાન રાખ્યું માટે પથ્ય આહાર આવ્યો એ આત્મા કારણ છે જ નહિ એમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પોતું ફેરવવા દેવા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતું ફેરવવા દેવા માટે તો આ પડિક્કમણું છે. પડિક્કમણામાં કોનો અર્થ છે? ભગવાન આત્મા આનંદ વિલાસી પ્રભુ. અહીં ચૈતન્ય વિલાસી જ્ઞાયકની પ્રધાનતા બતાવીને કહ્યું. એવો આત્મા ચૈતન્યના વિલાસરૂપી, ચૈતન્યના રમતમાં રમનારો ભગવાન આત્મા. એવા આત્માને હું એકાગ્ર થઈને ભાવું છું કે જેમાં આ શરીરાદિ વયકૃત દશાઓ છે જ નહિ. છે નહિ એને કરું, રચું, કરાવું અને કારણ કેમ હોઈ શકે? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માણસ એવું કહે છે આહાર વધાર્યો વધે અને ઘટાડ્યો ઘટે નિંદ્રા વધે એમ માણસ નથી કહેતા? આહાર અને ઉંઘ એમ કહે, વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે. એમ આત્માને આધીન હશે ઇ.

**શ્રોતા :-** એ બધી કહેવતો ખોટી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગપ્પ મારનારા બધાય. મલુપચંદભાઈ! શું હશે? તમારા મોટા શરીરને માટે તો ખુબ આહાર હોય.

**શ્રોતા :-** .. અનુભવીના અનુભવ હોય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેના અનુભવ ત્યાં? કહે છે કે એ શરીરની કોઈપણ ક્રિયાની અવસ્થા તે મારી ચીજમાં નથી માટે તેનો હું કારણ નથી, કર્તા નથી, સંમત નથી, આમ થાય તો ઠીક એમ હું સંમત નથી. હું સંમત મારા સ્વભાવની એકાગ્રતાને સંમત છું. આહા..હા..! લ્યો આનું નામ પ્રતિક્રમણ. હજી ખબર પણ ન મળે અને પ્રતિક્રમણ કરવા બેઠા.

સ્વભાવિક ચૈતન્યના વિલાસ. ભાષા જુઓને ગોઠવી છેને પોતે મુનિએ. નથી એમ કહેતા પછી કાઢ્યું એમાંથી. અસ્તિ શું છે એમ કાઢ્યું. કાઢેને. કાઢેને એમાં શું? સ્વભાવિક ચૈતન્યનો વિલાસ ભગવાન જાણનાર-દેખનારના વિલાસરૂપી. આત્મા જાણનાર-દેખનારના રમતમાં રમતો આત્મા. એને આત્મા કહીએ. એવા આત્માને એકાગ્રતાથી એની તરફના વલણથી ભાવના કરું. આ વલણ મારું છે નહિ. એમ એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

**'હું રાગાદિ ભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...'** લ્યો. જુઓ, કારણ-ફારણ નથી ત્યાં. સમજાય છે? રાગાદિ પુણ્ય પરિણામ દયા, દાન, વ્રતના વિકલ્પો એવું ભાવકર્મ, એના ભેદના પ્રકારને હું કરતો નથી. હવે ઓલો કહે કે શુભરાગ કરે તો આત્માને સમકિત થાય. ગજબ કર્યા છેને વાતું તે પણ. એય..! ભણેલા પણ ભીતું ભુલ્યા મોટી ભીતું. અરે..! એનું તો કહે એ આ વાંચ્યું ત્યારે તો ખુલાસો નીકળ્યો કે ક્રમબદ્ધ ન હોય. એમ તો લખાણ કર્યું છે. એ ભણ્યા જ્યારે ધવલ અને જયધવલ વાંચ્યા, મળ્યા ત્યારે તો એમાંથી નક્કી કાઢ્યું એમણે. બીજા મળ્યું ત્યાં સુધી તો કાંઈ બરાબર ખુલાસો .. પણ એમાંથી કાઢ્યું કે ક્રમબદ્ધ હોય જ નહિ. આરે.. તને કાઢ્યું એમાંથી શું કાઢ્યું તે? એમાં છે જ નહિ એ વાત તું કહે છે એ. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાની જાણે એવું આ છે ત્યાં તો. ગતિ, આગતિ, ... બધી વાત છે ત્યાં. એવા બોલ છે કેટલાય. ખાનગી ખાધું, પીધું, ગતિ, આતે છે બધું ભગવાન જાણે છે. ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક આવી ગયા એમ ધવલ કહે છે. જે સમય સમયની પર્યાય જ્યાં થવાની હતી એ ભગવાનના જ્ઞાનમાં આવી ગઈ છે, ત્યાં એમ છે. એનાથી વિરૂદ્ધ છે? ક્રમબદ્ધનું લખ્યું છે એમાં. સમજાણું કાંઈ? મારે એવા પણ કાઢ્યા છે એવા પાછા. ... કે એમનું વાંચન બહુ સરસ થયું ત્યારે એમાંથી આનો નીવેડો હવે આવ્યો. નહિતર તો... આહા..હા..! આરે..! આંધળા તે પણ કેટલા?

અહીં (કહે છે), ભગવાન આત્મા હું **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને...'** ભાવનારો. એવા વિકલ્પો ભેદરૂપના પ્રકાર ભાવકર્મ. દેખો, એ ભાવકર્મ મારા સ્વરૂપમાં નથી. નથી તેથી તેને હું કરતો નથી એમ ભાવકર્મનું કારણ નથી. એમાં ઇ શબ્દ એમાં નાખ્યો છે ખરો. સમજાણું કાંઈ? જુઓ, **'णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।'** એમ નાખ્યું છે. એમાં નાખ્યું છે. **'कारणं तेसिं'** બાળ, વૃદ્ધનું હું કારણ નહિ અને રાગ-દ્વેષનું હું કારણ નહિ. એ પુણ્યનો વિકલ્પ શુભરાગ ઉઠે એનું કારણ આત્મા નથી. કહો, સમજાણું કાંઈ? બહુ ખેંચાયને નહિ થાતું હોયને આ બધું .. એમ કહે છે. એકાંત ખેંચીને કરે છે. પણ સાંભળને આ શું કહે છે આ? રાગમાં પછી શુભ અને અશુભ બેય આવતા હશે કે એક જ અશુભ જ આવતો હશે? એને મૂળનો વાંધો તો એમાં છે આખો. અનાદિના શુભરાગની ક્રિયાના પરિણામને આત્માનું હિત છે અને સ્વની સાથે એક છે એ માન્યતા જ એની મૂઢતાની છે. ગ્રંથીનો ભેદ થવો જોઈએ એને ઠેકાણે ગ્રંથી પોતાની માની છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યની મોજમાં માણતો ભગવાન આત્મા ચૈતન્યના વિલાસે રહેનારો ભગવાન આત્મા આવા ભાવકર્મ પુણ્ય-પાપના ભેદને કરતો નથી. એનું હું કારણ નથી. એવા વિકલ્પનું કારણ આત્મા નથી. આહા..હા..! દ્રવ્યસ્વભાવ તે કારણ હોય? અખંડ બંધનું કારણ જ આત્મા નથી, તો બંધના પરિણામનું કારણ આત્મા છે જ નહિ. આહા..હા..! એવો આત્મા સમજાણું? રાગ-દ્વેષ આદિ '**ભાવકર્મના ભેદોને કરતો નથી,...**' તો લઈ જતા હશે આગળ કાં તો. આઠમે લઈ જતા હશે આ?

**શ્રોતા** :- આ તો મુનીની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો મુનિ પોતે કહે છે કે હું આમ નથી... હું આમ નથી... આહા..હા..!

**શ્રોતા** :- હું એટલે કોણ? કુંદકુંદાચાર્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે '**णाहं णाहं**' તો લીધું છે. ન અહં.. ન અહં.. એટલે હું આ એમ કે 'નથી હું આમાં, છું હું આમાં' એમ કહે છે અત્યારે. સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્યનો પાઠ ઇ છે જુઓને બધામાં '**णाहं**' એમ છેને? પહેલો શબ્દ છે કે નહિ? '**णाहं णारयभावो**' '**णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं।**' ન અહં.. ન અહં.. હું એ નહિ... હું એ નહિ... નાસ્તિ કરી. હું કોણ? પછી ટીકાકારે કાઢ્યું સમજાણું? ભગવાન ચૈતન્યસ્વભાવી પ્રભુ જેના વિશ્વાસે, ભરોસે ચડ્યો આ ભરોસા ઉડી ગયા. રાગના, વિકલ્પના, ભેદના ભરોસા આને કારણે કાંઈક થશે એને તો એકમેક માન્યા. જેનાથી આત્મામાં કાંઈક થશે તો એ વસ્તુને એક માની. ભેદ માની નથી. અને વસ્તુ ભેદ છે, જુદી છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુએ બિરાજમાન ચૈતન્ય પ્રભુ એની દૃષ્ટિના ધ્યેયમાં આત્મા પોતાની ભાવના કરતો આવા રાગ-દ્વેષના ભાવને હું કારણ થતો નથી. હો, કરનાર નથી, રચનાર નથી, રચાવનાર નથી, રચતું હોય પુદ્‌ગલ તેમાં હું સંમત નથી. 'ઠીક રાગ શુભરાગ છે, ઠીક રાગ શુભ છે' એમ છે નહિ. આહા..હા..! ઓલો પાગલ છે કહે છે કે રાગ મારો અને રાગથી મને લાભ થાય એનો અર્થ કે મારા સ્વભાવને રાગથી લાભ થાય એટલે રાગ જ હું છું. પાગલ છે કહે છે ભાઈ! ઉન્મત્ત ચેષ્ટા છે ઉન્મત્ત ચેષ્ટા!

'**હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી,...**' ઓલામાં રાગ-દ્વેષ હતા એનો પછી વિસ્તાર કર્યો. ક્રોધ, માન, માયા અને લોભ. સમજાણું? ક્રોધ-માન તે દ્વેષ છે, માયા-લોભ તે રાગ છે. ભાવકર્મ સ્વરૂપ પાછું એ પણ. ઓલું પણ ભાવકર્મ છે અને આ પણ ભાવકર્મ સ્વરૂપ. ક્રોધ, માન, માયા, લોભ એ ભાવકર્મસ્વરૂપ છે, આત્મસ્વરૂપ નથી. અને ચૈતન્ય વિલાસી ભગવાન એ હું. એની એકાગ્રતામાં આ ભાવસ્વરૂપ કષાયો એ મારું કાર્ય જ નથી. હું એને કરતો જ નથી. ઓહો..હો..! એ વ્યવહારનો, વ્યવહારરત્નત્રયનો વિષય એ નિશ્ચય દૃષ્ટિવંત કરતો નથી. એ વ્યવહારરત્નત્રયનો રાગ કે લોભ એનું હું કારણ નથી. આહા..હા..! જ્ઞાયક સ્વભાવી વીતરાગીબિંબ

આત્મા, વીતરાગી એટલે અકષાય બિંબ ચૈતન્ય વિલાસી આત્મા. એની એકાગ્રતામાં વિમુખરૂપે થયેલા વિકલ્પો વ્યવહાર એનું કારણ જ નથી. આહા..હા..! જુઓ, આ મોક્ષમાર્ગમાં પ્રતિક્રમણની ક્રિયા. સમજાણું કાંઈ? ચોવિસે કલાકની આ ક્રિયા. ઓલું સાંજ-સવાર પડિક્કમણું કરવા બેસે એ નહિ. મગનભાઈ!

ભગવાન જ્ઞાયકસ્વરૂપ એ જ્યાં દૃષ્ટિમાં બેઠું છે દૃષ્ટિમાં બેઠો છે ચૈતન્ય વિલાસી આત્મા. કહે છે કે જેમાં ઇ બેઠો એની એકાગ્રતા છે. હવે આ ક્યાં રહ્યું ત્યાં? વિકલ્પનો શુભરાગ એનું આત્મા કારણ નથી. કારણ હોય તો બે એક ચીજ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કરાવનાર નથી, કર્તાને સંમત નથી. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...'** ભાવ છેને? **'ભાવું છું.'** **'(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા-અનુમોદક વિષે સમજી લેવું.)'** અને કારણનું પણ એમાં સમજી લેવું. એમ લઈ લેવું.

**'આ રીતે પાંચ રત્નોના શોભિત કથન વિસ્તાર દ્વારા...'** પાંચ પત્નોના શોભિત કથન વિસ્તાર દ્વારા. **'સકળ વિભાવ પર્યાયોના સંન્યાસનું વિધાન કહ્યું છે.'** બધા વિભાવોના ભેદરૂપ ચૈતન્ય ભગવાન વિલાસમાં એ છે નહિ. એનું નામ સંન્યાસ થયો એને. આ ભેદનો ત્યાગ અને અભેદનો આદર. આહા..હા..! એનું નામ પ્રતિક્રમણ. એનું નામ સંન્યાસ છે ઇ. ખરો સંન્યાસી એ થયો.

**શ્રોતા :-** ભગવા પહેરીને બહાર રહે ઇ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવા પહેરીને બહાર છે એનું ભગવા તો ઘણા પહેરે પણ ભગવા ક્યાં એની ચીજ છે? આહા..હા..!

ભગવાન આત્મા પોતાના એકરૂપસ્વરૂપ, એકરૂપસ્વરૂપ ચૈતન્ય વિલાસની ચીજ એવો આત્મા. આહા..હા..! એ એકલા જેને પકવાન ખાવાની જેને રીઢ હોયને એ ઓલો દાળની સાથે સબડકો પણ લે નહિ. કે એમાં વખત જાય મફતનો પેટમાં ભરાય જાય. લાડવો લે. ઇ પોપટભાઈ કહેતા કે આપણે એ દાળ-બાળ ન અડીએ કહે. બે લાડવા લઈ લઈએ ફટ... ફટ... ફટ કરતા ચુરમાના. વળી એટલી જગ્યા રોકે ઇ ક્યાં નાખવું કહે. ભજીયા પાછા હોય પાણી પીવે એ રોકે જગ્યા. અહીં તો કહે છે કે અભેદમાં ભેદનો અવકાશ જ નથી લેવાનો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ તો ઠીક પણ ખાવું કઈ રીતે એ પણ બતાવો છો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખાય કોણ છે? એ તો .. ખાય એટલું વળી બહુ મીઠું છે કહે. એ પૂછયું હતું હમણા. કીધું એલા ત્યાં રાજકોટમાં ઓલા કરતા શું કહેવાય? ગુલાબજાંબુ. કેટલા ખાતો હતો? કે ઓલો એક જણો છોકરો કહે ત્રણ. તું ત્રણ? ઓય બાપ! એકે તો મોઢું ભાંગી નાખે છે. ગુલાબજાંબુ ત્યાં કરતા તો બહુ કરતા હતા. મહેમાનને ખુબ. આપી શકતા હશેને ઇ? ભાવ એનો છે. કહો, એ સમજાણું? કહે છે કે ઓલાને ભાઈ! કીધું આવો ખોરાક હોય ત્યારે તું એનો ખાતો

હશે કે શું? એમ પૂછ્યું હતું. કે ઇ તો ત્રણ ખાતા હતા કહે. ત્રણ લીધા. ઓય મારા અમથા જાંબુ લે તો સાત, આઠ, દસ, પંદર ખાઈ જાય ઓલા. ઓલા જાંબુડા ખાટા. આ .. એ મોઢું ગળ્યું ભાંગી જાય. આહા..હા..! અહીં તો કહે છે કે આત્મા એવો મોજમાં ચડે અંદરમાં...

**શ્રોતા :-** ગુલાબજાંબુ જ ખાતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુલાબજાંબુ જ એકલા ખાય.

**શ્રોતા :-** બીજું ખાઈ જ ન શકાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ કોઈ કહે કે હવે કે ભાઈ! લાડવા. લાડવા તો ઘણીવાર થાય છે. ચાલને હવે આ ગુલાબજાંબુ કોક દિ' થાય છે. એક જણો એમ કહેતો હતો. લાડવા શું કરવા ખાઈએ? રોટલી શું કરવા ખાઈએ? એ તો ઘણીવાર થાય છે. આ કોક દિ' ચીજ થાય ઇ ખાઈએને એકલી. અને ઝાઝા જ્યાં ખાનારા હોય ત્યાં ખુટી જાય એવું થઈ જાય ત્યાં. આ તો ખુટે જ નહિ કોઈ દિ' એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકલો માવો ચૈતન્ય આનંદકંદ સચ્ચિદાનંદ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો તીર્થંકરે જોયો એવો આત્મા અંદર દૃષ્ટિમાં લઈને એકાગ્ર કરે છે. બધી તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ... આવા ભેદમાં હું પડતો નથી. આ એનું વિધાન કહ્યું લ્યો.

**'(હવે, આ પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :-)'**

**(वसंततिलका)**

**भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः**
**स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।**
**मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्॥१०९॥**

**'શ્લોકાર્થ :- આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...'** એટલે કે પરવિષય તરફની ચિંતા છોડી દીધી છે, એમ. ભેદની, રાગની, નિમિત્તની બધો પર વિષય છે ઇ. એ વ્યવહારનો વિષય. **'સમસ્ત વિષયોના...'** વિષય એટલે આમ ભોગાદિ એમ નથી. અહીં તો વિષય એટલે ભેદનો બધો .. ઉત્પાદ વિષય એ બધો વિષય છે. **'સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે અને નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...'** ભગવાન આત્મા નિજદ્રવ્ય વસ્તુ અનંત શક્તિ સંપન્ન, ગુણ તેની શક્તિઓ અને તેની પર્યાય એકાગ્રતા. એ વસ્તુના દ્રવ્ય-ગુણની પર્યાય એની અંદરમાં એકાગ્રતા એવું સ્વરૂપ શુદ્ધ. એમાં ચિત્તને એકાગ્ર કર્યું છે. સમજાણું કાંઈ? **'નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં ચિત્તને...'** જ્ઞાનની દશાને **'એકાગ્ર કર્યું છે, તે ભવ્ય જીવ...'** તે લાયક જીવ **'નિજ ભાવથી ભિન્ન...'** પોતાના જ્ઞાયકસ્વભાવ,

શુદ્ધ સ્વભાવથી જુદાં એવા '**સકળ વિભાવને છોડી...**' એવા બધા વિભાવનો અભાવ કરી '**અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' અલ્પ કાળમાં મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. જેણે માર્ગ ગ્રહણ કર્યો. ક્યો? નિજ દ્રવ્ય ગુણ-પર્યાયના સ્વરૂપમાં એકાગ્ર ચિત્ત તે.

નિજ દ્રવ્ય અને ગુણ એમાં પર્યાય નિર્મળ એકાગ્ર થઈ એવો આત્મા એ માર્ગ થયો. એ જીવ '**નિજ ભાવથી ભિન્ન...**' એવા નિજ સ્વભાવથી ભિન્ન વિકલ્પો અને ભેદો સર્વને છોડી દઈ અલ્પ કાળમાં '**अचिरात**' દેખો લ્યો '**अचिरात**' આવ્યું. '**અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' એને જરૂર મુક્તિ થાય છે. આ ઉપાય કરે એને મુક્તિ થયા વિના રહે નહિ. આ એવું પ્રતિક્રમણ છે લ્યો. ઓહો..હો..! એ પાંચ ગાથા થઈ.

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं।**
**तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि।।८२।।**

ચારિત્રને કહે છે વિશેષ.

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને,**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.**

એ ભેદનો અભ્યાસ. વિકલ્પાદિ ભેદ તો જુદું. મધ્યસ્થ અંદરમાં સ્થિરતા થઈને ચારિત્રરૂપ પરિણતિને પ્રગટ કરે છે. હવે એ પ્રતિક્રમણ આદિના બોલો કહેશે બધા ચારિત્રની દઢતાની સ્થિરતાના કારણના બધા બોલો છે. ચારિત્રના બધા બોલો છે. આ પ્રસિદ્ધ ચારિત્ર થાય એના આ બોલો છે.

'**ટીકા :- અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહ્યું છે.**' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય વિલાસી પ્રભુ એમ દૃષ્ટિમાં લીધો છે. એ '**ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...**' શું કહે છે? એ રાગના વિકલ્પ જે ઉઠે છે એનાથી પણ જુદો પાડતો, સ્વરૂપમાં સ્થિર થતો '**નિશ્ચય-ચારિત્ર થાય છે...**' એ રાગ જે છે એનાથી ભેદ પાડતો સ્થિર થતો નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહે છે. ભેદ પહેલો કર્યો છે, રાગાદિથી જુદો એમ ભેદ કર્યો છે, પણ બાકી છે રાગ. એનાથી ભેદ પાડીને અભેદમાં સ્થિર થતો તે ચારિત્રપણાને પામે છે. સમજાણું કાંઈ?

એ વ્યવહાર ચારિત્રનો ભેદ પાડતો ચારિત્રને પામે છે, એમ છે અહીંયાં. વ્યવહાર કરતો-કરતો પામે છે. એવું ત્યાં લખ્યું પ્રવચનસારમાં ત્રીજામાં. વચનકાયાની પહેલા ઓલા આચાર. તારા પ્રસાદથી. પહેલું છેને તારા પ્રસાદથી જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી તને આદરું છું. એને એ વ્યવહારનયના કથનો હતા. એને હતું ત્યાં એને જણાવ્યું છે ત્યાં. અહીં કહે છે કે એનાથી જુદો પડીને ઠરે એ દઢ ચારિત્રને પામે છે. એને કારણે દઢ ચારિત્રને પામે છે, વ્યવહારના વિકલ્પો પંચ મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો રાગ છે એને કારણે નિશ્ચય ચારિત્રની શુદ્ધિ-વૃદ્ધિને પામે છે એમ નથી. સમજાણું કાંઈ? મુનિ થાય છે, પંચમહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ લે છે. માટે

એ વિકલ્પને કારણે અંદર ચારિત્ર પ્રગટ થયું સાતમાનું અંદરમાં, એમ નથી, એમ કહે છે. કહો, સમજાણું? સાવદ્યયોગનો ત્યાગ કરે સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ભૂમિકામાં. વિકલ્પ આવે એવા કે અંદર દ્રવ્યચારિત્ર લઉં અને બહાર ભાવચારિત્ર માટે વિકલ્પ. પણ એ વિકલ્પથી ભેદ પાડતા સ્વભાવમાં અભેદ થતાં ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ વિકલ્પને કારણે ચારિત્ર પ્રાપ્ત થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયમાં વ્યવહારચારિત્ર જે આવ્યું વિકલ્પ એનાથી નિશ્ચય ચારિત્રને પામે છે એમ નથી. **'ભેદવિજ્ઞાન દ્વારા...'** એમ કહ્યું. જેનાથી જુદું પડીને સ્થિરતા થાય છે. એના આશ્રયે સ્થિરતા થાય. જેનાથી જુદું પડીને સ્થિરતા, ચારિત્ર, દઢતા થાય એને આશ્રયે ચારિત્ર દઢતા થાય એમ બનતું નથી. સમજાણું? સમજાણું?

**'અહીં ભેદવિજ્ઞાન દ્વારા...' 'પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (પદાર્થોના જ્ઞાન) વડે...'** લ્યો, એ પાંચ રત્નોથી શોભિત. જુઓ, અહીંયાં પાંચ રત્ન કહ્યા અને પ્રવચનસારમાં છેલ્લી પાંચ ગાથાને પાંચ રત્ન કહ્યા છે. રત્ન એટલે ઉંચો ભાવ છે એમાં એમ કહ્યું રત્ન એટલે. ભાવરત્ન, પાણીરત્ન આવે છેને? મણિરત્ન, મનુષ્યરત્ન. ઉંચી ચીજ હોય એને રત્ન કહેવાય. ઉંચીને રત્ન કહેવાય.

**શ્રોતા :-** ચક્રવર્તીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો રત્ન સ્ત્રી, પણ આ તો જળરત્ન. પાણીમાં જળરત્ન. ઉંચું જળ તેને રત્ન કહેવાય. સમજાણું? રાજરત્ન આ બિરૂદ આપે છેને.

**શ્રોતા :-** ઇ તો બધા સમજવા જેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજવા જેવા. ધૂળમાં રત્ન નથી.

આ પાંચ રત્નોથી શોભિત ગાથાઓમાં. ગાથામાં આ ગાથા ઉંચી અને એનો ભાવ રત્ન સમાન છે એમ. ભાવરત્ન, દ્રવ્યરત્ન આત્મા ભાવરત્ન આ ભાવ નિર્મળ. એનું **'અર્થપરિજ્ઞાન (પદાર્થોના જ્ઞાન) વડે...'** આ રીતના ભાવના જ્ઞાન વડે **'પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** લ્યો, એ પાંચમી ગતિના પ્રાપ્તિનું હેતુ કારણભૂત **'એવો જીવનો...'** એ જ ભેદાભ્યાસ કહે છેને. પહેલો શબ્દ છે એની વ્યાખ્યા કરે છે. **'જીવનો અને કર્મ પુદ્ગલનો ભેદ-અભ્યાસ થતાં,...'** કર્મ પુદ્ગલનો અને જીવને ભેદ-અભ્યાસ થતાં. લ્યો. **'एरिसभेदब्भासे'** જીવ એટલે જ્ઞાયક સ્વરૂપ ભગવાન અને કર્મ બધુંય પુદ્ગલ બધા વિકલ્પ ને ભેદો ને ગુણસ્થાન બધા ભેદો એ બધું પુદ્ગલ સ્વરૂપ.

એના **'ભેદ-અભ્યાસ થતાં,...'** એને જુદો અભ્યાસ કરતાં **'તેમાં જ જે મુમુક્ષુઓ સર્વદા સંસ્થિત રહે છે,...'** એ એમાં ભેદથી જુદાં પડીને જ્ઞાયકમાં સદા-સર્વદા સંસ્થિત રહે છે. જુઓ એ સર્વદા. **'તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા...'** ભગવાન જ્ઞાયક તરફના વલણવાળા અને રાગથી ભેદ પાડવાવાળા એમ બધું થયુંને એ. જે કાંઈ વિકલ્પ ઉઠે છે વ્યવહારનો એનાથી ભેદના અભ્યાસ

દ્વારા. સ્વભાવની એકતાના અભ્યાસ દ્વારા **'મધ્યસ્થ થાય છે...'** એટલે અંદરમાં વીતરાગતાની પર્યાયે પરિણમે છે, એમ કહે છે. સમજાણું? રાગથી જુદો પડ્યો, અભ્યાસમાં સ્થિર થયો એને મધ્યસ્થ કીધો છે. એને અહીંયાં મધ્યસ્થ કીધો છે. અને તે મધ્યસ્થ થાય છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વિલાસીમાં રાગથી ભેદ પાડીને સ્વરૂપમાં સ્થિરતાપણાના મધ્યસ્થપણાને પામે છે **'તે કારણથી તે પરમસંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે.'** લ્યો, આ કારણને લઈને. ક્યું કારણ? કે રાગાદિના જુદાંપણાના અભ્યાસ દ્વારા સ્વરૂપમાં, જ્ઞાયકમાં ઠરે છે **'તે કારણથી...'** તે કારણથી. આહા..હા..! ભેદની તો મશ્કરી કરી છે અંદર આગળ. આલોચના નથી કર્યું? છે, છે વસ્તુ પણ છે ઇ તું શું પણ? ભાઈ! મોટો ભગવાન બિરાજે છેને. મહાન ચૈતન્ય પદાર્થ જેના ગુણની પર્યાયનો અપાર મહિમા છે. એવો ભગવાન મહા મહિમાવંત એમાં રાગના વિકલ્પના ભેદો જેટલા કહ્યા. પાંચ ગાથામાં એ બધા ભેદના ભિન્નપણાનો અભ્યાસ, એનાથી જુદાપણાનો અભ્યાસ અને અંતમાં સ્થિર થતું મધ્યસ્થપણું કરે છે.

**'તે કારણથી તે પરમસંયમીઓને...'** એ પરમસંયમીઓને **'વાસ્તવિક ચારિત્ર થાય છે.'** આહા..હા..! ખરું ચારિત્ર આવા મુનિઓને, સંતોને હોય છે. ચારિત્રની વ્યાખ્યા પણ કરવા માંડ્યા છે હવે. આત્મામાં સ્થિર થવું એ ચારિત્ર. એલા પણ તમારે ચારિત્ર કેવા? ગૃહિતમિથ્યાત્વ પડ્યા એમાં. અરેરે..! દીક્ષાઓ લે ને દીક્ષાઓ? એમ કે નામ એવું આપે. હવે ત્યારે ઓલા વાંચેને. પાના અહીંના વાંચે કે બીજાના વાંચે. સ્વરૂપે ચડવું તે ચારિત્ર. પછી આગળનું ચારિત્ર સ્વરૂપમાં સ્થિર થવા માટે છે. એક જણાને પૂછયું એક જણો ... .. આવ્યો હતોને એણે પૂછયું કે પણ આ તમે લ્યો છો ઇ? કે એ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય. એમ. એવો જવાબ આપ્યો. વ્યવહાર આ પાળીએ. એ વ્યવહાર પાળીએ તો પછી ઓલો નિશ્ચય થાય, એમ. અભ્યાસ છે એમ કહ્યું. અહીં કહે છે કે રાગના ભેદ પાડવાના અભ્યાસથી ચારિત્ર થાય છે. ત્યારે પહેલો રાગથી ભિન્ન ભગવાન છે એવો અનુભવ થયો છે, પછી રાગને જુદાં પાડવાના અભ્યાસથી સ્થિરતા ચારિત્ર પામે છે. આમ છે. ચંદુભાઈ! આહા..હા..! પણ રાગથી ભેદ પાડે છે એનો અર્થ કે પહેલી રુચિમાં રાગથી રહિત આત્માનો દૃષ્ટિ અને અનુભવ છે. જેનાથી જુદું પાડવું એ એમાં નથી એવું ભાન પહેલું છે. ત્યારે એમાંથી જુદો રાગથી પડી અને સ્વરૂપમાં ઠરે છે. એને ચારિત્ર કહેવામાં આવે છે. બાકી ચારિત્ર કેવા? સમજાણું કાંઈ? દખ્યા છે દખ્યા, એને દીક્ષા માને. દુઃખ અંગીકાર કર્યું દુઃખ. મારે દુઃખ પાળવું અને દુઃખ પાળતાં-પાળતાં સુખ મને થશે. દૃષ્ટિ જ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? પણ જ્યાં વિકલ્પનો શુભરાગનો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ જે ચીજમાં નથી એવી ચીજની દૃષ્ટિ અને એના અનુભવ વિના આત્મા કેવો છે એ જ્યાં દૃષ્ટિમાં, ખ્યાલમાં, જ્ઞાનમાં આવ્યો નથી તો એના લક્ષે રાગને જુદું પાડીને ઠરવું એ ક્રિયા એને હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે બોલવા શીખ્યા છે. મેં કીધું તારા .. આવું કોઈ નહોતું. ક્યાંથી બોલવા શીખ્યા? કહે

બધા કહેતા કે આ ક્રિયા ઇ ચારિત્ર છે એમ કહેતા. હા, વળી એમ કહેને ચારિત્ર. નહીતર તો અમારે હીરાચંદજી હતા તો ચોખ્ખું કહેતા કે ભાઈ આ બીજા જીવને ઉપયોગ રાખવો ન મારવાનો એ લાભ છે ધર્મ. દેહની ક્રિયા એમાં થાય જરી એનું નામ પુણ્ય છે. બસ ચોખ્ખી વાત. આ તો શબ્દ પણ નહોતો. હવે સારામાં સારા તો ઇ કહેવાતા. એય..! એવા તો હતા નહિ કોઈ ત્યાં કાઠિયાવાડમાં. એ એમ કહેતા કે નહિ. પરજીવને ન મારવાનો ભાવ રાખવો, બરાબર દુઃખ ન દેવું બસ એ ધર્મ.

અહીં તો કહે છે પહેલેથી જેને વિકલ્પથી જુદો આત્મા નિશ્ચય કર્યો છે એને હવે જુદો છે તેને જુદાઃ પાડવાનો એકાગ્રતાનો અભ્યાસ કરે છે. અભ્યાસ કરતાઃ સ્થિર થાય એનું નામ ચારિત્ર કહેવાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૮, ગુરુવાર, તા.૧૨-૦૫-૧૯૬૬
## ગાથા-૮૨-૮૩, કળશ-૧૧૦, પ્રવચન-૬૩

એટલે શું? આ ભેદજ્ઞાનની વ્યાખ્યા છે કે આત્મા જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે આત્મા છે. એને પરવસ્તુના લક્ષે જે શુભ અને અશુભ વિકાર થાય એનાથી જુદો પાડીને આત્મામાં ઠરવું એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? ધર્મ કરવો છેને ધર્મ એને? તો ધર્મનો અર્થ શું થયો? કે આત્મા જે શુદ્ધ આનંદ-જ્ઞાન સ્વરૂપે છે એનાથી વિરૂદ્ધ જેટલા શુભ અને અશુભભાવ. શરીર, વાણી, કર્મ તો જડ છે એ જુદાઃ છે જ, પણ શુભ અને અશુભભાવ થાય એ પણ આત્માના સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. એ વિભાવ શુભાશુભ પરિણામ અને આત્મા ચિદાનંદ મૂર્તિ આ બેની વચ્ચે રાગથી ભિન્ન પાડવું એનો અર્થ કે સ્વભાવસન્મુખ થવું અને પરથી વિમુખ થવું. એવી અંતરમાં એકાગ્ર ક્રિયા એને ચારિત્ર અથવા મોક્ષનો માર્ગ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

માટે માથે લખ્યું છેને **'અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે.'** એમ કહ્યું પહેલી લીટી છે અર્થની. સમજાણું કાંઈ? બીજો કોઈ ચારિત્ર થવાનો એટલે મોક્ષમાર્ગનો કોઈ ઉપાય બીજો નથી. કારણ કે જે કાંઈ ધર્મ કહો, નિર્દોષતા કહો, વીતરાગતા કહો, પવિત્રતા કહો એ ધર્મ એ બધો પવિત્રનો પિંડ તો આત્મા છે. એમાં પવિત્રતા ને નિર્દોષતા ને વીતરાગતા અને અવિકારીતા પડી છે. તો એવા આત્માને દૃષ્ટિમાં લઈ અને શુભ-અશુભભાવ જે એના સ્વભાવમાં

નથી. એમાંથી ભેદ પાડીને, જુદું પડીને સ્વભાવમાં એકતા કરવી એનું નામ ધર્મ કહેવાય છે. કહો, સમજાણું આમાં? એ મુક્તિનો માર્ગ. નિયમસાર છેને આ?

**'તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ...'** એ પરથી ભિન્ન પાડીને રાગભાવ આદિ જે ઉઠે એનાથી વીતરાગસ્વરૂપ આત્મા છે. આત્માનો સ્વભાવ જ વીતરાગ છે. સમજાણું? એકલો શાંત અકષાયરસનો પિંડ આત્મા છે. એવા અકષાય સ્વભાવને લક્ષે રાગથી ભિન્ન પડીને અંતરમાં અવિચળ સ્થિતિ. ચારિત્રની એટલે સ્વરૂપમાં સ્થિરતાની અવિચળ સ્થિતિ ન ફરે એવી. એના હેતુએ, એના કારણે **'પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.'** કહો, સમજાણું આમાં? રતિભાઈ! ભગવાન આત્મા અનંત-અનંત ગુણનો ભંડાર આત્મા વસ્તુ છેને? એની શક્તિઓ શુદ્ધ બધી શક્તિઓ અને ગુણ શુદ્ધ છે. એ શુદ્ધતા તરફ વાળીને વિકાર તરફથી ખસીને જે અંદરમાં પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, સામાયિક, ચોવિસંથો,.. વગેરે એ બધી ક્રિયાઓ આત્માના અંતર સ્વભાવમાં અવિચળ સ્થિતિને કારણે આવી નિશ્ચય ક્રિયાને હું કહીશ, એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ, **'પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.'** જે ખાસ પ્રતિક્રમણ કહેવાય, પ્રત્યાખ્યાન કહેવાય, આલોચના કહેવાય, પ્રાયશ્ચિત કહેવાય, સમાધિ કહેવાય, સામાયિક કહેવાય, ચોવિસંથો કહેવાય, વંદના કહેવાય--છ આવશ્યક. એ બધા આત્માના વસ્તુના સ્વરૂપને જાણી પછી રાગથી ભિન્ન પાડીને જે આ નિશ્ચયક્રિયા છે એ ચારિત્રના સ્વરૂપમાં અવચિળ સ્થિતિને કારણે આ ક્રિયાઓ કહેવામાં આવશે. સમજાણું કાંઈ? કહો, હરીભાઈ! આ બધા અત્યાર સુધી આ શું બધું રખડાવ્યું ત્યાં બધું. આહા..હા..!

**શ્રોતા** :- પોતાનો દોષ નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દોષ નહિ, દોષ એવો પોતે પોતાનો દોષ છે કે નહિ?

જુઓ, કહે છે. આ તો મહાન અનંતકાળે નહિ થયેલો ધર્મ એની વાત છે. અને એ ધર્મ ખરેખર ચારિત્રધર્મ છે. અને એ ચારિત્રધર્મ સમ્યગ્દર્શન અને જ્ઞાનપૂર્વક હોય છે અને એ જ સમ્યગ્દર્શન વસ્તુના પૂર્ણ આનંદ અને જ્ઞાયકની પ્રતીતિની અંતર અનુભવની શ્રદ્ધાથી થાય છે. એ પછી ચારિત્રની ક્રિયા, પ્રતિક્રમણ વગેરે, પ્રત્યાખ્યાન એ ક્રિયાઓ બધી રાગથી ભિન્ન પાડીને સ્થિર થવાના અવિચળ ચારિત્ર માટે આવી ક્રિયાઓ હવે કહેવામાં આવશે. સમજાણું કાંઈ?

**'નિશ્ચયક્રિયા કહી છે.'** હવે જુઓ વ્યવહાર નહિ. શરીરાદિ તો જડ છે. અંદર પુણ્ય-પાપના ભાવ ઉઠે એ વિકાર છે. એનાથી ભિન્ન પાડવાની ક્રિયા કેટલા પ્રકારની છે? એ અંતરના રમણતાની સ્થિરતાના અવિચળ માટે આ બધી ક્રિયાઓ નિશ્ચયસ્વરૂપે કહેવામાં આવશે.

**શ્રોતા** :- અનુમોદન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધું બધું એ. અહીં તો બોલ સામાયિકને ઇ છેને આમાં? પ્રતિક્રમણ,

પ્રત્યાખ્યાન, આલોચના આમાં.

**'અતીત (ભૂતકાળના) દોષોના પરિહાર અર્થે...'** ગયા કાળના પુણ્ય-પાપના દોષોના (પરિહાર) અર્થે **'જે પ્રાયશ્ચિત કરવામાં આવે છે...'** એ દોષથી હઠીને સ્વરૂપની એકાકારતા, સાવધાનતા કરવામાં આવે છે **'તે પ્રતિક્રમણ છે...'** એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, ભગવાનભાઈ! આ પ્રતિક્રમણ. મિચ્છામીદુક્કડમ દીધું એ પ્રતિક્રમણ એમ નહિ. આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન એવો આત્મા જ્ઞાનગુણથી ભરેલો આનંદના ભંડારથી ભરેલો એવા સ્વભાવની સન્મુખતાથી, રાગથી પાછા હઠીને જે ક્રિયા કરવામાં, દોષથી પરિહાર કરવામાં આવે એને પ્રાયશ્ચિત અથવા પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઇ અહીં પ્રાયશ્ચિત કરવું એનું નામ પ્રતિક્રમણ એમ કહે છે અહીં તો. પ્રાયશ્ચિતની વ્યાખ્યા આવશે અંદર. આખું અધ્યાન આવશે. પણ એ પ્રાયશ્ચિત એટલે ઇ. વસ્તુ પરમાનંદસ્વરૂપ શુદ્ધ આત્મા એ જે બહાર ગયો જેટલા પુણ્ય-પાપના વિકલ્પમાં, શુભાશુભ રાગમાં. એવો પહેલો નિર્ણય કર્યો કે આ વસ્તુ તો શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છે. હવે એમાં ઠરવા માટે એ દોષથી હઠવા માટે એવા પ્રતિક્રમણરૂપી પ્રાયશ્ચિતને કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

**'આદિ શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે...'** પ્રત્યાખ્યાનની વાત કરશું, આલોચનાની કહેશું, સમાધિનું કહેશું. સમાહિ આવે છેને? 'સમાહિ વર મુત્તમં દિતું.' એ સમાધિ કોને કહેવી? એ પુણ્ય-પાપના રાગ એનાથી હઠી અને સ્વભાવ તરફ એકાગ્ર થવું એવી સમાધિની ક્રિયા હવે કહેશું. સમજાણું કાંઈ? ભારે એને .. બહાર ભટકે છેને એટલે પાછું વળવું એને આ પડિક્કમણું છે આ. **'(-અર્થાત્ પ્રતિક્રમણાદિમાં જે આદિ શબ્દ છે તે પ્રત્યાખ્યાન વગેરેનો પણ સમાવેશ કરવા માટે છે.)'** આખું ચારિત્રનું બધું સ્વરૂપ બતાવે છેને? અહીં તો ચારિત્રનું બધું સ્વરૂપ. એના જેટલા પેટા ભેદો છે એ બધા ચારિત્રની અવિચળ સ્થિતિ માટે આ બધા બોલો કહેવામાં આવશે.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ ટીકામાં ૧૩૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'**

**(अनुष्टुभ्)**

**"भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।"**

જુઓ એની સાથે સંબંધ નાખીને આ ગાથા મૂકી. પાઠમાં છે ખરુંને ભેદ-અભ્યાસ.

**'જે કોઈ સિદ્ધ થયા છે...'** અત્યાર સુધી જે સિદ્ધ પરમાત્મા થયા, અત્યાર સુધી ભૂતકાળ, ગયા કાળથી અત્યાર સુધી જે કોઈ નમો સિદ્ધાણં. નમસ્કાર હો સિદ્ધપદને. એ સિદ્ધપદની પ્રાપ્તિ જે જીવોએ કરી એમ કેમ કરી? કેવી રીતે કરી? કે **'જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી**

**સિદ્ધ થયા છે...**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને શુદ્ધ પિંડ પ્રભુ એના સન્મુખથી અને પુણ્ય-પાપના રાગના દોષથી ભિન્ન પડીને, ભેદ કરીને, જુદાં પડીને સિદ્ધ થયા. સમજાણું કાંઈ? અત્યાર સુધી જે સિદ્ધ થયા એ બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. કર્મના મંદ પડવાથી કે એમ નથી અહીંયાં કહ્યું. કર્મ ઘટવાથી, દર્શનમોહ ટળવાથી કે ચારિત્રમોહ ટળવાથી કે સમજાણું? સારો સંગ મળવાથી. મગનભાઈ!

**શ્રોતા** :- દેવ-ગુરુની કૃપાથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કોઈની કૃપાથી નહિ, ભેદજ્ઞાનથી સિદ્ધ થયા એમ અહીં તો કહે છે.

**શ્રોતા** :- પહેલા કૃપા આપી, પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોઈ હતી જ નહિ કોઈની. કોને કૃપા કોના ઉપર લાગુ પડે? આત્માની કૃપા આત્મા ઉપર લાગુ પડે. આહા..હા..! અરે..! આત્મા! તારા ચીજની સંભાળમાં અનંતકાળમાં ન આવ્યો. અરે..! મહાન પ્રભુ બિરાજે છે તું પોતે ચૈતન્ય સ્વભાવથી ભંડાર. એના સમીપમાં સામું ન જોયું. એમ પોતાને કૃપા શિખામણ આપે છે એ એની કૃપા છે. કોની કૃપા કોણ કરે? એય..! મલુપચંદભાઈ! શું કરતા હશે? પૈસામાં? એમાં ન કૃપા આવે પૈસામાં?

**શ્રોતા** :- પૈસાદારની કૃપા ગરીબો ઉપર!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળ ઉપર પણ કામ આવતું નથી. ત્યાં પૈસા શું કામ આવે ધૂળમાં? આહા..હા..!

'**જે કોઈ અત્યાર સુધી...**' ગયા કાળથી અત્યાર સુધીનો અનંતકાળ થયો, અનંતકાળ વીત્યો, અનંતકાળમાં અનંત પરમાત્મા સિદ્ધપદને પામ્યા એ એક જ પ્રકારથી પામ્યા છે. ભેદવિજ્ઞાનથી! આહા..હા..! ભગવાન આત્મા અંતર સન્મુખ જોઈને રાગના, પુણ્ય-પાપના વિકલ્પથી પાછા ખસી, અંતરમાં સમાણા ત્યારે એ સિદ્ધપદને પામ્યા છે. કહો, આમાં તો કર્મ પણ કાઢી નાખ્યું, કાળ પણ કાઢી નાખ્યો કે આવો કાળ હોય તો સિદ્ધ થયા. સમવસરણમાં ભગવાન પાસે બેઠા સિદ્ધ થયા.

**શ્રોતા** :- ત્યાં તો થાય ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તે ક્ષાયિકસમકિતી પોતાને કારણે થયું છે એમ કહે ત્યાં પણ. આમ ભેદ પાડ્યો ત્યાંથી આ બાજુ ઠરવામાં માટે એને ક્ષાયિકસમકિત થયું છે. મગનભાઈ! કહો, ક્ષાયિકસમકિત તો ભગવાનની સમીપે થાય. નથી? સાંભળ્યું છે કે નહિ? એ પાઠમાં આવે છે એવું. ઇ નિમિત્તની વાતું આના સમીપમાં જાય ત્યારે થાય. એ ભેદ પરથી વિકલ્પ જે કાંઈ ક્ષયોપશમ હતો ઓછો એમાંથી આ બાજુ આવ્યો ત્યારે ભેદ થયો ત્યારે ક્ષાયિકસમકિત થયું. સમજાણું કાંઈ? ભારે વિધિ! વિધિ પકડવી કઠણ પડે છે માણસને. અરે..! એણે આત્માની દયા ન ખાધી કોઈ દિ'. એને મારું શું થશે? અરે..! આ ચોર્યાસીના અવતારમાં ક્યાં જઈશ? ક્યાં કોને શરણે કોની ગોદે અવતરીશ? ક્યાં કાંઈ પત્તો છે? આહા..હા..! ફાફળ મોટું અનંતકાળનું!

કહે છે કે જેને મુક્તિ એટલે પરમાત્મદશાની પ્રાપ્તિની અભિલાષ છે એણે પહેલો તો પરથી ભિન્ન આત્માની દૃષ્ટિ કરવી જોઈએ. આત્માની દૃષ્ટિ પછી રાગ જેટલા થાય એનાથી જુદું પાડીને સ્વરૂપમાં ઠરતાં આત્માને ચારિત્ર થતાં મુક્તિ પામે છે. કહો, સમજાણું આમાં? આ ત્રણકાળ, ત્રણ લોકનો મહા એક સિદ્ધાંત. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં આ ફરમાવ્યું છે. સમજાણું? મુક્તિ કરવી છેને એને? આત્માનો મોક્ષ કરવો છેને? ત્યારે મોક્ષ ક્યારે થાય? જે ભાવ બંધ છે એનાથી છૂટીને અહીંથી જુદો પડીને અહીં ઠરે ત્યારે મોક્ષ થાય. એક જ વાત છે. સમજાણું કાંઈ?

જે કોઈ અત્યાર સુધી સિદ્ધ પરમાત્મા મોક્ષને પામ્યા એ બધા ભેદવિજ્ઞાનથી મોક્ષ પામ્યા છે, એમ કહે છે. એ પરથી ખસી અને સ્વરૂપમાં પૂર્ણાનંદમાં અંતર આવ્યા છે ત્યારે તેને મુક્તિ થઈ છે. શરૂઆતથી માંડીને. મિથ્યાભ્રાંતિથી ખસી સ્વરૂપમાં રુચિ પરિણમી ત્યારે એટલી મુક્તિ થઈ મિથ્યાભ્રાંતિની. પછી પણ જેટલો રાગ છે એનાથી ખસી સ્થિર થયો ત્યારે રાગથી મુક્તિ થઈ ચારિત્રમાં. આહા..હા..! ધર્મ કરવો છે એનો અર્થ થયો કે નહિ કાંઈક એને દોષ છે, અધર્મ છે એ ટાળવો છે અને ધર્મ કરવો છે. તો એનો અર્થ શું થયો? કે જે અધર્મ છે એ ક્યાં છે? એની દશામાં છે વિકારમાં, વિભાવમાં, શુભાશુભભાવમાં અધર્મ. ધર્મ કાંઈ શરીરકર્મમાં નથી. એ અધર્મના તરફનું વલણ છોડી એનાથી જુદો પડીને ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ આ એનાથી ભેદ રાગથી પાડી અને અહીં ઠરે ત્યારે તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. ત્યારે તેની મુક્તિ થાય. કહો, સમજાણું આમાં? આ વિધિ એને એવી લાગે કે જાણે આ મારું આ શું કરવું? નિશાળનું ભણવા માટે તો મરી જાય છે બિચારા જુઓને. નહિ? એક જરી પાસ થાય ત્યાં આહા..હા..! અભિનંદન. ધૂળનાય અભિનંદ નથી, પાપના છે બધા. રાજી-રાજી થઈ જાય. પાપ. વળી શું? ઘણા નંબરે આવ્યો એટલે હવે સારી કોલેજમાં જવું. એમ.. મલુપચંદભાઈ! આ તમારા છોકરાઓ બધા એમ કહે છે ભત્રીજા, કે આમાં મોટા નંબર આવે તો સારી કોલેજમાં જવાય, નહિતર નહિ. એય..! કિરીટ! આહા..હા..! એલા સારામાં સારી કોલેજ તો સિદ્ધ છે. આહા..હા..! છે? આહા..હા..! સારામાં સારા નંબર આવે ઉત્કૃષ્ટ રાગથી ભિન્ન પાડવાના એને મુક્તિ થાય તો સિદ્ધમાં ભળી જાય. આહા..હા..!

**શ્રોતા** :- આ .. પાસ થવાને આગળ વધારી દે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાં કરે છે? કરતો જ નથી. કરે છે અને ફળ ન આવે એમ બને નહિ. શું કીધું?

**શ્રોતા** :- બાળમંદિરમાંથી બહાર નથી નીકળતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ નથી નીકળતો તો પોતાને કારણે કે કોકને કારણે? એને એ રુચે છે આમ બહારની વાત. આમ જ્યાં ભભકા શરીરના, બાયડી, છોકરા, મકાન, હજીરા, આબરૂ, કીર્તિ,

ખાણા, પીણા, લૂગડા ને લત્તા.

**શ્રોતા** :- બે-ચાર જણને હોય બધાયને કાંઈ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે તો ઘણાને છેને. એના પ્રમાણમાં સૌને હોયને. સૌના પ્રમાણમાં થોડું-થોડું. છેવટે શરીરમાં મુંડાવાનું હોય સરખું આમ કરવું... આમ કરવું... આમ કરવું... આ નથી કરતાં? ન હોય તો શરીર તો છે કે નહિ? એને આમ સરખા કરવા. બધા અહીંથી નાનું-નાનું કરે તો મોટું. હોળી તે કેટલી? આહા..હા..! એના પ્રેમ આડે ભગવાનનો પ્રેમ ભૂલી ગયો ઇ. આહા..હા..! અતુલભાઈ! શું હશે આ? સવારમાં થાતો હશે કે નહિ? આમ. આઠ આના લે. આઠ આના લેતા હશે હવે નહિ લેતા હોય. રૂપિયો. મુંબઈમાં રૂપિયો લેતા હશે. હવે આમા માથાને એટલી એને આહા..હા..! પછી વાંદરો જોઈ લ્યો એ તો સવારમાં. અરીસામાં જોવે. એલા શું છે પણ આ? આ તો હાડકા છે, માંસ છે આ તો. એ સ્મશાનની મઢી છે આ. શેની તને પડી છે? આ પ્રભુ ચૈતન્ય બિરાજે છે અંદર. એ મઢીમાં આવવાનો તને ભાવ ન થાય અને આમાં તું રોકાઈ ગયો. કહે છે કે ઇ સંસાર છે. રાગ અને પરની એકાકારની પ્રીતિ તે સંસારની સિદ્ધિ છે. આહા..હા..! અને રાગ અને ભગવાન આત્મા બેને ભેદ પાડવાથી મુક્તિની સિદ્ધિ છે. આહા..હા..! બેને બે ચાર જેવી વાત છે.

**'જે કોઈ બંધાયા છે...'** જુઓ, આવ્યું હવે. **'તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** શેના? કે રાગ ને વિકલ્પને પરથી જુદો પાડતો નથી માટે બંધાયા છે. કર્મને લઈને બંધાણા છે અને કાળ એને હજી ખૂટ્યો નથી માટે એમ નહિ એમ ભાઈ! કાળલબ્ધિ પાકી નથી માટે એમ પણ નહિ અહીં તો. અહીં તો આમાં પ્રેમ અને રુચિ એકાકાર છે તેથી બંધાયેલો છે. ભેદ પાડવાના અભાવથી બંધાયેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ ચૈતન્યરત્ન. જુઓ. રત્ન આવ્યું હતુંને કાલે? આને રત્ન કહે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને. ત્રણ રત્ન કહે છેને? ત્રિરત્ન. આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરથી ભિન્ન પાડવાની ક્રિયા છે. ત્રણે પરથી ભિન્ન પાડવાની ક્રિયા છે અને સ્વભાવમાં એકત્વ થવાની ક્રિયા છે.

કહે છે જેટલા અત્યાર સુધી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયકે ગયા એ સાધુ જૈનના પણ દિગંબર આદિ મુનિ થઈને. પણ અંદર રહી ગયું. ભેદજ્ઞાનના અભાવથી બંધાયેલા છે એમ કહે છે. આહા..હા..! એ નવમી ગ્રૈવેયકે ગયો પણ એને આ રાગ અને વીતરાગ આત્મા બેની એકતાબુદ્ધિને લઈને બંધાયેલા છે. બીજી કોઈ બંધાવાની સ્થિતિ છે જ નહિ એમ કહે છે અહીં. કહો, ભગવાન આત્મા અનંત-અનંત શાંતરસનો પિંડ પ્રભુ જેમાં ઠરવાથી એકલો ઉપશમરસ ઝરે એ રાગથી ભિન્ન પાડતા થાય. તો એ દર્શન-જ્ઞાન-ચારિત્ર વિકલ્પો શુભાશુભપરિણામ એનાથી વિમુખતા થઈ અહીં સન્મુખ કરે ત્યારે ભેદજ્ઞાન થયું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના અભાવથી બંધાયેલા છે. બીજી વાત જ નહિ. અહીં તો બે ટૂકડા કર્યા--અનાદિ શાંત સંસાર અને

સાદી અનંત મુક્તિ. એ બેનું એકત્વ એક જ ન્યાય મૂકી દીધો. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર, વસ્તુ અને એકકોર ભગવાન આત્મા આ બેને જુદા પાડવાનો અભાવ તેથી એ બંધાયેલા છે. એમાં કર્મને લઈને અને કાળને લઈને એમ નથી. ભગવાને દીઠું છે માટે બંધાયેલા છે આવા, એમ નથી કહે છે. સમજાણું કાંઈ? તું પોતે ભેદનો અભાવ કર માટે બંધાયેલો છે. માટે ભગવાને એમ દીઠું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

કર્મ અને આત્મા બેની એકતાથી બંધાયેલા અનાદિ એની બુદ્ધિ એકત્વબુદ્ધિથી બંધાયેલા છે. જે કોઈ નિગોદથી માંડીને પાછું એમ. નિગોદને માટે બીજો રસ્તો છે અને કર્મનું જોર છે માટે એમ નહિ. એ નિગોદના બટાટા, શક્કરકંદના અનંત જીવ પણ પરથી જુદાંના અભાવે બંધાયેલા છે. ભેદજ્ઞાનનો અભાવ માટે બંધાયેલા છે. કહો, સમજાણું? **'જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** ઓહો..હો..! એક ટૂકડો. સમજાય છે કાંઈ?

**'વળી...'** જુઓને આ તો કેટલો ખુલાસો કર્યો! એ શ્લોક સમયસાર સંવરના અધિકારમાં. ભાઈ! બે પ્રકાર છે. આ પરથી જુદા઼ પાડ્યા તે મુક્તિને પામ્યા, આ પરમાં એકત્વબુદ્ધિ કરી તે બંધાયા. લ્યો, આ એકત્વ અને વિભક્ત કહ્યું. શશીભાઈ! હવે કેટલાય રાગના સાધનથી આ સ્વમાં એકત્વ થાય અને પરથી ભિન્ન થાય? કેટલા રાગના નિમિત્ત કષાયની મંદતાના સાધનથી પરથી જુદો પડે કેટલા સાધનથી? પણ એનાથી તો જુદું પાડવું છે. એમાં ઇ સાધન ક્યાં આવ્યું પાછું? આહા..હા..! ભારે વાત પણ. ભગવાન આત્મા એકલો ચૈતન્યસૂર્ય જેમાં નજર નાખતા ઠરે એ પરથી ભિન્ન પાડતા ઠરે. એ મુક્તિનું કારણ એક જ છે. ત્રણકાળ, ત્રણલોકમાં જીવોની મુક્તિ થઈ હોય તો ભગવાન આ રીતે કહે અને એ રીતે હોય છે. બીજું કહે શું ભગવાન પણ? અને જેટલા અનાદિકાળથી ભવિ કે અભવિ, એકેન્દ્રિય કે પંચેન્દ્રિય, પર્યાપ્ત કે અપર્યાપ્ત સમજાય છે? જેટલા બંધાયેલા છે એ બધા એ વિકાર કર્મને એકપણે માનવાથી બંધાયેલા છે. કહો, સમજાણું આમાં? કર્મ મને નુકસાન કરશે, કર્મ મને લાભ કરશે. આ બધી એકત્વબુદ્ધિ એનાથી બંધાયેલા છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ આમાં?

**'વળી (આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-'**

**(मालिनी)**

**इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे**
**स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः।**
**शमजलनिधिपूरक्षालितांहः कलंकः**
**स खलु समयसारस्यास्य भेदः क एषः॥११०॥**

**'શ્લોકાર્થ :- એ રીતે જ્યારે મુનિનાથને...'** ધર્મી જીવને **'અત્યંત ભેદભાવ થાય છે,...'**

ભગવાન આત્માને રાગ અને વિકલ્પના પુણ્ય-પાપના ભાવથી જ્યારે જુદાઈ થાય છે. અત્યંત જુદાઈ થાય છે એમ પાછું. જેનાથી છૂટવું તો એનાથી ભેદ કરે ત્યારે છૂટે કે કઈ રીતે છૂટે? એને એકપણે માનીને છૂટે? એનો આધાર લઈને છૂટે? સમજાણું કાંઈ? બહુ સીધો માર્ગ અને સરળ છે, પણ ગોપવીને એવો કરી દીધો છેને એણે. ભુલભુલામણી આવે છેને ઓલી શું કહેવાય? મહેંદી. બંધાય જાય એની ખબર નથી ભૂલની. કર્મથી બંધાયેલો છું કે આનાથી બંધાયેલો છું કે આનાથી બંધાયેલો છું? અહીં તો કહે પણ તું એકત્વબુદ્ધિથી જ બંધાયેલો છો. આહા..હા..! '**અત્યંત ભેદભાવ થાય છે,...**' દેખો, ભગવાન એકકોર આત્મરામ અને એકકોર પુણ્ય-પાપના વિકલ્પ આદિ ગામ કે કર્મ, શરીર આદિ બધું. અરે..! આઠ-આઠ વર્ષની બાળીકા સમ્યગ્દર્શન પામી ગઈ, દેડકા પામે ભગવાનના સમવસરણમાં. આત્માના અનંતગુણના સમાજ તરફ જોતા દેડકા-દેડકા આટલા હોં. આહા..હા..! આમ ...

ભગવાનની વાણીમાં આવે છે કે જે કોઈ મુનિના, ધર્માત્મા મુક્તિને પામ્યા એ ભેદથી અત્યંત ભેદ કરી. રાગના કોઈ વિકલ્પમાત્રથી જુદો પડીને પામ્યા છે. એમ જ્યાં સાંભળે છે ત્યાં ફડાક અંદર ઉતરે છે લ્યો. આહા..હા..! મોટું ચૈતન્યદળ પડ્યું છે અને અરૂપી સ્વરૂપ દળ એની વિરૂદ્ધના વિકલ્પથી છૂટું અત્યંતપણે પડવું આ એ જ મુનિરાજ ભાવે છે '**ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી,...**' દેખો, ત્યારે આત્મા સમયસાર ભગવાન આત્મા સ્વયં જાણનાર-દેખનાર ચૈતન્ય ઉપયોગ હોવાથી, પોતે આત્મા જ ઉપયોગ '**उवओगो लक्षणं जीवो। सवण्णो ज्ञान दीठ्ठो उवओगो लक्षणं जीवो।**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે આત્મા તો ઉપયોગમય જોયો છે. એને કાંઈ પુણ્ય-પાપના રાગવાળો અને રાગવાળો આત્મા જોયો નથી. આહા..હા..!

કહે છે આ સમયસાર આત્મા '**સ્વયં ઉપયોગ હોવાથી,...**' તે તો જાણનાર, દેખનારના વેપારવાળું સ્વરૂપ છે. એમાં તો જાણવું, દેખવું એકસ્વરૂપે ભગવાન આત્મા છે. પુણ્ય-પાપના રાગસ્વરૂપે ભગવાન આત્મા નથી. આહા..હા..! '**ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગ હોવાથી,...**' અત્યંત ભેદ કરવાને કારણે સ્વયં ઉપયોગ હોવાથી. રહ્યું આ એમ કહે છે. રાગાદિ વિકલ્પ પુણ્ય-પાપના ભાવ શરીર, કર્મથી જુદો પાડતા રહ્યો કોણ? કે સ્વયં ઉપયોગ. એકલો જાણનાર-દેખનાર ભગવાન આત્મા ચૈતન્યબિંબ સ્વરૂપે ઉપયોગમય એવો હોવાથી '**મુક્તમોહ (મોહરહિત) થયો થકો...**' એ રાગના મોહથી છૂટો પડી ગયો. એકલો જાણનાર-દેખનાર ઉપયોગસ્વરૂપે હોવાથી મુક્તમોહ. પરની સાવધાનીથી મુક્ત થઈ ગયો.

'**શમજલનિધિના પૂરથી...**' આહા..હા..! અરે..! ચૈતન્ય વસ્તુ છેને, ભાઈ! ભગવાન આત્મપદાર્થ છે કે નહિ? સમજાણું? એક સાધારણ મીઠાશની કણી ગોળની લે અને સાકરની લે તો આટલી કણી આમ સ્વાદ આપે. હેં. આટલી કણી-કણી આટલી. ઓહો..હો..! આ તો જુદી જાતનો. જુદી જાતનો આ.. લ્યો આટલી કણી. આ તો આખો આનંદનો મોટો પીંડલો આત્મા છે.

આહા..હા..! કહે છે કે શાંતિ પડી છેને, ભાઈ! એમાં તારામાં! શાંતિ તને જે જોઈએ એ શાંતિ કાંઈ બહારથી આવે એવી નથી. પુણ્ય-પાપના ભાવ તે અશાંત છે. એનાથી ભેદ પાડીને આત્મા શમરસજળને પામે છે, એનું નામ ચારિત્ર અને મુક્તિનો ઉપાય છે. આહા..હા..!

**'શમજલનિધિના પૂરથી...'** શમજળનિધિના પૂરથી. સમતારૂપી જળ. કેમકે આત્મા તો રાગરહિત વીતરાગસ્વરૂપ છેને? સ્વરૂપે વીતરાગસ્વરૂપ છે. રાગ ઉઠે છે એ કાંઈ એનું સ્વરૂપ નથી. એથી એનાથી ભેદ પાડતા ભગવાન વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે કે શમરસસ્વરૂપ છે એ બધું એક જ છે. શમરસ, શમજળનિધિ-સમતાના જળનો નિધિ આત્મા છે. આહા..હા..! એનું પણ પૂર છે, ભરતી છે. **'(ઉપશમ સમુદ્રની ભરતીથી)...'** શું કહે છે? ભગવાન આત્મા પોતામાં ઉપશમર, શાંતરસ, અકષાયરસ પડ્યો છે એ રાગથી ભિન્ન પડીને સમરસમાં એકાકાર થતાં એની પર્યાયમાં સમરસનું પૂર આવે છે. આહા..હા..! એ એની દશામાં વીતરાગી પર્યાય આવે છે, એ સમરસનું પૂર આવે છે, નિધિ આવે છે, એ પાપને પછાળી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોલેજમાં કેટલું ધ્યાન રાખે આમ સાંભળવામાં ઓલો પ્રોફેસર કહેતો હોય તો. ધૂળમાં કાંઈ ન મળે એમાં.

**શ્રોતા :-** નહિતો પાસ ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં પાસ થાય, ન થાય. એ તો ભણે તોપણ નાપાસ થઈ જાય કેટલાક. ન ભણે તો પાસ. એ તો સમજવા જેવી વાતું છે. આ પાસ એકવાર થયો તે કોઈ દિ' નાપાસ થાય જ નહિ હવે. આહા..હા..!

**શ્રોતા :-** એકવાર પાસ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એના માટે તો કહેવાય છે આ. કે પાસ એને થાવું છે કે નહિ?

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે શમરસજળ દીઠું છે. આ ધ્રુવ. અહીં છે પર્યાયની વાત. એને ભગવાન આત્માને સમતાનો રસ વિકલ્પ જે આ કષાયનો એનામાં ક્યાં છે ઇ? એકલું ચૈતન્ય અરૂપી સ્વરૂપ દળ. શમરસજળનો નિધિ. અહીં તો પર્યાયની વાત છે. એવો ભગવાન નિધિ એનું પૂર. એ પર્યાયે ભરતી આવી. અનાદિથી વિકાર અને પુણ્ય-પાપની ભરતી આવીને દુઃખી થતો. સમજાણું? ભગવાન આત્માના ઉપશમરસના નિધાન-નિધિ એને ભૂલી અને પુણ્ય અને પાપના ભાવમાં જે વિષમતા અને કષાય અને અશાંતિના પૂર ચડતા હતા એનાથી જુદો પાડ્યો આત્મા. આ આત્માથી જુદો છે. રાગ અને વિકલ્પની જાત શુભ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ પણ કષાય અને અશાંતિ છે. એનાથી આમ જુદો પાડતા શમરસજળ શમજળનિધિ એનું પૂર એ ઉપશમ સમુદ્રની ભરતી. કહે છે કે દરિયાને કાંઠે ભરતી આવેને તો બધું ધોઈ નાખે. જઓને આ પોરબંદરમાં કેટલાય કાંઠે દિશાએ જાય મારા. નજીક જ જાય. પાણી એવું ઝપટ મારે તો સાફ. એમ ભગવાન આત્મા કહે છે કે પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડતા, સ્વભાવની એકતાને

પામતા શમજળનિધિનું પૂર પર્યાયમાં ભરતી આવે છે. જે પર્યાયમાં અવસ્થામાં રાગ અને વિકારની ભરતી આવતી એ ભેદ પાડીને આત્મામાં શમજળનિધિના પૂર આવે છે. આહા..હા..! બહુ શબ્દ પણ એને ઓછા પડેને. અમારે પંડિતજી કહે છેને. શબ્દો ઓછા પડે છે મુનિને.

**'શમજળનિધિના પૂર...'** આહા..હા..! સ્વભાવનો સાગર છેને પ્રભુ તો. અરે..! અકષાય સ્વભાવનો દરિયો આત્મા છે. આહા..હા..! એની વેળુ તો શાંતરસે એની વેળુ આવે. સમજાણું કાંઈ? ક્યારે? કે વિકાર, પુણ્ય-પાપના કર્મ શરીરથી ખસીને આના ઉપર એકાકાર થાય એટલે ભગવાન આત્મામાં ભરેલા શાંતરસના પૂર એ પર્યાયમાં, અવસ્થામાં પ્રગટ વ્યક્ત થઈને આવે છે. આહા..હા..! ઠરીને બિંબ થઈ જાય કહે છે. શાંત... શાંત... બોલવું ક્યાં, ચાલવું ક્યાં ક્યાં કાંઈ છે? કોને કહેવું? કોને સાંભળવું વસ્તુમાં છે ક્યાં? સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વયં ઉપયોગને કારણે **'શમજળનિધિના પૂરથી પાપકલંકને ધોઈ નાખીને,...'** લ્યો, આ કારણે પાપકલંક. પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય હોં. આહા..હા..! એ ચૈતન્યના તેજમાં ભરતી આવી, પણ ક્યારે? ઓલા રાગ અને પુણ્યના વિકલ્પથી જુદો પડીને આની એકતા કરે ભેદજ્ઞાન એટલે ચૈતન્યના તેજના નૂરના પૂર આવ્યા. આહા..હા..! આ પાણીના પૂર આવે તો જોવા જાય છે બધા લ્યો. બહુ પાણી આવ્યું. કહે પચ્ચીસ વર્ષમાં પાણી નહોતું આવ્યું એવું આવ્યું છે એમ માણસ વાતું કરે કેટલીવાર. ઓહો..હો..! શું પાણીના પૂર! પણ આ જો તો ખરો હવે ધૂળની પણ કિંમત કરતા આ અંદર ભગવાન બિરાજે છે. આહા..હા..! પણ આ દેખનારો દેખે છે અને દેખનારો દેખાય નહિ આ કેવી આંધળી વાત! દેખનારો દેખીને જાણે છે અને દેખાય નહિ! આહા..હા..! જે વડે દેખાય, જેમાં દેખાય, જે વડે જ્ઞાન થાય, જેમાં જણાય એવો જાણે છે, દેખે છે છતાં તે જણાતો, દેખાતો નથી. મોટી ભ્રમણા એમ કહેતા તને લાજ નથી આવતી? એમ કહે છે. મગનભાઈ! આહા..હા..! એય..! નિહાલભાઈ! દેખાય, જણાય એ ભૂમિકા ચૈતન્યની છે. એ ચૈતન્ય નિર્ણય કરે છે કે આ આ છે આ આ છે અને આ આ હું છું. એવો જણાતો, દેખાતો, ભગવાન આત્મા અને મને જણાય નહિ, દેખાય નહિ. અરે..! કહેતા તને લાજ નથી આવતી? હું છું અને નથી એમ કહેતા તને લાજ નથી આવતી? સમજાણું કાંઈ? હું નથી... હું નથી... હું નથી... હું નથી એટલે શું? આહા..હા..!

એ ઉપયોગ કીધુંને પહેલું? જાણનાર-દેખનાર ઉપયોગસ્વરૂપ છેને. એ ઉપયોગથી તો કામ લે છે અને કહે કે હું જણાઉ નહિ, દેખાવ નહિ. અરે..! તને આ કહેતા (લાજ નથી આવતી?) હું નથી, હું જાણનાર-દેખનાર નથી. જાણનાર-દેખનાર બિરાજમાન અને જાણનાર-દેખનાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જાણનાર-દેખનારને જાણનાર-દેખનાર દેખે છે, પરને નહિ. આહા..હા..! નજરુંમાં ફેર છે. જાણનાર-દેખનાર કહ્યુંને ઉપયોગ સ્વયં પોતે છેને. એ જાણવા-દેખવાનું કામ જ પોતે છે અને એ પોતે કરે છે. અને હું મને જણાઉં નહિ, હું જાણું એ હું જણાઉં નહિ. આહા..હા..! કેટલી પણ આઠ પાંચશેરીની ભૂલ છેને મોટી? સમજાણું કાંઈ? સ્વયં જાણનાર-

દેખનાર, સ્વયં ઉપયોગસ્વરૂપે ભગવાન એવો ભગવાન આત્મા પરથી જ્યાં મૂકાણો એટલે અહીંથી પ્રવાહ વહ્યો એમ કહે છે.

**'શમજલનિધિના પૂરથી પાપકલંકને ધોઈ નાખીને,...'** એ વ્યવહાર છે. એ ઉત્પન્ન થતા નથી એને ધોઈ નાખે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્માનું ઘર જ ઉપયોગ સ્વરૂપ છે. ઇ પોતે ઉપયોગથી જ કામ લેનારો છે, ઉપયોગના અસ્તિત્વથી જ કામ લેનારો છે. રાગને જાણે, આને જાણે એ બધું ઉપયોગથી જ કામ લે છે અને છતાં કહે 'હું મને ખબર પડતી નથી, મને જણાતો નથી.' મોટી ભ્રમણા. સમજાણું કાંઈ? જાણનાર વડે કામ લેવું અને જાણનારો હું જણાઉ નહિ. આરે..! આરે..! ભારે વાત પણ આ. જાણનાર વડે કામ લેવું અને જાણનાર હું જણાઉં નહિ. બહુ સારી વાત ભાઈ!

**શ્રોતા :-** આ કબુલાત... અંદર એને આનંદ આવવો જોઈએ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ કબુલ એને અંદરમાંથી જાણનાર જ જણાય છે એમ નક્કી થયા વિના આનંદ આવે નહિ. આહા..હા..! પરને જાણતો તો પરને ક્યાં જાણે છે ઇ? પરનું તો ત્યાં રહી ગયું અને એ સંબંધીનો પોતાનો જ્ઞાનનો વેપાર ચાલે છે અહીં અંદર. પોતાને પર્યાયથી જાણવાની.

ભગવાન આત્મા એ શાંતરસના પૂરથી ભગવાન બિરાજે છે. આ એને રાગથી, પુણ્ય-પાપથી, કર્મથી ભિન્ન. કર્મ છે એનાથી ભિન્ન પાડવું છે. ... નહિ 'અમારે કર્મ છે. મારે કર્મ છે, મને કર્મ નડે છે, મને કર્મ નડે છે' પણ કર્મથી જુદો છો પછી નડે ફડે ક્યાં આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? કેવો માર્ગ હશે આ? ભગવાનનો આવો હશે? જૈન પરમેશ્વર. આહા..હા..! ભાઈ! તારા ભગવાનને જોવા તું નવરો થાતો નથી. જોઈ રહ્યો છે ઇ અને જોનાર હું નહિ! દેખી રહ્યો ઇ અને દેખનાર હું નહિ! કિંમત કરનારો પરની ઇ અને મારી કિંમત નહિ! સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..હો..! **'(ઉપશમસમુદ્રની ભરતીથી)...'** ઓલું પૂર કીધું છેને એટલે. **'વિરાજે (-શોભે) છે;...'** ભગવાન ઉપશમરસથી બિરાજે છે. રાગ અને વિકલ્પ ને કર્મ ને શરીર એ તો અસ્તિત્વ છે પરસ્વરૂપે. એના સ્વરૂપમાં આત્મા નથી. આત્મા જ્યાં છે ત્યાં તો એકલો જ્ઞાયકસ્વભાવ અને ઉપશમરસથી ભરેલું તત્ત્વ છે. એથી પરથી જુદું પાડતા ઉપયોગમય ભગવાન જાણનાર-દેખનાર પરથી જુદો પાડતા, મોહથી મુક્ત થતાં, આકુળતાથી મુક્ત થતાં અનાકુળના ઉપશમરસની પર્યાય ઉત્પન્ન થાય તેનાથી પાપકલંક ધોઈ નખાય છે. આહા..હા..! લ્યો, આ પ્રતિક્રમણ. આ પ્રાયશ્ચિત, આ ચારિત્રની રીત અને વિધિ! આહા..હા..! એણે કોઈ દિ' ગણકાર્યું નથી. આ દુનિયાના મોહમાં મરી ગયો એમ ને એમ. ત્યાગી થાય તો આ કર્યું અને આ મૂક્યું અને આ લીધું ત્યાં ને ત્યાં સડે છે. આહા..હા..!

**'વિરાજે (-શોભે) છે; તે આ ખરેખર, આ સમયસારો કેવો ભેદ છે!'** આહા..હા..! તે આ ખરેખર સમયનો પ્રકાર તે કેવો આ? જેમાં ઉપશમરસ શાંત રાગથી ભિન્ન પડીને જરે એ તે

સમયસાર કેવું? એ તે સમયસારનો પ્રકાર કેવો? સમયસાર એટલે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે શબ્દો પણ વાચ્યને રજુ કરે છે. '**સમયસારનો કેવો ભેદ છે!**' લ્યો, એ ૮૨ થઈ. ૮૩.

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं।।८३।।**

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**

એકલા વચન છોડીને નહિ એમ. '**રચના વચનની છોડીને,...**' રચના કરતો હશે? એટલે એના તરફના વચન છોડી દે.

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.**

આહા..હા..! કહો, સમજાણું આમાં? એને ભ્રમ છે કહો, એને પ્રતિક્રમણ છે કહો, એને પાપનું પ્રાયશ્ચિત છે એમ કહો. આહા..હા..! સંસારનું પ્રાયશ્ચિત લઈ લીધું.

એની '**ટીકા :- દિને દિને મુમુક્ષુજનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય...**' નિમિત્ત હોં. નિમિત્ત છેને? તેથી નિમિત્ત કીધું. હંમેશા મુમુક્ષુજનો વડે પ્રતિક્રમણનો પાઠ ઉચ્ચારવામાં આવતો. '**જે વચનમય પ્રતિક્રમણ...**' જુઓ ભાષા એમ કહે જુઓ 'આત્મા કરે છે' અહીં તો નિમિત્તની વાત કરે છે. '**જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત...**' પાપ ક્ષયના હેતુભૂત '**સૂત્રસમુદાય...**' શબ્દો-શબ્દો '**તેનો આ નિરાસ છે (-તેનું આમાં નિરાકરણ-ખંડન કર્યું છે.)**' આહા..હા..! મિચ્છામી દુક્કડમ. એ શબ્દો-બબ્દો આમાં કાંઈ નથી કહે છે.

'**પરમતપશ્ચરણના કારણભૂત...**' પરમ-આત્મામાં આનંદના કારણભૂત. તપશ્ચરણ એટલે આનંદ, ઇચ્છાનો નિરોધ. '**પરમતપશ્ચરણના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરને માટે...**' ઓહો..હો..! સ્વભાવિક વૈરાગ્ય-વૈરાગ્ય. આખી દુનિયાથી ધર્મી ઉદાસ છે. સમજાણું? એનું આસન સારી દુનિયાથી જુદું પડે છે. આહા..હા..! શુભરાગ એનાથી માંડીને બધું એનાથી સહજ વૈરાગ્ય સુધાસાગર. સહજ વૈરાગ્યનો અમૃત સાગર. તેને '**માટે પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...**' આહા..હા..! એમ ચંદ્રનું નિમિત્ત અને દરિયાનું પાણી ઉછળવું થાય છેને દરિયો આમ. મોજા મારે. પૂનમના ચંદ્ર વખતે મોજા મારે આમ. બબ્બે ત્રણ-ત્રણ માથોડા, ચાર-ચાર માથોડા.

**શ્રોતા :-** ચંદ્રને ભેટવાનો પ્રયત્ન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેટે કોણ? એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. એ '**પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...**' આ સહજ વૈરાગ્ય. અહીં ભેદજ્ઞાન કરવું છેને. પરથી તદ્દન જુદો ભગવાન એને પોતે પરથી જુદો પાડવામાં સહજ વૈરાગ્યરૂપી સમુદ્ર એને માટે પૂર્ણામાનો ચંદ્ર વૈરાગ્ય જ્યાં ઉછળે છે કહે છે. આહા..હા..! '**(- પરમતપનું કારણ...**' પરમ આનંદનું કારણ. '**तप्यंति इति तपः**'. જ્યાં

ઇચ્છાનો નિરોધ થઈને આત્માના આનંદની પ્રાપ્તિ થવી **'એવો જે સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર...'** સ્વભાવિક વૈરાગ્યરૂપી અમૃતનો સાગર **'તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે...'** એ પરમશાંતરસ આત્મામાંથી પર્યાયમાં ભરતી લાવવા માટે, અવસ્થામાં તેનું પૂર લાવવા માટે **'જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ)'** એમ. પૂર્ણ ચંદ્ર પાણીના મોજાને આમ ઉછળવામાં નિમિત્ત થાય છે. એમ આ મહા વૈરાગ્ય... વૈરાગ્ય... શાંત... શાંત... શાંત... શાંત... બોલવું અને વિકલ્પ જેમાં છે નહિ. એવો શાંતસ્વરૂપ પોતે પોતાની શાંતિને ઉછાળવામાં સહજ ભરતી લાવવામાં પૂર્ણ ચંદ્ર સમાન છે.

એ **'અપ્રશસ્ત વચનરચનાથી પરિમુક્ત...'** ભૂંડી વચનરચનાથી છૂટેલો **'(-સર્વ તરફથી છૂટેલો) હોવા છતાં...'** ખોટા શબ્દો એનાથી છૂટ્યો છે. **'પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધ) વચનરચનાને (પણ) છોડીને...'** એ પ્રતિક્રમણસૂત્રની જે વિવિધ રચના એને પણ છોડીને. એ બોલવાની ક્રિયા છોડી દઈને. ભાષા એના તરફ જોર મારે. પડિક્કમણું આમ કરવું... પડિક્કમણું આમ કરવું... હવે એ પડિક્કમણા તો શબ્દો છે એ તો જડ છે. એને છોડીને, લક્ષ છોડી દઈને એમ. છોડીને અર્થ? લક્ષ છોડી દઈને. સમજાણું? **'રચનાને પણ છોડીને...'** એટલે ..ને તો છોડ્યું છે કહે છે, પણ આ પ્રશસ્ત વચનની રચનાને પણ છોડીને એમ. ખોટી વચનની રચના--ક્રોધ, માન, માયા શબ્દમાં આવે એ તો છૂટી ગયું છે, પણ આ પ્રતિક્રમણના શબ્દો જે શુભનું નિમિત્ત છે એને પણ છોડી દઈને.

**'સંસારલતાનાં મૂળ-કંદભૂત...'** આહા..હા..! **'સંસારલતાનાં મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું...'** એ સંસારની વેલડી એનું મૂળકંદભૂત જેનું મૂળિયું એવો **'સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને...'** અપ્રશસ્તને છોડીને એકલું નહિ, પણ પ્રશસ્તને છોડીને વાણીને એટલું નહિ, પણ **'મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને...'** પરિણામમાંથી પરતરફના મોહભાવના રાગ-દ્વેષને છોડીને, નિવારણ કરીને ભગવાન આત્મામાં પોતે ઠરે છે ત્યાં ઉપશમરસ જ્યાં જરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સંસારની વેલડીનું મૂળકંદ-ભૂત એવા કોણ? મોહ અને રાગ-દ્વેષભાવ. એ એનું કારણ કીધું. ઓલા કર્મ-ફર્મ કારણ નહિ. સંસારની વેલડીનું મૂળકંદભૂત કર્મ-ફર્મ નહિ. મોહ અને રાગ-દ્વેષભાવ એનું નિવારણ પરતરફનું સાવધાનપણું એકત્વનું અને અસ્થિરતાનું એમ. પરતરફનું એકત્વતાનું અને અસ્થિરતાનું એટલે મોહ અને રાગ-દ્વેષ બેયનું નિવારણ કરીને **'અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે,...'** આહા..હા..! અખંડ આનંદમય ભગવાન આત્મા અખંડ આનંદની મૂર્તિ અતીન્દ્રિય આનંદની. એવો અખંડ આનંદમય નિજકારણપરમાત્મા. પોતાનો કારણ પ્રભુ એ કેવળજ્ઞાન કાર્યનું કારણ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત બહાર પ્રસિદ્ધ છે, શાસ્ત્રમાં આવા લખાણ છે છતાં પણ જુઓને.

નહિ એ નહિ આમ કરવું જોઈએ, આમ કરવું જોઈએ. ભાઈ! આ અખંડ આનંદનો કંદ પ્રભુ એનો આશ્રય લેને એમ કહે છે. એ નિજકારણપરમાત્માનો આશ્રય લે. રાગથી છૂટું પડવું છે. મોહ-રાગ-દ્વેષ તેનું નિવારણ કરવું છે અને અહીંથી આ અખંડઆનંદનો આશ્રય કરવો છે. તો **'અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે, તે જીવને...'** જુઓ, પરમાત્મા એ દ્રવ્ય છે નિત્ય. ધ્યાવે છે ઇ પર્યાય છે મોક્ષમાર્ગની. **'તે જીવને કે જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનની સંમુખ છે...'** લ્યો, તે જીવ આત્માની સન્મુખમાં શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન સંમુખ **'તેને વચનસંબંધી સર્વ વ્યાપાર વિનાનું નિશ્ચયપ્રતિક્રમણ હોય છે.'** એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૯, શુક્રવાર, તા.૧૩-૦૫-૧૯૬૬
## ગાથા-૮૩-૮૪, કળશ-૧૧૧, પ્રવચન-૬૪

૮૩ની છેલ્લી બે લીટી બાકી છે જુઓ. ઉતાવળથી ચાલ્યું હતું કાલે. જે નિજપરમાત્માને, કારણપરમાત્માને ધ્યાવે છે એ નિજપરમાત્મા છે. એની વ્યાખ્યા વિશેષણ પહેલા આવી ગયા. **'સંસારલતાના મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને અખંડ-આનંદમય...'** અખંડ-આનંદમય આત્મા એવો નિજકારણપરમાત્મા એને જે અંદર ધ્યાવે છે **'તે જીવને કે જે ખરેખર પરમતત્ત્વના શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનની સન્મુખ છે...'** એમ કહ્યું અહીંયાં. સમજાણું? સન્મુખતા તો દ્રવ્ય તરફ છે, પણ ઓલી વિભાવ તરફની સન્મુખતા નથી એથી અહીં પરમતત્ત્વના, પરમતત્ત્વ જે વસ્તુ જ્ઞાયક કે નિજપરમાત્મા એના શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન એટલે આચરણ એની સન્મુખ છે એમ કહ્યું, ભાઈ! અશુદ્ધતાની નથી એટલી અપેક્ષા. બાકી સન્મુખ તો દ્રવ્યની અપેક્ષાએ સન્મુખ છે. સમજાણું? ઓલું જ્યાં આવ્યુંને **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।'** એમ. દર્શન-જ્ઞાનમાં સ્થિત તે સ્વસમય જાણ એટલે દર્શનજ્ઞાનમાં સ્થિત આમ છે. એ શૈલીએ છે. અશુદ્ધતાને ખસેડીને અહીં શુદ્ધતાને સેવે છે, પર્યાય સેવે છે હોં અહીંયાં. એટલે એને સન્મુખ કહેવામાં આવે છે. એટલે શું? સાચું પ્રતિક્રમણ એને કહીએ, ખરું પ્રતિક્રમણ એને કહીએ કે જે પરમતત્ત્વ જે જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ એની શ્રદ્ધા નિર્વિકલ્પ એનું જ્ઞાન સ્વસંવેદન. એનું અનુષ્ઠાન આચરણ. એની સન્મુખ છે, વિભાવથી વિમુખ છે, એમ. સમજાણું કાંઈ? તેને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. ક્યાં ગયા? ભગવાનભાઈ ગયા? નથી. ભાવનગર ગયા હશે. સમજાણું આમાં? ઇ બધા પડિક્કમણા બહુ કરેલા એટલે મૂળ તો. હરીભાઈએ કર્યા હશે પહેલા.

ઘણા કર્યા. એણે કર્યા. કહો, સમજાણું આમાં?

**'તે જીવને...'** એટલે કે પહેલી તો વાત ઇ કરી કે આ વચનરચનાને છોડીને વ્યવહાર કીધો, પછી **'સંસારલતાના મૂળ-કંદભૂત સમસ્ત મોહરાગદ્વેષભાવોનું...'** પરતરફની સાવધાનીમાં પરમાં એકતા અને અસ્થિરતાનો ભાવ બેયનું **'નિવારણ કરીને અખંડ-આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે...'** એકલો પ્રભુ ચૈતન્યસન્મુખ થઈને આત્માને ધ્યાવે છે **'તે જીવને-કે જે ખરેખર પરમતત્ત્વ...'** ભગવાન કારણપરમાત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાનની સન્મુખ છે એમ કહેવામાં આવે છે. **'તેને-વચનસંબંધી સર્વ વ્યાપાર વિનાનો...'** વચનસંબંધી સર્વ વ્યાપાર એટલે વિકલ્પ વિનાનો. વાણી વિનાનો અને વિકલ્પ વિનાનો **'નિશ્ચયપ્રતિક્રમણ હોય છે.'** ભારે વાત. કહો સમજાણું? એને સાચું પ્રતિક્રમણ. નિશ્ચય એટલે સાચું.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪માં શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ-'**

**(मालिनी)**

**"अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्र--**
**न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति॥"**

**'શ્લોકાર્થ :- બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી...'** બેય શબ્દ આવ્યા. બહુ કહેવાથી ઓલું વચન આવ્યું હતુંને કરણ એની સાથે મેળવ્યું છેને. બહુ વચનથી શું કહેવું અને બહુ દુર્વિકલ્પોથી શું લાભ છે? **'બસ થાઓ,...'** બસ **'अलम' 'अलम'** વાણીનું શું કામ છે? વિકલ્પોનું બહુ શું કામ છે? આ ને આ ને આ. **'અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને...'** પરમ પદાર્થ ભગવાન ચૈતન્યજ્યોતને જે પરમ આનંદનું મૂળ સ્વરૂપ છે આખું, એવો પરમ આનંદમય ધામ ભગવાન એવા પરમ અર્થ એટલે પરમપદાર્થ. પરમપદાર્થ ભગવાન એકરૂપે ચિદાનંદ ધ્રુવ છે. **'એકને જ...'** એવા આત્મપદાર્થ **'એકને જ નિરંતર અનુભવો;...'** એ એને અનુભવો, એની દશાને પ્રગટ કરો. આ એને કરવાનું છે. ઓહો..હો..! કહો, સમજાણું આમાં? આ કરવાનું કીધું. ક્યાં ગયા વજુભાઈ છે? ક્યાં ગયા તારા બાપ નથી? ગયા હશે. નથી આવ્યા? ઠીક. ઠીક સમજી ગયો. એની સાથે ઠીક. કહો, સમજાણું આમાં? રાતે પ્રશ્ન ઇ કર્યો હતો કેટલાક કરે છેને.

કહે છે પરમ અર્થ એટલે શું? પરમ અર્થ. પરમ અર્થ એટલે શું? ભગવાન સિદ્ધ. પરમ અર્થ એને કહીએ. પૈસાને અર્થ ન કહીએ, શરીરને અર્થ ન કહીએ આ સિદ્ધ કરવા માટે આત્માને, રાગને પરમ અર્થ ન કહીએ, પર્યાયને પરમ અર્થ ન કહીએ, ગુણભેદને પરમ અર્થ ન કહીએ. એક સ્વરૂપે જ્ઞાયક ચૈતન્ય પદાર્થ ભિન્ન જ્ઞાયકની મૂર્તિ એક છે. એકને જ પાછું ત્યાં 'જ' કર્યું. એકાંત

નહિ થઈ જાય ત્યાં? ઓલા કહે મારો મહાવીર 'જ'ને ન કહે. નથી આવતું? આવે છે કે નહિ? કેટલાક ઘણા આ શ્રીમદ્‌માં આવે છેને. મારો મહાવીર જ ન કહે. એવો એક શબ્દ આવે છે, એમાંથી પછી બધા અર્થ કરે. સમજ! એ તો બીજી વાત કરે છે. એ તો વસ્તુ નિત્ય, અનિત્ય, એક, અનેક આદિ છે કે નહિ એમાં એકાંત નથી એમ કહે છે. પણ આ સેવવામાં તો એક જ છે. 'જ' ન કરે. ત્યાં પાછો અનેકાંત ઠરાવવા માગે છે કેટલાક. અહીં પરમ અર્થ ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ દળ છે આખું અરૂપી. એકરૂપ વસ્તુ. એને નિરંતર અનુભવો. એને નિરંતર એ તરફનો આશ્રય કરીને તેની સેવા કરો.

**'કારણ કે નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન...'** તે પોતાના નિજરસના વિસ્તારથી પૂર્ણ જે જ્ઞાન **'તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર...'** કહો, એનાથી પ્રગટ થતી પર્યાય નિર્મળાનંદ શુદ્ધ થવામાં **'જે સમયસાર (પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...'** એટલે પ્રગટ થાય છે પર્યાય પણ વસ્તુ ત્રિકાળ એકરૂપ જે છે એ સ્ફુરાયમાન પ્રગટ રહેલી છે આમ એકાકાર. એવા **'થવામાત્ર જે સમયસાર તેનાથી ઊંચું ખરેકર બીજું કાંઈપણ નથી...'** ભગવાન સ્ફુરાયમાન ચૈતન્યજ્યોત છે, આનંદકંદ છે, પૂર્ણ છે, એવા સમયસારને તેનાથી બીજું કાંઈ ઉંચું નથી, અને સેવવાની પર્યાય પણ ભાવસમયસાર છે ખરે. એનાથી કોઈ બીજી ચીજ ઉંચી નથી. **'(સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).'** લ્યો. એ રાગાદિ અને ભેદાદિ કાંઈ સાર નથી. એમ કહે છે. ભારે ઝીણું! આ બધું નિશ્ચયનું? કેટલાક કહે નિશ્ચયનું ચાલે છે એમ કેટલાક કહે. એ નિશ્ચય એટલે એકાંત નિશ્ચય છે એમ. એમાં વ્યવહાર પાછો આવતો નથી એમ કહે છે. વ્યવહાર આવે છે એ તો જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

**શ્રોતા** :-- વ્યવહાર હોય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર નથી? આ શું કહે છે? સેવવું, બેવવું એ બધી પર્યાય છે, એ વ્યવહાર છે, પર્યાય છે. આહા..હા..! અને એ પર્યાયનું લક્ષ કરવું કે આ છે એ બધો વ્યવહાર છે.

**શ્રોતા** :- એનો આશ્રય કરવાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આશ્રય કરે શેમાંથી? જેમાં માલ હોય એનો આશ્રય કરે કે પર્યાયમાં માલ છે? પર્યાયમાંથી નવો માલ નીકળે છે? માલ તો ભર્યો ખાણમાં કોઠીમાં આખી. અખંડ જ્ઞાયક નિજાનંદ તત્ત્વ એમાં માલ ભર્યો છે. મૂળ વાત હાથ આવી નથી, સાંભળી નથી. એટલે બધું એકાંત થઈ જાય. એકાંત સમ્યક્ મોક્ષ છે આ, એમ કહે છે.

**'વળી (આ ૮૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'** લ્યો.

**(आर्या)**

**अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य।**
**आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन्।।१११।।**

**'શ્લોકાર્થ :- અતી તીવ્ર મોહની ઉત્પત્તિથી...'** જુઓ, પૂર્વે. ઘણા પરતરફની સાવધાનીથી ઉત્પત્તિ **'જે પૂર્વે ઉપાર્જેલું...'** ભગવાન આત્માના સાવધાનરહિત તીવ્ર પરતરફની સાવધાનીથી જે ઉત્પન્ન કરેલું **'ઉપાર્જેલું કર્મ તેને પ્રતિક્રમીને,...'** એનાથી હઠીને. લ્યો. એનાથી હઠીને, ખસીને, પાછો વળીને **'હું સદ્‌બોધાત્મક...'** હું **'(સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં...'** જુઓ, પોતે મુનિ કહે છે. પૂર્વે ભગવાન આત્મા એનાથી વિરૂદ્ધ પરમાં સાવધાની કરેલી, પરમાં તીવ્ર સાવધાની. એ સાવધાનીથી ઉપાર્જેલું કર્મ એ સ્વભાવની સાવધાનીથી પરથી પાછો વળીને હું મારા સ્વભાવ સાવધાનીને સેવું છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મા...'** એમ. કેવો છે આત્મા? કે હું સદ્‌બોધસ્વરૂપ આત્મા. એવા તે આત્મામાં. આવો આત્મા છે. આત્મા સદ્‌બોધ જ્ઞાનસ્વરૂપ છે. સદ્ જ્ઞાનસ્વરૂપ છે. સમ્યગ્જ્ઞાન સ્વરૂપ જ આત્મા. એકલો જ્ઞાનનો પૂર છે. જ્ઞાનનું પૂર છે. આ વળી એવો. **'એવા તે આત્મામાં આત્માથી...'** એટલે નિર્વિકલ્પ દૃષ્ટિથી, નિર્વિકલ્પ શાંતિથી **'નિત્ય વર્તું છું.'** આ કાયમનું પ્રતિક્રમણ એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... દેખાય એ ... વાતો કરે પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ દેખાય છે એમ ઉંધું શું છે ઇ દેખાય છે? કહો, લાવો બતાવો કહો, કે આ બધી ચોપડીયું લખી અને કરી એ જ્ઞાન બતાવો અમને લાવો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે થઈ રહ્યું જુઓ. એ બધું બતાવો અમને કાઢીને કે આ મેં બધા ડંફાસ કર્યા હતા ચોપડીના ફલાણાના. એ ઉઘાડના. ઇ જેમ એમ છે એવું આમ છે. એમાં શું થઈ ગયું? સમજાણું કે નહિ?

**શ્રોતા :-** વાત તો સાચી છે, પણ દેખાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દેખાણું તમને? એમ હું તો કહું છું તમને.

**શ્રોતા :-** .. એકાગ્રતા હતી

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકાગ્રતા હતી ત્યારે એમાં પૂર હતું કે નહિ એમાં એકાકારનું? બસ એ ગુલાંટ ખાઈને પૂર આમ થાય છે. પહેલી એની શ્રદ્ધામાં તો લે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લે. એ તો કહે છે કે આ પરતરફની મારી સાવધાની હતી તે હવે એનાથી છોડું છું લ્યો ઇ વાત. હવે છોડું છું કઈ રીતે? ઇ તો આમ હતું અને આમ કરું ઇ. હવે કઈ રીતે કરું? એનો અર્થ શું? પરતરફની જે સાવધાની હતી એને છોડીને સ્વરૂપમાં સાવધાની કરું. લ્યો આ એના એક ને એક બેના અર્થ છે.

**શ્રોતા :-** જેવો મહિમા હતો તેવો મહિમા અહીં આવવો જોઈએ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જેવો અહીંયાં ચોંટ્યો હતો રાગ અને દ્વેષમાં એકાકાર આમ લીન. એનાથી ખસીને અહીં એકાગ્ર. કરતા તો આવડે છેને એકાકાર, નથી આવડતું? આવડતું ન હોય તો અનાદિ અજ્ઞાન અને રાગ-દ્વેષ થયા જ ન હોય. કહો. રાગ-દ્વેષ અને અજ્ઞાન એમાં એકાકાર પરસન્મુખ છે. ઇ કીધુંને પહેલું? તેથી કહ્યું. અતી તીવ્ર પરમાં આમ સાવધાની, લીન. રાગ, દ્વેષ, શુભ, અશુભભાવ. સાવધાન... સાવધાન... સાવધાન... કહો, સમજાણું? જે કહ્યું હતું એને પહેલો આત્મા કેવો છે એવો એણે ખ્યાલમાં લીધો હોય તો કહે છેકે તું જ્ઞાનસ્વરૂપ આત્મા છો એમ જ્યાં ખ્યાલમાં લીધો છે કે આ ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનારનું બિંબ, જાણનાર જાણવું... જાણવું... ચૈતન્યસ્વરૂપ તે આ આત્મા છે. એમાં એવા આત્મામાં લ્યો. એમાં રાગ કે પુણ્ય કે વિકલ્પ કે પરતરફ સાવધાન થવું એ સ્વરૂપમાં નથી. પરતરફ સાવધાન થવું એ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? દિશા બદલવી કેમ? કે આમ બદલવી. ત્યાં અનંત પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ ક્યાં કરવો છે? ખોદવું છે એને કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહ્યુંને સ્પષ્ટ શું કીધું? તું કરી રહ્યો છો પરસન્મુખની સાવધાની. આ એને સ્વસન્મુખની સાવધાની કરવી. હવે કહો એમાં શું કરવું? ભાઈ!

**શ્રોતા** :- એ તો એમનો પ્રશ્ન છે. ઉત્તર શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનો ઉત્તર કહ્યોને, પણ આ ઉત્તર કહ્યો.

**શ્રોતા** :- પરની રુચિ અને મોહ અને રાગ છોડતા જાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પાછું તમારું એને ઠીક લાગ્યું છે ઠીક. પણ એનો અર્થ શું થયો? કે એલા દોડવા માગે છે આમ હવે આવી જા આમ. પણ કેવી રીતે? પણ કેવી રીતે તું જા છો એમ એવી રીતે આમ જા એમાં કેવી રીતે શું? કહો, છે? દોડીને આમ મુઠીયું વાળીની આમ જાય છે ત્યાંથી પાછો વળ આમ આવ. આવ્યુંને 'અપદ (છે... અપદ છે... આમ આવ.. આમ આવ..)'

**શ્રોતા** :- આમ આવ એમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કીધુંને **'સદ્‌બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં...'** એ દિશા. આ એનીકોર આવ. આનીકોર જા છો એ આનીકોર આવ, લ્યો.

**શ્રોતા** :- દોડતા તો આવડે છે એને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દોડતા આવડે છે, પણ ઉંધુ આવડે છે.

**શ્રોતા** :- પડી જાય પછી પાછો વળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઇ વળી પડી જાય એનું કાંઈ નહિ, પણ આ તો દોડે છે આમ જેનીકોર ત્યાં પ્રેમ છે. અહીં પ્રેમ થાય તો આનીકોર ગતિ કરે. રુચિ અનુયાયી વીર્ય. હું જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છું. એની પ્રેમ અને રુચિ થઈ એ પરતરફથી ખસ્યો અને અહીં આવ્યો.

આમ વાત છે.

**'તે આત્મામાં આત્માથી...'** લ્યો આત્માથી એટલે? આત્માથી એટલે નિર્મળાનંદ પર્યાય દ્વારા નિત્ય વસ્તુ છું. કાયમ મારું પ્રતિક્રમણ આવું જ છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? **'નિત્ય વર્તું છું.'** અહીં તો નિત્ય વર્તું છું એમ કહે છે. સાંજ-સવાર પડિક્કમણું કરવું એમ નહિ. આહા..હા..! આકરું લાગે. માણસને આ દિશાની એને રુચિ જ થઈ નથી. એટલે એને આ બહારનું કાંઈક વ્યવહાર હોયને, વ્યવહાર હોયને, આ હોયને તો કરતાં-કરતાં થાય.

**શ્રોતા :-** એમાં જ ચડી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં જ ચડી ગયો. સમજાણું કાંઈ? હવે ૮૪.

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८४।।**

**છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.**

કારણ આપ્યું પાછું.

**'ટીકા :- અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.'** પહેલું એનું જ્ઞાન અને શ્રદ્ધાને પાક્કા કરે કે આ પરતરફ જાય છે તે ખોટું છે અને સ્વતરફ જાવું એ સાચું છે. એમ દઢ અને પાક્કું કરે તો વીર્ય વળ્યા વિના રહે નહિ. જેની રુચિ થાય જેની જરૂરિયાત જાણે ત્યાં વીર્ય કામ કર્યા વિના રહે નહિ. જરૂરિયાત જાણી નથી. સમજાણું કાંઈ? જેની જરૂરિયાત જાણે તેની જવાબદારી જાણે. જવાબદારી જાણે તેના તરફ વીર્ય વળ્યા વિના રહે નહિ. ભાષા-બાષા સમજો છોને, ભાઈ? થોડી-થોડી સમજો છો. ખંડવાથી આવ્યા છેને. સમજાય છે કાંઈ આમાં? જુઓને આ સવારમાં ન્હાવા જાય (ત્યારે) પાણી ઉંડા કેટલા હોય પણ વગર વિચારે એમ ને એમ જવાબદારી આપણે ન્હાવું છે નક્કી. જાય .. પડે. હવે ત્યાં પછી સલવાઈ જાય ક્યાંક તો પછી હાય.. હાય.. સમજાય છે? મરી જાય છેને જુઓને. આ ભાઈ બીજો એક કોક મરી ગયો. આપણા ભાઈ તો ગુજરી ગયા ગુણવંત. પણ કોક એવો ગુજરી ગયો મોટો માણસ. પાણીમાં રાજાનો કુંવર. ક્યાંક મોટો રાજા. એ રાજાનો કુંવર ન્હાવા ગયો હતો ત્યાં શું કહેવાય તમારે ન્હાવાનું? બાથરૂમ બહારનું હો મોટું. એ ગયો હશે ત્યાં મરી ગયો અંદર. લાઠી. આવ્યું હતું. પણ એને વિચાર ન્હાવું છે એવું નક્કી કર્યું. આમાં ન્હાવું છે. પછી? એનું વીર્ય ગતિ કર્યા વિના રહે નહિ. ફૂ થઈને અંદર ભાવ હોં, ક્રિયા તો પછી. એમ જ્યાં નિર્ણય કરે કે આ આત્મા જ્ઞાયક ચૈતન્ય છે એના તરફ મારે વળવું છે. અને એની રુચિ કરે તો વળ્યા વિના રહે નહિ. બરાબર છે કે નહિ? આ ભણવાની કેટલી રુચિ છે જુઓ. એ તો પાપ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. દઈને પડ્યા છે ત્યાં. કરે શું વિચાર કરે? .. દઈને પડ્યા છે ત્યાં. વિચાર જ કે દિ' કર્યો છે કે આ ભણવું છે ને આ શું છે? આ શું છે? એને એમ બસ કે આ .. પૈસા મળશે પછી નભાવ થશે. નહિતર નભાવ શી રીતે થાશે? એ પણ ખબર ક્યાં છે એને? પણ આ હવે જરી મોટા થાય અને સાંભળે ત્યારે એમ થાય એને. એને ફક્ત મા-બાપ કહે છે અહીં જાવ. ચાલો ચાલો જાવ. માસ્તર ભણાવે. ન જાય તો ટીંગાટોળી કરીને લઈ જતા ખબર છેને નાની ઉંમરમાં. બે હાથ પકડે અને બે પગ પકડે એમ લઈ જતા નાની ઉંમરમાં. એવો છોકરો હોય બહુ ન માનતો હોય તો પરાણે લઈ જાય. ત્યાં એને ક્યાં જવાબદારીની ખબર છે? એને તો કાંઈ જાવું ન હોય. કેમ મોહનભાઈ! આહા..હા..! એ જોયું છે છોકરાને લઈ જતા એવા હોં. બે પગ આમ અને બે હાથથી. ઉંધો ન રાખે આમ સવળો રાખે. બે પગ આમ અને મોઢું ઉપર હોય. કારણ કે નીચે હોય ક્યાંક પડી જાય તો વાગે અને ઉપર મોઢું હોય અને પડી જાય તો નીચે આ વાગે. એટલે લઈ જવાની ટીંગાટોળીની પાછી આવડત હોય છોકરાને લેવાની. આ આવડત નથી. સમજાણું કાંઈ? આ ચીજ શું છે? ચૈતન્યરત્નાકર ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા છે પોતે. એવો આત્મા જેને રુચિમાં... આ રુચિ છે અને આ રુચિ કરે વીર્ય વળ્યા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? કેમ રવિભાઈ! જુઓને કેટલું આ બહાર થાય છે ભણવા માટે કેટલું કરે છે લ્યો. ક્યાંનો ક્યાં... કોણ જાણે શું થાશે? ભણ્યા પછી પાછું ભણશેને? કેળવણી રહેશે અને પૈસા મળશે કે નહિ ઇ ક્યાં ખબર છે? પણ રુચિ છેને અત્યારે તો એની?

આ ભગવાન આત્મા જુઓ, '**અહીં આત્માના આરાધનમાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.**' સમજાણું? ભગવાન આત્માની આરાધના એ પર્યાય છે. આત્મા એ વસ્તુ છે. આરાધના એ પર્યાય છે. નિર્મળ વીતરાગી દશા છે. એમાં વર્તતા જીવને. જુઓ, એમાં વર્તતો જીવ. પોતે વર્તે છે પર્યાયમાં નિર્મળમાં. એને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે. ભગવાન સર્વજ્ઞો (દ્વારા) એને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જે પરમતત્ત્વજ્ઞાની જીવ...**' જુઓ, પહેલું એ લીધું. '**જે પરમતત્ત્વજ્ઞાની જીવ...**' પહેલો તો એ લીધો કે જે '**પરમતત્ત્વજ્ઞાની જીવ...**' એમ લીધું. જે પરમસ્વરૂપ છે તેનું જ્ઞાન થયેલો છે એવો જીવ, એમ. સ્થિરતા જ લેવી છેને પછી? પહેલું પરમતત્ત્વજ્ઞાની જીવ. પરમજ્ઞાયક ચિદાનંદ આનંદસ્વરૂપ એનું થયેલું જ્ઞાન એવો જ્ઞાની જીવ. '**નિરંતર...**' આંતરા પડ્યા વિના '**અભિમુખપણે (આત્મસન્મુખપણે)...**' આત્મસન્મુખપણે '**અતૂટ (-ધારાવાહી) પરિણામસંતતિ વડે...**' ઓહો..હો..! ભગવાન આત્મા પરમતત્ત્વનું જ્ઞાન થયું, જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ એવો જે પરમતત્ત્વ જ્ઞાની જીવ સન્મુખપણે, અભિમુખપણે '**અતૂટ (-ધારાવાહી)...**' અતૂટ એટલે ધારાવાહી '**પરિણામસંતતિ વડે...**' નિર્મળ પર્યાયની અતૂટ-ધારાવાહી પર્યાય દ્વારા '**સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં...**' સાક્ષાત્ સ્વભાવસ્થિતિ. '**આત્માની આરાધનામાં વર્તે છે...**' ભગવાન

આત્મા અનંતગુણસંપન્ન એકરૂપ એવું જે જ્ઞાન થયેલું છે એ જીવ પોતાના સ્વભાવ તરફની અતૂટ ધારાની પરિણામ સંતતિ દ્વારા. જુઓ, કેટલા શબ્દો વાપર્યા છે! અતૂટ અને વળી પરિણામસંતતિ. ધારાવાહી અંતર્મુખમાં પર્યાયને તૂટ ન પડે એવી સંતતિ નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ... પર્યાય દ્વારા ભરી છેને?

**'સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં...'** એટલે કે સાક્ષાત્ એવો આત્મા એની સ્થિતિમાં એટલે આરાધનામાં એમ. સાક્ષાત્ સ્વભાવ એટલે આત્મા. એની સ્થિતિમાં એટલે આરાધનામાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનું સમ્યગ્જ્ઞાન આ ચીજ છે એમ થયું, પછીની વાત છેને? અહીં ચારિત્રની વાત છે.

**શ્રોતા :-** સાતમાની વાત છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સાતમાની. શું કીધું? પરિણામ છે.

**શ્રોતા :-** ચોથા ગુણસ્થાનની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સાતમાથી બધેથી જ્યાંથી લેવું ત્યાંથી એમ થાય. એમાં શું કામ છે એનું થવાનું? અહીં ચારિત્રની વ્યાખ્યા છે. મૂળપણે સાતમાની વ્યાખ્યા છે અહીંયાં. સમજાણું કાંઈ? એ તો ચોથેથી પરિણામ એકાકાર થાય એટલું પ્રતિક્રમણ છે આમ લ્યોને હવે. મિથ્યાત્વનું એટલી અસ્થિરતાનું પણ અંદર એકાકાર એટલું પ્રતિક્રમણ છે. મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદ, કષાય, યોગ પાંચનું છેને? આવે છે કે નહિ? પાઠમાં આવે છે. એ તો બધું નિહાલભાઈ તો ત્યાં કરેલું છેને ગડિયા ઘણા. અહીં તો પહેલું મિથ્યાત્વનું પડિક્કમણું થઈ ગયું છે. પરિણામ પરમતત્ત્વ જ્ઞાની જીવ એમ કીધુંને? હવે ઓલી અસ્થિરતાથી છૂટીને અભિમુખ અહીં થાય છે. જાણ્યો છે આત્મા એમાં અભિમુખ, સન્મુખ થાય છે. આમ અસ્થિરતા તો છે. તેથી અહીં સન્મુખ થાય છે.

**'અતૂટ (-ધારાવાહી) પરિણામસંતતિ વડે...'** ઉત્કૃષ્ટ વાત લે છેને? વાત તો ઉત્કૃષ્ટ લેને. **'સાક્ષાત્ સ્વભાવ...'** સાક્ષાત્ સ્વભાવ એમ એકલો જ્ઞાયક સ્વભાવ. શુદ્ધ નિર્મળાનંદ સ્વભાવ એની સ્થિતિમાં. એમાં સ્થિતિમાં સાક્ષાત્ સ્વભાવની સ્થિતિમાં એટલે કે સાક્ષાત્ સ્વભાવ એટલે આત્માની સ્થિતિમાં એટલે આરાધનામાં વર્તે છે **'તે નિરપરાધ છે.'** સમજાણું કાંઈ? **'જે આત્માના આરાધનરહિત છે...'** એવો જે સાક્ષાત્ સ્વભાવ ભગવાન આત્મા એની અંતરમાં આરાધના નિર્મળ પર્યાયની સ્થિતિથી રહિત છે, આત્માના આરાધનરહિત છે **'તે સાપરાધ છે;...'** અપરાધી છે. જેટલા પરિણામ શુભાદિ પરતરફ જાય એ બધો અપરાધ છે. સમજાણું કાંઈ?

**'તેથી જ, નિવરવશેષપણે વિરાધન છોડીને...'** તેથી એમ કહ્યુંને? **'विराहणं विसेसेण मोत्तूण'** એમ કહ્યું છેને પાઠમાં? **'मोत्तूण विराहणं विसेसेण'** તેથી જ અવશેષ વિરાધના જેટલી તેને બધાને છોડીને. ઉત્કૃષ્ટ વાત છેને અહીં. વિકલ્પનો અંશ પંચમહાવ્રતનો ઉઠે એ પણ અપરાધ છે. સમજાણું

કાંઈ? એકલો જ્ઞાયક ચૈતન્યબિંબ ભગવાન એમાં આરાધનામાં વિરાધન બધાને છોડીને એમ કહ્યું છે. કોઈપણ અંશનું વિરાધનપણું છોડી દઈને. એમ. સમસ્ત વિરાધન છોડી દઈને. ચારિત્રની વ્યાખ્યા છેને અહીં તો? આઠમા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ વાત લીધી છે. છઠ્ઠા ગુણસ્થાનમાં એ અઠ્ઠાવીશ મૂળગુણ વિકલ્પ છે એ પણ અપરાધ છે, એ પણ વિરાધન છે, સ્વરૂપનું આરાધન નથી. એને પણ છોડીને. ચારિત્રની વ્યાખ્યા છેને ઉત્કૃષ્ટ? ચારિત્રને માટે આ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના એના બધા વર્ણન છે.

**'જે પરિણામ વિગતરાધ અર્થાત્ રાધરહિત છે...'** જે પરિણામ એટલે પર્યાય, અવસ્થા **'રાધ રહિત છે તે વિરાધન છે.'** રાધ એટલે આરાધના, પ્રસન્નતા આત્માની. દેખો, આત્માની પ્રસન્નતા આનંદની. આત્માની કૃપા. જુઓ, એ શુદ્ધભાવ એ આત્માની ક્રિપા છે. પુણ્ય-પાપના ભાવરહિત ભગવાન આત્મા રાધ. સમજાય છે? એટલે કૃપા. અહીં તો રહિત બતાવવું છેને પછી? જે આત્માની આરાધનારહિત છે તે વિરાધન. આત્માની પ્રસન્નતારહિત છે તે વિરાધન, આત્માની કૃપારહિત છે તે વિરાધક. આત્માની કૃપારહિત છે તે વિરાધક. આત્માની કૃપા શુદ્ધ પરિણતિ તે આત્માની કૃપા. સમજાણું કાંઈ? આત્માના શુદ્ધ સ્વભાવમાં સ્થિતિ, પ્રસન્નતા એ આરાધન એ આત્માની પ્રસન્નતા છે. શુભભાવ તે અપ્રસન્નતા છે. સમજાણું? શુભભાવ એ અપ્રસન્નતા છે. શુદ્ધભાવ એ આત્માની પ્રસન્નતા છે. શુભભાવ તે અકૃપા છે. શુદ્ધભાવ તે આત્માની કૃપા છે. આત્માની કૃપા આત્માને છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? સિદ્ધિ, શુદ્ધભાવ, સ્વભાવ તરફનો શુદ્ધભાવ તે સિદ્ધિ છે, રાગ તે અસિદ્ધિ છે. પૂર્ણતા એ શુદ્ધ પરિણામ એ જ પૂર્ણ સ્વરૂપ છે, શુભાદિ નહિ. સિદ્ધ કરવું તે. આત્માની શુદ્ધ પર્યાય એ જ સિદ્ધ કરવું તે પ્રસન્નતા અને એ સેવન છે. પૂર્ણ કરવું તે. એ શુદ્ધ પર્યાય પૂર્ણ થઈ ગઈ. શુદ્ધ પર્યાયને જ પૂર્ણ કહેવામાં આવે છે. શુદ્ધ પર્યાયને જ પૂર્ણ કહેવામાં આવે છે. દ્રવ્ય નહિ અત્યારે. દ્રવ્ય તો પૂર્ણ છે. સમજાણું કાંઈ? વસ્તુ તો પૂર્ણ છે એ પૂર્ણની પ્રતીત, જ્ઞાન અને રમણતા તેને પૂર્ણતા કહેવામાં આવે છે. આહા..હા..! સમજણું કાંઈ? વસ્તુ તો પૂર્ણ છે એક સમયમાં આનંદ જ્ઞાયક અતીન્દ્રિય. એની રુચિ થઈ અને સ્થિરતાનું આરાધન કર્યું ત્યારે તેને પૂર્ણ થયું એમ કહેવામાં આવે છે. પર્યાયે હોં.

એવાથી રહિત તેને વિરાધન કહે છે. ૬ બોલ આવી ગયા છે સમયસારમાં. એનાથી રહિત તે વિરાધન છે. આરાધનારહિત, પ્રસન્નતારહિત, કૃપારહિત, સિદ્ધિરહિત, પૂર્ણતારહિત. સિદ્ધ કરવું તે રહિત અને પૂર્ણ કરવું તે રહિત.

**'તે (વિરાધન વિનાનો-નિરપરાધ)...'** છે. ત્રણ વાત ગુલાંટ ખાધી. એવા વિરાધન વિનાનો જીવ તે નિર્મળ પર્યાય તે નિરપરાધી છે. **'તે જીવ નિશ્ચયપ્રતિક્રમણમય છે,...'** જુઓ, ભાષા. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા એની નિર્મળ પર્યાયથી જે અંતરમાં થયો એ પ્રતિક્રમણમય થઈ ગયો. નિર્મળ પર્યાયમય થઈ ગયો. સમજાણું કાંઈ? અભેદ થઈ ગઈ પર્યાય. વસ્તુ એની

આરાધન પર્યાય, શુદ્ધદશા રમણતા એ પ્રતિક્રમણમય થઈ ગયો આત્મા એમ કીધુંને? **'તે જીવ નિશ્ચયપ્રતિક્રમણ છે,...'** પાઠમાં છે ખરુંને? **'पडिकमणमओ हवे जम्हा॥' 'सो पडिकमणं उच्चइ'** એવો આત્મા પ્રતિક્રમણય થઈ ગયો. પ્રતિક્રમણ કરવું એમ પણ નથી. એ તો પ્રતિક્રમણમય થઈ ગયો. શુદ્ધ ચૈતન્યની આરાધનાની દશા, પ્રસન્નતા, કૃપા આદિ નિર્મળદશા એ-મય થઈ ગયો. એ જીવ તે-મય થઈ ગયો. નિર્મળ પર્યાય તન્મય થઈ ગયો. **'તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.'** આ કારણે એને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પણ આ ભણતર પણ આકરું છે આ. ઓલું ભણતર તો ગોખી-ગોખીને તૈયાર કરે પાસ થવા (સુધી) હોં. પછી થઈ રહ્યું ભૂલી જાય બીજે ચોપડે ચડી જાય. આ તો ભૂલાય નહિ એવું ભણતર છે. સમજાણું કાંઈ? કેમ? કે વસ્તુ જે જ્ઞાયક ચૈતન્યમય શુદ્ધસ્વરૂપ છે આત્મા એની પરિણતિને નિર્મળ પ્રગટ કરી, સન્મુખ થઈને એ-મય આત્મા થઈ ગયો, અભેદ થઈ ગયો. એ કોઈ દિ' જાય નહિ.

**'તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.'** સમજાણું કાંઈ?

**'એવી રીતે (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણિત) શ્રી સમયસારમાં ૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-...'** છેને **'સંસિદ્ધિ,...'** છેને નામ? **'સંસિદ્ધિ,...'** સમ્યક્ પ્રકારે આત્માની શુદ્ધતાની પરિણતિની સિદ્ધિ થવી. **'રાધ,...'** થવું. લ્યો એ રાધની તો આટલી વ્યાખ્યા કીધી એક રાધની આટલી. આરાધના, પ્રસન્નતા, કૃપા થવું આદિ. **'સિદ્ધ,...'** થવું. એ આત્માની પર્યાય થઈ નિર્મળ એને સિદ્ધ થવું કીધું. શુભભાવથી ખસી શુદ્ધ સ્વરૂપમાં પરિણતિ નિર્મળ થઈ એને સિદ્ધ સ્વરૂપ કહ્યું. એ સિદ્ધ પરિણતિ કહી. પરિણતિને સિદ્ધ કહ્યો. એને **'સાધિત...'** એ આત્મા સાધ્યો એણે કહ્યું. **'આરાધિત...'** એ આરાધ્યો એને કહ્યું. સેવ્યો. સેવ્યો. લ્યો, સેવવા ઉપાસમાનં. ઓહો..હો..! **'એ શબ્દો એકાર્થ છે;...'** સમજાય છે? ભલે શબ્દો જુદાં-જુદાં છે અમુકનયે પણ એના શબ્દોનો ખરો ભાવરૂપે એક છે. સમજાણું? પાછો કોઈ પ્રશ્ન કરે કે એક જુદો પડ્યો માટે અર્થ પણ જુદો હોય. એ હોય એક ન્યાયે, પણ આ સામાન્ય રીતે એનો એક અર્થ છે.

**'જે આત્મા અપગતરાધ...'** આવા રાધથી રહિત છે, આવા સંસિદ્ધિથી રહિત છે, સિદ્ધથી રહિત, સાધિતથી રહિત અને આરાધિતથી રહિત છે. લ્યો. **'તે આત્મા અપરાધ છે.'** એ ૩૦૪મી ગાથામાં કહ્યું છે. આ વારંવાર એનો અભ્યાસ જોઈએ. વારંવાર એનું લઢણ-લઢણ. અમૃતચંદ્રાચાર્યદેવ... બરાબર આત્માની સન્મુખની સાનિધ્યમાં એનું વલણ જોઈએ. એ સન્મુખતા એની સામું કરવી છે કે આની સામું કરવી છે? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ તો ત્યાં સાંભળવાનો યોગ એવો હતો એમ કહ્યું હતું તે અપેક્ષાએ. એ અહીં એકદમ વેગે આવ્યા તો હવે બહાર ત્યાં રહ્યા ઇ અપેક્ષાએ કહ્યું છે. એ ત્યાં ચાલ્યું હતું ત્યાં એવી શૈલી કે એને ટૂંકામાં ઘણું આવી જાય છે.

**'શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'** લ્યો. આ (૧૮૭)મોને? શ્લોક છે ઇ? આહા..હા..! બોલો.

**(मालिनी)**

**अनवरतमनंतैर्बध्यते सापराधः**
**स्पृशति निरपराधो बंधनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी॥**

**'શ્લોકાર્થ :- સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે;...'** ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ એનો અનાદર કરીને પુણ્ય અને પાપના વિકલ્પમાં એકાકાર થયેલો એનો આદર કરેલો જીવ તે નિરંતર સાપરાધિ ગુનેગાર છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ તેની સાવધાની છોડી દઈને જેટલો પુણ્ય અને પાપના વિકલ્પમાં સાવધાનપણે વર્તે છે તે આત્માનો ગુનેગાર છે, તે અપરાધી છે, એ ચોર છે.

**શ્રોતા :-** હજી એક કહો!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્માનો લુંટારો છે. ઠીક છે. આહા..હા..! કેટલા સુધી સલવાઈ ગયા હતા ત્યાં જુઓને મુંબઈમાં. એક મહિનો રહ્યો પણ સામું જોયું નહિ. મોટરું ઘરે હશે કે નહિ? નહોતી? કહો, સમજાણું કાંઈ?

કહે છે **'સાપરાધ આત્મા નિરંતર...'** સમયનો વિરહ પડ્યા વિના ભગવાન ચિદાનંદ મૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવને આદર કર્યા વિનાનો અને પુણ્ય અને પાપના રાગ અને આ બહારનો આદર કરનારો નિરંતર સમયે-સમયે ગુનેગાર અનંત કર્મને ક્ષણે-ક્ષણે બાંધે છે. કહો, સમજાણું કાંઈ? ગુનેગાર હશે આ? ભગવાનને ભૂલેલો, ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ આનંદ અને શુદ્ધ ચિદાનંદકંદ એને ભુલેલો અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપને સંભારવમાં તત્પર રહેલો. અહીં ભૂલ્યો અને ત્યાં તત્પર રહેલો નિરંતર મિથ્યાત્વાદિ અનંત કર્મને બાંધે છે. કહો, સમજાણું આમાં? કહો, ગુજરાતી આવડે છે કે નહિ? શું સમજ્યા? એય..! પ્રવિણભાઈ! આ શબ્દ આવ્યોને ગુજરાતી? કે આત્માનો અપરાધ જે કરે છે એનો અર્થ શું? કે આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ છે એનો આદર નથી કરતા અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો આદર કરે છે એ ગુનેગાર અનંત કર્મને બાંધે છે. એવો અર્થ. સમજાય છે કાંઈ? થોડો-થોડો અર્થ સમજી લેવો. બધા બોલી ન શકે ગુજરાતી. આહા..હા..! એક ઘા અને બે ટૂકડા છે એના. આ ભગવાન આત્મા સામુ ન જોઈને, પર સામું જોઈને એકલો પડ્યો છે (એ) ક્ષણે-ક્ષણે અનંત કર્મ બાંધે છે. કહો, સમજાણું આમાં? ભગવાનને ભૂલ્યા એ ભવભ્રમણમાં ભટકે છે. આહા..હા..!

**'નિરપરાધ આત્મા...'** બે જ વાત છે આમ. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનાનંદ પ્રભુ એના

તરફનો આદર છોડી દઈને જેણે પર્યાયબુદ્ધિએ રાગને, પુણ્યને, વિકલ્પનો આદર કર્યો છે. (એ) ક્ષણે-ક્ષણે અનંત કર્મોથી બંધાય છે, અનંત કર્મોથી બંધાય છે. આહા..હા..! **'નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પશતો નથી જ.'** આહા..હા..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વરૂપ જ્ઞાયકને આદરતો સ્વરૂપનો આદ કરતો તે આત્મા બંધનને કદાપિ નિરપરાધી રહેલો, થયેલો બંધનને સ્પર્શતો નથી. નથી બાંધતો એમ નહિ, પણ સ્પર્શતો જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ રાગ અને વિકલ્પમાં મજા પડે છે. આ સામગ્રી અનુકૂળ હોય ત્યાં ઉલ્લસિત વીર્ય થાય છે. સમજાણું કાંઈ? આમ લાડવા અને દાળ-ભાત આમ દેખીને, શીખંડ, પુરી ને પતરવેલિયાના ભજીયા દેખીને આમ ઉલ્લસિત થાય છે. પછી? આ ભણીને પાસ થવાની વૃત્તિ આવી, એના ભાવ આવ્યા એ પાપ ઉલ્લસિત થાય છે. નરેન્દ્રભાઈ! એ તો પ્રકાર પછી તમારે કેટલા સાંભળવા છે. ઘણાય એટલા પ્રકાર. કહો, સમજાણું આમાં? એ ભગવાનના ઘરમાંથી ખસીને આ બહારના જેટલા પ્રકાર એમાં ઉલ્લસિત થાય છે, લ્યો. આહા..હા..!

એક દાગીનો જ્યાં સારો મળે ત્યાં ખુશી-ખુશી થઈ જાય. ઘરના દસેય માણસ. દસ હજારનો એક લાવે. સારી રીતે. છોકરાની વહુ માટે વળી. કારણ કે ઘરમાં ને ઘરમાં રહેશે અને વળી આપણો દાગીનો છે. આહા..હા..! ખુશી-ખુશી થઈ જાય. આહા..હા..! દસેય જણા ખુશી થાય ઘરના. સારો સાડલો લાવ્યો પાંચસોના, હજારનો આવે છેને સાડલા બબ્બે હજારના, પાંચ-પાંચ હજારના આવે. જરી નાખેલા. જરી હોયને પછી આમ નાખે વળી. એ પાછા ઓઢે ત્યારે આમ બીજા ભાળે તો કહેકે એ વિના શું કામનો ઇ સાડલો? એટલે આમ રાખે આમ. અહીં પાછળ ગરી જાય ઇ શું કામનો ઇ? એવી રીતે ઓઢે. એવી રીતે જ ઓઢાય છે કહે છે એમ છે. પણ ઓઢાયનો હેતુ આમ છે અંદર.

**શ્રોતા** :- દેખાડવાનો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દેખાવો. આહા..હા..! એ પાંચ-પાંચ હજારના સાડલા હોં. મોટા મોટા રાજા રાણીઓ તો દસ-દસ હજાર, વીસ-વીસ હજાર. હીરાની કણીયું. હીરા એવા ઉંચા નાખ્યા હોય છેટે ભરેલા. મોટા-મોટા રાજા હોયને એને. આહા..હા..!

ભગવાન ચૈતન્યમૂર્તિ ભગવાનનો છોડી દઈને આટલું ઉલ્લસિત તારું વીર્ય પરમાં જાય છે. ક્ષણે-ક્ષણે અનંત કર્મ બાંધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો જરીની ટોપી એક સારી આવે ત્યાં બતાવવાનો ભાવ. સોનાનો દાગીનો કાંઈક પહેર્યો હોય અંદર હોય તો દેખાય નહિ. કડુ હોય તો દેખાય. અહીં સુધી રાખે કડું. કપડા એવા થઈ ગયા છેને અત્યારે? ..માં તો અહીં સુધી રાખે બસ એટલું. એક અહીં કડું હોય છે. ક્યાં તારી ગતિ ગઈ છે કહે છે. તારી ગતિ અહીંથી ખસીને ક્યાં ગઈ? આહા..હા..! કહો, એય..! જીતુ! ક્યાં ગયો ઓલો? પાછળ છે? કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે ચૈતન્ય પ્રભુ ભગવાનની અંતરની પ્રસન્નતા, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, આરાધનાને છોડી જેટલું પરતરફનું આરાધન કરે તે આત્માનું વિરાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે સ્વર્ગ મળે, શેઠાઈ મળે એવા ભાવ પણ અપરાધ છે. સમજાણું કાંઈ? એમાં ખુશી થાય કે આહા..હા..! મોટા દેવ થાશું, આ થાશું.

**શ્રોતા** :- એમાં જ ખુશી થાયને અજ્ઞાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, એ જ કહે છે. એ જ આત્માનો ગુનેગાર છે. ઝેરમાં પડવા માગે છે કૂદીને એમ કહે છે. આહા..હા..! 'હોંશીડા મત હોંશ ન કીજીએ.' એવી સજ્ઝાય આવે છે. સજ્ઝાય આવે છે સજ્ઝાય. સજ્ઝાયમાળા આવે છેને ચાર? ઇ બધી ત્યાં વાંચેલી દુકાન ઉપર. સજ્ઝાયમાળા ચાર. એમાં એક સજ્ઝાય આવે છે. 'હોંશીડા મત હોંશ ન કીજીએ.' એ હોંશ રહેવા દે પરપદાર્થની આ ભગવાનને ભૂલી જઈશ. નિહાલભાઈ! આહા..હા..!

કહે છે કે '**સાપરાધ આત્મા નિરંતર અનંત કર્મોથી બંધાય છે;...**' નિરપરાધ ભગવાન આત્માની સિદ્ધિ-પ્રસિદ્ધિ-આરાધન-સેવન-કૃપા મેળવવાથી--પ્રાપ્ત કરવાથી બંધનને કદાપિ સ્પર્શતો નથી. '**જે સાપરાધ આત્મા છે...**' જે અપરાધી આત્મા છે એનું શું સ્વરૂપ લક્ષણ? કે '**તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' એ પુણ્ય અને પાપને મલિન પરિણામવાળો આત્મા માનતો થકો, સેવતો થકો, આરાધતો થકો. સમજાય છે કાંઈ? '**જે સાપરાધ આત્મા છે...**' એ તો સામાન્ય પહેલી વ્યાખ્યા કરી, પણ સાપરાધમાં શું કરે છે ઇ? એમ કહે છે. કે '**તે તો નિયમથી પોતાને અશુદ્ધ...**' સેવે છે. ભગવાન શુદ્ધ સ્વરૂપે બિરાજમાન પ્રભુ એને પુણ્ય-પાપના રાગ અને બહારની હોંશુના ભાવે આત્માને માને અને સેવે છે. આહા..હા..!

'**જે સાપરાધ આત્મા છે તે તો...**' નિશ્ચયથી. નિયત શબ્દ પડ્યો છે ઇને? '**नियतमयमशुद्धं**' નિયતનો અર્થ એ કર્યો નિયમ, નિશ્ચયથી, નિયમથી. ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ જ્ઞાનદર્શન જ્ઞાતા એને પુણ્યના વિકલ્પવાળો, શરીરના સંબંધવાળો, કર્મના સંબંધવાળો, વ્યવહારના વિકલ્પસ્વરૂપે આત્મા સેવે છે એ અશુદ્ધને સેવે છે. આહા..હા..! '**નિરપરાધ આત્મા તો...**' નિરપરાધ આત્મા તો '**ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.**' લ્યો, સમજાણું કાંઈ? સાધુ. એટલે ભલી રીતે કર્યું છેને. સાધુનો અર્થ કર્યો. સાધુ એટલે ભલી રીતે. નિરપરાધ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપે સેવતો આત્માને શુદ્ધ આત્માનો સેવનાર છે. શુદ્ધ આત્માનો સેવનાર છે. પરિણતિ નિર્મળથી આત્માનો સેવનાર છે, તે નિરપરાધી છે, તેને બંધન થતું નથી. એને આ ચારિત્ર હોય છે અને એ ચારિત્ર તે પ્રતિક્રમણમય આત્માને કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૨, મંગળવાર, તા.૧૭-૦૫-૧૯૬૬
## ગાથા-૮૫, કળશ-૧૧૨ થી ૧૧૪, પ્રવચન-૬૫

પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર ચાલે છે. '**વળી આ (૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

**(मालिनी)**

**अपगतपरमात्मध्यानसंभावनात्मा**
**नियतमिह भवार्तः सापराधः स्मृतः सः।**
**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**
**भवति निरपराधः कर्मसंन्यासदक्षः।।११२।।**

પ્રતિક્રમણનો અધિકાર ચાલે છે. પરમાર્થ-પ્રતિક્રમણ એટલે કે યથાર્થ પાપથી ખસીને પોતાના સ્વભાવની દૃષ્ટિમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું એનું નામ પરમાર્થ-પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- આ લોકમાં...**' એ તો લોક સિદ્ધ કર્યો. આ જગત છે. એમાં '**જે જીવ પરમાત્મ-ધ્યાનની સંભાવના રહિત છે...**' ભગવાન આત્મા પરમ આત્મસ્વરૂપ છે. એ શરીર, કર્મથી રહિત અને પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ એનાથી પણ રહિત એવો પોતાનો પરમાત્મા. પરમ આત્મા શબ્દે પરમ પોતાનું સ્વરૂપ. શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ એના ધ્યાનની, એની એકાગ્રથી રહિત છે, એની સંભાવનાથી રહિત છે. '**(અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે)...**' પોતાનો જ્ઞાયક ચૈતન્યસ્વભાવ શુદ્ધ આનંદકંદ અને પુણ્ય-પાપ વિકલ્પથી રહિત એવા આત્માની ધ્યાનની એકાગ્રતાથી, સંભાવનાથી રહિત છે. '**(પરમાત્મધ્યાને પરિણમ્યો નથી.)**' પોતાનો ચૈતન્યસ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં પરિણમન-અવસ્થારૂપ- હાલતરૂપ ન થયો. '**તે ભવાર્ત જીવ...**' ભવમાં પરિભ્રમણ કરનાર '**નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે;...**' નિયમથી અપરાધી, ગુનેગાર એને ગણવામાં આવ્યો છે. ઓહો..હો..! આ પ્રતિક્રમણ! ગજરાજજી! ઓહો..હો..! આ કેવો અધિકાર! આ તો સવાર-સાંજ પ્રતિક્રમણ બહુ કરે છે જુઓ.

આ પ્રતિક્રમણ ચૈતન્ય ભગવાન પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ રાખે છે આત્મા અને એમાં વિકલ્પ જે પુણ્ય-પાપના દેખાય એ તો અપરાધ છે. તો કહે છે કે એ અપરાધરહિત પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ એના વિકારરહિત પોતાની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણમનરહિત, પોતાના શુદ્ધ

શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણમનરહિત એ ભવાર્ત પ્રાણી અપરાધી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આઠમા ગુણસ્થાનની વાત છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! અહીં પાંચમા, છઠ્ઠાની વાત છે. અહીં તો ચોથાની વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા એક સમયમાં અનંતગુણ સંપન્ન. અનંત ગુણસંપદા, એની અંતર સંપદા લક્ષ્મી અનંત-અનંત ભરી છે. એવો પોતાનો આત્મા એની સંભાવના-એકાગ્રતા, એની એકાગ્રતા અને રાગ અને પુણ્યની એકાગ્રતા રહિત એવો પોતાનો સ્વભાવ. એની એકાગ્રતારહિત એમ. એવો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની એકાગ્રતાની પરિણતિરહિત ભવાર્ત પ્રાણી સંસારી સાપરાધી છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ પરમ આનંદ જ્ઞાયકમૂર્તિ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાના પરિણમનની જે અવસ્થાથી રહિત છે એ વિકારસહિત પોતાની દૃષ્ટિ રાખે છે અને વિકાર હું છું એવી એકાગ્રતા કરે છે એ જ ભવાર્ત-ભવમાં રખડનારો પ્રાણી ગુનેગાર છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? જુઓ, '**તે ભવાર્ત પ્રાણી...**' ભવમાં પીડા ભોગવનારો સંસારી બહારની પીડાની વાત અહીંયાં છે નહિ. પોતાનો ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ સમ્યગ્દર્શનની પરિણતિ વિના, સમ્યગ્જ્ઞાન એનું થયા વિના અને એની લીનતા થયા વિના એકલા રાગ-દ્વેષાદિમાં પરિણમન કરે છે એ ભવાર્ત-ભવમાં દુઃખી પ્રાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેને '**સાપરાધ ગણવામાં આવ્યો છે;...**' એ પ્રાણીને દુનિયામાં ગુનેગાર, ચોર માન્યો છે. સમજાણું કાંઈ?

અને '**જે જીવ નિરંતર...**' ભગવાન આત્મા અંતર વિના 'અભેદ અખંડ અદ્વૈત એકરૂપ હું ચૈતન્ય સ્વભાવભાવ છું' એવા ચૈતન્યભાવથી સહિત છે. રાગાદિ વિકલ્પથી રહિત મારી ચીજ અને હું ચૈતન્ય આનંદ શાંતભાવથી સહિત છું. '**તે કર્મસંન્યાસદક્ષ...**' છે. એ વિકારી પરિણામરૂપ બંધનભાવ જે કર્મ વિકાર એના ત્યાગમાં દક્ષ નામ ડહાપણવાળો છે. શું કહે છે ડહાપણને? હુશિયાર. લ્યો, નિપુણ-નિપુણ લખ્યું છે જુઓ. કર્મત્યાગમાં નિપુણ છે. શું કહ્યું સમજાણું? પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવસન્મુખ થઈને પોતાની શુદ્ધ પરિણતિ સહિત છે અને રાગાદિના ત્યાગમાં ચતુર છે. પુણ્ય-પાપનો જે વિકલ્પ ઉઠે છે એ મારી ચીજમાં નથી. હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એવા રાગરૂપી કર્મના ત્યાગમાં ચતુર નામ નિપુણ છે અને પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રમાં જે ચતુર છે આ એને નિરપરાધ કહેવામાં આવ્યો છે. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પોતાની પર્યાયમાં શુભભાવ થાય છે. એ 'શુભભાવસહિત હું આત્મા છું' એવું પરિણમન કરનારો ભવાર્ત-ભવમાં દુઃખી થનારો પ્રાણી છે. આહા..હા..!

**શ્રોતા** :- જેને અનુભવ થયો એ કે જેને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો સમ્યગ્દૃષ્ટિ(ની જ વાત છે)! પ્રતિક્રમણની વાત ચાલે છેને. અનુભવ આશા કરવી એ વિના સાચું પ્રતિક્રમણ છે જ નહિ. સમજાણું કાંઈ? પહેલા મિથ્યાત્વનું

પ્રતિક્રમણ શું એ ચાલે છે. રાગાદિ વિકલ્પ ઉઠે છે અને દેહાદિ ક્રિયા છે એ મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો એકલો જ્ઞાન અને આનંદ પડ્યો છે એવી ચીજની દૃષ્ટિ કરવી અને પરિણમન કરવું એ મિથ્યાત્વરૂપી કર્મના ત્યાગમાં ચતુર છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ રાગ, વિકલ્પ અને શરીર, વાણી એ મારી ચીજ છે અને એમાં હું છું અને એનાથી મને કાંઈક લાભ થાય છે. એવો જે મિથ્યાદૃષ્ટિ ભાવ એ મિથ્યાદૃષ્ટિરૂપી કર્મ, કર્મ નામ વિકારભાવ એનાથી રહિત હું જ્ઞાનાનંદ શુદ્ધ છું--એવી સમ્યગ્દૃષ્ટિ કરવી એ મિથ્યાત્વરૂપી કર્મના ત્યાગમાં નિપુણ પુરુષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચીમનભાઈ! આ કોને કરવું એમ કે મારું આ તો બધું! પણ આ સમ્યગ્દર્શનમાં પહેલું આ કરવું એમ કહે છે. આહા..હા..! આ દેહમાં ચૈતન્યમૂર્તિ બિરાજમાન છે, અનાદિ-અનંત છે અને અંતરમાં અનંત શાંતિ અને આનંદથી ભરેલો પદાર્થ છે. સમજાણું કાંઈ? જેમ સાકર પોતાના ગળપણ અને સફેદાઈથી ભરેલી છે, એમ આત્મા પોતાની શાંતિ, આનંદ અને જ્ઞાયકસ્વભાવથી ભરેલો છે, પરિપૂર્ણ પડ્યો છે. એવી દૃષ્ટિ ન કરતા 'વિકારી પરિણામ અને શરીરની ક્રિયા મારાથી છે અને મારું કાર્ય છે' એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એવો મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વમાં પોતાનું સ્વરૂપ માને છે. ચિદાનંદ સ્વરૂપ મારું ભિન્ન છે એને એ માનતો નથી. સમજાણું કાંઈ? આ તો પરમાર્થની વાત છે. વ્યવહારની વાત શું? એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આ તો વ્યવહારના વિકલ્પથી પણ ખસીને મારી ચીજમાં તો જ્ઞાનાનંદ છે એવી રુચિ કરીને પરિણમન કરવું એ જ કર્મસંન્યાસદક્ષ એ જ વિકારરૂપી કાર્યનો ત્યાગ કરવામાં ચતુર અને નિપુણ કહેવામાં આવે છે. શાસ્ત્રનો ભણનાર નિપુણ એમ અહીંયાં નથી કહ્યું.

**શ્રોતા** :- કેમ ન કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં શું છે? એ તો પરતરફના લક્ષવાળો રાગ છે. સમજાણું કાંઈ? પોતાની ચીજને અંતરમાં જ્ઞાન અને શ્રદ્ધાથી પામીને રાગાદિ વિકલ્પનો જેમાં ત્યાગ વર્તે છે એનું નામ સમ્યગ્દર્શન પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! અને પછી અસ્થિરતાનો ભાવ જે રાગાદિ છે એને છોડીને. એ તો કથન છે, પણ સ્વરૂપમાં વિશેષ સ્થિરતા કરવી તો અસ્થિરતાના રાગના ત્યાગમાં ચતુર છે. આ કર્મસંન્યાસદક્ષ. આ ત્યાગ કહે છેને લોકો. કોનો ત્યાગ? આ શરીરનો ત્યાગ? બાયડી એ તો બહાર જ પડી છે. કાંઈ અંદર ચીજમાં ઘુસી નથી ગઈ. અંદરમાં જે રાગની એકતાબુદ્ધિ હતી અને શરીરાદિ બાહ્ય પદાર્થથી એને વેદનમાં એને ઠીક લાગતું હતું કે ઓહો..! મને ઠીક છે. એવો જે મિથ્યાત્વભાવ એ કર્મ છે. મિથ્યાત્વભાવ કર્મ છે. ભાવકર્મ હોં. જડકર્મની વાત એકકોર રહી.

એ ચૈતન્ય પ્રભુ પોતાના જ્ઞાયક સ્વભાવમાં એકાકાર થઈને... એ જીવ નિરપરાધ છે. સાપરાધ અને નિરપરાધ બેયની વ્યાખ્યા ચાલી. જે કોઈ પોતાનો નિજ શુદ્ધસ્વભાવ પવિત્ર આનંદકંદ એમાં પુણ્ય-પાપનો ભાવ મેળવીને એનાથી પોતે લાભ માને છે એ સાપરાધી-ગુનેગાર છે. હું એ પુણ્ય-

પાપના રાગથી મારી ચીજ શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ ભિન્ન છે એવી દૃષ્ટિ કરીને એ રાગ, કર્મનો અભાવ એમાં પરિણમે છે એનું નામ નિરપરાધી-ગુનેગારરહિત જીવ કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? ૮૫. એ તો શ્લોક (૧૧૨) કહ્યો. હવે ૮૫ ગાથા.

**मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८५।।**

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

પ્રતિક્રમણ કર્યુંને? પ્રતિક્રમણ બહુ કર્યા હશે ત્યાં ...માં. ખોટા? સંપ્રદાયમાં. ... જુઓ, આમાં શું કહે છે?

'**ટીકા :- અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક પરમોપેક્ષાસંયમના ધરનારને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.**' અહીં તો સમ્યગ્દર્શનપૂર્વક સંયમની વાત વિશેષ કરે છે. ચારિત્રનો અધિકાર ચાલે છેને? આ ચારિત્રનો અધિકાર છે. '**અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક...**' ભગવાન આત્મા શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાસરૂપ. પોતાના સ્વરૂપમાં લીનતા સ્વરૂપ જે ચારિત્ર છે. '**પરમોપેક્ષાસંયમ...**' જેમાં વિકલ્પ ઉઠે છે એની પણ ઉપેક્ષા એવા સંયમને ધરનારને મુનિ. '**નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે...**' એ નિશ્ચય પ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એને. '**એમ કહ્યું છે.**'

જુઓ, શું કહે છે? '**નિયમથી...**' નિશ્ચયથી '**પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધ આત્માની આરાધના સિવાય બધુંય અનાચાર છે;...**' હવે કોઈ એવો અર્થ કરે કે પહેલા તો પાંચમા ગુણસ્થાનમાં શુભભાવ આવે છે કે નહિ? એ તો પહેલાથી કાઢી નાખે છે. કે જે કાંઈ આત્મામાં શુભભાવ થાય છે--પંચમહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ એ પણ અનાચાર છે. સમજાણું કાંઈ? '**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને...**' ત્યારે કોઈ કહે કે પરમોપેક્ષાસંયમવાળાને કહ્યું. પણ નીચે? તો નીચે પરમોપેક્ષાસંયમી એ જેટલા રાગાદિ છે એટલું અનાચાર જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે આચાર પાળો... આચાર પાળો... શું આચાર? આ આચાર પાળવાની વાત કરે છે કે શુદ્ધાત્માની આરાધના સિવાય. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદસ્વરૂપ આત્મા એની આરાધના, એની સેવના, એની એકાગ્રતા એ સિવાય. અતિરિક્ત એટલે સિવાય. સિવાય કહે છેને? '**સિવાય બધુંય અનાચાર છે;...**' ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની અંતર દૃષ્ટિ અને એનું જ્ઞાન અને એમાં લીનતા એ સહિત આચાર. એનાથી રહિત જેટલા વિકલ્પાદિ ઉઠે છે એ બધુંય અનાચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારસામાયિક, વ્યવહાર વંદના, વ્યવહાર આવશ્યક જેટલા કહે છે એ બધાય રાગ અનાચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી એને ખ્યાલ પણ નથી દૃષ્ટિનો શું વિષય છે અને એમાં શું

રમણતા છે એનો ખ્યાલ પણ, જ્ઞાન પણ નથી. તો એને તો રમણતા એવા અનાચારને ત્યાગ કરીને આચાર થાય છે. સમજાણું કાંઈ? એ આચાર પાળો... આચાર પાળો... લોકો કહે છેને આચાર પાળો. કોની? દયા પાળો, વ્રત પાળો આચાર. દયાથી તો ધર્મ થાય છે અને સંવર, નિર્જરા, મોક્ષ થાય છે એમ કહે છે લ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતાનો શુદ્ધ રાગરહિત સ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એકાકાર એ જ અનાચારનો ત્યાગ છે. અને એનું નામ જ ભગવાન આચાર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય આચાર કહો, સત્ય આચાર કહો. સત્ય આચાર કહો કે યથાર્થ વસ્તુના સ્વરૂપની સ્થિતિ કહો. આહા..હા..! ભારે કઠણ. પણ માણસને એવું લાગે છેને આ. માટે ઓલો વ્યવહાર હોયને. એવું લખ્યું છે આ બધું. ... ક્રમબદ્ધનું. આખું છે થોથા બધા ઘણીવાર વાંચ્યું છે. એવું ને એવું કરે છે. આહા..હા..! ક્યાંનું ક્યાં કરી નાખે છે! ભાઈ! એ ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા છે. એ ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્ય આત્મા છે. એમાં એ રાગાદિ વિકલ્પનો તો ત્રણે કાળ સ્વભાવમાં અભાવ છે. કેમકે શુભાશુભ પરિણામ છે એ તો આસ્રવતત્ત્વ છે અને કર્મ અને શરીર આદિ છે એ તો અજીવતત્ત્વ છે. તો અજીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ પણ ખરેખર તો અજીવતત્ત્વમાં આસ્રવતત્ત્વ નથી, આસ્રવતત્ત્વમાં અજીવતત્ત્વ નથી અને આસ્રવતત્ત્વમાં જ્ઞાયકતત્ત્વ નથી અને જ્ઞાયકતત્ત્વમાં આસ્રવતત્ત્વ નથી. સમજાણું કાંઈ? નવ તત્ત્વની એણે યથાર્થ શ્રદ્ધા કરવી જોઈએ કે નહિ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેને આત્મતત્ત્વ કહે છે એ તો જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ એ આત્મતત્ત્વ છે. એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠે છે એ કોઈ આત્મતત્ત્વ નથી, એ તો આસ્રવતત્ત્વ છે અને કર્મ અને શરીર તો ભિન્ન પૃથક્ અજીવતત્ત્વ છે. આસ્રવ તો એક સમયની પર્યાય પણ એમાં છે. પણ એક સમયની પર્યાય જ્ઞાયકભાવમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા કોને કહે છે? આત્મા. સમજાય છે? આત્મા અજીવતત્ત્વથી ભિન્ન અને આસ્રવતત્ત્વથી ભિન્ન અને પોતાના શુદ્ધ સ્વભાવથી અભિન્ન. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદર ચૈતન્યસ્વરૂપ એકલો શુદ્ધ જ્ઞાનનો ગોળો છે એ તો. એમાં તો પુણ્ય-પાપના ભાવ, વ્રતાદિના ભાવ તો વિકલ્પ આસ્રવ છે. એ આસ્રવ છે એ તો આત્માનો આચાર નથી, પણ અનાચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને...**' ત્યારે પહેલા નીચેવાળાને ભલે રાગાદિ છે, પણ એ રાગાદિ છે વ્યવહાર એમ નિશ્ચયમાં શુદ્ધ પરિણતિ પણ છે. પણ શુદ્ધ પરિણતિ શ્રદ્ધા-જ્ઞાન જેટલું છે એ જ ખરેખર સંયમમાં સંવર માર્ગ છે. વાણી આ તો ઉત્કૃષ્ટ લેવી છે. ભગવાન આત્મા પોતામાં ઠરે છે. નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય જાતમાં જેવી ચીજ છે એવો એમાં ગુણ થઈ જાય છે. આઠ વર્ષનો છોકરો નાનો હોય અને મુનિ થઈ જાય. આઠ વર્ષનો રાજકુમાર. આહા..હા..! પોતાના શુદ્ધ

સ્વરૂપની દૃષ્ટિ કરી છે અને પોતાની શુદ્ધ સંપદા જ્ઞાનમાં લીધી છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ અનંત લક્ષ્મી સંપન્ન દૃષ્ટિમાં લીધો છે અને જ્ઞાનમાં એ જ લીધું છે કે આ આત્મા હું છું. એમ એકાકાર થઈને શુભરાગરૂપી આચારને એ જે વ્યવહાર આચાર છે એને છોડીને સ્વરૂપમાં ઠરવું એનું નામ યથાર્થ આચાર કહેવામાં આવે છે. શુભરાગને જે વ્યવહાર આચાર કહ્યો એ જ અહીંયાં નિશ્ચયમાં તો અનાચાર જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિને પાંચ આચાર પાળવા આવે છે કે નહિ વ્યવહાર? જ્ઞાનાચાર.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાળે છે પણ પાળે છે એનો અર્થ શું? થાય છે. એ પાળ્યું નથી ખરેખર, ભાઈ! વ્યવહારનયનું એ કથન છે. પણ વ્યવહાર અને નિશ્ચયમાં મુંઝાય જાય એટલો માણસને. એકલો ચૈતન્ય પ્રભુ એની દૃષ્ટિમાં માહાત્મ્ય જ આવતું નથી. માહાત્મ્ય એ વિકલ્પનું અને રાગનું. મહિમા એની. તો મહિમા જેની કરે એને છોડે ક્યાંથી? સમજાણું કાંઈ? જેની મહિમા કરે એને છોડે ક્યાંથી? હાથમાં પથરો હોય અને માને કે ચિંતામણિ છે... ચિંતામણિ છે... છોડે ક્યાંથી?

**શ્રોતા :-** ઉલટાનો રોકાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોકાઈ ગયો. હાથમાં આવ્યો પત્થર. ઓહો..! આ તો ચિંતામણિ છે. એ .. અમારે એક હતા એક પંડિત. ક્યાં ગયા શેઠ? નાગનેશના. આ તો શેઠ પણ હવે એ વૃદ્ધ થઈ ગયા. ગણાય નહિ. હવે છોટાભાઈ હવે થઈ ગયા મલુપચંદભાઈ. હતાને તમારે અરવિંદભાઈ. છોટાભાઈ! આ માસ્તર એક હતા પાઠશાળામાં. એ બહુ ભણેલા હતા સ્થાનકવાસીના શાસ્ત્ર. દિલ્હી ગયા હતા તો એક ઝવેરી હતો એની સાથે સંબંધ હતો. ૩૦ રૂપિયાનો પગાર લેતા હતા. ઘણા વર્ષ પહેલાં તો એટલા હતાને. પાછળ એક નદી છે. નાગનેશની નદી. ગામ છેને. નદીમાં કાયમ જંગલ જાય લોટો લઈને. પણ થોડા... થોડા... થોડા... એવા કાંકરા. કાંકરા સમજ્યાને? ધોળા-સફેદ ઉંચા ગોતે. ગોતે શું શોધે. લઈને ભેગા કરે. અને લઈને ત્યાં ગયા દિલ્હી. નાગનેશની નદીના ધોળા કાંકરા. કાંકરા સમજો છોને? ત્યાં દિલ્હી જઈને એક ઝવેરી હતો એને કહ્યું. આપણે એક ઝવેરી હતા ઇન્દરલાલજી દિલ્હીમાં સ્થાનકવાસી લાખોપતિ. ઇન્દરલાલજી! જુઓ આ. એમાં કોઈ હીરો છે કે નહિ? તમે હીરાનો ધંધો કરો છો. તો એક-બે હજાર નીકળી જાય તો કોઈ હરકત નથી મને. ૩૫નો પગાર, ૪૦નો પગાર.. લાવો. પંડિતજી! લાવો-લાવો કહે. મૂકી જાવ. બહાર નાખી દીધા નીચે ફેંકી દીધા દુકાનની નીચે. કે આ હીરા તો નથી, પણ હીરા તોલવામાં પણ કાંકરી કામ નથી આવતી. કેમકે તોલવામાં જે તોલા આવે છે એ ઘસાય નહિ એવા હોવા જોઈએ. ઘસાઈ નહિ. ચણોઠી હોય છેને ચણોઠી નથી હોતી? એ ઘસાતી નથી. એના તોલા હોય છે. ચણોઠીના તોલા હોય છે. આ તોલવામાં પણ કામ નહિ આવે, નાખી દે નીચે. પણ આ એટલી મહેનત કરીને? પણ નાગનેશની નદીમાં હીરા ન હોય. સમજાણું કાંઈ? એમ એવો શુભભાવ અને આમ કર્યું ને આમ

કર્યું, એમાંથી કોઈ હીરો નીકળશે. શુભભાવમાંથી કોઈ હીરો-ધર્મ નીકળશે? ઝવેરીને બતાવ્યો કે આમાં કાંઈ છે? મેં બહુ મહેનત કરી અત્યાર સુધી. ઇ કાંકરા છે છોડી દે. સમજાણું કાંઈ?

કહે છે કે **'આરાધના સિવાયનું...'** અહીં તો ભારે શબ્દ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ કોઈ પદાર્થ છે કે નહિ આત્મા? છે તો એમાં કોઈ શક્તિઓ, સ્વભાવ છે કે નહિ? તો સ્વભાવ શક્તિ અનંત છે. એની એને પ્રતીત આવતી નથી. અનંત-અનંત પરમાત્મા બિરાજે છે. આહા..હા..!

**શ્રોતા :-** નદીમાં તો કાંકરા જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નદીમાં. પણ ઇ નદીમાં ક્યાંથી? બહુ આઘે જાયને .. નહિ? ..માં ઓલું સ્મશાન. ત્યાં હું દિશાએ જતો સ્મશાન પાસે. એટલે ત્યાં ગોતે આઘે-આઘે. દોઢ શેર લઈ ગયો બતાવ્યો. ચમક-ચમકવાળા ગોતી આવે સારા. એ કોઈ ચીરોડી હોય, કોઈ ઉંચી ચીજ હોય. ત્યાં નદીમાં તે હીરા પાકતા હશે? એમ ભગવાન આત્મા ચૈતન્યરત્નાકર એનાથી વિરૂદ્ધ વિકલ્પાત્મકભાવ કાંકરા જેવા છે. એમાં રત્ન પાકે છે? સમજાણું કાંઈ? અહીં શાસ્ત્રકાર એને ચૈતન્યરત્નકાર કહે છે. ભગવાન આત્મા ચૈતન્યરત્ન, આકર-દરિયો-સમુદ્ર છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, અસ્તિત્વ, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા એવી-એવી અનંત શક્તિરૂપી ચૈતન્યરત્ન આત્મા છે, એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરવી એ જ આત્માનો યથાર્થ આચાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનાથી વિરૂદ્ધ જેટલો વિકલ્પ વ્યવહાર શાસ્ત્રે કહ્યો, શાસ્ત્રે કહ્યો વ્યવહાર એ પણ અહીંયાં નિશ્ચયમાં તો અનાચાર જ છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્માની આરાધના સિવાય...'** ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ એનો વિશ્વાસ, એનું જ્ઞાન અને એમાં લીનતા એ સિવાય જેટલો વિકલ્પાદિ છે એ બધો અનાચાર છે. ઓહો..હો..! કઠણ પડે માણસને. પાંચ મહાવ્રત અનાચાર છે, આચાર નથી. જે વ્યવહાર આચાર છે એ જ પરમાર્થે અનાચાર છે. આહા..હા..! વ્યવહારનું કથન છે એ, પણ વસ્તુસ્વરૂપ એવું નથી. **'તેથી જ સઘળોય અનાચાર છોડીને...'** આ કારણે ભગવાન આત્મા એ કહે છે કે હે પ્રભુ! તું અનાચાર રાગાદિનો ભાવ શુભ-અશુભ છે ત્યારે અનાચારને છોડીને. એ તો ઉપદેશનું કથન શું આવે? એનો અર્થ કે એમાં ન રહો, સ્વભાવમાં આવી જાવ. સમજાણું કાંઈ?

**'સઘળોય અનાચાર છોડીને સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન નિજપરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...'** જુઓ, આચાર, એનું નામ આચાર. ખરો આચાર શું કહ્યો? **'સહજચૈતન્યવિલાસાત્મક નિર્મળ નિજપરમાત્મતત્ત્વને ભાવવું...'** લ્યો, નીચે અર્થ કર્યોને? સ્વભાવિક ચૈતન્ય જ્ઞાનાનંદ એનો વિલાસ આ તો શાંતિથી, ધીરજથી સમજવાની વસ્તુ છે. સમજાણું કાંઈ? એ ભગવાન **'સહજચિદ્‌વિલાસલક્ષણ નિરંજન નિજપરમાત્મતત્ત્વ...'** નિર્મળ નિજ પોતાનું પરમતત્ત્વ પ્રભુ **'ભાવનાસ્વરૂપ આચારમાં...'** એને **'ભાવવું-અનુભવવું તે જ**

**આચારનું સ્વરૂપ છે;...'** સમજાણું કાંઈ? **'એવા આચારમાં જે પરમ તપોધન સ્થિરતા કરે છે...'** મુનિ તપોધન જેનું તપ ધન છે. એ આનંદ અને શાંતિ જેનું ધન છે. સમજાણું કાંઈ? ધૂળ તો ધન નથી, શરીર નથી, શુભરાગ પણ જેનું ધન નથી. જ્ઞાનાનંદસ્વરૂપ પરમતપોધન સ્થિરતા પોતામાં કરે છે **'તે પોતે જ પ્રતિક્રમણ છે.'** એ આત્મા જ પ્રતિક્રમણમય થઈ ગયો. અભેદ પર્યાય થઈ ગઈને? આહા..હા..! આ નિયમસાર કહ્યું છે તો પંચમ આરા માટે કહ્યું છે કે ચોથા આરા માટે કહ્યું છે? સમજાણું કાંઈ? એમાં રસ્તો બીજો હોય કોઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ બે હોય કે આના માટે બીજો... આને માટે બીજો... એમ નથી.

**'સહજચિદ્‌વિલાસલક્ષણ...'** જુઓ, કેવો છે આત્મા? સ્વભાવિક જ્ઞાન જાણન... જાણન લક્ષણ વિલાસલક્ષણ એવો નિરંજન-અંજન નામ રાગાદિરહિત નિજપરમાત્મતત્ત્વ. પોતાનું પરમ સ્વરૂપ ભગવાન, ભાવનાસ્વરૂપ એની એકાગ્રતારૂપ, એના અનુભવરૂપ **'આચારમાં...'** આ એનું નામ આચાર. એવા **'આચારમાં જે (પરમતપોધન) સહજ વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો...'** જુઓ, બેય વાત લીધી. આ અસ્તિરૂપ લીધું પરમતત્ત્વ. એના **'આચારમાં જે (પરમ તપોધન) સહજ વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો...'** સ્વભાવિક. શુભપરિણામથી પણ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો પુણ્ય-પાપના ભાવ બેય બંધનું કારણ છે. એવો વૈરાગ્ય એને જ યથાર્થ વૈરાગ્ય કહે છે. અહીંયાં સ્થિરતામાં એ રાગથી ખસીને પોતાનો વૈરાગ્ય સ્વભાવિક વૈરાગ્ય પરિણતિ. એવી ભાવનારૂપે પરિણમ્યો થકો. અસ્તિરૂપે નિજપરમાત્મા લીધો અને એની એકાગ્રતા થઈને રાગરહિત થઈને વૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો **'સ્થિરભાવ કરે છે,...'** સ્થિર કરે છે. **'તે પરમતપોધન જ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે.'** એ મુનિ પ્રતિક્રમણસ્વરૂપ જ થઈ ગયો. શુદ્ધ ઉપયોગરૂપી પરિણતિમય થઈ ગયો. સમજાણું કાંઈ? પ્રતિક્રમણ કરનારો અને પ્રતિક્રમણ એમ બે ન રહ્યો. સમજાણું કાંઈ?

નિશ્ચયની વાત આવી ઝીણી છે કે સાધારણ લોકોને આ વાત એવી લાગેને. માટે ઓલો વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... ભાઈ! વ્યવહાર થાય છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર હોય છે. પણ લોકોને એમાં જ બહુ રસ પડે છે. 'રંગ લાગ્યો મહાવીર તારો' કેટલાય માણસ સાંભળે લ્યો. કેટલું સારું લાગે માણસને. એય..! બાબુભાઈ! આવી ઝીણી વાત આવે ત્યાં આ શું કહે છે? 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો, તારી ભક્તિ કરવાનો મારો ભાવ જાગ્યો.' માળું સમજાય પણ ખરું એમાં જરી. એય..! ચીમનભાઈ! 'અને પૂજા કરવાનો મારો ભાવ જાગ્યો, મહાવીર તારો રંગ લાગ્યો.' ઓલા માળા બધા બોલેય ખરા અને બોલવામાં જરી ટેકો પણ આપે. છગનભાઈ! આ તો કહે રંગ લાગ્યો. ચૈતન્યના અંતરમાં એને રંગ કહેવામાં આવે છે. આહા..હા..! એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રંગ લાગ્યોનો વિકલ્પ પણ અનાચાર છે. ગજબ છેને. એ લોકોને એ બહારમાં પોતાની ચિદાનંદની મહિમા જ

આવતી નથી. હું શું છું? એમાં શું છે? કોઈ દરબારના ઘરે જાય તો એને મહિમા આવે છે. એમાં શું હશે? કેવું હશે? કહ્યુંને અમે એક ફેરી વડીયા વડીયાને? વડીયા. વડીયા ગયા તો ત્યાં રાણી હતી. એટલે રાણી બહાર નીકળે નહિ. રાજા હતા. બીજા રાજાઓ ત્યાં ભણવા આવેલા એની પાસે.

**શ્રોતા** :- રાજા હુશિયાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાજા હુશિયાર. બીજા ભણવા આવ્યા હોં. તો રાજાએ કહ્યું, મહારાજ! રાણીના દર્શન કરવા છે. .. પધારો ત્યાં. શું કહેવાય? દરબારમાં. બીજાને એમ કે જાણે રાણી કેવા હશે? ત્યાં અંદર ગયા તો આ બધા રાજાની રાણી ખરીને. સુખ બધું ખાવા-પીવાનું. આ બધા લબડે હોં. જાડું શરીર અને લોહી બહુ વધે, ભાઈ! લોહી વધી ગયું. આ બધું આમ બહુ વધી ગયેલું. જુવાન માણસ આમ તો ચાલીસ વર્ષની ઉંમર. એમાં મોહ મારા કરે છે કે એમાં કેવું હશે? એટલે રાજમહેલમાં રાણી કેવી હશે? એમ એનો તો મોહ થાય, પણ આ આત્મામાં ગુણ કેવા હશે કોઈ દિ' મોહ થયો છે કહે છે એને? એની દીકરી ઉભી હતી દર્શન કરવા. એમ કે આ લોકોને કીધું રાણીને જોવાનું મન બહુ થાતું હશે. ઓજલમાં રહે. અહીં જોઈએ ત્યારે સમજ્યા જેવું છે. કાંઈ રૂપ નહિ, રંગ નહિ, નમણાઈ નહિ, કાંઈ સુંદરતા નહિ. આમ બાઈના .. પણ શરીરની એવી સ્થિતિ કે કાંઈ જાણે બધું. પણ લોકોને એવું લાગે કેવી રાણી હશે? એનો રાજા આવો હુશિયાર. એનો રાજા હુશિયાર બહુ વડીયાનો. અહીં આત્મા કેવો છે એની મહિમા જ એને કોઈ દિ' આવતી નથી. કોઈ દિ' પોતાના નિજ દરબારમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો નથી.

**શ્રોતા** :- ક્યારે પણ પસંદ ન કર્યો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પસંદ ન કર્યો કે ઓહો..! શું છે જ્ઞાયક ચૈતન્યરત્ન એમાં જેની પ્રશંસા કેવળીની વાણીમાં પૂરી આવતી નથી! સમજાણું કાંઈ? અને મારા ચૈતન્યમાં તો અનંત સિદ્ધ ભગવાન બિરાજે છે. અનંત સિદ્ધ બિરાજે છે. આત્મામાં એ કોઈ પર્યાય છે કે નહિ? સિદ્ધ પરમાત્મા તો એક સમયની પર્યાય છે. બીજે સમયે બીજી એમ સાદી અનંત સિદ્ધ પરમાત્મા એવા આત્મામાં બિરાજમાન છે. સમજાણું કાંઈ? એવા આત્માની અંતર સહજ વૈરાગ્ય ભાવનારૂપે એના પદની દૃષ્ટિ કરીને પરથી ઉદાસીન થઈને સ્થિરભાવ કરે છે એ પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, લ્યો. એને પ્રતિક્રમણમય કહેવામાં આવે છે.

**'કારણ કે તે પરમસમરસીભાવનારૂપે પરિણમ્યો થકો...'** વીતરાગ. જુઓ ભાષા નાખે છે એમાં. એ પંચમહાવ્રતાદિનો વિકલ્પ હતો એ તો રાગ હતો. વ્યવહારપ્રતિક્રમણ હતું એ રાગ હતો. સમજાણું? એ અનાચાર હતો. આહા..હા..! નિશ્ચય એને અનાચાર કહે, વ્યવહાર એને આચાર કહે. એની કથનની પદ્ધતિ. સમજાણું કાંઈ? વ્યવહાર એને વ્યવહારધર્મ કહે, નિશ્ચય એને અધર્મ કહે. ધર્મ એ તો ધર્મથી વિરૂદ્ધ તે અધર્મ જ છે. અનાચાર કેમ કહ્યું? કઠણ લાગે છે કે અરે..! કહે

છે કે પરમસમરસીભાવ. શાંત... શાંત... શાંત... જેમાં રાગના વિકલ્પરહિત પોતાના ચૈતન્યરસની પરિણતિ પરમસમરસભાવ, શાંતરસભાવ, અવિકારી ભાવનાથી પરિણત થયો. પાછો પરિણમિત થયો. એકલું શ્રદ્ધા, જ્ઞાન એમ નહિ. એમ **'પરિણમ્યો થકો સહજ નિશ્ચયપ્રતિક્રમણમય છે.'** સ્વભાવિક એ નિશ્ચય સત્ય પ્રતિક્રમણમય આત્મા છે. કહો, સમજાણું? એ જ ચારિત્ર અને એનું નામ મોક્ષમાર્ગી આત્મા કહે છે.

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રવર્તો... એ પરિણમન કરે છે.

**'(હવે, આ ૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-)'**

**(मालिनी)**

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा।**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः।।११३।।**

આ તો સત્ય ... ભગવાનનો શાંતરસ ભગવાન કહે છે **'આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા,...'** આહા..હા..! કહે છે કે એમાં સંસારનો રાગાદિ તો છે નહિ, તો છે શું આત્મામાં? **'નિજ પરમાનંદરૂપી...'** નિજ-પોતાનો અતીન્દ્રિય આનંદ વસ્તુસ્વરૂપનો નિજ પરમ આનંદ એવો **'અદ્વિતીય અમૃત...'** અદ્વિતીય અમૃત, અજોડ અમૃત. જેની અમૃત સાથે તુલના કરવાની કોઈ ચીજ છે નહિ. આહા..હા..! **'પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા...'** એનાથી ગાઢ ભરેલો આત્મા. જેમ કળશમાં અમૃત ભરેલું હોય એમ ભગવાન આત્મામાં પરમ અતીન્દ્રિય આનંદ ગાઢ ભરેલો છે, ઠસોઠસ ભર્યો છે. ઠસોઠસ કહે છે? હિન્દીમાં કહે છે? લબાલબ. સમજાણું કાંઈ? ઠસોઠસ ભરે છેને ગોદડા કેવા? રૂ-રૂ. રૂના મોટા ધોકડા. ધોકડા હોય છેને પછી .. કરે છે. પચ્ચીસ મણ હોય પટ્ટો બાંધીને ઠસોઠસ ભરે છે. પાણી પણ ન ગરી શકે. રૂમાં હોં. રૂને એવું પાક્કું બાંધે કે એમાં પાણી પણ ન ગરી શકે. ... નાખે છે. એમ ભગવાન આત્મા એવો ગાઢ ભરેલો છે અતીન્દ્રિય આનંદથી કે જેમાં વિકલ્પનો પ્રવેશ નથી. સમજાણું કાંઈ? દસ-દસ મણના, પચ્ચીસ મણની હોય છેને. ગાંઠડી કહે છે, ભાઈ! અમારે તો ત્યાં દસ-બાર જિન બહુ પાલેજમાં. પાલેજમાં આપણા દેશમાં ઘણું જોવાનું મળ્યું હોયને ત્યાં તો નાની ઉંમરમાં તો.

અહીં કહે છે અરે..! રૂ જેવી ચીજ પાક્કી બાંધે છે તો પાણી પ્રવેશ ન કરે! સમજાણું? આહા..હા..! ગાઢ ભરે છે. દૃષ્ટાંત નથી દેતા એ પલ્યોપમનું. પલ્યોપમનું. કાળનું માપ નથી આવતું? કે પલ્યોપમ કોને કહે છે. એક યોજનનો ઉંડો, એક યોજનનો પહોળો એવા ઝીણા વાળ

જુગલિયાના (ભોગભૂમિના ઘેંટાના) બહુ ઝીણા. બહુ સૂક્ષ્મ એના અસંખ્ય ટૂકડા કરીને ઠસોઠસ ભરી દે. તેના ઉપર ચાલે તો એક રજ ખસે નહિ. અગ્નિ ઉપર મૂકો તો અગ્નિ પકડી શકે નહિ. એટલું નિવડ. સમજાણું કાંઈ? અગ્નિ પકડી ન શકે. અગ્નિ તો ત્યારે પકડે કે કોઈ પોચી ઝીણી ચીજ હોય. મજબુત અંદર પક્કડ એવી કે એમાંથી સો વર્ષથી ટૂકડો કાઢે એવા-એવા .. ખાલી થઈ જાય એ કાળને પલ્યોપમ કહે છે. અને એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમને એક સાગરોપમ કહે છે. એવા-એવા ૩૩ સાગરોપમનું સર્વાર્થસિદ્ધના દેવનું આયુષ્ય છે. સમજાણું કાંઈ? એટલો કાળ સ્વાધ્યાય કરે છે. દેવલોકમાં એટલો કાળ સ્વાધ્યાય કરે છે. બાયડી નહિ, છોકરા નહિ, રાંધવાનું નહિ, ખાવું-પીવું નહિ. આહા..હા..! એવા આત્માનો સ્વાધ્યાય કરે છે. ઓહો..હો..! કેવો છે આત્મા? અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલો છે. જેની ઉપમા બીજાની સાથે શું કરવી એવી ચીજ છે, કહે છે.

'**સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને**...' લ્યો, સ્ફુરિત એ જ્ઞાનસ્વરૂપ એ સ્ફુરિત પ્રગટ પડ્યું છે અંદરમાં. બે લીધાને આનંદ અને જ્ઞાન. પ્રગટ સહજ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને '**નિર્ભર (-ભરચક) આનંદ અને ભક્તિપૂર્વક**...' આનંદ અને ભક્તિ, આનંદ ભક્તિપૂર્વક. આહા..હા..! કહે છે કે ભગવાન અતીન્દ્રિય આનંદમય છે. એની દૃષ્ટિ, જ્ઞાન, લીનતા કરો તો એમાં પરમ આનંદરૂપી ભક્તિ પ્રગટશે. આ ભગવાનની ભક્તિ કરે છે એ તો શુભવિકલ્પ છે. આ તો પોતાનું નિજસ્વરૂપ અતીન્દ્રિય આનંદરૂપ જ્ઞાનથી ભરેલું છે એ '**આનંદ અને ભક્તિપૂર્વક નિજશમમયજળ વડે સ્નાન કરાવો;**...' તો એમાંથી વિકારનો નાશ થઈને વિકારનો અભાવ થઈ જાય છે. એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિર્ભર આનંદ**...' ભરપૂર આનંદ '**ભક્તિપૂવક**...' એકાકારપૂર્વક. '**નિજશમમયજળ વડે**...' પોતાના સમતારૂપી જળ વડે. વીતરાગતા આનંદ ભક્તિપૂર્વક આત્માને સ્નાન કરાવો. આ સ્નાન છે. બહારના સ્નાનથી કોઈ પવિત્રતા છે નહિ. શુભભાવથી પવિત્રતા નથી થતી એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! આઠ વ્યવહાર શુભ .. એમાં કાંઈ 'વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ.' ભગવાન આત્મા શમજળ વડે આનંદ અને ભક્તિપૂર્વક આત્માને સ્નાન કરાવો, એકાકાર થઈ જાઓ. '**બહુ લૌકિક આલાપજળોથી શું પ્રયોજન છે**...' આહા..હા..! જુઓ, લૌકિક, ભાઈ આવ્યું આમાં તો. ઓલા વ્યવહારને લૌકિક કહે છેને. દ્રવ્યસંગ્રહમાં આવે છે. જુઓને એ જ શૈલી લીધી જુઓને એ. આ '**લૌકિક આલાપજળોથી શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અનેક લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે)?**' એનો અર્થ એ છે કે વ્યવહારના કથન એ બધા લૌકિક કથન છે. સમજાણું કાંઈ? એ લૌકિક નથી. આહા..હા..! જૈન પરમેશ્વરે જે વ્યવહાર કહ્યો એ વ્યવહાર લૌકિક કથન, લોકોત્તર કથન. લોકોમાં દેખાય છે અને લોકો એને માને છે અને લોકોનો એમાં વિશ્વાસ છે. લૌકિક લૌકિક છે.

ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ આનંદ. જુઓને, જલસા ઉડાવવા નથી જતા? નવરા હોય ત્યારે જલસા ઉડાવવા જાય છે કે નહિ? જુઓને આ નહોતા ઓલા મુંબઈમાં ગયા? જાય છેને સાંજે? એક રાત અહીં બહાર છેને એક બોરીવલી. ચોપાટી બધે ગયા હતાને. એ વજુભાઈ ગયા હતા. પાંચ લોકો ગયા હતા અને બીજે દિવસે મારી નાખ્યા. આપણે અહીં નહિ વજુભાઈ મોદી. ત્યાં દિવસે ગયા હતાને એ. પાર્ક શું કહેવાય? નેશનલપાર્ક એવા બધા ઘણા શબ્દો હોય છેને તમારે ત્યાં? કહે છે કે એવા જલસા ઉડાવે છે તો એકવાર આત્મામાં તો જલસા ઉડાવો! જલસા કહે છે. આહા..હા..! અરે..! તારી પાસે તો આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ ભરેલા છેને. તો એકવાર પ્રગટ કરીને આનંદ ભક્તિસહિત જલસા ઉડાવો! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તને પરનો વિશ્વાસ છે અને પોતાનો વિશ્વાસ છે જ નહિ. આ તો બસ આનંદ કર્યા, પાંચ-દસ-પચાસ માણસ ભેગા થયા હતા. ... ખરડો કર્યો એવું કર્યું હતું કાંઈક એવું. નહિ? પૈસા ભરાવ્યા હતા અને એમાં એણે પોતે વધારે લખાવ્યા હતા. એમ કે છોકરાઓ ત્યાં ... ઓહો..હો..! આહા..હા..! શું આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો બાળક અને આદમી શરીરને દૃષ્ટિમાંથી કાઢી નાખો. ભગવાન આત્મા આનંદથી ભરેલો છે એવી દૃષ્ટિ કરો એમ કહે છે અહીંયાં તો. દૃષ્ટિનો વિષય બદલી નાખો. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની દૃષ્ટિમાં પોતાની દોલત દેખાય અને દેખતા જ આનંદથી ભક્તિપૂર્વક આત્મામાં એકાકાર થાય એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ અને સ્નાન કહેવામાં આવે છે. એકેએક શબ્દ લીધો છે લ્યો. આ સ્નાન છે. શુભભાવથી પણ યથાર્થ સ્નાન નથી. શુભભાવ પણ યથાર્થ સ્નાન નથી. લૌકિક જ કહી દીધું અહીં તો. એ લૌકિક વ્યવહાર નહિ એ લૌકિક જ છે. લ્યો સમજાણું કાંઈ? અંતર સ્વભાવની એકાગ્રતા એ લોકોત્તર છે. આહા..હા..! આ શાસ્ત્રોમાં એવી વાત પડી છે. પણ લોકોને એ... ઓલા તો કહે કે નહિ, પરની દયા એ ધર્મ છે, એનાથી સંવર છે અને એ ... ત્યાં સુધી લખ્યું છે. એ આ ચોપડીમાં લખ્યું છેને. અરે..! ભગવાન! શું કરે છે, પ્રભુ! એ પત્તો નહિ ખાય, ભાઈ! જ્યાં સુધી તને રાગની મહિમા રહેશે ત્યાં સુધી વીર્ય અંતરમાં નહિ જાય. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અહીં તો કેટલા વખાણ કરે કે શબ્દો ઓછા પડે અમારે પંડિતજી કહે છેને. આહા..હા..!

ભગવાન ચૈતન્ય જ્યોત ભરપૂર સ્ફૂટ પ્રગટ પડ્યો છે અંદર અને અતીન્દ્રિય આનંદ અદ્વીતિ અજોડ આનંદ છે. ઇન્દ્રના ઇન્દ્રાસનમાં, ઇન્દ્રાણીના ભોગમાં જે રાગ છે એ તો ઝેર છે. ભગવાન આત્માનું અંતર ભોગ્યસ્થાન, ભોગવવાયોગ્ય એવો આત્મા એની સાથે એકાકાર થઈને સ્નાન કરો. સાથે .. વીતરાગતા લીધી છેને? આનંદની સાથે રાગરહિત વીતરાગતા છે. એમાં રહો, સ્નાન કરો, એમાં ડૂબી જાવ આત્મામાં. ઓહો..હો..!

**'બહુ લૌકિક આલાપજળોથી શું પ્રયોજન છે?'** વ્યવહારનું કથન શાસ્ત્રમાં બહુ આવે છે.

એનાથી તને શું ફાયદો થશે? વ્યવહારથી તને શું ફાયદો થશે? આહા..હા..! સમજાણું કાંઈ? હોય, પણ એનાથી શું? એ તો એ જ કહે છે કે નહિ દ્રવ્યપ્રતિક્રમણ ભાવનું કારણ છે, વ્યવહાર તે નિશ્ચયનું કારણ છે. વસ્તુની દૃષ્ટિ નથી, સત્યતા આવતી નથી એ સત્યમાં આચરણ કેમ કરે? સમજાણું કાંઈ? '**કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે?**' એનો અર્થ કે વ્યવહારથી તારું શું કાર્ય સરે છે? આહા..હા..! આનંદઘનજીએ કહ્યુંને 'વ્યવહારે લખ દોહ્યલો કાંઈ ન આવે હાથ રે.' શ્વેતાંબરમાં કહ્યું હોં એ આનંદઘનજીએ. 'વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ, પરમાર્થ પંથ સેવતા રહે ન દુવિધા સાથ.' ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ આનંદ-જ્ઞાનના જળથી ભરેલો, આ એમાં ઠરો તો કોઈ દુવિધા રહેશે નહિ. સમજાણું કાંઈ? એનું નામ આચાર કહેવામાં આવે છે. એ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્ર આચાર, વીર્યાચાર, તપાચાર ત્યારે એનું નામ આચાર છે. અંતરમાં ઠરવું એનું નામ પાંચ આચાર છે. આહા..હા..! બીજો શ્લોક.

**(स्रग्धरा)**

**मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं**
**स्थित्वात्मन्यात्मनात्मा निरूपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ।**
**बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः**
**सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्धसाक्षी।।११४।।**

આહા..હા..! ઉછાળ્યો છેને આત્માને પણ, ભરતી-ભરતી કહે છે. ભરતી સમજો છો? દરિયામાં નહિ ભરતી આવે છે? ભરતી આવે છે. ઉછાળો મારે છે.

'**શ્લોકાર્થ :- જે આત્મા જન્મ-મરણને કરનારા, સર્વ દોષોના પ્રસંગવાળા અનાચાર અત્યંત છોડીને,...**' જુઓ, ભાષા. '**જે આત્મા જન્મ-મરણને કરનારા,...**' શુભાશુભપરિણામ જન્મ-મરણને કરનારા છે. એ શુભપરિણામ પણ જન્મ-મરણને કરનારા છે. ઓલા રાડ પાડે છે કે નહિ... નહિ... નહિ... શુભ સંસાર નહિ. એમાં સંસારમાં નથી ભટકતા, એમાં તો આમ હોય છે. હવે સાંભળને!

**શ્રોતા :-** ... પરંપરા નિગોદમાં ચાલ્યો ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિગોદ જ છે પરંપરા. અમારે ભોગીલાલજી ઠીક. ... પાક્કું થઈ ગયું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જન્મ-મરણને કરનારા એ શુભભાવ. ખરેખર તો એની વાત છે. '**સર્વ દોષોના પ્રસંગવાળા...**' આ જેટલો રાગનો પ્રસંગ એ સર્વદોષનું કારણ છે. શુભભાવનો પ્રસંગ-પ્રસંગ પણ સર્વદોષનું કારણ છે. જુઓ, સમજાણું કાંઈ? .. યુક્તતા. રાગની યુક્તતા, રાગનો સંબંધ, શુભરાગનો સંબંધ એ બધા સર્વદોષોના પ્રસંગવાળા અનાચાર છે.

**શ્રોતા :-** (તેનાથી છૂટવા કરવું શું?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં અંદરમાં જવું ઇ. કરવું શું? વસ્તુ તો એ જ છે. આહા..હા..!

પહેલા નિશ્ચયમાં તો લે, દૃષ્ટિમાં કબુલ તો કરે. એ આત્મા શુભાશુભપરિણામ બધું સંસાર છે. જન્મ-મરણને કરનાર એના સંબંધમા સૌથી પહેલા દોષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? જેમ કુશીલના સંગથી કુશીલ બને છે એમ કહે છે. એના પ્રસંગવાળો અનાચાર. ઓલા અનાચારને તું છોડ. .. ભાઈ! પણ બહુ ઓલું સારું લાગે. જાત્રા કરે ને આ કરે અને આમ એકવાર ઉપર ચડે, નીચે ઉતરે, ત્યાં વળી ખર્ચે જાત્રામાં આઠ-દસ હજાર ખર્ચે. ઓહો..હો..! પણ એમાં તારી ચીજ શું હતી? જડ ક્યાં તારું હતું અને રાગ ક્યાં તારી ચીજ છે? સમ્મેદશિખરની એક જાત્રા કાઢે બસ થઈ ગયું જાવ. દસ લાખ ખર્ચે ધર્મની પ્રભાવના. ધૂળ ધર્મની પ્રભાવના આત્મામાં થાય કે બહારથી થાય? હજી કોઈ કહે કે બે વાર જઈ આવ્યા પણ એકવાર .. અમે રહી ગયા હતા ભાઈસાહેબ. એમ કેટલાક પોકાર કરે છે સાથે. કેમ ..ભાઈ! એમ છે જુઓ. .. પ્રયત્ન કર્યા. બીજા પણ કોકનું લખાણ આવ્યું છે. આ વસંતભાઈ. સાચી વાત. એ કહેતા હતા. એકવાર .. બાપા હવે. એ આ સમ્મેદશિખર હવે આત્મામાં જાઓ. આહા..હા..!

**'સર્વ દોષોના પ્રસંગવાળા અનાચારને અત્યંત છોડીને...'** ભાષા જુઓ, એકલી છોડીને એમ નહિ. ગંધ ન રહેવા દે એમાં. ભગવાન જ્ઞાયકમૂર્તિ નિર્લેપ ચિદાનંદ ભગવાન એમાં એકાકાર થાવ બધું છોડીને. સમજાણું કાંઈ? કેવો છે ભગવાન આત્મા? એની વાત કાલે વિશેષ કરશે લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૧૩, બુધવાર, તા.૧૮-૦૫-૧૯૬૬
## કળશ-૧૧૪, ગાથા-૮૬, પ્રવચન-૬૬

નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષના માર્ગમાં પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની અંતરદૃષ્ટિ કરીને, એનું જ્ઞાન કરીને એમાં લીનતા કરવી એનું નામ મોક્ષનો માર્ગ છે. એ ચારિત્રની વ્યાખ્યા અહીં વિશેષ ચાલે છે. ચારિત્રમાં નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ શું છે? સાચું પ્રતિક્રમણ. સાચું પડિક્કમણ કરે. ખોટા પ્રતિક્રમણ હોય છે કે નહિ? આત્મા પોતાનું નિજ સ્વરૂપ આનંદ ત્રિકાળી જ્ઞાયકની અંતર દૃષ્ટિ કરીને પછી સ્વરૂપમાં સ્થિર થવું અને રાગથી ખસવું એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. કહો, એ પ્રતિક્રમણ. એની વ્યાખ્યા કહે છે જુઓ.

શ્લોકાર્થ ૧૧૪ છે. **'જે આત્મા...'** **'જન્મ-મરણને કરનારા,...'** આ જન્મ અને મરણના

કરનારા **'સર્વદોષ...'** સર્વદોષ. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન અને મિથ્યા અજ્ઞાન આદિ ભાવ સર્વદોષો એ જન્મ અને મરણના કરનારા છે. કહો, સમજાણું કાંઈ? એના **'પ્રસંગવાળા અનાચાર...'** એ શુભાશુભરાગ એનો પ્રસંગ કરવો એ અનાચાર છે. **'અત્યંત છોડીને,...'** અંતર સ્વભાવમાં શુદ્ધ આનંદ એ આત્મા છે. એમાં એકાકાર થઈને એ શુભાશુભ પરિણામને છોડીને. ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. **'નિરૂપમ...'** કેવો છે આત્મા? આ આત્મા અંદર કેવો છે?

**શ્રોતા** :- અંદર આત્મા એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ અંદર એટલે આ દેહ, વાણી, મન, રાગાદિ નહિ. અંતર સ્વરૂપ આત્મા. અંતર આત્મા કહો કે અંતર સ્વરૂપ કહો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતરમાં, અંતર પોતાનું નિજસ્વરૂપ નિરૂપમ. જેની કોઈ ઉપમા નથી. એવો આત્મા શુદ્ધ સિદ્ધ સમાન શુદ્ધ ભગવાન પોતાનું નિજસ્વરૂપ કેવું છે? સહજ આનંદ. જેમાં સ્વભાવિક અતીન્દ્રિય આનંદ પડ્યો છે આત્મામાં.

**શ્રોતા** :- પડ્યો છે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે. આત્મામાં આનંદ છે. આત્મામાં દુઃખ છે નહિ. કલ્પના કરીને દુઃખ ઉત્પન્ન કર્યું છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ અને 'મને પરમાં સુખ છે' એવી ભ્રાંતિ ઉત્પન્ન કરીને, ભ્રમણા, મિથ્યાભાવ એ દુઃખ છે. સમજાણું કાંઈ?

**'સહજ આનંદ-દર્શન...'** દેખવું અંદર સ્વભાવ ત્રિકાળ. આત્મામાં સ્વભાવિક આનંદ, સ્વભાવિક દર્શન સ્વભાવિક અંતર **'જ્ઞાન...'** અને સ્વભાવિક **'વીર્ય...'** પુરુષાર્થ. એવા આત્મામાં. આ એને આત્મા કહ્યો. સમજાણું કાંઈ? સ્વભાવિક અંતર આત્મા. આ સમ્યગ્દર્શનસહિતની વાત છે. સમજાણું કાંઈ? એને સાચું પ્રતિક્રમણ કહે છે. પહેલાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ હોય છે. અહીંયાં તો અવ્રતના પ્રતિક્રમણની વાત ચાલે છે. સમજાણું કાંઈ? પહેલાં તો મિથ્યાત્વના પ્રતિક્રમણમાં 'શુદ્ધ આનંદ સહજજ્ઞાન-આનંદ-દર્શન છું,' એવી અંતર દૃષ્ટિ કરીને પર્યાયની નિર્મળતા પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન એ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીંયાં તો ચારિત્રની વાત ચાલે છે. ચારિત્ર કોઈ બહારની ક્રિયાકાંડ નથી. ભેખ નગ્ન થઈ ગયો તો ચારિત્ર થઈ ગયું એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અનેકાંત તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનેકાંત .. કે આ ચારિત્ર અને બીજું ચારિત્ર નથી. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ... સ્વભાવિક આનંદ, સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન અને સ્વભાવિક વીર્ય. આનંદમાં સુખ આવી ગયું. એવો આત્મા પહેલા દૃષ્ટિમાં લીધો છે. શ્રદ્ધામાં લીધો છે, એવા આત્માથી, આત્મામાં, આત્માથી. આત્માથી એટલે? વીતરાગી પર્યાય વડે.

સમજાણું કાંઈ? રાગરહિત અવસ્થા વડે નિર્વિકલ્પ પર્યાય વડે સ્થિત થઈને. આત્મામાં સ્થિત-સ્થિત. શાંત સ્વરૂપ.

**'બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...'** બાહ્યાચાર નામ શુભાશુભ, શુભ જે પરિણામ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્ર એવો શુભરાગ એ **'બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...'** એ બાહ્યાચારનો અર્થ દેહની ક્રિયા નહિ, બાહ્ય શુભરાગ. સમજાણું કાંઈ? એ જ્ઞાનના કાળે ભણવું, વિનયથી ભણવું આદિ આઠ આચાર આવે છેને? દર્શનના આઠ વ્યવહાર આચાર આવે છે અને ચારિત્રના વ્યવહાર પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનો વિકલ્પ એવો વ્યવહારનો વિકલ્પ જે રાગ છે. બહિર્મુખી લક્ષમાં રાગ ઉત્પન્ન થાય છે એને છોડીને. આહા..હા..! ભારે વાત, ભાઈ! માણસને કઠણ એવું લાગે છેને આ. મૂળમાર્ગ છે એ તરફ એની દૃષ્ટિ અનંતકાળમાં ગઈ નથી. બહારથી માની લીધું એવું પડિક્કમણું કરી લીધું, આવું પડિક્કમણું કર્યું જાવ. કહો, ભગવાનભાઈ! ..પત્થરનું.. પડિક્કમણા કરવા ગયા. આ પડિક્કમણું કરી આવ્યા મિચ્છામી દુક્કડમ જાઓ. એ પડિક્કમણા નહિ. એ તો અંદરમાં રાગની ક્રિયા થઈ અને એણે માન્યું કે મેં ધર્મ કર્યો. એ તો મિથ્યાત્વ થયું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે **'બાહ્ય આચારથી મુક્ત થયો થકો,...'** અંતરમાં શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ પ્રભુ એમાં એકાકાર થઈને **'બાહ્ય આચારથી મુક્ત થયો થકો, શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી...'** આહા..હા..! સમતારૂપી દશા, સમતારૂપી સમુદ્ર એનું જળબિંદુ. એના જળના બિંદુ આમ છાંટે છેને છાંટે છે. ટુવાલ નથી છાંટતા? આમ પાણી ઝાડમાં નાખે છેને આમ ફુવારા વડે અંદર. જારી. એમ કહે છે કે **'શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે,...'** આહા..હા..! એ વાત સાંભળી એને અંદર ફુવારો ફૂટે છે કહે છે સમતાનો, એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એમાં એકાકાર થઈને જે શાંતિનો ફુવારો ફૂટે છે એનાથી આત્માને ધોઈને **'પવિત્ર થાય છે,...'** એનાથી આત્મા પવિત્ર થાય છે. એ પર્યાયની દશાની વાત કરી. શું કહે છે? શુદ્ધ પરિણમન... આ દેખાય, આ દેખાય નહિ કહે. પણ દેખાય નહિ એ જ દેખે છે. દેખનાર જ કહે છે કે હું દેખતો નથી. તું દેખનારો જ દેખાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે પોતાના આત્મા ઉપર કદી નજર કરી નથી. પોતાની ચૈતન્યની સત્તા હોવાપણામાં શું છે એને પ્રતીતમાં લીધો નથી. તો એમાં સ્થિરતા ક્યાંથી થશે? તો કહે છે કે અહીંયાં તો ચારિત્ર ચરવું, રમવું, જમવું અંદર. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, વીર્યસ્વરૂપ આત્મા. એમાં જામી જાવું, લીન થવું. એનાથી જે શાંતિ પ્રગટી એનાથી પવિત્ર થયો થકો, એનાથી આત્મા પવિત્ર થયો થકો.

**'તે આ પવિત્ર પુરાણ (-સનાતન) આત્મા...'** એવો પવિત્ર સનાતન આત્મા **'મળરૂપી ક્લેશનો ક્ષય કરીને...'** મેલરૂપી ક્લેશનો ક્ષય કરીને એટલે નાશ થઈ જાય એને ક્ષય કરીને

**'લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.'** જગતનો જ્ઞાતા-દૃષ્ટા રહીને સ્થિર થાય છે. એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! હજી સમજવું કઠણ પડે. એય..! હીરાલાલજી!

**શ્રોતા :-** આ વાત સાંભળવામાં જ આવે નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં તો કહે છે કે આ શું કહે છે એ એને ખ્યાલમાં આવવી જોઈએને વાત. આ તો જડ, માટી, ધૂળ. વાણી ઉઠે છે એ જડ, આ દેખાય એ બધું જડ, દેખનારો જડથી ભિન્ન. અને એમાં શાંત... શાંતરસથી ભરેલો એટલો અંતરમાં એકાગ્ર થઈને એ વીતરાગી, અરાગી, નિર્દોષ દશા પ્રગટે આ એનું નામ પ્રતિક્રમણ સાચું કહેવામાં આવે છે. **'ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.'** લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી. વિકલ્પ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતા-દૃષ્ટારૂપ અંદર પરિણમન થયું એ જગતનો સાક્ષી છે. વિકલ્પ આવ્યો એનો પણ કર્તા-હર્તા નથી. આ એનું નામ સાચું પ્રતિક્રમણ, એનું નામ સાચું ચારિત્ર, એનું નામ મોક્ષનો માર્ગ. કહો, સમજાણું કાંઈ? એ ૮૫ ગાથા થઈ. ૮૬.

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८६।।**

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**

પ્રતિક્રમણની વ્યાખ્યા પણ સાંભળી ન હોય તમારી બાએ ત્યાં. જુઓ, ખુબી આ શું છે?

**'ટીકા :- અહીં ઉન્માર્ગનો પરિત્યાગ...'** સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર દેવાધિદેવ પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ. આજે લખાણ એક આવ્યું છે એમાં... આત્માનું. કેટલાક કેવળજ્ઞાનમાં હવે શંકા કરવા માંડ્યા. એમ પણ લાગે છે. આ છેને આમાં આવ્યું. આત્માનું ઉપયોગ લક્ષણ છેને એમાં ઉપયોગની વ્યાખ્યા કરી છે. એમાં એણે જરી કોકને .. પાડ્યા છે કે કેટલાક હજી આમાં.. અત્યારે કેવળજ્ઞાનની શ્રદ્ધા નથી કરતા કેટલાક એવા લાગે છે કહે. માટે અત્યારે આ સુધારો. લોકોમાં સુધાર કરો એવું કાંઈક કહે છે. '.. આચાર્ય આદિ કે ગૃહસ્થ પંડિત કેવળજ્ઞાન અને સર્વજ્ઞપણાની પ્રાપ્તિની શક્યતા વિશે શંકા ઉઠાવી. શ્વેતાંબર .... કોઈએ શંકા ઉઠાવી નથી.' એમ. 'છતાં હાલના કેટલાક વિદ્વાન ગણાતા પ્રતીષ્ઠિત જૈન પંડિતો તે વિશે શંકા ધરાવે છે. તેના ... થોડો વિચાર કરવો જોઈએ. હાલના કેટલાક વિદ્વાન જૈન પંડિતો કેવળજ્ઞાન અને સર્વજ્ઞપણામાં માનતા નથી.' ... આહા..હા..!

એક સમયમાં આત્મામાં સર્વજ્ઞપણું પડ્યું છે અંદર અને પ્રગટે છે એ પ્રતીતમાં .. કારણ કે આ પ્રશ્ન ઉઠ્યોને કે સર્વજ્ઞ દેખે એમ થાય છે... સર્વજ્ઞ દેખ્યું એમ થાય છે. ત્યાં વાત ગઈ છે. કીધું આ સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ દેખે કોની સાથે મેળવવું? શું કરવું? પુરુષાર્થ કેમ કરવો? અને એમાં કેવો મોક્ષમાર્ગ છે અને શું છે? કેટલાક તો બિચારા લખે છે હો. '... હાલના વિજ્ઞાન અને .. પ્રશંસક છે. તે સાથે તેઓ અન્ય દર્શન હાલનું વિજ્ઞાન સર્વજ્ઞપ્રણિત નથી. સર્વજ્ઞપ્રણિત નથી. કેવળ

કે આત્મ.. નથી. અન્ય કોઈ દર્શન શાસ્ત્રના તેના પ્રણેતા કેવળજ્ઞાની સર્વજ્ઞ હોવાનો કોઈએ દાવો કરેલ નથી.' આ તો કેવળજ્ઞાન .. એમાં શંકા છે .. ઉપયોગલક્ષણ જીવ આત્મા જ્ઞાનસ્વરૂપે ચૈતન્યમૂર્તિ એ ખરેખર તો સર્વજ્ઞ સ્વભાવની મૂર્તિ આત્મા છે. સમજાણું કાંઈ?

આત્મા એટલે સર્વજ્ઞ એટલે જ્ઞ સ્વભાવ, ચૈતન્યસ્વભાવ, જાણકસ્વભાવ. એ જાણકસ્વભામાં અપૂર્ણતા કે વિપરીતતા એમાં ક્યાંથી આવી? વસ્તુસ્વભાવ સર્વજ્ઞ ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્ય, ચૈતન્ય પ્રકાશબિંબ એનું નામ આત્મા. એ તો સર્વજ્ઞસ્વભાવ થઈ ગયો. અને એને આશ્રયે પર્યાય પ્રગટે છે. સર્વજ્ઞ પર્યાય એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે એવી એની પર્યાયની તાકાત છે. એ માટે અહીં સિદ્ધ કરે છે. ત્રણ તો વિશેષણ આપ્યા જુઓ, **'મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ વીતરાગ...'** ચોથી લીટી. એવા સર્વજ્ઞ કોણ છે એની પ્રતીતનું ઠેકાણું નથી. સમજાણું? આ બધા અત્યારે કેટલાક નીકળ્યા છેને કેટલાક સાધુઓ. બહારની વાતું આમ કરવી, આમ કરવું, આ કરવું, સુધારો કરો. 'કદાપિ અમારે ભવ કરવા પડે તોપણ લોકસુધારા માટે ભવ કરવા પડે તો હરકત નથી.' આ લોકો મૂઢ એમ કહે. ભાઈ! એમાં લખ્યું છે હોં જરી. જો એમ કે અમારે ભવ કરવા પડે તોપણ હરકત નથી. લોક માટે સુધાર માટે એકાદ ભવ કરવા પડે; પણ તને ભવનું ભાન જ નથી. ભવની રૂચિ છે એ તને મિથ્યાદૃષ્ટિપણું છે. સારા .. શી? અવતાર કરું બીજો સુધરી જશે. તારાથી સુધરતો હશે! એણે લખ્યું પાછું હોં. ભાઈ! પોતાનો કરવાલાયક છે. પોતાનો કરવાલાયક મફતમાં ક્યાં પડ્યો ... દુનિયાને સુધારી દેવા, દુનિયાને આમ કરી દેવું. અમારે વળી એકાદ ભવ હશે. સમજાણું કાંઈ? આ તો એક આવ્યું હતું. થોડું જોયું હતું. બધું ક્યાં જોયું છે.

**'અહીં ઉન્માર્ગનો પરિત્યાગ...'** સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, ત્રિલોકનાથ એનાથી વિરૂદ્ધ જેટલો માર્ગ છે એનો પરિત્યાગ કરવો જોઈએ. સમજાણું કાંઈ? ધર્મી જીવે સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ જેની એક સમયની આંખ ત્રણકાળ, ત્રણલોકને દેખે છે. એવા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ પરમાત્મા પરમેશ્વર **'સર્વજ્ઞવીતરાગ...'** એનો **'સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.'** લ્યો, ઉન્માર્ગનો ત્યાગ અને સર્વજ્ઞ વીતરાગમાર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે. આ શ્લોકમાં. આમ સંપ્રદાયમાં પડ્યા પણ ખબર ક્યાં છે કે સર્વજ્ઞ વીતરાગ કોને કહેવા? એમ ને એમ સર્વજ્ઞ ભગવાન ત્રણકાળનું જાણે... ત્રણકાળનું જાણે... શું ત્રણકાળનું જાણે? સમજાણું કાંઈ? બહુ ગડબડ... બહુ ગડબડ...

અહીં કીધુંને એ ૭૨ની સાલમાં પ્રશ્ન ઉઠ્યો હતોને અમારે સંપ્રદાયમાં. ૭૨. તમારા જન્મ પહેલાંની વાત છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ. પછી રાયચંદ ગાંધીને બધા આવ્યા હતા. પાળિયાદ છોડી દીધું .. કીધું આ. એ ૭૨ની વાત છે. ૫૦ વર્ષ થયા. ૫૦ વર્ષ ૭૨ના ફાગણ સુદ તેરશ-ચૌદશ હતી. મોટી તકરાર ઉઠી. સર્વજ્ઞ વીતરાગ. કોઈ કહે સર્વજ્ઞ વીતરાગે ભવિ-અભવિ દેખ્યા છે, ભવ નથી જોયો. અરે..! ગડબડ. કહો, મલુપચંદભાઈ! એ બધું દીઠું છે. પણ આપણે

વર્તમાન પુરુષાર્થ ન કરી શકીએ. ઓલા બિચારા હીરાજી મહારાજ ભદ્રીક હતા. એટલે બીજે દિવસે બોલી ગયા. અમારે ચર્ચા તો મોટી ચાલી. ફાગણ સુદ તેરશની વાત હતી. સરવામાં. સરવા છેને? એ ચર્ચા ચાલી મોટી. કીધું નહિ સર્વજ્ઞ વીતરાગ એની વાણી એવી ન હોય કે પુરુષાર્થ ન કરી શકે એવી વાણી વીતરાગની હોય નહિ. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં પોતાને સર્વજ્ઞ વીતરાગતા પ્રાપ્ત કરવાનારી એની વાણી છે. સમજાણું કાંઈ? મોટી ચર્ચા થઈ. બીજે દિવસે બિચારા અમારા હીરાજી મહારાજ ભદ્રીક. પક્ષ કરવા ગયા મારો અને એની સામે ગયા. થઈ ગયો વિરોધ. મૂળચંદજીની સાથે. મૂળચંદજી ભગવાને તો ભવિ-અભવિ દીઠા છે, પણ ભગવાને ભવ દીઠો નથી. હવે આ વાત કોને ઇ વખતે મને .. અરે..! અહીં ગોટો ઉઠ્યો હતો. સારામાં સારા કાઠિયાવાડના સાધુ હોં એ કહેવાય.

.. કષાય મંદ, આહાર નિર્દોષ લેવો વગેરે બહુ અનુકૂળ આમ વાત. લોકો તો ચોથા આરાના સાધુ માને હોં એવી એની શૈલી. પણ ખબરમાં આટલી જ્યાં વાત નીકળી. સર્વજ્ઞ ભગવાન ભવિ-ભવિ દેખે, પણ ભગવાન ભવ ન દેખે. ઇ પક્ષ કરવા ગયા મારો એમ કે સર્વજ્ઞે દીઠું એ પુરુષાર્થ એમાં છે. પણ નહિ એમ નથી. સર્વજ્ઞ ભગવાન તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે. દરેક વ્યક્તિનો ભવ કેટલો છે, ક્યાં છે એ બધું ભગવાન દેખે છે. ...જી! .. સમજાણું કાંઈ? ... આ શું? આટલી ખબર નથી? સર્વજ્ઞની એક સમયની... આ લોકોને તો સાંભળનારને બિચારાને કાંઈ ખબર ન મળે. આ સામાયિક કરી, આ પોષા કર્યા અને આ .. ચાલ્યા. થઈ ગઈ સામાયિક. એય..! છોટાલાલભાઈ! આ બધા આવા ને આવા હતા ભોળા ભટ્ટ જેવા. એમાં રાયચંદ ગાંધી અને એના બાપ બધા એવા. કાંઈ ... ન લે. ઉપડો.

**શ્રોતા** :- ... બેરિસ્ટર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ .. બેરિસ્ટર હતા. હું બેરિસ્ટર છું. મૂળચંદજી એમ કહે. અરે..! ભગવાન!

અહીં તો મારે એમ કહેવું છે સર્વજ્ઞ વીતરાગનો નિર્ણય ઘણો દુર્લભ થઈ ગયો. એક સમયમાં સર્વજ્ઞ પદ. એક સમયમાં સર્વજ્ઞ પદ. આહા..હા..! આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ જ સર્વજ્ઞસ્વભાવ એનો અંતરમાં નિર્ણય થવો એ જ સમ્યગ્દર્શન છે. હું અલ્પજ્ઞ, રાગ નથી, હું તો સર્વજ્ઞસ્વભાવી આત્મા છું. સમજાણું કાંઈ? અને સર્વજ્ઞ પર્યાયમાં પ્રગટ કરવાની મારામાં લાયકાત છે. હું અલ્પકાળમાં સર્વજ્ઞ થઈને મુક્તિને પ્રાપ્ત થાવ એવી દૃષ્ટિ પહેલી ન હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પછી એનું .. અરે..! સર્વજ્ઞ ભગવાને જોયું. એનું શું રહ્યું? ભગવાને જોયું એમ થશે. અમારો અધિકાર કોઈ રહ્યો નહિ. એમ નથી સાંભળતો ખરો. સર્વજ્ઞ ભગવાનનો જેણે નિર્ણય કર્યો એની દૃષ્ટિ નિમિત્ત, રાગ, ભેદથી ખસીને સર્વજ્ઞસ્વભાવી ભગવાન ઉપર દૃષ્ટિ ઘુસી ગઈ. સમજાણું કાંઈ? એ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ શું કુદવું છે કોઈ? આહા..હા..!

સમજાણું કાંઈ? સર્વજ્ઞની પ્રતીત જેને થઈ કે સર્વજ્ઞ છે. આ જગતમાં સર્વજ્ઞ છે. બીજી ભાષાએ કહીએ તો જગતમાં મોક્ષતત્ત્વ છે. તો મોક્ષતત્ત્વમાં અનંત સિદ્ધ છે, અનંત સિદ્ધ છે, અનંત કેવળજ્ઞાની છે. સિદ્ધ કહો કે કેવળજ્ઞાની છે. ... એનો સ્વીકાર કોને થશે? એવા મહા અનંત સર્વજ્ઞ પરમાત્મા અનાદિકાળથી સિદ્ધ છે, અનંત સિદ્ધ સર્વજ્ઞ છે. એવો સ્વીકાર જેને થયો આ એને તો પોતાની દૃષ્ટિ જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? એ જ પુરુષાર્થ છે. એ પુરુષાર્થની ખબર પડતી નથી, એ પુરુષાર્થની કિંમત નથી. બહારથી આમ કરે ને તેમ કરે, આમ કરે એની કિંમત થાય છે લ્યો. સમજાણું કાંઈ? ૪૨-૪૨ વર્ષ સુધી ઓહો..હો..! હવે કીધું આટલી ક્રિયા કરી અને આને હજી તો સર્વજ્ઞ ભવ દેખે એટલી ખબર નથી? દેવીલાલજી! આ તમારે ત્યાંથી ગોટા ચાલે છે હોં બધા. એમ જ ચાલે છે.

એક સમયમાં... અહીં એ વાત કરે છે જુઓ કુંદકુંદાચાર્ય. સર્વજ્ઞ વીતરાગ દેવાધિદેવ પરમેશ્વરના મુખે જે માર્ગ નીકળ્યો એ જ સર્વજ્ઞ કોણ છે એના નિર્ણય વિના આ માર્ગ છે એની ખબર ક્યાંથી પડે? **'સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવ્યો છે.'** જુઓ, શંકા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે કહ્યો આત્માનો માર્ગ. અહીં નિશ્ચયસમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે. શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ. શુદ્ધ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપ આત્મા છે. સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ અને કેવળી બધાએ આમ કહ્યું કે તારો આત્મા શુદ્ધ સર્વજ્ઞપદ છે. નિજપદ તારું સર્વજ્ઞસ્વરૂપ છે. એમાં **'શંકા,...'** રહિત. શંકારહિત **'કાંક્ષા...'** રહિત. એ સિવાય બીજો કોઈ માર્ગ હશે એવી ઇચ્છારહિત. પોતાના શુદ્ધ નિશ્ચય સ્વભાવમાં નિઃશંક અને શંકા કોઈ નહિ. 'હું જ્ઞાયક ચૈતન્ય પરિપૂર્ણ આનંદ છું' એવું નિશ્ચયસમ્યગ્દર્શન થવું એમાં શંકાનો નાશ. સમજાણું કાંઈ? કાંક્ષા નથી. સર્વજ્ઞસ્વભાવી આત્મા એ સિવાય કોઈ ઇચ્છા નથી રાગની, પરની ઇચ્છા નથી.

અને **'વિચિકિત્સા,...'** અંદર મલિનતા હોય પર્યાયમાં એની દુગંછા નહિ. દુગંછા નહિ અને આ છે શું એમ નથી. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમાં વિચિકિત્સાનો ત્યાગ. દુગંછા. **'અન્યદૃષ્ટિપ્રશંસા...'** સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે જે આત્મા કહ્યો એનાથી રહિત જેટલી દૃષ્ટિ છે એ અન્યદૃષ્ટિની પ્રશંસા છોડી દે. એનાથી વિમુક્ત થા. સમજાણું કાંઈ? **'અને અન્યદૃષ્ટિસંસ્તવરૂપ...'** સ્તુતિ. ભાઈ! કોઈ છે. અન્યમાં પણ કોઈ થશે. કોઈ માર્ગ તો હશે, કાંઈક તો હશે. શું બધા માર્ગ ખોટા છે? એક જ માર્ગ સર્વજ્ઞનો સાચો છે? એમ ન માનીને કોઈની સ્તુતિ કરવી. **'મળકલંકપંકથી વિમુક્ત...'** એવા જે ચાર દોષ કહ્યાને? પાંચ કહ્યા. એવા **'મળકલંકપંકથી વિમુક્ત...'** એ પાંચ દોષ કહ્યાને? અધિકાર છેને? નીચે લખ્યું છે જુઓ, **'અન્યદૃષ્ટિસંસ્તવ = (૧) મિથ્યાદૃષ્ટિનો પરિચય; (૨) મિથ્યાદૃષ્ટિ સ્તુતિ...'** બે અર્થ છેને? **'મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો...'** કોઈનું એવું ભાષણ, એવી સ્તુતિ, એવો લવકાર જોઈને પ્રશંસા કરે. એમાં છે હોં.

સમજાણું કાંઈ? આ જૈનદર્શનમાં પણ જુઓને અત્યારે ગડબડ કેવી ચાલી છે! સર્વજ્ઞ વીતરાગે શું કહ્યું એની ખબર નથી તો કોઈપણ ગડબડ કરે. બસ, આમ કરો. ઓહો..હો..! ભારે ભાષણ, ભાઈ! ભારે વ્યાખ્યાન. કહે 'આવું તો વ્યાખ્યાન કરનાર કોઈ નથી' એમ અમારે કહેતા હતા અહીંયાં. ગુલાબભાઈ આવ્યા હતાને. ઓહો..હો..! કહે ભાષણ એક ધારાવાહિ ચાલે છે.

**શ્રોતા** :- એ તો ભાષા આવી એમાં શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રજનીશ-રજનીશ. છેને આચાર્ય-પ્રોફેસર. પ્રોફેસર. જૂઠેજૂઠી વાત. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વતરાગ પરમેશ્વરથી એનો બધો માર્ગ ખોટો છે. અહીંના લોકો પણ ત્યાં સાંભળવા જાય. ચાલો કાંઈક હશે. ચાલો કાંઈક હશે. શું ધૂળ છે ત્યાં? નવું જાણવાનું મળે લ્યો ઠીક. કહે છે કે એવા મિથ્યાદષ્ટિનો પરિચયનો ત્યાગ, સ્તુતિનો ત્યાગ, મહિમાનો ત્યાગ. સમજાણું કાંઈ? '**તે અન્યદષ્ટિપ્રશંસા છે અને મિથ્યાદષ્ટિના મહિમાના વચનો બોલવા તે અન્યદષ્ટિસંસ્તવ છે.**' બેની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? એના વચનની અંદર પ્રશંસા મનથી કરવી અને એની વાણીની સ્તુતિ કરવી એ છોડી દે કહે છે. આત્મા સર્વજ્ઞ સિવાય કોઈનું કથન સાચું છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ સમ્યગ્દષ્ટિએ જે નિર્ણય કર્યો અનુભવમાં એ સિવાય બીજા માર્ગમાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? વેદાંત આદિમાં બહુ વાત કરે છેને આત્મા એવો ને એવો, પણ બધા એકાંત મિથ્યાદષ્ટિના કથન છે. એક સમયમાં સર્વજ્ઞસ્વભાવી ભગવાન એક એક આત્મા પરિપૂર્ણ છે એવી અંતરમાં પ્રતીતિ અનુભવ થયો તો એવી શંકા-કાંક્ષાનો દોષ એને રહેતો નથી. બધા આત્મા એક હશે? એક આત્મામાં એટલી તાકાત છે તો બધા આત્મામાં એટલી તાકાત હશે? તને ખબર નથી પડતી? અંતરમાં .. ત્યાં હોય તો પર્યાય પ્રગટે છે. આમ બહાર એકાગ્ર થાય તો પર્યાય પ્રગટે છે? સમજાણું કાંઈ?

અહીંયાં એમ કહે છે આટલામાં આત્મા એક જ છે. એટલામાં પણ આત્મા એક છે. એટલા ક્ષેત્રમાં છે અને એટલામાં બધો ભાવ ભર્યો છે અંદરમાં. સમજાણું કાંઈ? એવા દોષ આદિ કાઢીને '**(મળકલંકરૂપી કાદવથી રહિત) શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ)...**' જુઓ શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ. પોતાનો સર્વજ્ઞસ્વભાવ પૂર્ણાનંદ એની અંતરમાં ભાન, અનુભવ કરીને પ્રતીતિ. એનું નામ શુદ્ધ નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા છે. આહા..હા..! '**શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ...**' અન્યમતિના કોઈપણ બોલ ... બધું છોડીને '**બુદ્ધાદિપ્રણીત...**' જુઓ, બુદ્ધ આદિ પ્રણીત. બૌદ્ધનો માર્ગ છેને આ અત્યારે વેદાંતિ બધા. '**મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક...**' મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા વર્તન રાગની મંદતારૂપી આચરણ કરતો .. મુનિ, બાવા રહે જંગલમાં. એ માર્ગનો ભાસ છે, એ માર્ગ છે નહિ. સમજાણું કાંઈ? હિમાલયમાં નાગા બાવા બહુ રહે છે. એ નાગાની જમાત છે મોટી. શું કહે છે? મેળો ભરાય છે... બહુ હજારો નાગા. બાયુ નાગી હોય. બાયુ હોયને સ્ત્રી એ નાગી બાયું. એ કેળના પાણી પીવે.

કેળ હોય છેને કેળ? કેળ સમજો છો? કેળાની કેળ નહિ? એનું પાણી પીવે તો શરીર શિથિલ થઈ જાય. શરીર શિથિલ થઈ જાય એવો સ્વભાવ એનો. પછી કહે અમારે બસ બ્રહ્મચર્ય. આત્માની અંતર સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથે આત્મા કહ્યો અને એવો આત્મા છે. એવા આત્માના ભાન વિના એ બધા ત્યાગ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત મિથ્યાદષ્ટિજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપે ઉન્માર્ગને પરિત્યાગીને...'** જુઓ, એ ઉન્માર્ગ છે. પાઠમાં નથી? **'उम्मग्गं परिचत्ता'** ઉન્માર્ગનો ત્યાગ. **'વ્યવહારે...'** હવે વ્યવહાર કીધો. હવે ભગવાનનો માર્ગ. **'પંચમહાવ્રત,...'** મુનિ છેને મુનિ? વ્યવહારથી એને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે શુભરાગ, **'પાંચ સમિતિ,...'**નો ભાગ હોય છે. અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનો શુભરાગ. **'પાંચ સમિતિ,...'** જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવો એ વગેરે પાંચ સમિતિ વીતરાગમાર્ગમાં જ એવો વ્યવહાર હોય છે. વીતરાગ માર્ગ સિવાય એવો વ્યવહાર હોય જ નહિ. **'ત્રણ ગુપ્તિ,...'** જુઓ, સિદ્ધ કરે છે કે મન છે, વચન છે, કાયા છે, એનાથી ગુપ્ત રહેવું. વ્યવહારથી હોં અંદર વિકલ્પ શુભ છે. **'પાંચ ઇન્દ્રિયોનો નિરોધ,...'** પાંચ ઇન્દ્રિયનો નિરોધ કરવો. પાંચ ઇન્દ્રિય છેને એને. **'છ આવશ્યક ઇત્યાદિ...'** સામાયિક, ચોવિસંથો આદિ છેને છ આવશ્યક? **'અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ...'** વ્યવહાર. એ મુનિઓને આત્માના નિશ્ચયસમ્યગ્દષ્ટિપૂર્વક ચારિત્રમાં એવો વ્યવહારનો વિકલ્પ, પંચ મહાવ્રતાદિના વ્યવહારથી હોય છે. સમજાણું કાંઈ?

**'મહાદેવાધિદેવ...'** આહા..હા..! ભાષા જુઓને વાપરી છે. **'जिणमग्गे'** શબ્દ મૂળમાં પડ્યો છે અને આટલા ... **'મહાદેવાધિદેવ-પરમેશ્વર...'** જેની ઈશ્વરતા પરિપૂર્ણ પરમેશ્વરની પ્રગટ થઈ ગઈ છે. **'સર્વજ્ઞ...'** એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાયમાં જાણે છે. **'વીતરાગ...'** જેની ઇચ્છામાત્રનો નાશ થઈ ગયો છે. એવા **'માર્ગમાં સ્થિર પરિણામ કરે છે,...'** આ વ્યવહારની વાત પહેલી હોં. શું કહે છે? પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરીને સમ્યગ્દર્શન નિશ્ચય થયો, પછી ચારિત્ર નિશ્ચયની વાત પછી કરે છે, પણ એની ભૂમિકામાં એવો અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે. મુનિને છઠ્ઠે ગુણસ્થાને ચારિત્રના પદના વિશેષમાં એવા અઠ્યાવીશ મૂળગુણનો શુભરાગ હોય છે. સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ છે તો રાગ, પણ એને વ્યવહારથી મૂળગુણ કહેવામાં આવ્યો છે. તીવ્ર એ .. ગુણ ચાલે છે ... શુભનો એ અપેક્ષાએ મૂળગુણ કહ્યા. **'મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ વીતરાગના માર્ગમાં...'** એવા **'સ્થિર પરિણામ કરે છે,...'** પંચ મહાવ્રત આદિ અઠ્યાવીશ મૂળગુણ. એ વ્યવહાર છે. .. પરિણામથી. અશુભથી છૂટીને શુભમાં રહ્યો એ સ્થિર. વ્યવહારથી સ્થિર, નિશ્ચયથી અસ્થિર. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના પણ છેને. શું સાંભળ્યું? 'વ્યવહારથી' આવ્યું કે નહિ? શું પહેલો

શબ્દ પડ્યો છે? વ્યવહારે આ સ્વરૂપ એવા સ્થિર પરિણામ કરે છે. .. છે કે નહિ? એમ જણાવે છે કે સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં પોતાનો અનુભવ સમ્યગ્દર્શન થયો તો એને ચારિત્ર જે પ્રાપ્ત થાય છે એની ભૂમિકામાં એવા અઠ્યાવીશ મૂળગુણ હોય છે. એવી ભૂમિકામાં વ્યવહાર એવો હોય છે એ બતાવે છે. એવો વ્યવહાર જૈન સિવાય અન્યમાં વ્યવહાર પણ એવો છે નહિ. નિશ્ચય તો છે જ નહિ, પણ વ્યવહાર પણ એવો નથી. સમજાણું કાંઈ? આ વસ્તુનું સ્વરૂપ છે એવું વર્ણન કરે છે, પક્ષપાતથી નહિ. જૈનમાર્ગ એટલે વસ્તુનું સ્વરૂપ.

‘**અને શુદ્ધનિશ્ચયનયે...**’ જુઓ, ‘**સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત,...**’ આહા..હા..! એ તો શુભવિકલ્પની વાત પુણ્ય-પરિણામની વાત કરી અશુદ્ધથી છૂટીને. હવે અંતર નિશ્ચયચારિત્ર, નિશ્ચયપ્રતિક્રમણ, સાચા ચારિત્રનું પ્રતિક્રમણ એને કહે છે કે ‘**શુદ્ધનિશ્ચયનયે...**’ ઓલામાં શુદ્ધ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ કહ્યું હતું. હવે અહીં ચારિત્રની વાત કરવી છે. ‘**શુદ્ધનિશ્ચયનયે સહજજ્ઞાન...**’ ભગવાન આત્મા, કાયમી આત્મામાં સ્વભાવિક જ્ઞાન, આનંદ જે આત્મામાં પડ્યો છે. એવો શુદ્ધગુણ. ત્રિકાળી શુદ્ધગુણ. એનાથી અલંકૃત. એવા શુદ્ધગુણોથી આત્મા અલંકારિત-શોભિત છે. શું કહ્યું? આત્મા ભગવાન આત્મા શુદ્ધજ્ઞાન-દર્શન-આનંદ આદિથી અલંકૃત છે. એનું એ અલંકાર છે. આહા..હા..! આ કાંઈક સમજવું મુશ્કેલ. કે આ શું થશે? અલંકાર તે શું દાગીના પડ્યા હશે? દાગીના શું કહે છે? ઝેવર-ઝેવર. ઇ આત્માનું અલંકાર જ એ છે. ત્રિકાળ સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિક આનંદ, સ્વભાવિકશ્રદ્ધા-દર્શન આદિ અંદર ત્રિકાળ, એવો ભગવાન આત્મા ‘**શુદ્ધગુણોથી અલંકૃત...**’ આ તારા આત્માની વાત ચાલી છે. ઇ વળી આ કોની ચાલતી હશે જાણે? આવો આત્મા, આવો આત્મા કે .. પામર. અરે..! પામર નહિ પણ પ્રભુ છે! સાંભળતો ખરો. સમજાણું કાંઈ?

અને ‘**સહજપરમચૈતન્યસામાન્ય અને (સહજપરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે...**’ જુઓ, વળી જેનું ‘**સહજપરમચૈતન્યસામાન્ય...**’ દર્શન. ‘**ચૈતન્યવિશેષ...**’ જ્ઞાન એવો જેનો પ્રકાશ છે. દર્શન અને જ્ઞાનથી ભરેલો પ્રકાશ જેમાં પડ્યો છે. સમજાણું કાંઈ? ‘**એવા નિજપરમાત્મદ્રવ્યમાં...**’ એ નિજપરમાત્મદ્રવ્ય થયું. એની વ્યાખ્યા. નિજ-પોતાનું પરમાત્મદ્રવ્ય. દ્રવ્ય નામ વસ્તુ. નિજ પરમાત્મપ્રભુ. જેમાં સહજજ્ઞાન, સહજદર્શન આદિ લીધું હતું. પાછું વળી ‘**સહજપરમચૈતન્યસામાન્ય...**’ દર્શન ... સહજ ચૈતન્યવિશેષ, સામાન્ય-વિશેષ બે ગુણોથી બિરાજમાન ભગવાન છે. ‘**એવા નિજપરમાત્મદ્રવ્યમાં...**’ એવો પોતાનો આત્મા નિજ પરમાત્મપદાર્થ પોતાના નિજસ્વરૂપમાં, ‘**શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે,...**’ જુઓ, ઓલામાં લીધું હતું માર્ગમાં સ્થિર પરિણામ કરે છે, એ શુભ. અને ભગવાન આત્મામાં એ શુભવિકલ્પથી પણ ખસીને અંતર આત્મામાં સ્થિર... સ્થિર... સ્થિર... વીતરાગી પરિણામથી સ્થિર થાય છે. ‘**શુદ્ધ ચારિત્રમય સ્થિરભાવ કરે છે,...**’ એનું નામ શુદ્ધચારિત્ર. આ એનું નામ સાચું પ્રતિક્રમણ. ઓલા

કહે કે માળા નિશ્ચયની જ વાતું કરે છે. .. આવ્યુંને વ્યવહારની વાત કરી. પણ વ્યવહાર ક્યારે થાય? કે આ નિશ્ચય સાથે હોય તો. નિશ્ચય ન હોય તો વ્યવહાર-ફ્યવહાર છે જ નહિ. કોનો? કોથળો કોનો માલ વિના? સમજાણું કાંઈ? કોથળો સમજો છો? બોરો. માલ તો છે નહિ કોથળો કોનો કહેવો? એમ માલ નિશ્ચય થયા વિના રાગ વ્યવહાર કોને કહેવો? આહા..હા..!

નિજ પરમાત્મ ભગવાન દ્રવ્ય પડ્યું છે અંદરમાં. પોતાનું નિજ સ્વરૂપ જ એવું છે. એમાં શુદ્ધ ચારિત્ર રમણતારૂપ સ્વરૂપ એવો સ્થિરભાવ કરે છે. જુઓ, સ્થિરભાવ કરે છે. એમાં પણ કહ્યું સ્થિર પરિણામ કરે છે એમાં લખ્યું છે. એ તો પોતાના પુરુષાર્થથી શુભભાવ થાય છે એમ કહ્યું. અહીંયાં પણ એમ છે. પોતાના પુરુષાર્થથી સ્થિરભાવ કરે છે. સમજાણું કાંઈ?

**'(અર્થાત્ જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દષ્ટિ...'** શુદ્ધનિશ્ચયસમ્યગ્દષ્ટિ હોં જીવ. એ **'જીવ વ્યવહારે અઠ્યાવીશમૂળગુણાત્મક માર્ગમાં...'** વ્યવહારથી અઠ્યાવીશ મૂળગુણસ્વરૂપ માર્ગ. જુઓ, પણ શુદ્ધ સિદ્ધ સમ્યગ્દષ્ટિ. સમ્યગ્દર્શનનું ભાન નથી અને વ્યવહાર પંચમહાવ્રતમાં આવ્યો એવી કોઈ ચીજ છે જ નહિ. તારી ચીજ અંદરમાં કોણ છે એનો તો અનુભવ નથી, વેદન નથી, સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માનું થયું નથી, તો શેમાં સ્થિર થવું? સમજાણું કાંઈ? **'જે શુદ્ધનિશ્ચય-સમ્યગ્દષ્ટિ જીવ...'** આ ક્યા ગુણસ્થાનની વાત ચાલે છે? નિશ્ચયસમકિત તેરમાં? છટ્ઠે. સમજાણું કાંઈ? જુઓ, શું કહ્યું પણ? ઇ તો નિમિત્તની વાત છે, પણ આ તો ઓલા કહે નહિ, નિશ્ચયસમ્યગ્દર્શન તેરમે. ચોથેથી બારમાં વ્યવહારમોક્ષમાર્ગ. એક વળી કહે કે આઠમે નિશ્ચય. આ શું કહે છે? વ્યવહાર છે? વ્યવહાર .. આવી ગયો છે પંચમહાવ્રતના પરિણામ આદિ? આ તો છટ્ઠે ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્માના ભાનસહિત, અનુભવસહિત એમાં પંચમહાવ્રતનાદિના પરિણામ એ માર્ગમાં **'અને નિશ્ચયથી શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં...'** લ્યો, ખુલાસો કર્યો ઓલું સામાન્ય-વિશેષ છેને?

દર્શન-જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા. એ આત્મા દેખનાર-જાણનાર સ્વભાવનો પિંડલો છે પિંડ, જેમ બરફની શીલા. બરફ-બરફ હોય છેને? બરફની શીલા પાંચ મણની હોય ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ચારે બાજુ ઠંડી-ઠંડી. એમ આત્મા શરીરથી, રાગથી ભિન્ન વીતરાગી શીતળ... શીતળ... શીતળ... ઠંડા ઉપશમરસથી પૂરો ભરેલો છે. આહા..હા..! કહો, ઓલી શીલામાં તો ખબર પડે કે આ શીલા. પણ આ અરૂપી ચૈતન્યશીલા છે. આહા..હા..!

**શ્રોતા :-** ... ઠંડુ લાગેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠંડુ લાગે અંદર નજર પડે તો ઠંડુ લાગે એમ કહે છે. લગાડે ત્યારેને. કે ઇ વિના અદ્ધરથી? એ .. સમજણમાં આવ્યું નહિ માથે? ભગવાન આત્મા એકલો વીતરાગસ્વભાવ કહો, શાંતભાવ કહો કે ઠંડો શીતળ અકષાયસ્વભાવ કહો, એનાથી તો પરિપૂર્ણ આત્મા છે. ખબર નથી કોઈને ખબર નથી તો વસ્તુ ચાલી જાય છે? જેમ રૂપી ચીજ છે. આ ચીજ છેકે નહિ આ

બધી? જુઓ, સુગંધ કેટલી આવે ...કેટલી સુગંધ આવે. .. સાધારણ .. આ તો એકલો આત્મા આનંદ-આનંદ શાંતરસનો અરૂપી પીંડલો! આહા..હા..! શરીર, વાણીનું લક્ષ છોડી દે, પુણ્ય-પાપના રાગના વિકલ્પનું લક્ષ છોડી દે. સ્વલક્ષ કરી દે એ તો આત્મા અકષાયસ્વભાવથી પૂર્ણ-પૂર્ણ ત્રિકાળ એવો ભરેલો છે. એવા આત્માની દૃષ્ટિ કરીને. સમજાણું કાંઈ?

દર્શન-જ્ઞાનસ્વરૂપ ગુણોથી શોભિત. અઠ્યાવીશ મૂળગુણ વ્યવહારથી કહ્યું. અને '**શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં સ્થિરભાવ કરે છે), તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે,...**' ઇ આત્મા જ નિશ્ચયપ્રતિક્રમણ થઈ ગયો. આહા..હા..! સમજાય છે કાંઈ? હજી વાત સાંભળતા કેટલાકને તો આટલા બધા મારા વખાણ! એવડો આત્મા! કોઈ દિ' સાંભળ્યું જ નથી એણે. ઘરના વખાણ કરે તો ખબર પડે એને કે .. આવી ચીજ છે ને આવી ચીજ છે ને આવી ચીજ છે. આ નાટક પડતું હતું. વાવ-વાવનું નાટક. વણઝારાની વાવ. હા, એમ બોલોને બધા તમે. ઓલું નાટક આવ્યું છેને ગામમાં? વણઝારાની વાવ એ આવે છે. વાવ બતાવતા હશે ત્યાં. વણઝારા એટલે એની વાવ. સમજ્યાને? .. પહેલા તો કોઈ એવા હતા તો એના બે, ચાર, પાંચ ભવ પહેલાં એના લોકોએ મોટી વાવ કરાવેલી. અત્યારે ગરીબ માણસો. પૂર્વે એના પૈસાવાળા લોકોએ મોટી વાવ કરાવી. એ લોકોને બતાવે.. આહા..હા..! અમારા મા-બાપ એવા હતા પૂર્વે પાંચસો ભવ પહેલા! પાંચસો ભવ એટલે? પાંચસો વર્ષ પહેલાં. એટલા લક્ષ્મીવાળા અહીંયાં હતા? અમે તો અહીંયાં ગાડામાં ફરીએ છીએ...

અહીં કહે એલા..! તારો આત્મા આવો પરમેશ્વર છે! અંદર ભગવાન આત્મા અનંત આનંદ પરમાત્મા તારું સ્વરૂપ બિરાજે છે. સમજાણું કાંઈ? જુઓને .. આવે છેને શું કહેવાય? બારોટ. બારોટ બતાવે કે નહિ? આ સર્વજ્ઞ બારોટ છે. તારા ત્રણકાળનો ઇતિહાસ જાણે છે એ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણકાળનો ઇતિહાસ ભગવાને જોયો તારો. તું તો આનંદકંદથી ભરેલો છો, પ્રભુ! એમાં સ્થિર થવું એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ કહેવાય છે, એનું નામ સાચા પ્રતિક્રમણરૂપ મુનિ થઈ ગયો. હવે પ્રતિક્રમણની પર્યાય બીજી અને આત્મા ભિન્ન એમ છે નહિ. નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ જ કહેવાય છે બસ એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એવો બિંબ અંદર થઈ ગયો. સ્થિર... સ્થિર... સ્થિર... સ્થિર... સ્થિર... શાંત... શાંત...!

'**કારણ કે તેને પરમતત્ત્વગત...**' કારણ કે તેને પરમતત્ત્વગત કારણ આપે છે. '**(-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...**' જુઓ, પરમતત્ત્વગત. પરમાત્મસ્વરૂપ. પોતાનો પરમાત્મા હોં. પરમ આત્મતત્ત્વ પોતાનું. શુદ્ધ ચૈતન્યધ્રુવ એની સાથે સંબંધવાળું '**નિશ્ચયપ્રતિક્રમણ છે...**' એની સાથે નિશ્ચયપ્રતિક્રમણ સંબંધવાળો નિશ્ચય છે. વ્યવહારપ્રતિક્રમણ એ તો રાગનો સંબંધ છે. સમજાણું કાંઈ? આ ... આવું ... આ પ્રતિક્રમણ અમે તો સાંભળ્યું નથી. આ પડિક્કમણું કરે જુઓ એટલા દિ' કરે તો આમ થઈ જાય. નહિ? આ આવે છેને. અપવાસ એટલા કરે તો આમ થાય.

અટ્ઠમ કરે તો આવું. એમાં વળી સવારે એક પહોર ચડાવી દે તો પચ્ચીસ અપવાસનું ફળ. ધૂળમાંય નથી, બધું ધોકા છે.

**શ્રોતા :-** ... કરે તો તીર્થંકરગોત્ર બાંધે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગોત્ર બાંધે એમ કહે. આવેને ઓલા વીસ તીર્થંકરગોત્ર આવે છે એમાં. આ તો આત્માનો અનુભવ ભાન કરીને સમ્યગ્દર્શનપૂર્વક એવો કોઈ વિકલ્પ આવ્યો તો એમાં બંધાય જાય, તો બંધાય એમાં આત્માને શું લાભ? સમજાણું કાંઈ? એ બંધાય એની વાત જ નથી. અહીં તો અબંધ પરિણામ પ્રગટ થાય એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. તીર્થંકરગોત્ર, જઘન્ય.. આવે તો ઇ. શું હતું તમારે નહિ ૮૪માં. ઉત્કૃષ્ટ આવે તો ત્રણ ગોત્ર બાંધે, જઘન્ય હોય તો ઉત્કૃષ્ટ નિર્જરા ભાવ. જઘન્ય રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. છ પ્રતિક્રમણ આવે છેને. ઉત્કૃષ્ટ આવે તો તીર્થંકર.. ઉત્કૃષ્ટમાં બંધ પડે, જઘન્યમાં નિર્જરા થાય. કેવી આ વાત ગપ્પા? ઇ ખામણામાં આવે છે આમાં. આવે છેને, ભગવાનભાઈ!

**શ્રોતા :-** .. ખપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ શું ખપે ધૂળમાં? આત્માના ભાન ન મળે કાંઈ. જઘન્ય રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે અને નિર્જરા થાય. ઉત્કૃષ્ટ આવે તો તીર્થંકરગોત્ર. જેમ તીર્થંકરગોત્ર બાંધવું એટલે જાણે નિર્જરા કરતા ઉંચી ચીજ હોય એમ. એ પ્રતિક્રમણ હોય છેને એમાં આવે છે. કે જે આત્મામાં ભગવાનનું સ્વરૂપ આદિ કહ્યું. જો જઘન્ય રસ થઈ જાય તો નિર્જરા થઈ જાય છે અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. એટલે નિર્જરા કરતા બંધ છે એ ઉત્કૃષ્ટ છે. છેને? તમારે છે. આ શેઠે બહુ કર્યું હશે એવું બધું. કહો, સમજાણું કાંઈ? એકેએક તત્ત્વની દૃષ્ટિથી વિરૂદ્ધ વાત છે.

અહીં તો કહે છે કે '**(-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...**' શું કહે છે? નિશ્ચયપ્રતિક્રમણ કોની સાથે સંબંધ રાખે છે. નિશ્ચય સાચું પ્રતિક્રમણ, સાચું ચારિત્ર કોની સાથે સંબંધ રાખે છે? કે પરમાત્મતત્ત્વની સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ? સાચું પ્રતિક્રમણ અંદરમાં સાચું ભાન થઈને થયું એ પ્રતિક્રમણ સાચું પરમાત્મા પોતાના નિજસ્વરૂપની સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ? '**તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.**' કારણ આપ્યુંને? એ માટે એ તપોધન સદા શુદ્ધ. એ આત્માના અતીન્દ્રિય આનંદમાં અનુભવ કરે છે એ તપોધન. એનો આત્મા જ ધન છે. આનંદ જ એનું ધન છે. એ સદા શુદ્ધ જ છે. નિશ્ચયપ્રતિક્રમણ કરનારો સદાય આત્મામાં-પર્યાયમાં શુદ્ધ જ છે. એનું નામ ચારિત્ર અને એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ કહે છે.

'**એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદિપીકા નામની) ટીકામાં (૧૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**' પ્રવચનસારનો આધાર આપે છે.

(शार्दूलविक्रीडित)

इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम्।।

મૂળ પાઠમાં તો નિશ્ચયપ્રતિક્રમણની વ્યાખ્યા છે. મૂળ શ્લોક ૮૯. **'उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं।'** પણ એમાંથી વ્યવહાર પણ કાઢ્યો. તો એ દૃષ્ટાંત જે આધાર આપે છે એ શ્લોકમાં પણ એમ છે. પ્રવચનસારના શ્લોકમાં નિશ્ચય-વ્યવહારની સંધિ કરી એ વાતનો આધાર આપે છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાંથી વ્યવહાર કાઢ્યોને? તો નિશ્ચય છે જેમ શુદ્ધ સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ રમણતા છે ચારિત્રની હજી સ્થિરતા અને વ્યવહારપ્રતિક્રમણાદિ છે અઠ્યાવીશ મૂળગુણ આદિ. એને છોડીને સ્વરૂપમાં થયો તો એકલો નિશ્ચય છે. તો એ નિશ્ચય અને વ્યવહાર. તો એમાંથી કાઢ્યું તો નિશ્ચય ઉત્સર્ગ અને અપવાદની ગાથા છે પ્રવચનસારમાં. એનો આધાર આપ્યો. સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ-પુરુષોએ સેવેલું,...'** શું કહે છે? સર્વજ્ઞ પરમેશ્વરે આત્મામાં શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનસહિત સ્થિરતા કરવી એ ઉત્સર્ગમાર્ગ છે. આત્મા આનંદસ્વરૂપની અનુભવ દૃષ્ટિ કરીને એમાં એકાગ્રતા કરવી એ ઉત્સર્ગ નામ શુદ્ધ ધોખમાર્ગ નિશ્ચયમાર્ગ છે. સમજાણું કાંઈ? અને અપવાદ. અને એમાં સ્થિર રહી શકે નહિ તો વિકલ્પ આદિ અઠ્યાવીશ મૂળગુણનો આવે એ અપવાદ માર્ગ છે. સમજાણું કાંઈ? ઉત્સર્ગ નિશ્ચય, અપવાદ વ્યવહાર. એ વડે **'ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ તેને યતિ પ્રાપ્ત કરીને,...'** જુઓ, ક્રમે-ક્રમે શુદ્ધ સ્વરૂપનો અનુભવ પહેલા થયો પછી સ્વરૂપની પરિણતિ શુદ્ધ થઈ અને જ્યારે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે તો એમાં વ્યવહારમાં આવ્યું અને ક્યારેક તેને છોડીને સ્થિર થાય છે, વળી ક્યારેક એને છોડીને પ્રમાદને કારણે શુભરાગમાં પણ આવે છે. ફરી એને છોડીને સ્થિર થાય છે. એવી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં જે રમે છે એને ક્રમે ક્રમે શુદ્ધચારિત્ર થઈને નિર્મળતા પ્રાપ્ત થાય છે. એ વાત કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૪, ગુરુવાર, તા.૧૯-૦૫-૧૯૬૬
## ગાથા-૮૬-૮૭, કળશ-૧૧૫ થી ૧૧૭, પ્રવચન-૬૭

સાચું ચારિત્ર કોને કહે છે. ચારિત્રના પેટામાં એ પરમાર્થ-પ્રતિક્રમણનો અધિકાર આવ્યો છે. ચારિત્રના પેટામાં. પંદરમો શ્લોક છે જુઓ, પ્રવચનસારમાં.

**'આ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું...'** ઉત્સર્ગમાર્ગ નામ ઉત્પન્ન ચૈતન્ય મૂર્તિ પ્રભુ એની વીતરાગતામાં લીનતા એ ચારિત્રનો ઉત્સર્ગમાર્ગ છે. સમજાણું કાંઈ? **'અને અપવાદમાર્ગ...'** એમાં રહી ન શકે તો પંચમહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ ઉત્પન્ન થાય છે તો એ વિકલ્પ રાગ છે, એ વ્યવહાર છે. એમ **'પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને,...'** અંતરમાં આ ચારિત્રની વ્યાખ્યા છે. લોકો ચારિત્ર એકલા પંચ મહાવ્રત અને સમિતિ, ગુપ્તિ એવા શુભરાગને ચારિત્ર માને છે એ ચારિત્ર નથી. ચારિત્ર તો પોતાનું સ્વરૂપ શુદ્ધ રાગરહિત એવો અનુભવ સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યગ્જ્ઞાન નામ આત્માના સ્વસંવેદનપૂર્વક સ્વરૂપમાં વિશેષ લીનતા થાય છે તેનું નામ યથાર્થ ચારિત્ર કહે છે અને એ ચારિત્ર મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? નિર્ણય તો કરવો પડશે કે નહિ પહેલા ચીજ શું છે? નવ તત્ત્વમાં સંવર, નિર્જરા કોને કહે છે. સંવર અને નિર્જરા. એ ચારિત્ર કહો કે સંવર કહો. સમજાણું કાંઈ? તો સંવર આત્માના સ્વભાવમાં અનાકુળ આનંદ શાંતરસ એવો આત્મા એવી પ્રથમ દૃષ્ટિ અનુભવમાં સમ્યક્ કરીને સ્વરૂપમાં વિશેષ અંતરમાં લીનતા થવી એ જ ચારિત્ર અને મુક્તિનો માર્ગ છે, એ જ પ્રતિક્રમણ છે. રાગથી ખસીને સ્થિરતા થઈ એ પ્રતિક્રમણ. સમજાણું કાંઈ?

**'યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ, અતુલ નિવૃત્તિ કરીને,...'** પછી એવો વ્યવહાર આવ્યો અને નિશ્ચય કરતાં... કરતાં... કરતાં... કરતાં... અંતરમાં રમતા અતુલ નિવૃત્તિ. સ્વરૂપમાં લીન થવાનો પ્રયત્ન કરીને **'ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ...'** ચૈતન્ય દર્શન અને ચૈતન્યનું જ્ઞાન, એ દેખવું-જાણવું એવો જે આત્મા એમાં **'જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં...'** આત્મા કોને કહેવો એની વ્યાખ્યાની સંધિ કરે છે. જેને દેખવું અને જાણવું એવું નિજદ્રવ્ય. નિજ નામ પોતાનો પદાર્થ. દેખવું-જાણવું એવો પોતાનો નિજપદાર્થ એમાં **'સર્વતઃ સ્થિતિ કરો.'** સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દર્શન-જ્ઞાનસ્વરૂપ, સામાન્ય-વિશેષ ચૈતન્ય. સામાન્ય ચૈતન્ય દૃષ્ટાસ્વભાવ, વિશેષ ચૈતન્ય જ્ઞાતાસ્વભાવ. એવો નિજપદાર્થ એમાં સ્થિતિ કરવી, લીન થવું એ નિશ્ચયપ્રતિક્રમણ છે અને એનું નામ ચારિત્ર છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? **'સર્વતઃ સ્થિતિ કરો.'** નિજદ્રવ્યમાં

સર્વસ્વ એમ. પોતાના દ્રવ્ય સિવાય કોઈપણ વિકલ્પ ન કરવો, પોતાના પદાર્થમાં દૃષ્ટા-જ્ઞાતામાં સમાઈ જાવું, લીન થવું એનું નામ સાચું ચારિત્ર અથવા નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કેમ સ્થિત થાવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેમ સ્થિત થાવું આ કહે છેને. આ શું કહેવાય છે? કે દૃષ્ટા-જ્ઞાતા એવો નિજપદાર્થ. શરીર, વાણી નહિ, પુણ્ય-પાપનો વિકલ્પ નહિ, એ કોઈ નિજદ્રવ્ય નથી, નિજપદાર્થ નથી. કહો, સમજાણું કાંઈ? આઠ વર્ષના બાળક મુનિ થાય અને સ્થિતિ કરીને કેવળજ્ઞાન લે છે. એ તો પહેલા નિર્ણય તો કરો કે ચારિત્ર એને કહે છે, નિશ્ચયપ્રતિક્રમણ એને કહે છે. બહારની ક્રિયાકાંડ કરવી અને આમ ને તેમ એ કોઈ પ્રતિક્રમણ અને ચારિત્ર-ફારિત્ર છે નહિ. સમજાણું કાંઈ? નિશ્ચયપ્રતિક્રમણની વાત છે. વ્યવહારપ્રતિક્રમણ તો બંધ છે. એમ કે વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય આવેને, એમ. ધૂળમાંય નથી. એ તો કહે છેને નિજપદાર્થ દેખવું-જાણવું નિજસ્વભાવમય આત્મદ્રવ્ય. પોતે કહ્યું હતુંને એટલે અમૃતચંદ્રાચાર્યના શ્લોકનો આધાર આપ્યો. પોતે કહ્યું હતું ને દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્ય. માથે કહ્યું હતુંને ટીકામાં. પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા, દિંગબર મુનિ સંત ભાવલિંગી જંગલમાં વસનારા. આ એણે ટીકા બનાવી છે. એ ટીકાના આધારમાં આ પ્રવચનસારની ગાથા અમૃતચંદ્રાચાર્યની લીધી. ભાઈ! અમૃતચંદ્રાચાર્ય પણ એમ કહે છે કે ક્યાં સ્થિર થવું, શેમાં લીન થવું?

ભગવાન આત્મા નિજપદાર્થ પોતાનું દ્રવ્ય શું? કે જેમાં દર્શન અને જ્ઞાન ચેતનાસ્વભાવ પડ્યો છે. દેખવું-જાણવું સામાન્ય અને વિશેષ એવી ચેતના જેમાં છે એવું નિજસ્વરૂપ અને ઇ દ્રવ્ય. એમાં સ્થિતિ કરવી એનું નામ ચારિત્ર અને સાચું પ્રતિક્રમણ છે. કહો, સમજાણું કાંઈ?

**‘વળી (આ ૮૬ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-)’** જુઓ, પોતે શ્લોક કહે છે.

**(मालिनी)**

**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**
**तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः।**
**गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः**
**कथममृतवधूटीवल्लभा न स्युरेते।।११५।।**

આહા..હા..! કેમ મોક્ષ ન થાય? આહા..હા..! ભગવાન આત્મા મોક્ષનો ઉપાય કરે અને મોક્ષ ન થાય એમ કેમ બને?

**‘શ્લોકાર્થ :- જેઓ વિષયસુખથી વિરક્ત છે,...’** ભગવાન આત્મા પોતાના આનંદમાં લીન છે. શબ્દ એમ છેને? વિરક્ત છે અને અનુરક્ત છે એવા બધા શબ્દો પડ્યા છે. ‘**विषयसुखविरक्ताः**

शुद्धतत्त्वानुरक्ताः' દરેકમાં મેળ છેને? **'तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः। गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताःकथममृतवधूटीवल्लभा न स्युरेते।।'** ઓહો..હો..! ભગવાન આત્મા પાંચ ઇન્દ્રિયના વિષયસુખથી વિરક્ત થઈને, પરતરફના વિષયના સુખથી વિરક્ત-ખસીને **'શુદ્ધતત્ત્વમાં અનુરક્ત છે,...'** અહીંયાંથી વિરક્ત, અહીંયાં અનુરક્ત. સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખ છે નહિ અને સુખની જે કલ્પના હતી એનાથી વિરક્ત. આ વિરક્ત, આ વિરતિ. અને શુદ્ધતત્ત્વ ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ એમાં અનુરક્ત, એમાં લીન.

**'તપમાં લીન જેનું ચિત્ત છે,...'** તપ નામ ચારિત્રસ્વરૂપ, સ્થિરતા, રમણતા એવા મુનિપણાની વાત કરે છે. **'તપમાં લીન જેનું ચિત્ત છે,...'** સ્વરૂપની મુનિપણાની દશા, અકષાયસ્વભાવ એમાં લીન જેનું ચિત્ત છે. **'શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે,...'** શાસ્ત્રના કથનોના ભાવ સમજવામાં પાગલ થઈ ગયો છે, કહે છે. સમજાણું કાંઈ? મત્ત છે મત્ત. જેમ ભમરો ફૂલની સુગંધ લેવામા, પરાગ લેવામાં મત્ત છે, એમ શાસ્ત્રનો સાર શું છે એનું મંથન કરીને એમાં મત્ત થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે,...'** મત્ત છે. આ શાસ્ત્રમાં નિશ્ચયથી ભગવાન આત્મા એમ કહ્યું, વિકલ્પ આદિને વ્યવહાર કહ્યો, નિમિત્તાદિને વ્યવહાર કહ્યો, એવા પૃથક્ પૃથક્ વિધિનું જે શાસ્ત્ર છે એને સમજવામાં જેનું મન મસ્ત થઈ ગયું છે. સમજાણું કાંઈ? આ સંસારમાં ચોપડા-બોપડા લખવામાં મસ્ત થઈ જાય છે કે નહિ? આ ભણે કે નહિ? છોકરાઓ ભણે છે. રાતે દસ-દસ વાગ્યા સુધી માથા ફોડે ભણવામાં.

**શ્રોતા :-** દસ વાગે તો શરૂઆત કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરૂઆત કરે. હજી તો દસ વાગે તો શરૂઆત કરે, એય..! બાર વાગ્યા સુધી, એક વાગ્યા સુધી, ચાર વાગ્યા સુધી કોઈ એમ કહેતા હતા. સવારે નહિ? ઓલા પરીક્ષા દેવાના દિવસ હોયને, પરીક્ષા દેવાના. આ આત્માની પરીક્ષા દેવાના દિવસ છે. આત્માની કસોટી કરીને શાસ્ત્રનો માલ કાઢીને શાસ્ત્રમાં વીતરાગતા કહી છે. સમજાણું કાંઈ? ચારેય અનુયોગનું મંથન કરીને એમાંથી વીતરાગતા કાઢે છે. એવા શાસ્ત્રસમૂહમાં મત્ત છે. જુઓ, મત્તની એટલી વ્યાખ્યા કરી. પાગલ છે, ઘેલો બની ગયો છે ઘેલો. કોઈ સૂઝ પડતી નથી શાસ્ત્રના રસ સિવાય. શાસ્ત્રના રસ સમજવામાં પાગલ થઈ ગયો છે. દુનિયાની ખબર નથી. શું છે? કોણ માને? કેમ કહે છે? ભગવાન શાસ્ત્રકાર આત્માને પૂર્ણાનંદ અને એની પર્યાયમાં કેટલી દશા રાગાદિ કેટલો? કોને કહેવો વ્યવહાર? કોને કહેવો નિશ્ચય? શું પર ચીજ બીજાને કરી શકે છે કે નહિ? પોતે પરને કરી શકતો નથી? કેમ કરી શકતો નથી? એમાં મશગુલ થઈ ગયો છે, કહે છે. સમજાણું કાંઈ?

અને **'અતિશય પ્રીતિવંત,...'** ભગવાન આત્માનું જ્ઞાન કરવામાં અતિપ્રીતિવંત-પ્રીતિવંત. આકુળતા નથી થતી એમાં કે આ કેટલી સમજણ કરવી? કેટલી સમજણ કરવી? પણ આ સમજણ શું? દુનિયાનો પ્રેમ કરવામાં પ્રમાણ રાખે છે? મરી જાય એટલો પ્રેમ કરે છે લ્યો, ગાંડો

થઈ જાય લ્યો. જુઓને ઓલો રાજા નહોતો કોઈક તમારો. રાણીને માટે રાજ છોડી ગયોને? એડવર્ડ એને પરંપરામાં રહ્યો નહિ કે આ સ્ત્રી હોય તો રાજ ન મળે. ભલે ન મળે પણ સ્ત્રીને નહિ છોડું. રાજ છોડી દીધું એડવર્ડ. સમજાણું કાંઈ? એમ પોતાના શાસ્ત્રના સારમાં દુનિયાની વાત છોડી દે છે. શું દુનિયા કહે છે અને કોણ કેમ માને છે એની દરકાર નથી. **'અતિ આનંદિત.'** છેલ્લો શબ્દ લીધો મત્તમાં. શાસ્ત્ર સમજવાથી ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવા આનંદમાં મસ્ત થઈ ગયો છે. આહા..હા..! ચારિત્રની વાત છેને. 'આનંદસ્વરૂપ હું છું' એવા અનુભવમાં નિશ્ચય પહેલો થયો છે, એમાં લીન થઈ ગયો છે. ચારિત્રવંત જંગલમાં ક્યાં પડ્યા છે. ત્યાં વાઘ, વાઘ અને વેરીની ખબર નથી. શરીરની અનુકૂળતા સચવાય છે કે નહિ એની ખબર નથી. એવું મંથન શાસ્ત્રમાં પ્રીતિથી આનંદિત પડ્યો છે.

**'ગુણરૂપી મણિઓના સમુદાયોથી યુક્ત છે...'** એ ગુણરૂપી મણિઓનો સમુદાય પાછો. ગુણરૂપી મણિનો સમુદાય. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા--એવા ગુણરૂપી મણિ રત્નાકર. ભગવાન ચૈતન્યરત્નાકર એમાં મણિઓ, ગુણરૂપી મણિઓના સમુદાયથી સહિત છે. વિકારથી રહિત છે, ગુણની પર્યાયસહિત છે. આ પ્રતિક્રમણની વ્યાખ્યા ચાલે છે. ભારે પડિક્કમણા! **'સર્વ સંકલ્પોથી મુક્ત છે,...'** આ તો સાતમા ગુણસ્થાનની જ વાત ચાલે છે હોં. આ ઉપર આઠમાંની વાત નથી અહીંયાં. એવી ભૂમિકામાં છઠ્ઠું ગુણસ્થાન આવે છે તો વિકલ્પ છે, છોડીને સ્થિર થાય છે એને અહીંયાં પરમાર્થ-પ્રતિક્રમણ કહે છે. સમજાણું કાંઈ? **'સર્વ સંકલ્પોથી...'** સર્વ સંકલ્પથી મુક્ત હોય તો કેવળજ્ઞાન થઈ જાય. વળી એમ કોઈ કહે. તારી ચીજ જ વીતરાગબિંબ છે એમાં (સર્વ સંકલ્પોથી મુક્તિ) છે.

**'તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?'** એવો આનંદિત આત્મામાં લીન થાય છે, એ મુક્ત નામ પૂર્ણાનંદની પરિણતિનો વલ્લભ કેમ ન થાય? પૂર્ણાનંદની પરિણતિ એને કેમ છોડે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના નિજાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાનમાં લીન છે. લીન છે એને પૂર્ણાનંદરૂપી પરિણતિ મુક્તિ એ એને વલ્લભ કરીને કેમ છોડે? મુક્તિસુંદરી આવે જ આવે છે. એને મુક્તિસુંદરી ન મળે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય?'** એટલે કે આત્માની પૂર્ણાનંદની પરિણતિ એને પ્રાપ્ત કેમ ન થાય? અને એ પરિણતિ એને કેમ ન મળે? સમજાણું કાંઈ? આહા..હા..! **'(અવશ્ય જ થાય).'** એવો માર્ગ અંગીકાર કરનારને મુક્તિ અવશ્ય મળશે એમ કહે છે. પણ આ પંચમ આરાની વાત કરો છો તો મુક્તિ તો છે નહિ? સાંભળતો ખરો, ભાઈ! આત્મા અનાકુળ આનંદથી છલોછલ ભરેલો છે. એ મુક્તસ્વરૂપ જ આત્મા છે. આત્મા મુક્તસ્વરૂપ જ છે. એમાં એકાકાર થઈને પર્યાયમાં મુક્તિ પ્રગટે એનું નામ મોક્ષ કહે છે. તો એ લાયકાત પ્રગટે છે. ભલે એકાદ ભવ કરવો પડે એની અહીંયાં વાત નથી. સમજાણું કાંઈ? વાત તો ઉત્કૃષ્ટ જ અહીંયાં સંતો કહે છે. સંસારીને પણ જે ચીજ વલ્લભ

છે, પ્રીય છે એને કેમ રાખે છે નહિ? લગન કરીને 'થાળ ભર્યો રે સગ મોતીએ.' એમ વાત કરે છે કે નહિ? ગીતમાં ગાય છે કે નહિ? ગીત નથી હોતા? એકેય મોતી ન હોય ઘરમાં.

**શ્રોતા** :– થાળમાં ઘઉં ભર્યા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** : ઘઉં ભર્યા હોય. થાળમાં ઘઉં ભર્યા હોય પણ ગાય છે કે નહિ? 'થાળ ભર્યો રે સગ મોતીએ.' આમ મોતીનો હાર અને સગ-સગ. અહીં તો ઉત્કૃષ્ટ એ તો મમતાની વાત છે. અહીંયાં તો સ્વભાવની એકાગ્રતાની વાતમાં ભાવના છે. ઓહો..હો..! પૂર્ણાનંદની શીખા પૂર્ણ કેમ ન પામે? સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થાય એને મુક્તિ વલ્લભ કેમ ન કરે? મુક્તિસુંદરી કેમ પ્રીયપણે પ્રગટ થાય? સમજાણું કાંઈ? ઓહો..હો..! એ ૮૬ ગાથા થઈ. ૮૭.

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा।।८७।।**

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.**

.. સંતોએ કહેલી ગાથા છે. આહા..હા..! એમ નહિ સમજવું કે આવી ઉત્કૃષ્ટ વાત કેમ? વાત તો ઉત્કૃષ્ટ જ બતાવે છે કે નહિ? સમજાણું કાંઈ? ચારિત્રનું શું સ્વરૂપ છે? નિશ્ચયપ્રતિક્રમણનું શું સ્વરૂપ છે એ બતાવે છે. એની શ્રદ્ધા કરવી એ યથાર્થ નવ તત્ત્વની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? ચારિત્રનું સ્વરૂપ જેવું છે એનાથી વિપરીત માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. ચારિત્રનું સ્વરૂપ જેવું છે એને પ્રતીતમાં લેવું જોઈએ. સમ્યગ્દર્શનમાં એવી પ્રતીતિ થાય છે. એ માટે પહેલા બતાવે છે.

'**ટીકા :- અહીંયાં નિઃશલ્યભાવથી પરિણત....**' જુઓ, પરિણત શબ્દ પડ્યો છે. '**અહીંયાં નિઃશલ્યભાવ...**' મિથ્યાદર્શનશલ્ય. જુઓ, એનાથી રહિત. નિદાનશલ્યથી રહિત, માયાશલ્યથી રહિત. શલ્ય છે શલ્ય મોટું. જેમ લોઢાનો કાંટો વાગે અંદર આમ ખટક... ખટક... ખટક કરે, એમ આત્મસ્વભાવથી વિપરીત માન્યતા, 'રાગથી સુખ થાય છે, પરમાં સુખ છે અને હું પરને કરી શકું છું અને પરથી મારામાં થાય છે' એવું મિથ્યાત્વશલ્ય જેને અંતરમાં ખુંચે છે એવા મિથ્યાશલ્યને છોડી દીધું. સમજાણું કાંઈ? '**અહીંયાં નિઃશલ્યભાવથી...**' ત્રણ લઈ લેવા. માયા અને નિદાન. અંદર આવશે. '**પરિણત મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.**' એ મુનિ પોતે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ થયા છે. ભગવાન આત્મા મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્ય. નિઃશલ્યોવ્રતિ. તો જેને શલ્ય છે એને વ્રતિ નથી થતી.

**શ્રોતા** :- કયા કાળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કાળમાં. ... શલ્યમાં હોઈ શકે? મિથ્યાશલ્ય છે અને વ્રતિ થઈ શકે? નિઃશલ્યોવ્રતિ કેમ કહ્યું? ... ત્રણેથી રહિત થાય ત્યારે ચારિત્ર થાય. એ માટે આ ચારિત્રમાં

કુંદકુંદચાર્ય મહારાજે આ શબ્દ લીધો છે. સમજાણું કાંઈ? અંદરમાં મિથ્યાશલ્ય પડ્યું હોય અને ચારિત્ર થઈ જાય એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? એક રાગ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ એનાથી મને લાભ છે એવું મિથ્યાશલ્ય જેના હૃદયમાં ખુંચે છે એને સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન-ચારિત્ર ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એની તો કોઈ કિંમત નથી. એ માટે આચાર્યે આ લીધું છે.

નિઃશલ્યભાવથી પરિણત આત્મા થઈ ગયો. પર્યાયમાં પરિણત થઈ ગયો. તદ્રૂપ... તદ્રૂપ મિથ્યાશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્યથી રહિત નિઃશલ્ય થઈ ગયો. ચિદાનંદસ્વરૂપના અનુભવની દૃષ્ટિમાં સ્થિર એવા મહાતપોધનને, એવી ઇચ્છારહિત આનંદની પરિણતિવાળા મહાતપોધનને જ સાચા પ્રતિક્રમણસ્વરૂપ કહ્યું છે. એ જ સાચું પ્રતિક્રમણસ્વરૂપ જ છે. કહો, સમજાણું કાંઈ? કેટલું મુનિપણું કોને કહે છે? ઓહો..હો..! મુનિપણું સાધારણમાં કલ્પી લીધું. એ માટે મુનિપણું કેવું છે અને આ શાસ્ત્ર કુંદકુંદાચાર્ય કહે છે કે મારી નિજભાવના માટે આ મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ? નિજભાવશુદ્ધ માટે મેં અહીંયાં બનાવ્યું છે. વિકલ્પ છે, પણ આ આત્મા કેવો છે? વારંવાર મને રટણ થાય એ માટે આ શાસ્ત્ર બનાવ્યું છે. છેલ્લી ગાથા છેને છેલ્લી ગાથા. **'णियभावणाणिमित्तं'** સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય જેવા કહે છે કે આ શાસ્ત્ર મારા ભાવને કારણે... ત્યાં શુભભાવ લીધો છે. પણ શુભવિકલ્પ ઉઠ્યો છેને, એ અશુભથી બચવા. આ ચીજ વારંવાર રટણમાં લેવા આ શાસ્ત્ર બનાવ્યું છે.

**શ્રોતા** :-- આ બધા મુનિ બનતા હોય એમણે વાચ્યું નહિ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાઈ! શું કરે? વાંચ્યું ક્યાં છે? વાંચે ક્યાં આ તો વેગ વેગે થઈ ગયો છે. શું કરે? સાધારણ જનતા કેટલા પ્રકારે કોઈ એકલો થઈ ગયો હોય, ચાલો હવે નિવૃત્તિ લઈને સાધુ થઈ જઈએ. એમ ઘણા પ્રકારથી બને, ભાઈ! એ અંતરની અનુભવની દૃષ્ટિ અને પરથી ઉદાસ થઈને ચારિત્ર રાગ-દ્વેષ નાશ માટે અંગીકાર કરવું એ ચીજ કોઈ અલૌકિક છે. રત્નકરંડશ્રાવકાચારમાં આવે છે. રાગ-દ્વેષ ત્યાગ માટે સાધુપણું ચારિત્ર અંગીકાર કરવું. એવો પાઠ છે. શ્લોક. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વ પોતાનો આત્મા આનંદ છે, જ્ઞાયક છે એવો અનુભવમાં આવી ગયો છે. અનુભવ આવ્યા વિના રાગ-દ્વેષના અભાવ કરવાની ચારિત્રદશા હોઈ શકે નહિ. કોણ વાંચે? કોણ કહે? કેટલું લખે. આજે બેય આવ્યા હતા. જૈન ગેજેટ. લખ્યાલખ વિરૂદ્ધ... વિરૂદ્ધ... વિરૂદ્ધ... એય..! સોનગઢના નેતા આમ કરે ને તેમ કરે ને આમ કરે. ભગવાન! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! ઓલા જરીએ લખ્યું છેને ઓલા .. કષાયમંદતાનું બહુ લીધું છે. કષાયમને કાપે છે છતાં થોડું પુણ્ય થાય. ત્યાં એટલો મંદકષાય. ઇ મંદકષાય નથી. હવે સાંભળ, મંદકષાય કેમ કહ્યો ત્યાં? એટલો તીવ્ર કષાય હોય જ નહિ કે જેમાં થોડું પુણ્ય બંધાય નહિ એવું તો હોય નહિ એમ કહ્યું. એને ઠેકાણે કાંઈક ના કાંઈક અર્થ કરીને. આહા..હા..! અને એમાં ધ્રુવબંધી લીધી છેને? એ તો

ધ્રુવબંધ છે. પણ એ ધ્રુવબંધી પ્રકૃતિ સાથે પુણ્ય બંધાય એમાં કાંઈ પરિણામનું કારણ છે કે નહિ? અદ્ધરથી બની જાય છે? સમજાણું કાંઈ? એ ધ્રુવબંધી પુણ્ય બંધાય છે. અશુભભાવના કાળે પણ થોડું પુણ્ય બંધાય છે. અનુભાગ અને સ્થિતિ તો .. ધ્રુવબંધી છે માટે બંધી, પણ એનું કારણ શું? કે આત્મા એટલા તીવ્ર પરિણામ એકલો કષાય નીચે થઈ જાય, અને એકલું પાપ બંધાય એમ હોઈ શકે નહિ.

**શ્રોતા** :- ધ્રુવ પણ એટલો બગાડ કરતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરતો નથી. એટલું તો હોય છે. આહા..હા..! સમજાણું? મોક્ષકીરણનું નાખ્યું. હવે આવી વાત ન છંછેડવી. વળી ઓલાને ભલામણ કરે છે. ઓલા કલકત્તાવાળાને. કારણ કે ભાઈ વાત તો પાછી નીકળી કે આમાં પુણ્ય તો બંધાય છે. અશુભભાવ કાળે પુણ્ય તો બંધાય છે, ભલે થોડો અલ્પરસ પણ છેને. ભલે એ પરિણામથી નહિ પણ એ પરિણામનો અર્થ કે એ તીવ્ર પરિણામ એટલા-એટલા હોતા નથી કે જેમાં એકલું પાપ બંધાય. આ તો સિદ્ધાંત. પણ હવે એ વાતને પકડે નહિ શું થાય? સમજાણું? આહા..હા..!

**શ્રોતા** :- બરાબર છેડવી જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છંછેડે છંછેડેને. છંછેડે શું? આ સિદ્ધાંત. એમ કે એ લોકો બીજા અર્થ લઈ લેશે માટે એવી પ્રરૂપણા ન કરવી. પણ એ તો સિદ્ધાંતિક વાત છે કે આત્મા ગમે તેટલા પાપ પરિણામ કરે તોપણ એ કાળે જરી પુણ્ય પ્રકૃતિમાં સ્થિતિરસ તો પડશે જ. સમજાણું કાંઈ? એ કાળે પડે, ન પડે તો એકલું પાપ બંધાય એવી ચીજ હોઈ શકે નહિ. સિદ્ધાંત તાત્વિક સિદ્ધાંત છે. ગોમ્મટસારની ગાથા કેટલામી? ૧૬૩? એ લખ્યું છે એણેય ગોમ્મટસારમાં આમ લખ્યું છે, ફલાણું આ. ઓલા ઉત્તરમાં એક જણાએ આપ્યું બરાબર છે બધું. ધ્રુવબંધી છે. આહા..હા..! જેને તકરાર જ કરવી છે. ભાઈ! તારા પાપના પરિણામ હોય તોપણ એ સમયે એકલી પાપની પ્રકૃતિ બંધાય છે? થોડો પુણ્યનો રસ આવે છે એવું જરી જ્ઞાન કરાવવા વસ્તુ કહી છે. એમાં તકરાર.

**'પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને...'** હવે કહે છે ભગવાન આત્મા તો નિઃશલ્યસ્વરૂપ જ છે અનાદિથી. પરમાત્મસ્વરૂપ પોતાનું પરમસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન જેને આત્મપદાર્થ, આત્મસ્વરૂપ એ તો ખરેખર નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા. જુઓ, પહેલા ભાષા લીધી છે. છેને? **'इह हि'** એમ શબ્દમાંથી કાઢ્યું છેને. **'इह हि निःशल्यभावपरिणतमहातपोधन'** ટીકામાંથી એ કાઢ્યું છે. **'तावत्'** શબ્દ નથી. **'इह हि'**

**શ્રોતા** :- ... નિશ્ચય ... નિશ્ચય સ્વરૂપ પરમાત્મ **'तावत्'**

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેટલામી છે? ૮૭મી છેને? બીજી લીટી છે ઠીક. હા ઇ. પ્રથમ **'इह हि निःशल्यभावपरिणतमहातपोधन'** એમ. **'निश्चयतो निःशल्यस्वरूपस्य परमात्मनस्तावद्'** પછી આવે છે પાછળ બીજી લીટીમાં. અહીં પહેલા તો એ વાત છે.

**શ્રોતા** :- પહેલા આ નક્કી કર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કે નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા છે. પોતાનું સ્વરૂપ જ નિશ્ચયસ્વરૂપ છે નિઃશલ્ય છે. વસ્તુ નિઃશલ્ય જ છે. જુઓ, નિશ્ચય અને વ્યવહાર બે લીધા. ક્યો નિશ્ચય? મુખ્ય તો નિશ્ચયમાં નિઃશલ્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેમાં મિથ્યાત્વ, માયા, નિદાન. નિદાન નામ કોઈ ઇચ્છા કરીને ફળ માગવું. એ વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. એવો ચિદાનંદ પ્રભુ નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા.. પોતાનો આત્મા હોં એની વાત કરે છે અહીંયાં.

'**વ્યવહારનયના બળે**...' પણ સંબંધ કર્મના નિમિત્તના, નિમિત્તના સંબંધથી ઉત્પન્ન થયેલો જે વિકાર એ '**બળે કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે**...' લ્યો, નિશ્ચયથી આમ છે, વ્યવહારનયથી કર્મના નિમિત્તના સંબંધને વશ થઈને. '**વ્યવહારનયના બળે**...' એમ કહ્યુંને? '**કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે**...' કર્મથી યુક્ત સંબંધ નિમિત્તપણું વ્યવહાર છે. એ કારણે '**(-વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે)**...' કહો, સમજાણું કાંઈ? વ્યવહાર નામ નિમિત્ત સંયોગ સંબંધની દૃષ્ટિથી જુઓ તો કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે. સ્વરૂપમાં તો નિઃશંક, નિઃશલ્ય છે. પર્યાયમાં કર્મનો સંબંધ કરીને જે મિથ્યાશલ્ય આદિ ઉત્પન્ન થયા. કારણ એનાથી '**તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે**...' જુઓ, અનેકાંત કર્યું. વસ્તુના મૂળસ્વરૂપમાં શલ્ય છે નહિ. ભગવાન આત્મા મિથ્યાશલ્ય, માયાશલ્ય, નિદાનશલ્યથી રહિત ભગવાન આત્મા વસ્તુ નિશ્ચય. વ્યવહારનયથી એને નિદાન. અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલીને પોતાની વર્તમાનદશામાં કે શુભાદિ ક્રિયાનું ફળ એનાથી એવું નિદાન એની પર્યાયમાં છે. છે એમ કહે છે. સમજાણું કાંઈ? માયા, કપટ, કુટિલતા એની પર્યાયમાં છે. મિથ્યાત્વરૂપી ભ્રમણા, વિપરીત શલ્ય, માન્યતા. વિપરીત અભિનિવેષ એવું શલ્ય '**ત્રણ શલ્યો વર્તે છે**...' એમ કહે છે અહીં. અજ્ઞાનની દશામાં આ ત્રણ શલ્યો વર્તે છે.

**શ્રોતા** :- મિથ્યા, માયા, નિદાન ત્રણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ત્રણેય. અહીં ત્રણની વાત અનાદિની લેવી છેને. એમ કે પહેલું આમાં નિદાન કેમ કહ્યું એમ. એ તો એક કથનની શૈલીએ. સમજાણું કાંઈ? નિદાન, માયા, મિથ્યાત્વ છેને. ટીકામાં લીધું છેને એટલે. નિદાન એ ત્રણે એક સાથે માથે મિથ્યાત્વની સાથે અહીં લેવા.

'**એમ ઉપચારથી કહેવાય છે.**' જુઓ, વ્યવહારથી કહો કે ઉપચારથી કહો. વ્યવહારની વાત ચાલે છેને. વ્યવહાર કહો કે ઉપચાર કહો, નિશ્ચય કહો કે યથાર્થ કહો. આત્મા નિઃશલ્યસ્વરૂપે ભગવાન બિરાજમાન છે એ નિશ્ચય યથાર્થ છે. પણ કર્મના પંકજના સંબંધે એની દશામાં નિદાન, માયા અને મિથ્યા અભિપ્રાયમાં શલ્યમાં, પર્યાયમાં વર્તે છે એમ પણ છે. સમજાણું કાંઈ? અહીં કેટલાક કહે છે કે લ્યો એ તો પર્યાયમાં શુદ્ધતા કહે છે એ તો .. અબંધ છે. પણ સાંભળતો ખરો કઈ અપેક્ષાએ કહ્યું? પર્યાયમાં તો છે. પર્યાયમાં ન હોય તો સંસાર કોનો છે? સમજાણું કાંઈ?

પરમસ્વભાવ જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ એકરૂપ એ તો ત્રિકાળ શુદ્ધ છે, નિઃશલ્યરહિત, શલ્યરહિત છે. અને વ્યવહાર, વ્યવહાર નામ નિમિત્તના સંબંધે, સ્વરૂપના સંબંધમાં સ્વરૂપમાં શું નિમિત્તનો સંબંધ આવ્યો? પણ વર્તમાન દશામાં નિમિત્તના સંબંધે નિદાન, મિથ્યા, માયાશલ્યથી પરિણત થયો. સમજાણું કાંઈ? વર્તે છે, એમ કહે છે. **'એમ ઉપચારથી કહેવાય છે.'** એવો ઉપચાર કહો કે વ્યવહારથી આત્મા ત્રણ શલ્યની પર્યાયરૂપ છે. એવો પરિણત એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ **'ત્રણ શલ્યો વર્તે છે.'** એમ કહ્યું. કર્મને કારણે એમ નથી. કર્મનો સંબંધ કર્યો તો પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદને છોડીને એના સંબંધે મિથ્યાશ્રદ્ધા, નિદાન અને માયામાં આત્મા જ નિઃશલ્યસ્વરૂપે પદાર્થ હોવા છતાં વિકારમાં પ્રવર્તે છે.

**શ્રોતા** :- મિથ્યાત્વ ન હોવું જોઈએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ શું વાત કરે છે? અહીં તો અનાદિની વાત કરે છે. અનાદિથી વસ્તુ તો નિઃશલ્ય જ છે પદાર્થ, પણ પર્યાયમાં અનાદિથી મિથ્યાત્વાદિમાં વર્તે છે. અહીં અનાદિની વાત કરે છેને. સમજાણું કાંઈ? છોડવાનું તો પછી કહેશે. પછી કહેશે. આ તો વસ્તુનું સ્વરૂપ અનાદિથી એવું છે એમ કહે છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા... સમજાણું કાંઈ? નિઃશલ્યભાવરૂપે પરમાત્મા છે, વસ્તુ છે અને પર્યાયમાં મિથ્યાત્વાદિથી પરિણમે છે. બે વાત સિદ્ધ કરી. હવે પ્રતિક્રમણ બતાવવું છેને? તો કોનાથી ખસવું? છે એનાથી ખસવું કે ન હોય એનાથી ખસવું? સમજાણું કાંઈ? **'એમ ઉપચારથી કહેવાય છે.'**

**'આમ હોવાથી જ...'** જુઓ, **'આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...'** એ છે. એને છોડીને. છે એને છોડે કે ન હોય એને છોડે? સમજાણું કાંઈ? મિથ્યાશલ્ય આદિ પર્યાયમાં છે. વ્યવહારથી એ પર્યાય એવી મલિન છે. **'આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...'** ત્રણ શલ્યનો ત્યાગ કરીને. મિથ્યાત્વ, માયા, નિદાન છોડી દે. સ્વભાવમાં આવી જા. આ એનું નામ પ્રતિક્રમણ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહ્યુંને મિથ્યાત્વ. આ મિથ્યાશલ્ય રાગથી ધર્મ થાય છે, આ હું પરનું કરું છું, પરથી મારામાં થાય છે, ચારિત્ર શુદ્ધ એ કોઈ ચીજ બીજી છે. રાગ એ ચારિત્ર નથી. પણ રાગ એ ચારિત્ર છે એમ માનવું-કહેવું એ મિથ્યાશલ્ય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પુણ્યથી ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્યથી ધર્મ હું પરનું કરી શકું છું. પરાશ્રિત બુદ્ધિ પરાશ્રિત પરની બુદ્ધિ એમ માને અને હું પણ પરાશ્રય છું એ પણ પરાશ્રય છે. પર.. પર.. પર.. પરાધિને એને કરી શકે છે. પરપદાર્થ પરાધિન કરી શકે છે એવી માન્યતા મિથ્યાશલ્ય છે. અને નિદાન જે શુભાદિ ક્રિયા થઈ એનું ફળ માગવું સ્વર્ગાદિ મળે એ નિદાન છે. માયા, કપટ, કુટીલ, દંભ સેવવો દંભ અંદર.

હોય કાંઈક અને માનવું-કહેવું કાંઈક એવું માયાશલ્ય એને પરિત્યાગીને. લ્યો, સમજાણું કાંઈ? તો મિથ્યાશલ્યથી ત્યાગ થયો કે નહિ પહેલા? ત્યારે પહેલા મિથ્યાત્વનો ત્યાગ થયો તો નિદાન, માયાનો ત્યાગ થાય છે. મિથ્યાત્વના ત્યાગ વિના બીજાનો ત્યાગ ક્યાંથી થાય? અને પ્રતિક્રમણમાં પણ પહેલા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, બંધ પાંચ કારણ છેને? તો પહેલા મિથ્યાત્વનો ત્યાગ થાય છે કે નહિ? કે મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રત, પ્રમાદનો ત્યાગ થઈ જાય છે? તો મિથ્યાત્વનો ત્યાગ શું અને મિથ્યાત્વ શું એની તો ખબર નથી. લઈ લ્યો ત્યાગ. કોનો ત્યાગ? ધર્મનો? આહા..હા..!

અહીં તો કહે છે કે પરમયોગી, પરમમુનિ, પરમનિઃશલ્યસ્વરૂપમાં રહે છે. લ્યો, પરમ નિઃશલ્યસ્વરૂપ ભગવાન પહેલા કહ્યું હતુંને? નિઃશલ્યસ્વરૂપ જે પરમાત્મા દ્રવ્યસ્વરૂપ છે એ મિથ્યાશલ્ય શ્રદ્ધા, નિદાન અને માયા છોડ. લક્ષ છોડ ભગવાન પરમાત્મા નિઃશલ્યસ્વરૂપ તરફ લક્ષ કર. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- મિથ્યાત્વના ત્યાગ પહેલા ઉપર-ઉપરનો ત્યાગ કરવો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપર-ઉપરનો ત્યાગ કરવો. મિથ્યાત્વના ત્યાગ વિના ઉપર-ઉપરનો ત્યાગ થાય પહેલા. એમ કે મિથ્યાત્વનો ત્યાગ ઇ કહેતા હતા અમારે હોં. એ ચર્ચા ઘણી થઈ ગઈ. અહીં સંપ્રદાયમાં એક અમારો હતો ગૃહસ્થ. ગૃહસ્થ ઇ કહેતા હતા કે પહેલા રાગ મંદ કરો, એવો ત્યાગ કરો. ત્યાગ ચારિત્ર લ્યો. મિથ્યાત્વનો નાશ થાય કે ન થાય, એ તો સહજ થાય છે. આત્માના પુરુષાર્થથી નથી થતું. કહેતા હતા. એ ચર્ચા ઘણા વર્ષ પહેલા થઈ હતી. અહીં તો ઘણી ચર્ચાઓ થતી હતીને. કોણ? લે! ઇ? એને ક્યાંથી ખબર પડી? એ અહીંયાં કહેતા હતા બહુ. આ બાજુ એક ભગવાનજીભાઈ હતા અને એક વીરજીભાઈના પિતાજી હતા. કાઠિયાવાડમાં ત્રણ જાણકાર. કહેતા હતા. એ કહેતા હતા કે નહિ, પહેલા કષાય ઘટાડો, વ્રત લેવો, અવ્રતનો ત્યાગ કરવો પછી મિથ્યાત્વનો ત્યાગ થાય, ન થાય એમાં આત્માનો અધિકાર નથી. એ સહજ છે. એ ભગવાને જોયું ત્યારે થશે. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેનો માર્ગે પડ્યો? ધૂળમાં? પણ મિથ્યાત્વના ત્યાગ વિના વ્રત, ચારિત્ર થાય ક્યાંથી? એકડા નહિ અને શૂન્ય ક્યાંથી આવી? સમજાણું કાંઈ? એકલા કરોડ શૂન્ય લખ્યા હોય તો એમાં કોઈ આંકડો હોય છે?

**શ્રોતા** :- એ તો મિથ્યાત્વ પાક્કું થઈ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાક્કું થયું. પાક્કું વ્રત લઈને મિથ્યાત્વ પાક્કું થશે. મેં વ્રત લીધા. વ્રત છે નહિ, ચારિત્ર છે નહિ અને માને કે હું ચારિત્ર.. છું. મિથ્યાત્વનો પાક્કો રંગ લાગે છે. મિથ્યાત્વનો દૃઢ રંગ લાગે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બે ભાગ પડી ગયા બિચારા લખે.

**'આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...'** આમ હોવાથી શું? કે પર્યાયમાં મિથ્યાશલ્ય આદિ હોવાથી, થાય છે, છે એ કારણે **'ત્રણ શલ્યો પરિત્યાગીને...'** શ્રદ્ધા વિપરીત છોડી દે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ છે એની શ્રદ્ધા કરી લે. માયા છોડી દે, સરળ પરમાત્મા આત્મા એની પ્રતીતિ કર. અને નિદાન છોડી દે, આત્મામાં બધું આનંદનું ફળ આત્મામાં આવે છે. પરમાં શું ફળ છે? લ્યો, એનું નામ પ્રતિક્રમણ.

**'પરમયોગી પરમનિઃશલ્યસ્વરૂપમાં રહે છે...'** પરમનિઃશલ્યસ્વરૂપ પરમાત્મા, આત્મા એમાં જે આત્મધામમાં અંતર રહે છે **'તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે...'** લ્યો, એ મુનિને જ સાચા પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. પ્રતિક્રમણની ક્રિયા પર્યાય બીજી અને દ્રવ્ય બીજું એમ નથી. એ આત્મા જ પ્રતિક્રમણસ્વરૂપ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે તેને સ્વરૂપગત વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.'** જુઓ, સ્વરૂપગત. **'(-નિજસ્વરૂપની સાથે સંબંધવાળું)'** જ્ઞાયક નિઃશલ્ય ભગવાન આત્મા એની સાથે સંબંધવાળી પર્યાય **'વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.'** કર્મનો સંબંધ રાગાદિનો એ સંબંધ છે નહિ. સ્વરૂપગત સંબંધ, સ્વરૂપગત સંબંધ. જ્ઞાયક ચિદાનંદ આનંદસ્વરૂપ એની સાથે સંબંધવાળો પ્રતિક્રમણ છે. માટે એ આત્મા જ પ્રતિક્રમણ થઈ ગયો એમ નિશ્ચયથી કહ્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ગત એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વરૂપસંબંધ. કહ્યુંને. સ્વરૂપની સાથે સંબંધવાળું. સ્વરૂપગત-સ્વરૂપની સાથે સંબંધ થયો. રાગનો નિમિત્તથી સંબંધ હતો. આ સ્વરૂપની સાથે સંબંધ થયો. અપ્રતિક્રમણભાવનો નિમિત્તની સાથે સંબંધ હતો. પ્રતિક્રમણભાવનો સ્વરૂપની સાથે સંબંધ થયો.

**શ્રોતા :-** નિર્મળ પર્યાય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિર્મળ, પણ એ સ્વરૂપની સાથે સંબંધ થયો તો નિર્મળપર્યાય થઈ. નિર્મળ પર્યાય પણ છે કેવું પડિક્કમણું? એ સ્વરૂગત વાસ્તવિક પ્રતિક્રમણ એમ. સ્વરૂપગત વાસ્તવિક. સ્વરૂપ એવું નિઃશલ્ય પરમાત્મા નિજસ્વરૂપ એનો ગત-સંબંધ. એના સંબંધવાળાને નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. સમજાણું કાંઈ? એનો સંબંધ છોડીને રાગાદિ છે એ પ્રતિક્રમણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'(હવે, આ ૮૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :-'** બે શ્લોક કહે છે.

**(अनुष्टुभ)**

**शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि।**
**स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम्॥११६॥**

વિદ્વાન. ક્યાં વિદ્વાનનો અર્થ આવ્યો? છેને આમાં અર્થમાં. **'ભવભ્રમણનું કારણ છે અને**

**વારંવાર કામબાણના અગ્નિથી દગ્ધ છે--એવા કાયક્લેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ;...'** હા, ઠીક ઉપરની વાત છે. હા, ઠીક, વિદ્વાનને.

'**ત્રણ શલ્યને પરિત્યાગી,...**' જુઓ, અહીં વિદ્વાન એને કહ્યા. વિદ્વાન એને કહ્યા કે આત્મા અખંડ જ્ઞાયક ચિદાનંદ મૂર્તિ રાગથી, પરથી ભિન્ન એવી દૃષ્ટિ કરીને સ્થિર થાવું એનું નામ વિદ્વાન છે. શાસ્ત્ર બહુ ભણ્યો હોય, વાંચ્યો હોય અને ચર્ચા અને વાદ ને વિવાદ કરે એ વિદ્વાન નથી. આહા..હા..! '**ત્રણ શલ્યને પરિત્યાગી,...**' પહેલો શ્લોક છેને ઇ? ટૂંકો શ્લોક છે. નાસ્તિ. મિથ્યા શલ્ય આદિ ત્યાગીને. એનો અર્થ કે સ્વરૂપમાં સ્થિરતા કરીને ત્યાગ થઈ જાય છે. '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત રહીને,...**' ભગવાન આત્મા વસ્તુ વીતરાગી પર્યાય પ્રગટ કરીને, વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મામાં સ્થિર થઈને '**વિદ્વાને સદા શુદ્ધ આત્માને સ્ફુટપણે ભાવવો.**' વિદ્વાન તો એને કહીએ, સદા શુદ્ધ ભગવાન આત્મા, સદા શુદ્ધ... સદા શુદ્ધ... સદાશીવ ભગવાન આત્મા એ દ્રવ્ય. સ્ફુટપણે-પ્રગટપણે ભાવવો એ પર્યાય. શું કહે છે સમજાણું?

'**ત્રણ શલ્યને પરિત્યાગી,...**' એ અશુદ્ધ પર્યાયનો ત્યાગ. '**નિઃશલ્ય પરમાત્મામાં સ્થિત...**' શલ્યરહિત એવો પોતાનો નિજ આત્મા એમાં સ્થિત એ પર્યાય થઈ. પર્યાય નામ અવસ્થા. '**વિદ્વાને સદા શુદ્ધ આત્માને...**' જેણે એવું જાણ્યું, એવા વિદ્વાન જ્ઞાનીએ સદા શુદ્ધ ભગવાન એ દ્રવ્ય. સદાશુદ્ધ આત્મા એ દ્રવ્ય વસ્તુ. '**સ્ફુટપણે...**' પ્રગટપણે પ્રગટપણે '**ભાવવો.**' શક્તિરૂપ પરમાત્મા છે એને પર્યાયમાં પ્રગટરૂપે ભાવવો જોઈએ. ઓહો...હો..! અધ્યાત્મની વાત બહુ મીઠી અને ટૂંકી. પણ એનું માહાત્મ્ય જ્યાં સુધી ન આવે ત્યાં સુધી આ ચીજ શું છે એનો એને પ્રેમ થતો નથી. આ બહારમાં પ્રેમ ધમાધમ... ધમાધમ... જાત્રા કાઢે, ભક્તિ, પ્રમોદ બહાર દેખાય. વ્રત પાળે છે, આ નથી ખાતા, આ નથી પીતા. લ્યો, આમ ન ખાવું, આ ન પીવું, દેખાય તો ખરું કે કાંઈક કરે છે મિથ્યાત્વભાવ. કરે છે, કર્તાબુદ્ધિ જ્યાં-ત્યાં. આહા..હા..! અહીંયાં ભગવાન ચૈતન્યબિંબ જ્યાં પડ્યો છે નિઃશલ્યસ્વરૂપ પ્રભુ. એમાં સ્થિર થઈને સમજાણું? '**સ્ફુટપણે ભાવવો.**' સ્ફુટં પ્રગટ શક્તિરૂપે ભગવાન આત્મા નિઃશલ્ય છે. એમાં પર્યાયને એકાગ્ર કરીને પ્રગટપણે એની ભાવના કરવી જોઈએ. એ ભાવના કરવી એ જ નિશ્ચયપ્રતિક્રમણ છે. એ નિશ્ચયચારિત્ર છે. બીજો શ્લોક.

**(પૃથ્વી)**

**कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्**
**भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।**
**स्वभावनियतं सुखं विधिवशादनासादितं**
**भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः।।११७।।**

વાહ..! હે ધર્મી '**યતિ!**' યતિને ઉદ્દેશીને વાત છેને મુખ્ય? ચારિત્રવંત. આત્મદૃષ્ટિ થઈ, આત્માની દૃષ્ટિ તો થઈ છે. 'હૂં પૂર્ણ શુદ્ધ આનંદ છું, મારી ખાણમાં બધી શક્તિ, સત્ત્વ પડ્યું છે'

એવું ભાન થયું છે, એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા કરવાની વાત ચાલે છે. **'હે યતિ! જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ છે...'** જુઓ, જે વિકલ્પાદિ ચિત્ત ભવભ્રમણનું કારણ છે. **'અને વારંવાર કામબાણની અગ્નિથી દગ્ધ છે...'** અરે..! તારા ચિત્તમાં પરપદાર્થની ઉલ્લસિત વૃત્તિ પ્રગટે છે એ કામબાણની અગ્નિ લાગે છે તને. આહા..! સમજાણું કાંઈ? **'જે (ચિત્ત) ભવભ્રમણનું કારણ અને વારંવાર કામબાણ...'** પાંચ ઇન્દ્રિયના વિષયોને જ્યાં જ્યાં દેખે ત્યાં આમ અગ્નિ ઉઠે છે રાગની. અરે..! એ તો કામબાણ અગ્નિ ઉઠે છે. સમજાણું કાંઈ? વારંવાર જ્યાં શબ્દ સાંભળે કે રૂપ દેખે, રસ, ત્યાં ત્યાં વૃત્તિ રોકાઈ જાય, કામબાણથી ઘાયલ થઈ ગયો. તારું ચિત્ત કામબાણથી ઘાયલ થયું છે.

**શ્રોતા :-** ... વિચાર આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું વિચાર આવે? શું વિચાર શું આવે? આત્માનો વિચાર આવે. પરમાં કાંઈક છે એવો વિચાર. પરમાં કાંઈ છે નહિ ત્રણકાળમાં. એ કહે છે જુઓ વારંવાર આમ કામબાણ. આમ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. એમાં ઘાયલ તારું ચિત્ત થઈ જાય છે, કહે છે.

**'એવા કાયક્લેશથી રંગાયેલા ચિત્તને...'** આહા..હા..! એવા કષાયના ક્લેશથી રંગાયેલું ચિત્ત. જુઓ, શુભ-અશુભપરિણામ બેય કષાય ક્લેશ છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ નિઃશલ્યસ્વરૂપી આત્મા એનાથી વિરૂદ્ધ ચિત્ત. છેદાયેલા ચિત્ત ત્યાં તારી વારંવાર વૃત્તિ બાહ્ય પદાર્થમાં રોકાઈને જરી ખેદ કે હરખ, ખેદ કે હરખ. અનુકૂળતાની ચીજમાં હરખ થવો, પ્રતિકૂળતામાં ખેદ થવો. તારું ચિત્ત કષાયક્લેશથી રંગાયેલું છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'એવા કષાયક્લેશથી રંગાયેલા ચિત્તને તું અત્યંત છોડ;...'** ભગવાન એને છોડ. આહા..હા..! તારું વીર્ય ઉલ્લસિત થઈને આનંદમાં કેમ નથી જાતું? આ ચિત્ત અહીં પરમાં જરી સુખભાવ થયો, આમ થયું, ઓહો..હો..! સમજાણું કાંઈ? કામબાણથી ઘાયલ તારું ચિત્ત થઈ ગયું છે. કષાયથી રંગાયેલું ચિત્ત ભગવાન આત્મા નિઃશલ્યસ્વરૂપ પરમાત્મા એનો આશ્રય લઈને ક્લેશથી રંગાયેલા ચિત્તને છોડ, ક્લેશથી રંગાયેલા ચિત્તને છોડ. સમજાણું કાંઈ?

**'અત્યંત છોડ; જે વિધિવશાત્ (-કર્મવશપણાને લીધે) અપ્રાપ્ત છે...'** શું છે? એ કર્મને તાબે થઈને તારો આત્મા અપ્રાપ્ત છે. સમજાણું કાંઈ? કર્મને તાબે થઈને તારો સ્વભાવ નિયત સુખ અપ્રાપ્ત છે. શું કહ્યું? કર્મની વિધિ નામ કર્મ. એના વશપણાના નિમિત્તને આધીન થઈને **'એવા નિર્મળ સ્વભાવનિયત સુખને...'** શું કહે છે? ભગવાન આત્માનો આનંદ એ કર્મના નિમિત્તને વશ થઈને તારા સ્વભાવનો આનંદ તને અપ્રાપ્ત છે. સમજાણું કાંઈ? આત્મા અતીન્દ્રિયની અપ્રાપ્તિ કેમ છે એમ કહે છે. કર્મથી છે એમ નથી. કર્મને વશાત્-વિધિવશાત્ એમ શબ્દ પડ્યો છે. પણ તારો સ્વભાવ અતીન્દ્રિય આનંદ એને વશ ન થતા તારી પરિણતિ કર્મના નિમિત્તથી વશ થાય છે. સમજાણું કાંઈ? પ્રતિક્રમણની વ્યાખ્યા છેને. આમ કર્મના નિમિત્તને વશ થાય છે. એનાથી

સ્વભાવનિયત સુખની અપ્રાપ્તિ છે.

**શ્રોતા** :- વાસ્તવિકતા દેખાડે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-વાસ્તવિક સ્વરૂપ.

**'નિર્મળ સ્વભાવનિયત સુખને...'** સ્વભાવમાં નિશ્ચિત રહેલો, સ્વભાવમાં નિયમથી રહેલો ભગવાન આત્મામાં આનંદ નિયમથી રહેલો છે આત્મા, નિશ્ચયથી રહેલો છે. એની અપ્રાપ્તિ કર્મને તાબે થયેલો તારો ભાવ એ કારણે સ્વભાવનિયત સુખની અપ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? તારું ને તારું કારણ છે, બીજું અહીં કોઈ કારણ બતાવતા નથી, લ્યો. આહા..હા..! અહીં તો પાઠ લીધોને વિધિવશાત્. કર્મ એને વશ કરે એમ નથી. કર્મના તાબે થઈને તારી પરિણતિ એના વશ થઈને નિયતસ્વભાવમાં નિશ્ચય આનંદ પડ્યો છે એની અપ્રાપ્તિ છે. એવા **'સુખને તું પ્રબળ સંસારની ભીતિથી ડરીને ભજ.'** એવા સુખને સ્વભાવનિયત સુખને સ્વભાવનિયત સુખને સ્વભાવમાં નિશ્ચયથી પડ્યો છે (એવા) અતીન્દ્રિય આનંદને પ્રબળ સંસારની ભીતિ. એ સંસારનો ડર લાગે. આહા..હા..! રાગ, ક્લેશ, સંસાર, કષાયક્લેશથી ડરીને-બી-ભય પામ. ડરીને સ્વભાવનિયત સુખને ભજ. પરથી ડરીને સ્વભાવનિયત સુખને ભજ. આ એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકી વ્યાખ્યા છે. આહા..હા..!

સ્વભાવનિયત સુખ. ભગવાન આત્મા નિશ્ચયથી ભરેલો છે આનંદ. કર્મના વશે અપ્રાપ્ત એનાથી ડરીને સુખને ભજ. અતીન્દ્રિય આનંદને ભજ. એ એની ભજના-ભક્તિ કર. ભક્તિનો અર્થ એમાં એકાગ્રતા હોય એનું નામ ચારિત્ર અને નિશ્ચય પ્રતિક્રમણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૧૫, શુક્રવાર, તા.૨૦-૦૫-૧૯૬૬
## ગાથા-૮૮-૮૯, કળશ-૧૧૮, પ્રવચન-૬૮

.. વર્તમાન પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર ચાલે છે. છે તો ચારિત્રનો અધિકાર. આત્મા પોતાનો પૂર્ણ શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વભાવ એ રાગથી, પરથી ખસીને પોતાના ચૈતન્ય જ્ઞાનની અંતર્મુખ થઈને અનુભવમાં આત્માની પ્રતીત કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની વાત છે. પર ચીજથી નિરાળો, શરીર-કર્મથી પણ ભિન્ન આત્મા છે અને પુણ્ય-પાપનો રાગ વિકલ્પ ઉઠે છે એ પણ આસ્રવ દુઃખરૂપ વિકાર. એનાથી ભિન્ન પોતાનું

સુખસ્વરૂપ આત્મા, સુખસ્વભાવી આત્મા, અતીન્દ્રિય આનંદસ્વરૂપી આત્મા. એની અંતર્મુખ થઈને બહિર્મુખનો અભાવ-સ્વભાવમાં છે અને અંતર્મુખમાં અનંત જ્ઞાનાદિ છે એની અંતરમાં દૃષ્ટિ કરવી અને સ્વસંવેદન જ્ઞાનનું વેદન કરવું જ્ઞાનથી એનું નામ શરૂઆતમાં પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એની સાથે અહીંયાં ઉત્કૃષ્ટ વાત કહે છે. જેને આત્માની સ્વતંત્રતાની-આનંદની પ્રાપ્તિ કરવી હોય એને દર્શન-જ્ઞાનપૂર્વક એવું ચારિત્ર પ્રાપ્ત કરવું જોઈએ. ચારિત્રની પ્રાપ્તિ વિના આત્માના પૂર્ણ આનંદની પ્રાપ્તિ નહિ થાય. સમજાણું કાંઈ? એ વાત ૮૮માં વિશેષ કહે છે. જુઓ,

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा॥८८॥**

**જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.**

એની '**ટીકા :-**' આ તો ઉંચી વાત છે અત્યારે તો. આ બધા મુંબઈમાંથી ધમાધમ કરતાં આવ્યા અને માંડ આવી વાત કહે છે ઉંચી, લ્યો.

**શ્રોતા :-** એને ખબર છેને મુંબઈમાં ધમાધમ છે અને અહીં બીજી વાત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન આત્મા જેને શાંતિ જોઈએ અને સુખ જોઈએ તો આત્મામાં આનંદ અને શાંતિ પડી છે. ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય શાંતિ અને સુખ પરપદાર્થમાં તો છે જ નહિ, શરીરમાં છે નહિ, વાણીમાં નથી, કર્મમાં નથી અને પુણ્ય અને પાપનો શુભાશુભભાવ થાય છે એમાં પણ સુખ અને શાંતિ છે જ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ સ્વભાવ જેનો પરિપૂર્ણ આત્મા છે. એના આનંદની દૃષ્ટિ કરીને, એ આનંદનું જ્ઞાન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરે છે, પછી સ્વરૂપમાં સ્થિર થવું એને ચારિત્રની પ્રાપ્તિ કહેવામાં આવે છે. ત્યારે આત્માને પૂર્ણ આનંદરૂપી મુક્તિની પ્રાપ્તિ થશે. એ વિના આત્માની આનંદની પ્રાપ્તિ થશે નહિ. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં સુખ? ધૂળમાં છે? કોણ કહે છે કે સુખ છે? સુખ ક્યાં છે? જડમાં છે? આ શરીર તો માટી છે. આ તો માટી છે. કર્મ જડ છે, પૈસા માટી-ધૂળ છે, સ્ત્રીનું શરીર પરમાટી, માંસ, હાડકા છે, એનો આત્મા ભિન્ન છે. સુખ ક્યાં છે? જેની દશામાં દુ:ખ છે એની અંતરમાં સુખ છે. તો પરમાં દુ:ખ પણ નથી અને પરમાં સુખ પણ નથી. પોતાની નિજદશામાં 'પરમાં સુખ છે, પરમાં દુ:ખ છે' એવી કલ્પના, ભ્રાંતિ અને 'પુણ્ય-પાપના ભાવમાં મને ઠીક છે' એવી ભ્રમણા એ ભ્રમ છે એ દુ:ખ છે. અને દુ:ખ કૃત્રિમ અવસ્થા છે, એ ત્રિકાળ આનંદની ઉલટી દશા છે. તો ત્રિકાળ આત્મામાં આનંદ પડ્યો છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે. સિદ્ધ સમાન. જે પરમાત્મા

અશરીરી થયા એવો જ આત્માનો સ્વભાવ અંદર પૂર્ણ છે. પદાર્થ છે પરિપૂર્ણ ચૈતન્ય છે, પરમસ્વરૂપ આત્મા છે. એમાં આનંદ છે, પણ એનો આદર ન કરતાં, 'પરનો આદર કર્યો એમાં મને લાભ છે, એમાં મને નુકસાન છે, શરીરની ક્રિયા હું કરું છું, શરીરમાં મને મજા છે, લાડવા ખાવા આદિ, સ્ત્રીના ભોગમાં મને ઠીક છે, લક્ષ્મી મને ઠીક છે' એવી મિથ્યાદૃષ્ટિની મૂઢ કલ્પના એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ દુઃખરૂપ દશાને જેને ટાળવી હોય એનો અહીંયાં ઉપાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહે છે? જુઓ '**ટીકા :- ત્રિગુપ્તિગુપ્તપણું (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમતપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.**' ભગવાન આત્મા મન, વચન અને કાયા તરફના વિકલ્પની લાગણી છોડીને ભગવાન આત્મા નિર્વિકલ્પ અવિકારી-અવિકારી વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ ચૈતન્ય છે, એમાં ગુપ્ત થવું-લીન થવું એ પરમતપોધન ચારિત્રનું લક્ષણ અને મોક્ષમાર્ગનું એ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જુઓ, '**જેનું લક્ષણ છે એવા પરમતપોધનને...**' જેની પાસે આત્મલક્ષ્મી છે. તપોધન છે, તપરૂપી ધન છે, ધૂળ ધન નથી. શરીર નહિ, કર્મ નહિ એ માટી જડ પર છે. આત્મામાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા શાંતરસનો સાગર સ્વરૂપ એ કહેશે આગળ. એવો પ્રભુ પોતાનું નિજસ્વરૂપ એમાં આનંદ છે. એમાં એકાકાર થઈને આનંદની દશાની પ્રાપ્તિ સ્વધનની કરી તેને તપોધન ચારિત્રવંત, સંત, મુનિ, મહંત કહે છે. સમજાણું કાંઈ? એને '**નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.**' એવા જીવને સાચું ચારિત્ર હોય છે.

હવે વિશેષ ટીકા કહે છે. '**પરમતપશ્ચરણરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન એવા જે અતિઆસન્નભવ્ય મુનીશ્વર...**' મુનીશ્વ કેવા હોય છે? કે પરમતપશ્ચરણ આનંદરૂપી સરોવર. તપશ્ચરણ શબ્દે અતીન્દ્રિય આનંદરૂપી સરોવર. જેમાં ઇચ્છા નથી, રાગ નથી. અતીન્દ્રિય આનંદથી ભરેલો સરોવર આત્મા. '**સરોવરના કમળસમૂહ...**' એમાં જે સરોવરના કમળ છે એના સમૂહને '**માટે પ્રચંડ સૂર્ય સમાન...**' જેમ સરોવર છે એમાં કમળ છે. તો સૂર્ય એ કમળને ખીલવામાં હેતુ છે. સૂર્યથી કમળ ખીલે છે. એમ મુનીશ્વર ધર્માત્મા અંતરમાં પરમ આનંદરૂપી સરોવરના કમળસમૂહ માટે પ્રચંડ સૂર્ય સમાન છે. આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનું સરોવર ભર્યું છે. એમાં કમળ. એને પ્રગટ કરવાની કળા એ સ્વરૂપમાં એકાગ્ર થવું એ જ તપોધન મુનિ પોતાના આનંદરૂપી કમળ સરોવર માટે પ્રગટ પ્રકાશ વિકાસ કરવામાં સૂર્ય સમાન છે. ઝીણી વાતું બહુ, ભાઈ! કહો, સમજાણું કાંઈ?

શું કહે છે? અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ આત્માના આનંદને પ્રગટ કરવામાં કારણ નથી, એમ કહે છે. ભગવાન આત્મા પરમતપરૂપી સરોવરના કમળસમૂહ. આનંદ તપશ્ચરણ એટલે મુનિપણું. એના કમળના પ્રચંડ સૂર્ય પ્રગટ થવામાં. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર સરોવર એમાં રાગથી ખસીને, એકાગ્ર થઈને કમળના વિકાસમાં મુનિપણાની દશા અંતરમાં

વીતરાગી ચારિત્ર એ કમળને ખીલવવામાં સૂર્ય સમાન છે. સમજાણું કાંઈ? ..માં એ કઠણ.

અહીં તો એમ કહે છે કે આત્મામાં આનંદ ખીલવાનું કારણ શરીરની ક્રિયા નથી, વાણીની ક્રિયા નથી, પુણ્ય-પાપના ભાવનું કારણ નથી અને દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આત્માના આનંદરૂપી સરોવરનું કમળ ખીલવવામાં કારણ નથી. આહા..હા..! આ કઈ જાતની વાત! કહો, ચીમનભાઈ! આવી વાત, બાપુ! તું એવો છો, પ્રભુ! તને એ વાત રુચિ નથી. ભગવાન! તું પરમાનંદની મૂર્તિ છો. આહા..હા..! કેમ? કહે છે કે ભાઈ! તું પરમાનંદનું સરોવર છો. એમાં એકાગ્ર થઈને શાંતિ અને આનંદની ખીલવટ કરે એનું નામ ચારિત્ર અને એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. બાકી વાત બધી થોથા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ રુચ્યા વિના, આ કર્યા વિના કદી એને શાંતિ મળશે નહિ. મરી જાય ચોર્યાસીના અવતારમાં રખડી-રખડીને. પુણ્યાદિ કરે દયા, દાન, ભક્તિ, વ્રત આદિ. .. હોય સ્વર્ગમાં જાય, મરીને ત્યાંથી ઢોર ને પશુમાં જાય મરીને નરક અને નિગોદમાં જશે.

**શ્રોતા :-** દેવમાંથી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિગોદ જ છે. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદસ્વરૂપ જુઓ, મુનિ કેવા છે કહે છે? ચારિત્રવંત કેવા છે? કે પોતાના સરોવરમાં કમળ ખીલવામાં સૂર્યસમાન છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એ શાંતિ... શાંતિ... આત્મામાં છે, ભગવાન! પહેલી રુચિ તો કર, પ્રભુ! કે સુખ કોઈ વિકલ્પ, પુણ્ય, પાપ, દયા, દાનમાં નથી. શરીર તો જડની પર્યાય છે, ભાઈ! એમાં તારું સુખ છે નહિ, એના વિશ્વાસથી તને શાંતિ મળશે નહિ. શરીરના વિશ્વાસથી, લક્ષ્મીના વિશ્વાસથી, બહારની ક્રિયાકાંડના વિશ્વાસથી તને શાંતિ ત્રણકાળમાં મળશે નહિ. શાંતિ તો ભગવાન આત્માનો વિશ્વાસ 'હું અનાકુળ આનંદસ્વરૂપ છું.' જેવા સિદ્ધની પર્યાયમાં આનંદ પ્રગટ્યો છે એ આનંદ ક્યાંથી પ્રગટ્યો? એ અંતરમાં ભર્યો છે એમાંથી પ્રગટ થયો છે. એવો હું આનંદમૂર્તિ છું.' એવા. અરે..! ૧૮-૧૮ વર્ષના બાળકો, જુવાન પણ આત્મામાં ચારિત્ર લઈને મુક્તિને પામ્યા છે, લ્યો. સમજાણું કાંઈ? એવી ચીજ નથી કે આ આત્મા નથી કરી શકતો. કેવળ લઈ શકે! તો અહીંયાં પહેલી દૃષ્ટિ અને ચારિત્રની વાત કરે છે.

**'એવા જે અતિઆસન્નભવ્ય...'** આહા..હા..! જેની મુક્તિ, કીનારો આવી ગયો છે. સંસારનો કિનારો આવી ગયો છે. એવા **'મુનીશ્વર બાહ્યપ્રપંચ અગુપ્તિભાવ તજીને...'** જુઓ, આહા..હા..! એ વિકલ્પ ઉઠે છેને શુભરાગ પંચમહાવ્રતના, દયા, દાનના, ભક્તિના, તપના એવા કોઈ વિકલ્પ બાહ્યપ્રપંચ છે. શેઠ!

**શ્રોતા :-** .. આત્માના હીતને માટે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ વેપાર-ધંધાની અહીં વાત નથી હોં. વેપાર-ધંધા તો એકલા પાપમાં-જડમાં ગયા. એ તો કરી શકતો જ નથી. બહારનો વેપાર-ધંધો કરી શકતો નથી. આ કરી શકે છે. પરની ચીજ કરી શકે કે એક પાનું પણ ફેરવી શકે કે આંખનો પલકારો આમ કરી શકે એ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. જડપદાર્થ અને બાહ્યપદાર્થની વ્યવસ્થા જેમ-જેમ ત્યાં થવાની છે તે થાય છે. આત્મા એનો કર્તા-હર્તા ત્રણકાળમાં નથી. અહીં તો એની પર્યાયમાં વિકલ્પ જે ઉઠે છે.. અહીં તો શુભવિકલ્પ ઉઠે છે એની વાત કરે છે. આહા..હા..! અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય એવો વિકલ્પ ઉઠવો એ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. એ આત્માનું સ્વરૂપ નથી. શશીભાઈ! આકરું ભારે, ભાઈ! આહા..હા..! હજી તો એને મારામાં આનંદ છે એ રાગમાં નથી, પરમાં નથી એ ભરોસો આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ભરોસો આત્મામાં થયો છે. હું આનંદ છું, જ્ઞાયક છું, ચિદાનંદ છું. પછી અશુભભાવ હતો એને તો છોડી દીધો, પણ શુભભાવ છે એ કહે છે કે એ પ્રપંચ છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનો વિકલ્પ ઉઠે છે રાગ એ વિકલ્પ ઉત્થાન છે, ક્લેશ છે. આહા..હા..! ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે. સત્, શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર! એમાં એ પ્રપંચ, ક્લેશ વિકલ્પને છોડીને. આહા..હા..! આ તમારા કાકાને સમજાય છે કે નહિ આ? ... પહેલા આવ્યા. .. છે પણ સાંભળે તો ખરા. ખબર તો હોયને નામ તો સાંભળ્યું હોયને રામપર. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! તું તો આનંદનું ચોસલું છે કહે છે. આ મોહનથાળ નથી કરતાં? મોહનથાળ કરે છેને શું કહે છે? ચોસલા પાડે છે.

**શ્રોતા** :- આત્મા સાથે ક્યાં મેળ ખાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કહેવાય એ લોઢાની? ચોકી. એ ચોકીમાં નહિ મોહનથાળ નાખે છે? બરાબર પછી આમ છરી વડે (ચોસલા પાડે છે). એમ આનંદની અહીં ચોકી પડી છે આત્મા. આહા..હા..! એ આનંદનો પાક તો ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ છે. સચ્ચિદાનંદ આનંદ અને જ્ઞાનની મૂર્તિ ચોસલું આખું પડ્યું છે. એકાકાર થઈને ચોસલું થા, આનંદનું વેદન કર એનું નામ ચારિત્ર અને મુક્તિનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું પણ આ બધી. આ બધી ક્રિયાકાંડને આ બધું ક્યાં જાય પછી આ?

**'બાહ્ય પ્રપંચરૂપ અગુપ્તિભાવ...'** જુઓ, એ શુભભાવ છે એ અગુપ્તિભાવ છે. એ ગુપ્તિભાવ નથી. સમજાણું કાંઈ? મુનિને સમ્યક્ અનુભવપૂર્વક પંચમહાવ્રત હોય છે એ પણ પ્રપંચ છે, વ્યવહાર છે, અગુપ્તિભાવ છે. ભાઈ! ભગવાન આત્મા અંતર પૂર્ણાનંદ સહજ સ્વભાવનું ચોસલું પડ્યું છે અંતર અનાદિ-અનંત ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ. એમાંથી જેટલો વૃત્તિનો ઉત્થાન ઉઠે છે એ બધું પ્રપંચ છે, દુ:ખરૂપ છે, આકુળતા છે, અનાકુળતાની હાનિ થાય છે. આહા..હા..! એને પણ અહીંયાં બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ એને એમ કહેવું કે આનંદકંદ છે. એ

કેમ બેસે પણ એને. ચાલે નહિ સમજ્યા? ચાલે નહિ. અરે..! અમારે કરવું શું? ભાઈ! ભગવાન! તું તો અનંતકાળથી પરદ્રવ્યના અભાવથી ચાલ્યો આવ્યો છો. શું કહ્યું? તારો આત્મા છે એમાં પરવસ્તુનો અભાવ છે.

ભગવાન આત્મા છે સચ્ચિદાનંદ ધ્રુવ અનાદિ-અનંત તત્ત્વ ભગવાન એ શરીર, વાણી, કર્મના અભાવથી ચાલ્યો આવ્યો છે. શું કહ્યું સમજાણું? નથી સમજ્યા અમારી ભાષા. જુઓ, આ બે આંગળી છે કે નહિ? આ આંગળીએ આ આંગળી વિના જ ચલાવ્યું છે. એ છે તો છે આ એમ નથી, પોતાથી એ છે. એમ ભગવાન આત્મા પોતાથી છે, એ શરીર, કર્મ, જડ આદિ પદાર્થ વિના રહે છે, એના અભાવથી રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે અમને ચાલે નહિ, ભાઈ! પણ ચાલે નહિ શું તું શું કહે છો? સમજાણું? મારે એના વિના ચાલે નહિ એવા આગ્રહ વિના એણે ચલાવ્યું નથી, એના વિના તો ચલાવ્યું જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ છે. તો અભાવ કહો કે પરની એમાં નાસ્તિ કહો. તો પોતાનું તત્ત્વ પરના અભાવથી જ ચલાવ્યું છે. સમજાણું કાંઈ? અજીતપ્રસાદજી! બરાબર છે? આ શરીર વિના ચાલે નહિ, નોકરી વિના ચાલે નહિ. શું છે આ બધું? ભગવાન! એ તારા સ્વરૂપમાં વિકલ્પ ઉઠે છે રાગ 'એ વિના ચાલે નહિ, એ વિના ચાલે નહિ' એવા આગ્રહ વિના તે ચલાવ્યું નથી. પરવસ્તુ વિના તો ત્રણકાળ, ત્રણલોકમાં તે ચલાવ્યું છે. કેમકે પરચીજ તો તારામાં છે જ નહિ. તારું હોવાપણું એ પરથી અભાવરૂપ છે. તારું રહેવું જ પરથી અભાવરૂપ છે. તારું રહેવું જ પરથી અભાવરૂપ છે. તું પરથી અભાવરૂપ જ રહ્યો છો. માન્યતામાં ગડબડ કરી દીધી છે. આહા..હા..! કહો, બરાબર સમજાય છે કે નહિ? ભાઈ! પ્રવિણભાઈ! ક્યાં ગયા સુબોધભાઈ? આ સમજાય છે કે નહિ? આ બાળકોએ તૈયાર થવું જોઈએ. આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ પદાર્થ? છે કે નહિ? તો છે એ પોતાથી રહ્યો છે? કે શરીર, કર્મ આદિ પરપદાર્થથી રહ્યો છે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાદિથી અત્યાર સુધી અનંતકાળ. પરપદાર્થની નાસ્તિથી જ ટકી રહ્યો છે. તો પરપદાર્થના અભાવથી રહ્યો છે અને પરપદાર્થ વિના જ રહ્યો છે, પરપદાર્થ વિના જ એણે ચલાવ્યું છે. સમજાણું કાંઈ? શશીભાઈ! કહો આ તો ન્યાય સમજાય છે કે નહિ? આહા..હા..! ભારે પણ! એને સમજણમાં .. એય.! મલૂપચંદભાઈ! શું હશે આ? અનાદિથી એમ ચાલ્યું આવ્યું છે. કેમકે પર રજકણમાત્ર, શરીરમાત્ર કે આત્મા બીજો છે એ બધાનો આત્મામાં અભાવ છે. તો પરનો જેમાં અભાવ, તો પરના અભાવથી જ ચલાવ્યું છે. પરના ભાવથી ચલાવ્યું છે એમ છે જ નહિ કોઈ દિ'. કોઈ દિ' મનન કર્યું નથી, વિચાર કર્યો નથી. પોતાનું હોવાપણું, રહેવાપણું કેમ રહ્યું છે એની પણ ખબર નથી. સમજાણું કાંઈ? તો અહીં આચાર્ય કહે છે, ભાઈ! તે પર વિના તો તે ચલાવ્યું જ છે. તારી માન્યતામાં તે નથી ચલાવ્યું. માન્યતા છૂટી ગઈ. 'હું પર વિના જ રહ્યો છું. મારા સ્વભાવથી જ હું રહ્યો છું.' એવી

સમ્યગ્દૃષ્ટિ થઈ. પછી 'પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે એ વિના સ્થિર નથી રહ્યો' (એમ માને છે). તો કહે છે કે છોડી દે એને. એ વિના પણ તું રહી શકે છો! વસ્તુમાં તો એ વિના જ રહ્યો છે, પણ દૃષ્ટિમાં આત્મા પરથી ભિન્ન છે, પરના અભાવથી રહ્યો છે, પોતાની શક્તિના સત્ત્વથી રહ્યો છે. એવી પોતામાં દર્શનશુદ્ધિ થઈ, સમ્યક્ ચૈતન્યનું ભાન હું પરનો કર્તા નથી, પરનું સત્ત્વ મારામાં નથી. મારા સત્ત્વ રહેવામાં પરસત્ત્વની મારામાં જરૂર નથી. મારા સત્‌નું સત્ત્વ, વસ્તુનું સત્ત્વ જે અનંતગુણ છે એને રહેવામાં પરપદાર્થની મારે બિલકુલ જરૂર નથી. એમ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા પોતાના ચૈતન્યની સ્વતંત્રતાની પરના અભાવરૂપ સત્તાનું સાવધાનપણે દૃષ્ટિ થઈ છે, આ એનું નામ સમ્યગ્દર્શન કહે છે. પછી જે વિકલ્પ ઉઠે છે શુભ હોં. અશુભ તો છોડી દીધું ચારિત્ર લઈને. હિંસા, સાવદ્યયોગ. પણ એવી દૃષ્ટિપૂર્વક જે શુભવિકલ્પ છે એ બાહ્યપ્રપંચ છે. આહા..હા..! અંતર સ્વરૂપમાં નથી એ અપેક્ષાએ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ પણ પ્રપંચ છે, બંધનું કારણ છે. અબંધસ્વરૂપી ભગવાન આત્મા એમાં પ્રપંચનો રાગ બિલકુલ સહાયક શાંતિમાં છે નહિ. એવો નિર્ણય તો પહેલા કર્યો હતો. અહીં તો વિશેષ ચારિત્રની વાત કરે છે. સમજાણું કાંઈ?

**'બાહ્યપ્રપંચરૂપ અગુપ્તિભાવ તજીને,...'** તો છે તો ખરુંને એમાં આવ્યુંને? છે તો એની પર્યાયના અસ્તિત્વમાં, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ જે ત્રિકાળ છે એમાં નથી એવી તો અનુભવદૃષ્ટિ થઈ. હવે એની પર્યાયમાં જે પ્રપંચ રાગ ઉદ્‌ભવે છે એને છોડીને **'ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા ત્રિગુપ્તિગુપ્ત. એ મન, વચન, કાયાના વલણ તરફથી જે વિકલ્પ ઉઠે છે એને છોડી દીધું. **'નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...'** નિર્વિકલ્પ પરમસમાધિ લક્ષથી લક્ષિત **'અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...'** આ પરમ આનંદથી લક્ષિતથી આત્માનું લક્ષ થાય છે. આહા..હા..! રાગ, વિકલ્પથી રહિત નિર્વિકલ્પ શાંતિ અને આનંદથી આત્મા લક્ષિત થાય છે એવા આત્માને ધ્યાવે છે એને ચારિત્ર થાય છે. આ એને સાચું પ્રતિક્રમણ થાય છે. સમજાણું કાંઈ? આ સાંજ-સવાર મિચ્છામિ દુક્કડમને થોથે થોથા કરે એ પડિક્કમણા-પડિક્કમણા નથી. કહો, જુગલરાજજી! આહા..હા..! ભારે આકરું પડે માણસને. ભાન ન મળે કાંઈ પડિક્કમણા કરી આવ્યા. શેના પડિક્કમણા કર્યા?

એક પ્રશ્ન કર્યો હતો ભાઈ આ શેઠે કાલે. લોકો કહે તમે પચ્ચખાણ ભાંગ્યા. તમે પચ્ચખાણ લેતા નથી. ત્યારે આણે જવાબ આપ્યો કે પચ્ચખાણના ભંગનો અમે ત્યાગ કર્યો છે. પચ્ચખાણ ભાંગતા હતા અમે. લઈ લઈને ભાંગતા હતા એનો હવે ત્યાગ કર્યો છે. એમ પચ્ચખાણ લેવાના બંધ કર્યા. વ્રત લેવું ને આ લેવું. પણ અમે પચ્ચખાણ લેતા હતા અને ભાંગ્યા. એ પચ્ચખાણ ભંગનો ત્યાગ કર્યો છે અમે હવે. સમજાણું કાંઈ? નથી સમજતા? ભાષા નથી સમજતા. ભાષા તો

સીધી વાત છે.

**શ્રોતા** :- પચ્ચખાણ અર્થાત્ પ્રત્યાખ્યાન!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રત્યાખ્યાન કહો, રાગનો મેં ત્યાગ કર્યો. રાગનો ત્યાગ નહોતો છતાં માનતા હતા કે મેં રાગનો ત્યાગ કર્યો, રાગનો ત્યાગ કર્યો એ મારે પ્રત્યાખ્યાન છે. એ તો પ્રત્યાખ્યાનનો ભંગ કરતો હતો. એની હું પ્રતિજ્ઞા લઉં છું. પચ્ચખાણનો ભંગ કરતો હતો એનો મેં ત્યાગ કર્યો છે. કીધું ઠીક છે શેઠે પણ કાઢ્યો જવાબ.

**શ્રોતા** :- નીજ સ્વરૂપમાંથી બહાર આવે તો પચ્ચખાણનો ભંગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બીજી વાત છે. આ બીજી વાત ચાલે છે. પહેલા આત્માને સમજ્યા વિના 'હું પચ્ચખાણ કરું છું' એમ માનતા હતા. દયા, દાન, વ્રત અમારું પચ્ચખાણ છે. ઇ પચ્ચખાણ નહોતું, પચ્ચખાણનો ભંગ હતો. ઇ હવે અમે પચ્ચખાણ ભંગનો ત્યાગ કર્યો. પચ્ચખાણ લઈને તોડવો એનો ત્યાગ કર્યો. મુળચંદભાઈ! કીધું શેઠ ઠીક કાઢે, ભાઈ! ઓલામાં રહ્યા હોય સ્થાનકવાસીમાં મોઢા આગળ શેઠ તરીકે. શું કરવું ઓલા પૂછે એનો જવાબ તો દેવો જોઈએને કાંઈક. આહા..હા..! દીક્ષા છોડી, પણ દીક્ષા ક્યાં હતી? દીક્ષા માની હતી એ દીક્ષાનો ભંગ કરતો હતો એ દીક્ષાના ભંગનો ત્યાગ કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? દીક્ષા નહોતી અને દીક્ષા માનતો હતો તો એ દીક્ષાનો ભંગ કર્યો.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થઈ જતો હતો. એ દીક્ષાના ભંગનો ત્યાગ કર્યો. એ દીક્ષા છે જ નહિ. ચીમનભાઈ! આ તો એમ કહે લ્યો અમે પચ્ચખાણ લીધા, પણ હતી કે દિ' તને ભાન વિના પચ્ચખાણ કેવા? લઈ લઈને હંમેશા ભાંગે. એય..! ભગવાનભાઈ! સામાયિક, પોષા. સામાયિક લે છે. સામાયિક શું? સામાયિક તો છે નહિ તને. દૃષ્ટિનું ભાન નથી સામાયિક ક્યાંથી? સામાયિક લઈને સામાયિક તો તોડે છે. તોડતો હતો તો મિથ્યાત્વભાવની પુષ્ટિ કરતો હતો. એ સામાયિક લઈને સામાયિકને તોડતો હતો એ તોડવાનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આહા..હા..!

કહે છે **'અપૂર્વ આત્માને ધ્યાવે છે,...'** એવો લક્ષિત અતિ-અપૂર્વ એમ. એ ભગવાન આત્મા નિર્વિકલ્પ લક્ષણથી લક્ષિત થાય છે. નિર્વિકલ્પ સમાધિથી આત્મા ધ્યેયમાં આવે છે. રાગથી નહિ, વિકલ્પથી નહિ, મનથી નહિ. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ પરમસમાધિલક્ષણ. એના પડિક્કમણા. લોગસ્સમાં આવે છેને, શેઠ! લોગસ્સમાં નથી આવતું? સમાહિવર મુત્તમુદંત્તું. ખબર ન મળે અર્થની કાંઈ ભાન. ... વિહુઈ રયમળા. કોણ જાણે શું અર્થ છે? એ આવે છેને વિહુઈ રયમાળા. તો કોકને પૂછ્યું વિહુઈ રયમળા. બેને તકરાર થઈ હતી અપાસરામાં. બે અપાસરા હતા પછી સમજયાને એક દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી તો એમાં તકરાર થઈ. તો આ લોગસ્સ બોલે અર્થ તો

આવડે નહિ. પછી ઓલી દશાશ્રીમાળીની બાઈ હતી. વિહુઈ રયમળા. વિશા રોઈ મળા. પણ એલા! લોગસ્સમાં આવું ક્યાંથી આવ્યું? વિહુઈ રયમળા છે શબ્દ, પણ તમને ખબર ન હોય. લોગસ્સમાં આવે છે આપણે. સામાયિકમાં આવે છે શબ્દ. સામાયિકમાં એ શબ્દ આવે છે. અહીં તો નાખ્યું... સામાયિકમાં, લોગસ્સમાં પાઠ આવે છે. આપણે દિગંબરમાં લોગસ્સનો પાઠ આવે છે. આવે છેને. સામાયિકનો પાઠ છે, પણ તમે .. નથીને. હા પાઠ છે. એ નહિ બીજો પાઠ છે. લોગસ્સનો પાઠ છે. છેને અહીંયાં આપણી પાસે. નહિ પુસ્તક નથી? એનો અર્થ પણ કરેલો છે. એ આપણે જૂનું છે ત્યાં ભાઈ લોગસ્સમાં. એવં .. અભિથયા વિહુઈ રયમળા... .... એવં મા અભિથુઆ. અર્થ એકકોર એવો કરતો હતો. ઓલા કહે વિહુઈ રયમળા. વિશા રોઈમળા. પણ આ અર્થમાં ક્યાંથી આવ્યું?

આત્મા ભગવાનસ્વરૂપ પરમાત્મા એ ત્રિલોકનાથ પ્રભુ આપની હું સ્તુતિ કરું છું. આપ કેવા છો? વિહુઈ રયમળા. વિશેષે હુઈ નામ ધુઈ નામ ટાળ્યા છે. રજ એટલે આઠ કર્મની ધૂળ અને મળ એટલે પુણ્ય-પાપના મલિન પરિણામ. પુણ્ય-પાપના મલિન પરિણામ જે પ્રપંચ છે એને આપે ટાળી દીધા છે. વિહુઈ રયમળા. રય એટલે રજ અને મળ એટલે વિકારી પરિણામ. સમજાણું કાંઈ? અર્થની ખબર ન મળે. હાંકે રાખે ગાડા અને ભાન મળે કહેનારને અને ભાન ન મળે સાંભળનારને. શેઠ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું ફળ રખડવાનું. એમાં રખડવાનું ફળ છે ચાર ગતિમાં.

અહીં કહે છે કે ભગવાન આત્મા '**નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...**' એમ કહેવું છે. શું કહે છે? ઓલો વ્યવહારને ઉડાવ્યો છેને ભાઈ ઇ? વ્યવહાર વિકલ્પ ઉઠે છે પંચમહાવ્રતાદિ સમ્યગ્દષ્ટિને હોં. એ પણ વિકલ્પથી આત્મા સ્થિર થઈ શકે એવો આત્મા છે જ નહિ. આત્મા એવો છે જ નહિ. એ વિકલ્પથી રહિત નિર્વિકલ્પલક્ષણથી લક્ષિત સમાધિથી લક્ષિત થાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? આત્મા એવો છે કે જે વિકલ્પથી લક્ષિત લક્ષમાં આવે એવો આત્મા જ નથી. રાગથી લક્ષિત થાય છે અથવા રાગમાં હું નહિ... શું કહે છે? જે દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે છે એ રાગમાં તાકાત નથી કે આત્માને લક્ષ કરાવે અને આત્મા રાગથી લક્ષિત થાય એવો આત્મા છે નહિ. શું કહ્યું સમજાણું?

ભગવાન આત્મા જ્ઞાનાનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યઘન, એ વિકલ્પ જે રાગાદિ ઉઠે છે શુભરાગ દયા, દાન, વ્રત. એ રાગમાં તાકાત નથી કે આત્માનું લક્ષ કરીને સ્થિર થાય અને આત્મામાં એવી તાકાત નથી કે રાગનો સહારો લઈને પોતાનું ધ્યાન કરે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ નિર્વિકલ્પ શાંતરસનો ભંડાર આત્મા, તો એ પ્રભુ આત્મા રાગથી પ્રાપ્ત થાય એ રાગમાં તાકાત નથી અને રાગથી આત્મા પોતામાં પામે એવી આત્મામાં તાકાત નથી. એ તો નિર્વિકલ્પ

દૃષ્ટિથી લક્ષ થાય, નિર્વિકલ્પ શાંતિથી સ્થિર થાય. સમજાય છેને, ભાઈ! જુવાન માણસને બરાબર ધ્યાન રાખે તો સમજાય નહિ એવું છે? સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! પરમાત્મા પોતે નિજસ્વરૂપે ભગવાન આત્મા જ છે. એને કહે છે કે એ પ્રપંચને છોડ. એ પ્રપંચથી હાથ લાગશે નહિ. એ પ્રપંચમાં તાકાત નથી અને એનાથી આત્મા હાથ લાગે એવો આત્મા નથી. સમજાણું કાંઈ?

**'ત્રિગુપ્તિગુપ્ત-નિર્વિકલ્પ-પરમસમાધિલક્ષણથી લક્ષિત...'** જુઓ, શબ્દ કેટલો મૂક્યો છે? સમજાણું? અને **'અતિ-અપૂર્વ આત્માને...'** અપૂર્વ આત્મા. આત્મા તો છે જ, પણ એની સ્થિરતા થાય છેને સ્થિરતા, સમાધિ, શાંતિ. સમાહિવર મુત્તંમુદંત્તું એ અર્થ છે એમાં હોં. તમારી ઓલી સમાધિ એ નહિ. ઓલા બાવા કરે જે સમાધિ એ સમાધિની વાત છે ત્યાં? આધિ-વ્યાધિ-ઉપાધિથી રહિત એ સમાધિ. જેમાં આધિ નામ સમજાણું? મનનો વિકલ્પ નથી, વ્યાધિ નામ શરીરનો રોગ નહિ, ઉપાધિ નામ બાહ્યનો સંગ નથી. બાહ્યનો સંગ નથી, શરીરની વ્યાધિ નહિ, મનની વ્યાધિ વિકલ્પની નહિ જેમાં. મન, શરીર અને બાહ્ય ત્રણે વ્યાધિ છે. એ વ્યાધિરહિત ભગવાન આત્મા સમજાણું કાંઈ? આહા..હા..! આવડો મોટો એને બેસવું જોઈએ આ બધું. આવડો હશે આત્મા? આવો આત્મા એની તો અમને ખબર નથી. પણ તે રુચિ કે દિ' કરી છે? આવો આત્મા છે એવો વિશ્વાસ ક્યારે કર્યો છે? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- સાંભળ્યું જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળ્યું જ નથી. યથાર્થમાં એ વાત સાંભળી જ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...'** અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે. ઓલું શું પરમસમાધિ વિશેષ થઈને એ. પણ આત્મા તો છે જ. પણ નિર્વિકલ્પ લક્ષણથી લક્ષિત અતિ આત્માને ધ્યાવે છે શાંતિ, સમાધિ પ્રગટી એ પરમસમાધિ એ જ આત્માનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે મુનીશ્વર પ્રતિક્રમણય...'** જુઓ, એ સંત પ્રતિક્રમણમય થઈ ગયા. પ્રપંચ વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ લક્ષણથી લક્ષિત સમાધિથી આત્માની પ્રાપ્તિ કરી એનું નામ ચારિત્ર, એનું નામ સાચું પ્રતિક્રમણ, એનું નામ પ્રતિક્રમણમય આત્મા થઈ ગયો. ઓલી પ્રતિક્રમણની પર્યાય ભિન્ન છે. પ્રતિક્રમણ બહારથી બોલે એ પ્રતિક્રમણ છે જ નહિ. વિકલ્પરૂપી વિકારથી પાછો ખસીને નિર્વિકલ્પ આનંદથી આત્મામાં એકાકાર થવું એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, પડિક્કમણા નામથી ભડકે. એય..! એ પડિક્કમણું એ શબ્દ જૈનનો કહેવાય. ભગવાનભાઈ! ઇ બધું ઘણું એણે કર્યું સવાર-સાંજ. એ કાખમાં નાખી.

**શ્રોતા** :- પથરણા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પથરણા! અહીં તો બધાએ કર્યા હતાને સૌએ. સૌએ કર્યા હતાને ભાઈ

અમે. અમે બધા પડિક્કમણા-સામાયિક બહુ કરતા સંસારમાં હો. પર્યુષણમાં કરીએ. ચાર અપવાસ કરીએ. નાની ઉંમરમાં અપવાસ ચાર બરાબર હોં. પર્યુષણમાં ચાર અપવાસ, પડિક્કમણા સાંજ-સવાર બધું કરતા. સવારે નહિ. સાંજે ત્યાં પડિક્કમણું. આ કહે છે કે પ્રતિક્રમણ તો સાંજ-સવાર થાય છે. આ અત્યારે ક્યાંથી કાઢ્યું? એમ કહે છે. નિહાલભાઈ! પ્રતિક્રમણ તો સાંજ-સવાર હોય. અહીં તો આત્મા નિત્યાનંદ ભગવાન આત્મા એવી અંતરની દૃષ્ટિમાં સ્થિર થાય એ પ્રતિક્રમણ છે. સદાય પ્રતિક્રમણ ધોળે દિવસે અને રાત્રીના બાર વાગે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રતિક્રમણનો કોઈ કાળ નથી. આત્મા અખંડાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ કરીને રાગથી ખસીને સ્થિર થવું એનું નામ સાચું પ્રતિક્રમણ છે. આહા..હા..!

**'મુનીશ્વર પ્રતિક્રમણમય પરમસંયમી હોવાથી જ નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે.'** એ નિશ્ચય પ્રતિક્રમણ સ્વરૂપ જ મુનિ થઈ ગયો. આત્મા એવો થઈ ગયો એમ.

**'(હવે, આ ૮૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-'**

**(हरिणी)**

**अथ तनुमनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः**
**सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।**
**भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं**
**भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्।।११८।।**

**'શ્લોકાર્થ :- મન-વચન-કાયાની વિકૃતિને...'** જુઓ, મન, વચન અને કાયા તો જડ છે, પણ એ સંબંધી વિકલ્પ જે ઉઠે છે પરલક્ષણનો એનું નામ વિકૃતિ વિકાર કહેવામાં આવે છે. ચાહે શુભ હોય કે અશુભ હોય. ભગવાન આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિનો સંગ છોડીને જેટલું મન, વચન અને કાયાના સંગમાં લક્ષ જાય છે એટલો વિકૃતિભાવ પ્રગટે છે. આહા..હા..! કહો, હવે અહીંયાં તો બાયડી, છોકરા, કુટુંબ અને બહારના ધંધા, બંધા તો ક્યાંય ગયા હોળી. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ આ મન, વચન, કાયા આ જડ. એના સંગના લક્ષમાં પરના સંગના લક્ષમાં ઉત્પન્ન થનારી લાગણી, એ બધી લાગણી ઉદ્‌ભવે છે એ વિકૃત છે. ચાહે તો મનથી દયાની હોય, વચનમાં પ્રરૂપણા આદિ હોય પણ એ બધી પરના સંગે ઉત્પન્ન થનારા બધા વિકૃતિભાવ છે. સમજાણું કાંઈ? આ એને **'સદા તજીને,...'** લ્યો, આ તો પર્યાયમાં ભાઈ આવ્યું સદા. એ કાલ વાત કરતા હતાને, ભાઈ! નહિ ઓલી સદા? આવ્યું હતુંને સદા? ક્યાં આવ્યું હતું? એ સદા શુદ્ધ છે. સમજાણું કાંઈ? ૬૪ પાને છેને. હા. હા. સદાશુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સદાશુદ્ધ છે, આવ્યું હતુંને, ભાઈ! રાતે પ્રશ્ન કર્યો હતો. તપોધન સદાશુદ્ધ છે. ઓલું સદાશુદ્ધ તો ત્રિકાળ છે. એ તો વાત છે જ. ભગવાન આત્મા તો શુદ્ધ જ છે, પણ અંતર રાગથી રહિત થઈને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવી એનું નામ ચારિત્ર છે. આહા..હા..! હજી તો આ દીક્ષા લેવી એને ચારિત્રની ખબર ન

મળે અને દીક્ષા લીધી. અને આ શેઠિયા બધા ભેગા થઈને સન્માન આપે. સન્માન આપેને? બહુ માન આપે. ઓહો..હો..! તમે બાળબ્રહ્મચારી થયા! આહા..હા..! સંસાર અસાર જાણીને અમને દુ:ખ લાગ્યું સંસારનું. ધૂળમાંય નથી. ભાન પણ ન મળે મૂઢ છે. હજી 'રાગની ક્રિયા, દેહની ક્રિયા મારી છે,' (એવું માને છે પણ) હું ભિન્ન છું એનું તો ભાન નથી. દેહની ક્રિયા કરીશ એનાથી મને ધર્મ થશે. હું દયા, દાનના પરિણામ કરું છું એ મને ધર્મ છે. મૂઢ છે પહેલા તો. સમજાણું કાંઈ? એને ભાવદીક્ષિત કહે પહેલા. ભાવદિક્ષીત, પછી દ્રવ્ય દિક્ષા થાતી હશે એમને? કેમ? હરિભાઈ! એ ભાવદિક્ષીત કહે છે. એ વૈરાગી. સાચી વાત કહે છેને વૈરાગી. આહા..હા..! ભાઈ! વૈરાગ્ય તો એને કહીએ કે ભગવાન આત્મા પરથી તો ઉદાસ રુચિમાં છે જ, પણ પુણ્ય-પાપના બે ભાવ એ એક જ પ્રકારના બંધનું કારણ છે. મારું સ્વરૂપ અબંધસ્વરૂપની અનુભવ દૃષ્ટિ થાય ત્યારે પુણ્ય-પાપના ભાવમાં વૈરાગ્ય થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભવ્યમુનિ,...'** ભવ્યમુનિ. અલ્પકાળમાં કેવળજ્ઞાન સિદ્ધ ભગવાન જ્યાં નમો સિદ્ધાણં બીજા જેને સ્મરણમાં લેશે. પોતે જે નમો સિદ્ધાણં કરે છે એને બીજા નમો સિદ્ધાણંમાં લેશે. આહા..હા..! **'ભવ્ય મુનિ, સમ્યગ્જ્ઞાનના પુંજમયી...'** આત્માની વ્યાખ્યા કરી. ભગવાન આત્મા. આત્મા એટલે જ્ઞાનનો પુંજ. જ્ઞાનનો પુંજ, સમજણનો પુંજ, ચૈતન્ય પુંજ, ચૈતન્યસૂર્ય, ચૈતન્યસૂર્ય એ ભગવાન આત્મા. દયા, દાન, વ્રતાદિ વિકલ્પ એમાં છે નહિ. એવા **'સમ્યગ્જ્ઞાનના પુંજમયી આ સહજપરમ ગુપ્તિને શુદ્ધાત્માની ભાવનાસહિત...'** એ સહજપરમગુપ્તિને **'શુદ્ધાત્માની ભાવનાસહિત ઉત્કૃષ્ટપણે ભજો.'** જુઓ, એ સમ્યગ્જ્ઞાનનો પુંજ આત્મા અને એની પર્યાય પણ સમ્યગ્જ્ઞાનનો પુંજ થઈ ગઈ. **'સહજપરમગુપ્તિને...'** **'પુંજમયી આ સહજપરમગુપ્તિને...'** એ ગુપ્તિ રાગરહિત થઈ તો સમ્યગ્જ્ઞાનનો પુંજ થયો. શું કહ્યું? શુભરાગને છોડીને સહજજ્ઞાનમયી પુંજ પ્રભુ એમાં લીન થયો તો પર્યાય પણ સમ્યગ્જ્ઞનો પુંજ થઈ. સમજાણું કાંઈ?

**'શુદ્ધાત્માની ભાવનાસહિત...'** આવી ગુપ્તિને. એમ. એમ છેને, ભાઈ! **'સહજ પરમ ગુપ્તિને...'** આહા..હા..! **'શુદ્ધાત્માની ભાવનાસહિત...'** એકાગ્રતા સહિત **'ઉત્કૃષ્ટપણે ભજો.'** એ ભગવાન આત્માનું ભજન કરો. અખંડાનંદ પ્રભુ એમાં એકાકાર થા, સમ્યગ્જ્ઞાનની નિર્મળતા પ્રગટ કર, ભગવાન આત્માને ભજ. એનું નામ જ ભજો, બીજું ભજવું હતું ક્યું? **'ત્રિગુપ્તિમય એવા તે મુનિનું તે ચારિત્ર નિર્મળ છે.'** તે મુનિનું ચારિત્ર નિર્મળ છે. ત્રિગુપ્તિમય--મન, વચન, કાયા તરફના વિકલ્પથી રહિત, જ્ઞાનના પુંજ પ્રભુ એ તરફની જ્ઞાનની નિર્મળ પર્યાય પ્રગટ કરીને આત્માને ભજે છે એ જ મુનિ (છે અને) ચારિત્ર એનું નિર્મળ છે. હજી તો સાંભળ્યું ન હોય કે ચારિત્ર કેવું છે. ૧૧૮ થયો લ્યો. કળશ હોં. ૮૯.

**मोत्तुण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।**
**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिठ्ठसुत्तेसु।।८९।।**

**તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.**

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવના દિવ્યધ્વનિમાં આવું પ્રતિક્રમણનું સ્વરૂપ આવ્યું છે. સમજાણું કાંઈ?

**'ટીકા :- આ ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.'** પહેલી તો આર્તધ્યાનની વ્યાખ્યા કરે છે થોડી. આર્તધ્યાન, પાપધ્યાન, બંધધ્યાન, દુઃખરૂપી ધ્યાન. **'(૧) સ્વદેશના ત્યાગથી,...'** પોતાનું સ્થાન છૂટી જાય પછી આર્તધ્યાન થઈ જાયને! અરે..! મારું ક્ષેત્ર રહ્યું નહિ, મારું ઘર રહ્યું નહિ, મારો દેશ રહ્યો નહિ. છૂટી જાય તો આર્તધ્યાન. પીડા... પીડા.. આનંદની પીડા. આનંદ પીલે છે. જેમ ઘાણીમાં તલ પીલે છે એમ સ્વદેશનો ત્યાગ જ્યાં લક્ષમાં આવ્યો 'એ મારું મકાન છૂટી ગયું, મારું ઘર છૂટી ગયું, અમારો દેશ છૂટી ગયો.' એવું આર્તધ્યાન આત્માના આનંદને પીડા કરે છે. સમજાણું કાંઈ? અનુકૂળ સાધન છૂટીને આમ. અરે..! અમે આ મકાનમાં પચ્ચીસ વર્ષથી રહીએ. અમારો જન્મ અહીંયાં, અમારા મકાન અહીંયાં, અમારા બાપ-દાદાના મકાન. વેચી નાખ્યા નહિ ત્યાં? છે કે નહિ નાગનેશમાં? બસને. કહો, સમજાય છે કાંઈ? સંભારે એ યાદ કરે નહિતર.

**શ્રોતા :-** .. સાફસૂફ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ઉમરાળામાં અમારે હતા ... પછી ગૃહસ્થ થઈ ગયા. દસ, પંદર લાખ રૂપિયા. પછી એણે કીધું એની માને. માએ ઓલાને કહ્યું દીકરાને. બેટા! બ્રાહ્મણ છે હોં. પંદર લાખ રૂપિયા.. પણ બેટા! આ આપણું મૂળ પહેલું મકાન છેને. એ આપણે વેંચી નાયખું. અરે..! તારો જન્મ ત્યાં, આપણે રહ્યાં ત્યાં. અરે..! આ સ્થાન જાય. પણ મા એ શી રીતે આપે હવે? એ ગૃહસ્થ થઈ ગયો છે. એણે મકાન લીધું તો પૈસાવાળો છે. પણ બાપુ! આપણે પણ હવે એ મકાન લેવું જોઈએ. પછી એની માનો બહુ આગ્રહ હતો એટલે ગયો ઓલો. ઓલો કહે પણ મકાન હશે કાંઈ પાંચસો, સાતસો હજારનું. ઓલો કહે પણ દસ હજાર લઉં. કહે મૂક આંકડો. મૂક આંકડો. મારી માનો આગ્રહ છે, અમારા મકાન ઘરના. જુઓ મમતા. ઓલાને .. ગયું ઓલું હોં. ઓલું જાણે પાંચસો, સાતસોનું મકાન હશે તો કેટલું આપશે? હજાર, બે હજાર શી રીતે આપશે? કેટલા લેવા છે તારે? મૂક આંકડો. કહે દસ હજારને એક. લાવ દસ હજારને એક. આટલી મમતા આર્તધ્યાન. આર્તધ્યાન છેને એ? મારું સ્થાન, મારો દેશ, મારો દેશ છોડીને અમે ક્યાં આવ્યાં?

**શ્રોતા :-** વટ રાખ્યોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વટ શેના રાખ્યા? ઇ તો કહે છે કે એના ત્યાગથી અંદરમાં આર્તધ્યાન થયા કરે કલ્પના. અરેરે..! અમારા મકાન ગયા હોં. એ અમારા બાપ-દાદા સાત પેઢીના રહેનારા ત્યાં હોં. ગયા હવે શું કરીએ? કહે છે કે એવી કલ્પના એ આર્તધ્યાન, પાપધ્યાન, આત્માના આનંદના લૂંટારા છે ઇ.

**'મિત્રજનના વિદેશગમનથી,...'** સારા મિત્ર હોયને સારા પ્રેમી. અમેરિકા જાતા હોય. વળી પાંચ-સાત વર્ષ. હવે તો ઝટ આવે છે, પણ પહેલા નહોતા આવતા. હા, હા. મુંબઈ જતા ભાઈ પહેલા તો. મુંબઈ જતાં અમારે ૬૦ વર્ષ સાંભળેલુંને. એ મુંબઈ છોકરો ગામમાંથી ગયો. મેટ્રીક ભણીને કે ઓહો..હો..! નાળિયેર ને બધા વળાવા જાય આમ. કોઈ ધોળા સુધી જાય, કોઈ મોઢા આગળ સુધી જાય કે આહા..હા..! મુંબઈ જાય છે, ભાઈ! હવે તો અહીં વિલાયત અને ફીલાયત બધું નજીક થઈ ગયું. કહે છે કે **'મિત્રજનના વિદેશગમનથી,...'** પછી રોવે. નથી રોતા? કોઈ જાતા હોય ત્યારે. હવે આપણે ક્યારે મળશું? એમ આર્તધ્યાન, પાપધ્યાન. બાયડી જાતી હોય એના પીયર અને કોઈ એનો બાપ રહેતો હોય આફ્રિકા કે કાંઈક આઘે રહેતો હોય. હવે ઝટ નહિ અવાય. બાર મહિને અવાશે. ઝટ નહિ અવાય કહે છે. ઇ પછી કહેશે. **'મિત્રજનના વિદેશગમનથી,...'** થતી કલ્પના. આર્તધ્યાન, આર્તધ્યાન, પાપધ્યાન, બંધધ્યાન.

**'કમનીય (ઇષ્ટ સુંદર) કામિનીના વિયોગથી...'** કે વહાલામાં વહાલી સ્ત્રી મરી જાય. પ્લેગ થઈ ગયો... જાવ. હાય.. હાય... અરર..! હવે? ૪૦ વર્ષની ઉંમર, ૪૫ની ઉંમર. આ ગઈ. ફરીને જુવાનિયા પરણવા દેશે નહિ. આ ઉંમર આટલી થઈ. હવે ઇ આર્તધ્યાન પછી કરે. રોવે હોં. એ અમે જોયા હતા તમારે. ..ભાઈના ઘરેથી એનું સગપણ કર્યું હતુંને બરવાળામાં? ખબર છેને મને. ૭૮માં. ૭૮ની સાલ. ચુડા હતા અને સામે આમ અમારો અપાસરો બંધ હતો. શોભા.. દુકાન છે ઓલા ખીમચંદભાઈની નહિ? ચુડામાં. આ રતિલાલ ખીમચંદ. એની દુકાન સામી છે અને એની જોડે ત્યાં ઉભા ઉભા રોતા હતા. હું જોતો હતો અંદર. સગપણ કર્યું પછી છૂટી જવાના હતા. પૈસા તો ઘણા ૮૦ હજાર થઈ ગયા હતા, ખબર છે. આ રોતા હતા. કહ્યું શું છે એલા અહીં બધા રોવે. નાગનેશમાં પૈસા એણે આપ્યા હતા. તમારા એનાથી અડધા થોડા. કહો, સમજાણું કાંઈ? .. એમ કહેવાતું. ઇ આમ રોવે હોં. મેં જોયેલા આમ રોવે. કોઈ માણસ નથી. કહ્યું આ રોવે શું કરવા? કોકને પૂછયું (તો કહ્યું કે) એનું આ સગપણ કર્યું છેને એ હવે પરણવાના નથી, તૂટી જવાનું છે. એ રોવે ભાઈ! તૂટી ગયું પછી.

આ તો કહે છેકે એવું આર્તધ્યાન-આર્તધ્યાન વ્હાલી **'(ઇષ્ટ સુંદર) કામિનીના વિયોગથી અથવા અનિષ્ટના સંયોગથી...'** અને એમાં પ્રતિકૂળ યોગ આવી ગયો. આહા..હા..! આર્તધ્યાન. વેપાર એવો પ્રતિકૂળ આવ્યો, ધંધો એવો આવી ગયો, સંયોગ એવી ગયો, દુશ્મનો એવા સામે પ્રતિકૂળ ઉભા થયા કે ક્યાંય ફાવવા દે નહિ. એ અનિષ્ટ સંયોગમાં આર્તધ્યાન-આર્તધ્યાન. હાય... હાય... શું કરવું? આવા પાપથી **'ઊપજતું જે આર્તધ્યાન,...'** કેવું છે ઇ? **'સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી પ્રતિપક્ષ સંસાર દુઃખનું મૂળ હોવાથી તે બન્નેને નિરવશેષપણે છોડીને,...'** એમ કહે છે મૂળ તો. આવું આર્તધ્યાન છોડ? કેવું છે આર્તધ્યાન? કે સ્વર્ગના સુખને. બેયને અપરિમિત કહ્યું. એના પ્રતિપક્ષે સંસાર દુઃખ મળશે. આર્તધ્યાનથી તો દુઃખ પેદા થશે. નરક અને

ઢોરમાં દુ:ખ ઉત્પન્ન થશે. સમજાણું? એ છોડ. એવું આર્તધ્યાન પાપ. પાપથી તો નરકમાં, પશુમાં જવાશે. ત્યાંથી કાંઈ સ્વર્ગ-ફર્ગ એનાથી નહિ મળે. આહા..હા..!

'**(૨) ચોર-જાર-શત્રુજનોનાં વધ-બંધનસંબંધી મહાદ્વેષથી ઊપજતું જે રૌદ્રધ્યાન,...**' ચોરે કોઈ માર્યા, કોઈ લૂંટી ગયા, શત્રુજનોના વધ-બંધન બાંધ્યા. બાંધી દીધા. ઝાડ સાથે બાંધી દે લ્યો. ઝાડ સાથે બાંધે છે હોં ચોર. અને નાખે કૂવામાં ઉતારે મારે અને કૂવામાં બાંધીને મારે સોટા. અમારે તો બધો અનુભવ ઘણો થઈ ગયેલો. ગારિયાધારથી એક આવ્યું હતું ગાડુ ભાઈ તે. એક ગારિયાધારથી ગાડુ આવેલું. એ તેડવા આવતા હતા અમારા બહેન. ત્યાં એને રસ્તામાં એવા ચોર મળ્યા કે એને ઓલા સાથે બાંધીને મારી નાખ્યો, લ્યો. ગાડુ આવે નહિ કે આ શું થયું? સવારથી આવ્યું છે કાગળ આવી ગયો છે. મડદું લઈને આવ્યું ગાડું. જોયું મેં. તેર વર્ષની ઉંમર હતી. મડદું, ગાડુ અને બળદ. કોઈ વેરી હશે. બાવળ સાથે બાંધેલો અને મારેલો બિચારાને. મારી નાખ્યો. પછી કોઈ નીકળ્યું. એને ખબર પડી તો મડદાને ગાડામાં નાખીને લાવેલા. એવા બંધન... બંધન... હાય... હાય.. રાડ નાખે. એવું આર્તધ્યાન.

'**મહાદ્વેષથી ઊપજતું જે રૌદ્રધ્યાન, તે બન્ને ધ્યાનો સ્વર્ગ અને મોક્ષના અપરિમિત સુખથી...**' જેમાં સ્વર્ગમાં પણ સુખ છે લૌકિક. મોક્ષમાં અપરિમિત સુખ છે. ધર્મી છેને? સ્વર્ગમાં જાય છે ખરોને. સ્વર્ગમાં જાય છે ખરોને? '**એવા પ્રતિપક્ષ સંસારદુ:ખના મૂળ હોવાને લીધે...**' એ આર્ત અને રૌદ્રધ્યાન એકલા સંસારદુ:ખનું કારણ છે. '**તે બન્નેને નિરવશેષપણે (સર્વથા) છોડીને,...**' સર્વથા છોડ, છોડ જો સુખી થવું હોય તો. તારે સુખી થવું હોય તો છોડ. દુ:ખી થવું હોય તો તો એ તો કરે છે અનાદિકાળથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ પ્રતિક્રમણ કહે છે. આહા..હા..!

'**(૩) સ્વર્ગ અને મોક્ષના નિ:સીમ (-બેહદ) સુખનું મૂળ એવું સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન,...**' જુઓ, જરી સ્વાત્માશ્રિતમાં પણ સ્વર્ગસુખનું કારણ કહ્યું છે. મુનિ છેને? સ્વર્ગ અને મોક્ષનું. આ તો ઓલું સ્વર્ગનું સ્વાત્મા આશ્રિત ફળ કહે છે. '**સ્વર્ગ અને મોક્ષના નિ:સીમ (-બેહદ) સુખનું મૂળ...**' ધર્માત્મા, આત્મા આનંદકંદની દૃષ્ટિ થઈ છે, સ્થિરતા થઈ છે, જરી રાગ બાકી રહી જાય છે તો સ્વર્ગમાં જાશે. ધર્માત્મા સ્વર્ગ સિવાય જાશે નહિ. તો એ સ્વર્ગ અને મોક્ષ એનું '**(-બેહદ) સુખનું મૂળ એવું સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન,...**' લ્યો. ભગવાન આત્મા એનો આશ્રય કરીને જે ધ્યાન ઉત્પન્ન થાય તે ધર્મધ્યાન છે. એનું નામ ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ? વિકલ્પ પણ થોડો ભેગો લીધો છે.

'**એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન,...**' ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એના આશ્રયે એકાગ્રતા ઉત્પન્ન થઈ હોય એ મોક્ષનું કારણ. એમાં જરી વિકલ્પ બાકી રહી જાય તો એના ફળમાં સ્વર્ગમાં જશે. ધર્મી સ્વર્ગમાં જાય છે. તો એ અપરિમિત સુખમાં મોક્ષ અને સ્વર્ગનું

કારણ પરમધર્મધ્યાન છે. એ આર્તધ્યાન-રૌદ્રધ્યાન છોડીને પરમધર્મધ્યાનમાં આવવું આ એનું નામ પ્રતિક્રમણ અને ચારિત્ર કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૧, શનિવાર, તા.૨૧-૦૫-૧૯૬૬
## ગાથા-૮૯-૯૦, કળશ-૧૧૯-૧૨૦, પ્રવચન-૬૯

ધર્મધ્યાન અને શુક્લધ્યાન અને આર્ત અને રૌદ્રધ્યાન ચારની વ્યાખ્યા છે. બેની વ્યાખ્યા થઈ ગઈ. ધર્મધ્યાનની વ્યાખ્યા જરી છે. જુઓ, આર્ત-રૌદ્રધ્યાન એને કહીએ કે પરસન્મુખ દૃષ્ટિ રાખીને જે રાગાદિ થાય છે અથવા પરાશ્રયમાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ બધું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે, જેનું ફળ રૌદ્રધ્યાનનું તો નરકાદિ છે, આર્તધ્યાનનું ફળ મનુષ્યાદિ, તિર્યંચાદિ છે. હવે **'(૩) સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ સુખનું મૂળ...'** ત્યાંથી લેવાનું છે. ત્રગડો છેને ત્રગડો? **'સ્વર્ગ અને મોક્ષના નિઃસીમ (-બેહદ) સુખનું મૂળ એવું જે સ્વાત્માશ્રિત નિશ્ચય-પરમધર્મધ્યાન...'** આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ પરમપારિણામિકસ્વભાવભાવ છે. એનો આશ્રય કરીને જેટલી શુદ્ધતા પ્રગટે એ મોક્ષનું કારણ છે. અને વચ્ચે જરી વિકલ્પ પોતાના આત્મા સંબંધીનું પણ 'હું સાધન કરું, હું પૂર્ણ છું' એવો જે વિકલ્પ આવે છે શુભરાગ એ સ્વર્ગસુખનું કારણ છે. સમજાણું કાંઈ? સ્વર્ગ અને મોક્ષનું અપાર સુખ. બેયને અપાર સુખની વ્યાખ્યા આપી છે. અપેક્ષાએ પુણ્ય .. સંસારમાં સ્વર્ગ.. મુનિ તો સ્વર્ગમાં જ જાય છેને? ધર્મધ્યાની તો અહીં તો ધ્યાનની વાત છેને અને નિશ્ચય પ્રતિક્રમણની વાત છે. તો પોતાનો શુદ્ધ આનંદ વિકલ્પથી, રાગથી પાર પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતના પરિણામથી પાર એવો પોતાનો સ્વભાવ નિજ આત્મા. નિજ છેને? સ્વ આત્મા એને આશ્રિત, એને અવલંબે પ્રગટેલી એકાગ્રતા કે શુદ્ધતા એ નિશ્ચયપરમધ્યાન છે. સમજાણું કાંઈ? એનાથી સ્વર્ગ સુખ પણ મળે છે રાગ બાકી રહ્યો એનો અને પોતાની શુદ્ધતા જેટલી પોતાને આશ્રયે પ્રગટી એનાથી મોક્ષના કારણરૂપ ક્રિયા સંવર, નિર્જરા થાય છે. કહો, સમજાણું કાંઈ?

હવે શુક્લધ્યાન. **'(૪) ધ્યાન ને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત, અંતર્મુખાકાર...'** ધર્મધ્યાનમાં સ્વાત્માશ્રિત શબ્દ લીધો છે. શુક્લધ્યાનમાં અંતર્મુખાકાર લીધું છે. ભગવાન આત્મા પોતાનો પૂર્ણ આનંદ જ્ઞાયકસ્વરૂપ પરમભાવ. પરમભાવ. પરમભાવ કોને કહીએ? કે પુણ્ય-પાપના જે ભાવ છે એ ઉદયભાવ છે, અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે એ એક સમયની પર્યાય

છે, એનાથી રહિત ત્રિકાળભાવ છે એને અહીંયાં પરમભાવ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? **'ધ્યાન ને ધ્યેયના વિવિધ વિકલ્પો રહિત,...'** 'હું ધ્યાન કરું છું અને આત્મા ધ્યેય છે' એવો જેમાં વિકલ્પનો ભેદ નથી એવું અંતર્મુખસ્વરૂપ. અંતર્મુખસ્વરૂપ. **'સકળ ઇન્દ્રિયોના સમૂહથી અતીત,...'** અણીન્દ્રિય. પાંચ ઇન્દ્રિયના લક્ષથી પાર **'અને નિર્ભેદ...'** જેમાં ભેદ જરીએ નથી. આ ગુણી આત્મા છે અને આનંદ એનો ગુણ છે એવો પણ જેના ધ્યાનમાં ભેદ નથી.

**'પરમકળાસહિત...'** પરમ કળા સહિત એ ધ્યાન. **'એવું જે નિશ્ચયશુક્લધ્યાન,...'** એ શુક્લધ્યાનને જ પરમ કળા કીધી છે. આત્મા અખંડ શુદ્ધ આનંદ એમાં એકાકાર થઈને નિર્ભેદ-અભેદ એવી **'પરમકળાસહિત નિશ્ચયશુક્લધ્યાન, તેમને ધ્યાઈને, જે ભવ્યવરપુંડરિક (ભવ્યોત્તમ)...'** પ્રાણી. ભવ્યમાં પ્રધાન-ઉત્તમ પ્રાણી. **'પરમભાવની ભાવનારૂપે પરિણમ્યો છે,...'** જુઓ, એ પરમકળાની વ્યાખ્યા. કે પરમકળા શેમાંથી પ્રગટી? કે પરમભાવ, પારિણામિકભાવ. પારિણામિકભાવ સમજાય છે? ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ જેમાં વર્તમાન પુણ્ય-પાપનો વિકલ્પ છે ઉદયભાવ એ નહિ, ઉપશમાદિ ભાવ સમ્યગ્દર્શન થયું એ પણ નહિ, ક્ષયોપશમભાવ એ જ્ઞાનની પર્યાય પ્રગટ છે એ પણ નહિ અને કોઈ સમકિત આદિ ક્ષાયિકપર્યાય પ્રગટી એ પણ નથી. એ એક સમયની અવસ્થાથી ભિન્ન પરમભાવ પારિણામિકસ્વભાવભાવ આત્મા એની ભાવના. એ પરમભાવ છે એ દ્રવ્ય છે અને ભાવના છે એ પર્યાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ અભેદ ચિદાનંદ જેમાં વર્તમાન અવસ્થાનો પણ ભેદ નથી. પૂર્ણ શુદ્ધ આનંદકંદ એના પરમસ્વભાવનું. એ પરમસ્વભાવ દ્રવ્ય, વસ્તુ. એની ભાવના અર્થાત્ એકાગ્રતા જેને અહીંયાં પરમકળા કહી હતી. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત કહે આમાં. પરમભાવની ભાવના. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અંતરમાં એકાગ્રતા, ધ્યાન, ધ્યેયના વિકલ્પરહિત એવો પરિણમ્યો છે. એવી અવસ્થા-દશામાં પૂર્ણાનંદની એકાગ્રતા થઈને વિકારરહિત અવસ્થા થઈ છે એ અવસ્થા એ ક્ષયોપશમ-ક્ષાયિક અવસ્થા. સમજાણું કાંઈ? વસ્તુ છે પરમસ્વભાવ ત્રિકાળ. એની એકાગ્રતા થઈને અવસ્થા થઈ છે ભાવના એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. અહીં ઉપશમની વાત વિશેષ નથી.

**'તે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ છે,...'** પંચમ આરાના મુનિ પણ શુક્લધ્યાન નાખે છે અંદરમાં જુઓ. સમજાણું કાંઈ? તેને નિશ્ચય-સાચું પ્રતિક્રમણ કહે છે. એ પ્રતિક્રમણ મોક્ષનું કારણ છે. ક્રિયાકાંડ વચ્ચે એ વિકલ્પ ઉઠે છે દયા, મિચ્છામી દુક્કડમ આ ને આ એ બધું પુણ્યબંધનું કારણ છે. કહો, ભગવાનભાઈ! મિચ્છામી દુક્કડમ. પહેલા અણુવ્રતમાં દોષ લાગ્યો, બીજા અણુવ્રત, ત્રીજા અણુવ્રત. એ અણુવ્રત તો છે જ નહિ, સમ્યગ્દર્શન વિના હોય જ નહિ. પણ એમાં જે સમ્યગ્દર્શનસહિત હોય તોપણ જે વિકલ્પ ઉઠે છે 'મિચ્છામી દુક્કડમ' એ પણ શુભભાવ છે. એનાથી રહિત ભગવાન આત્માની એકાગ્રતાનું ધ્યાન નિર્વિકલ્પ આનંદની કળા પ્રગટ થવી એ જ

નિશ્ચયપ્રતિક્રમણ છે.

**શ્રોતા** :- ધર્મધ્યાન વખતે શુક્લધ્યાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકલ્પના ધર્મધ્યાનના બે ભેદ છે. જરી અસ્થિરતા છે એનો વિકલ્પ છે, જેટલી એકાગ્રતા છે એટલી સ્થિરતા છે. અહીં તો એકલી એકાગ્રતા શુક્લધ્યાનમાં લેવી છે. એમાં બે ભેદ લીધાને? ધર્મધ્યાનના બે ભેદ લીધા છે. જરી એકાગ્રતા છે એટલું નિશ્ચયધર્મધ્યાન. એનું ફળ તો સંવર, નિર્જરા, વીતરાગતા. જેટલો વિકલ્પ રહ્યો એનું પુણ્યબંધ એનું ફળ સ્વર્ગ. સમજાણું કાંઈ? શુક્લધ્યાનમાં ભેદ નથી, આમાં થોડો ભેદ રહે છે.

**'એમ પરમ જિનેન્દ્રના મુખારવિંદથી નીકળેલાં દ્રવ્યશ્રુતમાં કહ્યું છે.'** લ્યો, આ કથન કોનું છે? **'પરમ જિનેન્દ્રના મુખારવિંદથી...'** પરમપરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના મુખરૂપી અરવિંદ નામ કમળ, એના **'નીકળેલાં દ્રવ્યશ્રુતમાં...'** આવું સાચું પ્રતિક્રમણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? **'ચાર ધ્યાનોમાં પહેલા બે ધ્યાન હેય છે,...'** આર્ત અને રૌદ્રધ્યાન કહ્યું હતુંને પહેલા? **'ત્રીજું તો પ્રથમ ઉપાદેય છે,...'** ધર્મધ્યાન સ્વરૂપની એકાગ્રતા, અલ્પ થોડી એકાગ્રતા એ ઉપાદેય છે. **'અને ચોથું સર્વદા ઉપાદેય છે.'** પ્રગટ કરવાની અપેક્ષાએ હોં. નહિતર ઉપાદેય તો આત્મા છે ત્રિકાળ. સમજાણું કાંઈ? આ ચાર ધ્યાનની વાત સ્પષ્ટ કરી.

**'એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'**

**(अनुष्टुभ्)**

**"निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्ध्यानं तच्छुक्लं योगिनो विदुः॥"**

ઓહો..હો..! **'જે ધ્યાન નિષ્ક્રિય છે,...'** શુક્લધ્યાનની વ્યાખ્યા કરે છે. **'જે ધ્યાન નિષ્ક્રિય છે,...'** અંદરમાં. નિષ્ક્રિય શબ્દે રાગનો જેમાં સંબંધ નથી, વિકલ્પનો જેમાં સંબંધ નથી. વિકલ્પની અપેક્ષાએ એને નિષ્ક્રિય કહેવામાં આવ્યું છે. છે તો આત્માના ધ્યાનની એકાગ્રતા એ સક્રિય પરિણતિ છે, પણ રાગનો જેમાં સંબંધ નથી, એકલું ચૈતન્યબિંબને ધ્યાનમાં લઈને એકાકાર થવું એનું નામ નિષ્ક્રિયધ્યાન કહેવામાં આવે છે.

**'ઇન્દ્રિયાતીત છે, ધ્યાનધ્યેયવિવર્જિત છે...'** આવી ગયું છે એ. **'અને અંતર્મુખ છે,...'** ધર્મધ્યાન એ છે તો અંતર્મુખ, પણ વિશેષ અંતર્મુખ નથી. પરમાનંદ પ્રભુ પોતાના અંતર્મુખનું જેટલું અવલોકન કરીને એકાગ્ર થાય એનું નામ જ ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ? ઉગ્ર અંતર્મુખ થઈને એકાકાર થાય એનું નામ શુક્લધ્યાન છે. **'તે ધ્યાનને યોગીઓ શુક્લધ્યાન કહે છે.'**

**'(હવે આ ૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)'**

(वसंततिलका)
ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति
व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।
सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-
स्तत्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्॥११९॥

આહા..હા..! ઇન્દ્રજાળ. શું કહે છે? જરી ઝીણું છે. શાંતિથી (સાંભળવું).

'**શ્લોકાર્થ :- પ્રગટપણે સદાશિવમય...**' ભગવાન આત્મા વ્યક્તરૂપ દ્રવ્ય સદા શિવમય ત્રિકાળ છે. પરમસ્વભાવભાવ ધ્રુવ પ્રગટ શિવરૂપ, નિરૂપદ્રવ્યરૂપ, આનંદરૂપ, પ્રગટપણે. પ્રગટ નામ વ્યક્તરૂપ. પદાર્થ તો પ્રગટ જ છેને. પદાર્થ ક્યાં અપ્રગટ? અપ્રગટનો અર્થ પદાર્થ શું અભાવસ્વરૂપ છે? ભગવાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણસ્વરૂપ. એક સમયની પર્યાયની વાત છોડી દ્યો. અહીંયાં એક સ્વરૂપનું પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા સદાશિવમય. નિરંતર કલ્યાણસ્વરૂપ જેનું ત્રિકાળ. '**એવા પરમાત્મતત્ત્વને...**' એવા પરમાત્મતત્ત્વમાં ભગવાન પરમસ્વરૂપ આત્મામાં '**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' ધ્યાનની સ્થિરતા થાય છે શુક્લધ્યાન એને શુદ્ધનય નથી કહેતા. કેમકે ધ્યાનની સ્થિરતા એ વર્તમાન પર્યાયનો સ્વભાવ છે, એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? એકરૂપ ત્રિકાળ સ્વભાવ એમાં ધ્યાનાવલી શુદ્ધનય નથી કહેતા. ધ્યાનની સ્થિરતા પર્યાય પ્રગટે એ તો એક સમયની દશા છે. દશા છે એ શુદ્ધનયનો વિષય નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! ધર્મધ્યાન શુક્લધ્યાનની નિર્મળ પર્યાય એ એક સમયની દશા છે. ત્રિકાળમાં એ પર્યાય-ફર્યાય છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અભેદ ચૈતન્ય જ્યોત એક સમયમાં પૂર્ણ અભેદ એકરૂપ વસ્તુ સદાશિવરૂપ પ્રભુ ધ્રુવરૂપ સચ્ચિદાનંદ એકરૂપસ્વરૂપ એમાં શુદ્ધનય ધ્યાનાવલીને કહેતા નથી. '**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' ધ્યાનની પંક્તિ, ધ્યાનની પરંપરા. અંદર આત્મામાં એકાગ્રતા થાય છે એ શુદ્ધનય નથી કહેતી. શુદ્ધનય તો એકલા અભેદ સ્વભાવની જ દૃષ્ટિ કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં અંતર્મુખ થવું છે એવી ચીજ એ ત્રિકાળ શુદ્ધનયનો વિષય છે. એ શુદ્ધનય જે નિશ્ચયનય છે એ ધ્યાનની સ્થિરતા થાય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું શુદ્ધિ-વૃદ્ધિ થઈ. એવી પર્યાયનો ભેદ એ તો વ્યવહારનયનો વિષય થઈ ગયો. ત્રિકાળના વિષયમાં એ છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? આ વ્યવહાર જુઓ તો ખરા. કહો, નિમિત્ત તો ક્યાંય વ્યવહાર ગયો, દયા, દાન અને વ્રતનો વિકલ્પ તો ક્યાંય ગયો, અંદર શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ એની એકાગ્રતા થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ સમ્યક્ શુદ્ધ ધ્યાન આદિ પ્રગટે એ વ્યવહારમાર્ગ છે. કેમકે એક સમયની પર્યાય છે તો વ્યવહારમાર્ગ છે. શું કહ્યું સમજાણું?

વ્યવહારનો માર્ગ અર્થ એવો નથી કે વિકલ્પ છે એમ નથી. છે તો નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય. સમજાણું કાંઈ?

એક સમયમાં પૂર્ણ પ્રભુ એ જ નિશ્ચયનયનો વિષય, એ જ સમ્યગ્દર્શનનો વિષય, એ જ સમ્યગ્દર્શનનું ધ્યેય એ શુદ્ધનયના વિષયમાં એવો ભેદભેદ છે નહિ. કહો, પંડિતજી! શું થયું? ધર્મધ્યાન, શુક્લધ્યાન પણ શુદ્ધનયનો વિષય નથી, એ તો એક સમયની દશા છે, એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! અવલંબન કરવાલાયક નથી.

**શ્રોતા** :- .. નિર્વિકલ્પદશા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિર્વિકલ્પદશા એ વ્યવહારમાર્ગ છે. ચીમનભાઈ! જુઓ, છે કે નહિ ભાઈ! જુઓ. ભગવાન આત્મા...

**શ્રોતા** :- શુક્લધ્યાન એ વ્યવહારમાર્ગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શુક્લધ્યાન એ વ્યવહારમાર્ગ છે, પર્યાય છે. પંડિતજી! આહા..હા..! એનો અર્થ છેને કે એક સમયમાં પરમાત્મસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય ભગવાન એ જ શુદ્ધનયનો વિષય છે. અને જે પર્યાય પ્રગટી આનંદની, સમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્દર્શન હોં. વ્યવહારસમ્યગ્દર્શન તો કોઈ વસ્તુ છે નહિ, એ તો રાગ છે. અંતર આત્માની અખંડ આનંદમૂર્તિ પ્રભુ પૂર્ણ સ્વરૂપ એનો અંતરમાં અનુભવ થઈને પ્રતીત થઈ, નિશ્ચય આનંદ થયો, સ્થિરતા થઈ એ પણ એક સમયની દશા છે. દશા છે તો ત્રિકાળની અપેક્ષાએ ભેદરૂપ છે તો એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! હજી તો ક્યાંના ક્યાં અટકે છે. આજે આ ઘણા ઓલા પાનામાં દયા એ ધર્મ... દયા એ ધર્મ... ઘૂંટ્યું છે બહુ. આહા..હા..! અને ઓલા દાખલા આપ્યા છે કે અમે તો એમ ધારતા હતા કે અમે આ દયાના આવા શાસ્ત્ર આધાર આપીએ છીએ ... અરે..! ભગવાન! આહા..હા..! એ ખાણિયાની ચર્ચા છેને જયપુર.

ભગવાન! તારી ચીજ તો એક સમયમાં એક શરીરનો, કર્મનો સંયોગ તો ક્યાં રહ્યો! એ તો પરવસ્તુ છે. એક સમયની પર્યાયમાં જે રાગ આવે છે એ આસ્રવતત્ત્વ છે અને એક સમયની અવસ્થામાં ત્રિકાળ જ્ઞાયકને આશ્રયે અંતર ધ્રુવ ચિદાનંદનું અવલંબન કરીને જે નિર્મળ આનંદની, મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ વીતરાગી થઈ એ તો એક સમયનો અંશ ભેદ છે. ત્રિકાળને નિશ્ચય કહે છે તો એક સમયની પર્યાયને વ્યવહાર કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ વ્યવહાર આવો નહિ હોં. નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ બે એ વાત અહીંયાં નથી. તમારે ચાલે છેને મોક્ષમાર્ગ બે છે કથનમાત્ર, મોક્ષમાર્ગ એક જ છે નિશ્ચય. એ નિશ્ચયમોક્ષમાર્ગ છે એ જ અહીં વ્યવહાર છે. સમજાણું કાંઈ? કેમ વ્યવહાર છે? કે જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ ધ્રુવ અનાદિ-અનંત... અનંત... અનંત... ગુણધામ એકરૂપ સ્વરૂપ છે એ વસ્તુ છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય એ શુદ્ધ નિશ્ચયનું ધ્યેય છે. એ શુદ્ધનયમાં ભેદ નથી દેખાતો, અભેદ દૃષ્ટિમાં ભેદ દેખાતો જ નથી.

અખંડાનંદ પ્રભુ પોતાનો દ્રવ્યસ્વભાવ સન્મુખની એકતા કરવામાં એકલો અભેદસ્વરૂપ એ જ દૃષ્ટિનો વિષય છે. એમાં ભેદ છે જ નહિ. ગુણભેદ નથી, વર્તમાન પર્યાય આ જુદી છે એવો ભેદ દૃષ્ટિના વિષયમાં નથી. સમજાણું કાંઈ? આ પડિક્કમણું ઇ થાય. આ નિશ્ચયપ્રતિક્રમણ થયું એ જ વ્યવહારમાર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ તો છે જ નહિ. માર્ગ છે જ ક્યાં? એ તો કથનમાં લેવાની વસ્તુ છે. ભગવાન આત્મા એક સમયનો પૂર્ણાનંદનો ઢગલો, આખો ગાંગડો છે પૂરો. અનંત-અનંત જેમાં ચૈતન્યરત્ન અનંત પડ્યા છે એવી ચીજ જે એકરૂપ વસ્તુ છે પરમપારિણામિકભાવ ત્રિકાળ, વર્તમાન રાગ, નિમિત્ત અને એક સમયની પર્યાયથી ભિન્ન, એક સમયની પર્યાયમાં પણ એ દ્રવ્ય આવતું નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! આ કેવી વાત હશે? જૈન વીતરાગની આવી? એક સમયનું જે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અભેદ એકરૂપ સ્વરૂપ એ જ શુદ્ધનય સમ્યગ્જ્ઞાન શુદ્ધનય અથવા સમ્યગ્દર્શનની પર્યાય એનો એ વિષય છે. એમાં ભેદ છે જ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અભેદદૃષ્ટિ ભેદને સ્પર્શતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અડતી જ નથી. અભેદમાં ભેદ દેખાતો જ નથી. અભેદમાં ભેદ દેખે તો અભેદ રહેતું જ નથી.. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો નિયમસારની વાત કુંદકુંદાચાર્ય કહે છે અને નિયમસાર નામ મોક્ષમાર્ગ. તો મોક્ષમાર્ગ પણ શુદ્ધનયમાં છે જ નહિ કહે છે. આહા..હા..! ગજબ વાત છેને! ભાઈ! તારું સ્વરૂપ તો ત્રિકાળી સચ્ચિદાનંદસ્વરૂપ. સત્ શાશ્વત આ કાળ નથી જ્યાં ભૂત-ભવિષ્યનો કાળ જ નથી જ્યાં. એકરૂપ વસ્તુ બિંબ... બિંબ... બિંબ... બિંબ... જિનબિંબ. વીતરાગી બિંબ આત્મા ભગવાન એકસ્વરૂપે ધ્રુવ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય છે. સમજાય છે કાંઈ? અથવા એ જ શુદ્ધનય છે. ધ્રુવસ્વરૂપ છે એ જ શુદ્ધનય છે.

એ શુદ્ધનય '**પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' ધ્યાનની પર્યાય આત્માના નિશ્ચયપ્રતિક્રમણની પર્યાય, નિશ્ચયમોક્ષમાર્ગની અવસ્થા એક સમયની દશા છે. એક સમયની દશા ત્રિકાળી ચીજની અપેક્ષાએ ભેદ પડી ગયો તો વ્યવહારમાર્ગમાં એ પર્યાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! અહીં તો હજી ઓલા કહે દયા પાળવી અને વ્રત પાળવા અને ભક્તિ કરવી એ વળી માર્ગ છે.

**શ્રોતા** :- ઘણે દૂર રહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણે દૂર રહી ગયું? સમજાણું કાંઈ? ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ એક સમયમાં અનંત-અનંત કેવળજ્ઞાન જેમાં પડ્યું છે. અનંત કેવળજ્ઞાન. એક કેવળજ્ઞાન નહિ. જેની શક્તિમાં અનંત કેવળજ્ઞાન, અનંત કેવળ આનંદ, અનંત વીર્ય, અનંત કેવળદર્શન, અનંત સ્વચ્છતા, પ્રભુતા અનંતની અંત વિના એવી અનંત શક્તિ, એક-એક શક્તિ એવી અનંત શક્તિ એનું એકરૂપ. એવો આત્મા જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનના ધ્યેયમાં અભેદ દૃષ્ટિમાં આવે

છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો એ સમકિત છે, નવ તત્ત્વની શ્રદ્ધા કરો (એ સમકિત છે). એવું સાંભળ્યું છેને, ભાઈ! ભગવાન! તે સાંભળ્યું જ નથી, બાપા! ચૈતન્ય વસ્તુની .. માટે એ ઉપર કહ્યુંને, જિનેન્દ્રના મુખમાં દ્રવ્યશ્રુતમાં એમ આવ્યું છે. આહા..હા..! તારો પરમાત્મા પૂર્ણરૂપ. ખરેખર તો તારું સ્વરૂપ જ, દ્રવ્યસ્વરૂપ એ જ તારું ખરેખર સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યયની પર્યાય પ્રગટ થવી એ વ્યવહાર(સ્વરૂપ) છે. સમજાણું કાંઈ?

ધ્રુવ ત્રિકાળ અભેદસ્વરૂપ એ નિશ્ચય છે. નિશ્ચય કહો કે નિશ્ચયનો વિષય એક જ વસ્તુ છે. અને એમાં ઉત્પાદ થયું સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર. સ્વભાવને આશ્રયે જે પર્યાય પ્રગટી એ અંશ થયો, અવસ્થા છે, ત્રિકાળી ચીજ નથી. સિદ્ધ પણ અવસ્થા છે અને સિદ્ધનો માર્ગ-મોક્ષમાર્ગ પણ અવસ્થા છે. એ અવસ્થા શુદ્ધનયના વિષયમાં શુદ્ધનય અવસ્થાને સ્વીકારતી નથી.

**શ્રોતા** :- કરવાનું..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શુદ્ધ કીધુંને કરવાનું ક્યાં રહે છે? આ અંદરમાં એકાકાર થવું એ સામે દ્રવ્ય છે, એમાં એકાકાર થાય છે એ પર્યાય પણ શુદ્ધનયનો વિષય નથી, એમ કહે છે. કરવાની જે પર્યાય છે એ શુદ્ધનયનો વિષય નથી.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ; આ આખા દ્રવ્યનો વિષય કહે છે. આખા દ્રવ્યનો, એક પર્યાયનો નહિ. અંશી આખું દ્રવ્ય એકરૂપ એક સમયની પર્યાયને બાદ કરીને. સમજાણું કાંઈ? એક સમયમાં આ દ્રવ્યમાં બે ભાગ છે--એક ધ્રુવ ભાગ છે, એક સમયની અવસ્થા ભાગ છે. તો શુદ્ધનય એ અવસ્થાને છોડીને એકલા દ્રવ્યને જ વિષય કરે છે.

**શ્રોતા** :- પર્યાય સાથે આવી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પર્યાય એને વિષય કરે છે. પર્યાય એને વિષય કરે છે, પણ વિષય કરે છે (પર્યાય રહિત) અભેદનો. સમજાણું કાંઈ? અજીતપ્રસાદજી! ભારે સૂક્ષ્મ! હજી માથાફોડી શું? આ તો કેટલા પાના વાંચ્યા. આ શું વાત કરે છે કીધું આ .. અરે..! ભગવાન! શાસ્ત્રમાં જ્યાં દયાના નામ આવેને ત્યાં વળગી પડે. હવે આખા ચોપડા-પુસ્તક ભર્યા છે સાંભળને હવે. પરની દયા તો રાગ છે, વિકલ્પ છે, એમાં ધર્મ-ફર્મ કેવો, સંવર-નિર્જરા કેવી? સમજાણું કાંઈ? શુભયોગની તો અહીંયાં વાત જ કરતા નથી. શુભયોગ તો રાગ છે, વિકાર છે, બંધનું કારણ છે એ તો અહીંયાં કહેતા જ નથી. અહીંયાં તો ભગવાન આત્મા પોતાની શક્તિનો ભંડાર એકાકાર પ્રભુ એવી પૂર્ણ ચીજ એ જ દૃષ્ટિનો વિષય, શુદ્ધનયનો વિષય, શુદ્ધનય એને દ્રવ્ય કહે છે. શુદ્ધનય એને જ વસ્તુ કહે છે. વર્તમાન પર્યાય પ્રગટી એને શુદ્ધનય વસ્તુ નથી કહેતી. સમજાણું કાંઈ? એ તો અભૂતાર્થ થઈ ગયુંને ઇ? **'ववहारोऽभूदत्थो भूदत्थो'** એ અવસ્તુ-અવસ્તુ એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે) એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.'** વ્યવહારમાર્ગમાં કહ્યું છે. વર્તમાન પર્યાયમાં છે... છે... છે ખરા, પણ વર્તમાન પર્યાયમાં છે. એક અંશમાં છે એવું ભગવાને ફરમાવ્યું છે. આહા..હા..! પરચીજ તો ક્યાંય રહી, આ તો હજી તો એ પ્રશ્ન ઉઠ્યો. સજીવ શરીરથી ધર્મક્રિયા થાય છે. ભાઈ! આ શરીર સજીવથી. શરીર સજીવથી. એનાથી ધર્મ થાય. દેહથી ધર્મ થાય છે દેહથી. ઓહો..હો..!

**શ્રોતા :-** એકલા દેહથી ધર્મ થાય એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકલા દેહથી ધર્મ થાય પ્રવચનસારમાં કહ્યું છે. એય..! ભગવાન! અરે..! તું ક્યાં.. ક્યાં.. ક્યાં ગોથા ખાય છે? આહા..હા..! જેની ખાણમાં અનંતા પરમાત્મા પડ્યા છે. અનંત-અનંત કેવળજ્ઞાનની જ્યોત બિરાજમાન પ્રભુ એકરૂપ સ્વરૂપ છે એને શુદ્ધનય એને બતાવે છે. પ્રગટ પર્યાયને શુદ્ધનય સ્વીકારતી નથી. મોક્ષનો માર્ગ જે આત્માના અવલંબને પ્રગટે, વીતરાગી નિર્વિકલ્પ શાંતિ અને આનંદ. સમજાણું કાંઈ? એને શુદ્ધનય સ્વીકારતી નથી. કારણ કે એ તો એક સમયની અવસ્થા છે.

**શ્રોતા :-** ... દૃષ્ટિ હિરા... નથી જતી અને હીરો...ની દૃષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! નથી જાતી. અને અમથો હીરો જોનારો તો હીરો જોવે છેને? બધા હીરા. એની પાસા-બાસાની શું કિંમત? હીરા એકલા હીરા. સમજાણું કાંઈ? સોનાને જોનારો સોનામાં લાખ છે એને જોતો નથી અને સોનાની કારીગરી છે એને જોતો નથી. સમજાણું કાંઈ? એ તો સોનું... સોનું... સોનું... એકરૂપ સોનું. એવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ સામાન્ય, એકરૂપ સામાન્ય. સામાન્ય... સામાન્ય.. સામાન્ય... સદૃશતા એકરૂપ એ જ શુદ્ધનયનો વિષય અથવા એ જ શુદ્ધનય છે. સમજાણું કાંઈ?

**'તે છે...'** પણ છે ખરું. **'(અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)...'** શુક્લધ્યાન, ધર્મધ્યાન એવી પર્યાય આત્મામાં, શુદ્ધતામાં પ્રગટે છે, પણ એ પર્યાય છે **'એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત...'** ભાષા તો એવી લીધી છે. નિરંતર જેવું દ્રવ્યનો વિષય અભેદ એવો વ્યવહારનો વિષય નિરંતર ભેદ એમ કહે છે. સમજાણું કાંઈ? **'વ્યવહારમાર્ગે સતત કહ્યું છે,...'** વારંવાર એ વાત વ્યવહારમાં આવી છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પંચમ આરાના આત્માઓને કહે છે કે શું કેવળીને કહે છે આ વાત? ચોથા આરાની વાત છે, પંચમ આરાના મુનિ છે. અરે..! ભગવાન! તારી ચીજ તો અંદર પૂર્ણાનંદથી ભરેલી છેને, પ્રભુ! ધ્રુવ અભેદ એક એમાં ભેદ કેવો? હા, વર્તમાન પર્યાયમાં ભેદ છે એવું વ્યવહારમાર્ગમાં જાણવાલાયક છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. કહો, હરીભાઈ! આ વળી કેવું?

**'હે જિનેન્દ્ર!'** મુનીન્દ્ર કહે છે **'હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (-તે નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ),**

**અહો! મહા ઇન્દ્રજાળ છે.**' ઇન્દ્રજાળ જેવી કોઈ ચીજ દેખાય છે કે આ શું? સમજાણું કાંઈ? એકકોર કહે કે વસ્તુમાં પર્યાય નથી. વસ્તુમાં કેવી પર્યાય? એક સમયના ધ્રુવમાં પર્યાય કેવી? પર્યાય તો એક સમયની દશા પરિણમન છે. સમજાણું કાંઈ? અરે..! આઠ-આઠ વર્ષના બાળક પણ આ વસ્તુનું સ્વરૂપ સમજીને કેવળજ્ઞાન પામતા હતા. આત્મામાં પડ્યું છે. શું બહારથી કાઢવું છે? આહા..હા..! એમ નહિ સમજવું કે આવી મોટી-મોટી વાત? મોટી નથી, એ જ તારી યથાર્થ ચીજ છે. આહા..હા..! આખો પ્રભુ એક સમયના પૂર્ણ પ્રભુનો વિશ્વાસ કરાવે છે. સમજાણું કાંઈ? '**હે જિનેન્દ્ર!**' એક બાજુ તારે કહેવું છેકે પૂર્ણ સ્વરૂપ શુદ્ધનયમાં ભેદ નથી. એક બાજુ કહેવું છે કે પર્યાયમાં ભેદ છે એ વ્યવહાર કહે છે. ઇન્દ્રજાળ જેવી વાત છે. સમજાણું કાંઈ? અહો..! મહા ઇન્દ્રજાળ છે. મહા ઇન્દ્રજાળ પાછી હોં. ભાષા છેને? આહા..હા..! '**महदिन्द्रजालम्**' છેને ઇ આપણે આવે છે ઓલામાં નહિ? સમયસાર કળશમાં પણ આવે છેને. કર્તા-કર્મમાં એમાં પણ આવે છે. ઇન્દ્રજાળ નહિ? કર્તા-કર્મમાં આવે છે. ઇ આ બધું પદ્મપ્રભમલધારીદેવે અમૃતચંદ્રાચાર્યનું લીધું છે. લ્યો એ જ આવ્યું. નિયમસાર પાનું ૧૦૪ હિન્દી લખ્યું છે હોં. આમાં ક્યાં છે? આમાં તો ૧૭૦ છે. આમાં નિયમસાર પાનું ૧૦૪ હિન્દી લખ્યું છે. એનું હશે આ ઈ. ૯૧ શ્લોક છે આમાં. ૧૮૧ પાનું. ૧૪૨નું છેલ્લું ઇ છેને. '**इन्द्रजालमिदमेवमुच्छलत्**' બસ એવું બધું અમૃતચંદ્રાચાર્યનું અનુસરણ કરને બનાવ્યું છે.

**(रथोद्धता)**

**इन्द्रजालमिदमेवमुच्छलत्**
**पुष्कलोच्चलविकल्पवीचिभिः**
**यस्य विस्फुरणमेव तत्क्षणं**
**कृत्स्नमस्यति तदस्मि चिन्महः।।९१।।**

હે ભગવાન! '**પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળ...**' આ વિકલ્પની ઇન્દ્રજાળ કીધી અહીંયાં. '**જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.**' ભગવાન ચિન્માત્ર જેની દૃષ્ટિ થતાં વિકલ્પની જાળ ક્યાં સમાઈ જાય છે એની ખબર પડતી નથી. સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શનની વાત છે. આહા..હા..! એ જ વસ્તુ. અખંડાનંદ પ્રભુ એમાં જ્યાં ચિન્માત્રમાં એકાકાર થયો કે વિકલ્પ ક્યાં ગયો? સમાઈ જાય છે. ઇન્દ્રજાળ સંકેલી લીધી. ઇન્દ્રજાળનો વિકલ્પ સંકેલી લીધો આત્માએ. સમજાણું કાંઈ? અહીં તો નયની વાત કરી છે હોં વિકલ્પની. અહીં તો ફક્ત પર્યાયને જાણવી એ વ્યવહારમાર્ગ એમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળને જાણવું એ નિશ્ચય છે. વર્તમાન શુક્લધ્યાન, ધર્મધ્યાન, મોક્ષમાર્ગ વીતરાગી પર્યાયને જાણવી એ વ્યવહાર છે. પંડિતજી! આ વ્યવહાર એને કહે છે.

**શ્રોતા :-** સિદ્ધને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સિદ્ધ છે ક્યાં અહીંયાં? સિદ્ધ પણ પર્યાય છે. સિદ્ધ પણ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે.

**શ્રોતા** :- ત્રિકાળી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્રિકાળી નથી. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન એકરૂપ સ્વરૂપ એને અહીંયાં પરમ નિશ્ચયનો વિષય કહ્યો છે. સમજાણું કાંઈ? આખા શાસ્ત્રનું દોહન આ છે. લગાવી દે અભેદ ઉપર દૃષ્ટિ! બાકી બધી સમજવાની વસ્તુ છે. આહા..હા..! શ્લોક બીજો. બીજો છેને?

**(वसंततिलका)**

**सब्दोधमंडनमिदं परमात्मतत्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।**

આવી આટલી બધી .. વાત કરી, પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

‘**શ્લોકાર્થ** :- **સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ...**’ એ સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એ પોતે આત્મા પરમતત્ત્વ છે પોતાનું સ્વરૂપ એ જ સમ્યગ્જ્ઞાનનું આભૂષણ છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય વિના ત્રિકાળ વસ્તુ એ જ સમ્યગ્જ્ઞાનનું આભૂષણ છે. સમજાણું કાંઈ? વસ્તુ... વસ્તુ... વસ્તુ... એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ જે સમ્યગ્જ્ઞાનનો વિષય એવું પરમાત્મતત્ત્વ. એવું પરમ આત્મ એટલે પરમસ્વરૂપ તત્ત્વ, પરમસ્વરૂપ તત્ત્વ. ‘**સમસ્ત વિકલ્પ-સમૂહોથી સર્વતઃ મુક્ત...**’ સમસ્ત દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણગુણીનો ભેદ વિકલ્પ. એ ‘**વિકલ્પ-સમૂહોથી સર્વતઃ મુક્ત...**’ સમજાણું કાંઈ? કથંચિત્ મુક્ત અને કથંચિત્ અમુક્ત એમ નહિ. સર્વતઃ ભગવાન આત્મા ચિદાનંદ પરમાનંદ મૂર્તિ એવો આત્મા સર્વ વિકલ્પ નામ દયા, દાન વિકલ્પ, ગુણગુણીના ભેદરૂપ વિકલ્પ રાગ એ સર્વવિકલ્પથી સર્વથા નિરાળો છે. સર્વથી રહિત છે. સમજાણું કાંઈ?

‘**સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી...**’ સર્વનયસમૂહ ‘આ બંધ છે ને અબંધ છે ને શુદ્ધ છે અને અશુદ્ધ’ એવો વિકલ્પ આદિ નયસમૂહ એ ‘**સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...**’ વિસ્તાર પરમતત્ત્વમાં પરમાત્મસ્વરૂપમાં નથી. ભગવાન આત્મા એક સ્વરૂપ વીતરાગી પિંડ પ્રભુ. વીતરાગીબિંબ અનાદિ-અનંત આત્મા વીતરાગીબિંબ છે. સમજાણું કાંઈ? એમાં એ સર્વનયસમૂહનો પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી. પરનું હું કરું. ઓહો..હો..! ગજબ વાત કરે છેને. આહા..હા..! હજી તો પરની દયા પાળી શકે છે અને પરની દયાનો ભાવ એ સંવર-નિર્જરા છે. ગજબ વાત શું? ઉડાડી દીધો ભગવાન આત્માને આખો. અહીં તો નયસમૂહથી રહિત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? નિશ્ચયનયનો વિકલ્પ છે એવો ‘હું અબદ્ધ છું, શુદ્ધ છું’ એ પણ એમાં

નથી. આ બધા આત્માની વાત ચાલે છે હોં. વળી કોઈ કહે નાનો આત્મા અને મોટો આત્મા એવું કાંઈ છે જ નહિ. આત્મા એવો જ છે ત્રિકાળ. એવા નયસમૂહનો પ્રપંચ પરમાત્મ ભગવાન આત્મામાં છે જ નહિ વસ્તુમાં.

**'તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી...'** વસ્તુમાં હોં. વસ્તુમાં આ ધ્યાનાવલી ક્યાંથી આવી? એમ કહે છે. નિર્મળ પર્યાય પ્રગટી નિશ્ચયસમ્યક્ અનુભવ થયો, પ્રતીત થઈ, સ્થિરતા થઈ એવી પર્યાય નિશ્ચયમાં ક્યાંથી આવી? અંદર ચીજમાં છે ક્યાં? ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ કહે છે કે એ ધ્યાનની આવલી, આવલી એટલે શ્રેણી એટલે પૃથક્-પૃથક્ નિર્મળદશા. નિર્મળદશા... નિર્મળદશા... નિર્મળદશા... વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છેને કીધુંને. બારમી ગાથામાં કહ્યું. નિર્મળ પર્યાય આ નિર્મળ વધી, નિર્મળ આ વધી થોડી-થોડી એ બધો વ્યવહારનયનો વિષય છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ. બારમી ગાથામાં કહ્યુંને. સમજાણું કાંઈ? એક સમયનો પૂર્ણાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ લગાવી જે દૃષ્ટિ આદિ પર્યાય ઉત્પન્ન થઈ એ વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. આદરવાલાયક તો ત્રિકાળી જ્ઞાયકભાવ છે. ઓહો..હો..! ભારે આકરી વાત! માળાને એવી લાગેને...

**શ્રોતા :-** આદરવાલાયક ૧૧મી ગાથા અને જાણેલો પ્રયોજનવાન ૧૨મી ગાથા!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ?

**'(અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો.'** ભગવાન એકસ્વરૂપે પ્રભુ બિરાજમાન ધ્રુવ એ જ જેનો વિષય છે. એમાં આ ધ્યાનાવલીની પર્યાય ક્યાંથી આવી? વ્યવહારના પ્રપંચની જરા હાંસી કરી છે. ક્યાં આવી તે કહો. ક્યાં છે એમાં? હોય, દશામાં વર્તમાન પર્યાય પ્રગટે છે. એને ભેદરૂપથી વ્યવહાર જાણો. જાણો. છે એમ જાણો, આદરણીય નથી. આદરણીય ત્રિકાળ જ્ઞાયક ભગવાન એ જ આદરણીય છે દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આમાં નિમિત્ત ક્યાં આદરણીય રહ્યું? શું શુભરાગ આદરણીય રહ્યો? સમજાણું કાંઈ? ક્ષયોપશમજ્ઞાન સાધારણ શું આદરણીય રહ્યો? સાચું ક્ષયોપશમજ્ઞાન પણ આદરણીય નથી. આ ક્ષાયિકસમકિત પર્યાય પ્રગટી એ પણ આદરણીય નથી.

**શ્રોતા :-** એવા દૃષ્ટિના જોરમાં પરમાર્થ પ્રતિક્રમણ થાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રતિક્રમણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ નિશ્ચયપ્રતિક્રમણ એ પર્યાય પણ ત્રિકાળમાં ક્યાં છે એમ કહે છે અહીંયાં તો. એ ૮૯ ગાથા પૂરી થઈ લ્યો. ૯૦.

**શ્રોતા :-** ... કારણશુદ્ધપર્યાય આવી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્રિકાળ દ્રવ્યમાં આવી ગઈ. દ્રવ્યમાં અભેદમાં. ભેદ નહિ.

**मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।**
**सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण॥90॥**

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

'ટીકા :- **આ, આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય જીવના પૂર્વાપર (-પહેલા અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.**' આસન્નભવ્ય--નજીકમાં જેને મોક્ષની પર્યાય પ્રાપ્ત થવાની છે. અને અનાસન્નભવ્ય--જેને મોક્ષ પર્યાય પ્રગટ થવાની લાયકાત નથી. એવા પૂર્વ આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય. '**પરિણામના સ્વરૂપનું કથન છે.**' '**મિથ્યાત્વ,...**' વિપરીત માન્યતા, વિપરીત અભિપ્રાય. એ આસ્રવની વાત કરે છે. 'શરીરાદિની ક્રિયા મારાથી થાય છે અને રાગાદિ પુણ્ય છે એ મને ધર્મનું કારણ છે અને હું પરદ્રવ્યને ટેકો-મદદ કરીને એનું કામ ચલાવી શકું-કામ કરી શકું છું અને પોતામાં શુભભાવ થયો એ મારું સ્વરૂપ છે' એવી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને એક સમયની અવસ્થાની વ્યક્તતા, પ્રગટતા એ જ મારો આત્મા પૂર્ણ છે એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? નિમિત્ત, રાગ અને એક સમયની દશા એટલાને આત્મા માનવો અને 'નિમિત્તમાં હું કાંઈક કરી શકું છું અને નિમિત્ત મારામાં કાંઈક કરી શકે છે અને અંતર ઘરમાં શુભરાગ છે એ પણ આત્માના કલ્યાણમાં મદદગાર છે અને મારી પર્યાય પ્રગટ છે એટલો જ હું આત્મા છું' (આવી) પર્યાયબુદ્ધિને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અવ્રત,...**' પછી અવ્રત. સમ્યક્ મિથ્યાત્વ ઉપરાંત અવ્રતના પરિણામ, અત્યાગના પરિણામ, કષાય પરિણામ, '**અને યોગરૂપ પરિણામો...**' એ પ્રમાદ, કષાયમાં નાખી દીધા છે. '**સામાન્ય પ્રત્યયો (આસ્રવો) છે;...**' એ ચાર સામાન્ય પરિણામ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગરૂપ પર્યાય હોં પર્યાય અવસ્થા એ અવસ્થા આસ્રવ ચાર છે. '**તેમના તેર ભેદ છે,...**' એ સમયસારની શૈલી લીધીને. કર્તાકર્મના આવ્યાને તેર ભેદ? '**मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं**' '**(પ્રત્યયોનો, તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે-) મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીકેવળીગુણસ્થાનના ચરમ સમય સુધીનો.**' તેર ગુણસ્થાન લીધા છે. ચૌદમે તો અકર્તા છેને. '**એવું (શાસ્ત્રનું) વચન છે; મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીગુણસ્થાનનાં છેલ્લા સમય સીધી પ્રત્યયો હોય છે...**' એ ચારના તેર ભેદને આસ્રવ કહે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? અરે..! કહે છે, ભાઈ! તારા સ્વરૂપની, અંતર સ્વરૂપની ભાવના સિવાય, એવી ભાવના ભેદની, રાગની તો અનંતવાર કરી તે.

'**નિરંજન નિજપરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...**' ભગવાન આત્મા નિરંજન અરૂપી આત્મદળ, નિજપરમસ્વરૂપ શુદ્ધ આનંદઘન ભગવાન એની શ્રદ્ધારહિત એ પૂર્ણાનંદ પ્રભુ એવા છે. એવી અંતરની રુચિરહિત '**અનાસન્નભવ્ય જીવે,...**' અનંતકાળ જેને રખડવું છે એવા જીવને '**ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિરકાળ ભાવ્યા છે;...**' મિથ્યાત્વ, અવ્રત, કષાયને તો અનંતવાર ભાવ્યા, ભાવના કરી. રાગ હો, મિથ્યાત્વાદિ હોય, અવ્રતભાવ હોય, એક સમયમાં ચાર

હોં વિકારી બધા. એક સમયની પર્યાયમાં. આખો આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એ સિવાય એક સમયમાં આ ચાર ભાવ. એક સમયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો એ પર્યાયબુદ્ધિમાં એ રહો એવી ભાવના અનંતવાર કરી. સમજાણું કાંઈ? **'અનાસન્નભવ્ય જીવે ખરેખર સામાન્ય પ્રત્યયોને પૂર્વે સુચિરકાળ ભાવ્યા છે;...'** નિગોદથી લઈને નવમી ગ્રૈવેયક સુધી દિગંબર જૈન મુનિ મિથ્યાદૃષ્ટિ થઈને ગયો એણે આ ચાર ભાવના ભાવી છે. કહો, બહારમાં જુઓ તો નગ્ન દિગંબર, અઠ્યાવીશ મૂળગુણનું પાલન, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના વિકલ્પનું પાલન, પણ એની સાથે એ 'રાગ એ મને ધર્મ છે' એવી મિથ્યાત્વની ભાવના ભાવી છે. સમજાણું કાંઈ? એ અવ્રતની ભાવના, કષાય અને યોગની ભાવના સુચિર પહેલા કાળે ભાવી છે. અનંતકાળથી એ જ ભાવના તે કરી છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપની ભાવના રહી ગઈ. અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદનો નાથ નિર્વાણનાથ એવી ચીજ પોતાની એની શ્રદ્ધારહિત એમ લીધુંને પહેલા? બધું કર્યું વિકલ્પ કર્યો, આમ હોય, આમ હોવું જોઈએ, આમ હોવું જોઈએ, આમ કરવું જોઈએ, આમ કરવું જોઈએ. એવા મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગની ભાવના અનંતકાળથી કરી.

**'જેણે પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...'** જેણે પરમનૈષકર્મ્યરૂપ ચારિત્ર વીતરાગદશા. પહેલી શ્રદ્ધારહિત કહ્યું. પહેલા એ શબ્દ મૂક્યો હતો કે **'જેણે પરમનૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...'** એમ. પરમતત્ત્વ ભગવાન પૂર્ણ સ્વરૂપ અભેદની દૃષ્ટિ કરી નથી અને નૈષ્કર્મ્ય ચારિત્રસ્વરૂપમાં સ્થિરતા પણ કરી નથી. **'એવા તે સ્વરૂપશૂન્ય બહિરાત્મ-જીવે...'** એવા સ્વરૂપશૂન્ય અંતર્મુખ પરમાત્માની ભાવના શ્રદ્ધા નૈષ્કર્મ્ય ચારિત્ર વિના સ્વરૂપશૂન્ય ભગવાન આત્મા શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો નહિ, ચારિત્રમાં પણ લીધો નથી, સ્થિરતાને આશ્રય બનાવ્યો નહિ. સમજાણું કાંઈ? એવા **'બહિરાત્મ-જીવે...'** બહિરાત્મ જીવે, બહિર્ બુદ્ધિ નામ એ વિકલ્પ, રાગ, ભેદ, નિમિત્ત એવી જેને બુદ્ધિ રહી ગઈ છે એ બહિરાત્મબુદ્ધિ છે. અંતરાત્મા ભગવાન ત્રિકાળ પરમાત્મતત્ત્વની શ્રદ્ધાથી શૂન્ય છે. સમજાણું કાંઈ? 'મેં પંચમહાવ્રત પાળ્યા, મારે પાળવા જોઈએ, આવો રાગ કરવો જોઈએ, આવી રક્ષા અમારે કરવી જોઈએ, અમારે શુભભાવ ન હોય તો ક્યાં જાવું?' આહા..હા..! એવી-એવી મિથ્યાત્વ અને કષાયની ભાવના અનંતવાર પરમતત્ત્વની શ્રદ્ધા-શૂન્ય નૈષ્કર્મ્ય ચારિત્ર જે સ્થિરતા એનાથી રહિત. સ્વરૂપ શૂન્ય જીવે...

**શ્રોતા** :-નિગોદમાં ચાલ્યા જશે બધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નિગોદમાં જ છે અત્યારે પણ. આત્માની વિરાધના કરનારો મોક્ષમાર્ગમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય તો કહે છે કે એક વસ્ત્રનો ધાગો રાખીને મુનિ મનાવે એ નિગોદમાં જશે. કેમકે એને વસ્તુસ્વરૂપ શું છે અને ચારિત્રની હદમાં, દિશામાં કેટલો રાગનો અભાવ થઈ જાય છે? કેટલો રાગ મંદ રહે છે?--એવા કોઈ તત્ત્વની શ્રદ્ધાની એને

ખબર નથી. એક વસ્ત્રનો ધાગો પણ રાખીને અમે મુનિ છીએ એમ માનનારને આત્મતત્ત્વની શ્રદ્ધા નથી અને ચારિત્રની નિર્મળતામાં કેટલી શુદ્ધિ થાય છે એની ખબર નથી અને ચારિત્રની શુદ્ધિમાં રાગ કેટલો મંદ રહે છે કે જેમાં વસ્ત્રનો વિકલ્પ જ નથી એવા આસ્રવની શ્રદ્ધા નથી અને કેટલો નિમિત્ત સંગમાં કેટલો રહે છે અને કેટલું નિમિત્ત છૂટે છે એવા અજીવની પણ શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? વસ્ત્ર રાખવાની બુદ્ધિ છે અને માને છે કે અમે મુનિ છીએ. મિથ્યાદૃષ્ટિ એને જીવ તત્ત્વની ખબર નથી, તો પરમાનંદની મૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન કરવામાં ચારિત્ર જ્યાં શુદ્ધ બહુ હોય છે એની શ્રદ્ધા એમાં આવી જાય છે કે બહુ શુદ્ધિ થાય છે તો રાગ એટલો મંદ થઈ જાય છે કે વસ્ત્ર, પાત્ર લેવાની વૃત્તિનો એને અભાવ થઈ જાય છે. એવી શ્રદ્ધામાં ચારિત્રની દશાની શ્રદ્ધા નથી તેને દ્રવ્યની શ્રદ્ધા નથી, એને આસ્રવ કેટલો બાકી રહે તો એની શ્રદ્ધા નથી, એના સંયોગમાં કેટલું નિમિત્ત રહે છે અને કેટલું નિમિત્ત છૂટે છે એની પણ શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- .. અભ્યાસ તો કરવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોનો અભ્યાસ? વસ્ત્રસહિત? એમ કે થોડું વસ્ત્રસહિત રાખે અને અભ્યાસ કરતા... કરતા... મૂઢ છે? એ તો કહે છે.

**શ્રોતા** :-શ્રાવક થઈ શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શ્રાવક થઈ શકે. આત્માના ભાનસહિત અંદર રાગ ઘટાડી શકે છે, પણ એ કઠણ વાત છે. કહો, શેઠ! આચાર્ય તો આમ .. મારે છે--કોઈપણ શાસ્ત્રકારે વસ્ત્રસહિત મુનિપણું માન્યું હોય, મનાવ્યું હોય, માનતા હોય એ મિથ્યાદૃષ્ટિ નિગોદગામી છે. એય..! ..જી! વાત કડક છે હોં. કેમકે એને મુનિપણામાં વીતરાગી પર્યાય કેટલી પ્રગટવી જોઈએ અને કેટલો રાગ મંદ થવો જોઈએ એની એને ખબર નથી. કેટલો રાગ મંદ હોવો જોઈએ, કેટલી અરાગની દશા હોવી જોઈએ અને અરાગની દશા કોને આશ્રયે મહાન પદાર્થ શું છે એ કોઈ તત્ત્વની એને ખબર નથી.

**શ્રોતા** :- એટલે કે હજી સંસાર ટળ્યો નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી. મિથ્યા અભિપ્રાય. અહીં તો કહે છે કે એ તો એટલામાં લીધું. અહીં તો ગડબડ બહુ કરી દે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! એણે ભગવાન આત્મા પોતાનું પરમાત્મતત્ત્વ એની શ્રદ્ધાથી રહિત અને નૈષ્કર્મ્ય ભગવાન ચારિત્ર નિર્મળ પર્યાય જેની શૂન્ય '**બહિરાત્મ-જીવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ભાવ્યા નથી,...**' જુઓ, બહિર્બુદ્ધિમાં પડ્યો અંતર સ્વરૂપ ભગવાન એની શ્રદ્ધાની ભાવના કદી કરી જ નથી. સમજાણું કાંઈ? '**બહિરાત્મ-જીવે સમ્યગ્દર્શન...**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધની પ્રતીતિ, સમ્યગ્જ્ઞાન ભગવાન પૂર્ણાનંદનું સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપમાં નૈષ્કર્મ્ય સ્થિરતા એવું ભાવ્યા નથી. '**આ મિથ્યાદૃષ્ટિ જીવથી વિપરીત ગુણસમુદાયવાળો અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.**' જુઓ, એનાથી વિપરીત મિથ્યાદૃષ્ટિથી વિપરીત ગુણસમુદયાવાળો અતિ-

આસન્નભવ્ય જીવ હોય છે. પર્યાયમાં હોં. સમજાણું કાંઈ? **‘ગુણસમુદાયવાળો અતિ-આસન્નભવ્યજીવ હોય છે.’** પોતાના ભગવાનની પ્રતીત છે, જ્ઞાન છે અને સ્થિરતા એની ભાવના છે એ **‘‘ગુણસમુદાયવાળો અતિ-આસન્નભવ્ય જીવ હોય છે.’** અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થશે. એની થોડી વ્યાખ્યા વિશેષ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૨, રવિવાર, તા.૨૨-૦૫-૧૯૬૬
## ગાથા-૯૦-૯૧, કળશ-૧૨૧, પ્રવચન-૭૦

આ શાસ્ત્ર છે એમાં નિશ્ચયપ્રતિક્રમણનો અધિકાર છે. મૂળ સ્વરૂપ તો ચારિત્રનો અધિકાર ચાલે છે એના પેટા ભેદમાં પ્રતિક્રમણ નિશ્ચય લીધું છે. અહીંયાં સુધી આવ્યું છે. જુઓ, **‘આ (અતિનિકટભવ્ય) જીવને સમ્યગ્જ્ઞાનની ભાવના કયા પ્રકારે હોય છે એમ પ્રશ્ન કરવામાં આવે તો...’** શું કહે છે? જેને અંતરમાં એવી જિજ્ઞાસા થઈ છે કે મારા આત્માની ભાવના મારે કેમ કરવી જોઈએ કે જે અનંતકાળમાં કર્યું નથી. સમજાણું કાંઈ? **‘સમ્યગ્જ્ઞાનની ભાવના કયા પ્રકારે હોય છે એમ પ્રશ્ન કરવામાં આવે તો...’** એમ છેને? **‘सम्यग्ज्ञानभावना कथमिति चेत्’** એમ છેને? શિષ્યનો એવો પ્રશ્ન છે, એની માગણી એક જ છે કે આ ભગવાન આત્મા અનાદિકાળથી ભાવના મિથ્યાત્વાદિની કરી, તો હવે સમ્યગ્જ્ઞાની ભાવના કેવી રીતે કરવી જોઈએ? સમજાણું કાંઈ? એવી અંતરની જિજ્ઞાસા છે. બીજું કાંઈ માગતા નથી.

આ ભગવાન આત્મા અનાદિકાળથી વિપરીત માન્યતા, વિપરીત જ્ઞાન અને વિપરીત રાગ-દ્વેષ પરિણામ એની ભાવના અનંતવાર કરી અને ચાર ગતિમાં રખડ્યો. તો કહે છે કે ભગવાન! અમારે તો આ આત્મા જેની ભાવના કરવાથી વીતરાગતા પ્રગટે અને અમને જન્મ-મરણનો અંત થઈને મુક્તિ થાય એ ભાવના કયા પ્રકારે કરવી જોઈએ? તો **‘(આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીએ (આત્માનુશાસનમાં ૨૩૮માં શ્લોક દ્વારા) કહ્યું છે કે:-’** જુઓ, દરેકમાં ભ-ભ શબ્દ વધારે છે.

**(अनुष्टुभ्)**

**“भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**
**भावये भाविता नेति भवाभावाय भावनाः॥”**

બધા ભભ્ભા વધારે. ભ અને ભ. ગુણભદ્રાચાર્ય થયા છે જિનસેનાચાર્યના શિષ્ય. જેણે આદિપુરાણ બનાવ્યા એના શિષ્ય જેમણે આત્માનુશાસન બનાવ્યું છે. એ આત્માનુશાસન.

આત્માને શિખામણ દેવા માટે. પોતાના ભાઈ હતા એને શિખામણ દેવા માટે આ બનાવ્યું છે.

**'શ્લોકાર્થ :- ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી...'** ભવ આવર્ત, ભવનું ચક્ર, ભવની ભમ્મરજાળ. ભમ્મર થાય છેને? પાણીમાં ભમરી નથી થતી? બહુ પાણી હોય છે ભમ્મર એમાં ડૂબી જાય છે. ભંવરજાળ. અને ભવ પરાવર્ત. ભવાવર્તનો એટલો અર્થ કર્યો. ચોર્યાસી લાખના ભવના ચક્રના પરિભ્રમણમાં **'નહિ ભાવેલી ભાવના...'** અનંત-અનંતકાળમાં નવમી ગ્રૈવેયક પણ અનંતવાર ગયો. જૈન દિગંબર સાધુ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ થઈને. સમજાણું કાંઈ? પણ ભવચક્રમાં કદી એમાં નહિ ભાવેલી આત્માની ભાવના કેવી છે? **'હું ભાવું છું...' 'ભવાવર્તમાં પૂર્વે નહિ ભાવેલી ભાવના (હવે) હું ભાવું છું.'** હવે હું એવી ભાવના કરું છું (કે જે મેં) અનંતકાળમાં કદી કરી નથી.

**'તે ભાવનાઓ (પૂર્વે) નહિ ભાવી હોવાથી...'** જે ભાવના પહેલાં નહિ કરી હોવાથી **'હું ભવના અભાવ માટે તેમને ભાવું છું...'** ભાષા જુઓ. જે ભાવના ભવભ્રમણની અનાદિથી છે એનાથી ઉલટી. જે હું ભવના અભાવ માટે અનંતકાળમાં જે ભાવના નથી કરી એ ભાવના હું કરું છું. **'(કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરૂદ્ધ પ્રકારની, પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય).'** બે વાત કરી. પોતાનું શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ એનાથી વિરૂદ્ધ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, સંકલ્પ, વિકલ્પ આદિની ભાવના, શ્રદ્ધા અને પરાવર્તનમાં અનંતવાર મેં ભાવના કરી. એનાથી વિરૂદ્ધ. ભગવાન આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ એની ભાવના અનંતકાળમાં કરી નથી. 'હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું' હું એવી દૃષ્ટિ કરીને સ્વરૂપમાં સ્થિર થવું એવી ભાવના અનંતકાળમાં કરી નથી. તો એ ભાવના હવે કરું છું, એમ આચાર્ય કહે છે.

આ શ્લોક હવે બહુ સારો છે. જુઓ, સવારે ચાલે છેને કથનમાત્ર મોક્ષમાર્ગ બે. એમ આ વ્યવહાર કથનમાત્ર છે એમ કહે છે. બોલો.

**(अनुष्टुभ्)**

**अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं**
**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।**
**तदपि भवभवेषु श्रूयते वाह्यते वा**
**न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्॥१२१॥**

આહા..હા..! કહે છે કે **'જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે...'** બે મોક્ષના માર્ગનું નિરૂપણ કર્યું છેને? તો બસ એ જ શબ્દ છે. એ જ શબ્દ ત્યાં સમયસારની છેલ્લી ગાથામાં અમૃતચંદ્રાચાર્યે લીધું છે. નિરૂપમ. સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એવી વ્યવહારરત્નત્રય જેને કથનમાત્ર, નિરૂપણમાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે તેને પણ...'** તેને પણ. બીજી વાત તો શું? પાપ તો અનંતવાર કર્યા, બીજા પુણ્ય પણ અનંતવાર

કર્યા, પણ કથનમાત્ર વ્યવહારરત્નત્રય પણ અનંતવાર કર્યું. કહો, સમજાણું કાંઈ? માત્ર કહેવામાત્ર. પાઠમાં એટલું છેને '**કથનમાત્ર (કહેવામાત્ર)...**' છે. એ વ્યવહારમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન છે, એ કથનમાત્ર છે. આહા..હા..! અને શાસ્ત્ર ભણવા, શીખવા એ પણ મોક્ષનો માર્ગ છે, જ્ઞાન કથનમાત્ર છે; અને પંચમહાવ્રતનું પાલન--અહિંસા, સત્યદત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર એને વ્યવહારમાર્ગ કહેવો, મોક્ષનો માર્ગ કહેવો એ કથનમાત્ર, નિરૂપણમાત્રની વાત હતી. કપુરચંદજી! આહા..હા..! હજી તો એના પણ ઠેકાણા નથી. પાંચ મહાવ્રત શું? પંચસમિતિ વ્યવહાર શું? ત્રણ ગુપ્તિ અશુભથી નિવૃત્ત થઈને ગુપ્તિ વ્યવહાર શું? અને શાસ્ત્રનું પણ વાસ્તવિક વ્યવહારુ જ્ઞાન શું? દેવ-ગુરુ-શાસ્ત્રના બાહ્ય વ્યવહાર લક્ષણ શું? એવા યથાર્થ લક્ષણથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્ર ભણી લીધા, અગિયાર અંગ અને નવ પૂર્વ પણ ભણ્યો એને મોક્ષનો માર્ગ કહેવો એ તો કહેવામાત્ર છે, (ખરેખર તો એ)બંધનો માર્ગ છે એ. સમજાણું કાંઈ?

'**જે મોક્ષનું કાંઈક કથનમાત્ર...**' કાંઈક કહેવામાત્ર. પાછું કાંઈક કહેવામાત્ર એમ. .. એ છેને? '**किमपि वचन**' એમ છેને, ભાઈ! એકલું વચનમાત્ર નહિ '**किमपि वचन**' કાંઈક વચનમાં કહેવાય. વચનમાં બોલાવામાં આવે છે. દેવ-ગુરુ એ મૂળ પાઠ છે, ભાઈ! શ્લોકમાં. '**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्।**' સંસ્કૃત. કાંઈક, વચનમાં પણ કાંઈક કહેવામાત્ર. ભાઈ! આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, નવ તત્ત્વની શ્રદ્ધા કરી, વિકલ્પથી, રાગથી અને પંચમહાવ્રત પાળ્યા, માસ-માસ ખમણના અપવાસ કર્યા, બાર-બાર માસના અપવાસ કર્યા, બીજા દેવલોકની ઇન્દ્રાણી ચળાવા આવે ચળે નહિ અને જેને ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ કરે નહિ--એવી ક્રિયા પણ એ મિથ્યાદૃષ્ટિની ક્રિયા છે. સમજાણું કાંઈ? એવો વ્યવહારમાત્ર કહેવામાત્ર હતો.

'**તેને પણ ભવસાગરમાં ડૂબેલા જીવે...**' જુઓ, અહીં બીજી વાત તો શું. હિંસા કરી, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના નરકના પરિણામ કર્યા, ઢોરના-પશુના કર્યા. એ તો વાત ક્યાંય રહી. એ તો બહુ દૂર રહી, પણ આ વ્યવહારમાત્ર જેને શાસ્ત્રમાં કહેવામાત્ર મોક્ષમાર્ગ કહે છે એ પણ '**ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં સાંભળ્યું છે...**' જુઓ, અહીં તો કહે છે કે અનંતાભવે મનુષ્યપણું મળ્યું તો વ્યવહારરત્નત્રયનું કથનમાત્ર મોક્ષમાર્ગ એ અનંતવાર સાંભળ્યું અને અનંતવાર આચર્યું. ભવ અનંત થયા છેને? મનુષ્યપણું અનંતવાર મળ્યું, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો તો એ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ મહાવ્રતાદિ એવા પરિણામ તો અત્યારે કોઈના હોતા જ નથી. સમજાણું કાંઈ? એવો નવમી ગ્રૈવેયકે જનારો એવા '**ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે...**' આ પહેલા '**ભવભવમાં...**' એમ કહે છે. ઘણા ભવ બતાવવા છેને? ઘણા ભવ મનુષ્યપણાના મળ્યા, એ ભવ અનંતભવમાં અનંત

મનુષ્યપણું આવ્યું એ ભવમાં. નિગોદમાં તો ક્યાં સાંભળવાનું છે? સમજાણું કાંઈ? મન વિનાના પ્રાણીને તો સાંભળવું છે નહિ. અહીં તો મનુષ્યપણું અનંતવાર મળ્યું એમાં વ્યવહારરત્નત્રયની વાત અનંતવાર સાંભળી. ઓહો..હો..! સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ એવા મુનિને પાળવા, છ આવશ્યક કરવા, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ એવો વિકલ્પ જે શુભરાગ એને આવશ્યક માન્યા એને વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં, નિમિત્તથી વચનમાં કાંઈક આવ્યું. ભવસાગરમાં ડૂબેલા જીવે એ પણ મનુષ્યભવમાં અનંતવાર સાંભળી અને સાંભળીને આચરી. સમજાણું કાંઈ? પણ એનાથી કાંઈ કલ્યાણ થયું નહિ. આહા..હા..! પંડિતજી! આ વ્યવહારરત્નત્રયનું લીધું. એ તો રાગ અનંતવાર કર્યો. ઠીક કહે છે પંડિતજી હોં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' એ મુનિવ્રત અત્યારે કહે છે એવા નહિ. અત્યારે તો કોઈ દ્રવ્યલિંગી પણ નથી. પણ નવમી ગ્રૈવેયક જ્યારે ગયો. સમજાણું કાંઈ? 'યમ નિયમ સંયમ આપ કીયો પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, મુખ મૌન રહ્યો દઢ આસન પદ્મ લગાય રહ્યો, જપ ભેદ જપે તપ ત્યોંહી તપૈ ઉરસે હી ઉદાસ લહી સબસે, સબ શાસ્ત્રનકે નયધારી હયે મત મંડનખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજુ ન પડ્યો.' જુગરાજજી! ઠીક, સાંભળવા તો આવ્યા અહીંયા હવે. એક કહેતા હતા એ ભાઈ કોઈ આવ્યા હતાને શેઠ. કોણ આવ્યું હતું? કોણ આવ્યું હતું મદ્રાસથી? ના અમદાવાદથી. તમારા કોઈ સંબંધી. મારવાડી હતા પતી-પત્નિ બે. શેઠ પ્રચાર બહુ કરે છે એમ કહેતા હતા હોં. કહેતા હતા. આવ્યા હતા દર્શન કરવા. પાલિતાણા ગયા હતા. ...શેઠ પ્રચાર કરે છે. પતી-પત્નિ બે હતા. આમ તો પ્રમોદ બતાવતા હતા હોં. દર્શન કરવા. આ માર્ગ એનો પ્રચાર કરે છે કે આ માર્ગ સાચો છે. ઠીક છે. સમજાણું કાંઈ? અમદાવાદના હતા કોઈ હોં. તમારા સંબંધી મારવાડી. જુવાન હતા જુવાન રૂપાળા. રૂપાળા જુવાન. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! ભગવાન! કહે છે સાંભળ! તે વ્યવહાર રત્નત્રય જેને વિકલ્પ શુભરાગ છે એને અનંતવાર સાંભળ્યું. સાંભળ્યું એનો અર્થ શું? મનુષ્યભવ મળ્યો તો ભગવાનના સમવસરણમાં ગયો અને સંતો, મુનિઓ સાચા એની પાસે પણ ગયો અને સાંભળ્યું. સાંભળ્યું. ઓહો..હો..! અને અનંતવાર ભવભવમાં સાંભળ્યું અને ભવભવમાં આચર્યું. બે વાત. આહા..હા..! સમજાણું કાંઈ? 'વહ સાધનવાર અનંત કીયો.' અનંતવાર થયો. શ્રીમદ્ કહે છે ૨૪ વર્ષે લીયો. યમ નિયમ એવા પંચમહાવ્રત અનંતવાર લીધા. નિયમ, અભિગ્રહ. એવો અભિગ્રહ ધારણ કરે. અભિગ્રહ સમજો છો? નિયમ. કે અમે ભીક્ષા લેવા જઈએ અને મોતી (નામની) બાઈ હોય, મોતીચુરનો લાડવો ખાતી હોય અને મોતીચુર એના કપડામાં. આવે છેને .. કપડા, કપડાનું નામ જ મોતી હોય અને એમાં મોતી થોડા તૂટી ગયા હોય અને થોડા બાંધ્યા હોય અને અમે ભોજન લેવા-આહાર લેવા જઈએ અને એ દે તો આહાર લેવો નહિ. નહિતર પ્રાણ જાય (પણ આહાર ન લઈએ) એવો નિયમ પણ

અનંતવાર લીધા અને પૂર્વના પુણ્યથી પાર પણ થયો. એમાં કોઈ કલ્યાણ-ફલ્યાણ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'યમ નિયમ સંયમ આપ કીયો,' સંયમ લીધા, ઇન્દ્રિય દમન કરી, આમ કર્યું. એ તો ધૂળ છે, એ તો બધું શુભરાગ છે. 'યમ નિમય સંયમ આપ કીયો, પુની ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો.' ઉદાસ-ઉદાસ જંગલમાં જાય એકલો બસ. 'ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય.' એમાં શું થયું? 'તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે.' આત્માને વોસરાવી દે. આત્મા શું છે એની ખબર નથી. ભગવાનભાઈ! કાયોત્સર્ગમાં આવે છેને? આહા..હા..! 'જબ ભેદ જપે' ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ચોવીસ કલાક ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... બસ નવરા હોય તો માણસ ઘણા કેટલાક એવા હોય તો બસ જપ્યા જ કરે. શું છે એમાં? જપમાં તો શુભરાગ છે કાંઈક. મંદરાગ મિથ્યાત્વસહિત. એમાં મને ધર્મ થશે, નિર્જરા થશે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? 'જપ ભેદ જપે તપ ત્યોંહી તપે' તપસ્યા એટલી આમ જીર્ણ શરીર. હાડકા ખડ... ખડ... ખડ... ખડ... માસ-માસ બબ્બે માસના અપવાસ. સ્વરૂપચંદજી! ભાઈ! સાંભળવા આવ્યા જુઓ તો ખરા. એ ... આવે છે. .. ભાઈ છેને એ .. વાત આવે છેને .. હાડકા આમ ખડ... ખડ... ખડ... કોલસા ખખડેને કોલસા. કોલસા સમજો છો. કોયલા. એ ગાડા ભર્યા હોય કોલસાના. ગાડું ચાલે તો અવાજ થાય કે નહિ? એમ મહિના-મહિના અપવાસ કરીને હાડકા ખડ-ખડ થાય. આહા..હા..! શું થયું? આ હાડકા ખખડ્યા તારો આત્મા ખખડ્યો નહિ. સમજાણું કાંઈ? 'જપ ભેદ જપે તપ ત્યોંહી તપે ઉરસે ઉદાસ.' ઉદાસ... ઉદાસ... ઉદાસ... પરથી ઉદાસ. ઉદાસ થયો એમાં શું? પણ વસ્તુ શું છે? વસ્તુના અનુભવની દૃષ્ટિ વિના ઉદાસ શું થાય? એ તો પુણ્ય બંધાશે, સ્વર્ગાદિ મળશે. ચાર ગતિમાં પટકાશે. સમજાણું કાંઈ?

'તપ શાસ્ત્ર પઢ્યા...' શાસ્ત્ર પણ ભણ્યો 'મત મંડન ખંડન ભેદ લિયે...' આ સાચું અને આ ખોટું. એ તો શાસ્ત્ર ભણવું એ તો વિકલ્પ છે, શુભરાગ છે. 'સબ શાસ્ત્રન કે નય ધારી હયે મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયે તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન વિચારત હૈ મનસે કછુ ઓર રહ્યા ઉન સાધનસે. બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ બાત કહે.' શ્રીમદ્ રાજચંદ્રે ૧૪ વર્ષે આ શ્લોક બનાવ્યા છે. આ તો ગુજરાતી. પણ બનાવ્યું હિન્દીમાં બનાવ્યા છે. ઘણા શ્લોક છે. આ તો મેં થોડા કહ્યા.

અહીં કહે છે. ઓહો..હો..! કેટલું શ્લોકમાં પદ્મપ્રભુદેવે કહ્યું. કે '**કાંઈક કથનમાત્ર...**' કહેવામાં આવે કે એ વ્યવહારશ્રદ્ધા છે. ભગવાનની શ્રદ્ધા હોં. એવી માથુ કાપી નાખે તોપણ ભગવાન જૂઠાં છે એમ ન માને. સમજાણું કાંઈ? ભગવાનના સમવસરણ અને એના ૩૪ અતિશય. માથું કપાય જાય તોપણ માને નહિ. બરાબર છે, એ વાત બરાબર છે, એ વાત બરાબર છે.

**શ્રોતા** :- કંઈ લાભ ન થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાભ થયો ધૂળનો. રખડવાનો. એ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- એક જ વાત રહી ગઈ કે સાચા સાધુને શોધ્યા ન હતા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એણે આત્માને શોધ્યો નહોતો એમ કહે છે. ઇ કહે છે જુઓ, હમણા કહેશે. સમજાણું કાંઈ? એણે સદ્‌ગુરુ અનંતવાર મળ્યા. આ સાંભળ્યું ક્યાંથી? કોની પાસેથી સાંભળ્યું? મૂઢ પાસે? સાંભળ્યું શું? કોની પાસે સાંભળ્યું? અજ્ઞાની પાસે? અરે..! જ્ઞાની પાસે અનંતવાર સાંભળ્યું એમ કહે છે. આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની સમવસરણ સભા એમાં અનંતવાર ગયો. શું થયું? સાંભળ્યું એમાં શું થયું. એ કહે છે કે પરમાર્થ ચીજ વિકલ્પથી પાર ભગવાન આત્મા એકલો જ્ઞાનજ્યોતિ ચિદાનંદ એની અનુભવ દૃષ્ટિ કર્યા વિના એવો વ્યવહાર તો અનંતવાર કર્યો. સમજાણું કાંઈ? એ વ્યવહારથી ધર્મ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. વળી કેટલાક એમ કહે છે કે પણ આવી તમે દૃષ્ટિ કહો છો પણ એટલું તો પહોંચી ન શકે તો થોડું એટલું ચારિત્ર તો કરે. શુકલચંદજી! પ્રશ્ન હતોને ભાઈ! પ્રશ્ન હતોને, ભાઈ! જુગલરાજજી! ભાઈનો પ્રશ્ન હતોને. વાત તો પ્રશ્ન તો અનેક પ્રકારના હોય છે. સમજાણું કાંઈ? પણ તારી હજી વસ્તુ શું છે? દૃષ્ટિનો પ્રયત્ન નથી, અંતર અનુભવનો પ્રયત્ન નથી, બીજો પ્રયત્ન શું તને કામ લાગશે? સમજાણું કાંઈ? એ તો કહે છે કે અનંતવાર એવું તો કર્યું. વ્રત લીધા, નિયમ લીધા, તપસ્યા એટલી કરી, અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ. ઉણોદરી એક ચોખો અને પાણી, બસ. ભોજન લેવા જાય તો મહિનાનો અપવાસ. એક ચોખો અને પાણી. ચોખા સમજો છો? ચાવલ. ઓહો..હો..! લોકો જાણે કે ઓહો..હો..! .. ઉણોદરી તપ કરે છે! મૂઢ છે. એની દૃષ્ટિ પોતાનો આત્મા જ્ઞાયક છે, એ ક્રિયાના કરનારો છે જ નહિ, વિકલ્પ ઉઠે છે એ પણ મિથ્યા, વિકલ્પ એ રાગ છે, એમાં એકત્વ બુદ્ધિ કે મને એનાથી કલ્યાણ થશે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અંતરમુખ દૃષ્ટિ વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે જ નહિ. બહિર્મુખ ક્રિયાકાંડ મરીને સુકાઈ ગયો કહે છે અંદરથી જુઓ. સમજાણું કાંઈ? એ સાધન... શ્રીમદ્ પોતે કહી ગયા કે 'વહ સાધન વાર અનંત કીયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કુછ ઓર રહ્યા ઉર સાધનસે.' ભગવાન આત્મા અંતર્મુખ જ્ઞાનાનંદસ્વરૂપની અંતર એકાગ્ર થઈને પકડવા અને એમાં એકાગ્ર દૃષ્ટિ કરીને લીન થવું એવું કદી એણે એક સમયમાત્ર કર્યું નથી. આહા..હા..! કહો, પંડિતજી! એમ છે કે નહિ ભાઈ? બિલકુલ એમ છે. ઠીક મળ્યા છે. એમ જરી ભણ્યા-લખ્યામાં .. સત્યની વાતમાં હા તો પાડે કે સત્ય તો આ જ છે. બીજું સત્ય ત્રણકાળમાં છે નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ તો ભગવાન સર્વજ્ઞ આત્માના આનંદની એકાકાર દૃષ્ટિ કરીને શ્રદ્ધા, અનુભવ કરીને સ્થિર થવું એ એક જ મોક્ષનો માર્ગ છે. બાકી બધી ક્રિયાકાંડ રણમાં પોક મૂકવા જેવી છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હા. આ કહ્યુંને જુઓ. પદ્મપ્રભમલધારિદેવ મુનિ હતા. દિગંબર મુનિ છે. આ લખનારા. દિગંબર સંત ભાવલિંગી જેના મુખથી આગમ ઝરે છે. એ બે વાત અહીંયાં લખે છે.

કહે છે **'ભવસાગરમાં ડૂબેલા જીવે...'** ડૂબેલા રત્નને પામ્યો. ભારે ભાઈ! **'જીવે પૂર્વે ભવભવમાં (-ઘણા ભવોમાં) સાંભળ્યું છે...'** અરે..! અત્યારે તો આવું કહે કે વ્યવહારરત્નત્રય એ ચોથું, પાંચમું, છઠ્ઠું અને સાતમું. અરે..! ભગવાન! ભારે ભાઈ! ચોથે ગુણસ્થાને... આજે જ આવ્યું હતું. આ ગજબ કરે છેને. બહારમાં લખે છે અને આમાં ઠઠાડી દીધું. ચોથેથી સાતમા સુધી શુભયોગ જ હોય. અરરર..! આત્માની અનુભૂતિ. હજી તો અનુભૂતિ શું એની ખબર નથી. આહા..હા..! એ શુભયોગમાં બે અંશ છે--એક શુદ્ધ છે. થોડી રાગની નિવૃત્તિ એટલું શુદ્ધ છે, પ્રવૃત્તિ એટલી અશુભ. અરે..! શુભરાગ પોતે પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ? એવો શુભરાગ નવમી ગ્રૈવેયકે ગયો એવો શુભરાગ ભવભવમાં ગુરુ પાસે અનંતવાર સાંભળ્યું છે અને આચરણ પણ કર્યું. એનો એ અર્થ થયો કે સંતો, મુનિઓએ વ્યવહાર કહ્યો, ભાઈ! કહ્યો અને એણે સાંભળ્યું છે. બેય. કહ્યો ખરો, વ્યવહાર આવે છે. નિશ્ચયપૂર્વક અંદર વ્યવહાર આવે છે તો વ્યવહાર કહ્યો. કહ્યો ખરો, સાંભળ્યો પણ ખરો અને આચર્યું. દૃષ્ટિ મિથ્યાત્વ રહી ગઈ. સમજાણું કાંઈ?

**'સાંભળ્યું અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે; પરંતુ...'** જોયું? આચરણમાં લીધું છે આમ. મહિના-મહિનાના અપવાસ હોં આમ. કોઈ જાણે આમ કહે કે ઓહો..હો..! તરણના પુમડા આ મુનિ! આહા..હા..! એક આહાર લેવા જાય તો નિર્દોષ આહાર-પાણી હોં. એને માટે પાણી બનાવ્યા હોય એનું ટીપુ, એક પાણીનું ટીપું. અસંખ્ય જીવ છે એમાં. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવ. તો એને ખબર પડે કે મારા માટે છે તો પ્રાણ જાય તોપણ ન લે. સમજાણું કાંઈ? એવી ક્રિયાકાંડ અનંતવાર કરી. પરલક્ષી વાત છે એ બધી. સમજાણું કાંઈ? એમાં કોઈ આત્માનો ભાવ નથી. **'પરંતુ અરેરે! ખેદ છે...'** એમ કહે છે. આહા..હા..! **'કે જે સર્વદા એક જ્ઞાયક છે...'** જુઓ, હવે અહીંયાં. ભગવાન આત્મા તો સર્વદા એક જ્ઞાનમૂર્તિ પ્રભુ છે, ચૈતન્યબિંબ છે. **'તેને (અર્થાત્ જે સદા જ્ઞાયકરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને)...'** પરમાત્મતત્ત્વને વિકલ્પથી ક્રિયાકાંડથી રહિત નિષ્ક્રિય ચિદાનંદ ભગવાન એવો જ્ઞાનસ્વરૂપ આત્મા એવું પોતાનું પરમાત્મતત્ત્વ એ જીવે સાંભળ્યું નથી. એ સાંભળ્યું નથી એમ કહે છે. ભગવાનની વાણી સાંભળીને? કહે એ સાંભળી નથી. અંતરમાં એ વાત રુચિ નથી તો તે સાંભળી નથી. એ સમયસારમાં આવ્યુંને **'श्रुतपरिचितानुभूता सर्वस्यापि कामभोगबंधकथा'** એ જ વાત કહે છે અહીંયાં. અનંતવાર ઇચ્છા, દયા, દાન, વ્રત, ભક્તિ કરવી અને રાગને ભોગવવો એ વાત ભવભવમાં અનંતવાર તે સાંભળી છે અને તે આચરણમાં લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી કોઈ આત્મલાભ નથી. કેમકે એ

ક્રિયાકાંડનો વિકલ્પ તો બધો રાગ છે. ભગવાન તો એકલો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. જ્ઞાન ચૈતન્યસૂર્ય પરમાત્મા નિજ ચૈતન્યસ્વભાવથી ભરેલો એકલો. વિકલ્પ, રાગ-બાગ એની વસ્તુમાં છે જ નહિ. છે નહિ એનું આચરણ કર્યું અને છે એનું આચરણ કર્યું નથી. સમજાણું કાંઈ? તકરાર કરે. એ જ્ઞાન. અહીં કહ્યુંને જ્ઞાન. કહે એ જ્ઞાન નથી. એકલું જ્ઞાન ન હોય. અરે..! સાંભળને ભગવાન! ભાઈ! આ તો જ્ઞાન કહે છે ઓલો વિકલ્પ નથી. રાગ, દયા, દાન વિકલ્પ જે છે એ નથી. પણ જ્ઞાન કહેતા આત્માનું જ્ઞાન, દર્શન, આનંદ એવો આત્મા. જ્ઞાન કહેતા રાગ નહિ. સમજાણું કાંઈ?

**'સર્વદા એક જ્ઞાન છે...'** સર્વદા એક જ્ઞાન છે. આહા..હા..! ત્રણે કાળ ચૈતન્ય ભગવાન એકલો ચૈતન્યસૂર્ય આનંદની મૂર્તિ અનાકુળ શાંતરસનો પિંડ એવો ભગવાન આત્મા એણે સાંભળ્યું જ નથી. સદાય જ્ઞાનસ્વરૂપ છે એવું કદી સાંભળ્યું જ નથી. શું કરે જ્ઞાન? રાગ કરે? પરનું કરે? પરથી કાંઈ લે? જ્ઞાન કરે શું? સમજાણું કાંઈ? દૃષ્ટિ કરે શું? આંખની દૃષ્ટિ શું કરે? અગ્નિને બનાવે? અગ્નિને ઓલવે? શું કરે? આંખ શું કરે? એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ શું દયા, દાનનો વિકલ્પ કરે? એમાં એ ચીજ છે? એ પરની ક્રિયા કરે? છે તાકાત એમાં? સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવા પરમાત્મતત્ત્વને...'** પરમાત્મતત્ત્વનો અર્થ પોતાનું સ્વરૂપ હોં નિજ ત્રિકાળી. એવા **'જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.'** **'न च न च'** એમ છેને બેવાર? સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. સંતો પાસે વ્યવહારની વાત સાંભળી. એ આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. વ્યવહારની સાંભળી તો વ્યવહાર કર્યો, પણ નિશ્ચય શું છે એની દૃષ્ટિ કરી નથી. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. એનું કથન વીતરાગનું, મુનિઓનું વ્યવહારનું કથન એ સાંભળ્યું, આચર્યું, પણ નિશ્ચય વીતરાગસ્વરૂપ આત્મા એકલી જ્ઞાન અનુભૂતિ, જ્ઞાનનો અનુભવ, રાગનો બિલકુલ નહિ એવી ચીજ એણે કદી સાંભળી નથી અને કદી આચરણમાં લીધી નથી. **'આચર્યું નથી, નથી.'** આહા..હા..!

**શ્રોતા** :- અનુભવનો અભાવ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અનુભવનો અભાવ.

**શ્રોતા** :- ભવનો અભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભવનો અભાવ અનુભવથી થાય છે. ભવનો અભાવ ભવના ભાવથી નથી થતો. એ વિકલ્પ દયા, દાન, વ્રત તો ભવભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારરત્નત્રય પણ ભવભાવ છે. આહા..હા..! ભવભાવ હોય એમાં ભવનો અભાવ થાય? એકલો ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય એની અંતર દૃષ્ટિ કરીને એ જ પરમાત્મા નિર્વિકલ્પ આનંદમૂર્તિનો અનુભવ કરવો એણે એક સેકન્ડ પણ અનંતકાળમાં કર્યું નથી અને એ વિના એને મુક્તિના માર્ગનો પત્તો લાગતો નથી. આહા..હા..! અત્યારે તો ભારે તોફાન-તોફાન. એકાંત છે રે એકાંત વળી એમ કહે છે. એકાંત છે. સાંભળને, ભાઈ! એકાંત ક્યું? વ્યવહારથી પણ લાભ થાય, નિશ્ચયથી લાભ થાય તો

તો અનેકાંત.

**શ્રોતા** :- બેમાંથી એકેય ન રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકેય ક્યાં રહ્યું? વ્યવહારે લાભ નિશ્ચયનો કર્યો તો નિશ્ચય રહ્યો નહિ. નિશ્ચય રહ્યો નહિ તો સ્વનો આશ્રય રહ્યો નહિ, કારણ કે વ્યવહારથી નિશ્ચય થાય છે. એકેય વાત રહી નહિ. રાગે કામ વીતરાગનું કર્યું તો રાગ રહ્યો નહિ અને વીતરાગનું કામ વીતરાગભાવ રાગે કર્યો તો વીતરાગભાવ રહ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ પ્રતિક્રમણની વાત કરે છે હોં. વ્યવહારપ્રતિક્રમણ .. વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહાર સામાયિક, વ્યવહારપ્રાયશ્ચિત, વ્યવહારદર્શન એ બધો શુભભાવ અનંતવાર કર્યો, એ ઝેર છે. શુભરાગ આત્માના અમૃતસ્વરૂપથી ઉલટો ભાવ ઝેર છે. એ તો અનંતવાર કર્યો. જ્ઞાનામૃત, અમૃતસ્વરૂપ ભગવાન આત્મા રાગની ક્રિયાથી રહિત પ્રભુ એની વાત અંતરમાં સાંભળી નથી અને અંતરમાં શ્રદ્ધા, જ્ઞાનથી આચરણ કર્યું નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ પણ ન માને હોં આ લખાણ. કારણ કે વ્યવહાર અનંતવાર કર્યો. ના, વ્યવહારથી તો સાતમું ગુણસ્થાન ન આવે. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું. અરે..! ભગવાન! તારી વાત પણ ભારે, ભાઈ! એ પણ ભગવાન સામે ઉભો રહે એવો છેને ઇ?

**શ્રોતા** :- આ તો મિથ્યાદર્શન છે ઓલું તો સમ્યગ્દર્શન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં હવે. આ માને ઇ સમ્યગ્દષ્ટિ. રજકણ, પરની ક્રિયા કરે અને રાગ શુભયોગથી સમકિત થાય. મહામૂઢ મિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા** :- મહામૂઢ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહામૂઢ એથી પણ વધારે છે. .. ઓલું આવે છેને બે શબ્દ? '**अण्णाणो मूढो**' એ અજ્ઞાની મૂઢ એમ માને છે. કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! બંધ અધિકારમાં. બંધ અધિકાર છે. એ ૯૦ ગાથા થઈ.

શું કહે છે? અહીં નિશ્ચયપ્રતિક્રમણ એમ કેમ લીધું? કે વ્યવહારભાવ જેટલો છે એનાથી રહિત પોતાના સ્વરૂપની દષ્ટિ, સ્થિરતા આદિ રમણતા એ નિશ્ચયપ્રતિક્રમણ છે. તો વ્યવહાર અનંતવાર કર્યો, પણ વ્યવહારથી રહિત પોતાનું નિશ્ચયનું સ્વરૂપ કર્યું નહિ. નિશ્ચયપ્રતિક્રમણ એક સમય નથી કર્યું. વ્યવહારપ્રતિક્રમણ એણે ભવભવમાં કર્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ? સાંજ-સવાર મિચ્છામી દુક્કડમ અણુવ્રતમાં દોષ મિચ્છામી દુક્કડમ. ભગવાનભાઈ! ભગવાનભાઈ હવે ફરી ગયા. એ બધા ફરી ગયા હવે. આહા..હા..! ભાઈ! એ ચીજ શુભભાવ છે. એ કોઈ જન્મ-મરણનો અંત લાવવાની ચીજ નથી. હજી સમ્યગ્દર્શનની ખબર નથી એને જન્મ-મરણનો અંત કેમ થાય? અહીં તો જ્ઞાનમૂર્તિ આત્મા એની અનુભૂતિ કરવી અને એમાં રાગમાત્રને મેળવવો નહિ એનું નામ તો હજી દષ્ટિ અને અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને પછી સ્વરૂપમાં લીન

થઈને વીતરાગતા પ્રગટ કરવી એનું નામ ચારિત્ર છે. એનું નામ અહીં ચારિત્રનો અધિકાર છે. વ્યવહાર પ્રતિક્રમણ અને દયા, દાનનો વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. અમે વ્યવહારચારિત્ર તો પાળીએ છીએને. એમ કહે છે કેટલાક. સમજાણું કાંઈ? મિથ્યાદર્શન શ્રદ્ધાને પાળે છે. શેઠ! આ તો મિથ્યાદર્શન.. રાગ માટે .. ભાઈ! તમારા માટે નહિ, વસ્તુની સ્થિતિ એવી છે. અહીં તો વસ્તુની સ્થિતિ છે એમ કહેવામાં આવે છે. એકાંત.

**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं।।९१।।**

**નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને,**
**સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.**

સર્વજ્ઞ પરમાત્મા, સંતો એને પ્રતિક્રમણ કહે છે. એની વ્યાખ્યા.

'**ટીકા :- અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (-સંપૂર્ણ) સ્વીકાર કરવાથી...**' જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છેને? એનો સંપૂર્ણ સ્વીકાર કરવાથી. તેને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે. '**અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી...**' આ એનો સ્વીકાર અને એનો ત્યાગ એમ. ભગવાન આત્મા નિષ્ક્રિય-રાગરહિત પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ, અનુભવ અસ્થિરતા એનો સ્વીકાર એનું નામ ચારિત્ર, એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ, એનું નામ સાચો મોક્ષનો માર્ગ. અને ત્યાગ કોનો? મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને પરલક્ષી આદિ એ નિરવશેષ ત્યાગ. બિલકુલ પરતરફના રાગનો અભાવ એમ કરવાથી. એમ કરવાથી '**પરમમુમુક્ષુને...**' જુઓ, અહીં પરમ મુમુક્ષુ લીધા. જુઓ, મુનિને પણ પરમમુમુક્ષુ લીધા. '**પરમમુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.**' લ્યો. સમજાણું કાંઈ?

હવે કહે છે જરી '**ભગવાન અર્હત પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ...**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ પૂર્ણ અકષાયસ્વભાવ પ્રાપ્ત પરમાત્મા એવા વીતરાગ ભગવાન મહિમાવંત '**પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં માર્ગનું શ્રદ્ધાન મિથ્યાદર્શન છે,...**' સર્વજ્ઞ પરમેશ્વરથી વિરૂદ્ધ અજ્ઞાની અનેક પંથ જગતમાં કહે છે. સમજાણું કાંઈ? વેદાંત આદિ, સાંખ્યમત આદિ અનેક મત જગતમાં છે. એ ભગવાનના માર્ગથી માર્ગાભાસ છે. માર્ગ કહે છે પણ માર્ગ છે નહિ. એવા '**માર્ગનું શ્રદ્ધાન મિથ્યાદર્શન છે,...**' સમજાણું કાંઈ? એને છોડીને કહશે હોં પછી. હજી ભગવાન સર્વજ્ઞનો માર્ગ શું છે એની પણ ખબર નથી. બધું સાચું. આ પણ સાચું અને આ પણ સાચું. સમજાણું કાંઈ? અત્યારે ચાલે છેને? અત્યારે તો ઘણા માર્ગો ચાલે છે. પુસ્તક છપાય છે અને આવ્યું છાપામાં રજનીશનું. પુસ્તક છપાવાનું છે અને આમ છપાશે. જૈનો ભેગા થઈને હોં. જૈનને ખબર નથી સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેણે ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એવા

ભગવાન વીતરાગ પરમેશ્વર એનાથી વિરૂદ્ધ કોઈપણ એક માર્ગ જગતમાં સાચો છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાનના **'માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં...'** કઠણ પડે હોં. અહીં તો ટોડરમલ તો અન્યમતમાં નાખે છે. આ માર્ગાભાસ. અમૃતચંદ્રાચાર્ય આ પદ્મપ્રભમલધારિદેવની ટીકા છે. એ પહેલા તો એ નીકળી ગયું હતું. સમજાણું કાંઈ? શ્વેતાંબર મત, સ્થાનકવાસી મત બધા જૈન પરમેશ્વરથી વિરૂદ્ધ માર્ગાભાસ છે. એય..! જુગલરાજજી! સમજાણું કાંઈ? એય..!

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાંભળવા માટે તો આ લખ્યું, આ ઉતરે છે આમાં. આ ક્યાં ગુપ્ત રાખવા માટે? આ દાંડી પીટીને તો કહેવાય છે. જેમાં સર્વજ્ઞથી વિરૂદ્ધ કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્રનું કથન છે એ બધો માર્ગાભાસ છે. માર્ગ છે નહિ, જૈનમાર્ગ છે નહિ, બધો અન્યમાર્ગ છે. સમજાણું કાંઈ? વીતરાગ સિવાય અન્ય જે કહે છે વેદાંત એક આત્મા, એવો નિર્લેપ છે અને આવો છે ને તેવો છે એ બધો માર્ગાભાસ, જૂઠો ભાસ. અહીં તો જૈનમાં ફીરકા પડ્યા છે. યથાર્થ સર્વજ્ઞ વીતરાગના માર્ગથી વિરૂદ્ધ થઈને. સમજાણું કાંઈ? એ પણ સર્વજ્ઞના માર્ગથી પ્રતિકૂળ છે. સમજાણું કાંઈ? દેવના સ્વરૂપમાં ભૂલ કરી દીધી. આહાર કરે છે અને રોગ લાગે છે અને સ્ત્રીને મુક્તિ હોય, ભગવાનને સ્ત્રી ઠરાવ્યા--બધો માર્ગાભાસ છે. સાધુને વસ્ત્રસહિત મુનિપણું ઠરાવ્યું. સમજાણું કાંઈ? ચૌદ ઉપકરણ ઠરાવ્યા. બધા સાધુપદની દશાથી વિપરીત માર્ગ છે. એય..! ધીરૂભાઈ! આ બધા એના અગ્રેસરો છે. દેરાસર કરાવવા.. ગયા. શ્વેતાંબરના દેરાસર કરે. ગૃહસ્થ છેને. દેરાસર કરાવશે. ... સમજાણું કાંઈ? ટોડરમલ તો કહે છે કે આ સનાતન જૈન દિગંબર મત સિવાય બધા અન્યમતો છે, જૈનમત છે જ નહિ. જેમાં રાગથી લાભ માને અને જેને અલ્પપદવીમાં મહાન પદવી નામ આપે છે એ બધા જૈનાભાસ, જૈનમાર્ગ નથી, અન્યમાર્ગ છે. એની ઓળખાણ કરવી પડશે.

**શ્રોતા :-** પંચ પરમેષ્ઠીઓનો તો સ્વીકાર કરે છે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ સ્વીકાર કરતા નથી. અરિહંતનું સ્વરૂપ શું છે એ વિપરીત માને છે. સિદ્ધના સ્વરૂપને વિપરીત, આચાર્ય, ઉપાધ્યાય, મુનિના, પંચપરમેષ્ઠીના સ્વરૂપમાં વિપરીત છે. નવ તત્ત્વની વસ્તુમાં વિપરીત છે. મોક્ષના માર્ગમાં વિપરીત છે. તત્ત્વમાં ઘણું વિપરીત છે. હજારો બોલ વિપરીત છે એમ કાઢ્યું છે શાસ્ત્રમાંથી બે વચ્ચેથી. અહીંયાં તો બધું જોયું છેને. લખ્યું છે હોં. લખ્યું પડ્યું છે. પણ બહાર ક્યાં કાઢે. તકરાર થાય. સમજાણું કાંઈ? .. પ્રચાર માટે. પણ પ્રચાર તો આવો કરવો સત્ય છે એટલું. નહિતર એવી (ભૂલની) વાત બહુ કરે તો તકરાર થઈ જાય. સમજાણું કાંઈ?

ભગવાન અર્હત પરમેશ્વર ત્રિલોકનાથ. એના માર્ગથી પ્રતિકૂળ. સમજાણું કાંઈ? આહા..હા..! હવે કહે છે કે એ તો હજી બધાને શ્વેતાંબર કરવા માગે છે. અરર..! ગજબ! આ શું કરે છે? આ

તો મંદિર, સ્વાધ્યાય મંદિર થશે. અને પછી એમાં અરર...! આ શું કરે છે ભગવાન!

**શ્રોતા** :-.. માનસ્તંભનું શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવા માનસ્તંભ અને સમવસરણ ત્યાં શ્વેતાંબરમાં હોય છે કોઈ દિ'? શ્વેતાંબરમાં માનસ્તંભ ત્રણકાળમાં ક્યાંય નથી. સમવસરણ-સમવસરણ આવું છે જ નહિ એમાં. એ બધી કલ્પના કરી છે. એવા આઠ પ્રકારના સમવસરણ વીતરાગમાર્ગમાં છે, બીજામાં છે નહિ. સમજાણું કાંઈ? આરોપ કરે છે. આરોપ કરે છે. ભગવાન! આરોપ તને લાગે છે, ભાઈ! '**ભગવાન અર્હત પરમેશ્વરના માર્ગથી પ્રતિકૂળ માર્ગાભાસમાં માર્ગનું શ્રદ્ધાન...**' એમાં પણ માર્ગ છે, કાંઈક તો છે. સમજાણું કાંઈ? એક વાત આવી હતી હોં. કહેતા હતા બધા જૈન, બધાને જૈન આપણે તો માનવા એમ અમારા આચાર્ય કહે છે. એમ નથી, ભાઈ! જૈનમાર્ગ તો એક જ છે સત્ય. બધામાં જૈનમાર્ગ છે નહિ. '**તે મિથ્યાદર્શન છે,...**' સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એનાથી વિરૂદ્ધ એક પણ તત્ત્વની વાત કરવી તદ્દન માર્ગાભાસ, જૈનાભાસ અન્યમત છે. એની શ્રદ્ધા કરવી મિથ્યાદર્શન છે. એય..! દેવાનુપ્રિયા! પંચપરમેષ્ઠીનું શું કીધું આમાં થયું હવે? નામ લે છે. અરિહંત કોને કહીએ? આહા..હા..! એક સમયમાં વીતરાગ અને વિજ્ઞાનઘન કોને થાય? સ્ત્રીનું શરીર હોય એને થાય છે? સ્ત્રીને તીર્થંકર બનાવ્યા મલ્લીનાથ. સમજાણું કાંઈ? સ્ત્રીને તીર્થંકર. અરે..! એને પુજનારો શિષ્ય ઇન્દ્રિ આદિ કોઈ સ્ત્રી નથી અને તીર્થંકર એ સ્ત્રી! વિરૂદ્ધ છે, તત્ત્વથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંથી આવે? ભાઈ! વિરૂદ્ધ છે, ભાઈ! એમ થાય છે. મલ્લીનાથ તીર્થંકર સ્ત્રી. આહા..હા..! એટલું પુણ્ય નહિ હોય પૂર્વે કે પુરુષ થાય? એને પૂજનારા વાસુદેવ, બળદેવ, ઇન્દ્રો કોઈ સ્ત્રી નહિ. બહુ વિરૂદ્ધ કરી દીધું. સમજાણું કાંઈ? અને દ્રૌપદીને પાંચ પતિ. ગજબ કર્યું છેને. એક સ્ત્રીને પાંચ પતિ. ભગવાનને નામે ચડાવી દીધું. સજ્જન સ્ત્રી નૈતિક હોય, નૈતિક જીવનમાં એક પુરુષ સિવાય બીજો પુરુષ પ્રાણ જાય તોપણ ન હોય. સમજાણું કાંઈ? એ નથી આવતું ભાઈ ઓલી કેવી? .. કેવી? જસમાઓડણની વાત આવે છે કથામાં. એ સિદ્ધરાજ રાજા હતોને. રાજા હતો તો તળાવ ખોદતા હતા તળાવ, સરોવર-સરોવર. એમાં એક ઓડણ હતી. બહુ રૂપાળી... બહુ રૂપાળી... બહુ રૂપાળી.. ઓડણ એક હતી. ઓડણ બહુ વાત આવે છે કથામાં. પાટણમાં. રૂપાણી એટલી રૂપાળી. રાજા એમ કહે કે આહા..હા..! મારા ઘરે રાણી નથી એવી. પછી બોલાવી અને કહે મારા ઘરે આવ તને રાણી બનાવું. એનો પહેલો પતિ જુઓને ટોપલા ઉપાડે. મેલાને. અમારે એક પતિ હોય, મને બીજો પતિ ન હોય, મારે રાજ નથી જોતું. એ મજૂર-મજૂર. ઓડણ છે. .. અમે પ્રાણ જાય તોપણ એ અમારો પતિ. રાજ અમારે ન જોઈએ. અંતે રાજા પાછળ પડ્યો અને પછી ખૂન કરી નાખ્યું બધાનું. મારી નાખ્યા. ... મરી જઈએ તો મરી જઈએ પણ અમારે બીજો પુરુષ ન હોય. ભિખારી હોં એ તો બિચારા મજૂરી કરે ટોપલા ઉપાડી-ઉપાડીને.

પાટણમાં તળાવ ખોદતા હતા. પાણી બહુ ઉંડું. એમાં મજૂરી કરતી હતી બાઈ અને રૂપાળી, બહુ રૂપાળી. રાજાએ જોઈ ત્યાં ખુશી થઈ ગયો. ઓહો..હો..! બોલાવો એને. અરે..! રાજન! તમે તો અમારા પિતા છો. પિતા .. કન્યાને ..અમારે બીજો પતિ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજા રાજાની એક વાત આવતી નથી? બીજો એક રાજા. શું કહેવાય ઓલો. રા રાજા. મોટો રાજા હતો હોં. તો એ જ્યારે ગાદીએ બેસે તો એને ચારણ ચાંદલો કરે. ચારણ હોયને ચારણ. તો એ ગાદીએ બેસે ત્યારે ચાંદલા કરે એવી એની પદ્ધતિ હતી. તો રાજા ગાદી ઉપર બેસવા લાયક થયો ત્યારે આવ્યો. તો એક ચારણ સ્ત્રી તેને ચાંદલો કરવા આવી. પછી ગાદીએ બેસે એવું. ચારણ રૂપાળી બહુ. તો એણે ચાંદલો ન કરવા દીધો. કારણ કે ચાંદલો કરે તો ઇ દીકરી થઈ જાય. આમ મોઢું ફેરવી દીધું. બીજી વાર કરે. જુવાન સ્ત્રી હોં ચારણની જુવાન રૂપાળી. પછી એની સાથે એ હતી. બા! બા કહેને સાસુને? બા! આ રાજાનું મોઢું ફરે છે. હું ચાંદલો કરું છું તો આમ કરે છે. ઓલી સમજી ગઈ કે બેટા! એ રા ફરતો નથી એનો દિ' ફર્યો છે. એનો દિ' ફર્યો છે. દીકરી પ્રજા એ તારા પિતા છે. હું એની દીકરી છું એની ઉપર એવી ઇચ્છા? એક પતિ ઉપર બીજો આ શું? એનો નાશ થઈ જશે. ખલાસ થઈ ગયો. રાજ ઉડી ગયું. રાનો દિ' ફર્યો છે. પત્ની? હું ચારણ છું, મારો પતિ છે રાજમાં. ચાંદલા કરે. એમાં તને મોહ થયો એ રાનો દિ' ફર્યો છે. બધું રાજ ચાલ્યું ગયું. એવું જગતમાં નૈતિક જીવનમાં એક પત્ની-એક પતિ સિવાય નહિ. એને દ્રૌપદિ જેવાને પાંચ પતિ કહેવા એ તે કાંઈ કલંક છે કે નહિ? સમજાણું કાંઈ? માર્ગાભાસની શ્રદ્ધા કરવી મિથ્યાદર્શન છે. શિખરચંદજી! આહા..હા..!

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એવું હોય નહિ. .. શું કરે? એ બધી ખોટી કલ્પના છે. બધી કલ્પનાથી શાસ્ત્ર બનાવ્યા. સમ્યગ્દૃષ્ટિ સ્ત્રી કદી હોય નહિ. સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક પુરુષ હોય છે. માર્ગની તુલના કાંઈક વાત મગજમાં બેસવી જોઈએને. એમ ને એમ શાસ્ત્ર લખ્યા અને ભગવાનના છે એમ માની લીધા? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એણે કહેલો કુંદકુંદાચાર્યાદિનો માર્ગ, એનાથી વિરૂદ્ધ માર્ગની શ્રદ્ધા મિથ્યાદર્શન છે, ચાર ગતિમાં રખડશે, નરક અને નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

**'તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે...'** તત્ત્વથી અતત્ત્વ અને અતત્ત્વને તત્ત્વ કહેવું એ અવસ્તુ છે. સમજાણું? અરિહંત પરમાત્માનું સ્વરૂપ, દેવનું, મુનિનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ ઘણું વિરૂદ્ધ છે. અમારે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એ સમકિત છે. એમ છે જ નહિ. અરિહંતો એવું આવે છે દેવ. ... અમારે બોલતા હતા બહુ. **'અવસ્તુમાં વસ્તુબુદ્ધિ...'** ભગવાને કહ્યો એવો પદાર્થ છ દ્રવ્ય, ગુણ, પર્યાય એનાથી વિરૂદ્ધ અવસ્તુમાં વસ્તુ જાણવી મિથ્યાજ્ઞાન છે. **'અને તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે;...'** એને એવા શ્રદ્ધા-જ્ઞાનમાં રહીને

પંચમહાવ્રતાદિના કોઈ પરિણામ કરે એ મિથ્યા આચરણ છે. સમજાણું કાંઈ? **'આ ત્રણેને નિરવશેષપણે છોડીને...'** નિરવશેષ હોં. કાંઈ બાકી રાખ્યા વિના. અહીંયાં પણ નિરવશેષ સ્વીકારીને. સમજાણું કાંઈ? અને નિરવશેષ છોડીને. આહા..હા..! એક વાત કહી.

**'અથવા નિજ આત્માના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું તે જ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક (મિથ્યા) રત્નત્રય છે,...'** આહા..હા..! જુઓ, શું કહે છે? ભગવાન આત્મા નિજસ્વરૂપ એ વ્યવહારની વાત પહેલા કહી. હવે નિજસ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય નિજ આત્માને કે પોતાનો આત્મા પૂર્ણાનંદ શુદ્ધ અખંડ બ્રહ્મ એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું આચરણરૂપથી વિમુખપણું. એનાથી જેટલા વિકલ્પાદિ વિમુખ વ્યવહાર છે એમાં શ્રદ્ધા આદિ કરવી એ મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રાત્મક **'(મિથ્યા) રત્નત્રય છે,...'** શું કહ્યું સમજાણું? પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમૂર્તિ એની અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પજ્ઞાન, સ્વસંવેદન અને પોતાનું સ્વરૂપ આચરણ વીતરાગતા. એ સિવાય કોઈપણ વિકલ્પમાં ધર્મ માનવો મિથ્યાશ્રદ્ધા મિથ્યા એ કોઈપણ પરનું જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાનને જ્ઞાન માનવું, પંચમહાવ્રતના વિકલ્પમાં ચારિત્ર માનવું એ મિથ્યાત્વચારિત્ર છે. સમજાણું કાંઈ? ભારે કઠણ! ..ભાઈ!

**શ્રોતા :-** એ રત્ન કહે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રત્ન છે હીરા, પથરા. ચારિત્રને મિથ્યારત્નત્રય કહ્યુંને? જૂઠું રત્ન. આહા..હા..!

**શ્રોતા :-** રત્ન તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રત્ન છે ખોટા. સમજાણું કાંઈ? એ ભત્રીજો હતોને. કાકા અને ભત્રીજો બે હતા. ભત્રીજાના મા-બાપ ગુજરી ગયા હતા. કાકા હતા. તો એને રત્નનો વેપાર હતો. ઘરમાં કોઈ પાંચ રત્ન પડ્યા હશે ખોટા. તો એને કાઢીને કાકા પાસે લાવ્યો. ઓહો..હો..! કાકા રત્ન તો પડ્યા છે અને મારા પિતાજી ગુજરી ગયા. ખાવા માટે કાંઈ છે નહિ કાંઈક આપો. કાકાએ જાણ્યું કે આ તો ખોટા રત્ન છે. હવે જો અત્યારે ખોટા કહીશ તો ત્રાસ થશે. બેટા! તું દુકાનમાં બેસ. આ પાંચ રત્ન તું રાખ પેટીમાં. ખોટા કાચના કટકા હતા. માનતો હતો રત્ન. બેટા દુકાને બેસ. તને આજીવિકા જોઈએ છેને. મહિને પચાસ પહેલા તો બહુ થોડા પૈસા હતાને. લઈ જજે. બે વર્ષ થયા. ભાઈ! ઓલા રત્ન છેને એ લાવ હવે આપણે વેચીએ. એના કાકાએ કહ્યું. એ તો પરીક્ષાબાજ થઈ ગયો. જ્યાં રત્ન જોયા. અરે..! કાકાને કાંઈ ખબર નથી? આ તો કાચના કટકા છે. ખોટા રત્ન છે એમાં રત્ન ક્યાંથી માન્યા કાકાએ? સુકનચંદજી! આવ્યો કાકા પાસે. કાકા આ શું? ભાઈ! એ વખતે તને કાચના કટકા કહેત તો તને દુઃખ થાત. તને પરીક્ષા થઈ તો તને ખબર પડી કે આ તો ખોટા છે. સમજાણું કાંઈ? એમ મિથ્યાશ્રદ્ધા, મિથ્યજ્ઞાન, મિથ્યારાગ આદિમાં ધર્મ માનવો એ મિથ્યારત્નત્રય છે. અહીં તો સ્વ-આશ્રય વિનાની મિથ્યાત્વ... પોતાનો ભગવાન નિજાનંદ પ્રભુ એની

શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સિવાય વિપરીત રાગાદિ ભાવમાં મોક્ષમાર્ગ માનવો એ બધું મિથ્યા શ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે.

**'આને પણ (નિરવશેષપણે) છોડીને,...'** સમજાણું કાંઈ? પછી કોનો આદર કરવો એ વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૩, સોમવાર, તા.૨૩-૦૫-૧૯૬૬
## ગાથા-૯૧, કળશ-૧૨૨, પ્રવચન-૭૧

નિશ્ચયપ્રતિક્રમણ અર્થાત્ ચારિત્રનો પેટા ભેદ. ચારિત્ર એ મુક્તિનું ખરેખર કારણ છે. એ ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ચારિત્ર હોય નહિ. તો સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રની શું સ્થિતિ છે એ અહીં યથાર્થમાં કહે છે. જુઓ, અહીંયાં ફરીને લઈએ થોડું.

**'ભગવાન અર્હત પરમેશ્વરના માર્ગથી...'** સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એનો માર્ગ વીતરાગ માર્ગ છે એ તો. તેનાથી **'પ્રતિકૂળ માર્ગાભાસમાં...'** પરમેશ્વર સર્વજ્ઞદેવ એણે જે માર્ગ કહ્યો એનાથી વિરૂદ્ધ જેટલા જગતમાં પંથ વર્તે છે એ બધો માર્ગ નથી, પણ માર્ગ જેવો કહેવામાં આવે છે. માર્ગાભાસ-માર્ગ નહિ પણ માર્ગ જેવો આભાસ. એ **'માર્ગનું શ્રદ્ધાન તે મિથ્યાદર્શન છે,...'** સમજાણું કાંઈ? **'તેમાં જ કહેલી અવસ્તુમાં વસ્તુબુદ્ધિ તે મિથ્યાજ્ઞાન છે...'** વાસ્તવિક તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા, નવ તત્ત્વ, છ દ્રવ્ય જેવા સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે કહ્યું એ ચીજ સિવાય બીજા કોઈ પોતાની કલ્પનાથી કહે એ અવસ્તુમાં વસ્તુ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો એમ કહે છે કે તારો આત્મા પરમાનંદ ચૈતન્યજ્યોત છે, અનંતગુણનો પિંડ છે, અનંતગુણ છે અને એમાં એક-એક ગુણમાં અનંતી-અનંતી તાકાત છે અને એક-એક ગુણની અનંતી અવસ્થા છે. એવી વસ્તુ કહે એ વસ્તુનું યથાર્થ શ્રદ્ધાન (અને) એનાથી વિરૂદ્ધ કહે એ અવસ્તુમાં વસ્તુ છે. સમજાણું કાંઈ?

'વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે આનંદઘન મત સંગી' એવું આવે છે. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્યલિંગી.' એ આનંદઘનજી કહે છે ..માં. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા તો દ્રવ્યલિંગી.' જેને આત્મા રાગરહિત શુદ્ધ ચિદાનંદનો અનુભવ દૃષ્ટિમાં થયો એ આત્મજ્ઞાની એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા. એ 'આતમજ્ઞાની શ્રમણ કહાવે બીજા દ્રવ્યલિંગી.' શ્વેતાંબરમાં એ કહે

છે લ્યો. બીજાને દ્રવ્યલિંગી. આવે છેને, ચેતનજી! 'વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે આનંદઘન મત સંગી.' સર્વજ્ઞ પરમેશ્વરે જેવી વસ્તુ આત્મા પવિત્ર પુણ્ય-પાપનો ભાવ આસ્રવ-બંધ શરીરાદિ અજીવ સ્વતંત્ર. સમજાણું કાંઈ? એવી ભગવાને કહી એનાથી અવસ્તુ કહે કે કર્મથી આત્મામાં વિકાર થાય તો અવસ્તુ થઈ. કર્મ અજીવતત્ત્વ છે અને વિકાર આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વમાં ભિન્ન તત્ત્વ રહ્યું. તો કર્મ જડ છે એનાથી આસ્રવ થયો તો બે તત્ત્વ એક થયા તો અવસ્તુ થઈ. સમજાણું કાંઈ? અને શુભરાગ છે એ આસ્રવ છે અને એનાથી આત્માનો આશ્રય લઈ શકે છે તો પરાશ્રયથી સ્વ-આશ્રય થાય એ અવસ્તુ થઈ. સમજાણું કાંઈ? શુભરાગ છે એ પુણ્ય છે અને શુભરાગ છે એનો વિષય પર છે, આશ્રય પર છે. તો એ આશ્રય પર છે એવું આસ્રવતત્ત્વ એનાથી પોતાના સ્વાશ્રયથી સંવર-નિર્જરા તત્ત્વ એનાથી થાય (તો) એ અવસ્તુ થઈ. સમજાણું કાંઈ?

**'અવસ્તુમાં વસ્તુબુદ્ધિ...'** સર્વજ્ઞ સિવાય એવા અજ્ઞાનીઓએ એવી ચીજ કોઈ (કહી) હોય એમાં વસ્તુબુદ્ધિ મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? **'અને તે માર્ગનું આચરણ તે મિથ્યાચારિત્ર છે;...'** સર્વજ્ઞ સિવાય જેટલા માર્ગનું આચરણ અજ્ઞાનીએ તપ, વ્રતાદિ નામ લીધા હોય અને એનું આચારણ કરે તે મિથ્યાચારિત્ર છે. **'આ ત્રણેને નિરવશેષપણે છોડીને.'** અંશ પણ એમાં રાખવો નથી. સમજાણું કાંઈ? એ સાતમા અધ્યાયમાં પહેલા આવ્યુંને? તમારે આવી ગયું શરૂઆતમાં લીધું કે નહિ? મિથ્યાત્વનો શેષ અંશ પણ મહા.. પહેલું આવી ગયું છે. ૨૦૦ પાને આવ્યું હતું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મિથ્યાત્વ વેરીનો સૂક્ષ્મ અંશ પણ (રહેવો ન જોઈએ)!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સૂક્ષ્મ અંશ પણ (મિથ્યાત્વ છે). જિનાજ્ઞા નિશ્ચય અને વ્યવહાર સમજ્યા વિના નિશ્ચયમાં વ્યવહાર અને વ્યવહારમાં નિશ્ચય ખતવે છે એ સૂક્ષ્મ મિથ્યાત્વ છે, જૈન સંપ્રદાયમાં રહેવા છતાં. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'આ ત્રણેને નિરવશેષપણે છોડીને,...'** એક વાત. **'અથવા નિજ આત્માના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ એને આશ્રયે ઉત્પન્ન થનારું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ સ્થિરતા એનાથી **'વિમુખપણું તે જ મિથ્યાદર્શન...'** છે. રાગાદિ કણમાં સમ્યગ્દર્શન માનવું, રાગાદિ ભાગમાં એના જ્ઞાનમાં જ્ઞાન માનવું અને રાગમાં ચારિત્ર માનવું એ બધું **'મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક (મિથ્યા) રત્નત્રય છે...'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ સ્વ-આશ્રયથી, સ્વ-આશ્રયથી ઉત્પન્ન થનારો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનાથી વિમુખ પરાશ્રયથી ઉત્પન્ન થતો રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. સમજાણું કાંઈ? એમાં સાચું સમ્યગ્દર્શન માનવું. જુઓ, તે **'(મિથ્યા) રત્નત્રય છે...'** એમ કહે છે. એ વ્યવહારરત્નત્રય ખરેખર મિથ્યા અસત્ રત્નત્રય છે.

**શ્રોતા :-** નિશ્ચય નથી માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય યથાર્થ નથી માટે. ઇ પોતે યથાર્થ નથી માટે. સમજાણું કાંઈ? નિશ્ચય હોય તોપણ વ્યવહાર છે એ અસત્ રત્નત્રય છે. વ્યવહારરત્નત્રય કહો કે અસત્ રત્નત્રય કહો, કેમકે મોક્ષનો માર્ગ તો સ્વાશ્રય છે અને બહાર વ્યવહારરત્નત્રય પરાશ્રય બંધનું કારણ છે. આહા..હા..! પહેલી તો એ ભૂલ થાય છે કે પહેલા વ્યવહાર. તો એનો અર્થ શું? કે પરાશ્રય પહેલા કરે પછી સ્વ આશ્રય થાય. શેઠ! સુકનચંદજી પણ સાચી વાત કરવા લાગ્યા હવે. બરાબર છે. ભગવાન આત્મા અનંત શાંતરસ આનંદનો પિંડ એનો આશ્રય કરતા એને પહેલા પરનો આશ્રય કરવો પડે. પરનો આશ્રય કરે પછી સ્વ-આશ્રય. કારણ કે પરનું લક્ષ કરે પછી સ્વલક્ષ થાય. (એ ભ્રમ છે)!

**શ્રોતા :-** પરનો આશ્રય તો અનાદિનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ શું? સમજાણું કાંઈ? મોટો ભ્રમ પડ્યો છે કહે છે. એ મિથ્યા છે એમાં માને છે કે મારો રાગ મંદ એનાથી અમારું સ્વ-આશ્રય તત્ત્વ પ્રગટશે એ પરાશ્રય દૃષ્ટિમાં લાભ માનનારી દૃષ્ટિ જ મિથ્યા છે. એ રત્નત્રય-સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય વિના એ ત્રણને અહીંયાં મિથ્યારત્નત્ર કહ્યા છે.

**શ્રોતા :-** રત્ન કહેવા અને કિંમત કાંઈ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રતન એટલે પથરા. રત્નત્રયનું ફળ છે બંધન. સમજાણું કાંઈ? ખોટા રત્ન ચલાવે તો શું કરે સરકાર? હાથકડી બાંધે કે નહિ? કિંમત ખરી.

**શ્રોતા :-** એને રત્ન કેમ કીધા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટા છે પણ ખોટા રત્ન છેને? ખોટું રત્ન. રૂપિયો ખોટો ચલાવે .. દે શાહુકારને જડી દે અહીંયાં (જમીનમાં).

**શ્રોતા :-** એ પણ .. રૂપિયો કેમ કીધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ રૂપિયો કહે. કહેવામાં તો આવેને. શું કરે? ખોટો પણ રૂપિયો તો કહેવાયને. શું કહે એને? એને પથરો કહે? જડી દે ત્યાં. એ શાહુકાર છેને. પોતાના મકાનમાં શું કહેવાય મોઢા આગળ? ઉંબરો કહે છેને લાકડાનો. ડેલી. ડેલી. ન ચાલે. શાહુકાર ચાલવા ન દે. ચોડી દે ત્યાં. અને સરકારને ખબર પડે કે આ ખોટો રૂપિયો ચલાવે છે તો દંડ કરે. ફેંકી દે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા જુઓ, '**નિજ આત્માના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનના રૂપથી વિમુખપણું...**' પોતાનું સ્વ-આશ્રય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી વિમુખ પરમુખથી થનારો રાગાદિ એમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર માનવું એ મિથ્યારત્નત્રય છે. સમજાણું કાંઈ? એ તો નિશ્ચયસહિત હોય તોપણ અસત્યરત્નત્રય છે, ભાઈ! એય..! '**ववहारोऽभूदत्थो**' અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો કે જૂઠો કહો. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ નિર્મળાનંદ એનો અંતર આશ્રય કરીને, સ્વ આશ્રય કરીને દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સત્ય રત્નત્રય છે. સત્ય રત્નત્રય કહો કે

નિશ્ચયરત્નત્રય કહો કે યથાર્થ રત્નત્રય કહો. એનાથી વિરૂદ્ધ છે એ અસત્ રત્નત્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી તો વાત કહી પણ એનાથી વિરૂદ્ધ પરાશ્રયનો જેટલો ભાવ મોટી ગડબડ કરી દીધી. ઓહો..હો..! શાસ્ત્રમાં જરી આવ્યું સાધ્યસાધનભાવ. ત્યાં લાગી ગયો, પણ એ તો વ્યવહારે સાધન કહ્યું છે. એ તો નિશ્ચય આશ્રય કરે તો એને વ્યવહારે સાધનનો આરોપ દે છે. નિમિત્ત છે. નૈમિત્તિક પ્રગટ કરે તો એને નિમિત્ત કહેવામાં આવે છે.

જુઓ, ટીકા. પાઠમાંથી લીધું છેને '**मिच्छादंसणणाणचरित्तं चइऊण णिरवसेसेण।**' એવું મિથ્યાદર્શન, વ્યવહારરત્નત્રય એ જ ખરેખર તો મિથ્યાશ્રદ્ધા છે. એ કોઈ રાગની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે? રાગ એ કોઈ સમ્યગ્દર્શન છે? એને સમ્યગ્દર્શન માનવું, શાસ્ત્રનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી એને સમ્યગ્જ્ઞાન માનવું અને પંચમહાવ્રતાદિના પરિણામ ચારિત્ર નથી એને સમ્યક્ ચારિત્ર માનવું--મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણો માર્ગ છે. સત્ય રત્નત્રયથી ઉલટો અસત્યરત્નત્રય છે. એ પણ એને છોડીને ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ જેનું.. જુઓ, છોડીને આવ્યું અહીં તો ભાઈ! વ્યવહારને છોડીને. પણ એનો અર્થ શું? એ તો સમયસારમાં કહ્યુંને. એ તો મોટી ચર્ચા થઈ હતી શ્વેતાંબર સાથે યશોવિજય. યશોવિજય એ તો ચૌદમે કથનમાત્ર પણ ઓલા તેરમાં આવ્યું કે આ કર્મચક્ર. પહેલા તું વ્યવહાર કહે છે વ્યવહાર મૂઢ છે. સમજાણું કાંઈ? ૪૧૩ ગાથા સમયસાર. તમે કહો છો કે પહેલા વ્યવહાર રાગ મંદ... રાગ મંદ... રાગ મંદ... રાગ મંદ... પણ એ તો વ્યવહાર મૂઢ છે, એમ સમયસારમાં છે. ૪૧૩ ગાથા છેને. સમજાણું કાંઈ? વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ, અનાદિરૂઢ એવા ત્રણ બોલ આવ્યા છે. આહા..હા..!

જુઓ, '**જેઓ, ખરેકર હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (શ્રાવક) છું...**' જુઓ, શ્રાવક પણ નામ લીધું. '**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' દ્રવ્યલિંગ વિકલ્પ આદિ અને દેહની ક્રિયા '**અહંકાર કરે છે,...**' કે હું શ્રમણ છું, હું સાધુ છું. અમારે વ્રત છે, ભક્તિ છે, પૂજા છે. એવો ભાવ છેને. '**તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' એ તો રાગની મંદતાની ક્રિયા તો વ્યવહારમૂઢ છે. અંતર આશ્રય કર્યા વિના એને વ્યવહારનો આરોપ પણ દેવામાં આવતો નથી. એ તો વ્યવહારમૂઢ લીધું. ૪૧૩ ગાથા છે. સમજાણું કાંઈ? બહુ ચર્ચા થઈ હતી ઘણા વર્ષ પહેલા.

**શ્રોતા** :- એ બધી ગાથા સાથે મેળ ખાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધાની સાથે મેળ ખાય છે. હા, બે લિંગ કહ્યા એ? એકલી બારમી.. એકલી બારમી.. એની સાથે મેળ ખાય છે. એ તો જાણેલો પ્રયોજનવાન કહ્યું. એને તો પોતાના સ્વરૂપનો અનુભવ થયો સમ્યક્ ચૈતન્યમૂર્તિ, પછી ભેદ, રાગ અને શુદ્ધતાનો અંશ વધે છે એને જાણવું એનું નામ વ્યવહારનય છે. સમજાણું કાંઈ? વ્યવહારનય યથાકાળે એ કાળે જાણેલો

પ્રયોજનવાન છે, એવો પાઠ છે. '**यदात्वे**' એ સમયે ભગવાન આત્મા પોતાની નિર્વિકલ્પ શ્રદ્ધા, આનંદની દૃષ્ટિ થઈ ત્યારે પર્યાયમાં મંદતા છે, અશુદ્ધતા છે અને શુદ્ધતાનો અંશ વધે છે એને ભેદ તરીકે જાણવું એનું નામ વ્યવહારનય છે. સમજાણું કાંઈ? આદરણીય છે નહિ.

**શ્રોતા** :- જાણેલો પ્રયોજનવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જાણેલો પ્રયોજનવાન, તે પણ તે તે કાળે. કેમકે સમય-સમયમાં પર્યાયમાં શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ઘટે છે તો એવું જ્ઞાન કરવું એનું નામ જાણેલો પ્રયોજનવાન છે. અરે..! એનો પણ અર્થ ઉંધો કર્યો છે. શુદ્ધો શુદ્ધાદેશ.. આવ્યું હતું. એ તો વ્યવહાર પહેલો કહે, પછી નિશ્ચય થાય સાતમે. ઓલામાં સાતમે નાખ્યું છે હોં. ઓલામાં પહેલામાં લખ્યું હતું ચોથું, ચોથેથી સાતમા સુધી શુભ છે. વળી એમાં પાછળથી સાતમામાં નાખ્યું પરસ્પર વિરૂદ્ધ છે એમાં ને એમાં. આહા..હા..! પહેલા સાતમામાં નાખ્યું પાછું. પહેલા ના પાડી હતી. ચોથેથી સાત સુધી શુભ છે એમ લખ્યું છે. ક્યાંય ઠેકાણું ન મળે. ભાઈ! પહેલા સ્વતત્ત્વની જાગૃતિ થયા વિના રાગની મંદતા વ્યવહારને વ્યવહાર જાણે કોણ? વ્યવહાર તો આંધળો છે. રાગની મંદતા આદિનો ભાવ વ્યવહારરત્નત્રય તો વિકલ્પ શુભોપયોગ રાગ છે, એ આંધળો છે, રાગ છે. ચૈતન્ય છે એમાં?

ભગવાન આત્મા જ્ઞાયક થઈને જાણ્યું તો રાગને જાણ્યો બસ એટલું કહેવું છે. સમજાણું કાંઈ? જો ભેદને ન જાણે તોપણ એની દશામાં જ્ઞાન વિપરીત છે અને અભેદ તત્ત્વનો આશ્રય ન લે તો તત્ત્વનો નાશ થાય છે. .. એ એનો અર્થ છે. વ્યવહાર નિશ્ચય... તત્ત્વનું અભેદસ્વરૂપ ભગવાન આત્મા એકરૂપનો આશ્રય કર્યા વિના તત્ત્વની દૃષ્ટિ થતી નથી. અને ભેદ છે, ગુણસ્થાનભેદ છે એમ ન માને તો તીર્થ જ નહિ રહે--ચોથે, પાંચમા, છઠ્ઠા ભૂમિકાની દશા જ રહેતી નથી. જાણવું હોં એ તીર્થનો અર્થ એવો નથી કે એના આશ્રયે લાભ થાય.

**શ્રોતા** :- .. પહેલામાં તીર્થ આવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પહેલામાં તીર્થ કે દિ' ધૂળમાં આવે? મિથ્યાદૃષ્ટિને તીર્થ કેવું? અહીં એ તો ચાલે છે જુઓ, '**અનાદિરૂડ વ્યવહારમાં મૂઢ...**' જેની કષાયની મંદતાના શુભ ઉપયોગમાં જે ઉભો છે અને એને વ્યવહાર માને છે એ તો મૂઢ જીવ છે એમ કહે છે, એ તો અનાદિરૂઢ છે. અનાદિનું ચાલ્યું આવે છે મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... અનાદિથી ચાલ્યું આવે છે. એમાં વ્યવહાર ક્યાંથી લાવ્યો તું?

**શ્રોતા** :- અનંતવાર અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! અગિયાર અંગ, નવ પૂર્વ અને ચામડા ઉતરડીને ખાર છાંટે ક્ષમા.. ક્ષમા.. પરલક્ષી ક્ષમા અનંતવાર કરી. સ્વ-આશ્રય તત્ત્વના ભાન વિના એના જન્મ-મરણનો અંત આવતો નથી.

'**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર...**' જુઓ, ભાષા કેવી લીધી છે? પ્રૌઢ ભેદજ્ઞાન, પ્રૌઢ વિવેક

પાછી બે ભાષા છે. પ્રૌઢ અને વિવેક. એ વિકલ્પ છે એનાથી ભિન્ન, ભિન્ન વિવેક એટલે ભિન્ન અખંડાનંદ પ્રભુ હું છું. **'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ...'** પોતાનો શુદ્ધ ભગવાન આત્મા એના પરમસત્ય ઉપર આરૂઢ નથી થયો અને એકલા રાગમાં મૂઢ થઈને અનાદિરૂઢમાં વર્તે છે એ તો અનાદિ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અનાદિની પક્કડને નથી છોડતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પક્કડ તો અનાદિની છે. મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... અનાદિનું છે. એમાં તું આ વ્યવહાર ક્યાંથી લાવ્યો? એનો આશ્રય છોડીને નિશ્ચયમાં આરૂઢ થયો તો વ્યવહારમૂઢ છૂટીને વ્યવહારનો જ્ઞાતા થયો. સમજાણું કાંઈ? આહા..હા..! વજુભાઈ!

**'પરમાર્થ સત્ય ભગવાન સમયસારને દેખતા...'** પરમાર્થ સત્ય. એ વિકલ્પ અસત્ય છે. સ્વરૂપની અપેક્ષાએ અસત્ય છે, મિથ્યા છે, જૂઠું છે, અવસ્તુ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય છોડીને પરમાર્થ સત્ય ભગવાન એનો આશ્રય કરીને દેખે-અનુભવે છે એ જ મોક્ષમાર્ગી છે. આ પરમાર્થને અનુભવતો નથી. વ્યવહારમાં ડૂબી ગયો. રાગની મંદતાની ક્રિયામાં તો ડૂબી ગયો. એમાં ભગવાન આત્મા તો આવ્યો નથી. આહા..હા..! પરમાર્થથી દૂર રહ્યો. સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો વીતરાગ છે. એ રાગથી પમાય એવો નથી. વીતરાગી ભગવાન આત્મા એનાથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આત્મા જ વીતરાગી ભગવાન સ્વરૂપે છે. એના આશ્રયથી પરમસત્યની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, **'ત્રિકાળ-નિરાવરણ...'** જુઓ, આ છોડીને વ્યવહાર વિકલ્પને છોડીને. જુઓ, ભગવાન આત્મા ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... નિરાવરણ વસ્તુસ્વરૂપ **'નિત્ય આનંદ...'** જુઓ, કાયમી આનંદસ્વરૂપ છે. અસલી સ્વભાવ જેનો કાયમી શાશ્વત આનંદસ્વરૂપ છે **'જેનું એક લક્ષણ છે એવો,...'** જુઓ, **'નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...'** નિત્યાનંદ કાયમી આનંદ, ધ્રુવ આનંદ, અભેદ આનંદ, એકરૂપ આનંદ. આહા..હા..! એ જ એક લક્ષણ એનું છે. વ્યવહાર-ફ્યવહાર વિકલ્પ એનું લક્ષણ નથી. લક્ષણ હોય તો લક્ષણથી લક્ષ પ્રાપ્ત થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? કષાયની મંદતા આદિ જે વ્યવહાર છે એ વ્યવહાર એનું લક્ષણ નથી. એનું લક્ષણ એ છે નિત્યાનંદ ત્રિકાળ નિરાવરણ એનું લક્ષણ છે. એ લક્ષણથી લક્ષ કરીને **'એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા...'** જુઓ, આહા..હા..! **'ત્રિકાળ-નિરાવરણ...'** વસ્તુને આવરણ કેવું? વસ્તુ-વસ્તુને આવરણ કેવું? એક સમયની પર્યાય અને રાગ એમાં કર્મના નિમિત્તનો સંબંધ એ તો વ્યવહાર થયો. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે પદાર્થ અને નિત્યાનંદ છે. પાછું વળી નિરાવરણ તો કહ્યું. તો અસ્તિ શું છે એમાં? એ તો ત્રિકાળ નિરાવરણ કહ્યું. આવરણ વિના. વસ્તુ શું છે એ? નિત્યાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો ગઠ્ઠો છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? સુરણ ગાંઠ હોય છેને સુરણ ગાંઠ નથી હોતી? સુરણ. સુરણ નથી

કહેતા આ કુંદમૂળ? સુરણની એવી ગાંઠ હોય છે અધમણ-મણ-મણની. મોટું કંદમૂળ હોય છે. તળીને વૈષ્ણવ બહુ ખાય છે. એટલી-એટલી ગાંઠ નથી હોતી સુરણકંદ, સુરણકંદ આવે છે ભેલી જેવો. એકલો રસ પડ્યો છે. જ્યાં છરી મારો ત્યાં એકલો રસ... રસ... રસ... રસ... ભર્યો છે. એમ ભગવાન નિત્ય આનંદની ભેલી છે. ભેલી સમજો છો? ગોળની ભેલી. હા. આ ... આવે છેને મોટી એવી ગોળની ભેલી આવે છે. એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે ભિન્ન, અતીન્દ્રિય આનંદની ભેલી. આહા..હા..! આનંદથી લીધું જુઓ, જ્ઞાનથી ન લીધું.

**'ત્રિકાળ નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો,...'** ભગવાન આત્મા **'નિરંજન...'** જેને અંજન નથી. **'નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...'** નિજ પરમસ્વભાવભાવસ્વરૂપ, **'નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...'** જુઓ, ઉદય, બધો ક્ષયોપશમ કાઢી નાખ્યો. ઉદયભાવ નહિ, ઉપશમ, ક્ષયોપશમ આદિ નહિ. ભગવાન એકરૂપ ત્રિકાળ એવા નિજ પરમપારિણામિકસ્વભાવભાવ. પરિણામ એટલે સ્વભાવભાવસ્વરૂપ **'કારણપરમાત્મા...'** એ કારણ પ્રભુ ભગવાન પોતાનું નિજસ્વરૂપ **'તે આત્મા છે;...'** પર્યાય પણ કાઢી નાખી. એ તો ક્ષાયિક પર્યાય છે. આ તો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી. ક્ષાયિક તો પર્યાય છે, ઉપશમ પર્યાય છે, ક્ષાયિક પર્યાય છે ચાર નહિ. આહા..હા..! ભારે માણસને.

**શ્રોતા :-** નિરંજન એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંજન નહિ, રાગ નહિ, મેલ નહિ, ભાવકર્મ નહિ. સમજાણું કાંઈ?

એવો **'કારણપરમાત્મા તે આત્મા છે;...'** તેને અહીં આત્મા કહે છે. શરીર તો દૂર રહ્યું. વિકલ્પ, પુણ્ય-પાપ તો દૂર રહ્યા, એક સમયની વિકાસની અવસ્થા પણ આત્મા નથી. એ પણ વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા નહિ. આહા..હા..! ભગવાન ચૈતન્યબિંબ ત્રિકાળ અનંતગુણ રાશિનું એકરૂપ પરમસ્વભાવભાવ જેનું સ્વરૂપ કારણપરમાત્મા **'તે આત્મા છે; તેના સ્વરૂપના શ્રદ્ધાન...'** જુઓ, એના સ્વરૂપનું શ્રદ્ધાન. અંતરમાં નિર્વિકલ્પદૃષ્ટિ એ મોક્ષમાર્ગ છે, એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? **'તેના સ્વરૂપનું જ્ઞાન...'** ત્રણે લઈ લેવા સાથે. એવું નિરંજન નિજ કારણપરમસ્વરૂપ ભગવાન એકરૂપ અભેદ વસ્તુ એની અંતર્મુખ થઈને, અંતર્મુખ થઈને એની શ્રદ્ધા, એનું સ્વરૂપ કારણપરમાત્મા આત્મા તેનું જ્ઞાન, તેનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન નહિ, પરજ્ઞાન નહિ, પર્યાયનું જ્ઞાન નહિ, ગુણગુણીના ભેદનું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? ભગવાન નિરંજન ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ જેનું એક લક્ષણ એવા સ્વરૂપનું જ્ઞાન, એવા સ્વરૂપનું જ્ઞાન. સમજાણું કાંઈ?

શ્રીમદે પહેલા કડીમાં એ લીધુંને આત્મસિદ્ધિમાં. આવડે છે? આત્મસિદ્ધિનો પહેલો શ્લોક નથી આવડતો? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' છેને આ આત્મસિદ્ધિ ૧૪૨ શ્લોક. બહુ ચાલ્યા છે આપણે. ત્રણ હજાર પુસ્તક, એના ઉપર વ્યાખ્યાન થઈ ગયા. ૯૫ની સાલ. ૯૫ની સાલ ૨૭ વર્ષ થયા. બધાનું વ્યાખ્યાન થયું છે .. પાના. એવા ત્રણ હજાર (પુસ્તક) ખલાસ થઈ

ગયા. પહેલી એક ગાથામાં એમ લીધું. ૨૯ વર્ષની ઉંમર. 'જે સ્વરૂપ સમજ્યા વિના...' આ સ્વરૂપ આ. આ સ્વરૂપ. નિજકારણપરમાત્મા ત્રિકાળ શુદ્ધ વસ્તુ. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રીસદ્‌ગુરુ ભગવંત. સમજાવ્યું તે પદ નમું શ્રીસદ્‌ગુરુ ભગવંત.' પોતે પણ સદ્‌ગુરુ ભગવાન છે. સમજાણું કાંઈ? એ ત્યાં વ્યવહાર વિનય કર્યો છે પહેલો, બાકી ત્યાં એ પણ લીધું છે. 'સમજાવ્યું તે પદ નમું...' એ પદમાં હું નમું. ઓહો..હો..! સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પ્રભુ નિર્વિકલ્પ નિત્યાનંદ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એમાં હું ઢળું છું, વળું છું, આદર કરું છું એનું નામ પોતાનો વિનય છે. જ્ઞાનીનો વિનય કરવો એ આવ્યા વિના રહેતો નથી. એ શુભરાગ છે. વિનય આવે છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી રાગ આવે છે. સ્ત્રી, કુટુંબનો કેમ આદર કરે છો? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજાવ્યું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમજાવ્યું અને સમજાયું બેય અર્થ એમાં એવો છે. એય..! નિહાલભાઈ! એમાં સમજાવ્યું લખ્યું છે. વ્યવહારથી લખ્યું છેને. વિનયથી ભક્તિ કરીને ઉપાડી છેને સ્તુતિ? સમજાણું કાંઈ? સમજાવ્યું પણ શું સમજાવ્યું? એ સ્વરૂપ શુદ્ધ છે એ સમજાવ્યું એટલે ઇ સમજ્યો ત્યારે સમજાવ્યું એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે લખ્યું છે હોં એક ઠેકાણે. ૨૯.. આત્મા પોતે જ સદ્‌ગુરુ છે એમ લખ્યું છે. શ્રીમદે લખ્યું છે. આત્મા જ પોતે સદ્‌ગુરુ છે. સત્‌ગુરુ સત્‌ પરમેશ્વર જુઓ, **'ત્રિકાળ નિરાવરણ, નિત્યાનંદ જેનું એક લક્ષણ છે એવો,...'** નિજ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ જ પોતાનો કારણપરમાત્મા એ જ ગુરુ અને પોતાના દેવ છે. **'તેના સ્વરૂપનું શ્રદ્ધાન,...'** તેના સ્વરૂપનું **'જ્ઞાન...'** જુઓ, આ શાસ્ત્રજ્ઞાન ને ભેદજ્ઞાન ને રાગનું જ્ઞાન એને જ્ઞાન જ કહેતા નથી. ભેદજ્ઞાન એટલે શું? ગુણગુણીનું જ્ઞાન કરવું એ પણ નહિ. અભેદ ચિદાનંદ સ્વરૂપનું જ્ઞાન. ઓહો..હો..! અને તેના સ્વરૂપનું આચરણ. આ ચારિત્ર. ભગવાન નિત્યાનંદ પ્રભુ નિરાવરણ વસ્તુ ત્રિકાળ એની અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાનપૂર્વ રમવું, જમવું, લીન થવું. અનુષ્ઠાન નામ અંતરમાં એકાગ્રતા થવી એ આચરણ એ ચારિત્ર છે. ઓહો..હો..! અહીં તો શબ્દ લીધો જુઓ, આચરણ. સમજાણું કાંઈ?

**'તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે;...'** એ ખરેખર સાચું. ઓલું જૂઠું કહ્યું હતુંને માથે? આ ખરેખર નિશ્ચય નામ સાચું રત્નત્રયસ્વરૂપ છે. એનું નામ પ્રતિક્રમણ ખરેખર છે. અને એનું નામ નિશ્ચયચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્ર મુનિને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિપણું કોને કહે છે લોકોએ સાંભળ્યું નથી. ઓહો..! મુનિપદને ગણધર નમસ્કાર કરે. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વમાં અંતર્મુહૂર્તમાં જેને પ્રાપ્ત થાય છે એવા ગણધર ભગવાનની વાણી સાંભળીને જ્યારે બાર અંગની રચના કરે છે એમાં નમો લોએ સવ્વ અરિહંતાણં. 'લોએ સવ્વ' તો સાહુણંમાં આવે છે, પણ લોએ બધામાં લઈ લેવું. સમજાણું કાંઈ? અંત્યદીપક છે.

નમો લોએ સવ્વસાહુણં છેને? એ 'લોએ સવ્વ' પહેલાથી લઈ લેવું. નમો લોએ સવ્વ અરિહંતાણં. વિકલ્પ ઉઠે છે. નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં. એ આઈરિયાણં આ વીતરાગી આચાર્ય હોં જૈનદર્શનના. લોકો કહે લ્યો આચાર્યને નમસ્કાર. ત્યાં ક્યાં નમો લોએ જિન આચાર્યને કીધા છે? કેટલાક એમ કહે છે. અરે..! સાંભળને આચાર્ય બીજો હોય નહિ! નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં અને નમો લોએ સવ્વ સાહુણં. એ સવ્વ સાહુણંનો કોઈ એવો અર્થ કરે છે કે એમાં ક્યાં જૈનના આચાર્ય કીધા? હવે એ જૈનના સર્વજ્ઞ અહીં તો કહ્યુંને. અન્યમાં કોઈ સાધુ હોય નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. મિથ્યાદૃષ્ટિ જેનો મત જ ખોટો છે એમાં સમ્યગ્દર્શન નથી તો સાધુ ક્યાંથી હોય? સમજાણું કાંઈ? ભલે નગ્ન જંગલમાં ફરે એવા ઘણા વેદાંતિ આદિ બાવા ઘણા છે. મિથ્યાદૃષ્ટિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે બધા.

આ તો વીતરાગ સંત, મુનિ જેને અંતરદૃષ્ટિ, જ્ઞાનપૂર્વક રમણતા થઈ. ગણધરદેવ કહે છે નમો લોએ સવ્વસાહુણં. હે સંત! તારા ચરણમાં મારા નમસ્કાર. આહા..હા..! ...ચંદજી! પાંચ નમસ્કાર આવે છેકે નહિ? પાંચ છે કે નહિ? ગણધર પણ ભગવાન પાસે બિરાજે છે. અત્યારે સીમંધર ભગવાન પાસે. સમજાણું કાંઈ? ગણધરદેવ બિરાજે છે. જેમ ભગવાન પાસે ગૌતમ હતા એમ સીમંધર ભગવાન પાસે શંભુસ્વામી ગણધરદેવ બિરાજે છે. સમજાણું કાંઈ? એ પણ જ્યારે એમ કહે નમો લોએ સવ્વસાહુણં. ઓહો..! જે સાધુ પોતાના ત્રિકાળ નિરાવરણ પ્રભુ એના સ્વરૂપનું અંતર સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને આચરણ છે એના ચરણમાં મારા નમસ્કાર છે. જેને ગણધરના નમસ્કાર પહોંચે એવું ચારિત્ર અને મુનિપણું કેવું હોય, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

એવા '**આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રયસ્વરૂપ છે;...**' આહા..હા..! '**આમ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી...**' જુઓ, અહીં તો આનંદના અભિલાષીની વાત લીધી છે. આનંદથી શરૂ. આનંદનું કામ છેને તારે, આનંદની અભિલાષાનું શું કામ છે? સુખની ઇચ્છા છે કે નહિ? બધા કહે કે સુખની ઇચ્છા. મારે સુખ જોઈએ. કેટલા કાળ સુધી? સદા રહે એવું. સુખ જોઈએ પણ કેટલા કાળનું? કહે સદા રહે એવું? તો સદા રહે એવું સુખ ક્યાં છે? આત્મામાં છે. નિત્યાનંદ ભગવાન આનંદના જે અભિલાષી, સમ્યગ્દૃષ્ટિ આનંદનો અભિલાષી છે. આહા..હા..! રાગનો, પુણ્યનો, નિમિત્તનો, ભેદનો અભિલાષી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એક રોટલા માટે, રોટલી માટે ધર્મ છોડે. રોટલી માટે એમ કહેને, ભાઈ! આહા..હા..! હવે ખાવા ન દે લ્યો ભાઈ લ્યો હવે અમે સત્ય ધર્મ નહિ અંગીકાર કરીએ જાઓ. નહિ સાંભળવા જઈએ. આહા..હા..! અરરર..! શેરા માટે શ્રાવક. એ વળી બીજા છે. ઇ પહેલા ઓલા નીકળતા. એય..! તમારે સોનગઢનું નહિ સાંભળવું. કરો બંધ. નહિતર રોટલી નહિ દઈએ. એય..! ધન્નાલાલજી! થયું છે કે નહિ એવું? બહાર બેસો. બધા મંડળમાં નહિ, વૃત્તિધારીની સાથે નહિ.

તમારી દૃષ્ટિ ફરી ગઈ. લાવો ભાઈ! નહિતર અમે નહિ દઈએ. આહા..હા..! અરે..! ભગવાન! અહીંયાં તો પરમ આત્મા આનંદનો, સુખનો અભિલાષી જેને સ્વર્ગનું સુખ પણ જોઈએ નહિ. તો સ્વર્ગના સુખનું કારણ પુણ્ય પણ જેને જોઈતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ પરમાત્માના ભગત એને કહે છે.

પોતાનો પરમાત્મા ભગવાન પરમાત્મા જુઓ, **'ભગવાન પરમાત્મા...'** પોતાના મહિમાવંત પ્રભુ પરમ આત્મા, પરમ સ્વરૂપ પૂર્ણાનંદ અખંડ અભેદ એકાકાર એવા **'સુખનો અભિલાષી એવો જે પરમપુરુષાર્થપરાયણ...'** આહા..હા..! પુરુષાર્થ તો સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે, પાંચમા ગુણસ્થાને હોય છે. આ તો સાતમા ગુણસ્થાન આદિની વાત છે. પરમ પુરુષાર્થ પરાયણ. લીન નિર્વિકલ્પ આનંદમાં લીન થઈ ગયો. સમજાણું કાંઈ? અગ્નિમાં શરીર શેકી નાખે તો ખબર નથી. આનંદના અનુભવ આગળ નારકી સમકિતી એ બહારનું દુઃખ ભોગવે છે પણ અંદર સુખની ગટાગટી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ ચારિત્રવંત સંત, મહંત પોતાના સુખનો અભિલાષી એ પરમાત્માના સુખમાં પરાયણ. જુઓ, પરમતપોધન એને કહ્યું. **'પરમપુરુષાર્થપરાયણ...'** એ પરમપુરુષાર્થ શુદ્ધ ભગવાન આત્મામાં વીર્ય લગાવી દીધું છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એવો પરમાત્મા જોયો છે આત્મા એવો જ આત્મા અંદર દૃષ્ટિમાં લગાવીને પુરુષાર્થ પરાયણ થયો છે એ **'શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે,...'** એવા ધર્માત્મા, એવા મુનિ પરમેશ્વર પદમાં મળેલા પાંચ પરમેષ્ઠી છે કે નહિ? પંચ પરમેષ્ઠી છે કે નહિ? આહા..હા..! ભલે જરી રાગ છે અને બે કેવળજ્ઞાની છે અરિહંત અને સિદ્ધ, પણ છે પાંચેય પરમેષ્ઠી. વીતરાગમૂર્તિ પાંચેય છે. આહા..હા..!

કહે છે આ પંચમ કાળના મુનિ કહે છે જુઓ, ટીકાકાર. આજે તમે એની મેળે ના પાડે છે એમ કહે. એય..! શેઠ! ચાર દિ'માં કોઈ છે નહિ એમ કહે છે. નાથ! આમ છે, પ્રભુ! હજી તો સમ્યગ્દર્શન કોને કહીએ એની ખબર નથી તો સાધુપણું ક્યાંથી આવ્યું? અને જ્ઞાન ક્યાંથી આવ્યું? આહા..હા..! એ આનંદઘનજી કહે છે આનંદઘનજી. શ્વેતાંબરમાં થયાને 'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા મોહ .. કળીકાળ રાજે.' આ મોહમાં મિથ્યાત્વના મોહ કળિકાળના રાગમાં અજ્ઞાનીને 'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા તત્ત્વની વાત કરતા ન લાજે' તત્ત્વ શું છે એ આગ્રહમાં પડ્યા હોય આવું મારે અને આવું તારે.. તત્ત્વ તને ક્યાંથી આવ્યું? 'ઉદર ભરણા નિજ કાજ કરતા થકા...' પેટ ભરવા આદિ, આબરૂ મળવી, જગતમાં મોટા થવું, આચાર્ય પદ મળે. મોટા બે, પાંચ, પચાસ હજાર ખર્ચીને પદવી દે પછી આ ... મરી ગયો પણ હવે સાંભળતો ખરો ત્યાં ધૂળમાંય નથી. 'ઉદર ભરણાદિ નિજ કાજ કરતા તકા મોહ .. કળીકાળ રાજે.' કળીકાળમાં રાગ મિથ્યાત્વનું લાગી પડ્યું છે કહે. જ્યાં હો ત્યાં વિપરીત માન્યતાનું રાજ ચાલ્યું છે. એય..! હરિભાઈ! આહા..હા..! હવે હરિભાઈ એમાં

પડ્યા છે બહુ ઘણા વર્ષથી. માંડ માંડ હજી તો નીકળતા મુશ્કેલ પડે. બાયડી માને નહિ, ઓલી માને નહિ, છોકરા માને નહિ શું કરવું?

**શ્રોતા** :- છોકારનો આત્મા માને એટલે બસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવું ને આવું તમે તો આખી જિંદગી કાઢી એમ વળી કહે હળવે દઈને. ભ્રમણા જ કાઢી તમને તો કાંઈ ઠેકાણું જ પડ્યું નહિ તમારું. એય..! હરિભાઈ! રોટલા-બોટલા ખાતા હોય પુરણપોળી એમાંથી હળવેક દઈને બોલે, તમારું તો કાંઈ ઠેકાણું જ પડ્યું નહિ કાંઈ સરખું. હવે આ માટે.. અનાદિનો આપણે આ ધર્મ બાપ-દાદા કરતા હશે એ ખોટો હશે? આ કોક કહેતું હતું ખરું. આ બાપ-દાદ કરતા એ બધા ખોટા હતા? ભુંસાડિયા વાળ્યા અને તમે નીકળ્યા એક. એય..! વજુભાઈ! ભગવાન! બાપ-દાદાને ઘરે બાપ-દાદા રહ્યા. સત્ય શું છે એ સમજને, ભાઈ! કે બાપ-દાદા કોક મરીને નરકે ગયા. તો તારે શું છે? બાપ-દાદા એવી ટોપી-બોપી નહોતા પહેરતા હતા લ્યો. પહેરતા હતા? પાઘડી પહેરતા હતા. એ વિના ભાઈ આવી ટોપીમાં સારા નહોતા લાગતા. ઉઘાડે માથું સારું નહોતું લાગતું.

**શ્રોતા** :- આવા કોટ પણ ક્યાં હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવા કોટ પણ ક્યાં? એ તો .. આમ .. લગાવે ને સાધારણ પહેરતા હતા. આ વીંછીયામાં છેને કણબી. નથી આ કણબી. .. દીક્ષા થઈને શરીરની. સામે ફોટો છેને એમાં. ઉમરાળામાં દીક્ષા. તો એકલા કણબી ફેટા. ટોપી-બોપી નહિ. છોટાભાઈ છે એમાં ફેટાવાળા. તમે પણ છો એમાં. ઘણાય છે.

**શ્રોતા** :- એમાં તો પાઘડી પહેરીને જ જવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાઘડી જ હતી ત્યારે. તો આ બધાએ પાઘડી ફેરવી નાખી તો શું કરવા? અમારા બાપ-દાદા પહેરતા અને આ તે શું કર્યું? આહા..હા..! બાપ-દાદા ગરીબ હોય અને (તું) લખપતિ થઈ જાય તો ત્યારે તો વિચાર નહોતા કરતા કે એ ગરીબ હતા, રોટલી નહોતી મળતી, બાર મહિને માંડ બસ્સો, ત્રણસો પેદા કરતા હતા. તમે તો પાંચ-પાંચ લાખ પેદા કરો છો. એય..!

**શ્રોતા** :- પાંચ લાખનો ક્યાં હિસાબ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આ તો એક વાત સાધારણ આપી લ્યોને. આહા..હા..!

ભગવાન આત્મા પરમપુરુષાર્થ પરાયણ. અરે..! કહે છે કે ક્રમબદ્ધમાં આ ક્યાં આવ્યું વળી? અરે..! ક્રમબદ્ધ થાય છેને આ શું આવ્યું? સાંભળતો ખરો. એ ક્રમબદ્ધ થાય છે એની આત્માની દૃષ્ટિ આત્મા ઉપર જાય છે. આ કર્તા થઈ જાય છે, સ્વભાવના પુરુષાર્થમાં પરાયણ થઈ જાય છે. રાગ આવે છે એ જ્ઞાતા(નું જ્ઞેય થઈ જાય છે અને) પરનો કર્તા-ફર્તા હું છું નહિ. એનું નામ ક્રમબદ્ધનું ફળ છે. ક્રમબદ્ધનું અકર્તાપણું ફળ છે, ક્રમબદ્ધનું જ્ઞાતા-દૃષ્ટાપણું ફળ છે. એવી વાત

કરવી કે થશે... થશે... થશે... શું થશે? શેમાં? કે દ્રવ્યમાં. દ્રવ્ય કેવું છે ખબર છે તને? ચિદાનંદ ત્રિકાળ નિરાવરણ પરમાત્મા એના સુખનો અભિલાષી એવો પુરુષ એવા આત્માને ભાવે છે. જુઓ, '**શુદ્ધરત્નત્રયાત્મક આત્માને ભાવે છે,...**' એવા આત્માની ભાવના કરે છે. રાગની ભાવના નથી કરતા કે વ્યવહાર આવે તો ઠીક, વ્યવહાર આવે તો ઠીક, આમ હોય તો ઠીક. હોંશ કરે વ્યવહારની? રાગ આવે તો ઠીક હોં. નહિતર મારો નિશ્ચય, વ્યવહાર બેય નહિ રહે, પ્રમાણજ્ઞાન નહિ રહે. સમજાણું કાંઈ? વ્યવહાર કરવો, વિકલ્પ કરવો, પછી આમ કરવું... આમ કરવું... આમ કરવું... શું કરે? વ્યવહાર કરવાની ભાવના છે? કે શુદ્ધ ચૈતન્ય ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ભાવના છે?

'**તે પરમતપોધનને જ...**' એવા મહાસંત મુનિને જ. '**જ**' જુઓ, '**(શાસ્ત્રમાં) નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહ્યો છે.**' લ્યો, એને જ નિશ્ચયપ્રતિક્રમણ. આહા..હા..! અરે..! એકવાર તો એમ થયું હતું જંગલમાં હોં. જંગલમાં ગયા હતા. અરે..! એક મુનિ એવા આવો તો ખરા. ... શેઠ! એ જંગલમાં દીશાએ ગયા હતા એકલા હતા. પછી પોકાર કે અરે..! કોઈ એવા મુનિ દેખાડો તો ખરા, ક્યા મુનિ સાચા છે? એવા મુનિની ચેષ્ટા અંદર અનુભવની સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... સ્થિરતા... જામી ગઈ છે જેને. આહા..હા..! વીતરાગી બિંબ છે. અરે..! પંચમકાળમાં વિરહ પડી ગયા. સર્વજ્ઞ પરમાત્માનો તો વિરહ પડ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આચાર્ય એ પોતે તો પરમમુનિ છે. કોઈ કહે એ સ્વરૂપમાં છે. પરમતપોધન છે. આહા..હા..! ધન્ય અવતાર! જેની નગ્નદશા, જેને બાળકની જેમ જેની બ્રહ્મચર્ય દશા નિરાવરણ આત્મતત્ત્વ ઉપર ધ્યાન ગયું છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ જેને વિકલ્પ દુ:ખરૂપ લાગે છે. આહા..હા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદ એની આગળ એ વિકલ્પ, ભક્તિના પરિણામ આવે એ દુ:ખરૂપ લાગે છે. આવે, પણ દુ:ખરૂપ લાગે. આહા..હા..! એ દશા. એને પરમેશ્વર ચારિત્રપદ અને મુનિપદ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(હવે આ ૯૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-)'**

**(वसंततिलका)**

**त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे।।१२२।।**

આહા..હા..! આ મુનિ હતા હોં, આચાર્ય નહોતા. મૂળ શ્લોકના કર્તા કુંદકુંદાચાર્ય છે. ટીકા કરનાર પરમેષ્ઠીપદમાં મુનિ છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા. લખતા વખતે વિકલ્પ હતો છઠ્ઠું ગુણસ્થાન. એ ક્ષણમાં વિકલ્પ છૂટી જાય છે નિર્વિકલ્પ. એવી મુનિની દશા એક દિવસમાં

હજારોવાર આવે છે. સાતમું ગુણસ્થાન આનંદ અને ક્ષણમાં વિકલ્પ, ક્ષણમાં આનંદ, ક્ષણમાં વિકલ્પ એવી મુનિની દિશા એક દિવસમાં હજારોવાર. ઓહો..હો..! જે મુનિને એક સેકન્ડની નિદ્રા નથી હોતી. સમજાણું કાંઈ? જેની એવી દશા મુનિની છે. એક સેકન્ડની નિદ્રા નથી. સેકન્ડની અંદરમાં નિદ્રા જરી આવી જાય છે, પાછા જાગૃત થઈ જાય, પાછી આવે. મુનિપદ કોને કહીએ? સમજાણું કાંઈ?

એ કહે છે કે '**સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...**' જુઓ, આહા..હા..! આ વ્યવહારમાર્ગનો રત્નત્રય પણ છોડ, વિકલ્પ છે, અસત્ય છે, અસત્ય છે. આહા..હા..! આ તો 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' પુરુષાર્થહીન પાવૈયા જેવા કહે આમ આકરું લાગે કે અર..ર..! આ માર્ગ.. આ માર્ગ... આ માર્ગ... પાવૈયા સમજો છો? હીજડા-હીજડા. હીજડા નથી સમજતા? નપુસંક-નપુંસક. સમજાણું કાંઈ? નપુંસક કહ્યા છે શાસ્ત્રમાં. સમયસારમાં. શુભભાવને છોડીને આત્માની શ્રદ્ધા નથી કરતો અને શુભભાવમાં ધર્મ માને છે તો નપુંસક-પૈવાયો-હીજડો છે. સુકનચંદજી! અહીં ક્યાં મુનિને કાંઈ લેવું છે? ચંદા કરાવવા છે કે એને ઠીક પડે એમ કહેવું? આહા..હા..! ધન્ય-ધન્ય અવતાર, ભાઈ! ચારિત્રવંત મુનિ પરમેશ્વર થયા. એની શ્રદ્ધાના ઠેકાણા નથી.

**શ્રોતા :-** પોતપોતાની દુકાન લગાવીને બેઠા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુકાનદારી લગાવીને બેઠા છે. આહા..હા..! અહીં તો પરમેશ્વરની વાત છે, ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ સર્વજ્ઞે જેવું જોયું સાધુપદ આ એને અહીંયાં સાધુપદ કહેવામાં આવે છે.

'**સમસ્ત વિભાવને...**' ઓલા વ્યવહારરત્નત્રય વિકલ્પ તો ઠીક પણ બીજા પણ વ્યવહાર હોય અશુભ આદિ. સમજાણું કાંઈ? સમસ્ત વિભાવ લીધુંને? અશુભ આદિ છોડી '**તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...**' લે. આહા..હા..! સમસ્ત વિભાવમાં એ આવી જાય છે, પણ છતાં અશુભ આદિ બધું છોડીને અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ વચ્ચે આવે છે. આ એને છોડીને '**નિજતત્ત્વવેદી...**' નિજતત્ત્વવેદી. વ્યવહારરત્નત્રય છૂટે તો નિજતત્ત્વવેદી થાય છે. વ્યવહારરત્નત્રયમાં નિજતત્ત્વ વેદન નથી. આહા..હા..! રાગનું વેદન છે. સમજાણું કાંઈ? એ તો શુભોપયોગ છે, શુભરાગ છે. કહેશે. ઝેર છે એમ કહેશે. વ્યવહારપ્રતિક્રમણ ઝેર છે. અરેરે..! એણે વાત જરી સાંભળતા અરરર..! એ અમારે વ્યવહાર કરવોને? અને વ્યવહાર કરતાં-કરતાં પરમાર્થ થશે. ઝેર પીતા-પીતા અમૃતનો ઓડકાર આવશે જ આવશે. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. લસણ ખાયને લસણ? ઢોકળા કહે છેને? શું કહે છે તમારે? અમારે ઢોકળા કહે છે અહીં. ઢોકળા કરે છેને ચોખાના? ચોખાના ઢોકળા. મરચુ ઉપર નાખે લાલ. પછી તેલમાં, કોઈ ઘીમાં ખાય. અહીં બહુ ખાય અહીં સુધી ખાય. હવે ઓડકાર આવશે કસ્તુરીનો. ઓડકાર આવશે

મારા મરચાનો તીખો... એમ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે. વ્યવહાર તો રાગ છે, ઝેર છે. ઝેર કરતાં-કરતાં અમૃત થશે? સમજાણું કાંઈ? શ્રદ્ધાના પણ ઠેકાણા નથી, દૃષ્ટિના ઠેકાણા નથી, એને અનુભવ સમ્યગ્દર્શન તો ક્યાંથી થાય? ચારિત્ર તો ક્યાંથી હોય? આહા..હા..!

શું કહે છે? જુઓ, '**(નિજ આત્મતત્ત્વને જાણનાર-અનુભવનાર) મતિમાન પુરુષ...**' આ એને મતિમાન પુરુષ કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્ર બહુ ભણ્યો હોય, લોકોનું રંજન કરે લાખો માણસમાં એને અહીંયાં મતિમાન નથી કહેતા. સમજાણું કાંઈ? એ તો વાણીનો વિલાસ છે. વાણી તો જડ છે, પોતાની વાણી ક્યાં છે? અને વિકલ્પ આવે એ પણ પુણ્યબંધનું કારણ છે. લોકો .. કે ઓહો..હો..! પણ એમાં શું છે? ભગવાન આત્મા પોતાનું નિજતત્ત્વવેદી. તો વ્યવહારરત્નત્રય નિજતત્ત્વ ન થયું. એમ થયુંને? વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર જે પંચમહાવ્રતના પરિણામ એ નિજતત્ત્વ નથી, આસ્રવતત્ત્વ છે. આહા..હા..! પછી લોકોને એવું લાગે તો પછી આ આચાર્યને છોડી દ્યો તો પછી. કોઈ કહે કે આ સોનગઢનું આવું કથન છોડી દ્યો. તો એને છોડી દ્યો. સમજાણું કાંઈ? અનંત સંતો, અનંત મુનિઓ એ માર્ગ કહેતા આવ્યા છે. નવો માર્ગ નથી. એ તો માર્ગની ..ના રસ્તા જ એવા છે. આહા..હા..! હા એ કાલે ભાઈ કહેતા હતાને. એને અડવું નહિ, એ પુસ્તકને અડવું નહિ. સોનગઢના પુસ્તકને અડવું નહિ, છોકરાને અડવા દેશો નહિ. રખેને વળી કાંઈક સાચું જ્ઞાન થઈ જશે એને. આહા..હા..!

કહે છે કે જે કોઈ સમસ્ત વિભાવ છોડીને '**તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને...**' બેયમાં છોડીને લેવું. '**નિજતત્ત્વવેદી...**' પોતાનું નિજતત્ત્વ પરમાત્માએ જે કહ્યું નિજ આનંદસ્વરૂપ એને વેદનારો, અનુભવનાર મતિમાન પુરુષ. આ એને મતિમાન કહે છે. સમજાણું કાંઈ? આચારાંગ આદિ જ્ઞાનનો ખુલાસો વિશેષ ન હોય, ઉઘાડબુદ્ધિ વિશેષ ન હોય, સમજાવાની શક્તિ ન હોય. એનાથી કાંઈ આત્માનો મોક્ષમાર્ગ રોકાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! ઘણાને સમજાવે એ મોક્ષમાર્ગ જલ્દી જાય, એમ છે જ નહિ. આહા..હા..! '**મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત...**' ભગવાન શુદ્ધ આત્મતત્ત્વ, ત્રિકાળી શુદ્ધ ભગવાન એમાં નિયત. '**(-શુદ્ધાત્મતત્ત્વપરાયણ)...**' એમાં પરાયણ તત્ત્વ પર્યાય. '**એવું જે એક નિજજ્ઞાન,...**' એવું જે એક નિજજ્ઞાન. ભગવાન જ્ઞાનસ્વરૂપનું નિજનું જ્ઞાન. એવું એક જ નિજજ્ઞાન, બીજું નહિ. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નથી, એમ. '**એવું એ એક નિજજ્ઞાન,...**' એમ આવ્યું હતુંને ભાઈ ઓલામાં તમારે નહિ? કે એક મોક્ષમાર્ગ છે નિશ્ચય અને એક વ્યવહારમાર્ગ એમ બે શબ્દ લીધા છે એણે. એક નિશ્ચયમોક્ષમાર્ગ છે, એક વ્યવહારમોક્ષમાર્ગ છે. એમ બે છે જ નહિ.

'**એક નિજજ્ઞાન,...**' શાસ્ત્રનું જ્ઞાન પણ મોક્ષમાર્ગ છે એમ નહિ. '**બીજું શ્રદ્ધાન...**' એક નિજ શ્રદ્ધાન, ભગવાન આત્માની પ્રતીત અનુભવમાં શ્રદ્ધા '**અને વળી બીજું ચારિત્ર...**' અંતર સ્વરૂપ રમણતા એનો આશ્રય કરે છે--એને પ્રગટ કરે છે. આશ્રય કરે છે. આશ્રય તો દ્રવ્યનો છે, પણ એ

રાગનો આશ્રય છોડીને પોતાનું નિજસ્વરૂપ પ્રગટ કરે છે ત્યારે એને આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. આ એને નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ એનું નામ સાચું ચારિત્ર, એનું નામ સાચો મોક્ષપંથી, એનું નામ સાચા જૈન શાસનના સંત. સમજાણું કાંઈ?

**'એવું જે એક નિજજ્ઞાન, બીજું શ્રદ્ધાન...'** આ ઓલો શ્લોકનો અર્થ છેને એ તો ઠીક. **'श्रद्धानमन्यपदपरं चरणं प्रपेदे॥'** નિજ બોધ. પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન એની અંતર પ્રતીતિ થઈ, એનું જ્ઞાન અને એમાં રમણતા. ત્રણે વાત લે છેને ચારિત્ર. આ એને સાચું પ્રતિક્રમણ છે. પરમાર્થ પ્રતિક્રમણ કહે છે જુઓ અહીંયાં. એનું નામ પરમાર્થ-પ્રતિક્રમણ છે. બીજું નામ અપરમાર્થ પ્રતિક્રમણ. કહો, સમજાણું કાંઈ? એમ ૯૧ ગાથામાં સ્વરૂપની દૃષ્ટિપૂર્વક સ્થિરતા અને રમણતા છે એનું નામ ચારિત્ર અને પ્રતિક્રમણ કહે છે. એ જ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૪, મંગળવાર, તા.૨૪-૦૫-૧૯૬૬
## ગાથા-૯૨, પ્રવચન-૭૨

પ્રતિક્રમણનો અધિકાર છે. પરમાર્થ-પ્રતિક્રમણનો અધિકાર છે. પરમાર્થ કહો કે નિશ્ચય કહો. ૯૨મી ગાથા.

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं॥९२॥**

**આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;**
**તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.**

જુઓ, ભગવાન આત્મા ઉત્તમપદાર્થ એ શુદ્ધ આનંદસ્વરૂપ એમાં સ્થિર થવું તે ઉત્તમપ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ?

**'ટીકા :- અહીં (આ ગાથામાં) નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.' 'જિનેશ્વરના માર્ગમાં...'** વીતરાગના માર્ગ વિશે વ્યવહારમાં **'મુનિઓની સંલેખનાના વખતે...'** એ વાત લીધી છે અહીંયાં ઉત્તમ અર્થમાં.

**શ્રોતા :-** એને ઉત્તમ અર્થ પ્રતિક્રમણ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ઉત્તમ અર્થ નામ આત્મામાં એકાકાર થાય એને ઉત્તમ અર્થ અહીંયાં કહે છે. એને સંલ્લેખનામાંથી એ સંલ્લેખના કાઢી છે. મૂળ પાઠમાં તો **'उत्तमअट्ठं आदा'** બસ. નવ તત્ત્વમાં ઉત્તમ અર્થ આત્મા. કહેશે નીચે. પણ અહીંયાં તો દેહના છૂટવા કાળે પોતાના

આત્માના સ્વરૂપમાં લીન હોવાને કારણે **'સંલેખનાના વખતે...'** એ વાત લીધી છે. ભવ પલટવાના કાળે. ઉગ્ર આરાધન હોય તો એના ભવનો અભાવ થઈ જાય છે. એ કાળ લીધો છે અહીંયાં. સમજાણું કાંઈ? દેહના છૂટવાના કાળે મુનિને **'બેંતાલીસ આચાર્યો વડે,...'** બેંતાલીસ. વ્યવહારમાં બેંતાલીસ આચાર્ય દ્વારા ત્યાં પૂછે.

**'જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે,...'** આચાર્ય એક પાસે જાય. મહારાજ! મારે આત્માના ધ્યાનમાં મારે ઉત્તમાર્થપ્રતિક્રમણ કરવું છે. મારે સંલેખના દેહ છૂટવાના કાળે મારે અત્યારથી ઉત્તમાર્થપ્રતિક્રમણ કરવું છે. આચાર્ય એક પાસે જાય, બીજા પાસે જાય, એમ બેંતાલીસ પાસે જાય મુનિ. આચાર્યો ઘણા અને મુનિને જે દેહત્યાગના કાળે આત્મામાં સ્થિર થવું એ બેંતાલીસ પાસે જાય પણ એ ભાવ એનો ટકી રહ્યો છે. મને તો મરણને કાળે દેહથી ભિન્ન જેવું આત્મામાં જાણ્યું છે એમાં મારે સ્થિર થાવું છે. 'મહારાજ! આજ્ઞા આપો.' આચાર્ય પાસે આજ્ઞા માગે છે. આચાર્ય એક આજ્ઞા આપે, બીજા પાસે જાય. એમ બેંતાલીસ પાસે જાય. એક વ્યવહારમાં પોતાના આત્મામાં સમાધિ કરવી છે, શાંતિથી દેહ છોડવો છે તો બેંતાલીસ આચાર્યો પાસે એની પરીક્ષા થઈ ગઈ હોય અને બેંતાલીસ આચાર્ય પાસે એનો એ ભાવ એનો બરાબર ટકી રહ્યો હોય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બેંતાલીસ પાસે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આચાર્ય... ચરણાનુયોગમાં વાત છે. એમાંથી લીધી છે. અમે કાંઈ ઘરની લઈને (કહ્યું નથી). ચરણાનુયોગમાં વાત છે અને હેતુ આ છે. સમજાણું કાંઈ? પોતાનો ભાવ રાગથી, દેહથી ભિન્ન થઈને દેહ છોડવો છે. એવી દૃઢ પ્રતીજ્ઞા લેવાની એની ભાવના થઈ તો બેંતાલીસ આચાર્ય મહા સમર્થ મુનિ ભાવલિંગી સંત. જુઓ કાળ પણ કેવો છે! ધર્માત્મા બેંતાલીસ પાસે જઈને, પ્રભુ! મારે સમાધિ, શાંતિ કરવી છે. ઓહો..હો..! એ વખતે આ તો ઘણા વર્ષ ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. પણ ચરણાનુયોગની વિધિ આ રીત એક વ્યવહારે છે. ન હોય ત્યારે પોતાની આજ્ઞા લઈને સમાધિ કરે. આ તો વ્યવહારથી એની સ્થિરતા ચાલતા... ચાલતા... બેંતાલીસ આચાર્ય પાસે જાય અને એનો એ ભાવ ટકી રહ્યો છે કે નહિ? એ પરીક્ષા પોતાની માટે કરવાની વાત છે, પરને કારણે એ અહીં વાત નથી. એક આચાર્ય પાસે, બીજા આચાર્ય પાસે, ત્રીજા પાસે. હું તો દેહથી ભિન્ન, આ રજકણને છૂટવાનો સમય થઈ ગયો છે અને રાગરહિત મારી દશા સ્થિર થઈને મારો દેહ છૂટી જાય એવો મને પ્રતીજ્ઞા લેવાનો ભાવ છે. આહા..હા..! કહેશે મરણ-ભીરુ. મૃત્યુ દેહ છૂટવાનો કાળ આવશે. એનો ભય છે મરણનો કે મારું મરણ ન બગડે. સમજાણું કાંઈ? આ કાંઈ વાત કરવાથી એ મરણનો ભય નથી છૂટતો. આહા..હા..!

ભગવાન ચિદાનંદ શાંત સમાધિ પ્રભુ વીતરાગી વિજ્ઞાનઘન એના અનુભવમાં એટલો સ્થિર... સ્થિર... સ્થિર... થઈ જાય. જેથી દેહ છૂટી જાય નિર્વિકલ્પ આનંદમાં, ધ્યાનમાં. એને એકાદ ભવ

બાકી રહી જાય. પંચમકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પંચમકાળનું સમાધિમરણ આવું હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જેનું નામ ઉત્તમાર્થપ્રતિક્રમણ છે તે આપવામાં આવતું હોવાને લીધે,...'** આપ્યું. આચાર્ય કહે જાવ ભાઈ! તને આત્માની સમાધિ કરવાનો સમય છે. અમારી આજ્ઞા છે. તું એમાં તૈયાર છો. આહા..હા..! સમજાણું કાંઈ? આમ ચાર ગતિના દુઃખનો ડર લાગ્યો છે. મરણથી ભય છે. દેહ છૂટવામાં શું વસ્તુ? હું તો અનંત આનંદસ્વરૂપ છું પ્રભુ! એમ દૃષ્ટિમાં પોતે આત્માનો વિષય લીધો છે. સ્થિર થઈને દેહ છૂટી જાય એ જ સમાધિમરણ છે. સમજાણું કાંઈ? એ **'દેહત્યાગ વ્યવહારથી ધર્મ છે.'** એમ. દેહ છૂટવો એ તો વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે. **'નિશ્ચયથી નવ અર્થમાં ઉત્તમ અર્થ આત્મા છે;...'** જુઓ, નવ તત્ત્વ છે એમાં ઉત્તમ પદાર્થ આત્મા. સંવર, નિર્જરા, મોક્ષ પણ ઉત્તમ તત્ત્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ એક સ્વરૂપ પરમાત્મા પોતે. પોતાનો આત્મા. એમાં શરીરાદિ તો અજીવતત્ત્વ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્યતત્ત્વ. આદિ વિકલ્પ કોઈ અશુભ હોય એ પાપતત્ત્વ. બેય મળીને આસ્રવતત્ત્વ અને આત્મા એમાં રોકાય જાય એ બંધતત્ત્વ અને આત્મામાં શુદ્ધતા પ્રગટે એ સંવરતત્ત્વ, શુદ્ધિ વિશેષ પ્રગટે એ નિર્જરા, પૂર્ણ શુદ્ધિ મોક્ષ--એ નવ અર્થ નામ તત્ત્વમાં પણ ઉત્તમ અર્થ આત્મા છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યક્તિ ઉત્તમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષ તો એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ? મોક્ષ તો એક સમયની અવસ્થા છે. એવા મોક્ષ સિવાય ત્રિકાળી ભગવાન ઉત્તમ પદાર્થ જ્ઞાયકસ્વભાવ સામાન્ય ધ્રુવસ્વરૂપ એ ઉત્તમ પદાર્થ છે. એને આશ્રયે જ સમાધિ, શાંતિ ઝુલતા-ઝુલતા દેહ છૂટી જશે. સમજાણું કાંઈ? આહા..હા..! એ શરણ આત્મા છે એમ કહે છે. ભગવાન-ભગવાન કરે નમો અરિહંતાણં. એ કોઈ શરણ-ફરણ છે નહિ. 'નમો અરિહંતાણં' લ્યો દેહ છૂટી ગયો. એ તો વિકલ્પ છે, આસ્રવ છે. સમજાણું કાંઈ? ભાઈ! એનું મરણ તો એવું થયું. 'નમો અરિહંતાણં' દેહ છૂટી ગયો. તો એમાં શું થયું? એ તો રાગ હતો, એ આસ્રવતત્ત્વ હતો. સમજાણું કાંઈ? ભગવાનનું નામસ્મરણ કરે અને ભગવાન પાસે ગયા. શરીર જીર્ણ થઈ ગયું હતું. ડોળીમાં લઈને ભગવાનની પ્રતિમા પાસે લઈ ગયા. 'નિર્વિકલ્પો અહં' તો શું થયું? એ પણ વિકલ્પ છે.

**શ્રોતા :-** વ્યવહારે ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અંદરમાં જા, અંતરમાં એકાકાર થા એ પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો રાગ, વિકલ્પ છે. એ કહેશે હમણા. 'પ્રભુનો માર્ગ છે શુરાનો કાયરના નહિ કામ.' એ કાયરના કામ નથી. આહા..હા..! ચિદ્ઘન આનંદકંદ આત્મા જેમાં એકલા આનંદની ગાંગડી પ્રભુ, ધ્રુવસ્વરૂપ એ જ નવ તત્ત્વમાં સારસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**'નવ અર્થોમાં ઉત્તમ અર્થ આત્મા છે;...'** કે જેનો આશ્રય કરવાથી આત્માને શાંતિ મળે. પરના આશ્રયથી શાંતિ-બાંતિ મળતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષતત્ત્વમાં તો અરિહંત અને સિદ્ધ પણ આવી ગયા કે નહિ? અરિહંત અને સિદ્ધથી પણ ઉત્તમાર્થ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? એ ચીજ મહાન પદાર્થ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકરૂપ જેનું સ્વરૂપ એની પર્યાયનો પણ આશ્રય નથી અહીંયાં તો કહે છે. ભગવાન આત્મા ઉત્તમાર્થ, ઉત્તમ પદાર્થ. ઉત્તમ અર્થ આ કુંદકુંદાચાર્ય પોતે **'उत्तमअट्ठं आदा'** મૂળ પાઠ છે. ઉત્તમાર્થ આત્મા. ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ શુદ્ધ જ્ઞાનઘન, ચિદ્‌ઘન એ જ ઉત્તમાર્થ આત્મા. સમજાણું કાંઈ? મંગળિક સંભળાવે 'નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં.' એ વિકલ્પથી સાંભળે છે. એ ઉત્તમ અર્થ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ જ કહે છે કે ભાઈ! એ બધું ભૂલીને છોડી દે એ વિકલ્પને અને અંતરમાં નિર્વિકલ્પ તત્ત્વનું શરણ લે. એ સિવાય તને શાંતિ નહિ મળે, સમ્યગ્દર્શન નહિ મળે, જ્ઞાન નહિ મળે, ચારિત્ર નહિ મળે અને પ્રથમ પ્રતિક્રમણ ઉત્તમ પણ નથી થતું. આહા..હા..! ભારે પણ આ. મહાનપદાર્થ મોટો પ્રભુ એની તો એને કિંમત નથી, મહિમા નથી, આશ્રય નથી, ચમત્કાર નથી. બહારની ચીજમાં ચમત્કાર લાગ્યો છે એને. કહે છે કે ભગવાન અહીં નિયમસાર તો વર્તમાન કુંદકુંદાચાર્ય કહે છે **'निज भावना निमितं'** મેં તો મારી ભાવનાને કારણે નિયમસાર બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો જ્યાં આ વાત સાંભળે, માતા! આજ્ઞા દે જનેતા! અમે હવે બીજી જનેતા નહિ કરીએ. આહા..હા..! મા! અમને ચાર ગતિના દુઃખનો ભય લાગ્યો છે. દેવગતિના દુઃખનો પણ ભય લાગ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સ્વર્ગમાં જવું એ પણ દુઃખ છે, આકુળતા રાગની. માતા!

**શ્રોતા :-** ઘરમાં રહીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘરમાં રહે, પોતે આકુળતા ક્ષણે-ક્ષણે રાગ છે કે નહિ? ઘરમાં રહેવું એ દુઃખ છે. ક્ષણે-ક્ષણે વિકલ્પ ઉઠે છે ભોગનો, આ ને તે. દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... સર્વાર્થસિદ્ધના જીવ પણ રાગમાં દુઃખી છે. જુઓ, અહીં મરણભીરુ કહીને એમ કહેશે. ચાર ગતિના મરણનો ડર છે. આહા..હા..! એ રાજકુમારો આઠ-આઠ વર્ષની ઉંમરમાં આ મણિરત્નના પુતળા જેવા શરીર હોય, હજી કોઈ દિ' ટાઢા-ઉના દેખ્યા ન હોય, પણ જ્યાં ધ્વનિ સાંભળે ભગવાનની, સંતોની સાંભળે ત્યાં આહા..હા..! પ્રભુ! એકદમ ક્ષણમાં સંત અને ક્ષણમાં ઉત્તમાર્થ પ્રતિક્રમણની આજ્ઞા લેવા નીકળી જાય. આહા..હા..! એવી દેહની સ્થિતિ લાગે કે મારી દેહની સ્થિતિ અલ્પ છે. હું વધારે નહિ ટકી શકું. સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી નવ અર્થમાં ઉત્તમ અર્થ...'** ભગવાન આત્મા **'સચ્ચિદાનંદમય**

**કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં જે તપોધન સ્થિત રહે છે...**' સત્-ચિદ્-આનંદ. જુઓ, ભગવાન આત્મા સત્, ધ્રુવ. સત્ એટલે ધ્રુવ કાયમ. જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ. એવા સચ્ચિદાનંદસ્વરૂપમાં. કેવા છે સચ્ચિદાનંદમય? કારણસમયસારસ્વરૂપ. કેવળજ્ઞાનના કાર્યનું કારણ પરમાત્મા પોતે એવું કારણસમયસાર, કારણ આત્મા, કારણ જીવ એવું સ્વરૂપ '**એવા તે આત્મામાં જે તપોધન...**' સંત એમાં ઠરે છે. ઉત્કૃષ્ટ વાત કરે છેને. મરણના સમયની વાત છેને? આહા..હા..! આવો અમે ત્યાગ કર્યો. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ કોઈ ધર્મ નથી, એ કાંઈ સમાધિ નથી.

**શ્રોતા** :-... અંદરની એકાગ્રતા વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! અંતર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... આનંદ... આનંદ... આનંદ... સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવો આત્મા. સચ્ચિદાનંદમય શાશ્વત જ્ઞાન-આનંદસ્વરૂપ કારણપરમાત્મા એવો આત્મા. એમાં સ્થિત રહે છે. સંતો એમાં સ્થિત રહે છે. આહા..હા..!

'**તે તપોધનો નિત્ય મરણભીરુ છે;...**' એ મુનિ નિત્ય મરણભીરુ છે કાયમ. મારું દેહથી છૂટવું એ મારી વસ્તુમાં ક્યાં છે? એવા દેહ છૂટવાને કાળે.. ઘણા સમયથી અહીં રહે છે તો દેહ છૂટે તો દુઃખ થશે, ખેંચાણ થશે, આમ થશે. હું તો આત્મા પરથી ભિન્ન ભગવાનસ્વરૂપ પરમાત્મા એમાં સ્થિત થયો થકો પોતાનું તપોધન એ જ એની લક્ષ્મી છે. '**તેથી જ તેઓ કર્મનો વિનાશ કરે છે.**' આહા..! પરમાનંદ પ્રભુ આત્મા એવા ભગવાન આત્મામાં ઠરીને કર્મનો વિનાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એવો કોઈ અપવાસ કરે કે આમ કરે કે મેં પરનો ત્યાગ કર્યો એ કોઈ ક્રિયાકાંડથી કર્મનો નાશ થાય એમ નથી. સમજાણું કાંઈ?

'**માટે અધ્યાત્મભાષાએ, પૂર્વોક્ત ભેદકરણ વિનાનું,...**' '**ભેદ કરવા તે; ભેદ પાડવા તે.**' ધ્યાનમાં ભેદ નથી. શું? '**ધ્યાન અને ધ્યેયના વિકલ્પો રહિત...**' હું ધ્યાન કરનારો અને ધ્યેય આત્મા પૂર્ણ છે એવો ભેદ છે એ પણ વિકલ્પ છે. હું પોતાના સ્વરૂપનું ધ્યાન કરું છું. આ સ્વરૂપ ધ્યેય છે એવા ભેદકરણથી રહિત ધ્યાન છે. ભારે ઉગ્ર વાત! સમજાણું કાંઈ? એ બાર-બાર વર્ષના રાજકુમારો આઠ વર્ષના પણ સમાધિમરણ લેતા હશે. દેહની સ્થિતિ પૂરી થવા આવી. .. શરીર જીર્ણ થઈ ગયું. હવે કાળ લાંબો છે નહિ. આનંદધામમાં મશગુલ થઈને ધ્યાનમાં, ધ્યેય અને ધ્યાનનો પણ જેને વિકલ્પ રહતો નથી.

'**નિરવશેષપણે...**' સમસ્તપણે અંતર્મુખ થઈને. જુઓ, બહિર્મુખનો કોઈ વિકલ્પ રહે નહિ. ધ્યાન, ધ્યાતાનો વિકલ્પ પણ બહિર્મુખ છે. શું સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર્મુખ પરમાનંદમાં સ્થિત એને ધ્યાન, ધ્યાતાનો વિકલ્પ બહિર્મુખ છે. એ બહિર્મુખ '**નિરવશેષપણે અંતર્મુખ જેનો આકાર છે...**' જેનું અંતર્મુખ સ્વરૂપ છે. '**એવું અને સકળ ઇન્દ્રિયોથી અગોચર...**'

ઇન્દ્રિયને ગમ્ય નથી ભગવાન આત્મા. એ તો અતીન્દ્રિય આનંદગમ્ય આત્મા છે. એવા આત્મામાં સચ્ચિદાનંદ પ્રભુ સહજાત્મસ્વરૂપ પ્રભુ આત્મા એમાં લીન થઈ જવું એ જ ઉત્તમપ્રતિક્રમણ છે. એ નિશ્ચયપરમશુક્લધ્યાન. ઉંચું પરમ સફેદ ઉજળું નિર્મળ ધ્યાન. '**નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ છે એમ જાણવું.**' આ મુનિ પણ ક્યાં લઈ ગયા જુઓ! શુક્લધ્યાન સુધી લઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવાં નિશ્ચયધર્મધ્યાન,...**' જુઓ, કોઈ કહે ભાઈ! ધર્મધ્યાન કેટલા પ્રકારના? કે વિકલ્પ ઉઠે વ્યવહારધર્મધ્યાન એ તો ઉપચારથી, નિશ્ચયથી તો સ્વ-આશ્રિત એ ધર્મધ્યાન છે. જુઓ '**ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંતરનું અવલંબન લઈને એવું નિશ્ચયધર્મધ્યાન એ જ સાચું ધર્મધ્યાન છે. '**અને નિશ્ચય શુક્લધ્યાનમય હોવાથી અમૃતકુંભસ્વરૂપ છે;...**' શું કહે છે? ભગવાન અમૃતસ્વરૂપ છે ત્રિકાળી. એમાં સ્થિરતા ભેદરહિત અભેદ સ્થિરતા કરવી એ જ ધર્મધ્યાન અને શુક્લધ્યાન અમૃતસ્વરૂપ પર્યાય છે. સમજાણું કાંઈ? આચાર્યોએ બહાર વાત મૂકી છે તો કોઈ સમાજ માટે મૂકી છે કે નહિ? એમ કોઈ કહે કે .. પ્રભુ! તારું એવું કાર્ય ન હોય તો શું હોય? ઓહો..! અનંતકાળનું પરિભ્રમણ જેના સ્વરૂપમાં સ્થિર થતાં નાશ થઈ જાય. સમજાણું કાંઈ? એવો ભગવાન નિશ્ચયધર્મધ્યાન અમૃતસ્વરૂપ ભગવાન આત્મા. અમૃતસ્વરૂપ ભગવાન આ એમાં સ્થિર થવું તે નિશ્ચયધર્મધ્યાન અમૃતસ્વરૂપ પર્યાય. સમજાણું કાંઈ? અને નિશ્ચય અમૃતકુંભસ્વરૂપ છે.

આચાર્ય તો સ્પષ્ટ કરે છે મુનિ. જુઓ, '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ...**' એ સમયે જરી વિકલ્પ ઉઠે છે કે આ નહિ મિચ્છામીદુક્કડમ આવું. એ '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય હોવાથી વિષકુંભસ્વરૂપ છે.**' ઝેર છે. આ કોને કહે છે? મિથ્યાદૃષ્ટિને કહે છે આ? ઓલા કહે છે મિથ્યાદૃષ્ટિને માટે વાત છે વિષકુંભની. અરે..! ભગવાન! તું ક્યાં મરડે છે? આહા..હા..!

**શ્રોતા :-** ... વ્યવહાર એટલે ઝેર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર એટલે ઝેર. નિશ્ચય એટલે અમૃત. પંડિતજી! આહા..હા..! હવે એને સાધન કહ્યું શાસ્ત્રમાં. અધ્યાત્મભાવ સમજ્યા વિના સાધન, હેતુ, કારણ જે કહ્યું એને નિમિત્ત દેખીને કહ્યું એટલી વાત છે. સમજાણું કાંઈ? અધ્યાત્મભાવની શું ગતિ છે, શું સ્થિતિ છે એ સમજ્યા વિના એવો વ્યવહાર કહ્યો છે, અહીં સાધન કહ્યું છે, અહીં હેતુ કહ્યો છે, વ્યવહારકારણ કહ્યું છે. વ્યવહાર હોય તો નિશ્ચય થાય છે. અહીં તો કહે છે કે ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ મુનિ ધર્માત્મા પોતાનું અમૃતાનંદ પ્રભુ એમાં ઠરીને. સમજાણું કાંઈ? જુઓ, ઓહો..હો..!

એ બાઈની વાત નથી આવતી ભાઈ શું કહેવાય એ? લક્ષ્મણની સાથે નહિ? વિશલ્યા. વિશલ્યા-વિશલ્યા. આવે છેને બાઈનું? લક્ષ્મણને જ્યારે એવી શક્તિ વાગી. શક્તિ. આમ .. મોટા

તંબુ હોયને. બળદેવ, વાસુદેવ. હજારો રાજા તહેનાતમાં પડ્યા છે. વાસુદેવ પડ્યા છે શક્તિ વાગી. રામચંદ્રજી કહે, અરે..! ભાઈ! આ શું થયું? રાજા દિલગીર, રામ દિલગીર. કરવું શું? એક વિશલ્યા એક બાઈ છે, એનું પાણી છાંટે તો જીવીત થાય. લ્યો પાણીથી જીવન છે કે નહિ જુઓ. કેમકે એ બાઈએ પૂર્વે એવું આરાધન કર્યું હતું ચક્રવર્તીની કન્યા હતીને એ. જંગલમાં લઈ ગયા હતા. જંગલમાં છોડી દીધી કોઈ વિદ્યાધરે. ત્યાં સંથારો કરી દીધો હતો. આત્મ... સંથારો કર્યો. દેહ સ્ત્રીનું, કન્યા રૂપાળી સુંદર. બહાર કોઈ વિદ્યાધર લઈ ગયો અને જંગલમાં ફેંકી દીધી. વાઘ, વરુ, અજગર. શરીર નહિ રહે હવે સંથારો. અન્ન-પાણીનો ત્યાગ. અજગર આવ્યો. પગથી પકડી લીધું. એટલું શરીર રહી ગયું બહાર. આવ્યા ચક્રવર્તી એના પિતા. એના પિતા આવ્યા. માર અજગરને મારું. મારીને તને જીવતી કરું. પિતા! મને તો સમાધિમરણ છે. મને બહાર કાઢશો તોપણ હું આહાર-પાણી કરીશ નહિ. આહા..હા..! ઇ આત્મામાં શાંતિમાં વળવાથી એ વાત બને છે એમ કહે છે અહીંયાં. એમાં એવો વિકલ્પ રહી ગયો, એવું પુણ્ય બંધાઈ ગયું કે જેના શરીરમાં સ્ત્રી થઈ. કહો, સમજાણું કાંઈ? લક્ષ્મણ જેવા વાસુદેવ ત્રણ ખંડના ધણી પુણ્યના-પુણ્યના પુતળા. એને શક્તિ વાગી. લોકો પોકાર કરે કે એ વિશલ્યાનું પાણી લાવો. વિશલ્યાને બોલાવો. આહા..હા..! રાજા, બાજા બધા વિદ્યાધરો, દેવો એમાં એ વિશલ્યાને યાદ કરી. જુઓ, એક પુણ્યની વાત, ભાઈ! આહા..હા..! એ સ્વરૂપના આશ્રયમાં રાગ બાકી રહ્યો એનું પુણ્ય બંધાણું. સમજાણું કાંઈ? જે ઝેર છે. આહા..હા..! એય..!

**શ્રોતા :-** વિષકુંભ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિષકુંભ. પણ બહારમાં તો આવું ફળ દેખાય. આહા..હા..! હજારો રાજા હોં બધા વિદ્યાધરો પોકાર કરે. સમજાણું કાંઈ? રામચંદ્રજી પોકાર કરે, ભાઈ! એકવાર જવાબ દેને, ભાઈ! સીતાજી રાવણ લઈ ગયા, તું અહીંયાં પડ્યો. મારે શું કરવું? હું એકલો માતા પાસે જઈશ. માતા શું પૂછશે મને? સમજાણું? એમ સ્થિર થઈ ગયા. આમ અંદરમાં ખબર છે કે વાસુદેવ મરે નહિ. વાસુદેવ મારશે રાવણને, પણ એકવાર .. ખાઈ અંદરથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ છે, ખ્યાલ છે, ભગવાનની વાણીમાં છે કે વાસુદેવ કોઈથી મરે નહિ. વાસુદેવ રાવણને મારશે. એકવાર .. થાય કે ભાઈ! એકવાર જવાબ દેને, ભાઈ! નહિ દે જવાબ. શું થશે? સવાર પડશે તો મરી જશે કહે. લોકો પોકાર કરે. એ પહેલા બાઈને બોલાવી જુઓ. ભરતના રાજમાં છેને એના ભાઈના. જ્યાં અંદર આવી ત્યાં. જેટલાને ઘા વાગ્યા હતા એને રૂઝાઈ ગયા. જ્યાં એના સ્નાનનું પાણી છાંટ્યું. આળસ મરડીને ઉઠ્યા. 'રામચંદ્રજી' પોકાર કરે. જાગ્યા. ભાઈ! જુઓ, એ શુભભાવની એક સ્થિતિનું ફળ. એમાં આત્મા જાગૃત ન થયો. સમજાણું કાંઈ? એવો શુભરાગ કે જેને અહીંયાં ઝેર કહે છે. એના ફળમાં એવું શરીર મળ્યું અને જેના પાણીથી એની શક્તિ પણ ઉતરી ગઈ. એ તો નિમિત્ત હતું હોં. ઉતરવાની તો લાયકાત હતી. આહા..હા..! ભારે! કથામાં પણ ગડબડ કરે તો?

**શ્રોતા** :- ઉંધા અર્થ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉંધા અર્થ કરે. ભાઈ! એ તો નિમિત્ત-નૈમિત્તિકની વાત કરે છે. સમજાણું કાંઈ? શું પરદ્રવ્ય પરદ્રવ્યની પર્યાયમાં ફેરફાર કરી શકે? અહીં તો કહે છે કે ભગવાન! તારા નિજાનંદ સ્વરૂપમાં સ્થિરતા થવી એ અમૃત છે. આ બહાર જુઓ શુભભાવમાં એટલું ફળ જોવે લોકો તો લોકોને ગલગલિયા થઈ જાય.

**શ્રોતા** :- આત્માને શું ફાયદો થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં આત્માને શું થયું? એના આત્માને શું થયું અને એના આત્માને શું થયું? સમજાણું કાંઈ? હવે ભાઈ! જાગૃત રહ્યો, જીવતો રહ્યો. એને કારણે જીવતો રહ્યો? અરે..! જીવવાનો તો હતો ઇ. શું જીવે? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ...**' હોં એ સમયે પણ ઓલો શુભરાગ રહી ગયો. આહા..હા..! ધર્મી જીવ હોં. આત્મજ્ઞાનનું ભાન છે. શાંતિ સ્ત્રીનો દેહ હતો. ભગવાન આત્મા સ્ત્રી ક્યાં છે? સ્ત્રી નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, કર્મ નહિ ભગવાન ચિદાનંદસ્વરૂપમાં સ્થિર. વિકલ્પ રહી ગયો, ભવનો અભાવ તો છે. એટલો વિકલ્પ રહી ગયો. કહે છે કે એ ઝેર છે. આહા..હા..! જેમાં આખા રાજા, મહારાજા ગલગલિયા કરે એ પરિણામ એ જેનું ફળ એ પરિણામ ઝેર છે એમ કહે છે. કહો, મલુપચંદભાઈ! અરેરે..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કે વાસુદેવ ગાદીએ બેસે તો એનો બાપ પણ જરી બહુમાન આપે લ્યો. સમજ્યા કે નહિ? વાસુદેવ તો ઇ છેને. ભાઈ છેને ઓલા રામચંદ્રજી મોટા છે પણ છે પદવીમાં અડધાને? એ તો વાસુદેવ વિનયવાન છે એટલે વિનય કરે, પણ અંદરમાં સમજે કે મારી પદવી અડધી છે. એની (લક્ષ્મણની) આખી પદવી છે. પુણ્યની સ્થિતિ ઝેર શુભભાવમાં એટલો યોગ છે. આહા..હા..! તો શુદ્ધ અમૃતના સ્વાદની શું વાત કરવી એમ કહે છે અહીંયાં તો. કહો, મોહનભાઈ! આહા..હા..! જેને એકવાર બળદેવ, વાસુદેવ જેવાના રાજા હજારો મહારાજા મોટા રાજા રાજકુમારો બેઠેલા. રામચંદ્રજીના પક્ષમાં તો મોટા-મોટા પક્ષકાર હતાને. એ વિભિષણ પણ અહીંયાં આવ્યા હતાને. રાવણને છોડીને અહીં આવ્યા. એ પણ મોટા મહારાજા. એ તે કાંઈ સાધારણ નહિ આ .. જેનું શરીર જુઓ તો મોટા ઇન્દ્રના અવતાર જેવા. મણિરત્નના પુતળા જેવા શરીર. ખળભળાટ. લાવો... ઓહો..હો..! મારા પુણ્ય પણ. કેટલી મહિમા લોકોને લાગે છે! કહે છે કે એ ઝેર છે એમ કહે છે. સમજાણું કાંઈ? એથી આત્માને શું લાભ? ભગવાન આત્મા જાગૃત થાય છે એ પોતાની એકાગ્રતાથી થાય છે. એ મંત્ર અને પાણી છે એનું. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**વ્યવહાર-ઉત્તમાર્થપ્રતિક્રમણ વ્યવહારધર્મધ્યાનમય...**' એ વ્યવહારધર્મધ્યાન હોવાથી વિષકુંભ છે, એ ઝેર છે. આહા..હા..! કોને? આ અમૃતસ્વરૂપની દૃષ્ટિ અને પર્યાયમાં

અમૃતનું વેદન છે એનું વ્યવહારપ્રતિક્રમણ એ ઝેર છે. આહા..હા..! ભાઈ! તારી ચીજની મહિમા એને ખબર નથી. **'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૬મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-'** લ્યો,

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो॥**

ઓહો..હો..! દિગંબર સંતોએ તો પોકાર કરીને શુભભાવને ઝેર-ઝેર કહ્યું છે.

**શ્રોતા :-** દિગંબર આચાર્ય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દિગંબર આચાર્ય એ મુનિ, સંત. આહા..હા..! વીતરાગી સંતો. રાગ.. ભગવાને કહ્યું એવું વ્યવહાર પ્રતિક્રમણ ઝેર છે. આહા..હા..! વ્યવહારધર્મધ્યાન ઝેર છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પુણ્ય બંધાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય બંધાય. આત્મા અબંધ પરિણામથી છૂટી ગયો. અમૃત પરિણામ એ અબંધ પરિણામ છે. આહા..હા..! એનો અર્થ કર્યો છે. જુઓ,

**'શ્લોકાર્થ :- પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ...'** **'પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.'** નીચે. એનો વિકલ્પ એ ઝેર છે. વ્યવહાર પ્રતિક્રમણમાં વિકલ્પ આવે છે. **'કરેલા દોષોનું નિરાકરણ કરવું...'** ખંડન કરવું, નાશ કરવો એ પણ શુભરાગ ધર્મીને ઝેર ગણીને હેય કહ્યું છે. હવે આ શાસ્ત્રની દૃષ્ટિ ન સમજે અને કોઈ ઠેકાણે જ્યાં સાધન અને સાધ્ય... સાધન અને સાધ્ય... સાધન અને સાધ્ય... આ સાધન છે. હળવે-હળવે આમ થાય. પણ એ તો નિમિત્તનું કથન છે સાંભળને હવે. આ પંચાસ્તિકાયના અર્થ કર્યા છે અમારે પંડિતજીએ. પછી નીચે નોટ કરી કે આનો અર્થ આ છે, આનો અર્થ આ છે. બીજા કહે કે અર્થ કર્યા પણ નીચે ખોઈ દીધા અર્થ. ફુટનોટ કરીને. એય..! આહા..હા..! ભગવાન! તને ખબર નથી હોં, પ્રભુ! એ અમૃત ચંદ્રાચાર્ય આ કહે છે. એની તો ગાથાનો આધાર દે છે. એ અમૃતચંદ્રાચાર્ય કહે ત્યાં કે ઝેર એ સાધનથી સાધ્ય થાય? સમજાણું કાંઈ?

ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ આત્મા છે. અમૃતનું પુતળું ચિદાનંદ. સમજાણું કાંઈ? એ કંદોઈ-કંદોઈ કહે છેને હલવાઈ. કંદોઈ નથી કરતા એ ખાંડની પુતળી બનાવે છે નહિ? સાકરની પુતળી બનાવે, સાઈકલ બનાવે, સાકરનો પ્યાલો બનાવે છે. બનાવે છે કે નહિ? સાકરની પુતળી બનાવે. લાકડાના બીબા હોયને એમાં બનાવે. બરાબર પુતળી આમ. એ લાકડું કાઢી નાખે તો સાકરની પુતળી છે. એમ લાકડું નજરમાંથી કાઢી નાખ તો ભગવાન અમૃતની પુતળી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આખો આત્મા અતીન્દ્રિયરસથી પરિપૂર્ણ-ભરચક-છલોછલ ભરેલો છે. આહા..હા..! એવા આત્મામાં કહે છે કરેલા દોષનો વિકલ્પ ઉઠે છે એ ઝેર છે. પોતાનું સ્વરૂપ

અમૃતસ્વરૂપ એમાં એકાકાર થઈને અનાકુળ અમૃતની નિર્મળ પર્યાય પ્રગટે એ નિશ્ચયસ્વરૂપ પ્રતિક્રમણ છે. નિશ્ચયપ્રતિક્રમણ એ પર્યાયને કહે છે. વસ્તુ તો ઉત્તમાર્થ ત્રિકાળી અમૃતનો કુંડ છે આખો. સમજાણું કાંઈ?

**'પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.'** એવી શ્રદ્ધા કરવી, આમ હેય કરવું... આવે છેને પંચાસ્તિકાયમાં નહિ? આ શ્રદ્ધવાયોગ્ય છે, આ શ્રદ્ધવાયોગ્ય નથી, આ છોડવાયોગ્ય છે. આ આવે છેને ચાર-ચાર બોલ એક-એકમાં. દરેકમાં પછી. એ બધા વિકલ્પ છે એમ કહે છે. આહા..હા..! **'સમ્યક્ત્વાદિ...'** સમકિત, જ્ઞાન અને ચારિત્ર આદિમાં વિકલ્પ ઉઠે છેને? ચાર-ચાર બોલ આવે છે. એ બધી પ્રેરણા વિકલ્પ ઉઠે છે કે આમ હોવું જોઈએ... આમ હોવું જોઈએ... શ્રદ્ધા એવી હોવી જોઈએ. એ બધું પ્રતિસરણ એને શુભરાગ, શુભોપયોગ અને ઝેર કહે છે. કહો, આ અમૃત ચંદ્રાચાર્ય કહે છે... એ અર્થ કરે. એ તો મિથ્યાદૃષ્ટિને કહે છે. આહા..હા..! ભગવાન! તારી પણ બલિહારી છેને, ભાઈ! 'જાતિ અંધનો દોષ નહિ આકરો.' આંધળા બિચારા આંખે તો અર્થ ન સમજી શકે. 'મિથ્યાદૃષ્ટિ એથી આકરો કરે અર્થના અનર્થ.' આહા..હા..! અરે..! તારી ચીજ પ્રયોજનભૂત છે, ભગવાન! એના આશ્રયે લાભ થાય. એક ઠેકાણે એ રાગથી તને લાભ થાય એમ શાસ્ત્રમાંથી અર્થ કાઢે એ ગજબ કરે છે... ગજબ કરે છે...

'વિષકુંભથી આનંદ થાય છે અને વિષકુંભ એ સાધન છે, કારણ છે અને અમૃત આત્મા એ કાર્ય છે, સાધ્ય છે.' લખ્યું છે શાસ્ત્રમાં. પણ લખ્યું એનો અર્થ શું? ઓલો કહે અમે એટલા-એટલા પ્રમાણ દીધા તો તમને તત્ત્વની શ્રદ્ધા હોય તો તમે માની લો. પણ તમે તો માન્યું નહિ. કેમ માન્યું નહિ? પણ કઈ રીતે માને તારું? કઈ નયનો એનો અર્થ છે એ ખોલીને બતાવે તો કહે કે તમે એમ માનતા જ નથી. એ આચાર્યનું કથન હવે લાખ કથન શાસ્ત્રમાં આવે છે. (નિશ્ચયના) થોડા કથન કહે, વ્યવહારના કથન બહુ શાસ્ત્રમાં આવે છે. નિશ્ચયનું કથન શું કરે? અભેદસ્વરૂપ અખંડાનંદ પ્રભુ. સમજાણું કાંઈ? જ્ઞાન આત્મા, દર્શન આત્મા અને પરિપૂર્ણ આત્મા એ બધું વ્યવહારથી સમજાવે છે. એમાં શું કરવું? એના કથનનો પાર નથી બાર અંગમાં. શાસ્ત્ર બધા વ્યવહારથી ભરેલા છે. તો શું થયું? કઈ નયની અપેક્ષાએ એ કથન છે એનો ખુલાસો કર્યા વિના આમ શાસ્ત્ર કહે છે... આમ શાસ્ત્ર કહે છે... અને તમે માનતા નથી, એમ કહે. અરે..! ભગવાન! અહીં તો કહે છે કે પ્રતિ સમકિત જ્ઞાન-ચારિત્ર આદિમાં વિકલ્પ ઉઠવો કે પ્રેરણા કે આવો દોષ ન થાય, વ્યવહારશ્રદ્ધા એવી હોવી જોઈએ, નિશ્ચય આમ હોવો જોઈએ. એવો વિકલ્પ એ પણ શુભભાવ છે, ઝેર છે.

**'પરિહાર = મિથ્યાત્વરાગાદિ દોષોનું નિવારણ.'** ગૃહીતમિથ્યાત્વાદિ ત્યાગનો વિકલ્પ આમ છે. મિથ્યાત્વને છોડવું, કુગુરુ, કુદેવને છોડવા, સાચા દેવ-ગુરુની શ્રદ્ધા કરવી એ બધો શુભરાગ છે. એ શુભરાગ પણ ઝેર છે. શુભોપયોગ છે. આકરું છે. ઝેર એટલે પછી શું? પરિહાર થઈ ગયું.

**'ધારણા = પંચનમસ્કાર મંત્ર,...'** નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... એ બધો શુભરાગ ઝેર છે. આહા..હા..! ભારે વાત ઓલા કહે. ઓલા સમયસારમાં આવ્યું કે એલા સમયસાર શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. પહેલું એવું ન કહેવું. પહેલા એમ ન કહેવું. હવે સાચું ન કહેવું? સાંભળતો ખરો. સમજાણું કાંઈ? બાળપોથીમાં આવે છેને આપણે? ભાઈ! શાસ્ત્રથી જ્ઞાન નથી થતું. જ્ઞાન તો પોતાથી થાય છે. સત્ય તો એ છે. કે નહિ અસત્યથી કહો, અસત્યથી કહો. અહીં તો કહે છે કે શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ પણ ઝેર છે. સમજાણું કાંઈ? **'પંચનમસ્કાર મંત્ર,...'** નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઇરિયાણં એ મંત્ર એ શુભરાગ છે. આ **'પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.'** ભગવાનનું લક્ષ પ્રતિમાની સામે લક્ષ કરી શુભભાવમાં આવવું કે ભગવાનની પૂજા, ભક્તિનો ભાવ એ ઝેર છે.

**શ્રોતા :-** કોઈ કરશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે કોણ? આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી સ્થિરતા પૂર્ણ નથી, પૂર્ણ સ્વાશ્રય નથી થયો તો ચારિત્રમાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એનાથી ધર્મ માનવો (મિથ્યાત્વ છે)!

**શ્રોતા :-** કોઈ મંદિર બંધાવશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બંધાવે છે? ઘણું બંધાવાનું કરે છે. તડફડિયા મારે છે ક્યાં થાતું હતું? ત્રણ વર્ષ તો વયા ગયા સવા ત્રણ વર્ષ.

**શ્રોતા :-** અશુભથી બચવા માટે છે, મહારાજ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એ અશુભ(થી બચવા) નથી, એ તો આવે છે. અશુભથી બચવું એમ કહેવું એ પણ વ્યવહારનું કથન છે. એ સમયે ચારિત્રગુણની વિપરીત પર્યાયનો શુભભાવનો કાળ છે તો આવ્યા વિના રહે નહિ. એવી વાત છે. ક્રમબદ્ધનો શું અર્થ છે?

**શ્રોતા :-** જે સમયે જે થવાનું હશે તે થશે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તો એ સમયે શુભ આવવાનું છે તો આવશે જ. એ તો બહાર પછી કથનની પદ્ધતિ. એવો શુભવિકલ્પ આવે છેને કે હું આમ ન કરું, અશુભભાવ મને ન હો, એમ. સમજાણું કાંઈ? બાકી તો જે સમયે એવો વિકલ્પ આવવાનો છે એ આવશે જ, પણ છે ઝેર. આહા..હા..! એકકોર કહે કે તો પ્રતિમા શું કરવા બનાવો છો? ભાઈએ પ્રશ્ન કર્યો હતો સવારમાં. આવા-આવા મંદિર. ભાઈ! એ શુભભાવ છે તો આવે. એ ચીજ સામે એને કારણે પડી છે. એને કારણે પડી છે.

**શ્રોતા :-** હજી એમાં ધર્મ થાય એમ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ ક્યાંથી થાય? ન બંધાવો. પણ કોણ બંધાવે છે તે ન બંધાવું? સમજાણું કાંઈ? કે બાંધવાની ના પાડો. તો શું એની ક્રિયા થાય એમાં ના પાડવી એ જ કર્તા થયો.

**શ્રોતા :-** કરી શકાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકાય નહિ તો ના પાડવી કે ન કરતા? સમજાણું કાંઈ? કહે નહિ... નહિ... આવી પ્રતિમા અને આવું મંદિર નહિ. પણ કોણ કરે છે તે નહિ કરતા એમ કહેવું? એ પરમાણુ પોતાની પર્યાયથી ત્યાં પરિણમી રહ્યો છે. એ પરમાણુનું કાર્ય છે. શું આત્માનું કાર્ય છે? ભક્તિવાળા શુભભાવનું એ કાર્ય છે? શુભભાવ કર્તા અને એ કાર્ય એમ છે? પણ એવું આવ્યા વિના રહે નહિ. નિશ્ચયમાં વચ્ચે વ્યવહાર પૂર્ણ સ્થિર ન થાય તો આવ્યા વિના રહેતો નથી, પણ છે ઝેર.

**શ્રોતા :-** બધાને આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બધાને. મહા મુનિઓને આવે છે, ગણધરોને આવે, તીર્થંકરોને આવે છે તો શું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

લ્યો **'પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના...'** સમજ્યાને? **'આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.'** એ શુભભાવ છે, વ્યવહારચારિત્ર છે, વ્યવહારપ્રતિક્રમણ છે, વ્યવહારશુભભાવ છે. એને રાગ ન કહો, ધર્મ કહો. ભાઈ! ધર્મ કહીએ. પણ વ્યવહારધર્મ છે. વ્યવહારધર્મ એટલે નિશ્ચયધર્મ નથી. નિશ્ચયધર્મ નથી એટલે શાંતિ આત્માની નથી. સમજને આવી સરસ વાત છે, પ્રભુ! તને કેમ ભગવાન આત્માનું શરણ લેતા બહાર નીકળવું ઠીક પડે છે અને અંદરમાં જાવું તો કહે નહિ... નહિ... નહિ... આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.'** લ્યો. જુઓ, આ વ્યવહારચારિત્ર છે કે નહિ આ બધા? **'બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.'** .. એ શુભભાવ છે. અશુભથી નિવૃત્તિ એ શુભભાવ છે. નિવૃત્તિ લીધીને નિવૃત્તિ? **'નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'**

**શ્રોતા :-** પાપથી નિવૃત્ત એ શુભ વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. પાપથી નિવૃત્તિ એ તો વ્યવહાર છે શુભભાવ. વ્યવહાર ઝેર છે. ઓહો..! એટલું-એટલું સ્પષ્ટ વાંચન કથન છતાં લોકોને અંદરમાં શલ્ય ન ખસે! કહો, **'આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** સમજાણું? એ પણ શુભ વિકલ્પ છે. મને આમ થયું, આવો દોષ લાગ્યો, આવો દોષ લાગ્યો. એ શુભરાગ ઝેર છે. પ્રાયશ્ચિત્ત લેવાનો વિકલ્પ ઝેર છે. ઓહો..હો..!

**શ્રોતા :-** બધા કહે છે કે આફ્રિકા મોકલવું છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**આમાં હિન્દુસ્તાન પૂરતું આ વ્યાખ્યાન છે. આખી દુનિયામાં વ્યાખ્યાન સાંભળવામાં આવે છે. નેનપુરી કહ્યું હતું સંસ્કરણ કરવું એમ કહ્યું હતું. નેનપુરીથી આવ્યું હતું એક મંડળીનું કથન. ઘણા વર્ષ પહેલા કે સોનગઢમાં બ્રોડકાસ્ટ.. શું કહેવાય ઇ? બ્રોડકાસ્ટ કરવું.

વ્યાખ્યાન ચાલે એ આખી દુનિયામાં ચાલે એવું વ્યાખ્યાન છે. એક નેનપુરીથી આવ્યા હતા મંડળી. મંડળ છે એ તો અહીંનું આત્મધર્મ જોઈને એટલા ખુશ થયા. ઓહો..હો..! આ તત્ત્વ! આખી દુનિયામાં પ્રચાર થવો જોઈએ. ત્યાં બે-ત્રણ-ચાર લાખ .. લાવીને બ્રોડકાસ્ટ કરવું. આખી દુનિયાને એ વાત સંભળાવવી. ત્યાં વળી તકરાર થઈ. એ ત્યાં સોનગઢનું હમણા નીકળ્યું એની વાત ઉંચી? અમારા મુનિ અને આપણા પંડિત છે એનું નહિ? સમજાણું કાંઈ? એવી ગડબડી બહુ થઈ. નહિતર એનો કાગળ આવ્યો હતો હોં. કાર્ડ આવ્યું. અહીં સંસ્થા ઉપર કાર્ડ આવ્યું. અમે મંડળે નક્કી કર્યું છે.

**શ્રોતા** :- ઠરાવ કરીને!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઠરાવ કરીને અમે નક્કી કર્યું છે કે સોનગઢનું બ્રોડકાસ્ટ કરવું. આવી ચીજ દુનિયા સાંભળે શું ચીજ છે? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ આ છે એ સાંભળે. લોકો કહે ત્યાં જ છે સોનગઢમાં? બીજે નથી? હવે ભગવાન! સાંભળતો ખરો! પડ્યા રહ્યા.

**શ્રોતા** :- ... કોણ ના પાડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ ના પાડે.

કહે છે **'આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** આહા..હા..! ભાઈ! તારો અમૃતસાગર ભગવાન ઉછળે છે અંદરમાં. એમાંથી આ રાગનું ઉછળવું કાઢવું શુભ એ તો છે નહિ અને પર્યાયમાંથી કાઢવું. અંદરમાં ક્યાં છે? દ્રવ્ય-ગુણમાં રાગ છે જ નહિ. રાગને પ્રગટ કરવાની શક્તિ પણ દ્રવ્ય-ગુણમાં નથી. એક સમયનો ઉઘાડ ઉત્પન્ન કરે છે તો ઝેર છે. **'ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** ગુરુ પાસે કે આજે મને આવું લાગ્યું. એ બધું વલણ છે પરદ્રવ્યના અવલંબન વાળો શુભભાવ. અને **'શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી તે.'** શુભભાવ એ ઝેર. કાળાકેરની વાત લોકોને લાગે કે નહિ? આહા..હા..! અરે..! ભગવાન! સત્ય જ આવું છે, ભાઈ! તારે રાગથી તો ખસવું જ પડશે. જ્યારે જ્યારે તારે શાંતિ લેવી હોય તો રાગથી ખસવું જ પડશે. તો શુભરાગને ઝેર માન્યા વિના ખસે ક્યાંથી? સમજાણું કાંઈ? લ્યો, એ આઠનો અર્થ કર્યો. એ સમયસારની ગાથાનો અર્થ છે.

**'વળી એવી રીતે શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં (૧૮૯માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :'**

**(वसंततिलका)**

**"यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः॥"**

આહા..હા..! અમે તમને એમ કહ્યું કે ભગવાન! પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ એનો આશ્રય

લઈને અમૃતરૂપ થા! એ જ તારી શરણભૂત ચીજ છે. શુભભાવને અમે ઝેર કહ્યું તો એમ સાંભળીને શુભભાવને છોડીને અશુભમાં કેમ આવે છો? શુભભાવને છોડીને સ્થિર કેમ નથી થતો? સમજાણું કાંઈ?

**'જ્યાં પ્રતિક્રમણને જ વિષય કહ્યું છે,...'** જ્યાં શુભભાવ, ચારિત્ર, વ્રતને ઝેર કહ્યું છે. **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?'** ત્યાં અશુભભાવ પાપ, હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના એ અમૃતકુંભ ક્યાંથી હોય? જ્યાં શુભભાવને ઝેર કહ્યું ત્યાં અશુભભાવ અમૃત ક્યાંથી હોય? તો શુભભાવને છોડીને તું અશુભમાં કેમ આવે છો? આહા..હા..! સમજાણું કાંઈ? **'(અર્થાત્ ન જ હોય) તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?'** અમે તો સત્ય માર્ગમાં અંદર પૂર્ણાનંદમાં આરૂઢ થવા માટે શુભભાવને ઝેર કહીએ છીએ. ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં આરૂઢ કરવા અમે શુભભાવને ઝેર કહીએ છીએ. તો એમાં તો આરૂઢ નથી થતા અને શુભભાવથી ખસીને નીચે નીચે અશુભભાવમાં કેમ આવે છો? અરે..! જન! તને આવા પ્રમાદનો ભાવ કેમ થયો? એમ આચાર્ય ખેદ કરે છે. સમજાણું કાંઈ?

**'તો પછી માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?'** અમારો આશય શુભભાવને ઝેર કહેવાનો નિશ્ચયમાં .. લઈ જવાનો છે. શુભભાવને ઝેર કહીને એને છોડીને અશુભમાં આવવું એવો આશય નથી. અશુભ તો ઝેર પહેલાથી છે. એ તો તીવ્ર ઝેર છે કળાકુટ. શું કહેવાય? કાળકુટ ઝેર છે. કાળકુટ ઝેર છે. હળાહળ ઝેર છે અશુભ તો. સમજાણું કાંઈ? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, માન, માયા, કપટ, લોભ ભાવ એ તો હળાહળ ઝેર છે. સમજાણું કાંઈ? કડવો લીંબડો નહિ ખાવો અને ઝેર ખાવું એમ છે? લીંબડો કડવો છે તો કડવું છોડીને કેરી ખા, એમ છે. કાંઈ કડવું છોડીને હળાહળ ઝેર પી એમ છે? કાળીજીરી ખા કાળીજીરી. કાળીજીરી આવે છેને. કડવી બહુ હોય છે કાળીજીરી. કાળીજીરીને શું કહે છે? આવી હોય છે કાળીજીરી કડવી બહુ કડવી. કડવી દવા આવે. એ કરિયાણામાં આવે છે. ઝીણી દાણા-દાણા જેવી હોય અને લોટ જેવું હોય બહુ કડવી. ચા કરે છે કાળીજીરીની ચા. કરે છેને ખબર છે. ચા કરે છે. લીંબડાની કડવાશ અને કાળીજીરીની કડવાશ તો બહુ કડવી... બહુ કડવી... સમજાણું કાંઈ? કહે છેકે શુભને ઝેર કહ્યું તો અશુભ તો ઝેર હળાહળ જ છે. એને છોડીને અશુભ જ્યાં કરવું એ તો નીચે પડવા જેવું છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિષ્પ્રમાદી થયા થકા ઉંચે ઉચેં કાં ચડતા નથી?'** અપ્રમાદી થયા થકા ઉંચે ઉંચે કા નથી ચડતો? સમજાણું કાંઈ? એકવાર આચાર્યે કુંદકુંદાચાર્યે કહ્યું મુળાચારમાં કે અરે..! આત્મા! મુનિને કહ્યું હોં. એ પણ સંથારાના અધિકારમાં લગભગ છે. મુનિ! તું તારે શાંતિ કરજે હોં. તો એવા સમુદાયમાં ન જાવું કે જ્યાં મિથ્યાશલ્ય રાગ ઘુસાડી દેશે. વિપરીત શ્રદ્ધા કહેશે. આમ હોય, આમ થાય ભાઈ આમ કરતા-કરતા.. એવા સંગમાં, મિથ્યાદષ્ટિના સંગમાં ન જતો. એ કરતા લગન

કરજે. શું કહ્યું? લગન કર એવો પાઠ છે મુળાચારમાં. જોયું છે કે નહિ? કહ્યું હતું કે નહિ? પહેલા કહ્યું હતુંને. એ કઈ અપેક્ષાએ કહ્યું?

**શ્રોતા** :- લગન કરવા માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ માટે નહિ.

**શ્રોતા** :- મિથ્યાત્વભાવ છોડાવવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ મિથ્યાદષ્ટિનો સંગ છોડાવવા, મિથ્યાત્વભાવ છોડાવવા કહ્યું છે. મિથ્યાત્વનો ભાવ અનંત પાપ છે તો લગનનો દોષ ચારિત્રદોષ તો અલ્પ પાપ છે. ચારિત્ર દોષ તો દોષ છે ચારિત્ર પણ એ તો અલ્પ પાપ છે. સ્ત્રીનો સંગ કરજે પણ કુસંગમાં ન જતો. ખોસી દેશે ઉંધું શલ્ય. આમ છે ને તેમ છે એમ કરતાં... કરતાં... કરતાં...

**શ્રોતા** :- ધીમે-ધીમે થશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, કરતાં-કરતાં થશે. એમ કાંઈ ચાલે? એ પાંચમા આરાના પ્રાણી છે. એટલું વીર્ય છે કે એકદમ નિશ્ચયમાં ચાલ્યા જાય? એમ કરીને લાકડું ખોસી દેશે તને. તારું શલ્ય .. દર્શન ભ્રષ્ટ થઈ જશે. સમજાણું કાંઈ? એ તો એ પાપ મિથ્યાત્વ છોડાવવા કહ્યું. નહિ કે લગન કરવાનો ભાવ કર તું. એમ કહ્યું છે ત્યાં? એમ અહીંયાં શુભભાવને ઝેર કહ્યું એ છોડાવવા માટે કહ્યું. છોડીને પ્રભુ અંદરમાં ઠરને. અંદરમાં જાને. પ્રભુ! એ તો અમૃતનો કુંડ પડ્યો છે ત્યાં આશ્રય કરને. એ શુભભાવને અમે જેર કહ્યું તો નીચે કેમ પડે છો? અશુભભાવમાં કેમ પડે છો? સમજાણું?

**'નિષ્પ્રમાદી થયા થકા ઉંચે ઉચેં કાં ચડતા નથી?'** ભગવાન આત્માના સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કેમ નથી કરતો? અને નીચે કેમ જા છો? એમ આચાર્યે કહ્યું. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૫, બુધવાર, તા.૨૫-૦૫-૧૯૬૬
## ગાથા-૯૩-૯૪, કળશ-૧૨૩-૧૨૪, પ્રવચન-૭૩

**(मदाक्रांता)**

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम्।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे।।१२३।।**

આચાર્ય મહારાજે મૂળ શ્લોકમાં જે કહ્યું હતું એને અહીંયાં ટીકામાં પદ્મનંદી પદ્મપ્રભમલધારી કહે છે **'આત્મધ્યાન સિવાયનું...'** આત્મા જ્ઞાયકસ્વભાવ શુદ્ધ આનંદ એના આશ્રય સિવાય અર્થાત્ એના ધ્યાન સિવાય **'બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** આહા..હા..! ભગવાન આત્મા એક સમયમાં જ્ઞાયક પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય અથવા ધ્યાન અથવા પોતાની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિપૂર્વક આત્માનો આશ્રય કરતાં થકા જે ધ્યાન થાય છે એ જ આત્માને હિતકર છે. અન્ય શુભાશુભ વિકલ્પ **'બધું ઘોર સંસારનું મૂળ છે,...'** લ્યો અહીં તો વ્યવહારરત્નત્રય પણ સંસારનું મૂળ છે. સમજાણું કાંઈ? ભગવાન ચિદ્‌ઘન આત્મા એનું ધ્યાન એટલે એકાગ્રતા અર્થાત્ દૃષ્ટિમાં એને આશ્રય બનાવીને લીન થવું એ સિવાય કોઈપણ ક્રિયાકાંડ **'બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** ઓહો..હો..! સમજાણું કાંઈ? પાઠમાં કહ્યુંને એ? **'उत्तमअट्ठं झाणमेव'** એમ હતુંને? **'तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं।'** એમાંથી આ કળશ કાઢ્યો છે.

અનેક સમજણ કરી હોય, અનેક વિચારો કર્યા હોય, અનેક વિકલ્પ કર્યા હોય બધું છોડીને **'भूदत्थमस्सिदो'** જ્ઞાયકસ્વરૂપનો આશ્રય કરવો એનું એ ધ્યાન છે. કહો, સમજાણું કાંઈ? પહેલામાં પહેલું એ કર્તવ્ય છે. એ કહે છે એ આત્મધ્યાન. ભગવાન આત્મા અને એની એકાગ્રતા એ ધ્યાન. એ સિવાય **'બીજું બધું...'** ઓહો..હો..! સમજાણું કાંઈ? શુભાશુભભાવ બીજું બધું અસંખ્ય પ્રકારનો અશુભભાવ કે અસંખ્ય પ્રકારનો શુભભાવ એ **'ઘોર સંસારનું મૂળ છે,...'** ઓહો..હો..! કડક ભાષા. બંધનું કારણ છે. ભગવાન આત્મા પોતાનો આશ્રય લીધા સિવાય કોઈપણ પરના આશ્રયે વિકલ્પ ઉઠે છે, વ્યવહાર પરાશ્રય બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? આ પરમાર્થ પ્રતિક્રમણનો અધિકાર ચાલે છે. વ્યવહારપ્રતિક્રમણ આદિ ઘોર સંસારનું મૂળ છે એમ કહે છે. ભારે ભાઈ!

**શ્રોતા :-** બીજા શાસ્ત્રમાં અમૃત કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહારથી અમૃત કહ્યું, નિશ્ચયથી ઝેર. વ્યવહારથી અમૃત કહ્યું તો એનો અર્થ શું? એમ છે? બસ, એ શીખી લેવું કે એમ છે નહિ. પણ અમૃત પોતાન સ્વરૂપના ધ્યાનમાં અમૃત ઉત્પન્ન થયું એની સાથે વિકલ્પને આરોપ દઈને અમૃત કહ્યું. એ અહીંયાં ઘોર સંસારનું મૂળ કહ્યું. આહા..હા..! ભારે વાત, ભાઈ! દિગંબર સંતોની તીવ્ર વાણી રહસ્ય એમાં સમજી શકે છે. શું કહે છે? સ્વ ચૈતન્યસ્વરૂપ બિરાજમાન તને આશ્રય કરવાલાયક, અવલંબન કરવાલાયક એ જ પહેલામાં પહેલા છે, બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! જ્યારે જ્યારે તારું કરવું હોય તો આત્મા કેવો છે એનું ધ્યાન કરવું, એકાગ્ર થવું એ જ તને કર્તવ્ય છે, બાકી બધું સમજવાની ચીજ છે. આહા..હા..! રાડ પાડે છે લોકો. એ કહે કે નહિ. મોક્ષમાર્ગ ત્રણે એમાં એક-એક છે એનો જ ભેદ છે. એનો જ ભેદ છે વ્યવહારે, એમ. એવું આવે છે ક્યાંય? એય..! વજુભાઈ! તમારે ક્યાં પંડિતજીને યાદ રાખવું છેને. તમારે ક્યાં રાખવું? નિયમસારમાં આવે. આ

ત્રણના ભેદ કરીને કહેશું આવે છે કે નહિ શરૂઆતમાં? અરે..! ભગવાન! એ તો ભેદનો અર્થ જ એ વસ્તુ નહિ એનાથી વિરૂદ્ધ બીજી વસ્તુ છે.

અહીં તો કહે છે એકાકાર ચૈતન્યબિંબ અંતર્મુખ આખો પૂર્ણ સ્વભાવ એનો આશ્રય કરવો એ જ તારું કર્તવ્યમાં કર્તવ્ય એ જ છે. સમજાણું કાંઈ? એ પહેલા કહ્યું હતુંને **'णियमेण य जं कज्जं'** પહેલા પદમાં આવી ગયું છે. **'णियमेण य जं कज्जं'** નિયમથી કર્તવ્યલાયક હોય તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ દ્રવ્યસ્વભાવ એમાં એકાગ્ર થવું એ જ કર્તવ્ય કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? કાંઈ સાધારણ શબ્દ નથી મૂક્યો. **'બીજું બધું...'** એ સિવાય **'બીજું બધું ઘોર સંસારનું મૂળ છે,...'** ભગવાન મોક્ષનું મૂળ છે. સમજાણું કાંઈ? પ્રભુ અતીન્દ્રિય આનંદ પ્રભુ પોતાનું નિજસ્વરૂપ એ મોક્ષનું મૂળ છે અને વિકાર એ ઘોર સંસારનું મૂળ છે. બેય ભિન્ન-ભિન્ન છે. સમજાણું કાંઈ?

**'ધ્યાન-ધ્યેયાદિક સુતપ...'** મુનિ પણ ધ્યાન અને ધ્યેય એવો શુભવિકલ્પ એવા વિકલ્પવાળું સુતપ મુનિપણું. શુભવિકલ્પરૂપ મુનિપણું, વ્યવહારરૂપ મુનિપણું. પંચમહાવ્રત આદિ ધ્યાન-ધ્યેયના ભેદરૂપ ત્યાં લઈ ગયા. પંચમહાવ્રત તો ઠીક. પણ ધ્યાન-ધ્યેયના વિકલ્પરૂપ એમ ત્યાં લઈ ગયા. સમજાણું કાંઈ? એવું જે વિકલ્પવાળું શુભતપ **'કલ્પનામાત્ર રમ્ય છે;...'** કલ્પનામાત્ર રમ્ય છે. **'આવું જાણીને...'** આવું જાણીને. આ જાણીને. લ્યો. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા અંતરમાં એકાગ્ર થવું એ જ મુક્તિનું મૂળ છે. એનાથી વિરૂદ્ધ જેટલા વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો, ધ્યાન-ધ્યેયના ભેદનો રાગ બધું બંધનું કારણ છે. એ **'કલ્પનામાત્ર રમ્ય છે;...'** કલ્પનામાત્ર. કે ઓહો..હો..! વ્યવહારતપ મુનિપણું, વ્યવહાર આચરણ. સમજાણું કાંઈ? પણ કહે છે કે કુંદકુંદાચાર્યે પણ પાળ્યા છે, પંચમહાવ્રત પાળ્યા છે, વ્યવહારરત્નત્રય પાળ્યા છે. અરે..! ભગવાન! એ તો નિમિત્તમાત્ર, ભાઈ! છે, વચ્ચે આવે શું કરે? **'हन्तः'** ખેદ છે કે વચ્ચે વ્યવહાર આવે છે. સમજાણું કાંઈ? ખેદ છે કે સ્વરૂપના આશ્રય સિવાય પૂર્ણ આશ્રય ન હોય તો એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. પણ છે રમ્યમાત્ર, કલ્પનાથી રમ્ય છે. વસ્તુથી રમ્ય છે નહિ. એમાં રમવાલાયક નથી. વ્યવહારરત્નત્રયમાં રમવાલાયક નથી.

**'આવું જાણીને ધીમાન...'** એને જ ધીમાન કહે છે. બુદ્ધિવાળો. એ જ બુદ્ધિમાન. આહા..હા..! ભગવાન આત્મામાં અંતર સન્મુખની જે એકાગ્રતા થઈ એ જ અને બીજા રાગાદિ બધું બંધનું કારણ છે **'એવું જાણીને ધીમાન સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (લીન થતા) એવા...'** ઓહો..હો..! **'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** આહા..હા..! અમૃત-અમૃતનું પૂર. ભગવાન પરમાનંદનું પૂર. શું કહે છે આ? નદીમાં ઘોડાપૂર નથી આવતું? ઘોડાપૂર સમજો છો? ઇ બસ એ. ઘોડા જેટલા ઉભા હોય એટલું-એટલું પાણીનું પૂર આવે. એનું નામ ઘોડાપૂર કહે છે. એટલા હોં. અહીં કાંઈ ન હોય. આવે ઘોડાના વેગે પાણી. અમારે તો નદી મોટી છેને ઉમરાળા. મોટી નદી છે. ૨૦ કોષ પાણી. અહીં કોઈ પાણી ન હોય, વાદળું ન હોય, વરસાદ ન હોય, છાંટોય ન હોય અને

ઉપરથી પાણી એટલું .. ચાલ્યું આવે હોં .. સમજ્યા? એક માણસ દોડતા આવ્યા. અમે તો નાના છોકરાઓ હતા તો નદીમાં રમતા હોય તો રાડ પાડે બહારથી નીકળી જાઓ ઘોડાપૂર આવ્યું. ઘોડાપૂર એટલે શું એ સમજતા નહિ. એક માથોડા કહેને. બહુ વરસાદ ઉપર હોયને દસ-દસ ઇંચ તો ચારેયકોરના નદી-નાળાનું પાણી ભેગું થઈને એટલું દળ હોં પાણીનું. એમ ભગવાન આત્મા પરમાનંદરૂપી પીયૂષ અમૃતનું પૂર છે અહીં તો કહ્યું. આહા..હા..! ક્યાં હશે એ? આ આત્મા જ આખો ચૈતન્યમૂર્તિ આનંદપૂર પડ્યું છેને. આહા..હા..!

પરમ સ્વભાવિક પરમ આનંદ. સ્વભાવ જ જેનો પરમ આનંદસ્વરૂપ છે. એવો પીયૂષ-પ્યાલો, અમૃતનો પ્યાલો પડ્યો છે અંદર. એનું પૂર નીકળે છે. એમાં '**ડૂબતા એવા...**' આહા..હા..! મુનિને તો શબ્દો પણ થોડા પડે છે. પૂર્ણાનંદ પીયૂષ અમૃત એનું પૂર એમાં '**ડૂબતા (લીન થતા) એવા...**' ઘૂસતો થકો, અંદરમાં એકાકાર થતો એવો. ધર્માત્મા પરમાનંદમાં ડૂબતા એવા. '**એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.**' જુઓ, આવ્યું એ. એવા એક ડૂબતા એવા એવા એક સહજ પરમાત્મા એનો આશ્રય કરે છે. એક જ વાત છે. સમજાણું કાંઈ? પહેલા રુચિમાં, શ્રદ્ધામાં એવું જામે કે હું આત્મા પૂર્ણાનંદ એ તરફનું વલણ એ જ મારું કર્તવ્ય છે, બીજું કોઈ કર્તવ્ય છે નહિ. સમજાણું કાંઈ? એ જ પહેલામાં પહેલું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલા કહે છેને એ ૨૯૫ ગાથામાં નથી? સમયસારમાં આવ્યું છેને. એ પહેલા આવ્યા હતાને બંસીધરજી હતા ત્યારે. કઠણ પડ્યું હતું નહિ? પહેલા શું? ૨૯૫ આવી હતી. એ આવ્યા હતાને બંસીધરજી. પહેલા આવ્યા હતા શ્લોક. '**આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા...**' પહેલા શું? એ ગાથા આવી હતી. બંસીધરજી આવ્યા હતા ત્યારે. આહા..હા..! આ તો કહે એવું કાઢે છે. નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... વ્યવહાર આવે તો એનો તિરસ્કાર કરે છે. નિશ્ચય.. ભગવાન આમ નિશ્ચય આવે તો ગળુ પકડે એમ કહે છે. હવે તો ઘણું ફરી ગયું. જુઓ, ટીકા છે હોં. ૨૯૫. મોક્ષ અધિકાર. અમૃતચંદ્રાચાર્ય. આત્મા આનંદસ્વરૂપ અને રાગ બંધસ્વરૂપ બેયના '**નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી...**' એના જ્ઞાનથી '**સર્વથા જ છેદવા...**' બિલકુલ છેદવા. જ્ઞાયક તરફ ઢળવું. રાગને છેદીને જુદા કરી દેવા. એ પહેલામાં પહેલું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? એ '**तावत्**' શબ્દ પડ્યો છે હોં સંસ્કૃતમાં. '**तावत्**' '**तावत्**' પ્રથમ. પ્રથમ શું તારું કર્તવ્ય છે? ભગવાન આનંદ પીયૂષ અને રાગ ઝેર સ્વરૂપ ઘોર મૂળ કહ્યુંને ઘોર મૂળ? ઘોર મૂળ સંસાર બેનું લક્ષણ જાણીને આત્મા તરફ એકાગ્રતા થવી એ પ્રથમમાં પ્રથમ મોક્ષમાર્ગીનું એ કર્તવ્ય છે. '**तावत्**' શબ્દ પડ્યો છે જુઓ પ્રથમ હોં. પ્રથમ... પ્રથમ... પ્રથમ... કોઈ પૂછે કે પહેલા શું? કે પહેલા ઇ. પહેલા તું. બીજું કોણ છે? સમજાણું કાંઈ? એ ગાથા ચાલી હતી. એ ૨૦૦૨માં. ૨૦ વર્ષ થયા. બંસીધરજી આવ્યા હતાને પહેલા તો એ ગાથા ચાલતી હતી બપોરે. સવારમાં પ્રવચનસારની ચાલતી હતી એ ૪૮-૪૯. ધડાકા.. સામાન્ય વિશેષ શું? સામાન્ય

વિશેષમાં શું છે? સામાન્ય પદાર્થ છે એમાં વિશેષ દશા થાય છે. કોઈ નિમિત્તથી, પરથી વિશેષ દશા થાય છે એ ત્રણકાળમાં વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? જે સામાન્ય ચીજ છે, ધ્રુવ ચીજ છે એનાથી વિશેષ દશા થાય છે. સામાન્યની વિશેષતા છે. એમાં શું છે? અરે..! એમાં બધું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીંયાં કહે છેને **'એવા સહજ પરમાત્માનો...'** એ સામાન્ય. **'આશ્રય કરે છે.'** એ વિશેષ. સમજાણું કાંઈ? એક ભગવાન પૂર્ણ સામાન્ય ધ્રુવસ્વરૂપ, સામાન્ય એનો આશ્રય કરે વિશેષ. એ વિશેષ દશા. એ ધ્રુવની વિશેષદશા છે. એ સામાન્યમાંથી વિશેષ આવે છે. એ વિકલ્પ-વિકલ્પ રાગ અને વ્યવહારમાંથી વિશેષ આવે છે એમ નથી. સમજાણું કાંઈ? અરે..! માંડ મનુષ્યપણાની મોસમ મળી, જન્મ-મરણનો અંત કરવાનો કાળ, એમાંથી એક સમય પણ એને (વ્યર્થ ગુમાવવી ન જોવે)! મહામોંઘી ચીજ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, બુદ્ધિમાન પુરુષને કહે છે. જ્ઞાનવાન જાણકાર એને કહે છે. ભગવાન સહજ સ્વભાવિક પરમાનંદનું અમૃતનું પૂર પડ્યું છે. પ્રભુ એનો આશ્રય લઈને એ સહજ પરમાત્માના આનંદમાં ડૂબતો એવો. પાણી હોય તો જાય છેને અંદરમાં? બહુ પાણી હોય એમાં ઘૂસી જાય છેને? તાગ લે છે તાગ. તાગ સમજો છો? બહુ પાણી હોયને કૂવો હોયને કૂવો. તો એ પાણીમાં છોકરા પડે સીધા. અમારે કોષીયા કહે છે અહીંયાં. તમારે કોઈ ભાષા હશે. સીધા પડે આમ.

**શ્રોતા :-** પછી તરીને ઉપર આવી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, પછી આમ સીધા પડે કૂવામાં. અમે તો બધું જોયેલું છેને. બહુ કર્યું નથી. થોડું કર્યું હતું. કૂવો હતો અમારે નદીની બહાર છેને. બહાર છે. એ પાણીમાં બહુ છોકરા જાય. સર્પ હોય ચારે બાજુ સર્પ હોં. પણ કરડે નહિ. ઇ પાણીના સર્પ. આમ ઉપર પડે એવા. આમ ઉભા કોષિયા. કોષ નથી હોતી? કોષ શું? ખોદવાની. લોઢાની. લોઢાની નથી હોતી? આમ નાખેને લોઢાને પાણીમાં? એમ કૂવામાં છોકરાઓ ૧૦-૧૨ વર્ષના ૧૫-૧૫ વર્ષના આમ સીધા જાય. પડીને નીચે જાય. એ નીચેથી તાગ લઈ આવે. તાગ નામ નીચે જે રેતી છેને રેતી? એ લઈ આવે કાંકરી. એટલે .. ન નીકળે પહેલા. નીકળતા વાર લાગે. તાગ લઈ આવ્યા એમ કહે. નથી કહેતા તમારે હશે કાંઈક. એ તો બધે ઠેકાણે હોયને. ભાષા તો બધે હોય. બરાબર છે તાગ લઈ આવ્યા. ડૂબીને. ડૂબીને અંદર એકદમ આમ.. આમ પડે આડા તો ન દેખાય, સીધા પડે આખા કોષની ઘોડે. એય..! નિહાલભાઈ! અહીં કહે છે કે સીધા ભગવાન સહજાનંદના પૂરમાં પડે. તાગ લઈ આવે પરમાનંદના પીયૂષનો અમૃત અનુભવ કરે. આ એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

**'એક સહજ...'** જુઓને ભાષા પણ બધામાં **'સહજ પરમાનંદરૂપી પીયૂષ...'** એના પૂરમાં ડૂબ્યા. એનો સ્વભાવ લીધો. પછી આ એક સહજ પરમાત્મદ્રવ્ય લીધું. સમજાણું કાંઈ? એક સહજ

ભગવાન પરમાત્માનો આશ્રય કરીને. જુઓ, આશ્રય કરતા લીધું છે હોં. સમજાણું કાંઈ? **'प्रपेदे'** છેને? **'प्रपेदे'** એનો અર્થ છે. આ લાખ વાતની વાત કહે છે કે એ ધ્યાન ચિદાનંદ મૂર્તિ ધ્રુવ છે એમાં ડૂબવું, એકાકાર થવું એ જ એનું કર્તવ્ય છે.

**શ્રોતા :-** બીજું કોઈ કામ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એનું એ કર્તવ્ય મોક્ષમાર્ગી તો આ છે. એનાથી મોક્ષમાર્ગ શરૂ થાય છે. એ સિવાય લાખ વાત કરે, અનંતી કરે, એના ઘરે જાય. એના અંતર ઘરમાં આવતા નથી. સમજાણું કાંઈ? એ કૂવાની વાત .. છોકરો કે ... તાગ લઈ આવે, બહુ વેળુ લઈ આવ્યો, ઓલો થોડું લઈ આવ્યો. આ કહે કે તારો પત્તો લીધો કે હું કોણ છું? સમજાણું કાંઈ? એક સહજ પરમાત્માનો આશ્રય કરે છે એ જ નિશ્ચયપ્રતિક્રમણ કહેવામાં આવે છે, એને સાચું ચારિત્ર કહેવામાં આવે છે. એ ચારિત્ર મોક્ષનો માર્ગ છે. ૯૨ થઈ. ૯૩.

**झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं**
**तम्हा दु जाणमेव हि सव्वदिचारस्स पडिकमणं।।९३।।**

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને,**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

લ્યો, સૌ અતિચારમાં પાપનું... સમજાણું કાંઈ? અતિચારને ટાળવાનું કારણ એ ધ્યાન છે. બાકી બહારના વિકલ્પ કહે ભગવાન મને આવો દોષ લાગ્યો. એ બધો ઠીક વ્યવહાર છે.

**'ટીકા :- અહીં (આ ગાથામાં) ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.'** પ્રતિક્રમણની ગાથા ૯૨ પૂરી થઈ. આ ૯૩ છે. **'જે કોઈ પરમજિનયોગીશ્વર સાધુ...'** અહીં તો ચારિત્રનો અધિકાર છેને? સમ્યગ્દર્શન તો પહેલા થયું છે સ્વચૈતન્યના આશ્રયે. પરમાનંદ પીયૂષ પ્રભુ એના આશ્રયે સમ્યગ્દર્શન પહેલામાં પહેલી કરવાની ચીજ એ તો ઉત્પન્ન થઈ ગઈ છે. પછી મુક્તિનો અભિલાષી ભગવાન આત્મા સાધુ. પરમજિનયોગીશ્વર. પરમજિનયોગીશ્વર કહ્યું. કારણ કે બીજામાં યોગ કરે છે અને આત્માનું ધ્યાન કરે છે અને આ કરે એ તો બધું ફોક છે. એમાં આવી ચીજ છે નહિ. અસ્તિ એક સમયમાં અનંતગુણનો પિંડ પ્રભુ એમ છે નહિ. સમજાણું કાંઈ? અખંડ એક આત્મા અનંતગુણનો રાશિ છે. બીજામાં એ વાત છે નહિ. સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર સિવાય, વીતરાગ સિવાય આ વાત બીજે છે નહિ. માટે પરમજિનયોગીશ્વર કહ્યું. જૈન પરમાત્માએ કહેલો આત્મા એમાં જેની દૃષ્ટિ અને સ્થિરતા જામી ગઈ છે એવા જિનયોગીશ્વર સાધુ. યોગમાં પણ ઈશ્વર લ્યો. પરમજિન અને યોગીશ્વર. એવા સાધુ. ઓહો..હો..! આ પંચમ કાળના મુનિ, પંચમ કાળના મુનિની વાત કરે છે.

**'અતિ-આસન્નભવ્ય...'** ઓહો..હો..! જેને અલ્પકાળમાં આમ કેવળજ્ઞાન દેખાય છે. અલ્પકાળમાં મુક્તિ આવશે. અલ્પકાલમાં સિદ્ધપદની રમણીય સિદ્ધપદદશા અલ્પકાળમાં

આવવાની છે. એ **'જીવ, અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો...'** જુઓ, અધ્યાત્મભાષાએ. અધ્યાત્મભાષા. લ્યો, અધ્યાત્મભાવ તો અંદર પણ એ અધ્યાત્મભાષામાં **'પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** લ્યો, ભગવાનસ્વરૂપ આત્મા એના આશ્રયે જે ધ્યાન ઉત્પન્ન એનું નામ નિશ્ચયધર્મધ્યાન છે. ક્યાં ગયા કાંતિભાઈ? પૂછતા હતાને કાંઈ? ધર્મધ્યાનમાં કેટલા બોલને? આ જુઓ ધર્મધ્યાન આ નિશ્ચય. બાકી વિકલ્પ ઉઠે છે એ વ્યવહારધર્મધ્યાન પુણ્યબંધ કહેવામાં આવે છે. આહા..હા..! એ ધ્યાનનું પ્રતિક્રમણ આવે છેને શું કહેવાય? ધ્યાનનું શું કહેવાય? ચારિત્ર. ધર્મધ્યાનનો કાયોત્સર્ગ આવે છે એય..! ભગવાનભાઈ! એમાં નથી આવતું ઓલું? અનંતવાર આવું કર્યું, સમકિત વિના એવો ધર્મધ્યાનનો કાયોત્સર્ગ આવે છે. અનંતવાર સમકિત વિના એવી કરણી કરી પણ જન્મ-મરણનો અંત આવ્યો નહિ. એમ બોલે પણ સમકિત શું એની ખબર ન મળે કાંઈ. એય..! હરિભાઈ!

કહે છે કે અધ્યાત્મભાષા, આગમભાષા કે બીજી નહિ આ તો **'અધ્યાત્મભાષાએ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત...'** પૂર્વે કહેલું એવું સહજાનંદ પ્રભુ સ્વાત્મા પોતાનો નિજાનંદ ભગવાન એને આશ્રિત, એને આશ્રિત, એને અવલંબે નિશ્ચયધર્મધ્યાન જે થયું એ ધર્મધ્યાન નિશ્ચય. એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ નિશ્ચયધર્મધ્યાન એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ ધર્મધ્યાન (અને) એ જ મોક્ષનો માર્ગ. આહા..હા..! **'લીન થયો થકો...'** પોતાના પુરુષાર્થથી પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે લીન થયો થકો. એમ કહે છે જુઓ. કર્તાપણે કહે છેને? પોતાના આશ્રયે લીન થયો થકો. કર્મનો આશ્રય ઘટે, કર્મ મંદ પડે તો આશ્રયથી લીન થયો થકો એમ નથી. આહા..હા..! પામર-પામર માની લે પોતાને. પરમેશ્વરને પામર માન્યો, કેટલો અપરાધ! અબજપતિને કોઈ ભિખારી કહે. ઓળખ્યો નહિ એને. અબજોપતિને કહે એ તો ભિખારી છે, રાંક છે. એ સમજે? એને ખબર છે કે હું રાંક છું? મને ખબર છેને કે હું કેવો છું એ. સમજાણું કાંઈ? એમ આત્માને કોઈ કહે કે તું તો સંસારી છે, તું તો રાગી છો, તું તો ગતિવાળો છે. કહે નહિ, હું એવો નથી. કેવો છો? હું તો અખંડ આનંદ કંદ પરમાત્મસ્વરૂપ હું છું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિશ્ચયધર્મધ્યાનમાં લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે...'** લ્યો, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અભેદ ચિદાનંદસ્વરૂપ એમાં અભેદ એકાકાર થઈને સ્થિત રહે છે. **'અથવા સકળ ક્રિયાકાંડના આડંબર વિનાનું...'** આહા..હા..! સકળ ક્રિયાકાંડ આમ કરવું, વ્યવહારપ્રતિક્રમણ અને વ્યવહારપ્રતિસરણ અને એવું ધ્યાન કરવું ભગવાનનું અવલંબન લઈને, એવો સવિકલ્પ, એવી ક્રિયાકાંડ, પંચમહાવ્રતના પરિણામ અને બાર વ્રતના વિકલ્પ ને એ ક્રિયાકાંડનું આડંબર એ તો આડંબર છે. આહા..હા..! એ વિનાનું. એ ક્રિયાકાંડના વિકલ્પ વિનાનું **'વ્યવહારનયાત્મક ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું...'** કેટલું સિદ્ધ કરે છે! **'વ્યવહારનયાત્મક ભેદકરણ...'** **'ભેદ કરવા તે; ભેદ પાડવા તે. (સમસ્ત ભેદકરણ ધ્યાન-ધ્યેયના વિકલ્પ સુદ્ધાં વ્યવહારનયસ્વરૂપ**

**છે.)'** જુઓ, ભગવાન આત્મા ધ્યાન કરવાલાયક છે, ધ્યાન અને ધ્યેય એ છે એવો અંદર વિકલ્પ છે એ પણ વ્યવહારનયસ્વરૂપ છે. એ વિકલ્પ છે એ પણ વ્યવહાર. પંચમહાવ્રત આદિ તો વ્યવહારનયસ્વરૂપ છે જ, વ્યવહારરત્નત્રયનું સ્વરૂપ તો વ્યવહારનયસ્વરૂપ છે જ, પણ ધ્યાન-ધ્યેયનો વિકલ્પ પણ વ્યવહારનયસ્વરૂપ છે. ઓહો..હો..! એ પણ છોડવાલાયક છે. કઠણ ભાષા, કઠણ ભાષા! લોકોને એવી લાગે કે આહા..હા..! અહીં તો ઇષ્ટોપદેશમાં પણ આવે છે. આ તો ઇષ્ટ ઉપદેશ જ આ છે.

**શ્રોતા :-**. ધ્યાન ધ્યાતા ધ્યેય એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ. પણ એ કહે છે સાતમા ગુણસ્થાનમાં હોય છે, એમ કહે છે. સ્વરૂપાચરણ કહે છેને. છ ઢાળામાં આવે છેને?

**'વ્યવહારનયાત્મક ભેદકરણ તથા ધ્યાન-ધ્યેયના વિકલ્પ વિનાનું...'** લ્યો, એવા ધ્યાન-ધ્યેયના (વિકલ્પથી રહિત). આહા..હા..! **'સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...'** પાંચ ઇન્દ્રિયથી ગમ્ય નથી ભગવાન. મનથી ગમ્ય નથી પ્રભુ. રાગથી પકડાય નહિ એવો ભગવાન આત્મા અગમ્ય છે ઇન્દ્રિયસમૂહથી. **'એવું જે પરમતત્ત્વ...'** જુઓ, એવો ભગવાન પોતાનો પરમભાવ, પરમપારિણામિક તત્ત્વ, પરમ શુદ્ધભાવ જે **'શુદ્ધ અંતઃતત્ત્વ,...'** પરમતત્ત્વ અર્થાત્ જે શુદ્ધ અંતઃતત્ત્વ, શુદ્ધ અંતઃતત્ત્વ, પુણ્ય-પાપ તો દૂર રહો, સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય પણ શુદ્ધ અંતઃતત્ત્વ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'શુદ્ધ અંતઃતત્ત્વ, તે સંબંધી ભેદકલ્પનાથી...'** તે સંબંધી, તેના સંબંધી ભેદકલ્પનાથી **'નિરપેક્ષ...'** એની પણ અપેક્ષા જેમાં નથી. ઓહો..હો..! નિરપેક્ષ ભેદકલ્પનાથી ઉદાસીન, ભેદકલ્પનાથી નિઃસ્પૃહ, અપેક્ષારહિત **'નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપે...'** **'શુદ્ધ અંતઃતત્ત્વ, તે સંબંધી ભેદકલ્પનાથી નિરપેક્ષ...'** છે. જુઓ, નિરપેક્ષ. વળી જૈનશાસનમાં નિરપેક્ષ ન હોય એમ કહે છે કેટલાક. એ તો વ્યવહારથી સાપેક્ષ છે, નિશ્ચયથી જૈનધર્મ નિરપેક્ષ છે. વ્યવહારરત્નત્રયની નિશ્ચયરત્નત્રયમાં અપેક્ષા નથી. નિશ્ચયથી નિશ્ચયરત્નત્રયમાં વ્યવહારરત્નત્રયની અપેક્ષા નથી. વ્યવહારથી, વ્યવહારરત્નત્રયની વ્યવહારથી સાપેક્ષતા છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

**શ્રોતા :-** ... પકડાય એવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વ્યવહારથી વ્યવહાર સાપેક્ષ છે. નિશ્ચયથી પોતાનું નિશ્ચયરત્નત્રય નિશ્ચયથી વ્યવહારની અપેક્ષા વિનાનો છે. વ્યવહારનયથી છે વ્યવહારનયથી જાણવાલાયક છે, વ્યવહારથી વ્યવહાર સાપેક્ષ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પણ, એનું પરમ પ્રભુ એનું એવું માહાત્મ્ય નથી આવતું અને માહાત્મ્ય વિના કોઈ... કોઈ... કોઈ... એવું મળી જાય કારણ બહારથી. કરતાં-કરતાં અંદર થઈ જાય. પામર... પામર... પામર... તે કેટલો પામર. પ્રભુતાની પ્રાપ્તિ પામરથી થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આઠ વર્ષનું બાળક પણ

રાજકુમાર જુઓને .. ૧૮-૧૮ વર્ષના .. કેવા? રવિકીર્તિ આદિ સો છોકરા હોં સો. ભરતના સો. ભરતેષમાં આવે છે. ભરતેષવૈભવમાં આવે છે. સો દીકરા. આમ ૧૮ વર્ષના. બધામાં પૂર્ણ. શાસ્ત્રમાં નિપુણ, જ્યોતિષમાં નિપુણ એટલી બુદ્ધિ ૧૮ વર્ષમાં હોં. ૧૮ વર્ષ. ગેડીદડો રત્નનો લઈને રમતા હતા લ્યો રમતા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! સાંભળ્યું, જયકુમાર દીક્ષીત થયા. ચક્રવર્તી ભરત પિતાજીના જે લશ્કરી અધિપતિ જયકુમાર.. સુલોચના નહિ? સેનાપતિ. સેનાપતિ ૮૪ કરોડ સમજાણું? એવો એનો અધિપતિ દીક્ષીત થયો. સાંભળ્યું. ચાલો ભગવાન પાસે. ભગવાન પાસે ગયા. મણિરત્નની તલવાર, એ કપડા અને ૧૮-૧૮ વર્ષના હોં સો-સો દીકરા. અભેદ જગાડી દીધો. સોએ મુક્તિગામી. ભગવાન પાસે જઈને સમવસરણમાં દિગંબર મુનિ. એકદમ દિગંબર મુનિ. અહીં તો રમતા હતા હજી. તો પહેલા શું કરવું એને? સમજાણું કાંઈ? આહા..હા..! છોડીને સ્વરૂપની રમણતામાં લાગી ગયા અંદર. ભગવાન અમને ભાવલિંગ રહો. અંતરથી પ્રગટ્યું. આહા..હા..! જમીન ઉપર ચાલતા હોય સિદ્ધ જાણે સિદ્ધ. એકલો અમૃતનો પિંડ કુંડ અનુભવ કરતાં-કરતાં ચાલ્યા ગયા.

કહે છે, એ બધું અંતઃતત્ત્વ નિશ્ચયશુક્લધ્યાનમાં તો પરની અપેક્ષા કાંઈ છે નહિ. એ નિશ્ચય ધર્મધ્યાનમાં પણ પરની અપેક્ષા ખરેખર નથી. પણ ધર્મધ્યાનમાં શુદ્ધિ ઓછી છે અને શુક્લધ્યાનમાં શુદ્ધિ વિશેષ એ અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. **'સ્થિત રહે છે, તે (સાધુ) નિરવશેષપણે...'** નિરવશેષપણે બિલકુલ બાકી રાખ્યા વિના **'અંતર્મુખ હોવાથી...'** આમ અંતર્મુખ લગની લાગી અંદરમાં. મહાન પદાર્થ દૃષ્ટા-જ્ઞાતા અંદર થઈ ગયા. **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે;...'** જુઓ, સમજાણું કાંઈ? એ શુભ કે અશુભરાગ બધો. શુભ અને અશુભ પ્રશસ્તરાગ. પરની ભક્તિ આદિ બધું છોડીને. પ્રશસ્તનો વિષય લીધો છેને. પંચાસ્તિકાયમાં લીધું છે. શુભરાગનો વિષય શું? કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ પ્રશસ્ત રાગનો વિષય છે. એ પ્રશસ્ત રાગ છોડીને, પોતાના સ્વભાવનો આશ્રય કરે છે **'મોહરાગદ્વેષનો પરિત્યાગ કરે છે;...'** પરિત્યાગ હોં પાછું. થોડું નહિ. કેટલા શબ્દો વાપરે છે! **'નિરવશેષપણે...'** મોહરાગદ્વેષની અસ્થિરતાનો સર્વથા ત્યાગ કરે છે.

**'તેથી (એમ સિદ્ધ થયું કે) સ્વાત્માશ્રિત...'** સ્વાત્માશ્રિત. ભગવાન પરમાનંદ પ્રભુ એનું અસ્તિત્વ, એની મોજુદગી, એનું પરમધાન, એના આશ્રયમાં, આશ્રય લેતા જ કહે છે કે નિશ્ચય ધર્મધ્યાન પ્રગટ્યું **'અને નિશ્ચયશુક્લધ્યાન...'** લ્યો. બેયના આશ્રયે લ્યો. સ્વાત્માશ્રય બેય લીધું અહીંયાં તો. સરવાળામાં. પહેલી શુદ્ધિ થોડી છેને? સ્વ ભગવાન આત્માથી. કોઈ વિકલ્પ-ફિકલ્પને આશ્રયે નહિ. વ્યવહારની અપેક્ષા નિશ્ચયમાં નથી. સમજાણું કાંઈ? મોટી-મોટી વાત કરે છે એમ લખે છે હોં એક. ... બોલ બહાર પાડ્યાને. આ દિગંબર મોટી-મોટી વાત કરે છે! પણ એ મોટી વાત નથી, પ્રભુ! એ માર્ગ જ એવો છે. સમજાણું કાંઈ? એ ૮૪ બોલ બહાર પાડ્યા છેને.

યશોવિજયે દિગંબરની ભૂલ કાઢી છે. એમાં ... થયો છે. શ્વેતાંબરમાં. સાડા ત્રણસો વર્ષ પહેલા. તો એમાં એક એવો બોલ છે કે મોટી-મોટી વાત કરે છે, પણ શું કરવું એ બતાવતા નથી. પહેલા આ કરો, કાંઈક કરો એમ બતાવે તો કાંઈક કરવું એ કહે. એવું ને એવું અહીં કહે છે દિગંબરમાં. અરે..! એ ૮૪ બોલ છે. અમે તો વાંચ્યા છે ૮૪. .. સાલમાં જોયા હતા પહેલા. અહીંયાં છે પુસ્તક. ૮૪ બોલ છે. દિગંબર શું કહેવાય? દિગપથ ૮૪. દિગપથ ૮૪ બોલ સમજ્યા? એમાં એવો એક બોલ છે એ તો 'નિશ્ચયનય પહેલા કહે, પછી લે વ્યવહાર. ભાષા ક્રમ જાણે નહિ જૈનધર્મનો સાર.' હવે ભાષાનો ક્રમ જૈનધર્મમાં આવે? મોટા ગોથા ખાધા. સમજાણું કાંઈ? ભણેલા-ભણેલા. કેટલું ભણેલા હોં. મગજ બહુ. ક્ષયોપશમ ઘણો. એમાં શ્વેતાંબરમાં મહામહોપાધ્યાયનું બિરૂદ કાશીથી મળ્યું. મહામહોપાધ્યાય. ૮૪ બોલમાં એક બોલ આ કહ્યો કે નિશ્ચય પહેલા કહે છે લોકો. નિશ્ચય જ પહેલા છે.

**શ્રોતા** :-નિશ્ચય પહેલા હોય તો જ વ્યવહાર ચાલેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહે કે નહિ, પહેલા વ્યવહાર હોય પછી નિશ્ચય થાય. વ્યવહાર પછી નિશ્ચય. ઓલા કહે છે કે દિગંબર પહેલા નિશ્ચય કહે છે. માટે એની ભૂલ છે. પહેલા વ્યવહાર કહેવો જોઈએ. આ દિગંબરના માણસો કહે છે કે પહેલા વ્યવહાર જોઈએ. ધન્નાલાલજી! એ પુસ્તક છે અહીંયાં. તમે જોયું કે નહિ?

**શ્રોતા** :- તે દિ' પંડિતોને બતાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બતાવ્યું હતું. પંડિતોને બતાવ્યું હતું. અહીંયાં જ્યારે ત્રીજી સાલમાં અહીંયાં થયું હતુંને. લાવોને એય..! પુસ્તક છે કે નહિ? એ ત્રીજી સાલમાં પંડિતોને બતાવ્યું. અહીં તો ઘણા વર્ષ પહેલા બધું જોયું હતુંને. બધા શાસ્ત્રો જોયા હતા ત્યારે. આહા..હા..! તમારે છે ત્યાં રાણપરમાં. આ પાટની પાસે છેને એ કબાટ. એમાં પડ્યું હતું પુસ્તક. ૮૪માં.

**શ્રોતા** :- પ્રથમરત્નાકર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પ્રથમરત્નાકર. એની અંદર ૮૪ની સાલ. ૩૮ વર્ષ થયા. એ સમયે જોયા હતા ૮૪ બોલ. આ ભૂલ કરે. આ ભૂલ શેની કરે? 'નિશ્ચયનય પહેલા કહે પછી લે વ્યવહાર...' એમ કહે છે એ સમજાણું? આ પણ પહેલા કહે છે. બધા હવે તકરાર કરે છે. પહેલા કહે વ્યવહાર જોઈએ... વ્યવહાર જોઈએ... વ્યવહાર જોઈએ...

**શ્રોતા** :- પહેલા પોતે નહિ પર જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે નહિ, પહેલા પોતે નહિ, પહેલા પર જોઈએ... પર જોઈએ... પર જોઈએ...

**શ્રોતા** :- તો પરની ઉપાદેયતા થઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઉપાદેયતા ક્યાં છે? દૃષ્ટિ વિપરીત છે. પોતાના આશ્રય વિના, સ્વ

વિના પર આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! એ પુસ્તક છેને. ... ક્યાં હતું? પ્રથમરત્નાકર નહિ. ગુર્જર સાહિત્ય. યશોવિજય ગુર્જર સાહિત્ય પુસ્તક એમ આટલું જાડું છે. ત્યાં નહિ હોય. ત્યાં નહિ હોય. એ ચર્ચા અમારે ચાલી હતી પંડિતજી સાથે ત્રીજી સાલમાં. કીધું જુઓ આ તો નિશ્ચયનય પહેલા કહે છે. દિગંબરની ભૂલ કાઢે છે કે દિગંબર એમ આવે છે કે નિશ્ચય પહેલા હોવો જોઈએ, પછી વ્યવહાર જાણવાલાયક છે એમ આવે છે. તો આ લોકો કહે કે નહિ પહેલા વ્યવહાર જોઈએ... પહેલા વ્યવહાર જોઈએ... પહેલા વ્યવહાર જોઈએ... તો વ્યવહાર જોઈએ તો તું અનંત તીર્થંકરોથી અને દિગંબર સનાતન ધર્મથી વિરૂદ્ધ કહે છો. શિખરજી! સમજાણું કાંઈ? આહા..હા..! એય..! અજીતપ્રસાદજી! નીકળી નહિ ચોપડી. ઇ ક્યાં છે? ... ક્યાં છે? છોકરાઓ ફેરવતા હતા. કોઈ લઈ ગયા હશે? ત્યાં આગળ જ હતી.

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** આહા..હા..! પહેલામાં પહેલા એ છે. સમજાણું કાંઈ? એ પછી બહાર ચર્ચા થઈ હતી. અમારા યશોવિજયજી તો એમ કહે છે. ભાઈ! એ તો વાત ચાલે છે એમાં શું થયું? ... અમને શું છે? આ તો વાત તો અનાદિકાળથી. જૈનધર્મ દિગંબર ધર્મ એટલે જૈનધર્મ. એ અનાદિકાળથી નિશ્ચય પહેલા પછી રાગ થાય એને વ્યવહાર કહે છે. એમ અનાદિકાળથી ચાલ્યું આવ્યું. તો એણે બધા શાસ્ત્ર જોઈને એમ કહ્યું. એ હેમરાજ પંડિત થયાને હેમરાજપંડિત નહિ? આ પ્રવચનસારનું કર્યું છે .. એણે ૮૪ બોલ બહાર પાડ્યા હતા શ્વેતાંબર સામે. તો એની સામે ઓલાએ બહાર પાડ્યા. હેમરાજજીમાં શબ્દે... શબ્દે... આવ્યું નથી, પણ એણે એમ કહ્યું. આમાં નથી. ૮૪ બોલ છે. એ પણ ૮૪ બોલ છે. બધા અહીંયાં છે. જોયા છેને. સમજાણું કાંઈ?

અહીંયાં તો પહેલામાં પહેલા સ્વાત્માશ્રિત ધર્મધ્યાન પ્રગટે એ જ પોતાનું નિશ્ચય કર્તવ્ય અને મોક્ષમાર્ગ છે. પછી વચ્ચે જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય રાગ આવે, વ્યવહાર વચ્ચે આવે છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર વ્યવરાથી જાણવાલાયક છે. નિશ્ચયથી તો પોતાનું સ્વરૂપ જ આશ્રય કરવાલાયક છે. એવી રુચિ થયા વિના સ્વભાવસન્મુખનું વીર્ય સ્ફુરશે નહિ. સમજાણું કાંઈ?

**'તે બે ધ્યાન જ સર્વ અતિચારોનું પ્રતિક્રમણ છે.'** જુઓ, સર્વ પાપ અતિચાર એ અંતરમાં એકાકાર થયો તો સર્વનો નાશ થઈ ગયો, કહે છે. સર્વ અતિચારનું પ્રતિક્રમણ એને કહેવાય છે. આલોચનામાં પણ એમ આવ્યું છે. આલોચના વાંચતા હતાને. આલોચના નહિ? એમાં પણ એમ છે. કેટલું પ્રાયશ્ચિત ગુરુ પાસે લે? આલોચનામાં એમ આવે છે. એટલું છે નહિ. એટલું પ્રાયશ્ચિત નથી અને એટલું સાધન નથી. એમાં છે. એ આલોચના પદ્મનંદિમાંથી છે. ૩૨ વાર વંચાઈ ગયું સંવત્સરી આવેને ત્યારે. બહુ એ અધિકાર ચાલ્યો નિશ્ચય. આ ધ્યાન ભગવાન આત્મા પોતાનો સ્વાશ્રાતિ ધર્મધ્યાન અને સ્વાશ્રાતિ શુક્લધ્યાન એ જ સર્વ દોષોનો નાશ કરવાલાયક પ્રતિક્રમણ છે. કહો, સમજાણું કાંઈ?

'(હવે આ ૯૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'

(अनुष्टुभ्)

शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।

स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।

ઓહો..હો..! દિગંબરસંતોની વાણી કેવળજ્ઞાનને પ્રકાશનારી છે અંદર. પૂર્વાપર વિરોધરહિત સંતોની વાણી, સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. સમજાણું કાંઈ?

**'શ્લોકાર્થ :- આ શુક્લધ્યાનરૂપી દીપક...'** શુક્લધ્યાન ભગવાન આત્મા શુક્લ નામ ઉજળું. ઉજળું સમજ્યા? ઉજળું કહે છેને? ઉજ્વળ ભગવાન આત્મામાં એકાકાર થવું એ ઉજ્વળભાવ, ઉજ્વળભાવ, શુદ્ધભાવ, નિર્મળભાવ એનો ધ્યાનરૂપી દીપક પગટ્યો **'જેના મનોમંદિરમાં...'** જેના મનોમંદિરમાં એવો **'પ્રકાશ્યો, તે યોગી છે;...'** તે પોતાના સ્વરૂપને સાધનારો છે, એ યોગીરાજ છે, ધર્મપરાયણ છે, સ્વરૂપપરાયણ છે, સ્વાશ્રિતમાં લીન છે એ જ યોગી જૈનધર્મમાં કહેવાય છે. સમજાણું કાંઈ? **'તેને શુદ્ધ આત્મા સ્વયં પ્રત્યક્ષ હોય છે.'** આમ એકાકાર થનારો એને શુદ્ધ આત્મા પ્રત્યક્ષ હોય છે. જુઓ, સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય છે.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ છે એમ પ્રત્યક્ષ થાય છે. આ આત્મા જ શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ એવી અંતર રાગથી રહિત સ્વાશ્રયમાં, સ્વસંવેદન કરતાં થકા પરમાત્માને આત્મા પ્રત્યક્ષ હોય છે. કહો, સમજાણું કાંઈ? આ એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ અને નિશ્ચયચારિત્ર છે. આહા..હા..! વાંચે નહિ નિશ્ચયનું શાસ્ત્ર અધ્યાત્મનું અને શું છે ઉપરથી વાત કરે છે. ભગવાન આત્મા બિરાજમાન અંદર છે. પરમાનંદની મૂર્તિ અનંત કેવળજ્ઞાનની ખાણ. ઓહો..હો..! પીયૂષપૂર અમૃતનું પૂર પડ્યું છેને. આહા..હા..! ભાષા તો ભાષા પણ ભાવ શું છે એમાં? એવો પ્રભુ તારી પ્રતીતમાં આવવાલાયક તું એનો આશ્રય કર તને ખ્યાલ આવશે કે હું ભગવાન છું. હું શુદ્ધ પરમાત્મા છું. મારામાં એકાગ્ર થવાથી હું જ પર્યાયમાં પરમાત્મા થઈશ. બીજી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? એ ૯૩.

છેલ્લી ગાથા પરમાર્થ-પ્રતિક્રમણની હોં ૯૪ છેને. પછી પ્રત્યાખ્યાનનો અધિકાર.

पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं।

तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।

**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને,**

**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

આહા..હા..! એકલા મંત્રો છે. સમજાણું કાંઈ? સર્પના દરમાંથી સર્પને કાઢવાનો મંત્ર રાખે છેને એ? કલમ-કલમ હોય છે. કલમ સમજો છો? લખવાની કલમ હોયને એ કલમ મંત્રે તો એ કલમ ત્યાં જાય ..માં જાય દરમાં જાય. લાકડી શું કહેવાય આપણે કહેતા એને કલમ લખતા એ લાકડાને.

બરૂ-બરૂનું લાકડું હોયને. એવી કલમ નાખે. એ છોકરાઓ કરે .. કોપી લખતા હતા મોટા અક્ષરથી નહિ પહેલા કોપી લખતા હતા. ... ખીતો હોયને એ? 'કર્મ ભારે શરીર સુંવાળું' એવું લખતા હતા. સમજાણું કાંઈ? એવી કલમને મંત્રે જાય બીલમાં. સર્પને બહાર કાઢે. કોને ડસ્યો છે તું? ઝેર ચુસી લે. એમ કહે હોં. એવા મંત્ર. ચુસી લે ઝેર. ન ચુસે તો અગ્નિમાં પડી જા. ચુસે તો દૂધ પડ્યું છે અધમણ એ પી લે. એવો સર્પ હોય તો દૂધ પીવે નહિ, ઝેર ચુસે નહિ. એકદમ કૂદીને અગ્નિમાં પડે. બળી જાવું સહન કરે પણ ઝેર ચુસે નહિ. હું મૂક્યું એ ચુસું નહિ કદી હવે. એવા સર્પના નામ હોય હોં. સર્પની જાત બહુ હોય છે. બહુ સર્પની જાત હોય છે.

બહુ જાતના સર્પ હોય છે. ... સર્પ છે એ ઝેર ડંખે છે, પણ ડંખ માર્યા પછી મંત્રથી પણ કોઈ કહે તો ઝેર ચુસે નહિ. એકવાર નાખ્યું એ નાખ્યું. સળગવું સહન કરે પણ ચૂસે નહિ. એમ આ શીતળચંદન ભગવાન આત્મા એકવાર રાગનો અભાવ કરીને સ્વભાવની પ્રાપ્તિ કરે પછી .. નહિ. એવા કોઈ તીર્થંકરનો કુળ છે આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..! એ આનંદઘનજીમાં આવે છે. શેઠ! એ આનંદઘનજી છેને એમાં આવે છે. 'ધર્મ જિનેશ્વર ગાવું રંગ શું, ભંગ મ પડશો રે પ્રીત પ્રભુજી, બીજું મનમંદિર આણું નહિ.' ભગવાનને આમ વિનંતી કરે છે. 'ધર્મ જિનેશ્વર ગાવું રંગ શું? એ ભંગ મ પડશો રે પ્રીત જિનેશ્વર, બીજું મનમંદિર આણું નહિ.' અમારા આત્મામાં વીતરાગભાવ સિવાય રાગનું કામ નથી. મારા વીતરાગભાવમાં રાગને સ્થાન નહિ દઉં. 'બીજો મનમંદિર આણુ નહિ.' એ ખબર છે ખબર છે સાંભળો. એનો મેળ આવે ત્યારે આવેને ઇ. 'અમ કુળવટ રીત જિનેશ્વર, અમ કુળવટ રીત જિનેશ્વર' હે વીતરાગ! અમારા કુળની અમારી વટ છે. વટ સમજો છો? વટને શું કહે છે? કુળની રીત, કુળની પદ્ધતિ. અમારા કુળ તીર્થંકરના કુળની અમારી પદ્ધતિ છે. જે તીર્થંકર જે માર્ગે નીકળ્યા એ માર્ગે અમે નીકળ્યા છીએ એ અમારા કુળવટની રીત છે. અમે પાછા ફરશું નહિ. આહા..હા..! એ 'અમ કુળવટ રીત...' વટ રાખે છેને કે ભાઈ તું ખાનદાન માણસ છો. વટ રાખું એમ નથી કહેતા? સમજાણું કાંઈ? ખાનદાન માણસ હોય. કોઈ સ્ત્રી હોય અને લાખ, કરોડ રૂપિયા આપે કે મારી સાથે એકવાર સંગ કર હું કરોડ આપું. અરે..! બાપા! મારી માતા કોણ? મારા પિતા કોણ? હું ... મારા સ્વપ્નામાં પરસ્ત્રી ન હોય હોં. મારા સપનામાં પરસ્ત્રી ન હોય અમે ખાનદાનના કુળના છીએ. માતા! એ વાત ન ભુલાય. અમારા કુળની રીત અમારી જનેતા લજાય, અમારા પિતા લજાય, અમારા કુળથી જુદી જાત. એમ ધર્મી કહે છે કે અમારા કુળ તો તર્થંકરના કુળના ઘરના છીએ અમે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે જે સ્વાશ્રય કામમાં લીધો એનો જ અમે સ્વાશ્રય લેવાના છીએ. આહા..હા..! પંચમ કાળના આત્માઓ પણ પોકાર કરે છે હોં. પંચમ કાળ તે કાળ એને ઘરે રહ્યો, ત્યાં આત્મામાં ક્યાં ઘુસી ગયો છે કાળ! એકાવતારી થઈને મુક્તિને પ્રાપ્ત કરનારા લાયક જીવ હજી છે. એકાવતારી સમજ્યા? એકભવતારી.

ભગવાન આત્મા પોકાર, મહારાજ! ધર્મ જિનેશ્વર પોતાના સ્વરૂપના ... ગુણ ગાવામાં એકાગ્ર છું. 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ સુ ભંગ મ પડશો પ્રીત' એ દૃષ્ટિ ઉઘડી એ ભંગ નહિ પડે હવે. મારા ધર્મની કુળની રીત આવી છે. તીર્થંકરનું સમકિત કોઈ દિ' પડે નહિ. સમજાણું કાંઈ? એમ અહીંયાં કહે છે કે અમારો આત્મા જે સ્વાત્માશ્રય ચડ્યો છે એ પાપનું નિકંદન-નાશ કરીને તૈયાર થઈને કેવળજ્ઞાન લેશે. બીજું છે નહિ. આ એનું નામ પ્રતિક્રમણ નિશ્ચય અને ચારિત્ર કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૬, ગુરુવાર, તા.૨૬-૦૫-૧૯૬૬
## ગાથા-૯૪, કળશ-૧૨૫-૧૨૬, પ્રવચન-૭૪

આમાં નિશ્ચય પરમાર્થ-પ્રતિક્રમણ શું છે એ કહે છે. સાચું પ્રતિક્રમણ કોને કહે છે? અહીંયાં અનાદિકાળનો જે મિથ્યાત્વભાવ છે એનું તો પ્રતિક્રમણ કરી લીધું પહેલા. સમજાણું કાંઈ? 'અનાદિકાળનો જે પુણ્ય-પાપનો વિકલ્પ છે એ મારો સ્વભાવ છે' એવું મિથ્યાદૃષ્ટિપણું, 'શરીરાદિની ક્રિયા મારી છે અને પરમાં સુખબુદ્ધિ છે' એવો જે મિથ્યાત્વભાવ એનો, આત્મામાં આનંદ છે એવી આનંદની રુચિ કરી મિથ્યાત્વનો નાશ થયો તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ થઈ ગયું છે. સમજાણું કાંઈ? એના પછી ચારિત્રમાં અચારિત્રતા છોડીને ચારિત્રમાં સ્થિર રહેવું એની વાત ચાલે છે. આ ચારિત્રનો અધિકાર છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર પહેલા મિથ્યાત્વનો નાશ થયા વિના ચારિત્ર થતું નથી. તો મિથ્યાત્વની પોતાના શુદ્ધ સ્વરૂપની રુચિ કરીને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવો આત્મા અંદર કહ્યો એવી જ અંતરમાં દૃષ્ટિ લગાવીને આત્મા આનંદ અને શુદ્ધ ત્રિકાળી છે એવી દૃષ્ટિ થઈ તો એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી ચારિત્રની વાત છે.

**શ્રોતા :-** ... ચારિત્ર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પડિક્કમણા જ કર્યા નથી એકેય. ચારિત્ર લીધું છે જ ક્યાં? ચારિત્ર હતું જ ક્યાં? અનંતકાળમાં 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે જેવો આ આત્મા અખંડાનંદ શુદ્ધ આનંદકંદ એવો આત્મા ભગવાને જોયો એવા આત્માની અંતરમાં પુણ્ય-પાપનો વિકલ્પ એ આસ્રવ છે, એની રુચિ છોડીને, અજીવની રુચિ છોડીને જ્ઞાયકની રુચિ ન કરી તો અનાદિકાળથી મિથ્યાત્વમાં જ પડ્યો હતો. સમજાણું કાંઈ? બાહ્યલિંગ ધારણ કર્યું, પંચમહાવ્રત ધારણ કર્યા બહારના એ ચારિત્ર ક્યાં છે? એ

તો રાગ છે. સમજાણું કાંઈ? આ ચારિત્રનો અધિકાર ચાલે છે.

**'ટીકા :- અહીં,...'** સમ્યગ્દર્શનપૂર્વક આત્મા પોતાના સવરૂપમાં ચારિત્ર નામ ચરવું, સ્થિર રહેવું, સ્થિર-સ્થિર થઈ જવું એનું નામ નિશ્ચય-સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે એની વ્યવહારની સફળતા શું એ કહે છે. **'અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે,....'** શું? કે વ્યવહારપ્રતિક્રમણનો શુભભાવ મુનિને આવે છે. સમજાણું કાંઈ? **'(અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા...'** દ્રવ્યશ્રુત શાસ્ત્ર ભગવાને કહ્યા એને આચાર્યોએ રચ્યા. **'દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને...'** પ્રતિક્રમણ કેવું છે એને સાંભળીને **'જાણીને,...'** પછી **'સકળ સંયમની ભાવના કરવી...'** સર્વજ્ઞ પરમેશ્વરે અથવા આચાર્યોએ વ્યવહારપ્રતિક્રમણ--અચારિત્રનો ત્યાગ એવો જે સાવદ્યનો ત્યાગ એવો જે પ્રતિક્રમણ વ્યવહાર કહ્યો એને યથાર્થ સાંભળવું જોઈએ અને સાંભળીને જાણવું જોઈએ. **'જાણીને, સકળ સંયમની ભાવના કરવી...'** ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એની લીનતારૂપી ભાવસંયમની ભાવના કરવી જોઈએ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજાયું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ સમજાયું? આ પ્રતિક્રમણનો વિકલ્પ આવ્યો, સાંભળે દ્રવ્યશ્રુતથી. એ કહેશે અર્થમાં. શાસ્ત્રે રચી છે પ્રતિક્રમણની વિધિ એમાં સમજે એવું શાસ્ત્રમાં વ્યવહારપ્રતિક્રમણનો એવો શુભભાવ આવ્યો. પછી ત્યાંથી ખસીને પોતાના આનંદસ્વરૂપ આત્મામાં લીન થવું, ભાવસંયમની એકાગ્રતા કરવી એનું સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'સકળ સંયમની ભાવના કરવી...'** વિકલ્પ આવ્યો. દ્રવ્યશ્રુતનો શાસ્ત્રમાં કહ્યો એવો પ્રતિક્રમણનો ભાવ થયો, સાંભળ્યું, જાણ્યું. એનાથી ખસીને **'સકળ સંયમની ભાવના કરવી...'** સ્વરૂપમાં સ્થિરતા, લીનતા અતીન્દ્રિય આનંદમાં સર્વવિરતિરૂપી પરિણામ પ્રગટ કરવા જોઈએ. સમજાય છે કાંઈ? સવાર અને સાંજ બેય અધિકાર એકલા માખણ છે. આ નિશ્ચયપ્રતિક્રમણ અધિકાર, ઓલું ઇષ્ટોપદેશ આત્માના આનંદરૂપી ધ્યાન. **'વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું-સાર્થકપણું છે...'** શું કહે છે? કે વ્યવહારપ્રતિક્રમણનો ભાવ થયો, પણ એની સફળતા ક્યારે? કે એને છોડીને સ્વરૂપમાં લીન થાય તો વ્યવહારને વ્યવહાર કહેવામાં આવે છે, એમ કહે છે. તો સફળપણું છે. વ્યવહારમાં રોકાવું એ પ્રતિક્રમણનું સફળપણું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વીતરાગમાર્ગ જગતને સાંભળવા મળે નહિ અને મળ્યું એને બહારથી ક્રિયાકાંડ તરફ વળી ગયો. કહો, સમજાય છે કે નહિ, ભાઈ! કલોલ! ભાઈ કલોલના શેઠ છે ત્યાં. અગ્રેસર. મદ્રાસમાં રહે છેને. એને લોકો ... મધ્યસ્થ હોયને. ..ભાઈ! આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એણે જે ત્રણકાળ, ત્રણલોક જોયા એવું ભગવાનની વાણીમાં એનું સ્વરૂપ કહ્યું. તો એમાં આત્મા કેવો છે એવું જાણ્યું, એવું કહ્યું એવું જેને

અંતરમાં શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટે. હું આત્મા શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા અકર્તા, રાગનો કર્તા નહિ. આ વ્યવહારપ્રતિક્રમણનો વિકલ્પ આવે છે એનો કર્તા નથી, પણ પરિણમન થાય છે ખરું. સમજાણું કાંઈ? એવો રાગ આવે, સાવદ્યયોગને છોડવો વિકલ્પ. એવું પ્રતિક્રમણ કોઈ દોષ લાગ્યો હોય તો મિચ્છામી દુક્કડમ. પણ એ છે શુભવિકલ્પ, પુણ્યભાવ છે. એ વ્યવહારની સફળતા ક્યારે? કે એને છોડીને સ્વરૂપમાં લીનતા કરે ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાંભળવી કઠણ પડે માણસને. કોઈ દિ' સાંભળ્યું ન હોય, સમજ્યો ન હોય, વિચાર નહિ.

કહે છે કે એ '**વ્યવહારપ્રતિક્રમણનું સાર્થકપણું-સફળપણું આ ગાથામાં કહ્યું છે).**' હવે એનો વિસ્તાર '**સમસ્ત આગમના સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય તેમ જ ગુણસમૂહના ધરનાર નિર્યાપક આચાર્યોએ...**' જુઓ, આચાર્ય પણ એવા હોવા જોઈએ. ભગવાન જૈનશાસનમાં આચાર્યો કેવા છે? જૈનશાસનમાં જ છે. બીજામાં તો છે જ નહિ. અન્યમતમાં કોઈ મત સાચો છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ એણે કહેલું આગમ-વાણી એનો સારાસારનો વિચાર કરવામાં. આગમનો સાર અને અસાર, હીત અને અહીતનો વિચાર કરવામાં સુંદર આચાર્યો હતા. નમો લોએ સવ્વ આઈરિયાણં. ઇ આચાર્ય કેવા હતા? કે '**સારાસારનો વિચાર કરવામાં સુંદર ચાતુર્ય...**' હતા. હેય શું છે અને ઉપાદાય શું છે? એવો આગમના અર્થ બરાબર વિચાર કરવામાં ચતુર હતા. સુંદર અને ચાતુર્ય, મહાડહાપણવાળા. ડહાપણ શું કહે છે? શાણપણું. શું કહે છે તમારી ભાષામાં? અમારી કાઠિયાવાડી. ચાતુર્ય એટલે ચતુરપણું. ચતુરપણું એટલે હોંશિયાર, પ્રવિણતા.

'**ગુણસમુહના ધરનાર...**' જુઓ, આહા..હા..! આચાર્ય એટલે પરમેશ્વર, આચાર્ય એટલે પરમેશ્વર. ઉપાધ્યાય પરમેશ્વર એટલે પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા, અતીન્દ્રિય આનંદના અનુભવનો સ્વાદ એને આવે છે. એટલો પ્રચુર અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એવા આચાર્યોએ '**ગુણસમૂહના ધરનાર...**' ગુણનો ઢગલો. આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્થિરતા, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા એવા અનંતગુણની પર્યાયના સમૂહનો ધરનારા વીતરાગી પર્યાય જેને પ્રગટી છે. સમજાણું કાંઈ? એવા આચાર્ય જૈનના હોય છે. એ '**નિર્યાપક આચાર્યોએ...**' શિષ્યોનો નિર્વાહ કરવામાં સમર્થ છે એમ બતાવવા આ વાત છે. '**જે પ્રમાણે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે,...**' એ મુનિઓએ '**દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણનામક સૂત્રમાં પ્રતિક્રમણને અતિ વિસ્તારથી વર્ણવ્યું છે, તે પ્રમાણે જાણીને...**' તે પ્રમાણે જાણીને. એ વ્યવહારપ્રતિક્રમણ કોને કહે છે, નિશ્ચય કોને કહે છે એનું પહેલા જ્ઞાન હોવું જોઈએ. જ્ઞાન થઈને '**જિનનીતિને અણઉલ્લંઘતો...**' વીતરાગ પરમેશ્વરે જે પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા વીતરાગતા એ તો નિશ્ચયસ્વરૂપ છે, સત્ય છે, પણ જે વિકલ્પ સર્વજ્ઞ પરમેશ્વરે વ્યવહાર કહ્યો, જિનનીતિ, જિનનીતિ લોકોત્તર નીતિ એ વિકલ્પની

વાત છે અત્યારે હોં વ્યવહાર. સર્વજ્ઞે જિનનીતિએ પ્રતિક્રમણ ... એ જિનનીતિ વ્યવહાર છે. શુભભાવ જિનનીતિ છે વીતરાગ વ્યવહારની. સમજાણું કાંઈ?

જૈન પરમેશ્વરે છ કાયના જીવને ન મારવા, દુઃખ ન દેવું અને રાગથી ખસવું, સ્વરૂપમાં રહેવું એવી જે વાત કહી એમાં જે વ્યવહાર કહ્યો, સામાયિક આદિ વિકલ્પ શુભ છ આવશ્યક છેને? અઠ્યાવીશ મૂળગુણ છે કે નહિ અઠ્યાવીશ મૂળગુણ મુનિના? એકવાર આહાર લેવો, નિર્દોષ લેવો, નીચે સૂવું, જંગલમાં રહેવું વગેરે એના અઠ્યાવીશ મૂળગુણ છે મુનિને. એનો શુભરાગ એ જિનનીતિ છે. સમજાણું કાંઈ? એ જિન વીતરાગની વ્યવહારનીતિ એ છે. એવો ભાવ મુનિને આવ્યા વિના રહેતો નથી. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, ભગવાનની સ્તુતિ એવો શુભભાવ છે, એ વ્યવહાર જિનનીતિ છે. એને અણઉલ્લંઘતો. વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર છે એમ સમજે છે. સમજાણું કાંઈ?

**'જે સુંદર ચારિત્રમૂર્તિ...'** આહા..હા..! સુંદર ચારિત્રમૂર્તિ. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં અંતરમાં ઝુલનારો. ચરવું, ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદની અંદર પ્રચુર સ્વસંવેદનમાં ઝુલનારો. આહા..હા..! જુઓ, આ જૈનના સાધુ. સમજાણું કાંઈ? **'સુંદર ચારિત્રમૂર્તિ મહામુનિ...'** આ તો મુનિની વાત ચાલે છેને? કે આચાર્યોએ કહ્યું એવું પ્રતિક્રમણ થયું અને પછી અંતરસ્વરૂપમાં હવે **'સુંદર ચારિત્રમૂર્તિ...'** આહા..હા..!

**શ્રોતા :-** ..અંતરમાં જાવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ નીતિ એમ કહે છે કે એની સફળતા અંદરમાં જાવું એવો વિકલ્પ છે. વિકલ્પનું લક્ષ પણ ત્યાં અંદરમાં જાવું એ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન વીતરાગ એમ કહે છે કે એવા અઠ્યાવીશ મૂળગુણ મુનિને હોય છે. બહારનો અતિશય સફળતા ક્યારે? કે એને (ન) ઉલ્લંઘીને, એને ઓળંગતા નથી, એ તો છે એટલું. હવે એને છોડીને અંદરમાં **'સુંદરચારિત્રમૂર્તિ મહામુનિ...'** મહા આત્માની વીતરાગતા અંદર પ્રગટી છે, અંદર શાંતિની મૂર્તિ મહામુનિ **'સકળ સંયમની ભાવના કરે છે...'** અંદર આનંદની એકાગ્રતાની ભાવના કરે છે. ભાવનાનો અર્થ સ્વરૂપમાં એકાગ્રતા. શુભરાગ આવ્યો એને છોડીને અંદર આનંદમાં એકાગ્રતા શાંતિમાં કરે છે એ સુંદર ચારિત્રની મૂર્તિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સકળ સંયમની ભાવના...'** ભગવાન આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક ચૈતન્યજ્યોત એવી અંતર દૃષ્ટિ તો થઈ છે. હવે સ્વરૂપમાં એટલી વિરતી રાગથી છૂટી જાય છે, વિરતી-રતિ એટલો થાય છે કે જેની વીતરાગ મૂર્તિ શાંતિ થઈ ગઈ. શાંતિનું અંદર સ્ફૂરણ થઈ ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! આમ દાબે છે તો પાણીનો ફુવારો નીકળે છેને? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ફુવારો અંદર છે. એમાં એકાગ્ર થાય છે તો શાંતિ પ્રગટે છે એમ કહે છે. પંડિતજી! આહા..હા..!

**શ્રોતા :-** આનંદનો ફુવારો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફુવારો છે આત્મા. આત્મા અતીન્દ્રિય આનંદનો ફુવારો અંદરમાં પડ્યો છે પૂરો. આહા..હા..! હજી આત્મા આવો .. હશે.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની. ભાઈ! તારો આનંદ તારી પાસે નહિ, તું આનંદસ્વરૂપ જ છો. આહા..હા..! એ આનંદમાં લીન થવું '**સકળ સંયનની ભાવના...**' કહેવામાં આવે છે. મશગુલ જેને બાહ્યપ્રપંચની ખબર નથી. '**તે મહામુનિને--કે જે (મહામુનિ) બાહ્ય પ્રપંચથી વિમુખ છે,...**' શું કહે છે? એ વિકલ્પ જે આવ્યો વ્યવહારપ્રતિક્રમણનો એનાથી પણ વિમુખ છે. વ્યવહાર છોડીને અંદર સ્થિરતામાં એ રમે છે. આ સાચું પ્રતિક્રમણ, પાછું ખસવું. વ્યવહાર-રાગ આવ્યો એનાથી પણ ખસીને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જેવું જોયું એવું પોતાની દૃષ્ટિમાં દેખતા અંદરમાં લીન... લીન... લીન થવું એ બાહ્ય પ્રપંચથી વિમુખ છે. એ વ્યવહારરત્નત્રયાદિ વિકલ્પથી પણ વિમુખ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગામમાં .. એમ આનંદ છે પોતામાં અને ગોતે છે બહાર. ધૂળમાં છે ને પૈસામાં છે ને શરીરમાં છે. પુણ્ય-પાપનો ભાવ થાયને વિકલ્પ શુભ આ રાગ એમાં આનંદ છે. મિથ્યાદૃષ્ટિ છે. તો કહે છે કે પહેલા તો પોતાની બુદ્ધિ સમ્યક્ થઈ ગઈ છે કે મારામાં આનંદ છે અને મારું સ્વરૂપ જ શાંત છે. એવું સમ્યગ્દર્શન ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. પછી સ્વરૂપની રમણતા કરવામાં વ્યવહારપ્રતિક્રમણનો રાગ આવ્યો. સાંજ-સવાર એને પ્રતિક્રમણનો વિકલ્પ આવે છે, પણ એને છોડીને '**બાહ્યપ્રપંચથી વિમુખ...**' આહા..હા..! મુનિદશા એ વનવાસી સંત. વનમાં રહે છે હોં એ. આવશે ... વન. ઇષ્ટોપદેશમાં છેને જને-વને આવશે. આહા..હા..!

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય પણ છતાં પોતાનો સ્વરૂપનો આશ્રય કરીને ભલે જનમાં રહે કે પછી વનમાં રહે. એમ કહે છે મૂળ તો. આશ્રય કરવા. પોતાનું નિજસ્વરૂપ આનંદનો આશ્રય કરીને જે સ્થાન આવ્યું તે આવ્યું. મુનિ તો બાહ્ય વનવાસી જ રહે છે. ભોજન લેવા ગામમાં આવે. એવું મુનિપણું ભગવાનના શાસ્ત્રમાં અનાદિનું હતું. સમજાણું કાંઈ? એ બધી ગડબડ થઈ ગઈ પછી.

**શ્રોતા :-** જંગલમાં, ગુફામાં રહે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુફા, જંગલમાં રહે. આત્મા આનંદ જેને બોલવાનો પ્રપંચ ઠીક પડતો નથી. કોઈ પૂછે તો એને જવાબ દેવો, આમ દેવો એ વિકલ્પની જંજાળ લાગે છે. આહા..હા..! એવી મુનિદશા પરમેશ્વર વીતરાગમાર્ગમાં અનાદિથી ચાલે છે.

'**બાહ્યપ્રપંચથી વિમુખ છે,...**' વ્યવહારના બીજા પ્રપંચ તો ભિન્ન રહો, સમજાણું કાંઈ? પણ અંતરમાં વિકલ્પ જે વ્યવહાર છે એનાથી ભિન્ન પ્રપંચથી, વિસ્તારથી અંદરથી .... કરે છે. જ્ઞાયક

ચૈતન્યમાં એકાકાર થઈને આનંદનો, વિસ્તાર પ્રસાર કરે છે. '**પંચેન્દ્રિયના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...**' આહા..હા..! મુનિ. એ મુનિને પંચેન્દ્રિય વિસ્તાર, પાંચ ઇન્દ્રિયના વિષયરહિત એક દેહમાત્ર પરિગ્રહ હોય છે. અનાદિનો એ માર્ગ છે. સમજાણું કાંઈ? કે દેહ સિવાય એને કાંઈ હોય જ નહિ. વસ્ત્ર, પાત્ર લેવાનો ભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી મુનિપણું હોય નહિ. ત્યાં સુધી મુનિપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક દેહ. દેહમાત્ર આવે છેને અપૂર્વ અવસરમાં. 'સર્વભાવથી ઉદાસીન વૃત્તિ કરી માત્ર દેહ તે સંયમ' એમ લેવું છે. શ્રીમદ્ રાજચંદ્ર નહિ? એણે અપૂર્વ અવસર બનાવ્યું છેને. 'સર્વભાવથી ઔદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત્ મૂર્છા ન હોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' ૩૦ વર્ષે બનાવ્યું અપૂર્વ અવસર. ૧૯ વર્ષે બનાવ્યું આત્મસિદ્ધિ. ૭ વર્ષે જાતિસ્મરણ હતું. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? એ ૩૦ વર્ષે કહે છે કે આહા..હા..! 'સર્વભાવથી ઔદાસીન વૃત્તિ કરી.' પહેલા પણ કહ્યુંને ભાઈ નહિ? 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? એ ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.' બાહ્યાંતર નિર્ગ્રંથ. બાહ્યથી પણ નગ્નદશા અને અભ્યંતરમાં રાગરહિત નિર્ગ્રંથદશા. આહા..હા..! 'અપૂર્વ અવસર...'

**શ્રોતા** :- બાહ્ય-અભ્યંતર બેય નિર્ગ્રંથ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-બેય નિર્ગ્રંથ. પહેલી લીટી લીધી છે. જુઓ, 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.' પછી? 'સર્વ સંબંધનો બંધન તે તીક્ષ્ણ છેદીને, વિચરશું કોઈ મહાપુરુષને પંથ જો.' જુઓ, ભાવના ગૃહસ્થાશ્રમમાં ભાવે છે. સમજાણું કાંઈ? આ આત્મજ્ઞાન છે, સમ્યગ્દર્શન છે અને ભાવના ચારિત્રની ભાવે છે. આહા..હા..! 'ક્યારે થઈશું બાહ્ય...' એકલી નગ્નદશા, અભ્યંતર-રાગથી અભાવ થઈને ચારિત્ર નિર્ગંથ ભાવદશા. 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને' ૩૦ વર્ષની ઉંમરે એવી ભાવના ભાવી છે. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સમજાણું કાંઈ? 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ...' તીક્ષ્ણ બંધન. રાગની એકતાની અસ્થિરતા, એકતા છૂટી ગઈ, અસ્થિરતા છૂટી જાય. 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને વિચરશું કવ મહાપુરુષ...' સર્વજ્ઞ પરમેશ્વર અથવા મહા સંત મુનિ કોઈ હોય તો એની આજ્ઞા પ્રમાણે .. વિચરશું. સમજાણું કાંઈ? જુઓ, કેટલા... 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, દેહમાત્ર તે સંયમ...' એક દેહમાત્ર સંયમ હોં. જુઓ, એમાં વસ્ત્ર-પાત્ર નથી લીધા. છગનભાઈ! 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' ૩૦ વર્ષે કહ્યું. વસ્ત્ર-પાત્ર મુનિને હોય નહિ. એ માર્ગ પછીથી નીકળ્યો છે. વીતરાગમાર્ગ સનાતનમાર્ગ અનાદિમાર્ગમાં એ હતું નહિ. એમાં આવ્યુંને છગનભાઈ! છે કે નહિ એમાં? પણ એના માનનારને પણ ખબર નથી પાછી કાંઈ. એય..! આહા..હા..! હજી આજે આવ્યું એક લખાણ અમરમુનિ નામે એક. એમ કે જે મુનિએ ભગવાનને વસ્ત્ર આપ્યું હતું એને અડધું દાનમાં આપ્યું એની ટીકા ચાલે છે કે આવું ન હોય, પણ એ ઐતિહાસિક વાત છે, એમ હોય. આહા..હા..! અમારે નિહાલભાઈને

વાંધો ઉઠ્યો હતો. .. આવ્યું. આહા..હા..! હોઈ શકે છે. એ દાનની અનુકંપા હોઈ શકે છે. આમ હોઈ શકે છે. અરે..! ભગવાનને વસ્ત્ર હોય નહિ, મુનિને ન હોય સાંભળને! તને ખબર નથી.

**શ્રોતા** :- પાણીપાત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, દિગંબર. ... બીજી ચીજ? આહા..હા..! 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય, અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' બીજા કોઈ કારણે કાંઈ પણ ખપે નહિ. એવી નિરાધાર પરથી રહિત પોતાના શરણની ચારિત્રદશા ક્યારે થશે? એવી ધર્મી ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? અહીં તો મારે એ કહેવું કે દેહમાત્ર સંયમ, માત્ર દેહ સંયમ. વસ્ત્ર-પાત્ર એમાં છે નહિ. સમજાણું કાંઈ? આ ભાષા એમાં લગાડી દે કે જુઓ ભગવાને વસ્ત્ર આપ્યું અને અડધું પાછું એને દઈ દીધું, ફાડી દીધું. ... જૈનપ્રકાશમાં આજે આવ્યું. અમરમુનિ ઓલો છેને. અરે..! ભગવાન!

**શ્રોતા** :- શું લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ લખ્યું છે કે ભગવાનને વસ્ત્ર આપ્યું હતુંને? આવે છેને શ્વેતાંબરમાં? ઇન્દ્રે દીધું, પછી અડધું એના કોઈ છે એને આપ્યું. એના મામાના મિત્ર હતા એને ફાડીને અડધું આપી દીધું. અને અડધું પછી પડી ગયું. પણ વસ્ત્ર હોય જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્ત્ર હોય જ નહિ પછી પ્રશ્ન શું? સમજાય છે? ભગવાન મહાવીરનું વસ્ત્રદાન એક ચર્ચા. ભગવાન મહાવીરનું વસ્ત્રદાન એક ચર્ચા. ઉપાધ્યાય .. મહારાજ લ્યો ઠીક. ઇ કહે છે કે ભવગતીસૂત્ર .. આવ્યા ગૌતમ સામે ગયા બધું બરાબર છે. એવી વાતું છાપે છે ... છે ભાઈ!

આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર પહેલા જે દીક્ષા લીધી તીર્થંકરદેવે તો એને પણ વસ્ત્ર નહોતું. ઇન્દ્રે એક વસ્ત્ર આપ્યું એ કલ્પિત વાત બનાવી છે. વસ્તુની સ્થિતિ એમ નથી. અહીં તો મુનિની વાત કરે છે ત્યાં વળી ભગવાન તીર્થંકરને અલ્પાતીત જ્યાં થયા ... ઓહો..હો..! સમજાણું કાંઈ? કહે છે કે **'દેહમાત્ર જેને પરિગ્રહ છે...'** છે? જુઓ, મુનિને તો એક દેહમાત્ર નગ્નદશા એક રહી જાય છે બસ. એક મોરપીંછી અને કમંડળ નિમિત્તરૂપે હોય એની અહીંયાં વાત નથી કરી. ..માં રહે છેને એ માટે કહ્યું. એ તો કોઈ વખતે વિકલ્પ આવે છેને. **'એવા પરમગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે,...'** આહા..હા..! **'દેહમાત્ર જેને પરિગ્રહ છે...'** એ મુનિની વાત કરે છે હોં. અને **'પરમગુરુનાં ચરણોના સ્મરણમાં આસક્ત જેનું ચિત્ત છે,...'** આનંદમાં જેનું ચિત્ત લાગ્યું છે. આહા..હા..! **'તેને ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.'** એ મુનિ અંતર પ્રતિક્રમણ સ્વરૂપમાં પડ્યા છે. આહા..હા..!

**શ્રોતા** :- પરમગુરુના ચરણોના એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરમગુરુના ચરણોના સ્મરણમાં એટલે પરમગુરુ એટલે આત્મા. એનું સ્મરણ એટલે પરમગુરુ કહે છે કે આનંદ છે એ આનંદમાં આસક્ત છે. સમજાણું કાંઈ? એના ચરણમાં સ્મરણમાં આસક્ત. એના ચરણનું સ્મરણ એટલે આત્માનું સ્મરણ. અતીન્દ્રિય આનંદનું

સ્મરમ. ચરણનું શું સ્મરણ કરે? સમજાણું કાંઈ? પરમગુરુ તીર્થંકર ત્રિલોકનાથ તીર્થંકરના ચરણના સ્મરણમાં આસક્ત. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનનું સ્મરણ. એ શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનનું સ્મરણ કરે છે. આહા..હા..! **'તેને ત્યારે (તે કાળે) પ્રતિક્રમણ છે.'** એવા સ્વરૂપને પ્રતિક્રમણ ભગવાનના માર્ગમાં, પરમેશ્વરના માર્ગમાં કહ્યું છે. હજી તો બધું સ્થાપે છે ભાઈ એમાં ઇ. આનું આ, બરાબર છે, એ દાન છે એ અનુકંપા છે. એ દાન અનુકંપા હતી માટે અડધું આપ્યું. .. બચાવ્યા એમાં અનુકંપા હતી. અરે..! આ માર્ગ કલ્પિત કરી નાખ્યો. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ આહા..હા..! તીર્થંકરને વળી વસ્ત્ર હોય અને એ વસ્ત્રદાનનો ભાવ થાય. લોકોને અનુકૂળ બનાવવા એવું કલ્પિત બનાવ્યું છે. વસ્તુસ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ? એ પક્ષની વાત નથી અહીંયાં. જુઓ, આ મુનિ પોતે કહે છે. પદ્મપ્રભમલધારીદેવ ટીકાકાર કહે છે. સમજાણું કાંઈ? મુનિ તો એક દેહમાત્ર પરિગ્રહ, બીજી કોઈ ચીજ છે નહિ. તોપણ .. દેહ છૂટ.. ભગવાન ચૈતન્ય ગોળો ભિન્ન, દેહના રજકણથી ભગવાન ભિન્ન પ્રભુ આ એમાં લીન થવું એ જ એના પરમગુરુના ચરણમાં આસક્ત ચિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી વાત, ઉંચી વાત, સત્ય વાત. અરે..! કાંઈ પરમાત્મા પરમેશ્વર વીતરાગમાર્ગ કેવો છે એ સાંભળ્યો નથી, સમજે નહિ, વિચારે નહિ, પૂર્વાપર તુલના કરીને શું ન્યાય હોય એની તુલના જ ન કરે. શું કરે? સમજાણું કાંઈ? તેને અહીં પ્રતિક્રમણ કહે છે.

એ કલ્પસૂત્રમાં આવે છે, ભાઈ! કલ્પસૂત્રમાં ...સૂત્રમાં નથી આવતું. અર્ધફલક એ કલ્પસૂત્રમાં. એટલે આ લોકો તેરાપંથી એ બાજુ ... કારણ કે દાન દે છેને વસ્ત્રનું એ .. પાપ. એની સામે ...

**શ્રોતા** :- મૂળસૂત્રમાં તો છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મૂળસૂત્રમાં તો છે જ નહિ. એ પાછું ... વસ્ત્ર આપ્યું. ઇન્દ્રે આપ્યું એટલું છે. અડધું ફાડીને આપ્યું-બાપ્યું એ બત્રીસસૂત્રમાં છે નહિ ક્યાંય. મૂળસૂત્રમાં ક્યાંય છે નહિ. કલ્પસૂત્રમાં છે. હવે એ કલ્પસૂત્રમાં છે એને ઓલા તેરાપંથી એમ કહેતા હોય વસ્ત્ર ઓલાને આપ્યું એ રહી શકે તો દાન પાપનું થયું એટલે એ સિદ્ધ કરવા જાય તો આ સ્થાપે છે કે ના એ બહારની ક્રિયા હોઈ શકે. નિહાલભાઈ! અરે..! ભગવાન! ભાઈ! તું કોને કહે છો? પ્રભુ! આહા..હા..!

જેને સો ઇન્દ્રો પૂજે એવું તીર્થંકરપદ અને એ જ્યારે દિક્ષીત થાય. તે પણ વસ્ત્ર પાછા ખંભે રાખે અહીં. એનો હેતુ શો? એમ કે પાછળથી મુનિને ચારિત્રને માટે વસ્ત્ર ઠીક પડે માટે રાખ્યું. કોકના માટે રાખતા હશે. એય..! ધીરૂભાઈ! શાંતિથી વિચાર કરે તો ખબર પડે, ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- .. પીંછી, કમંડળ નથી રાખતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-કાંઈ નથી રાખતા. એ શું રાખે?

**શ્રોતા** :- શાસ્ત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-નહિ, નહિ એ તો ત્રણ જ્ઞાનના ધણી છે, અવધિજ્ઞાની છે.

**શ્રોતા** :- કાંઈ સામાન નહિ રાખતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ સામાન-ફામાન કેવો? .. એકલું નગ્ન શરીર. સામાન્ય મુનિ રાખે. આ તો એની કલ્પનાતીત છે. એકલું શરીર છે. બીજા મુનિને હોય છે. આહા..હા..! ... છે એને. જંગલ પણ નથી. તીર્થંકર આહાર લે છે પણ વિહાર નથી.

**શ્રોતા** :- આહાર પણ નથી અને વિહાર પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી. અરે..! તીર્થંકર એટલે કોણ? એને પરમૌદારિક શરીર તો જન્મથી હોય છે. જન્મથી. આહાર હોય, વિહાર નહિ. વિષ્ટા નહિ, પેશાબ નહિ. આ તે કાંઈ વાત છે! અલૌકિક વાત. શરીર પણ એવું થઈ ગયું છે. સમજાણું કાંઈ? એય..! ભગવાનભાઈ! આ જૂના માણસ છેને અમારે ઇ. આ બીજી જાતની વાત છે. આહા..હા..! ભગવાન સંતો કે જેને એક દેહમાત્ર પરિગ્રહ હોય. બાકી કોઈ ચીજ છે જ નહિ.

**શ્રોતા** :- .. નહિ, મમત્વ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મમત્વ નથી. દેહે પણ કિંચિત્ મૂર્છા નહિ. ફક્ત સંયમનો હેતુ નિમિત્ત તરીકે છે. છે. એ તો છોડી શકે નહિ આયુષ્ય હોય ત્યાં સુધી. આયુષ્ય હોય તો છોડે કેમ? સમજાણું કાંઈ? આહા..હા..! અને પોટલાના પોટલા કપડા રાખે અને કહે અમારે પ્રતિક્રમણ છે અને અમે સાધુ છીએ. અહીં તો જૈન શાસનમાં એને સાધુ માનવા એને મિથ્યાદૃષ્ટિ કહે છે. આહા..હા..!

**શ્રોતા** :- સોનગઢે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-અહીં તો ક્યાં વાત અહીં તો બધે પુસ્તકો ૪ લાખ, ૬૦ હજાર બહાર પડી ગયા છે. ૪ લાખ ૬૦ હજાર. બધા સ્પષ્ટ કરીને. માર્ગ આ છે. સાંભળો, સમજો, વિચાર કરો, મનન કરો. અહીં કોઈ ગુપ્ત વાત નથી. ખાનગી નથી રાખી. ૪ લાખ ૬૦ હજાર. અને આ સાલમાં ૪૦ હજાર લગભગ છપાવાના છે. ... તૈયારી ચાલે છે.

**શ્રોતા** :- ૪૦ હજાર છાપવાની તૈયારી ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તૈયારી છે. ૪૦ હજાર પુસ્તક નવા છાપવાની તૈયારી છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, બહુ પુસ્તકો છેને. ૧૧ હજાર તો મોક્ષમાર્ગપ્રકાશક છપાય છે. કીશનગઢમાં ૧૧ હજાર મોક્ષમાર્ગ છપાય છે અને ૩૩૦૦ કળશ ટીકા છપાય છે હિન્દી. અને ૪૪૦૦ ગુજરાતી છપાવાના છે. સમયસાર છપાય છે, પ્રવચનસાર છપાય છે. પાંચ હજાર એક વ્યાખ્યાન પણ થયા. એ પાંચ હજાર છપાય છે, એક પાંચ હજાર બીજા વસ્તુવિજ્ઞાનસાર. એ શેઠ તરફથી છપાય છે. છપાશે લ્યોને છપાતા નથી તો. તૈયારી છે. એવા-એવા ૪૦ હજાર તો આ

સાલમાં નવા છપવાની તૈયારી છે અને ... પાંચ હજાર નિયમસારનાં ... પુસ્તક ગયા છે. ગુપ્ત ક્યાં વાત છે? આવો માર્ગ છે સમજો, વિચારો ભાઈ! આહા..હા..! બહુ ઘણા તો યાદ પણ નથી કાંઈ. બીજા પુસ્તકો ...

**શ્રોતા** :- ખલબલી મચાવી દીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખલબલી મચાવી દીધી. વાત સાચી છે. સમયસાર, પ્રવચનસાર, સમાધિશતક ગુજરાતી આ બીજા અહીં નહિ બલુભાઈ તરફથી છપાણા સ્વાધ્યાય. સ્વાધ્યાય ઘણા પુસ્તકો. ઓહો.હો..!

**શ્રોતા** :- પુરુષાર્થસિદ્ધિ ઉપાય છપાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહુ છપાય છે. ૪૦ હજાર લગભગ આ સાલની તૈયારી છે. છપાય ત્યારે. મગનભાઈ છે કે નહિ? કોઈ નથી. લાવ્યા હતા. પણ અહીં તો એટલું છાપવાનું તૈયાર ક્યાંથી હોય? લોકો એટલી માગણી કરે છે લ્યો. ભાઈ! આ માર્ગ તો વીતરાગનો છે, પ્રભુ! પરમેશ્વરે કહેલો અનાદિ સનાતન સત્ય અનાદિ સનાતન. મહાવિદેહમાં ક્ષેત્રમાં પરમેશ્વર સીમંધર ભગવાન બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે પ્રભુ. એની વાણીમાં એ જ ધર્મ આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ પ્રતિક્રમણ. જેને એક દેહમાત્ર રહ્યો, શાસ્ત્ર કહ્યું, દ્રવ્યશ્રુતથી પ્રતિક્રમણનું સ્વરૂપ, જિન ... વિકલ્પ આવ્યો. પછી ખસીને અંતર આનંદસ્વરૂપમાં લીન થઈ જવું, ચારિત્રની મૂર્તિ અને ... લીન થઈ જાય છે આ એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..!

**'(હવે આ પરમાર્થ-પ્રતિક્રમણ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે :-)'** બોલો.

**(इन्द्रवज्रा)**

**निर्यापकाचार्यनिरुक्तियुक्ता-**
**मुक्तिं सदाकर्ण्य च यस्य चित्तम्।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमःसंयमधारिणेऽस्मै।।१२५।।**

આહા..હા..! પદ્મપ્રભમલધારિદેવ પણ પ્રમોદથી સંયમધારીને નમસ્કાર કરે છે.

અહો..! **'નિર્યાપક આચાર્યોની નિરુક્તિ (વ્યાખ્યા)...'** મહા આચાર્ય સંત જેણે આ વ્યાખ્યા કરી પ્રતિક્રમણની એ **'સહિત (પ્રતિક્રમણાદિ સંબંધી) કથન સદા સાંભળીને જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન (-ધામ) બને છે,...'** આહા..હા..! એ અંતર આનંદનું ધામ આનંદનું નિકેતન, એ આનંદનું ઘર બની જાય છે, ચારિત્રનું ધામ બની જાય છે. અંતર ભગવાન આત્મામાં વીતરાગતાની લીનતા એટલી થઈ છે કે ચારિત્રનું ધામ જ થઈ ગયું આત્મા. સમજાણું કાંઈ? **'તે આ**

**સંયમધારીને...**' પદ્મપ્રભમલધારિદેવ સંત મુનિ છે હોં દિગંબર મુનિ ટીકા કરનાર. એ કહે છેકે '**આ સંયમધારીને નમસ્કાર હો.**' હું નમસ્કાર કરું છું. મુનિને મુનિ નમસ્કાર કરે છે. આહા..હા..! પંચલોક નમસ્કાર હોય છેને. ગણધર પણ નમસ્કાર કરે છે કે નહિ? ગણધર છે ભગવાન આદિ, મહાવીર ભગવાન ગૌતમ ગણધર આદિ હતા. ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં ત્રિલોકનાથ તીર્થંકરદેવ. પાંચસો ધનુષ દેહ, કરોડપૂર્વનું આયુષ્ય છે. અત્યારે બિરાજે છે. એના પણ ગણધર શાસ્ત્ર રચવા કાળે 'નમો લોએ સવ્વ સાહુણં' એમ કહે છે. આ અઢી દ્વીપમાં-આ આખા લોકમાં એવા સંયમધારી સ્વરૂપમાં રમણ કરનારા સંતોને મારા નમસ્કાર. ગણધર પણ કહે છે કે મારા નમસ્કાર. આહા..હા..! ભગવાનના વજીર-દીવાન. તીર્થંકરના દીવાન. એ દીવાન જેને... આહા..હા..! તીર્તંકર પરમાત્મા ત્રિલોકનાથ બાદશાહ રાજા, એના વજીર, દીવાન ગણધર આદિ એ પણ સંતોને નમસ્કાર કરે. આહા..હા..! એ તે સંત પદવી કેવી! શેઠ! ગણધર નમસ્કાર કરે. આહા..હા..! આ તો ઠેકાણા વિનાની વાત. અરે..! ભગવાન! તને હજી શ્રદ્ધાના ઠેકાણા નથી, જ્ઞાનના ઠેકાણા નથી અને ચારિત્ર થઈ ગયું. સમસ્ત ચારિત્રનું ધામ બની ગયું. આહા..હા..! '**નિકેતન (-ધામ) બને છે...**' સ્વરૂપની એકાગ્રતા થતાં ચારિત્રનું ધામ જ સ્થાન થઈ ગયું આત્મા.

'**તે આ સંયમધારીને નમસ્કાર હો.**' પદ્મપ્રભમલધારિદેવ મુનિ, સંત, ભાવલિંગી જેના મુખમાંથી પરમ આગમ ઝરે છે. એ કહે છે કે એવા મુનિ. ઓહો..હો..! ધન્ય રે ધન્ય પ્રભુ! તારા ચરણ પડે ત્યાં તીર્થ કહે એવા મુનિ સંયમધારીને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? બીજો શ્લોક.

**(वसंततिलका)**

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षो-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम्॥१२६॥**

ઓહો..! કેટલો નિશ્ચય મૂકે છે આમાં! કે '**મુમુક્ષુ એવા જેમને (-મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને)...**' વીરનંદી ગુરુ એના છે, પદ્મપ્રભમલધારિદેવના. **(-મોક્ષાર્થી એવા જે વીરનંદી મુનિને) સદા પ્રતિક્રમણ જ છે...**' આહા..હા..! એ પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે અમારા ગુરુ જે હતા વીરનંદી આચાર્ય, વીરનંદી મુનિ દિગંબર સંત એને '**સદા પ્રતિક્રમણ જ છે...**' આહા..હા..! એ બીજાની તને કેમ ખબર પડી ગઈ? એ કહે છેને બીજાની ખબર પડે નહિ. બીજા કોણ છે શું ખબર પડે? એને સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે શું ખબર પડે? આ તો કહે છે કે સમ્યક્ ચારિત્ર છે તમારામાં અમને ખબર છે. સમ્યગ્દર્શનમાં જ્ઞાન અને સમ્યગ્દર્શન છે એવી અમને ખબર છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભવમાં પણ કહ્યું છે. ભવિ આ જીવ છે કે અભવિ? એવો વિચાર કરી સમ્યગ્દષ્ટિ વિચાર કરે છે તો બધા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત મુનિને

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત છે એવો નિર્ણય કરી લે છે. એવો પાઠ ધવલમાં છે. નિર્ણય કરી લે છે. સમ્યગ્દર્શનની તાકાત, જ્ઞાનની તાકાત. એમાં સંયમ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ભવિ જીવ છે. સમજાણું કાંઈ? એ અવગ્રહ, ઇહા, વાય, ધારણા આવે છેને. એમાં એ લીધું છે કે આ ભવિ છે કે અભવિ? એમ લીધું છે. એવો પ્રશ્ન છે. એમ નથી કે આ ભવિ છે કે અભવિ? .... એ નિશ્ચય કરે છે, વિચાર કરે છે. ઓહો..હો..! એની ચારિત્રદશા એવી અમને ખ્યાલમાં આવી ગઈ. વીતરાગી આનંદમાં ઝૂલે છે. તો વીતરાગી આનંદ છે, ચારિત્ર છે, જ્ઞાન અને દર્શન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની મૂર્તિ છે તો એ ભવિ છે. એવો સમ્યગ્દૃષ્ટિ બીજાનો પણ નિર્ણય કરી લે છે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકો તો કહે એ આપણને ખબર પડે નહિ, એને ખબર પડે નહિ, આપણને ખબર પડે નહિ, એને ખબર પડે નહિ. આ તે કાંઈ આંધળો છે આત્મા? સમજાણું કાંઈ? શું કહ્યું જુઓને, આ પંચમ આરાના મુનિ પોતાના ગુરુને કહે છે તું સદા પ્રતિક્રમણ છે, એમ કહે છે. અમે પંચ મહાવ્રતધારિ છીએ, અમે સત્ય કહીએ છીએ એમ કહે છે. ..ભાઈ! આહા..હા..!

**'સદા પ્રતિક્રમણ જ છે અને અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** અસ્તિ-નાસ્તિ કરી, અનેકાંત કર્યું. ઓહો..હો..! વીરનંદી મુનિ જેને સદા રાગરહિત સ્વરૂપની રમણતારૂપ પ્રતિક્રમણ જ સદા છે. ચારિત્રમાં રમે છે ભગવાન અમારા મુનિ, અમારા ગુરુ, એમ કહે જુઓ. **'અણુમાત્ર પણ અપ્રતિક્રમણ બિલકુલ નથી,...'** થોડો પણ દોષ નથી. નહિ... નહિ... નહિ... **'તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર...'** એવા સકળસંયમરૂપી ભૂષણ. એ અંતર સ્વરૂપમાં ચારિત્રનું ભૂષણ છે. એ આભૂષણ છે, એની આત્મામાં શોભા છે. અલંકાર એ છે. ધૂળના અંલકાર શું? માટી, શરીરનું શું? દાગીના. દાગીના સમજો છો? ઝેવર. અંતર સ્વરૂપ ભગવાન આત્મા આનંદકંદની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીનતા સકળસંયમ એ એનું ભૂષણ છે, એમાં આત્મા શોભે છે. એમાં આત્માની ... છે. આહા..હા..! આ તો હજી ૮૦૦ વર્ષ પહેલાં થયા પદ્મપ્રભમલધારિદેવ પંચમ કાળ અત્યારે. આહા..હા..! એ કહે છે કે આ વીરનંદી આચાર્ય જેના પ્રતાપે અમને મુનિપણું ... અમારા ગુરુ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તે સકળસંયમરૂપી ભૂષણના ધરનાર શ્રી વીરનંદી નામના મુનિને નિત્ય નસ્કાર હો.'** પદ્મપ્રભમલધારિદેવ કહે ઓહો..! આત્માની જ્ઞાન-દર્શનની તાકાત કેટલી છે અને એમાં ચારિત્રની તાકાત પ્રગટી એ જ્ઞાન પ્રગટ નિર્ણય કરી લે છે. આહા..હા..! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન નિર્ણય કરી લે છે. જુઓ, જાતિસ્મરણ નથી કહ્યું? જાતિસ્મરણમાં ધારણામાં એટલી તાકાત કરી લે છે કે આ આત્મા અમારી સાથે હતો અમુક ભવ પહેલાં. સમજાણું કાંઈ? આ અમારા પતિ હતા ઋષભદેવ ભગવાન. સમજાણું કાંઈ? બાર મહિના આહાર ન મળ્યો. શ્રેયાંશકુમારને ઘરે પધાર્યા. ભગવાનને બાર મહિના આહાર ન મળ્યો પહેલા ઋષભદેવ ભગવાનને. શ્રેયાંશકુમારને ઘરે ગયા. નિમિત્ત જ્ઞાનીએ કહ્યું હતું તમારે ઘરે કલ્પવૃક્ષ .. એમ લાગે છે. આમ ભગવાન જુવે તો આહા..હા..!

નગ્નમુનિ દિગંબર. કાંઈ નહિ. મોરપીંછી કમંડળ કાંઈ નહિ. ઓહો..! આ શું ... આમ ટગ-ટગ. એકદમ જાતિસ્મરમ. પૂર્વભવનું ભાન. આઠ ભવ પહેલા આત્મા એ હતો પતિ મારા અને હું એની પત્ની. નક્કી કરી લીધું. જાતિસ્મરણમાં નક્કી કર્યું. ફેર ન પડે. અહીંયાં સમ્યગ્જ્ઞાનથી મુનિનો નિર્ણય કરી લીધો. એલા! મતિના ભેદમાં એવો નિર્ણય થાય છે ભવનો? આ પોતાના ભાવનો નિર્ણય ન થાય? સમજાણું કાંઈ? આહા..હા..! એ સમ્યગ્દર્શન તો ભગવાન જાણે કેવળજ્ઞાની જાણે, આપણને ખબર પડે નહિ. અહીં તો બીજાની ખબર પડે એમ કહે છે. સાંભળને ... વાત શું? પંડિતજી! પોતાની પોતાને ખબર પડે દર્શન-જ્ઞાન-ચારિત્રની, એમ કહે છે. આહા..હા..! અહીં તો પરની ખબર પડે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પંડિતજી ઠીક કહે. ... સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ કેવળજ્ઞાનનો કંદ છેને. જેમાં કેળજ્ઞાન પડ્યું છે અનંત. ત્રણકાળ, ત્રણલોક જોવાની જેમાં તાકાત એવા આત્માની શ્રદ્ધા, અનુભવ થયો, એની પ્રતીત થઈ, એનું જ્ઞાન થયું અને એમાં લીનતા ચારિત્રની થઈ. કહે છે કે અમારા વીરનંદી મહારાજ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત છે, પૂર્ણ પ્રતિક્રમણસહિત છે, અણુમાત્ર અપ્રતિક્રમણ નથી. આહા..હા..! એલા! પણ વીતરાગ થઈ ગયો? હવે સાંભળને! આ પંચમકાળના મુનિ આઠસો વર્ષ પહેલાં. મુનિપદ તો કેવું છે! વીતરાગતા પ્રગટ થઈ. આહા..હા..! અંદરમાંથી શાંતિનો શેરડો ફૂટે. શેરડો સમજો છો? શેરડો શું કહે છે? ધારા. ધારા-ધારા. આમ મોસંબીને કાપતા નથી. આમ હોયને રસ નીકળે છે. આ કાચના વાસણ નથી હોતા, ભાઈ! સંચો થાય છેને કાચનો એવો કાંઈક. મોસંબી. એકદમ ધારા નીકળે. કાચના હોય છેને શું કહે છે? સંચો આવે કાચનો. ઉપર એવું ને એવું. કરકરિયા હોય એની સાથે. રસ... રસ... રસ... સમજાણું? શેરડો નીકળ્યો અંદરથી. અને શેરડી. શેરડી સમજ્યા? ગન્ના. શેરડી-શેરડી. શેરડીને જેમ પીલે. .. પીલતા હતા. નાના સંચામાં પણ પીલતા હતા. ત્યાં નાના સંચામાં પણ પીલતા હતા. નથી છોકરાઓ લેતા ગરમીમાં? એમ ભગવાન આત્મા રાગ, દ્વેષ અને શરીર એ કુચો છે. ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદની શેરડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એકલો આનંદરસ છે આત્મામાં.

**શ્રોતા** :- તલમાં તેલ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તલમાં તેલ, શેરડીમાં રસ એમ ભગવાન આત્મા એકલો આનંદરસ છે. કહે છે કે એ આનંદરસમાં મુનિ ... થઈ ગયા. આહા..હા..! અહીં આ શેરડી લે છેને નહિ? સંચામાં વેચે છે ઓલા શું કહેવાય? રેકડી. રેકડીમાં. ... લાવો ચાર પૈસાનો.

**શ્રોતા** :- એ રાજકોટમાં વધારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં હશે કાંઈક. એ છોકરા .. લેતા હોય. સવારે ખાતા હોય તોપણ

બપોરે જરી ખાવાનું મન થઈ જાય. ... આ શેરડીનો રસ. કહે છે કે આહા..હા..! મુનિ! તમે સકલસંયમધારી આનંદનો રસ ચૂસો છો. અમે માનીએ છીએ, પ્રભુ! તમને મારા નમસ્કાર! એમ પદ્મપ્રભમલદારિદેવ કહે છે. સમજાણું કાંઈ? એ અધિકાર પૂરો થયો લ્યો.

'**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા...**' પદ્મપ્રભમલધારિદેવ. '**એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' હજી વાર છે, હજી પાંચ મિનિટની વાર છે. અત્યારે વખત નથી. એ સવારમાં.

હવે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર. આ નિશ્ચય-પ્રતિક્રમણનો અધિકાર થયો. હવે નિશ્ચય પ્રત્યાખ્યાન, ત્યાગ, ભવિષ્યનું પચ્ચખાણ. સાચું પચ્ચખાણ કોને હોય? પ્રત્યાખ્યાન સાચો ત્યાગ, સાચું પ્રત્યાખ્યાન કોને કહે છે?

'**હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે.**' લ્યો, સાચું પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. '**કે જે નિશ્ચય-પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે...**' આહા..હા..! ઉપમા જુઓ આપે છે. નિશ્ચય-પ્રત્યાખ્યાન ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં ભવિષ્યમાં શુભાશુભવિકલ્પ ન ઉત્પન્ન થાય એવા અંદરમાં સ્થિર થાય છે તેને અહીંયાં નિશ્ચય-પ્રત્યાખ્યાન કહે છે. એ નિશ્ચય-પ્રત્યાખ્યાન એ સત્ય પ્રત્યાખ્યાન છે. તે કેવું છે? '**સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય...**' રાજ-રાજ પોતાનું સકળ પ્રવજ્યારૂપી રાજ. સ્વરૂપની રમણતા સકળ પ્રવ્રજ્યા જે શાંતિ, ચારિત્ર એવું '**સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય...**' આ ચક્રવર્તીનું સામ્રાજ્ય હોય છે કે નહિ? સામ્રાજ્ય કહે છેને અમારું આ સામ્રાજ્ય એટલું છે. મોટું રાજ્ય છે. ભાવસામ્રાજ્ય. આ પણ સામ્રાજ્ય કહેતા અમારા આપણે હતાને દિગ્વિજય. '**સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય...**' કીધું એ સામ્રાજ્ય નથી. આ પોતાના સ્વરૂપનું સામ્રાજ્ય એ સામ્રાજ્ય. ત્યાં ગયા હતાને, ભાઈ! રાણી... એ રાજા ગુજરી ગયાને દિગ્વિજય? અમે જામનગર હતા ત્યારે એકવાર બોલાવ્યા હતાને દર્શન કરવા માટે. કે અમે આવી શકીએ એમ નથી. અમે તો બંગલા પાસેથી દિશાએ જતા હતા. તો મહારાજ અહીંયાં અમને દર્શન કરવા.. આ દિગ્વિજય. એની રાણી આ ગુલાબકુંવરબાઈ. પછી ત્યાં ગયા હતા. બિચારા બહુ રંગોળી કરી હતી. બધું કર્યું. સવારે હું દિશાએ બહાર જતો હતો ત્યાં નજીક એનો બંગલો હતો. ગયા હતા. પછી ... કહ્યું. કીધું સામ્રાજ્ય આ નહિ. રાણી પણ ... કહેવાય છેને. બેય બેઠા હતા. પા કલાક કહ્યું હોં. સામ્રાજ્ય આ નહિ. સામ્રાજ્ય આત્માના અનંતગુણનું સામ્રાજ્ય એ સામ્રાજ્ય છે. રાણીએ કબુલ્યું કે રાણી કે ઠીક

મહારાજ બરાબર વાત છે. પા કલાક સાંભળ્યું. એક હજાર રૂપિયા મૂક્યા હતા. એક હજારને એક. આ મોક્ષ .. આપણે.. એણે તો એક હજારને એક. મહારાજે અમારે ત્યાં પગલા કર્યા તો એક હજાર એક મૂકું છું. પા કલાક. પછી તમારે ત્યાં આવ્યા હતા. દસની સાલ. પણ સામ્રાજ્ય કીધું કોને કહે છે? આ કરોડ રૂપિયાનો તાલુકો સામ્રાજ્ય છે? ધૂળ છે કીધું આ. પોતાના આત્માનો આનંદ અનંતગુણનું સામ્રાજ્ય રાજ્ય પડ્યું છે એના સ્વામી થવું એનું નામ સામ્રાજ્ય અને રાજા છે. આ તો બધા ભિખારી છે. ભિખારી છે. જુઓ, અહીં તો પ્રવ્રજ્યારૂપી સામ્રાજ્ય હોં. અહીં તો પર્યાયને સામ્રાજ્ય કહ્યું છે. અનેક ગુણ સાથે પ્રગટ થયાને દર્શન, જ્ઞાન, ચારિત્રિ, શાંતિ, આનંદ એમ.

**'વિજય-ધજાના...'** એ સામ્રાજ્યની વિજય-ધજા. અમારું રાજ્ય વિજયમાં છે. અમારું રાજ્ય ...જયમાં છે. એવી **'વિજય-ધજાના વિશાળ દંડની...'** પાછી વિજય-ધજાની વિશાળ દંડની **'શોભા સમાન છે,...'** સમજાણું કાંઈ? કોણ? નિશ્ચય-પ્રત્યાખ્યાન. ભગવાન આત્મા ભવિષ્યનો શુભાશુભવિકલ્પ ન કરવો એવી સ્થિરતા થઈ ગઈ તો કહે છે કે એ **'પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યા સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન...'** નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? આત્માની પ્રવ્રજ્યાની શોભા વધી ગઈ છે. એવો વિજય પતાકા ખુલી ગયો એમ કહે છે. આહા..હા..! હવે અસ્થિર-ફસ્થિર અમારામાં છે નહિ. પ્રવજ્યાનો દંડ ધજા ચડી ગઈ છે. આહા..હા..!

**'સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે...'** કોણ? નિશ્ચય-પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા એમાં લીન થઈ ભવિષ્યનો ત્યાગ થઈ ગયો રાગાદિનો એ કહે છે કે **'કર્મોની નિર્જરાના હેતુભૂત છે, મોક્ષની સીડી છે,...'** એ નિશ્ચય આ સત્ પ્રતિક્રમણ મુનિને મોક્ષની સીડી-સીડી. કેવળજ્ઞાન. એવા ચારિત્રમાં રમનારો કેવળજ્ઞાન લેશે. **'અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.'** એ મુક્તિરૂપી સ્ત્રીની પ્રથમદર્શનની ભેટ. એ સ્થિરતા એ મુક્તિનો ભેદ થઈ ગયો ત્યાં. આહા..હા..! મુક્તિરૂપી સ્ત્રી એની પ્રથમ દર્શનની ભેટ પૂર્ણાનંદના નાથને જ્યાં સ્થિરતામાં જોયો મુક્તિ થઈ ગઈ કહે અમારી. દર્શનની ભેટ થઈ ગઈ. એને અહીંયાં નિશ્ચય પ્રત્યાખ્યાન કહે છે. એની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ-૮, શુક્રવાર, તા.૨૭-૦૫-૧૯૬૬**
**ગાથા-૯૫, પ્રવચન-૭૫**

મોક્ષનો માર્ગ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ જે નિશ્ચય મોક્ષમાર્ગ જોયો, જાણ્યો, અનુભવીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી. એવો ભગવાને નિશ્ચય મોક્ષમાર્ગ શું છે એની વાત આમાં ચાલે છે. અહીંયાં પ્રત્યાખ્યાનનો અધિકાર છે. સાચું પચ્ચખાણ, પ્રત્યાખ્યાન, ત્યાગ કોને કહે છે? વીતરાગ પરમાર્થના માર્ગમાં સાચો ત્યાગ, સાચું પ્રત્યાખ્યાન, સાચા આત્માના સ્વરૂપમાં મોક્ષના માર્ગની દશા કોને કહે છે? એ આ ગાથામાં લીધું છે. ગાથા-૯૫.

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स।। ९५।।**

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

એની ટીકા. પાઠમાં તો નિશ્ચય-યથાર્થ પ્રત્યાખ્યાનનો અધિકાર છે. છતાં ટીકાકાર એમાં થોડી પહેલા વ્યવહારની વાત કરે છે અને પછી ગાથાનો અર્થ કરે છે.

**'આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.'** મૂળ તો યથાર્થ પ્રત્યાખ્યાન ત્યાગ શું છે એનું સ્વરૂપ છે. **'અહીં એમ કહ્યું છે કે--વ્યવહારનયના કથનથી મુનિઓ...'** અહીંયાં મુનિની પ્રધાનતાથી કથન છેને? જે આત્મજ્ઞાની મુનિ છે, જેણે આત્મ સચ્ચિદાનંદ આનંદ શાંત સ્વરૂપ એવી પરમાનંદની દૃષ્ટિમાં, સમ્યગ્દર્શનમાં અનુભવ કર્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દેહ, રજકણથી ભિન્ન અને પોતાના અનંત-અનંત શાંત અને આનંદસ્વભાવથી અભિન્ન એવું પોતાનું સ્વરૂપ એનું પહેલા સમ્યગ્દર્શનમાં એ ચિદાનંદ અભેદ અખંડ આનંદ છે એવું પહેલા સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન જ્ઞાનનું વેદન કરીને પોતાના આત્માનો અનુભવ થયો છે. સમજાણું કાંઈ? પછી પ્રત્યાખ્યાન શું છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આ આત્મા જેવો એણે જોયો છે. ઇ આત્મા કેવો છે? કે એ આત્મા શરીર, કર્મથી રહિત અને પુણ્ય-પાપ, શુભ અને અશુભભાવ થાય છે એનાથી પણ રહિત અને અનંત, બેહદ, અનંત, બેહદ જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતસ્વભાવ એવા અનંતગુણથી ભગવાન આત્મા અભિન્ન છે. સમજાણું કાંઈ? બહુ અનંતકાળથી એણે એ વાત કદી કરી નથી. ભગવાન પ્રભુ આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્યમાં ભાગમાં જેમ

સિદ્ધમાં અનંતા ગુણની નિર્મળ પર્યાય પ્રગટી પરમાત્માને એવા બધા ગુણો ભગવાન આત્મામાં એ પણ અહીં અત્યારે અંતર વિદ્યમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ સિદ્ધ પરમેશ્વર નમો સિદ્ધાણં. સિદ્ધદશા પરમાત્માની એની પર્યાયમાં અર્થાત્ હાલતમાં, દશામાં પૂર્ણ શુદ્ધતા જે પરમેશ્વરને પ્રગટી એવી સર્વ શુદ્ધતા આ ભગવાન આત્મામાં અંતરમાં વર્તમાન વિદ્યમાન પડી છે. અહીંયાં પડી છે બધા કહે છેને અહીંયાં. આહા..હા..! અંદર ન હોય તો પ્રાપ્ત કેમ થાય? પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી નીકળે છે. ન હોય એમાંથી નીકળતી નથી. સમજાણું કાંઈ?

પીપરનો દાણો હોય છેને લીંડીપીપર. શું કહે છે? છોટી પીપર. તો એ લીંડી પીપરમાં વર્તમાન કાળી દેખાય છે અને વર્તમાન તિખાશ બહુ અલ્પ દેખાય છે. અંદરમાં પૂરી તિખાશ અને લીલો રંગ પડ્યો છે. વર્તમાન એમાં પડ્યો છે. જે ચોસઠ પહોરી ઘુંટે છે. ચોસઠ કહે છેને? પહેલા સો પૈસા કહેતા હતા. સો પૈસાનો રૂપિયો, પહેલા ચોસઠ કહેતા હતાને. ચોસઠ પહોર ઘુંટે છે તો ચોસઠ પહોરી તિખાશ પ્રગટી એ ક્યાંથી થઈ? પત્થરથી થઈ? પત્થરથી થાય તો કોલસા અને કાંકરા ઘુંટવા જોઈએ તો એમાંથી પ્રાપ્ત થવી જોઈએ. તો ભગવાન આત્મા એ પીપરના દાણામાં જેમ ચોસઠ પહોરી તિખાશ અને લીલો રંગ પૂરો પડ્યો છે તો પ્રગટે છે, એમ ભગવાન આત્મા આ આત્મા દેહમાં બિરાજમાન એના એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન અલ્પજ્ઞતા અને વિકલ્પ રાગાદિ દેખાય છે, પણ અંતર સ્વભાવમાં તો અનંત આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ પડ્યું છે. આહા..હા..!

**શ્રોતા** :- અભાવ તે ભાવ નથી થતો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી થતો. ભાવમાંથી ભાવ પ્રગટે છે. સમજાણું કાંઈ? અરે..! ભાઈ! એણે પોતાનું નિજસ્વરૂપ શું છે? (એ આજ સુધી જાણ્યું જ નથી!) અખંડાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જોયા એવા સર્વ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શાંત અનાકુળ આનંદ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય, પૂર્ણ સુખ આદિ સહિત પૂર્ણ સ્વરૂપ પડ્યું છે અંદર. વસ્તુમાં શક્તિરૂપે, સત્ત્વરૂપે, સ્વભાવભાવે, ભાવરૂપે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાની અંતરમાં નિશ્ચયસ્વરૂપ જે અખંડ અભેદ છે એને અંતરમાં પકડીને નિર્વિકલ્પ શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન થવું એ તો મોક્ષમાર્ગની શરૂઆતની દશા છે. અહીં તો એ ઉપરાંત પચ્ચખાણની વાત કરે છે. સમજાણું કાંઈ? કે પચ્ચખાણ શું ચીજ છે? પચ્ચખાણ નામ ત્યાગ-ત્યાગ લોકો કહે છેને? તો એ ત્યાગનું સ્વરૂપ શું છે? સમજાણું કાંઈ? તો કહે છે કે પહેલા મુનિ પોતાના સ્વરૂપનું ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે સમ્યગ્દર્શનમાં હોં. સમજાણું કાંઈ? આહા..હા..! એ આત્માનું અંતર સ્વરૂપ છે, વસ્તુ છેને? વસ્તુ છે. અરૂપી પણ સ્વરૂપ છે, અરૂપી પણ પદાર્થ છે. અરૂપી પણ ભાવસ્વભાવવાળો પદાર્થ છેને? તો એવો ભગવાન આત્મા સ્વભાવથી પરિપૂર્ણ શાંત, આનંદ આદિ વીર્યથી પરિપૂર્ણ ભરેલો છે. એવા ભગવાનની અંતર્મુખ થઈને

બહિર્મુખનો વિશ્વાસ, બહિર્મુખની મહિમા છોડીને અંતર્મુખમાં ભગવાન આત્મામાં અંતર્મુખ એકાગ્ર થઈને એકલું સામાન્ય સ્વરૂપ પૂર્ણ એના લક્ષમાં લઈને જે દૃષ્ટિ સમ્યગ્જ્ઞાન-દર્શન પ્રથમ પ્રગટે છે એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? એ વિના પચખાણ હોય નહિ. હવે એ પચખાણ શું છે સમ્યગ્દૃષ્ટિને? તો કહે છે કે **'મુનિઓ...'** મુનિ. મુનિ લીધાને? **'વ્યવહારનયના કથનથી મુનિઓ દિને દિને ભોજન કરીને...'** આ વ્યવહારનું કથન છે. ભોજન કરે અને ભોજન છોડે એ વ્યવહારનયનું કથન છે. દૃષ્ટિમાં તો સમ્યગ્દૃષ્ટિએ પહેલાથી લઈ લીધું છે કોઈપણ પોતા સિવાય રજકણને મેં ગ્રહ્યું પણ નથી અને હું છોડી શકતો પણ નથી. મારામાં છે જ નહિ. પરપદાર્થનું ગ્રહણ અને ત્યાગ મારી વસ્તુમાં જ નથી. સમજાણું કાંઈ? જડાદિ, આહાર, પાણી આદિ કહે છે. અહીં કહ્યુંને **'દિને દિને ભોજન કરીને...'** એ વ્યવહારનું કથન છે. સમજાણું કાંઈ?

**'પછી યોગ્ય કાળપર્યંત...'** મુનિ છે એ આત્મજ્ઞાની, ધ્યાની આત્માના સ્વરૂપમાં મસ્ત રહે છે. એને ભોજનના કાળે વિકલ્પ ઉઠે છે તો ભોજન આવ્યું એમ જાણ્યું અને પછી લક્ષ છોડી દીધું. સમજાણું કાંઈ? તો એણે વ્યવહારથી કહ્યું કે ભોજન કરીને ભોજનયોગ્ય કાળપર્યંત **'અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે;...'** રુચિનો અર્થ આસક્તિ છોડે છે. સમજાણું કાંઈ? પહેલા ભીક્ષા એકવાર હોય છે મુનિને. મુનિની પ્રધાનતાથી કથન છેને? મુનિને ભીક્ષા એકવાર હોય છે. એ જંગલમાં, વનમાં રહે છે. અને એકવાર ભોજન માટે જંગલમાંથી આવે છે. ભોજનનો વિકલ્પ આવ્યો. એને માટે બનાવ્યો ન હોય એવો નિર્દોષ મળી જાય તો લે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! એને તો એક શુભરાગ આવ્યો કે ભોજન લઉં. શરીરનો નિર્વાહ નથી થતો. બસ ... છૂટી ગયું. પછી કહે છે કે દિનમાં ભોજન કરીને પ્રત્યાખ્યાન કરે છે કે હવે આજ સાંજ સુધી, અમુક ટાઈમ સુધી. અમુક ટાઈમ લીધોને? **'અન્ન, પાન,... '** આહાર નહિ, પાણી નહિ, બીજીવાર પાણી પણ નહિ મુનિને. એક દિનમાં એકવાર આહાર, એકવાર પાણી. એ લે અને ખાય એકવાર. ખાવાયોગ્ય અને લે. એની આસક્તિ છોડે છે. આને વ્યવહાર કહે છે જુઓ. શુભરાગ આવ્યો તો એમાં એવું નક્કી કર્યું કે મને હવે અમુક કાળપર્યંત આહાર, પાણી આદિ નહિ. એનું નામ વ્યવહાર-પ્રત્યાખ્યાન શુભરાગને પુણ્યબંધનું કારણ ગણીને કહેવામાં આવે છે. એ યથાર્થ પ્રત્યાખ્યાન નથી.

**'આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.'** હવે **'નિશ્ચયનયથી...'** સત્યદૃષ્ટિ, સત્યસ્વરૂપથી ઓળખવાલાયક શું? કે **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચના પરિહાર વડે...'** એ વાણી શુભ અને અશુભ બેય બોલતા નથી, છોડી દીધી. છેને? પ્રપંચ એટલે વિસ્તાર. નીચે. **'(અનેક પ્રકારની સમસ્ત વચનરચનાને છોડીને શુદ્ધ જ્ઞાનને ભાવવાથી...'** પછી જુઓ, પ્રપંચનો પરિહાર. વાણી બંધ કરી દીધી. વાણી તો વાણીને કારણે બંધ થાય છે. એ જડની પર્યાય છે આ વાણી, ધ્વનિ ઉઠે છે. પણ લક્ષ છોડીને **'શુદ્ધ જ્ઞાનને ભાવવાથી-તે ભાવનાના સેવનની કૃપાથી...'** ઓહો..હો..! જુઓ, ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એવું શુદ્ધજ્ઞાન, શુદ્ધજ્ઞાન. પરમાનંદ પ્રભુ એની

ભાવના એવો શુદ્ધ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એની એકાગ્રતા. એની સેવા. પાછી ભાષા એ લીધી. આહા..હા..! '**સેવાના પ્રસાદ દ્વારા...**' આ સત્ય પ્રત્યાખ્યાન, સત્ય રાગના અભાવરૂપ પોતાના શુદ્ધ સ્વરૂપનું પરિણમન એનું નામ પ્રત્યાખ્યાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનભાવના. તો પહેલા શુદ્ધજ્ઞાનસવરૂપ છું એવું દૃષ્ટિ-જ્ઞાન મુનિને તો છે જ. પણ જે આહારનો વિકલ્પ હતો એ છોડીને હવે અમુક સુધી આહાર નહિ લઉં એ તો વિકલ્પ છે. પછી અંતરમાં શુદ્ધજ્ઞાન ભગવાન આત્મા શક્તિરૂપે ચિદાનંદ પ્રભુ, સ્વભાવનો ભંડાર એની ભાવના. એના આનંદકંદ જ્ઞાનભાવમાં એકાગ્રતા એની સેવા. એ શુદ્ધ શાંતિ, જ્ઞાન, આનંદસ્વરૂપની સેવા. આહા..હા..! એના '**પ્રસાદ દ્વારા...**' અંતર જ્ઞાનમાં આનંદની લહેરના પ્રસાદ દ્વારા '**નવા શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમ જ ભાવકર્મોનો સંવર થવો...**' જુઓ, આ દ્વારા થવું ભાઈ, એમ કહે છે.

ભગવાન આત્મા શાંતસ્વરૂપ પ્રભુ નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવી ચૈતન્ય એના સ્વભાવની એકાગ્રતા શુભાશુભવિકલ્પ, પુણ્ય-પાપનો ભાવ અને જડકર્મ--એ તરફનું લક્ષ છોડીને પોતાના નિજસ્વરૂપમાં આનંદની ઉગ્રતાના સેવાના પ્રસાદ દ્વારા. એમ કેમ કહ્યું? કે કોઈ કહે અરે..! આ ત્યાગ કરવો એ દુ:ખ છે, આ બાહ્યત્યાગ દુ:ખ છે. ભગવાન! તે ત્યાગનું સ્વરૂપ જ જાણ્યું નથી. સમજાણું કાંઈ? આ ત્યાગ કરવો, કષ્ટ સહન કરવા. ભગવાન! એ કષ્ટ તો દુ:ખરૂપ પરિણામ છે. એ કાંઈ પ્રત્યાખ્યાન અને ત્યાગ છે નહિ. ભાઈ! પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના સેવનથી અતીન્દ્રિય આનંદના પ્રસાદની સેવા વડે શુભાશુભભાવ છૂટી જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની લહેજતમાં શુભાશુભપરિણામ ઉત્પન્ન થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો એની પોતાની કેવી છે એની એને ખબર નથી. હું કોણ છું? ક્યાં છું? કેવો છું? જય ભગવાન! એ તો આ માંડી બધી ધૂળની અને બહારની.

અહીં તો પરમેશ્વર વીતરાગદેવ કહે છે, ભાઈ! સત્ય સ્વરૂપ શું છે એ તો પહેલા સમજી લે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા એનો ત્યાગ, વાણીનો ત્યાગ થઈ ગયો. હવે '**શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...**' એમ કેમ કહે છે? એ તો આનંદની અંતર અનુભૂતિ વડે '**નવા શુભાશુભદ્રવ્યકર્મો...**' રોકાય જાય છે અને ભાવકર્મ નામ દયા એ વ્યવહારવ્રતનો વિકલ્પ હતોને વ્યવહાર ત્યાગનો, એ શુભરાગનો સંવર થવો-એ શુભરાગ ઉત્પન્ન ન થવો '**તે પ્રત્યાખ્યાન છે.**' આહા..હા..! કહો, હરિભાઈ! કેટલા વર્ષ પ્રત્યાખ્યાન કર્યા?

**શ્રોતા** :-એ બધું નકામું થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નકામું? અરે..! એને પચ્ચખાણ શું એની ખબર નથી. કહો, પંડિતજી! એનું નામ પ્રત્યાખ્યાન છે.

**શ્રોતા** :- શુભરાગ ન થવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શુભરાગની ઉત્પત્તિ ન થવી એટલું નહિ, અહીં તો આનંદની સેવાના પ્રસાદ દ્વારા શુભની ઉત્પત્તિ ન થવી. આહા..હા..!

**શ્રોતા** :- કષ્ટ દ્વારા નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કષ્ટ દ્વારા નહિ, દુઃખ દ્વારા નહિ. અરે..! મારે બહુ સહન કરવું પડે, ભાઈ! આહા..હા..! ઉનાળામાં એટલા ચોવિહાર કરવા. એ ત્યાગ છે જ નહિ સાંભળતો ખરો. એ તો કષ્ટ છે, એ તો આર્તધ્યાન છે. એ પ્રત્યાખ્યાન નથી અને એને ભગવાન ત્યાગ કહેતા નથી. આહા..હા..!

**શ્રોતા** :- મુનિરાજ કરે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કરે છે? આનંદ દ્વારા કરે છે એનું નામ કરે છે, એમ કહે છે. એ તો કષ્ટ છે, કષ્ટ છે એ પ્રત્યાખ્યાન પણ નથી. સમજાણું કાંઈ? એ મુનિપણું જ નથી.

**શ્રોતા** :- કષ્ટ આર્તધ્યાન!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો આર્તધ્યાન છે. આહા..હા..! ભાઈ! શુભભાવ થાય તોપણ આર્તધ્યાન છે. તો કષ્ટ લાગે અંદર, દુઃખ લાગે. દુઃખ લાગે તો અણગમો થયો, એ તો દ્વેષ થયો, એ તો બંધનું કારણ થયું, એમાં પ્રત્યાખ્યાન થયું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! તારી અંદરમાં એટલી પુંજી પડી છે કે અનંત કેવળ અને અનંત સુખ પ્રગટ કર એટલી તાકાત અંદરમાં પડી છે. તો એવા ભગવાન આત્માને અંતર્મુખમાં જ્ઞાનની, શ્રુતજ્ઞાનની સેવાના પ્રસાદ વડે. આનંદ દ્વારા એમ કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદ દ્વારા કર્મ રોકાઈ જાય છે, શુભાશુભપરિણામનું સંવર થાય છે. ઇ આનંદ દ્વારા. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ સાચું પચ્ચખાણ, પ્રત્યાખ્યાન અને યથાર્થ વિકારનો ત્યાગ. એ પણ નીચે કહેશે. સમજાણું કાંઈ?

અહીંયાં સિદ્ધ તો એ કરવું છે કે રાગનો ત્યાગ આત્મા કરે છે એ પણ નિમિત્તનું કથન છે, વ્યવહારથી એ કથન છે. પરમાર્થે શુભરાગનો ત્યાગ કરું એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભરાગ એનો ત્યાગ આત્મા કરે તો શું રાગનો ત્યાગ કરે છે આત્મા? રાગને ગ્રહણ કરે એવો તો આત્માનો સ્વભાવ છે જ નહિ, પણ રાગનો વ્યય કરું, ત્યાગ કરું એવો સ્વભાવ જ નથી. રાગનો ત્યાગ કરું એમ હોય તો રાગનો ગ્રહણ-ત્યાગ એને લાગ્યું રહે છે. તો વસ્તુના સ્વરૂપમાં એમ છે જ નહિ. આહા..હા..! ભારે વાત! મોટી વાતું બહુ. આ વાત સમજ્યા વિના એને કોઈ દિ' સંસારનો નિવેડો નહિ આવે. મરી જાય ક્રિયાકાંડ કરીને. બાર-બાર મહિનાના અપવાસ ને પંચમહાવ્રતનો શુભરાગ ને. મરી જાય તોપણ એના જન્મ-મરણ મટશે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વિકલ્પથી ભિન્ન અખંડાનંદ પ્રભુ એની દૃષ્ટિ થઈ અને પછી પણ જ્ઞાનની સેવાના પ્રસાદ દ્વારા. આહા..હા..! વાત શું કહે છે એ પકડવી કઠણ પડે. કેટલાક કહે, ભાઈ! આ પહેલી તો સાંભળી નથી. એકડા જેવી વાત લાગે પહેલી. કોઈ દિ' સાંભળી ન હોય, કાંઈ ન મળે.

સાંભળ્યું ધૂળેય ન મળે સાંભળ્યું. આખી જીંદગી આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. કર્તાબુદ્ધિ રાગની અને પરની. મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ પોતાનું સ્વરૂપ શું છે એની ખબર નથી.

અહીંયાં ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ફરમાવે છે કે ભાઈ! પ્રભુ! તારા સ્વરૂપમાં તો પૂર્ણ આનંદ અને જ્ઞાનની તો તને પ્રતીત થઈ ગઈ છે સમ્યગ્દર્શનમાં. તો પછી તને પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કેવું છે? કે એ આનંદની સેવા શુદ્ધજ્ઞાનની સેવા, શુદ્ધજ્ઞાનની એકાગ્રતાની સેવાના પ્રસાદ દ્વારા. આહા..હા..! જે નવાં દ્રવ્યકર્મ શુભાશુભ જડકર્મ અને વિકલ્પ પુણ્ય-પાપનો ભાવ. ભાવકર્મ એટલે શુભ-અશુભભાવ. એનું સંવર થવું અથવા ઉત્પત્તિ ન થવી એનું નામ પ્રત્યાખ્યાન, એનું નામ પચ્ચખાણ, એનું નામ સાચું જ્ઞાનસ્વરૂપે જ્ઞાન પરિણમન થયું એનું નામ ત્યાગ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, મૂળ પાઠમાં છેને? **'જલ્પ છોડીને,...'** જલ્પ છોડીને. છોડીને અને **'શુભ-અશુભનું નિવારણ કરીને,...'** બેય. આ છોડીને અપેક્ષાએ વાત કીધી. ભગવાન આત્મા એ વાણી છોડીને તો એ અપેક્ષાએ. એ છોડે પણ કથન શી રીતે કરવું? કે ભગવાન આત્મા એ વિકલ્પ ઉઠે છે કે હું આહાર છોડું. આહારનો ત્યાગ કર્યો જ નથી આ તો છોડું એવો વિકલ્પ આવ્યો કે હવે આહાર નથી લેવો. એનું નામ પણ હજી વિકલ્પ અને પુણ્યબંધનું કારણ છે, એ ત્યાગ નથી, એ ખરું પચ્ચખાણ નથી. ખરું પ્રત્યાખ્યાન ભગવાન અનાકુળ આનંદ એની ભાવના, એકાગ્રતા, એની સેવાના પ્રસાદ દ્વારા. લીનતા આનંદ-આનંદ અમૃતનો ઓડકાર થયો. આહા..હા..!

ભગવાન ઋષભદેવને બાર મહિના આહાર ન મળ્યો. ભગવાન ઋષભદેવ ભગવાન છ મહિના તો પહેલા આહારનો ત્યાગ કર્યો વિકલ્પથી, પછી આહાર લેવા જતા હતા પણ એવો નિર્દોષ જેવો મળવો જોઈએ તેવો મળતો નથી તો લીધો નહિ. બાર મહિના આહાર ન લીધો. ત્યારે પણ અંદર આનંદમાં હતા. આહા..હા..! આનંદનું ભોજન કરતાં હતા. આહા..હા..! દુઃખી નહોતા. દુનિયા કહે, અરે..! ભગવાન એકલા રાજપાટ છોડીને પહેલા ભગવાન આ ચોવીસીમાં પહેલા જ તીર્થંકર એ આદિજિનેશ્વર કહે છેને? તો પહેલા મુનિ થયા હતા. પહેલા થયા. બાર મહિના આહાર નહિ. લોકો જુએ કે દુઃખી છે. દુઃખી નથી, ભગવાન! તને ખબર નથી. સમજાણું કાંઈ? શરીર જીર્ણ થઈ ગયું એમ દેખાય. બહારથી દેખાય. અંદરમાં તો એક વિકલ્પ આવ્યો હતો થોડો તો ભીક્ષા માટે જાતા હતા. વિકલ્પ છુટી ગયો. અતીન્દ્રિય આનંદની સેવા, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં હતા. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ પ્રત્યાખ્યાન અને ત્યાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો કેવળજ્ઞાન નહોતું થયું.

**શ્રોતા :-** મુનિ હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હજી તો મુનિ હતા. ભીક્ષા માટે વિકલ્પ ઉઠતો. ક્રિયા જડની થાય છે એ જાણતા હતા. થયું. આમ જોવે એ પ્રમાણે મળે નહિ. કારણ કે .. રાજા હતા. આ શું મહારાજ

આહાર લેવા આવે છે? કોઈ મનુષ્ય સ્ત્રી લઈને જાય, કોઈ દાગીના લઈને જાય. દાગીના સમજ્યા? ઝેવર. .. લઈને જાય. કોઈ હાથી આ ... અરે..! આને કાંઈ ખબર નથી. અને એ તો કહેતા નહિ. કથન ઉપદેશ ન કરે કે આમ ન હોય. એ તો કેવળજ્ઞાન પહેલા બોલતા નથી. સમજાણું કાંઈ? બાર મહિના નીકળી ગયા કુદરતે. સ્વપ્ન આવ્યું શ્રેયાંશકુમારને અને ભોજનમાં શેરડીનો રસ. જાતિસ્મરણ થયું ભગવાનને જોઈને રાજકુમારને જાતિસ્મરણ થયું અને એ વિધિની ખબર પડી ગઈ કે આઠ ભવ પહેલા ઋષભદેવ ભગવાન મારા પતિ હતા અને હું પત્ની હતી. એવું જાતિસ્મરણ મુનિની ધારણા જ્ઞાનમાં ખ્યાલ આવી ગયો. શ્રેયાંશકુમાર રાજકુમાર હતાને? બે ભાઈ હતા. આ નાના ભાઈ હતા. શેરડીનો રસ. એ વિકલ્પ છૂટી ગયો અતીન્દ્રિય આનંદમાં લહેર કરતાં હતા. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં અતીન્દ્રિય આનંદ લહલહતો પડ્યો છે. એ કેવું હશે આતે વળી? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનું સ્વરૂપ કષાય નામ શુભાશુભ વિકલ્પભાવ એનાથી રહિત શોભે. એવા સ્વરૂપના અનુભવ ઉપરાંત જ્યાં સ્વરૂપની સેવા એકાગ્ર કરી, એમ કહે છે અહીં તો. એ આનંદની જ્યાં લહેર ઉઠી અંદરમાંથી, અતીન્દ્રિય આનંદની લહેરનું પરિણમન થયું પુણ્ય-પાપનું સંવર થઈ ગયું. કર્મ આવવાના નહોતા. સમજાણું કાંઈ? આ એને સંવર અને પ્રત્યાખ્યાન કહે છે. હજી પચ્ચખાણ કોને કહેવા એની ખબર ન મળે. એ શ્રદ્ધા ન મળે, ખબર ન મળે, અમારે પચ્ચખાણ, અમારે પચ્ચખાણ છે. કહો, સમજાણું કાંઈ? ભાષા પણ કેવી કરી છે જુઓ, '**શુદ્ધજ્ઞાનભાવના...**' એનો અર્થ શું? સમજાણું કાંઈ? ભગવાન આત્મા તદ્દન શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસૂર્ય. ચૈતન્ય જ્ઞાનનો સૂર્ય પ્રભુ એમાં અતીન્દ્રિય આનંદ સાથે છે, પણ જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. શુદ્ધજ્ઞાન પ્રભુ એની ભાવના અંતર એકાગ્રતા એની સેવા એના દ્વારા. પ્રસાદ. '**સેવાના પ્રસાદ દ્વારા...**' પ્રસાદી મળી અંદરમાં. આનંદ... આનંદ... આનંદ... આનંદ... એનું પરિણમન જે થયું એનું નામ જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું એનું નામ ત્યાગ. સમજાણું કાંઈ? કહો, શેઠ! ભારે પચ્ચખાણ! આવી જાતનું સાંભળ્યું પણ ન હોય પચ્ચખાણ.

**શ્રોતા** :- આત્માનો આનંદ એ જ પચ્ચખાણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પ્રત્યાખ્યાન છે. આનંદ અંતરમાં પ્રગટ કર્યું ખાણમાંથી. એય..! સ્વરૂપચંદભાઈ! જુઓને પણ ૭૦ લાખમાંથી એક કરોડ. ખુશી થઈ જાય કે નહિ? એ શું આનંદ હશે કે દુઃખ હશે?

**શ્રોતા** :- દુઃખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-હજી તમારા ભાઈને એક મહિનામાં પચાસ લાખ પેદા કર્યા હતા. એક મહિનામાં પચાસ લાખ એમના ભાઈએ. કેશવભાઈ. એક મહિનામાં પચાસ લાખ હોં. છોટાભાઈ.

**શ્રોતા** :- પુણ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્ય છે. પણ સુખ છે કે નહિ એમાં?

**શ્રોતા** :- સુખ કે દિ' હતું? તો તો અહીં ન આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય નથી.

**શ્રોતા** :- એ તો દુ:ખમાં પડ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દુ:ખમાં પડ્યા છે. રાગ અને વિકાર આકુળતા છે, દુ:ખ છે. ત્યાં ક્યાં ધર્મ ક્યાં છે અને સુખ ક્યાં છે? ધૂળમાં છે? આહા..હા..!

અહીં તો અંતર લક્ષ્મી ભગવાન આત્મા સર્વજ્ઞ લક્ષ્મી, કેવળજ્ઞાન લક્ષ્મી, કેવળ આનંદ લક્ષ્મી આત્મામાં પડી છે અંદરમાં. આહા..હા..! એ બીજામાં ભરોસો આવે સમજાણું? કે આવું આમાંથી નીકળશે, આવું આમાંથી નીકળશે, આવી ખાણમાંથી નીકળશે. એય..! છે કે નહિ એના મામાનો? એને સો વર્ષનો ભરોસો છે. છેને ઓલો ગોવામાં શાંતિલાલ ખુશાલદાસ. એક દિવસની એક લાખની પેદાશ. ગોવામાં શાંતિલાલ ખુશાલદાસ.

**શ્રોતા** :- એની સાથે આપણે મુકાબલો કરવો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... એને ૨૨ માઈલમાં જમીન મળી. એવું લોઢું શું કહેવાય તમારે? મેંગેનીઝ નીકળે છે. એક દિવસમાં એક લાખનું નીકળે છે અત્યારે. અત્યારે હોં. ચાલીસ કરોડ રૂપિયા છે એની પાસે. આ એના મામાનો દીકરો છે. એ કહે છે કે કેટલીવાર તો કે અમારી સો પેઢી ખાય એટલું દરરોજ નીકળશે મેંગેનીઝ. અહીં તો કહે છે કે અનંતકાળ આનંદ નીકળે એવી આત્મામાં ખાણ પડી છે. ધૂળમાંય નથી. એનો ભરોસો એને ધૂળનો. આહા..હા..! પોતાને રહેવું ૨૫-૫૦ વર્ષ. સો પેઢી ખાય. પેઢી. સો પેઢી. સો વર્ષ કહેતા હતા હોં સો વર્ષ. જમીન ઘણી છે કે એટલો કાઢશો માલ તો દરરોજ લાખ-લાખનું કાઢશો તો સો વર્ષે પણ નહિ ખૂટે. પણ મરવું છે ક્યારે તારે હવે? સો વર્ષ રહેવું છે કે નહિ? પણ એની પ્રીતિમાં એ ભાવ પડ્યો છે કે આ ખાણમાંથી એવું નીકળશે. પણ આ ભગવાનની ખાણમાંથી અનંત કેવળજ્ઞાન અને અનંત આનંદ નીકળશે એવી પ્રતીત નહિ મળે. મારી કોઈ ખાણ મહા પડી છે એ પત્તો શ્રદ્ધામાં લાગવાથી કે હું તો સાદી અનંત કેવળજ્ઞાન અને આનંદ પ્રગટ કરું એવી મારી ખાણ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને એવી પ્રતીતિ થઈ જાય છે કે આત્મ પ્રાપ્ત થઈ ગયો. ઓહો..હો..! હવે જેટલો હું એકાગ્ર થાવ એટલી અંદરમાં નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. તે ક્યાં સુધી? કે સાદીઅનંત. આહા..હા..! સમજાણું કાંઈ? સાદીઅનંત. કેવળજ્ઞાન જ્યાંથી નીકળ્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાંથી પ્રગટ કર્યું એના ફળરૂપે કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?

નિશ્ચય તો તત્ત્વ છે હોં દૃષ્ટિમાં. અંતરમાં આ પ્રત્યાખ્યાન પર્યાય થઈ એ નિશ્ચય-પ્રત્યાખ્યાન વિકલ્પની અપેક્ષાએ કહે છે. આ એના ફળરૂપે કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? કહે છે, અહી મોક્ષમાર્ગ અને મોક્ષ બે છેને? **'मग्गो मग्गफल'** સમજાણું કાંઈ? આ માર્ગ છે. ઓહો..હો..! **'જે સદા અંતર્મુખ**

**પરિણમનથી પરમકળાના આધારરૂપ...**' પરમકળાના આધારરૂપ '**અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' ભગવાન આત્મા એ શુભાશુભ પુણ્ય-પાપનો ભાવ, દયા-દાન-વ્રતનો વિકલ્પ એ શુભરાગ, આસ્રવ એનાથી ખસીને પોતાનું સ્વરૂપ '**સદા અંતર્મુખ પરિણમનથી...**' અંતર્મુખ પરિણમનથી. ભાષા જુઓ. વસ્તુ છે એ સદા અંતર્મુખ. અંતર્મુખ દૃષ્ટિ થઈને પરિણમન થયું. બહિર્મુખનો જેટલો વિકલ્પ શુભાશુભનો ઉઠે છે એ પુણ્ય-પાપ બંધનું કારણ છે. વાત સમજવી કઠણ પડે હજી તો. બધા. એલ.એલ.બી.ના પુંછડા શીખે મોટા પાંચ-પાંચ હજારના પગાર અને ધૂળમાં એમાં એમ કે આહા..હા..! અમે કેવા થઈ ગયા! આહા..હા..! કહો, એના દીકરાને દસ હજારનો પગાર છે. ખબર છેને? દસ હજાર માસિક. અમેરિકા. પણ દસ હજારનો માસિક પગાર. ૪૦ વર્ષની ઉંમર. આમ ફાટી જાયને પ્યાલા.

**શ્રોતા** :-એકે બેડો પાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કહે છે કે આ એક છોકરો પણ બેડો પાર છેને એમ કહે છે. ધૂળમાંય નથી. આહા..હા..! એ બિચારા પોતે કહે છે. સુમનભાઈ કહે છે કે આ દસ હજારનો પગાર ધૂળમાં કાંઈ માલ છે નહિ. એ બિચારા કહે છે પોતે. સમજાણું કાંઈ? આ આત્માને સમજ્યા વિના સંતોષ કાંઈ ધૂળમાંય નથી. તારો દસ હજારનો માસિક પગાર હોય કે લાખનો હોય હવે સાંભળને. દસ હજારનો હોં દસ હજારનો. સમજાણું કાંઈ? આ ભગવાનનો પગાર એટલો છે એ આત્માની સેવા કરે તો અનંત આનંદ શાંતિ પ્રગટે એની કિંમત શું? આહા..હા..! ભગવાન રાજા. જીવરાજા કહ્યા છેને? ભગવાન જીવરાજા અંદર શુદ્ધ ચૈતન્યશક્તિ શુદ્ધ આનંદ પડ્યો છે અંદરમાં પૂર્ણ. જેમ લીંડીપીપરના દાણામાં આખા લીલા રંગમાં તિખાશ ભરી છે. એમ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ પડ્યો છે. એની સેવા કરવાથી નિશ્ચય-પ્રત્યાખ્યાન આનંદ પ્રગટે છે. આ એવી જીવરાજાની સેવા છે. અને એમાંથી અનંત કેવળજ્ઞાન અને અનંત આનંદ પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે સદા અંતર્મુખ પરિણમનથી પરમકળાના આધારરૂપ...**' કોણ પરમકળાનો આધાર? '**અતિ-અપૂર્વ આત્મા...**' એમ. એ પરમ જે કળા પ્રગટ થાય છેને એનો આધાર કોણ છે? આત્મા પરમકળા કેવળજ્ઞાન. અથવા કેવળજ્ઞાન પરમકળા છે. આ એનો '**આધારરૂપ અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? કરોડો-અબજો વર્ષથી બિરાજે છે. હજી કરોડો-અબજ વર્ષ રહેશે. આવતી ચોવિસીમાં બારમાં તીર્થંકર જ્યારે થશે અહીંયાં ત્યારે મોક્ષ પધારશે. એ ભગવાનના મુખથી આ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ નીકળ્યું છે. સમજાણું કાંઈ? એ કુંદકુંદાચાર્ય મહારાજ સંવત્ ૪૯માં અહીંયાં થયા દિગંબર મુનિ. ભગવાન પાસે ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. અત્યારે પણ ભગવાન ત્યાં જ બિરાજે છે. કુંદકુંદાચાર્ય તો સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા. ભગવાન બિરાજે છે. એના મુખથી ત્યાં આઠ દિવસ સાંભળી અહીં આવ્યા અને

આ શાસ્ત્ર પછી બનાવ્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

તો કહે છે કુંદકુંદાચાર્ય કે ભગવાન તો આમ કહેતા હતા. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એની વાણીમાં તો નિશ્ચય સાચા પ્રત્યાખ્યાનનું સ્વરૂપ તો એવું આવ્યું છે. સમજાણું કાંઈ? એવું ભગવાને કહ્યું એવું હું કહું છું. આહા..હા..!

'**સદા અંતર્મુખ પરિણમનથી...**' આહા..હા..! બહિર્મુખ પરિણમન ક્યુ? એ વિકલ્પ પુણ્ય-પાપ એ બહિર્મુખ છે. આમ અંતર વસ્તુ ખાણ છે અને બહિર્મુખ વિકલ્પ ઉઠે છે જેટલા બાહ્યત્યાગ આદિ કે આ કરો એ શુભાશુભ રાગ છે, એ તો બંધનું કારણ છે. '**સદા અંતર્મુખ પરિણમનથી...**' ઓહો..હો..! ટીકા પણ બનાવી છે. '**પરમકળાના આધારરૂપ...**' એ પરમ વર્તમાન આનંદની કળા અને પૂર્ણ આનંદની કળા પ્રગટ કરવામાં '**આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા...**' ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ તે અપૂર્વ આધાર. તે પરમ પ્રત્યાખ્યાનનો પણ આધાર અને કેવળજ્ઞાનનો પણ આધાર અપૂર્વ આત્મા છે. આહા..હા..! ટીકા પણ! ભગવાન આત્મા જેમ એ પીપરનો દાણો એ ૩૫, ૪૦, ૫૦ પહોરની તિખાશ પ્રગટે છે એનો પણ આધાર એ પીપર છે અને ચોસઠ પહોરી પ્રગટે છે એનો આધાર પણ પીપર છે. એમાં પ્રગટનો આધાર તો એ છે. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રભુ શુદ્ધ આનંદઘન ચૈતન્યમૂર્તિ છે, એને જ્યાં સમ્યક્ચારિત્રની દશા પ્રગટી એ ચારિત્ર જે રમણતા રાગ, પુણ્ય-પાપ, વિકલ્પરહિત આ ચારિત્ર. આ ચારિત્રની વાત ચાલે છેને? ચારિત્ર અને પ્રત્યાખ્યાન થયું એનો આધાર ભગવાન આત્મા. એ શુભવિકલ્પ આધાર નથી, નિમિત્ત આધાર નથી, શરીર મજબુત છે તો પ્રત્યાખ્યાન થયું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અને '**પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા...**' અપૂર્વ આત્મા જુઓ આત્મા પણ અપૂર્વ. પ્રતીતમાં, ભાનમાં નહોતું લીધું તો એને અપૂર્વ આત્મા કહેતા નથી. કહેતા નથી જ્યારે નહોતું લીધું તો એમ. ભાનમાં છે કે અપૂર્વ આત્મા. પૂર્વે કદી નહિ જોયો, નહિ જાણ્યો એવો આત્મા. સમજાણું કાંઈ? આઠ-આઠ વર્ષના બાળક ચક્રવર્તીના પુત્રો પણ દીક્ષિત થતા હશે. આ એવી દશા એનું નામ ચારિત્ર હોં. લોકો માને એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. એ તો અજ્ઞાનમાં જીવે માની રાખ્યું છે.

**શ્રોતા** :- સાંભળ્યું પણ નથી, જોયું પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળ્યું પણ નથી, જોયું પણ નથી. ભગવાન! એ ભગવાનની શું કથા છે? ધર્મ શું કહે છે એનો પણ એણે પહેલા નિર્ણય કરવો જોઈએને, ભાઈ! અનંતકાળ વીત્યો પણ સંસારનો અંત ન આવ્યો તો કોઈ બીજી ચીજ રહી ગઈ છે. સમજાણું કાંઈ? બહુ પ્રત્યાખ્યાન વ્રત લીધા, નિયમ લીધા, તપસ્યા કરી અનંતવાર એવું કર્યું છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર...' આવ્યું હતું કે નહિ આજે? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન

બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન એમાં આનંદ છે, એ વિના આનંદ છે નહિ. ભગવાન આત્મા એનું જ્ઞાન રાગ, પુણ્ય વિકલ્પનો નહિ. જ્યાં જ્ઞાન .. એનું જ્ઞાન.. આ આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ એનું જ્ઞાન, એનું ભાન, એમાં આનંદ એવું અનંતકાળમાં એણે લીધું નથી તો સુખ મળ્યું નથી. એમ કહ્યું આત્મજ્ઞાનમાં સુખ નથી. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના એકલા અહિંસા, સત્ય, દત્યના પરિણામ એ સુખ નથી, એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બાર-બાર મહિનાના અપવાસ કરે એ તો રાગની મંદતા એ તો દુઃખ છે, દુઃખ છે, સુખ નહિ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર. એના જ્ઞાનમાં આનંદ છે અને એની સ્થિરતામાં મોટો આનંદ છે એમ કહે છે અહીંયાં. પ્રત્યાખ્યાન છેને? અતીન્દ્રિય આનંદ છે. આહા..હા..!

**'અતિ-અપૂર્વ આત્માને આધારરૂપ...'** જુઓ, ભાષા શું કરી? જે આ પ્રત્યાખ્યાન થયું નિશ્ચય પરિણમન એનો કોઈ આધાર, કોઈ વ્યવહાર હતો? નિમિત્ત આધાર છે? એ વ્યવહાર વિકલ્પ આવ્યો એ આધાર છે તો નિશ્ચય-પ્રત્યાખ્યાન થયું? એ કહેવામાં કથનમાત્ર છે, વસ્તુમાં નથી. એ ચીજ છે એ જણાવાયોગ્ય છે. આહા..હા..! અને ખરેખર તો ભગવાન આત્મા જ અંતર નિશ્ચયતત્ત્વ અને પછી પર્યાય પ્રગટી અને પર્યાય કેવળ થઈ એ પણ બધું વ્યવહારમાં જાય છે. સમજાણું કાંઈ? નિશ્ચય તો દ્રવ્યસ્વભાવ દૃષ્ટિ થઈ એને નિશ્ચય કહે છે. અહીંયાં તો પ્રત્યાખ્યાનનો અધિકાર છે તો પ્રત્યાખ્યાન નિશ્ચયની પર્યાયને અહીંયાં કહે છે, પણ એ પર્યાયની વાત છે. આ આખો ગ્રંથ પર્યાયનો છેને. નિયમસાર મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ પર્યાય છે. પણ પર્યાય નિશ્ચયથી દ્રવ્યની દૃષ્ટિ થઈ નિશ્ચયતત્ત્વની તો પર્યાય પ્રગટે છે તો એ પર્યાયને પણ વ્યવહાર કહે છે અને એના ફળરૂપ કેવળજ્ઞાન એને પણ વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો વ્યવહાર પહેલા નિશ્ચય-નિશ્ચય છે નહિ આવો. નિશ્ચયતત્ત્વની અનુભવ દૃષ્ટિ થઈ એ નિશ્ચય છે. પર્યાય પ્રગટી એ ભેદ છે તો વ્યવહાર કહો. રાગની અપેક્ષા, અભાવની અપેક્ષા એને નિશ્ચય-પ્રત્યાખ્યાન કહો. અંદર શુદ્ધ પરિણમન નિર્વિકારી આનંદની દશા બસ એને પૂર્ણ આનંદની કળા કેવળજ્ઞાન સાથે અનંત આનંદ એનો આધાર ભગવાન આત્મા છે. કે ભાઈ! કેવળજ્ઞાન પ્રગટે તો આ શરીર સંહનન મજબુત છે, દેહ છે, આ પંચમ કાળ, ચોથો કાળ હોય, મહાવિદેહ ક્ષેત્રમાં હોય ભગવાન પાસે બિરાજતો હોય આત્મા તો બહારના આધારે કેવળજ્ઞાન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'અતિ-અપૂર્વ આત્માને ધ્યાવે છે, તેને નિત્ય પ્રત્યાખ્યાન છે.'** જુઓ, એ અતિ એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની એકાગ્રતા કરે છે એને નિત્ય પ્રત્યાખ્યાન છે. હંમેશા ચોવીસ કલાક પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત બહુ ગૂઢ, ગુપ્ત થઈ ગઈ. બહારની ક્રિયાકાંડ અને કષ્ટમાં લોકોએ માની લીધું. આ શેઠિયાઓ પણ માની લીધું કે થોડા પૈસા ખર્ચે, થોડા પાંચ,

દસ હજાર, વીસ હજાર જાઓ, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી તારો. પૈસામાં પણ નથી, પરમાં પણ નથી.

**શ્રોતા** :- ગરીબ હોય એ પડિમા લઈ લે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-શરીરના સમર્થવાળા થોડો ત્યાગ કરે, પૈસાના સમર્થવાળા પૈસા ખર્ચે, બુદ્ધિના સમર્થવાળા એકલા ક્ષયોપશમના જ્ઞાનની ઉઘાડની વાતું કરે. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા એક સમયમાં કેવો છે એના ભાન વિના એ ત્રણેય નિરર્થક છે. સમજાણું કાંઈ?

'**પરમકળાના આધારરૂપ અતિ-અપૂર્વ આત્મા...**' અતિ-અપૂર્વ આત્મા. વળી આત્મા બે જાતાના થાતા હશે? કે હા. પણ રાગ ને પુણ્યમાં આત્મા માન્યો હતો એ અપૂર્વ પૂર્ણાનંદને આત્મા માન્યો એ અપૂર્વ આત્મા થઈ ગયો. સમજાણું કાંઈ? એવા અપૂર્વ આત્માને ધ્યાવે છે. અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથનિર્વાણ નાથ ચૈતન્ય ભગવાન સ્વરૂપ એની ધ્યાતા નામ એકાગ્રતા થાય છે એને નિત્ય પ્રત્યાખ્યાન છે.

'**એવી રીતે (શ્રીભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે :-...**' લ્યો. ૩૪મી ગાથા છે સમયસારની. એનો આધાર દીધો. એ પચ્ચખાણની ગાથા છેને?

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं॥**

વજન અહીંયાં છે, '**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं॥**' ઓલા કહે છે, જ્ઞાન એકલું જ્ઞાન... પણ એ જ્ઞાન પોતાનું પરિણમન એ જ પ્રત્યાખ્યાન છે. એકલું જ્ઞાન એ જ્ઞાન જ્ઞાન કેવું?

જુઓ, '**પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...**' ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સૂર્ય ભગવાન ચૈતન્યસૂર્ય આત્મા એનાથી બધું પર. પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી, મન બધું પર છે. સમજાણું કાંઈ? '**પોતાના સિવાય...**' પોતાનો ભગવાન મહિમાવંત ચૈતન્ય પ્રભુ એના સિવાય નામ રહિત '**સર્વ પદાર્થો...**' શુભ-અશુભરાગ, દેહાદિ જડની ક્રિયા, વાણીની ક્રિયા બધું પરપદાર્થ છે. '**એમ જાણીને...**' એમ જાણીને '**પ્રત્યાખ્યાન કરે છે-ત્યાગે છે...**' એટલે કે જુઓ ત્યાગ કરે છે એનો અર્થ ટીકામાં લીધો છે. સમજાણું કાંઈ? અહીં તો કથનથી કહે છે કે ત્યાગ રાગનો ત્યાગ એ પણ પરમાર્થે આત્મામાં છે જ નહિ. રાગના ત્યાગનો કર્તા આત્મા પરમાર્થે છે નહિ. સમજાણું કાંઈ? છેને એમાં? આ ટીકામાં છે ૩૪. જુઓ, કથનમાત્ર છે. જુઓ, અહીં સુધી તો આવ્યું છેને જુઓ. કે જાણીને ત્યાગે છે. જાણીને ત્યાગે ત્યાં સુધી આવ્યું.

'**તેથી જે પહેલા જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને...**' હજી તો એમ નિર્ણય કરીને '**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...**' વિકાર. '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' રાગનો ત્યાગ એ તો ઉપાધિમાત્ર કથન છે. '**ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી**

**જોવામાં આવે પરભાવના ત્યાગના કર્તાપણાનું નામ પોતાને નથી,...'** આ રાગનો ત્યાગ એ ત્યાં ઉપર રાગનું લક્ષ કરવાથી રાગનો ત્યાગ થાય છે? રાગની અણુત્પત્તિ કેમ થાય? કે ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીન હોવાથી જ્ઞાન અને આનંદનું પરિણમન જે થયું એ જ પ્રત્યાખ્યાન થયું. તો એણે રાગનો ત્યાગ કર્યો એમ ક્યાં આવ્યું એમાં? સમજાણું કાંઈ? એણે તો જ્ઞાનરૂપ, આનંદરૂપ પરિણમન કર્યું, એ કર્યું. એમાં રાગનો ત્યાગ ક્યાં આવ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? **'પરભાવના ત્યાગકર્તાપણાનું નામ...'** આહા..હા..! હજી તો ઓલા લોકો અહીંથી પરનો કર્તા, દેહની ક્રિયા અને આ ક્રિયા. અહીં તો કહે છે કે પ્રભુ! તારી વસ્તુ જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદસૂર્ય જ્યાં એમાં દૃષ્ટિ પડી અને સ્થિર પરિણમન થયું, જ્ઞાનના જ્ઞાનમાં પરિણમન સ્થિર થયું, તો એ જ્ઞાનસ્વરૂપી ભગવાને રાગનો ત્યાગ કર્યો એમ નામ કથન છે, વસ્તુમાં છે નહિ. એ જ્ઞાનસ્વરૂપથી છૂટ્યો નથી, જ્ઞાનરૂપે સ્થિર થયો એ તો. જ્ઞાન જ્ઞાનરૂપે સ્થિર થયું. એમાં સ્થિર થયો એમાં રાગનો ત્યાગ આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? આ પચ્ચખાણ એને કહે છે.

જુઓ, **'માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.'** એટલે કે પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા જ પ્રત્યાખ્યાન. એટલે? ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદકંદ એમાં લીન થઈને સ્થિરતા જ્ઞાનની, જ્ઞાનમાં શ્રદ્ધાની સ્થિરતા આદિ સ્થિરતા થઈ બસ એ જ પ્રત્યાખ્યાન છે, એનું નામ ત્યાગ છે. રાગનો ત્યાગ કરવો એ વસ્તુમાં જ ક્યાં છે? પંડિતજી! આહા..હા..! રાગનો ત્યાગ.

**શ્રોતા** :- વસ્તુસ્વભાવ છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા** :- વસ્તુ સ્વભાવ હોય તો છૂટે નહિ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છૂટે નહિ. ત્યાગનો કર્તા પણ આત્મા નથી. આહા..હા..! રાગનો, શુભરાગનો ગ્રહણ કર્તા તો નથી, કે ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એમાં આત્મતત્ત્વમાં રાગનું ગ્રહણ એ છે જ નહિ. પણ જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય જાણનાર... જાણનાર જાણનારપણે પરિણમન થયું તો એ આત્મા રાગનો ત્યાગનો કર્તા કહેવામાં આવ્યો એ પણ નથી. કેમકે એ કાળે તો જ્ઞાન સ્થિર પરિણમ્યું એમાં રાગ છૂટ્યો તો ઉત્પન્ન થયો જ નથી અને ઉત્પન્ન થયો નથી તો આત્મા જ રાગના ત્યાગનો કર્તા એ આત્મામાં લાગુ પડતું નથી. આહા..હા..! ભારે ઝીણી વાતું, ભાઈ! એણે સાચી સમજણ જ નથી કરી. બાકી ધૂળધાણી કરીને મરી ગયો બધું. સમજાણું કાંઈ?

**'માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.'** કેમકે જ્ઞાન્સવરૂપ આત્મા આનંદ આદિ બધું લઈ લેવું હોં સાથે. આ આખો શુદ્ધ આત્મા પોતાની અવસ્થામાં એકાગ્ર થયો આત્મા જ શુદ્ધજ્ઞાનરૂપે, આનંદરૂપે, સ્થિરતારૂપે પરિણમી ગયો. પરિણમી ગયો એ જ પ્રત્યાખ્યાન છે. હવે આ રાગનો ત્યાગ કર્યો એ છે ક્યાં એમાં? સમજાણું કાંઈ? અસ્તિનું જોર લેવું છે. રાગનું નાસ્તિ પણ નહિ કહે હાલ હવે સાંભળ! આહા..હા..! કહે છે કે ભાઈ! ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ

પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા. આ એની દૃષ્ટિ લઈને જ્યાં શુદ્ધ સ્થિરતા થઈને જ્યાં જ્ઞાન જ્ઞાનરૂપે થયું, જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું, શાંતિ શાંતિરૂપે થઈ, આનંદ આનંદરૂપે થયો, બસ એટલામાં પ્રત્યાખ્યાન. રાગનો ત્યાગ કર્યો એમ આવ્યું ક્યાં? એમ કહે છે. આહા..હા..! વાત એવી છે. એ વાત જ એવી છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! ગજબ વાત છેને. વસ્તુનું સ્વરૂપ, ભાઈ! એ ચૈતન્યમાં શાંતિ અને આનંદ પડ્યો છે. એમાં જ જ્યારે એકાગ્ર થઈને આનંદ અને શાંતિરૂપી અવસ્થા થઈ એ પરિણમ્યો અને પછી રાગનો ત્યાગ આવ્યો ક્યાંથી એમાં? સમજાણું કાંઈ? કેમકે પહેલા રાગ હતો ત્યારે ત્યાગ નહોતો અને રાગ ઉત્પન્ન ન થયો તો ત્યાગ તેં કર્યો એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આ ચારિત્રની વ્યાખ્યા. પ્રત્યાખ્યાન કહો કે ચારિત્રનો પેટાભેદ આ પ્રત્યાખ્યાનની વાત. છે ચારિત્રની વ્યાખ્યા. પહેલા પ્રતિક્રમણની આવી ગઈ. આ પ્રત્યાખ્યાનની વાત. પછી આલોચનાની આવશે. આહા..હા..!

ભગવાન આત્મા કહે છે કે પોતાનો ચૈતન્ય જ્ઞાયકસૂર્ય એ જ્ઞાનરૂપે, ચિદાનંદરૂપે, અભેદમાં લક્ષ કરીને જે અશક્તિની વ્યક્તતારૂપે જ્ઞાન, આનંદ, શાંતિરૂપે થઈ ગયો બસ એ જ પ્રત્યાખ્યાન. એમાં રાગ છોડ્યો એ ક્યાં આવ્યું? કહે છે. રાગ લીધો જ નથી, પણ એમાં રાગને છોડ્યો એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. વજુભાઈ!

તેથી, પ્રત્યાખ્યાન તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનરૂપે, આનંદરૂપે થઈ ગયો એ પ્રત્યાખ્યાન. '**(અર્થાત્ પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે) તેમ નિયમથી જાણવું.**' લ્યો, એનું નામ પચ્ચખાણ અને એનું નામ ભગવાને કહેલું ચારિત્ર છે. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા .. એ ચારિત્ર-ફારિત્ર છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૯, શનિવાર, તા.૨૮-૦૫-૧૯૬૬
## ગાથા-૯૫-૯૬, કળશ-૧૨૭, પ્રવચન-૭૬

**'એવી રીતે સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૨૨૮માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'** ૧૮૦ પાનું.

**(आर्या)**

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते॥**

જુઓ, શું કહે છે? પ્રત્યાખ્યાનનું સ્વરૂપ. સાચું પચ્ચખાણનું, પ્રત્યાખ્યાનનું સાચા ત્યાગનું સ્વરૂપ શું છે? એ કહે છે. કે સાચું પ્રત્યાખ્યાન અથવા ચારિત્ર અથવા સાચું સંવર સ્વરૂપ એવું જે ચારિત્રરૂપ પ્રત્યાખ્યાન કોને યથાર્થ કહે છે? તો કહે છે કે **'ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને...'** સમ્યગ્દૃષ્ટિ પહેલા પોતાનું સ્વરૂપ શુદ્ધ વસ્તુ તરીકે શુદ્ધ દ્રવ્ય, અનંતગુણ શુદ્ધરૂપ આત્મા એકસ્વરૂપ એવી અંતરમાં દૃષ્ટિ કરીને પછી સ્વરૂપમાં સ્થિરતા કરવામાં ભવિષ્યના જેટલા કર્મના શુભ-અશુભભાવ છે એને છોડે છે. અર્થાત્ ભવિષ્યમાં થનારા. થનારા તો કહે છે, (પણ) એને થવાના છે જ નહિ. પણ જે પૂર્વે થયા હતા એ ભવિષ્યમાં શુભ અને અશુભભાવના વર્તમાન પ્રત્યાખ્યાન કરીને. અશુભ-અશુભ મને ન હોય, ઉત્પન્ન ન થાય એ તો હજી નાસ્તિથી વાત. સમજાણું કાંઈ? પણ શુદ્ધ ચૈતન્યવસ્તુ જ્ઞાયકમૂર્તિ અનંત શુદ્ધ સ્વરૂપે એના દૃષ્ટિ-જ્ઞાન થયા છે અને એમાં સ્થિરતા કરે છે અને શુદ્ધસ્વરૂપની પરિણતિરૂપ નિર્મળ પર્યાય કરતાં ભવિષ્યમાં થનારા શુભ-અશુભ રાગનો ત્યાં ત્યાગ થાય છે. સમજાણું કાંઈ?

તેને **'પચખીને (-ત્યાગીને) જેનો મોહ નષ્ટ થયો છે...'** એટલી વાત લીધી છે. મિથ્યાત્વનો નાશ થયો છે ત્યાંથી લીધું છે. જેનો રાગસ્વરૂપ વિકલ્પ અને સ્વભાવ એક એવો જે મિથ્યાત્વભાવ એ જેને નષ્ટ થયો છે. ત્યારે એનાથી રહિત સ્વરૂપની દૃષ્ટિમાં સ્થિરતા કરીને ભવિષ્યના શુભાશુભ પરિણામનો ત્યાગ કરવો એનું નામ સાચું ચારિત્ર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! એ આ પ્રત્યાખ્યાન. હરિભાઈ! આ વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક દ્રવ્ય સ્વભાવ હોં. વસ્તુ પૂર્ણ શુદ્ધ, શુદ્ધ પવિત્રધામ એવી અંતર દૃષ્ટિ સમ્યગ્દર્શનપૂર્વક એમાં એટલી સ્થિરતા થઈ જાય અથવા શુદ્ધતાની પરિણમનદશા એવી હોય કે વર્તમાનમાં ભવિષ્યનો શુભાશુભપરિણામનો અભાવ અંદરમાં હોય એની સ્થિરતાનું નામ પ્રત્યાખ્યાન કહે છે. ભારે વાત, ભાઈ! આ પચ્ચખાણ કરે છેને અત્યારે આ મને પચ્ચખાણ. એ પચ્ચખાણ-પચ્ચખાણ નહિ એ તો બધા દુ:પચ્ચખાણ અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ?

**'જેનો મોહ નષ્ટ થયો છે...'** 'હું ભગવાન આત્મા રાગનો વિકલ્પ શુભ છે એ સ્વરૂપે હું નથી. હું તો શુદ્ધ આનંદ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપે છું' એવી દૃષ્ટિમાં રાગની એકતાનો મોહ મિથ્યાત્વભાવ નષ્ટ થયો છે. સમજાણું કાંઈ? **'એવો હું...'** જુઓ પાછું આચાર્ય કહે છે. પોતે અમૃતચંદ્રાચાર્ય **'એવો હું...'** મારો મોહ નષ્ટ થયો છે એમ કહે છે. ખબર પડી ગઈ? ખબર પડી ગઈ? હું જ્ઞાયક ચૈતન્ય પ્રભુ. સિદ્ધ સમાન સ્વભાવ મારો હોં, પર્યાય નહિ. ત્રિકાળ સ્વભાવ હું શુદ્ધ ચિદાનંદ આનંદકંદ મારી ચીજ એની દૃષ્ટિ કરીને રાગ, પુણ્ય, શરીરાદિ મારા છે એવો જે મિથ્યાત્વભાવ હતો એ મિથ્યાત્વનો ભાવ નષ્ટ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આ પ્રત્યાખ્યાન.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, સંહનન છે જ નહિ. નષ્ટ થયો એ તો મિથ્યાત્વ. સ્વામીપણું છે જ

નહિ. નહિ-નહિ, પહેલા તો છે જ નહિ. સમજાણું કાંઈ? જરી વાત એવી આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવી પર્યાયની નિર્મળતા કેવળજ્ઞાન વીતરાગદશા, વિજ્ઞાનઘનદશા થઈ. એની વાણીમાં આવ્યું કે ભગવાન! તારી ચીજ શુદ્ધ આનંદકંદ અનાકુળ શાંતિની શીલા તારો આત્મા છે. તારો આત્મા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય વીતરાગસ્વરૂપ અનાકુળ આનંદની શીલા, સત્ શીલા, શાશ્વત શીલા એવો તારો આત્મા છે. એવી અંતર દૃષ્ટિ થઈ તો મિથ્યાદૃષ્ટિનો નાશ થયો અને સાથે સ્વરૂપમાં સ્થિરતા થઈ તો ત્યાં શુભ-અશુભ પરિણામનો પણ નાશ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ચીમનભાઈ! આ પચ્ચખાણ છે. ભારે પચ્ચખાણ, ભાઈ! આ તો પચ્ચખાણ કેટલા કર્યા વળી આમ. સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, કેટલા તો પથરણા ઘસી નાખ્યા.

**શ્રોતા :-** પચ્ચખાણ સાથે વ્યવહાર હતોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પચ્ચખાણ સાથે જ વ્યવહાર હતો લ્યો આને. આખો દિ' પચ્ચખાણ કેટલા કર્યા? ત્યાગ કેટલા કર્યા? કર્યાને? અમારે પુછાણું હતું જુઓને ૯૧માં. ૯૦-૯૦માં. એક જણાને કેટલા પોષા કરો છો? કે .. પોષા કરીએ છીએ. સામાયિક કરો છો? કહે સામાયિક કરીએ છીએ. ચોવિહાર કરો છો? ચોવિહાર કરીએ છીએ. બહુ સારી વાત. થઈ રહ્યું? પછી? વાત ચાલતી હતી આત્માની. એક જણે પૂછયું એક ત્યાગીએ બીજાને કે તમે સામાયિક કરો છો? પોષા કરો છો? તો કહે હા. ચોવિહાર કરો છો? તો કહે હા. લીલું નથી ખાતાને? હા ઠીક. હવે પછી ચાલતી હતી કીધું આત્મા તો અસંખ્ય પ્રદેશી શુદ્ધજ્ઞાનઘન છે. એ કોઈ રજકણથી બન્યું નથી. બન્યું એ વાત નહોતી ચાલી. કે રજકણથી આ શરીર બન્યું હતું. પરમાણુથી, રજકણથી શરીર બન્યું છે પિંડ. સ્કંધ આદિ રજકણનો પિંડ છે આ. તો એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! કેટલા રજકણથી આત્મા બન્યો છે? ૯૦ની સાલમાં. અમે બોટાદમાં હતા. ઘણા માણસો ભેગા થયા હતા. દસ વર્ષથી ભેગા નહોતા થયા તો એ કારણે થયા હતા. બહુ માણસો બહારથી પણ આવ્યા હતા મહેમાન ચારસો. અને અહીં પણ મોટી સંખ્યા. ત્રણસો ઘર છે એટલે મોટી સંખ્યા હોય. દસ વર્ષથી નહોતા મળ્યા. સંપ્રદાયમાં અમે તો ભેગા થયા. તો એ બીજાને પૂછતા હતા.

ઓલા કાપડી-કાપડી શું કીધું બરવાળા પાસે શું છે? એય..! પાણવી. પાણવી-પાણવી નથી? ત્યાંના ઓલા ઉજમશીભાઈનો મામો હતોને કોક. શું નામ એનું ભૂલી ગયા. એ હતો. એણે પૂછયું કે સામાયિક કરો છો? હા, પોષા કરો છો બરાબર? ચોવિહાર કરો છો? લીલોતરી ખાવ છો? બહુ બહુ સરસ લ્યો થઈ રહ્યું. પછી ચર્ચા કરતાં... કરતાં.... કરતાં... મેં કીધું કે ભાઈ! આ શરીર આદિ તો અનંત રજકણનો પિંડ છે, એ આત્મા નથી. વાણી પણ અનંત રજકણનો પિંડ છે. સોનાની ગાંઠડી છે એટલી એ તો અનંત રજકણનું દળ પિંડ છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો. સામાયિક કરે, પ્રૌષધ બધું કરે. ત્યારે કહે, આત્મા કેટલા રજકણનો બનેલો હશે? અરે..! તને શું કહેવું કીધું

આ કાંઈ ભાન ન મળે. આત્મા શું વસ્તુ છે? એમાં કેટલી શક્તિઓ, ગુણ કેટલા છે? એની દશામાં શું છે એની ખબર નથી અને થઈ ગઈ સામાયિક, થઈ ગયું પડિક્કમણું. કહે હા, થઈ ગયો. આ પ્રશ્ન કર્યો. ભાઈ! કીધું આત્મા રજકણનો પિંડ નથી. આત્મા તો અસંખ્ય પ્રદેશી છે. એ તો એનો એ પ્રશ્ન બીજાએ કર્યો હતો એક હુશિયાર હતો વીંછીયાનો. લક્ષ્મીચંદભાઈ વકીલે. ઇ અહીં કર્યો હતો ૯૮માં અહીં. ઓલી ૯૦ની સાલની વાત છે. આ ૯૮માં અહીંયાં વીંછીયાના લક્ષ્મીચંદ વકીલ હતા. આગ્રહ ઘણા સંપ્રદાયના. સામાયિક કરે, પોષા કરે હોં પડિક્કમણા બધું કરે. અને પછી એણે પ્રશ્ન કર્યો હતો અહીં જુઓ, કે આત્મા કેટલા રજકણનો બનેલો છે? હજી કાંઈ ખબર નથી. અને મૂર્તિ સાથે એવો વિરોધ કરે. આ સામાયિક ક્યાં આવી? સામાયિક શું? પોષા શું? તને હજી તો ચીજ આત્મા શું છે એનું ભાન નથી અને એમાં ઠરવું એ સામાયિક અને પ્રૌષધ છે. એમાં રમવું એ સામાયિક, પણ શું ચીજ છે એના ખ્યાલમાં નથી તો રમવું આવ્યું ક્યાંથી? પ્રત્યાખ્યાનનો અર્થ સ્વરૂપમાં રમવું. તો હજી સ્વરૂપ શું છે? ચીજ શું છે એની ખબર નથી અને એમાં રમણતા પ્રત્યાખ્યાન અને ચારિત્ર આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે આચાર્ય પોતે કહે છે હોં. પંચમ કાળના મુનિ દિગંબર સંત પોતાની વાત કરે છે કે હું આત્મા કહે છે કે '**ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને...**' અમને તો રાગ ભવિષ્યમાં ઉત્પન્ન શુભાશુભ છે એ છે જ નહિ અમારામાં. એવું જેનો નામ અમારા આત્માનો '**મોહ નષ્ટ થયો છે...**' પરની એકતા એ વિકલ્પની એકતાનો નાશ થયો છે અને અમને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વભાવની એકતા પ્રગટી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં અનંત જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એ સ્વભાવની દશામાં સ્વભાવ સાથે એકતા પ્રાપ્ત થઈ છે અને વિકલ્પ રાગાદિ છે એની એકતાનો નાશ થયો છે. સમજાણું કાંઈ? એમ પોતાના આત્મામાં સાક્ષી થઈને કહે છે. જુઓ, હું. '**એવો હું...**' '**જેનો મોહ નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)....**' પ્રત્યાખ્યાનમાં કોઈપણ વિકલ્પ શુભાદિ છે એ પણ ત્યાગ છે. શુભરાગ છે એ પણ અચારિત્ર છે, અપ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? નિષ્કર્મ અવસ્થા શુભરાગ એ કર્મ રાગ અવસ્થા છે, શુભરાગ અવસ્થા છે એ સિવાય ભગવાન ચૈતન્ય પ્રભુ પોતાના સ્વરૂપમાં લીન થતાં નિષ્કર્મ અવસ્થા પ્રગટી છે. સમજાણું કાંઈ? લ્યો, થઈ ગયા નિષ્કર્મ હવે? કર્મરહિત થઈ ગયા? નિષ્કર્મ થાય તો વીતરાગ કેવળજ્ઞાની થઈ જાય. હવે સાંભળતો ખરો. આવ્યું કે નહિ? આ પંચમકાળના મુનિ કહે છે અમૃતચંદ્રાચાર્ય હજી નવસો વર્ષ પહેલા. અમે તો ભગવાન આત્મા છીએ અને આત્મામાં અનંત જ્ઞાનાદિ ભરેલો છે પૂર્ણાનંદ પ્રભુ. એનો હું પુણ્ય-પાપના શુભાશુભભાવ એની એકતાને નષ્ટ કરી અને સ્વરૂપમાં એકાગ્ર નિષ્કર્મદશાથી શુભાશુભભાવ ભવિષ્યમાં ઉત્પન્ન થશે એમ છે નહિ. આહા..હા..! આ એનું નામ પ્રત્યાખ્યાન છે, એનું નામ ચારિત્ર છે, એનું નામ પ્રત્યાખ્યાનનો અર્થ વિકારના અભાવરૂપ પરિણમન છે. ત્યાગ કહે છેને. સમજાણું કાંઈ?

**'ચૈતન્યસ્વરૂપ આત્મામાં...'** હવે આત્મા કેવો છે એ કહે છે. ભગવાન આત્મા એ તો જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે, જેમાં જાગૃતસ્વભાવ પડ્યો છે. ચૈતન્યસ્વભાવ, જાગૃતસ્વભાવ, શાંતસ્વભાવ એ જાગૃત ચૈતન્યની મુખ્યતામાં બધા ગુણ સાથે છે. અને આત્મા કેવો? ચૈતન્યસ્વરૂપ આત્મા. એ દયા, દાન, વ્રતનો વિકલ્પ સ્વરૂપ ઇ આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જાણકસ્વરૂપ, દૃષ્ટસ્વરૂપ, શાંતસ્વરૂપ, આનંદસ્વરૂપ, સ્વચ્છસ્વરૂપ, પૂર્ણ પ્રભુતા પરમેશ્વર ચૈતન્યસ્વરૂપ. સમજાણું કાંઈ? એવા આત્મામાં, એવા આત્મામાં. આ અસ્તિ લીધી હવે. **'આત્માથી જ...'** એવા આત્મામાં **'આત્માથી જ...'** એટલે કે વીતરાગી પર્યાયથી જ **'નિરંતર વર્તું છું.'** પોતાથી જ નિરંતર વર્તું છું. હું મારા સ્વરૂપની સ્થિરતાની દશામાં સદા-સદા નિરંતર વર્તું છું એ મારું પ્રત્યાખ્યાન છે, એ મારું ચારિત્ર છે. મોહ નષ્ટ થયો એમ સિદ્ધ કર્યું અને ચૈતન્યસ્વરૂપ આત્મામાં હું વર્તું છું એ પણ ભાન કર્યું. બે વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ઓલું તમારે ચાલતું હતુંને ભાઈ એમાં આ વિચાર આવ્યો. ટોડરમલે તો હજી આટલું નાખ્યું છે. હજી વિચારમાં પ્રવર્તવું એ ચારિત્ર લીધું. આ તો ગોટાવાળે છે માળા. સમજાણું કાંઈ?

એમાં એમ કહ્યું કે આત્મા... અહીંયાં તો આત્મા ચૈતન્ય નિષ્કર્મ શુદ્ધ દ્રવ્ય છે એની અંતર દ્રવ્યદૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. ત્યારે એ કહે છે કે ભાઈ અમારી પર્યાય સિદ્ધ સમાન શુદ્ધ છે એ અમારું સમ્યગ્દર્શન છે. અજ્ઞાની. સમજાણું કાંઈ? એ તમારે આવ્યું હતું. કયે પાને? ૬૧ પાને કે કયા પાને છે? ગુજરાતી. હા, એ જ કહું છું. ૬૧ મેં કીધુંને. ૬૧ એટલે ૨૬૧. બગડો-બગડો મારે કામ નહોતું. ઓલું ૬૦-૬૧. અહીં તો ૨૬૦ ચાલે છેને પછી ૬૧ કીધું મેં. ૨૦૦ તો ખ્યાલ છે. આ તો અમારી રીત એવી છેને. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું કાંઈ? ૬૧ પાને આવ્યું હતું તમારે. એ ૨૬૦ ચાલી ગયુંને પૂરું? તો ૨૬૧માં આવ્યું હતુંને. વિષય નિશ્ચય-વ્યવહારવાળા આમ માને છે. આવ્યું હતું કે નહિ? એ ૫૩-૫૪ પહેલા ચાલી ગયું. ઓલું વ્યવહારનય નહિ? ૨૫૪, ૨૫૫, ૨૫૬ એ તો ચાલી ગયું. સમજાણું કાંઈ?

એ કહે છે. શુરૂમાં તો એમ કહ્યું કે ભાઈ! અજ્ઞાની એમ માને છે કે પોતાનો આત્મા દ્રવ્ય શુદ્ધ નથી. પર્યાય સિદ્ધ સમાન શુદ્ધ એનું સમ્યગ્દર્શન અને પોતાની પર્યાય સિદ્ધ સમાન શુદ્ધ એ સમ્યગ્જ્ઞાન. અને વિચારમાં એ જાતના વિચારમાં વર્તવું એ અમારું નિશ્ચયચારિત્ર. સમજાણું કાંઈ? આ તો અત્યારે એ વાતથી ઉંધું થઈ ગયું. અહીં તો વ્યવહારચારિત્ર જે અહીંયાં કહે છે એ કહે છે કે ભાઈ અમારો વ્યવહાર ક્યો? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી. એનાથી વિરૂદ્ધતાનો નાશ કરવો, જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ હોય ... એ અમારું વ્યવહારસમકિત. અને શાસ્ત્રનું જ્ઞાન કરવું, વાંચવું બરાબર એ વ્યવહાર.. સમજાણું કાંઈ? અને વ્રતાદિમાં વર્તવું એ અમારું વ્યવહારચારિત્ર. ભાઈ! એણે તો એટલું કહ્યું. આ તો કહે છે કે વર્તવું-વર્તવું એ અમને સાચું ચારિત્ર છે. આહા..હા..! એ જ અમારી સંવર-નિર્જરા છે. એ તો બિચારા એમ કહે છે કે એ જાણવામાં, વિચારમાં વર્તવું એ અમારું

નિશ્ચય ચારિત્ર છે.

**શ્રોતા** :- નિશ્ચયરત્નત્રય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઓલી જાણવાની દશાથી વાત કરે છે. જાણવાન. છે ખોટું. કારણ કે દ્રવ્યની ત્રિકાળ શુદ્ધતાની દૃષ્ટિની ખબર ન મળે. માટે પર્યાયની શુદ્ધતા તે સમ્યગ્દર્શન એ વાત ખોટી છે. અને દ્રવ્ય ત્રિકાળ જ્ઞાયક છે એનું જ્ઞાન તે જ્ઞાન છે. પર્યાયની શુદ્ધતાનું જ્ઞાન એ વિપરીત જ્ઞાન છે.

**શ્રોતા** :- જ્ઞાનની પર્યાયની વાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અને વિચારમાં પ્રવર્તનારો એ નિશ્ચયચારિત્ર છે એમ કહે છે. તો અહીંયાં તો કહે છે કે ભાઈ! વસ્તુ ત્રિકાળ જ્ઞાયક છે. શુદ્ધ ચૈતન્ય પદાર્થ એની રાગથી એકતાબુદ્ધિ પરસન્મુખ હતી એ સ્વસન્મુખમાં એકતા થઈ તો અમારો મોહ નષ્ટ થયો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અને મારા ચૈતન્ય આત્મામાં આત્માથી નિરંતર વર્તવું, શુદ્ધ આત્મામાં વર્તવું, રમણતા એ ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- વિચારમાં વર્તવું એ ચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓલું વિચારમાં વર્તવું એ ચારિત્ર સાચું ઓલો એટલું કહેતો હતો. એ કહેતો હતો. અહીં તો એ પણ નહિ. જૂઠાંમાં કહેતો હતોને? જૂઠાં વિચારમાં વર્તવું એને ચારિત્ર કહેતા હતા. અને વ્રતમાં વર્તવું એ તો વ્યવહારચારિત્ર કહે છે. અહીં તો અત્યારે એવું ચાલે કે વ્રતાદિમાં વર્તવું એ જ ચારિત્ર છે, એ જ સંવર-નિર્જરા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટોડરમલજી જે દોષ કાઢે છે એટલા દોષથી પણ આગળ ચાલ્યો ગયો એ તો.

**શ્રોતા** :- .. જ્ઞાનની તરફથી ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્ઞાન જ્ઞાનની વાત કરે છે એ પર્યાયનું જ્ઞાન, પર્યાયની શ્રદ્ધા, પર્યાયના જ્ઞાનનું વિચારમાં વર્તન. વર્તન. સમજાણું કાંઈ? એ નિશ્ચય. અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વ્યવહાર, શાસ્ત્રનું જ્ઞાન વ્યવહાર, વ્રતાદિમાં વર્તવું એ વ્યવહારચારિત્ર--એમ એ કહેતા હતા. તો બેય વાત એની ખોટી છે. સમજાણું કાંઈ? નિશ્ચયસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ પદાર્થ જ્ઞાયક ધ્રુવ ત્રિકાળ એની અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ કરવી એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે અને વસ્તુનું જ્ઞાન, જ્ઞેય પૂર્ણાનંદ પ્રભુ એવી અંતરમાં જ્ઞાનની પર્યાયને વાળીને સ્વજ્ઞેયનું જ્ઞાન, પૂર્ણ દ્રવ્યનું જ્ઞાન કરવું એનું નામ જ્ઞાન અને આ ચારિત્રની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આ તો ઓલા નિશ્ચય-વ્યવહારનું જે અજ્ઞાની કહે છે (એ) ટોડરમલજી (કહે છે) એટલું પણ અહીંયાં રાખતો નથી! અરે..! ભગવાન! શું કરે? તેથી એને પ્રમાણ માને નહિ. નહિ, એ પ્રમાણિક ગ્રંથ નથી. ઠીક ભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- છ ઢાળામાં પણ એ જ વાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ વાત કરે છેને એ તો આત્મામાં...

**શ્રોતા :-** ... ધન્ય આત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલો છે. રુચિ ભલી છે. આત્મા જ્ઞાન તે જ્ઞાન છે અને સ્વરૂપમાં સ્થિરતા તે ચારિત્ર છે. એ તો એવી વાત છેને. પંડિતજી! એમ કહે છે એ. એ આર્સ ગ્રંથ નથી કહેતા. આર્સ નામ મુનિનો ગ્રંથ નહિ, એ તો ગૃહસ્થનો છે, એમ કહે છે. માટે અમને માન્ય નથી એમ કહે છે. (એ વાત) ઠીક નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આર્સનું વાક્ય એ યથાર્થ આર્સ જ છે. અનુભવ છે માટે આર્સ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે. અહીં તો સત્યની વાત છે. ઓલા વ્યવહારની વાત અહીંયાં છે જ નહિ. ઓલો તો નિશ્ચય અને વ્યવહાર બેય ખોટા હતા એના. અહીંયાં તો વર્તમાન તો એમ કહે છે કે શુભયોગથી ક્ષાયિકસમકિત થાય છે લ્યો ચાલો. આહા..હા..! ઓલા તો હજી કહે છે સમકિત કે અમારી શુદ્ધ પર્યાય જેવી નિર્મળ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એ અમારું સમ્યગ્દર્શન. તો આ તો કહે છે કે શુભયોગથી સમ્યગ્દર્શન થાય છે. શુભયોગ જ સમ્યગ્દર્શન એનો અર્થ. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ગડબડ પણ શું કરે? કાળ એવો. ઓહો..હો..! પરમસત્ય એવી ચીજ એને ભૂલીને સમ્યગ્દર્શન શુભયોગમાં. અહીં તો કહે છે કે શુભયોગ તો મારા સ્વરૂપમાં તો છે જ નહિ. શુભયોગ મારો સ્વભાવ અને એ વિભાવની એકતા મને તૂટી ગઈ છે. શુભયોગ વિકલ્પ, વિકાર, વિભાવ છે. મારું સ્વરૂપ અંતર્મુખ વિભાવ તો બહિર્મુખની વૃત્તિ હતી. પણ અંતર્મુખ સ્વભાવ એ અંતર્મુખ થવાથી વિભાવ અને સ્વભાવની એકતા તૂટી ગઈ છે. સમજાણું કાંઈ?

અને એ ઉપરાંત હવે પ્રત્યાખ્યાન કોને કહે છે? કે '**ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું.**' હું જ મારા સ્વરૂપમાં અંતર વિના, આંતરા વિના. સમજાણું કાંઈ? એ અંતર સ્વરૂપમાં સ્થિરતા વીતરાગી પર્યાય એમાં વર્તવું એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. એ શુભ વ્રતાદિની ક્રિયા અને વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. સમજાણું કાંઈ? પાછું '**નષ્ટ થયો છે એવો હું નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ નિરંતર વર્તું છું.**' કેટલી વાત સ્પષ્ટ છે!

**શ્રોતા :-** આ વાત... કોણ સમજાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો આત્મામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે. આત્મા કેવળજ્ઞાન લેવાની સ્વભાવની તાકાતવાળું છે. એને અપૂર્ણ અને દોષસહિત માનવો એ આત્માનો અનાદર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**વળી (આ ૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :-**' લ્યો બોલો.

(मंदाक्रांता)

सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं
प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।
सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः
तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम्।।१२७।।

ઓહો..હો..! જુઓ, આ પદ્મપ્રભમલધારિદેવ. એ અમૃતચંદ્રાચાર્ય મુનિ પછી થયા છે. અમૃતચંદ્રાચાર્ય પહેલા અને આ પદ્મપ્રભમલધારિદેવ પછી થયા. એ પણ આ ટીકાકરનાર નિમયસારની.

**'શ્લોકાર્થ :- જે સમ્યગ્દષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે,...'** શું કહે છે? સમ્યગ્દષ્ટિ પહેલા લીધા. તો સમ્યક્ સત્યદૃષ્ટિ પહેલા પૂર્ણ શુદ્ધ જ્ઞાન ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ, આખા દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થયું છે. સમજાણું કાંઈ? એકલો પ્રભુ અભેદ નિર્વિકલ્પ વસ્તુ આમ ધ્રુવ... ધ્રુવ-કાયમ રહેનારું તત્ત્વ એના આશ્રયે સમ્યગ્દષ્ટિપણું ઉત્પન્ન થયું છે. સમજાણું કાંઈ? કે જેવું સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ તો સમ્યગ્દષ્ટિ થયો છે. એવો **'સમ્યગ્દષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે,...'** એ શુભાશુભરાગ, કર્મ અને શરીર એ બધાનું લક્ષ છોડે છે. સમજાણું કાંઈ? અહીં તો દેહાદિ લીધું. દેહની ક્રિયા આમ થાય છેને ત્યાગની, એ ક્રિયા મારી નથી. શુભ વિકલ્પ ઉઠે છે એ પણ મારી ક્રિયા નહિ. મારી ક્રિયા તો રાગ અને દેહની ક્રિયાથી એકલો જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ પોતામાં સ્થિરતાની પરિણતિ થાય એ મારી ક્રિયા છે. વીતરાગી પર્યાય મારી ક્રિયા છે. સમજાણું કાંઈ?

**'સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને...'** જુઓ, ઘણા પ્રકાર છેને? શરીરના ઘણા રજકણો, પાણીના અને વિકલ્પના, શુભાશુભભાવના એ બધા. એકકોર ભગવાન આત્મરામ અને એકકોર વિકલ્પ અને શરીર બધું મારી ચીજમાં છે નહિ. 'હું શુદ્ધ ચિદાનંદમૂર્તિ દ્રવ્યસ્વભાવ છું' એવો અનુભવ સમ્યગ્દર્શન છે. એવી સમ્યગ્દષ્ટિપૂર્વક સમસ્ત કર્મ-નોકર્મના અસ્થિરતા આદિ છે એને છોડું છું. **'તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે...'** એવા **'તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને...'** જુઓ, સમ્યગ્જ્ઞાનસ્વરૂપ સ્થિર... સ્થિર... સ્થિર... સ્વરૂપ થઈ ગયું. સમ્યગ્જ્ઞાન જે ચિદાનંદ છે એવું ભાન હતું, એમાં સ્થિર-સ્થિર સમ્યગ્જ્ઞાન એકલો એકાકાર થઈ ગયો. સમ્યગ્જ્ઞાન વીતરાગી પર્યાયરૂપ થયો. એવી **'સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે...'** સદા પ્રત્યાખ્યાન જ છે ચોવીસે કલાક.

**શ્રોતા** :-જાગૃત છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જાગૃત ચૈતન્યની સ્થિરતા થઈ ગઈ અંદર. આહા..હા..! એ પ્રત્યાખ્યાન છે. શુભાશુભ વિકલ્પ રાગ, દયા, દાન, વ્રતાદિ બધું આસ્રવ-બંધ છે. એનાથી રહિત ભગવાન

આત્માનો બોધ કરીને સ્વરૂપની સ્થિરતામાં રમી ગયો તો કહે છે કે સમ્યગ્જ્ઞાનની મૂર્તિ એને પ્રત્યાખ્યાન છે. રાગ અને વિકલ્પની મૂર્તિ એ તો વિકાર-આસ્રવ છે.

**'અને તેને પાપસમૂહનો નાશ કરનારાં...'** એને પાપસમૂહનો નાશ કરવાવાળા **'એવો સત્ ચારિત્ર અતિશયપણે છે.'** એને સાચું ચારિત્ર વિશેષપણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનની મૂર્તિને સદા પ્રત્યાખ્યાન છે. એ પ્રત્યાખ્યાનની સાથે વિશેષ સ્થિરતા બતાવી. **'પાપસમૂહનો નાશ કરનારાં સત્‌ચારિત્રો અતિશયપણે છે.'** સત્ સ્થિરતા વીતરાગી વિશેષતાથી છે. વીતરાગી પર્યાય વિશેષપણે છે. એનું નામ ચારિત્ર અને મુક્તિનો માર્ગ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી શુભયોગના પણ ઠેકાણા નથી અને દૃષ્ટિ મિથ્યાત્વ અને શુભયોગની દયા અને વ્રત આ પાળ્યા એ અમારા વ્રત. ધૂળમાંય નથી વ્રત. સમજાણું કાંઈ? પાખંડ છે. **'સત્‌ચારિત્રો અતિશયપણે છે.'** જુઓ, સત્. છે તો પર્યાયની વ્યાખ્યા હોં આ. એ પુણ્ય-પાપનો વિકલ્પ છે એ તો અચારિત્ર હતું. એવો દયા, દાન, વ્રત, કોઈને દુ:ખ ન દઉં એવો વિકલ્પ હતો એ તો અચારિત્ર હતું, એ અસત્ હતું. ભગવાન આત્મા એનાથી ખસીને સ્વરૂપમાં લીનતાના આનંદની મોજમાં પડ્યો એવું સત્‌ચારિત્ર અતિશયરૂપે છે. વિશેષરૂપે એને ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**'ભવભવના ક્લેશનો નાશ કરવા માટે...'** પદ્મપ્રભમલધારિદેવ કહે છે. ઓહો..! અનાદિ ભવ-ભવના ક્લેશ. શુભાશુભપરિણામ ક્લેશ એનો **'નાશ કરવા માટે તેને હું નિત્ય વંદું છું.'** એવા સત્‌ચારિત્રવંત મુનિને હું વંદન કરું છું એમ કહે છે લ્યો. મુનિ પોતે છે. આહા..હા..! આનંદકંદની પરિણતિ જેને ચારિત્રની રમણતા પૂરી થઈ વિકલ્પથી રહિત એવા મુનિને હું વંદન કરું છું. પોતાનો પ્રમોદ જાહેર કરે છે. પોતાનો પ્રમોદ સાધર્મી પ્રત્યે, સાધર્મી પ્રત્યે પોતાનો પ્રમોદ જાહેર કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં સત્ચારિત્રની વિશેષદશા થઈ છે, ચાર સમૂહનો નાશ કર્યો છે, એવા સંતોના ચરણમાં હું વંદન કરું છું. આહા..હા..! પાછું નિત્ય વંદું છું. મારો આદર શુદ્ધ સ્વભાવ તરફ જ છે. નિત્ય વંદન કરું છું તો પરદ્રવ્યમાં વિકલ્પ સદાય કરે છે એમ નથી અહીંયાં. અહીંયાં તો કહે **'તેને હું નિત્ય વંદું છું.'** સમજાણું કાંઈ?

**શ્રોતા** :- વંદન કરવાથી ક્લેશનો નાશ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વંદન કરવાથી જ ક્લેશનો નાશ થાય છે. પોતાના શુદ્ધસ્વભાવમાં એકાગ્ર એ જ વંદન પોતાનું, એ જ વંદન છે. સમજાણું કાંઈ? ભગવાન વીતરાગસ્વરૂપ અનાકુળ આનંદ એમાં એકાગ્રતા કરવી એ જ અંદર વંદન છે. એ વંદનની વાત છે. ઓલો વિકલ્પ છે એને ગૌણ કરીને. **'હું નિત્ય વંદું છું.'** ચોવીસે કલાક પરનો વિકલ્પ કરું છું? પહેલા તો કહ્યું હતું કે નિરંતર વર્તું છું. અમૃતચંદ્રાચાર્યની સાથે મેળ કર્યો છે. નિરંતર ચારિત્રમાં વર્તું છું. અહીં કહે નિત્ય વંદું છું. વિકલ્પ રાગરહિત મારી શુદ્ધ અખંડધારા એમાં રમણતા છે એ જ મારા સંતો પ્રત્યે વંદન

છે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો એ ૯૫ ગાથા પૂરી થઈ. હવે ૯૬.

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी।।९६।।**

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું--એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

'**ટીકા :- આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.**' શું કહે છે? છે પ્રત્યાખ્યાનનો અધિકાર, છે ચારિત્રનો પેટા ભેદ પ્રત્યાખ્યાનનો અધિકાર, પણ એ ચારિત્ર કોને હોય? '**આ, અનંતચતુષ્ટયાત્મક...**' ભગવાન આત્મા અનંતજ્ઞાન. આગળ ચાર બોલ લેશે. અનંતદર્શન, અનંત સુખ અને અનંત વીર્ય. એવો મારો સ્વભાવ વસ્તુમાં બેહદ જ્ઞાનસ્વભાવ એની શું પરિમીતતા! આત્મામાં જ્ઞાનસ્વભાવ એની શું હદ! બેહદ કેવળજ્ઞાન, કેવળદર્શન એકલું દર્શન પૂર્ણ, કેવળ એકલું આનંદ બેહદ અનંત અપરિમિત અને અનંત અપરિમિત વીર્ય જેનો સ્વભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ? આહા..હા..! એવો નિજ આત્મા. એવો નિજ આત્મા. એવો પોતાનો આત્મા. ભગવાનની અહીં વાત નથી.

'**सो हं इदि चिंतए णाणी**' એમ છેને? '**सो हं इदि चिंतए णाणी**' ભગવાન આત્મા નિમિત્ત તો દૂર ખસી ગયું લક્ષમાંથી. વિકલ્પ દયા, દાનનો એ પણ ખસી ગયો. પોતાના એક સમયની પર્યાયની ગૌણતા કરીને ત્રિકાળી જ્ઞાયક અનંત-અનંત બેહદ ચૈતન્ય જ્ઞાન-દર્શન, આનંદ, સુખસ્વરૂપ એવા નિજ આત્માને, એવા નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે. એવા સ્વરૂપમાં એકાગ્ર થવું એ ધ્યાન એનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા '**નિજ આત્મા...**' એમ કહ્યુંને? અલ્પજ્ઞપણાનું ધ્યાન છૂટી ગયું, રાગની એકાગ્રતા છૂટી ગઈ, નિમિત્તનું અવલંબન છૂટી ગયું. એકલો ભગવાન નિત્ય... નિત્ય... નિત્ય... અનંત બેહદ જ્ઞાયક ચૈતન્યસ્વભાવ આનંદસ્વભાવ, વીર્યસ્વભાવ અને દર્શનસ્વભાવ એવો ચતુષ્ટય અનંતગુણ સાથે છે પણ ... લીધું. સમજાણું કાંઈ? કેમકે એના કારણથી એ કાર્ય પ્રગટ પૂર્ણ થાય છે. પૂર્ણ ચતુષ્ટય કાર્ય પ્રગટે છે. સમજાણું કાંઈ? એવો અનંતચતુષ્ટય આત્મા વસ્તુના સ્વભાવનો ભંડાર એવું એનું ધ્યાન, એનું ધ્યાન એને ધ્યેય કરીને એકાગ્ર થવું, એનું લક્ષ કરીને એકાગ્ર થવું એ જ ધ્યાન એ જ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? આરેરે..! આ કેવી વાત કહે છે! આ પંચમ આરાના સંતો વાત કરે છે મુનિ. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય તો ચરણાનુયોગમાં કહે છે પ્રવચનસારમાં, મુનિપણું કેવું છે? અને એ સ્થાનમાં વિકલ્પ કઈ જાતનો આવે છે? એનો અમને અનુભવ આ પ્રણેતા રહ્યા. ચરણાનુયોગના કહેનારા અનુભવપૂર્વક શું ચીજ છે? આ પ્રણેતા રહ્યા, સાંભળો. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અને વીર્યસ્વરૂપ ભગવાન એમાં લીનતા એ ધ્યાન. પછી તો ચરણાનુયોગ ક્રમ

બતાવે છેને ત્યાં? આવી દશામાં એવા જ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આદિ થાય છે, બીજો નહિ. એવા મુનિપણાનો નિશ્ચય અને વ્યવહાર એને જાણનારા અમે પ્રણેતા અહીં ઉભા છીએ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોણ જાણે શું હશે આ? કે આ નિશ્ચય અને વ્યવહાર આવો છે એમ ભગવાન કહે છે એમ નહિ. અમારા અનુભવમાં ચારિત્ર વર્તે છે અને એ ભૂમિકામાં ચારિત્ર કેવું છે છઠ્ઠે અને એ ભૂમિકામાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પની મંદ રાગની જાત એ કેવા પ્રકારની છે--એ બધું અમારા અનુભવપૂર્વક જ્ઞાનમાં વર્તે છે એ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ? ઓહો..હો..! આવે છે કે નહિ? પ્રવચનસાર ચરણાનુયોગ. ભગવાન એમ કહે છે, ... 'ભગવાન એમ કહે છે એ હું કહું છું' એમ નહિ, ભગવાને આમ કહ્યું છે. ભગવાને આમ કહ્યું, એમ નહિ. હું આમ કહું છું.

**શ્રોતા** :- અનુભવનો વિનય કર્યો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એવી વાત છે. ચારિત્ર કેવું છે? એ અમારા અનુભવમાં છે. અને એ ચારિત્રની દશામાં વિકલ્પ વ્યવહાર જ્યાં સુધી સ્થિરતા ન હોય ત્યાં સુધી વ્યવહારનો વિકલ્પ કેટલા પ્રકારે આવે છે એટલી ભૂમિકા ભાનસહિત અમે ચરણાનુયોગનો વિકાર કહેનારા ઉભા છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? કે અમારી ભૂમિકામાં એ વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ અમારી ભૂમિકામાં છે જ નહિ. અમારી ભૂમિકામાં નિર્દોષ આહાર આદિ લેવાનો, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે અને અહીંયાં સ્થિરતા ચારિત્ર છે. એવા અમારા અનુભવથી નિશ્ચય-વ્યવહારની વાત કહીશ. પ્રણેતા કથન કરનારા આ (અમે) રહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે કે ભગવાન આત્મા એનું ધ્યાન. પણ ઇ કેવું? કે આવું અનંતચતુષ્ટયસ્વરૂપ. એના ઉપદેશનું કથન છે. '**સમસ્ત બાહ્યપ્રપંચની વાસનાથી વિમુક્ત,...**' જુઓ, આ આવો મુનિને ઉપદેશ દે છે, એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? એનો અર્થ એમ છે. ઇ તો ધ્યાનમાં બેઠા એને ક્યાં કહેવું છે? '**સમસ્ત બાહ્યપ્રપંચની વાસનાથી વિમુક્ત,...**' જેને વિકલ્પની ગંધ પણ નથી. '**નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની...**' સમસ્તપણે, નિરવશેષપણે. અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં અંતર્મુખ વિશેષે ચારિત્ર છેને? '**પરમતત્ત્વજ્ઞાની...**' પરમતત્ત્વજ્ઞાની '**જીવને શિખામણ દેવામાં આવી છે.**' એટલે કે આવા સ્વરૂપમાં શું છે એ કહેવામાં આવ્યું છે, એમ કહે છે. ધ્યાનમાં પડેલો છે એને ક્યાં શિક્ષા આપવી છે! સમજાણું કાંઈ? પણ એનો અર્થ અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની હોય ત્યારે બધી વાસનાથી રહિત છે. એવું સ્વરૂપ ધ્યાનનું છે એ વાત અમે કહીએ છીએ.

**શ્રોતા** :- શિખામણ દે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ શિખામણ પાઠમાં-પાઠમાં એ '**चिंतए णाणी**' અહીં તો છે. એનો અર્થ એમ કર્યો કે ચિંતવે છે જ્ઞાની પોતાના આત્માને તો એવા ભગવાનના ઉપદેશમાં એમ આવ્યું કે

તત્ત્વજ્ઞાની ધ્યાનમાં હોય તો આવી દશા હોય છે. ધ્યાનમાં છે એને ઉપદેશ દે છે એવો અર્થ કાઢે તો? સમજાણું કાંઈ? પણ કહે છે કે આવું ધ્યાન હોય તેને ચારિત્ર કહે છે, એમ અમે કહીએ છીએ.

**'જ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે કયા પ્રકારે? આ પ્રકારે :'** પહેલા પરમાણુનું દૃષ્ટાંત આપે છે. પરમાણુ છેને પોઈન્ટ આ રજકણ. એક રજકણ. એક પોઈન્ટ રજકણ છે એક પોઈન્ટ શુદ્ધ સ્પર્શ. **'સાદિ અનંત-અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી...'** શું કહે છે કે? **'સાદિ અનંત-અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી...'** ઇ પર્યાયની-આત્માની વાત કરી. પણ એની સાથે આધાર આપે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ.. નહિ.. લખ્યું છે. લખ્યું છે. ફૂટનોટમાં લખ્યું છે. ત્યાં અનાદિને બદલે સાદિ-અનંત એમ. કેમ? કે આત્માનું જે કાર્ય પ્રગટે છે સાદિ-અનંત. એની વાત કરે છે. ભગવાન આત્મા છે તો ઓલા ત્રિકાળી નિજ. એ ત્રિકાળી નિશ્ચયનો વિષય. પણ એ નિશ્ચયનું પછી કહેશે. પણ એના વિષયથી જે કાર્ય પ્રગટ્યું--કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ, કેવળ વીર્ય--જે અનંત ચતુષ્ટ પ્રગટ છે એ સાદિ-અનંત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દ્રવ્ય અનાદિ-અનંત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય અનાદિ-અનંત છે. એ પછી આવશે. અહીં સાદિ-અનંતને પરમાણુ સાથે મેળવે છે કે **'સાદિ-અનંત અમૂર્ત...'** ભગવાન આત્માની પર્યાય **'અતીન્દ્રિય સ્વભાવવાળા...'** સમજાણું કાંઈ? અહીં તો પહેલી પર્યાયની ભાવના કરી. પહેલું પર્યાય પ્રગટ થાય છેને એની ભાવના કરવી એમ કહે છે. પ્રગટ થાય. પછી ઓલો નિશ્ચય પછી કહેશે. કહે છે, એ તો જે પ્રગટ કરવાલાયક જે કેવળજ્ઞાન છે, કેવળદર્શન છે, કેવળસુખ છે અને કેવળ આનંદ એ કેવું છે? કે **'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી...'** છે. એ પર્યાય અનંતચતુષ્ટય ભગવાન આત્માને પ્રગટે એ પણ શુદ્ધસદ્ભૂતવ્યવહાર છે. પર્યાય છેને? એક સમયનો ભેદ છે. ત્રિકાળી અનંત જ્ઞાન-દર્શન આદિ સ્વરૂપ એ નિશ્ચયતત્ત્વ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં એક સમયમાં અંતરમાં ત્રિકાળી અનંતજ્ઞાન, અનંતદર્શન, સુખ અને અનંત વીર્ય એ તો નિશ્ચયનો વિષય નિશ્ચય છે અને એનું ધ્યાન કરવાથી જે અનંતચતુષ્ટય પ્રગટે છે. અનંતચતુષ્ટય. અનંતજ્ઞાન, અનંતદર્શન એ સાદિ થયું. પ્રગટ થવામાં સાદિ થઈને? અને અનંત છે. હવે અંત નહિ થાય. પ્રગટી તે પ્રગટી. અમૂર્ત છે એવો અતીન્દ્રિય સ્વભાવવાળો. શુદ્ધસદ્ભૂતવ્યવહારથી. સમજાણું કાંઈ? વ્યવહારથી જે કેવળજ્ઞાન, કેવળસુખ એમ કહ્યું. પછી ઓલી વચમાં ઉપમા દેવાની છે.

**શ્રોતા :-** ... સ્વભાવ શબ્દ છે તો સ્વભાવ તો અનાદિ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પહેલા કહ્યુંને. પહેલા કહ્યું. સ્વભાવ પહેલા અનાદિ છે. એમાંથી

કાર્ય કાઢ્યું. કારણમાંથી કાર્ય કાઢ્યું. એવું કથન છે શાસ્ત્રમાં. એ અનાદિ-અનંતનું ચિંતવન કરે છે તો કાર્ય શું છે એ પણ સાથે કાઢ્યું. હા, હા, કાઢે છે એમાં શું છે? સમજાણું કાંઈ? અહીંયાં એવો ત્રિકાળી સ્વભાવ છે એનું ધ્યાન કરવાથી કાર્ય શું થાય છે એની વાત કરે છે. તો કારણ પણ આવ્યું અને ધ્યાન કરવાથી ઉપાય પણ આવ્યો મોક્ષમાર્ગ અને મોક્ષ એટલે પછીની પર્યાય પણ આવી. ત્રણે બોલ એમાં સમાડી દીધા છે. શું? ફરીને.

વાત તો **'सहावो'** **'सहावो'** પણ **'सो हं इदि चिंतए णाणी'** એ તો મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? **'सो हं इदि चिंतए'** એમ છેને? એ તો મોક્ષમાર્ગ છે. પણ મોક્ષમાર્ગ અહીં તો **'मग्गो मग्गफलं'** બેય વાત પહેલાથી શરૂ કરી છે. તો કહે છે કે માર્ગ તો આવો છે કે જે અનંતજ્ઞાન, દર્શન, આનંદ, સુખ વીર્ય પ્રભુ ત્રિકાળ એનું ધ્યાન, એકાગ્ર એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એના ફળરૂપ અનંત કેવળજ્ઞાન-દર્શન આદિ કાર્ય. એ કાર્ય સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? કેમકે એક સમયની પર્યાય છે. નયની એટલે? આ નય અને એનો વિષય બે એક છે અહીંયાં તો. ત્રિકાળી શુદ્ધસ્વરૂપ તે નિશ્ચયનય કહો અને પર્યાય પૂર્ણ પ્રગટી એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનય. નય અને વિષય નહિ. અહીં તો એ નય. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે ધર્મી જીવને કેવી ભાવના કરવી જોઈએ? એવું પહેલા વ્યવહારથી લે છે. નિશ્ચયથી ત્રિકાળીની ભાવના કરી, પણ વ્યવહારથી એવી પર્યાય પ્રગટે એવી ભાવના કરવી. પ્રગટ કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ એવું પ્રગટ કરવાની ભાવના કરવી એ પહેલા બતાવે છે. સમજાણું કાંઈ? ભારે વાત!

**શ્રોતા :-** **'सो हं इदि चिंतए'**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** **'सो हं इदि चिंतए'** એ **'चिंतए'** અને અહીં તો પાઠ ત્રિકાળીનું ચિંતવન કર્યું છે. પણ કાર્યની પણ ચિંતવના કરવી એમ કાઢ્યું છે. એવો અર્થ કરે છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી પણ એવી છે. પાઠમાં એ ગુલાંટ ખાઈને બીજી વાત કરે છે. બે કાઢે એમાં શું છે? સમજાણું કાંઈ? પાઠમાં તો **'केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी'** કાયમી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકરૂપ છે એનું ધ્યાન કરે તે જ્ઞાન, એટલો પાઠ છે, પણ એમાંથી ટીકાકારે બીજું કાઢ્યું. કે આત્મા આવો છે એમાં પહેલા પૂર્ણ કેવળજ્ઞાનાદિ પ્રગટે એવી ભાવના કરે છે, એમ કાઢ્યું. સમજાણું કાંઈ? આરેરે..! વાત બધી એવી. ક્યાંય ચાલે નહિ. ચોપડામાં ચાલે નહિ, વેપારમાં ચાલે નહિ. નહિ ચીમનભાઈ! અપાસરે સાંભળવા જાય તો મળે નહિ. ભાઈ! આ લોકોત્તર સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના મુખમાંથી આવી વાત, ભગવાન! તું તો અનંતચતુષ્ટયસ્વરૂપ છોને. તારે અનંતચતુષ્ટય કાર્ય કરવું છેને? તો એવી ભાવના કર. સમજાણું કાંઈ?

**'સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...'** ભાવ શુદ્ધ સદ્ભૂતવ્યવહાર અહીં તો કહી દીધો. **'શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ**

**પરમાણુની માફક...**' લ્યો, ઉપમા આપી. કે જેમ એક પરમાણુ છેને એક રજકણ-પોઈન્ટ શુદ્ધ છે. એક પરમાણુ શુદ્ધ છેને? એનો શુદ્ધ સ્પર્શ, શુદ્ધ રસ, શુદ્ધ ગંધ અને વર્ણ. એના આધારભૂત. એ શુદ્ધ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ઇ ગુણ, એના આધારભૂત દ્રવ્ય. '**આધારભૂત શુદ્ધ પુદ્ગલ પરમાણુની માફક...**' પણ દાખલો શું? પરમાણુ છે રજકણ એક પોઈન્ટ. આ પણ સૂક્ષ્મ વાત છે તો સૂક્ષ્મ રજકણનું દૃષ્ટાંત આપ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ એક પોઈન્ટ-રજકણ. આ તો એક રજકણ-પોઈન્ટ-ટૂકડો. એમાં એક પોઈન્ટ પરમાણુમાં શુદ્ધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. સ્પર્શથી લીધું છે પહેલા. સ્પર્શ. સ્પર્સથી લીધું છેને? સ્પર્શ પહેલા લીધુંને? રસ, ગંધ અને રંગ. અને એનું સ્પર્શપણું પહેલું છેને અનાદિનું. આમ ઇન્દ્રિયનો સ્પર્શ પણ જીવને પહેલો છેને અનાદિનો નિમિત્તપણે, સ્પર્શ નિગોદમાં પણ. અહીં સ્પર્શથી લીધું છે તો એમ લીધું છે. સમયસારમાં લીધું છે.

'**શુદ્ધ સ્પર્શ...**' રજકણનો ગુણ, એક રજકણનો એ શુદ્ધ સ્પર્શ છે, શુદ્ધ રસ છે, શુદ્ધ ગંધ, વર્ણ. એના આધારભૂત કોણ? શુદ્ધ પુદ્ગલ પરમાણુ. એક પોઈન્ટ એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શનો આધાર કોણ? કે પરમાણુ. સમજાણું કાંઈ? બીજી ચીજ નથી. એનો આધાર બીજો છે જ નહિ. એ ગુણનો આધાર ગુણી.

**શ્રોતા** :- એક પરમાણુમાં પાંચ પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ તો પર્યાયની વાત. આ તો પહેલા ત્રિકાળ ગુણની વાત છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રિકાળની વાત છે. એક પરમાણુમાં શુદ્ધ સ્પર્શ, શુદ્ધ રસ, શુદ્ધ ગંધ અને શુદ્ધ વર્ણ. એના આધારભૂત '**શુદ્ધ પુદ્ગલ પરમાણુની માફક જે...**' '**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારનયથી...**' જે કેવળજ્ઞાન પ્રગટ પર્યાયની ભાવના કરે છે. કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિ પરમાત્મા હું છું. એ પર્યાય પૂર્ણ પ્રગટે છે એવો જ હું છું--એવું ચિંતવન કરે છે પહેલા. સમજાણું કાંઈ? પૂર્ણ પર્યાય એવો હું છું. પ્રગટરૂપે હોં. દ્રવ્યરૂપ તો છું એ તો પછી કહેશે. પણ હું રાગરૂપ નથી, નિમિત્તરૂપ નથી, અપૂર્ણરૂપ નથી, એમ કહે છે. પૂર્ણ તો દ્રવ્ય છે, પણ પર્યાયમાં પણ પૂર્ણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ. એવું વીર્ય એવા જ્ઞાનીને આવો હું છું... આવો હું છું. '**એમ જ્ઞાનીએ ભાવના કરવી;...**' લ્યો, સમજાણું કાંઈ? પ્રગટ કરવું છેને? ચાર જ્ઞાનપણે પણ રહેવું નથી. સમજાણું કાંઈ? સામાયિક અને ચોવિસંથો, સામાયિક આદિ ચારિત્રની પર્યાયમાં રહેવું નથી. એમ કહે છે ઇ. સમજાણું કાંઈ? અલ્પસુખ પ્રગટે એમાં પણ રહેવું નથી. દુઃખમાં તો રહેવું નથી, નિમિત્તમાં તો રહેવું નથી, પણ બેહદ અનંતજ્ઞાન-દર્શન-આનંદ જેવી પર્યાય પૂર્ણ છે એમાં રહેવા માગે છે તો હું આવો જ વર્તમાન છું. સમજાણું કાંઈ? અલ્પજ્ઞ પર્યાયને ગૌણ કરીને ભાવના પૂર્ણ પ્રગટ કરવાની છે, એમ બતાવે છે.

**શ્રોતા** :- હજી ભાવના કરે છે એવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એવી ભાવના કરે છે. સમજાણું કાંઈ? એ રાગની ભાવના નથી,

નિમિત્તની ભાવના નથી. નિમિત્ત મેળવો.. નિમિત્ત મેળવો એ તો નહિ, પણ અલ્પજ્ઞ રહેવાની ભાવના નથી. પૂર્ણ સ્વરૂપ રહેવાની ભાવના કરે છે ચારિત્રદશામાં. સમજાણું કાંઈ? ચારિત્રદશામાં 'પૂર્ણ હું છું' એવી ભાવના કરે છે, એમ કહે છે અહીંયાં તો. આહા..હા..!

**શ્રોતા** :-.. વીર્યનો ઉછાળો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઇ તો ઉછાળો મારે છે. 'હું પૂર્ણ કેવળજ્ઞાન-દર્શન આદિ વર્તમાન છું' એવી ભાવના કરે છે. અપૂર્ણ ઉપર એનું લક્ષ નથી. પ્રગટરૂપ કરવું છે એની ભાવના કરે છે, એમ કહે છે. આહા..હા..! મુનિના વચનો, દિગંબરના વચનો, દિગંબરના તીવ્ર વચનો રહસ્ય સમજી. એ આવે છેને. .. વચન રહસ્ય ... છોડ. ભગવાન આત્મા એકલો છે. કેવળજ્ઞાન લાવો, કેવળજ્ઞાન લાવો. આ ભાઈએ મૂક્યું છેને. આપણે પહેલું કહ્યું હતું નહિ? હરિભાઈએ મૂક્યું છેને? મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. લાવો. ધવલમાં આવે છેને. આપણે વાત કરી હતી. સમજાણું કાંઈ? જે શુદ્ધ ચૈતન્ય ભગવાન એનું મતિજ્ઞાન થયું. મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આવે છે. એમાં છે. આત્મધર્મમાં છે. આજે જોયું હતું. એ પહેલા વાત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? ક્યાં ગયું? છે કે નહિ? એય..! હોય તો પહેલું સાંભળવું જોઈએને.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એ તો ઠીક. આ તો જુઓ. આમાં પણ છે હોં. કેવળજ્ઞાનને બોલાવીએ છીએ. હે પ્રભુ! વર્ધમાન જિનેન્દ્ર! આપના પ્રત્યે પરમભક્તિ વિનયથી સર્વજ્ઞની પ્રતીત દ્વારા અમારા આત્મામાં કેવળજ્ઞાનને બોલાવીએ છીએ. અંશ દ્વારા અંશીને બોલાવે. ષટ્ખંડાગમના નવમા પુસ્તકમાં કહ્યું છે. નવમા પુસ્તકમાં. વિનયવાન શિષ્ય મતિજ્ઞાનના બળે કેવળજ્ઞાનને બોલાવે છે. આવો કેવળજ્ઞાન લાવો. તેમ વિનયથી આપની ... પણ પાઠમાં એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધને નીચે ઉતારે છે. આહા..હા..!

ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ કરીને અંતર એવી ભાવના કરે છે કે કેવળજ્ઞાન લાવો. એમ કહે છે અહીં જુઓ, કેવળજ્ઞાન લાવો. કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે અરે..! એય..! કેવળજ્ઞાન! આહા..હા..! અનંત આનંદને બોલાવે છે. કેવળજ્ઞાન છેને એને? અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતવીર્ય અને અનંતસુખને બોલાવે છે. લાવો. ધર્મીએ પોતાના આત્મામાં એવી ભાવના કરવી જોઈએ. વિશેષ ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ-૧૦, રવિવાર, તા.૨૯-૦૫-૧૯૬૬**
**ગાથા-૯૬-૯૭, કળશ-૧૨૮, પ્રવચન-૭૭**

ચારિત્રનો અધિકાર ચાલે છે. એના પેટામાં નિશ્ચય-પ્રત્યાખ્યાનનો અધિકાર છે. એ શ્લોક આવ્યો છે જુઓ. ૧૮૫ પાને શ્લોક આવ્યો છે શ્લોક. ઉપર છેને અનુષ્ટુભ?

**(अनुष्टुभ्)**
**केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।**
**तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्॥**

શું કહે છે? કે આ આત્મા એક સમયમાં તે પરમ ચીજ કેવળજ્ઞાનમય છે. ભગવાન ધ્રુવસ્વભાવ એકલો જ્ઞાનમય, કેવળજ્ઞાનમય છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ તો એમાં છે નહિ, પણ એની એક સમયની પર્યાય પ્રગટ છે એટલો પણ એ નથી. એક સમયમાં ભગવાન એકલા પરમ કેવળજ્ઞાનની મૂર્તિ. એવો આત્મા એને અંતરમાં, દૃષ્ટિમાં લઈને એકાકાર થવું એનું નામ ચારિત્ર અથવા મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સંભળાય છે? સંભળાય છે એમ કીધું. સંભળાય છેને? લેખક છે મુંબઈમાં. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સિદ્ધ કેવળજ્ઞાન. સિદ્ધ તો બધાને કહે છે, પણ આ આત્મામાં કાયમ, અસલી, શાશ્વત કેવળજ્ઞાન ધ્રુવસ્વભાવ એક વાત. કેવળદર્શન. દૃષ્ટા સ્વભાવ. પરમદર્શનસ્વભાવ ત્રિકાળ એનો. ધ્રુવ. અને કેવળ સુખસ્વભાવી, કેવળ આનંદસ્વરૂપી ભગવાન ધ્રુવ. એ આનંદસ્વભાવી, જ્ઞાનદર્શનસ્વભાવી શાશ્વત ધ્રુવ **'તે જાણતા શું ન જાણ્યું?'** એને જાણ્યું એણે બધું જાણ્યું. અને એ જાણ્યું નહિ એણે કાંઈ જાણ્યું નથી. સમજાણું કાંઈ? લૌકિક જાણે, શાસ્ત્રજ્ઞાન જાણે, અગિયાર અંગ જાણે બધું ફોગટ છે.

**શ્રોતા** :- ફોગટ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં લાભ સંસારમાં રખડવાનો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન, આનંદ અને દર્શન--ત્રણ બોલ લીધા છે. સમજાણું કાંઈ? એમાં એ વીર્ય તો સાથે આવે છેને? એ ત્રણ લીધા. કેવળજ્ઞાન સ્વભાવ છેને વસ્તુ? પદાર્થ છે પદાર્થ છે. એકલો કેવળ એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શનસ્વભાવ અને એક આનંદસ્વરૂપ વીર્ય એમાં આવી ગયું આત્મબળ. તો વીર્ય વિના કોઈ ગુણ નથી, વીર્ય વિના કોઈ પર્યાયની રચના પણ થતી નથી. તો વીર્ય આવી ગયું ત્રણમાં. એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ. આ એનું જેને જ્ઞાન

થયું, એનું જેને જ્ઞાન થયું. પોતાની વર્તમાન પર્યાયમાં એ ધ્રુવસ્વભાવને પકડીને જ્ઞાન થયું એને બધું જ્ઞાન થયું. **'તે જાણતા શું ન જાણ્યું?'** તેને જાણ્યું એણે શું ન જાણ્યું? બધું જાણ્યું. એ બધું ગુણસ્થાન ભેદ વયા ગયા એમાં વ્યવહારમાં. આહા..હા..! ચોપડા બધા લખ્યા નિષેધ કરવા માટે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જાય. એક જાણે સબ હોત હૈ, સબ સે એક ન હોય. આ એકત્વ સપ્તતીની ગાથા છે. પદ્મનંદીપંચવિંશતિની. પદ્મનંદી મુનિ મહા દિગંબર સંત વનવાસી થયા. એણે એ શ્લોક લખ્યો. આ પદ્મનંદીમુનિ પોતે આધાર લે છે. કે ભગવાન આત્મા એકલો આનંદનો પિંડ પ્રભુ, જ્ઞાન અને દર્શનનું સત્ત્વનું આખું સત્ત્વ પડ્યું પૂર્ણાનંદ પ્રભુ એવું દ્રવ્ય, એવો ધ્રુવ. એને જાણ્યું તેણે શું ન જાણ્યું? અને એને ન જાણ્યું તેણે શું જાણ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં રહેવાની ઇચ્છા છે. જળવાયુ કેવા છે? અમારે જળવાયુ બધું જ આત્મા છે. આત્મા જળ અને આત્મા આનંદ વાયુ.

**શ્રોતા** :- મહારાજ! શક્તિકા ભી જિક્ર હો જાતા તો અનંત શક્તિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આવી ગઈ શક્તિ એમાં કહ્યું. જ્ઞાન-દર્શન-આનંદ છે એ વીર્યથી ટકે છે તો વીર્ય એમાં આવી ગયું. એ કહ્યું હતું વચ્ચે. સાંભળ્યું નહિ. એ આવી ગયું એમાં. અનંત જ્ઞાન, અંતર. અંતરની વાત છે. પ્રગટની વાત નથી. શક્તિ એનું દ્રવ્ય, દ્રવ્યનો સ્વભાવ એવો છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... બેહદજ્ઞાન, બેહદ અમાપ દર્શન અને અનંત-અનંત અપરિમિત સ્વભાવ જેનો આનંદ એમાં વીર્ય આવી ગયું. ત્રણે બળ વીના એ ત્રણ ટકતા નથી. સમજાણું કાંઈ? આ એને જાણતા શું ન જાણ્યું? એનું જ્ઞાન થયું, દ્રવ્ય સ્વભાવ, વસ્તુસ્વભાવ, પૂર્ણસ્વભાવ એને જ્ઞેય બનાવી જ્ઞાન થયું તેણે શું ન જાણ્યું? અને એને જ્ઞેય બનાવીને ન જાણ્યું એણે શું જાણ્યું? સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન સામાન્ય ચૈતન્યસ્વરૂપ ધ્રુવ અભેદ એકરૂપ જેનું સ્વરૂપ. એને જેણે જાણ્યું તેણે બધું જાણ્યું. કેમકે એમાં અનંત કેવળજ્ઞાન આદિ પર્યાય પણ એ કેવળજ્ઞાનમાં અંદર પડી છે. સમજાણું કાંઈ? આત્મામાં, જ્ઞાનમાં. અનંત જ્ઞાનસ્વભાવમાં અનંત કેવળજ્ઞાનની પર્યાય અંદર પડી છે.

**શ્રોતા** :- અનંત કેવળજ્ઞાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનંત કેવળજ્ઞાન પડ્યું છે અંદર. એક જ્ઞાનગુણમાં અનંત કેવળજ્ઞાન પડ્યું છે. પ્રગટ જે કેવળજ્ઞાન થાય છે પરમાત્માને એવું કેવળજ્ઞાન અનંત આત્માનું જ્ઞાનસ્વભાવમાં પડ્યું છે. સમજાણું કાંઈ? એવું અનંતદર્શન અને અનંતઆનંદ અને અનંતવીર્ય આત્મામાં પડ્યું છે. વસ્તુ કોને કહે? એક ચીજ કોને કહે? અખંડ સ્વભાવ કોને કહે? અભેદ એક ચીજ કોને કહીએ? વસ્તુ અરૂપી સ્વચૈતન્યધામ એની અંતરમાં દૃષ્ટિ કરીને અભેદનું જ્ઞાન કર્યું ત્યારે શું? સમજાણું

કાંઈ? પછી શાસ્ત્ર થોડા ભણ્યા હોય કે ઘણા ભણ્યા હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! અને સમજાવતા આવડે કે ન આવડે એની સાથે સંબંધ નથી. સભાને રંજન કરી શકે કે જુઓ બહુ જ્ઞાન અને ન આવડે તો થોડું જ્ઞાન એની સાથે સંબંધ જ નથી. પુસ્તક બનાવી શકે કે નહિ? આ લેખક છેને. જ્ઞાનગંગા પુસ્તક બનાવ્યું. એ લાવ્યા હતા. પુસ્તક બનાવી શકે કે ન બનાવી શકે? બનાવી શકતો જ નથી આત્મા. પુસ્તક તો એક અક્ષરના રજકણની અનંતી પર્યાય પરમાણુની છે એ આત્મા કરી શકતો જ નથી ત્રણકાળમાં. પંડિતજી! અક્ષર લખે છે કે નહિ? આત્મા અક્ષર કરી શકે કે નહિ? અક્ષર આત્મા બનાવી શકે કે નહિ? ક, ખ, ગ.

**શ્રોતા** :- અક્ષર બનાવી શકે છે, લખી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લખી શકે નહિ, બોલી તો શકે ને? શરીરનું કામ છેને લખવાનું? એ તો જડની પર્યાયનું કામ છે, આત્માનું નથી. અક્ષર બનાવવા, પુસ્તક બનાવવા એ આત્માનું કાર્ય ત્રણકાળ, ત્રણલોકમાં નથી. શરીરની પરમાણુની પર્યાય છે એ તો જડની. આહા..હા..!

અહીં તો એકત્વસપ્તતિનો અધિકાર છે. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાન-દર્શન-આનંદની મૂર્તિ એવો ધ્રુવસ્વરૂપ ભગવાન એનું જ્ઞાન થયું તો શું બાકી રહ્યું? એને જોયું. જોતા શું ન જોયું? સમજાણું કાંઈ? કે ભાઈ આટલા તીર્થ જુઓ, આટલા ગામ જુઓ, આટલું આ જુઓ. લોકો કહે છેને બૌદ્ધ પર્યટન કરવાથી બુદ્ધિ ઘણી પ્રગટે. આખા દેશમાં પર્યટન કરવું. જુદાં-જુદાં કપડા પહેરે તો ઘણી બુદ્ધિ વધે. મૂઢ છો?

**શ્રોતા** :- ... જાણે છે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-.. મૂઢ છે. ભગવાન આત્મા દર્શનમૂર્તિ પ્રભુ આ એને દેખનારે શું ન દેખ્યું? આખી દુનિયા ત્રણકાળ, ત્રણલોક અનંત સિદ્ધ જોયા એણે. સમજાણું કાંઈ?

અને **'તેનું શ્રવણ કરતા શું ન શ્રવણ કર્યું?'** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ અસંખ્ય પ્રદેશના ધામમાં બિરાજમાન ચૈતન્ય પોતાનું સ્થાન એવો ભગવાન આત્મા પોતાનું નિજસ્વરૂપ. એણે સાંભળ્યું કે આ આત્મા પૂર્ણાનંદ છે, શુદ્ધ છે, અખંડ અભેદ છે. એ સાંભળ્યું તેણે શું ન સાંભળ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- મહિમા કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહિમા વસ્તુ એવી છે. મહિમા શું? ભગવાન આત્મા જેને સમજણાં, શ્રવણમાં આવ્યું કે પરમાનંદની મૂર્તિ એ છે. એક સ્વભાવી ચીજ છે એ તો. અભેદ ભગવાન સામાન્ય સ્વભાવથી પૂરો ભરેલો છે પ્રભુ. એવી વાત સાંભળી. તો સાંભળીને શું બાકી રહ્યું એને? કહો, સમજાણું કાંઈ? એક અનુયોગ રહી ગયો, દ્રવ્યાનુયોગનો અમુક ભાગ રહી ગયો, કથાનુયોગનો રહી ગયો એવા ફલાણાના યોગ રહી ગયો. બધું આવી ગયું, ભગવાન! આહા..હા..! કે ભાઈ! કથાનુયોગ સાંભળવાનો રહી ગયો. એક વાર્તા હતી તે સાંભળવાની રહી ગઈ. સમજાણું

કાંઈ? એક ચરણાનુયોગ રહી ગયો, કરણાનુયોગ એક રહી ગયો. ચરણાનુયોગ ગોમ્મટસારમાં બહુ વાત આવે છે. ભગવાન!

**શ્રોતા** :- ધવલ તો રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધવલ રહી ગયું હા એ. આહા..હા..! ભાઈ! એ આ ધવલ, જય ધવલ, મહાધવલ બહાર નહોતા પડ્યા તો આ આત્મા આવો છે એવું સાંભળ્યું તો ધવલ રહી ગયું એમ છે જ નહિ. કહે. બધું આવી ગયું આમાં. સમજાણું કાંઈ? અત્યારે કહે છેને કેટલાક ધવલ, જય ધવલ, મહાધવલ બહાર આવ્યાને ત્યારે ઘણું સ્પષ્ટ થયું એમાંથી. અને પહેલા જે વાત હતી એમાં સ્પષ્ટ ન આવ્યું. અરે..! સાંભળતો ખરો, ભગવાન! આહા..હા..! ભગવાન આત્મા આખા અનુયોગનો સાર અને એ સાર વીતરાગતા અને એ વીતરાગતા પ્રગટ કરવાની ખાણ. સમજાણું કાંઈ? એ ખાણી આત્મા ભગવાન નિધાન છે. અનંત-અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન-આનંદ પ્રગટ કરવાની ખાણ છે એ આત્મા. એ જેણે સાંભળ્યું એણે શું ન સાંભળ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના મીંડા છે એમ કહે છે. અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે અને જગતને એવું રંજાઈમાન કરે. ઓહો..હો..! ધારાવાહી વાણી નીકળે અને લોકોને એમ થઈ જાય કે આહા..હા..! શું છે પણ એમાં? એમાં શું આવ્યું? ભગવાન આત્મા અનંત-અનંત ગુણનો પિંડ પ્રભુ અભેદ વસ્તુ. એણે સાંભળ્યું એને શું સાંભળવાનું બાકી રહ્યું? સમજાણું કાંઈ? એવા અભેદ ઉપર આશ્રય કરને એકાકાર થવું આ એનું નામ ચારિત્ર છે. આ એનું નામ નિશ્ચય-પ્રત્યાખ્યાન છે. આ એનું નામ યથાર્થ વિકારના ત્યાગરૂપી આત્માનું પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! ચારિત્રનો અધિકાર છેને. ચારિત્રના પેટા ભેદનો અધિકાર છે નિશ્ચય-પ્રત્યાખ્યાન. એની સાથે આ લગાવ્યું. કહો, વજુભાઈ! કહો આ ઇજનેર-ફિજનેરનું જ્ઞાન કેટલું એમાં બાકી રહી ગયું હશે? શાસ્ત્રની રચના એવી, શ્લોકો એવા બનાવે છેને કોઈ આ કડીયું બનાવે, વસંતતિલકા, શાર્દુલ ને આ ને તે બહુ આવે છે. ત... ત.... ત... ત... ત... ત... આવે ન... ન.. ન... ન... એવા બધા શ્લોક આવે છેને?

**શ્રોતા** :- એકાક્ષરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકાક્ષરી શ્લોકો આવે. આ સંમતભદ્રાચાર્યે બહુ બનાવ્યા છે. જોયા છે? સ્તુતિ ભગવાનની સ્તુતિમાં એકલા ત... ત.. એના ઉપર આખી સ્તુતિ. ન... ન... ન.. ના..નિ..નિ.. એમ આખી સ્તુતિ ભગવાનની. હા સ્તુતિ. અર્થ કાઢવો મુશ્કેલ પડે. આહા..હા..!

કહે છે કે જેણે આ ભગવાન અખંડાનંદ પ્રભુ આ એની સન્મુખ થઈને આ શ્રવણ કર્યું તો બધું આવી ગયું. બધી .. આવી ગઈ, બધી સ્તુતિ આવી ગઈ, બધી ભક્તિ આવી ગઈ, ચારેય અનુયોગનું શ્રવણ આમાં આવી ગયું. બાકી કાંઈ રહ્યું નહિ. સમજાણું કાંઈ? એવો પ્રભુ પિંડ ચૈતન્ય ભગવાન એને સાંભળ્યું અને સાંભળીને એ લક્ષમાં લીધું.

**શ્રોતા** :- એને સાંભળ્યું કહેવામાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ તો સાંભળ્યું શું કહે? સમજાણું કાંઈ? વાણી ન આવે, વિકલ્પ ન હોય સમજાવાનો પણ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એ દર્શન, જ્ઞાન અને આનંદ.. તો વિકલ્પ નથી થતો મહારાજ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અભેદ છે. અભેદ છે અહીંયાં. જ્ઞાન, આનંદ એ અભેદ છે. અભેદ ઉપર દૃષ્ટિ દેવાથી નિર્વિકલ્પ થાય છે. સમજાણું કાંઈ? અંદર છે ભેદ, પણ ભેદ દેખાતો નથી, દૃષ્ટિમાં અભેદ દેખાય છે. અભેદ જોયો ત્યારે એણે બધું જોયું. ભેદ નથી.

**શ્રોતા** :- મહારાજ! ક્ષેત્ર ભેદ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્ષેત્ર ભેદ નથી. ક્ષેત્ર ભેદ તો પણ ગુણભેદ, ભાવભેદ પણ નથી દૃષ્ટિમાં.

**શ્રોતા** :-- ... સંસાર ભેદ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, કોઈ ભેદ નથી. ગુણી એ પણ ભેદ નથી. પ્રદેશભેદ તો નથી એ તો બીજી વાત. અહીં તો આત્મા એક અને જ્ઞાન-દર્શન આદિ ગુણ એવો ભેદ પણ જેમાં નથી. આ એકત્વસપ્તતિ છેને? એકરૂપ પ્રભુ જ્ઞાયકસ્વભાવમાં બધા ગુણ આવ્યા, પણ એ બધા એકસ્વરૂપે છે, એકસ્વરૂપે છે, સામાન્યસ્વરૂપે છે, ધ્રુવસ્વરૂપે છે, અભેદસ્વભાવ છે. એવી દૃષ્ટિ કરી ત્યારે જોયું. એની પ્રતીત થઈ આખા લોકની પ્રતીત, કેવળજ્ઞાનની પ્રતીત થઈ ગઈ. એનું જ્ઞાન થયું તો બધાનું જ્ઞાન થઈ ગયું. આ વાત સાંભળી તો બધું સાંભળવામાં આવ્યું. એનો અર્થ આ સાંભળ્યું નથી તો કાંઈ સાંભળ્યું જ નથી. એનું જ્ઞાન નથી તો કોઈ જ્ઞાન જ નથી. એની શ્રદ્ધા નથી તો કોઈ શ્રદ્ધા જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને શાસ્ત્રનું જ્ઞાન કહે છે એ નહિ. એ શ્રદ્ધા પણ નથી અને એ જ્ઞાન પણ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ પણ આમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા અપરિમિત, અમિતસ્વરૂપે બિરાજમાન, અમિત જેની મર્યાદા નથી. એવું સ્વરૂપ. એની દૃષ્ટિમાં નિર્વિકલ્પતાથી દૃષ્ટિ થઈ તો બધું આવી ગયું. શ્રદ્ધામાં આખો લોકાલોક આવી ગયો, જ્ઞાનમાં લોકાલોકને જાણનાર એક સમયમાં બધું કેવળજ્ઞાનમાં આવી ગયું અને પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ એના આનંદથી, આનંદ જ્યાં અંદર પર્યાયમાં જ્યાં પર્યાયવાનને મેળવ્યો તો બધું આવી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ તો આધાર આપ્યો હતો. હવે પોતે કહે છે મુનિરાજ.

**'વળી (આ ૯૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)'**

(मालिनी)

जयति स परमात्मा केवलज्ञानमूर्तिः
सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।
सहजपरमचिच्छक्त्यात्मकः शाश्वतोयं
निखिलमुनिजनानां चित्तपंकेजहंसः॥१२८॥

જુઓ, અહીંયાં મુનિજનને નાખ્યા. કોઈ વળી એમ કહે કેવળજ્ઞાનીની આ વાત હશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- સમસ્ત મુનિજનોના હૃદયકમળનો...**' એ ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવી પ્રભુ એવા '**સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...**' જુઓ, વળી મુનિજનને, કોઈ મુનિને આ આત્મા લક્ષમાં છે અને કોઈ મુનિને બીજું લક્ષમાં છે એમ નથી. મુનિ એને કહે છે. અહીંયાં લોકો કહે છેને બધાને મુનિ કહેવા. નમો લોએ સવ્વ સાહુણં. એમ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો એ આત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપે વર્તમાન એક અખંડ અભેદ બિરાજમાન છે. અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન ભગવાન એના મુનિના હૃદયમાં એ દૃષ્ટિમાં પડ્યું છે. '**સમસ્ત મુનિજનોના હૃદયકમળનો હંસ...**' છે એ. ભેદ કરનારાઓને. આહા..હા..!

'**એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ...**' ભગવાન એકલો જ્ઞાન ચૈતન્યબિંબ કેવળજ્ઞાનમૂર્તિ, કેવળજ્ઞાન ચૈતન્યબિંબની મૂર્તિ એ મુનિજનોના હૃદયનો હંશ છે. એમાં દૃષ્ટિ કરી તો રાગાદિ ભેદ પડી ગયો. જુદા થઈ ગયા. સમજાણું કાંઈ? હંસ જેમ પાણી અને દૂધમાં ચાંચ નાખે છે તો જુદાં પડી જાય છે, એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નિર્વાણનાથ ચૈતન્ય પ્રભુ નિજ એમાં અંતરમાં આશ્રય દૃષ્ટિ કરી તો એ હંસ એવો છે રાગાદિ, ભેદાદિથી ભિન્ન પડી ગયો અભેદ સ્વરૂપ ભગવાન આત્મા. સમજાણું કાંઈ? આહા..! '**એવો જે આ શાશ્વત, કેવળજ્ઞાનની મૂર્તિરૂપ...**' જુઓ, સામાન્ય લેવું છે. વિભાવજ્ઞાન શાશ્વત જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચૈતન્યપુંજ. ચૈતન્યપુંજની મૂર્તિ પ્રભુ.

'**સકળવિમળ દૃષ્ટિમય,...**' સકળવિમળ '**(-સર્વથા નિર્મળ દર્શનમય),...**' દૃષ્ટાગુણ જે સકળવિમળ ત્રિકાળ દર્શનમય ભગવાન આત્મા '**શાશ્વત આનંદરૂપ,...**' ભગવાન શાશ્વ આનંદરૂપ દ્રવ્ય વસ્તુ સત્ સત્ત્વ ધ્રુવ. '**સહજ પરમ ચૈતન્યશક્તિમય...**' હવે આ લીધું. વીર્ય લીધું હવે. ભગવાન આત્મા એ તો લીધુંને? પદ્મપ્રભમલધારિદેવે પોતે નાખ્યું. ઓલો મૂળ પાઠ વચ્ચે આ બોલ છે એટલે નાખ્યું. છેને પાઠમાં? કેવળ શક્તિસ્વભાવ. ઓહો..હો..! વસ્તુ, નિમિત્તમાં તો વસ્તુ આવતી નથી, સંયોગ કર્મ શરીર, વાણીમાં તો ચીજ આવતી નથી. પણ વિકલ્પ દયા, દાન, પુણ્ય-પાપના પરિણામ વિકલ્પ ઉઠે છે એમાં એ વસ્તુ આવતી નથી. એક સમયની વિકાસની પ્રગટ પર્યાય જે ક્ષયોપશમ છે. જ્ઞાન-દર્શન વીર્યની એમાં એ આત્મા આવતો જ નથી પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ. એવો

એક સમયમાં નહિ આવનારો, રાગમાં નહિ આવનારો, સંયોગમાં નહિ આવનારો અને કાયમ શાશ્વત જ્ઞાન અને આનંદમાં રહેનારો. સમજાણું કાંઈ? આહા..હા..! આ એની ઉપર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આ એની ઉપર એકાકાર થવું એ જ્ઞાન છે અને એમાં લીન થવું તે ચારિત્ર છે. ચારિત્ર કોઈ બીજી ચીજ છે આમ કરવું, પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. સત્ય ચારિત્ર એ. નિશ્ચય એટલે સત્ય ચારિત્ર. વળી નિશ્ચયનો અર્થ પાછો... પંચમહાવ્રતાદિ અસત્ ચારિત્ર છે, અસત્ ચારિત્ર છે, અભૂતાર્થ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં જુઓ '**સકળવિમળ...**' લીધુંને એટલે સર્વથા નિર્મળ. સર્વથા નિર્મળ વસ્તુ દર્શનસ્વભાવ જેનો એમાં મલિનતા ક્યાં આવી? અને અપૂર્ણતા ક્યાં આવી? વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એકરૂપ ભગવાન સકળવિમળ સ્વરૂપના દર્શનમય એકલો શાશ્વત આનંદની મૂર્તિ તત્ત્વ સ્વભાવ એકરૂપ આત્મા. બધા થઈને એક આત્મા એમ નહિ હોં. આ એક આત્મા. એવા-એવા અનંત આત્મા. સમજાણું કાંઈ? શાશ્વત આનંદરૂપ. લ્યો, આનંદને શાશ્વત કરી નાખ્યો. સમજાણું કાંઈ? ઓલામાં શાશ્વત કેવળજ્ઞાનમય મૂર્તિ લીધી, પછી સર્વથા નિર્મળ દર્શનમય લીધું, શાશ્વત આનંદ, ભગવાન આનંદનો કંદ. અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્મા છે. એકલો અતીન્દ્રિય આનંદ.

'**સહજ પરમ ચૈતન્યશક્તિમય...**' સ્વભાવિક પરમ બળસ્વરૂપ, સ્વભાવિક પરમ બળસ્વરૂપ, ચૈતન્યના બળસ્વરૂપ. એવો ભગવાન આ આત્મા પરમાત્મા જયવંત વર્તે છે. એવા ભગવાન જયવંત છે. જયવંત છે. આ એની અંદર અનુભવ અને દૃષ્ટિ કરવી એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહા..હા..! અહીં તો આત્મા જયવંત વર્તે છે એનો અર્થ જ ઇ છે કે જયવંત વર્તે છે એ સ્થિરતા એને કહ્યું. આ શાશ્વત આવો છે. એ અંદર સ્થિરતા થવી કે શાશ્વત આવો છું એમ. ભગવાન શાશ્વત વસ્તુ. જયવંત વર્તે છે. એ સ્થિરતા જેમાં થઈ એ ચીજ શાશ્વત વર્તે છે. સમજાણું કાંઈ? સ્થિરતા તો એમાં એકાકાર થયો, દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ એ પણ વ્યવહાર બંધનું કારણ. બધું બધનું કારણ. એ વ્યવહારથી ભિન્ન પોતાની શાશ્વત એવી ચીજ એ જયવંત વર્તે છે. એ કોણે કહ્યું? એ નિર્મળ એકાકાર થયો એ કહે શાશ્વત વસ્તુ એવી છે. એ વસ્તુ શાશ્વત... અંતરમાં એકાકાર થયો એ ચીજ શાશ્વત વર્તે છે એવું ભાન થયું. ઝીણી વાત છે. વર્તમાનમાં હા, હો અને હરિફાઈમાં આ બહુ મુશ્કેલ પડે એવી વાત છે. હા, હો ને હરિફાઈ બહારાં આમ કરવું ને તેમ કરવું, દયા પાળવી, મદદ કરવી, કોકને આમ કરવું, તેમ કરવું. ધૂળમાં કોણ મદદ કરે સાંભળતો ખરો. આહા..હા..!

**શ્રોતા** :- મહારાજ! એકવાર...પૂર્વક અનુભતિ થઈ પછી તે અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અનુભવ કાયમ રહે છે. કાયમ રહે છે અંદર. પછી એકાગ્રતા વધી

જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દિગંબર છેને મૂળ.

સ્વભાવિક પરમાત્મા એ ધ્રુવ. જયવંત છે. એ જયવંત છે એ કોણે જાણ્યું? પર્યાયે. એ તરફની એકાગ્રતા થઈ તો વસ્તુ એવી ને એવી છે. એવી ને એવી છે ત્રિકાળ એવી ને એવી છે. એમ વર્તમાન દશા દ્વારા જ્યાં એમાં લીન થયો એ વસ્તુ એવી ને એવી છે. મારા જ્ઞાન-દર્શન-ચારિત્રનો આશ્રય વસ્તુ એવી ને એવી છે, એમ કહે છે. મારા ચારિત્રનો આશ્રય એવો ધામ ભગવાન એવો ને એવો છે. મારું નિત્ય પ્રત્યાખ્યાન શાશ્વત આ પર્યાય હોં નિશ્ચય-પ્રત્યાખ્યાન રાગ વિનાની દશા નિર્વિકલ્પ સ્થિરતા એ જેનો આશ્રય છે એ સ્થિરતાનો જે આશ્રય છે એ કાયમ છે. સમજાણું કાંઈ? ભારે ભાષા પણ જુદી જાતની. આ કેવું નિશ્ચય-પ્રત્યાખ્યાન? ઓલા એક જણાએ કીધું ત્યાં તો બધી નિશ્ચયની વાત આવે. .. વ્યવહાર નહિને ત્યાં .. લોચ કરવો, આ ખાવું, આ પીવું. ધૂળમાંય હવે લોચની ક્રિયા તારી નથી સાંભળને હવે. વાળ તૂટે એ તો જડની ક્રિયા છે. અંદર એ વિકલ્પ ઉઠે એ ભાવ વિકાર છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- દુઃખ સહન કરવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દુઃખ સહન કરવું એનો અર્થ શું? કે આત્મા એવો છે જ નહિ. દુઃખ સહન કરવું પડે એ આર્તધ્યાન છે. આત્મા એવો છે જ નહિ. ભગવાન આત્મા તો આનંદમય કહ્યોને. આનંદમયમાં સ્થિર થવાથી આનંદ જ પ્રગટે છે. દુઃખ-બુખ એને છે નહિ. સમજાણું કાંઈ? પરમાનંદનો નાથ પ્રભુ ધ્રુવ શાશ્વત જેની પડખે ચડી ગયો આ એમાં આનંદ આવ્યો એ આનંદમાં દુઃખ છે જ નહિ. પરિષહ સહન કરવા પડે એ દુઃખ એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા એક અને બાવીશ પરિષહ, આત્મા એક અને દસ પ્રકારનો ધર્મ, આત્મા એક અને આ તેર પ્રકારના સમિતિ, ગુપ્તિ, ચારિત્ર એવા ક્યાંથી ભેદ આવ્યા? સમજાણું કાંઈ? વસ્તુસ્વરૂપ એકરૂપ, વસ્તુ પોતાનું સ્વરૂપ એકરૂપ ભલે એકરૂપમાં અનંતગુણ હોય, પણ એકરૂપ જોતા અનંત દેખાતા નથી. એકરૂપ જોતા અનંત દેખાતા નથી. અનંતને દ્રવ્ય પી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જયવંત છે.'** આહા..હા..! **'તે...'** તે પરમાત્મા. મારો પરમાત્મા હોં. મારો પરમાત્મા, પરમાત્મા એટલે પરમસ્વરૂપ, પરમસ્વરૂપ, પરમ આત્મા, પરમસ્વરૂપ ધ્રુવસ્વરૂપ, શાશ્વત સ્વરૂપ જયવંત વર્તે છે. એ વર્તમાન પર્યાય અંતરમાં ઘુસી ગઈ એણે જોયું કે આ તો શાશ્વત વસ્તુ છે. સમજાણું કાંઈ? આ એનું નામ સાચું પ્રત્યાખ્યાન છે. એનું નામ સાચા વિકારના સંસારના અભાવરૂપ ત્યાગ છે. બાકી બધા થોથા ત્યાગના છે. ખરો ત્યાગ આ છે. આ રાગ મંદ કર્યો, આ છોડ્યું, મૂક્યું એ તો દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. તને વસ્તુ શું છે એની તો દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આ ચીજ છોડી, આ ચીજ ગ્રહણ કરી. કે દિ' અંદરમાં ઘુસી ગઈ હતી ચીજ તે છોડી તે? એ આવશે. પછી આવશે. શ્લોકમાં આવશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં કદી રાગને ગ્રહ્યો નથી. પરમાણુને ગ્રહ્યો નથી તો છોડે એ ક્યાંથી આવે આત્મામાં? સમજાણું કાંઈ? એ કહેશે જુઓ. એ ચાલતી ૯૭માં એ આવશે.

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी।।९७।।**

નીચે હરિગીત. નીચે. નીચે હરિગીત બનાવ્યું છે. અમારા પંડિત છે એક એણે બનાવ્યું.

**નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે-જુએ જે સર્વ, તે હું--એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

ટીકા. એની '**ટીકા :- અહીં પરમભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.**' એવું સ્વરૂપ બતાવે છે તો એને શિક્ષા દીધી એમ કહેવામાં આવે છે. '**પરમભાવનાની સંમુખ...**' એમાં શું સાંભળવું છે? સમજાણું કાંઈ? પણ '**પરમભાવનાની સંમુખ...**' ભાવવાળો કેવો હોય છે? એવું કહે છે તો કહે છે કે એને અમે શિખામણ આપીએ છીએ. '**જે કારણપરમાત્મા...**' ભગવાન દ્રવ્યસ્વરૂપ કારણપરમાત્મા. કારણપરમાત્મા નામ વસ્તુ ત્રિકાળી વસ્તુ એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. પોતાનો ત્રિકાળ અનંતગુણના પિંડરૂપ ધ્રુવસ્વભાવ એને અહીંયાં કારણ પરમાત્મા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? જેમાંથી કાર્યપરમાત્મા કેવળજ્ઞાનાદિ સિદ્ધદશાની કાર્યદશા જેમાંથી પ્રગટે છે. જેના ગોદમાં કારણપરમાત્માની ગોદમાં અનંતા કાર્યપરમાત્મા પડ્યો છે એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. એના ગર્ભમાં અનંતા સિદ્ધ પડ્યા છે. કોઈ રાગની, દયા, દાન, વ્રતની ક્રિયા કે સંહનનની મુજબાતઈથી સિદ્ધપદ નથી આવતું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કારણપરમાત્મા. સમજાણું કાંઈ? જેમ લીંડીપીપર. લીંડીપીપર એમાં ચોસઠ પહોરી તિખાશ પડી છે અંદરમાં. ચોસઠ પહોરી તિખાશ પ્રગટ થાય એ પડી છે એમાં. એવી ચોસઠ પહોરી પર્યાય તો અનંતી-અનંતી પડી છે એમાં. ચોસઠ રૂપિયો, ચોસઠ એટલે પૂરો સોળ આના. પૂરી પડી છે એટલા દાણામાં. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... છે તો પ્રાપ્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી પ્રાપ્ત થાય છે, ન હોય એમાંથી પ્રાપ્ત થતું નથી. સમજાણું કાંઈ? તો ભગવાન આત્મા કારણપરમાત્મા. એટલે કે એમાં અનંતા સિદ્ધ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. કારણપરમાત્માના ગર્ભમાં પડ્યા છે માટે પ્રાપ્ત થાય છે.

**શ્રોતા :-** એમાં ભગવાન ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં ભગવાન ભળ્યા છે અંતર અનંત. આહા..હા..! શું પર્યાયમાં ભર્યો છે? કે રાગ વિકલ્પ વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રાગ એમાં ભગવાન પડ્યો છે? કે સંહનન મજબુત અને દેહ મજબુત છે અને બહાર જળવાયુની સ્વચ્છતા બહુ અનુકૂળતા છે એમાં પરમાત્મા પડ્યો છે? આહા..હા..! હવે આપણે એકાંતમાં જઈએને ત્યાં પાણીના ઝરણા અને હવા બહુ સારી વાત છે. ત્યાં પરમાત્મા છે? સમજાણું કાંઈ? આ એ તરફનો વિકલ્પ છે એ વિકલ્પ

રાગ એમાં પરમાત્મા છે? એ તો રાગ વિકાર છે. અને એને જાણનારી વર્તમાન એક સમયની અવસ્થા જે અંશ છે શું એમાં પરમાત્મા પડ્યો છે? અને એમાથી સિદ્ધપદ આવશે? સમજાણું કાંઈ?

ભગવાન કારણપરમાત્મા શબ્દ મૂકિને તો. આહા..હા..! એમાં સમસ્ત કાર્ય અનંત-અનંત સિદ્ધની દશા બધી પડી છે. એમાં દૃષ્ટિ દેવાથી કાર્ય થાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ દેવાથી, રાગ ઉપર અને નિમિત્ત ઉપર દૃષ્ટિ દેવાથી બિલકુલ શુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને પરમાત્મા ઉત્પન્ન થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! એમ માને ઉપદેશક કે અમારું અત્યારે તો ઘોલન વિકલ્પ છે ઉપદેશ તો જ્ઞાનનું ઘોલન ચાલે છે. નહિ એમ નહિ. ઘોલન અંદરમાં સ્વતરફ વલણ જે છે એ જ વિકલ્પ છે. વિકલ્પ ઉઠ્યો એ ઘોલન છે જ નહિ. અને એનાથી કોઈ ધર્મ પામશે, અહીંયાંથી પામશે એ વાત ભ્રમણારૂપ છે. સમજાણું કાંઈ? અને એને પણ એની પર્યાયમાંથી પરમાત્મા પમાશે? પરથી તો નહિ પણ એના રાગમાંથી, પર્યાયમાંથી પામશે એ એની ભ્રમણા છે એને. આહા..હા..! એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

ભગવાન આખો કારણપરમાત્મા એક સમયમાં અનંત કાર્ય પ્રગટવાનું બીજડું પડ્યું છે એ. વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... પરમાનંદની મૂર્તિ અનંત-અનંત કેવળજ્ઞાન દર્શન, આનંદની મૂર્તિ એકરૂપ એને અહીંયાં કારણપરમાત્મા કહે છે. આ એની દૃષ્ટિ કરવી અને એમાં સ્થિર થવું આ એનું નામ ચારિત્ર અને સાચું પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. બાકી એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? ચોપડી-બોપડી બહુ લખે, લોકોમાં બહુ પ્રચાર થાય તો એમાં કાંઈ લાભ થાય છે કે નહિ આત્માને? નહિ? એય..! વજુભાઈ! એ તો કહે છે કે ભાઈ! આ કારણપરમાત્મામાંથી કાર્ય આવે છે કે વાંચનથી અને પર્યાયમાંથી આવે છે? ચોપડીમાંથી તો નહિ, પણ ચોપડી તરફનો વિકલ્પ છે વાંચનનો એમાંથી પણ નહિ અને વર્તમાન પર્યાય પ્રગટ છે ક્ષયોપશમની એનાથી પણ નહિ. ઓહો..હો..! ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં નજર કરને. પૂર્ણાનંદનો નાથ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કારણપ્રભુ બિરાજે છે આત્મા. આ કારણપ્રભુનો ભેટો કર્યા વિના તને આત્માનો સાક્ષાત્કાર થશે નહિ. સમજાણું કાંઈ?

કેવો છે કારણપરમાત્મા? '**સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લૂંટનારા,...**' સંસારરૂપી પાપ બહાદુર સેના અનાદિકાળથી એનો વિજય થયો છે અજ્ઞાનમાં. બહાદુર સેના હોં સાધારણ સેના ... જેવી નહિ. મોહરૂપી રાજાની મોટી સેના એની વિજયધજા તોડી નાખી. એવો એનો સ્વભાવ જ એવો છે. તોડવું અને ... એમાં છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? મોહસેના એ સ્વભાવમાં છે જ નહિ એમ કહે છે અહીંયાં તો. છે જ નહિને. છે જ નહિ એમાં. એ તો પર્યાયમાં થાય છે પર્યાયમાં, વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમસ્ત પાપ...'** પાપ શબ્દે પુણ્ય અને પાપ આદિ રાગ બધું પાપ છે. એ બહાદુર સેના મોહની એની વિજયધજા વિજયધજા એ લૂંટનારો છે. તારો વિજય નહિ. મારા કારણ પરમાત્માનો વિજય છે. સમજાણું કાંઈ? દૃષ્ટિએ જ્યાં સ્વભાવને પકડ્યો. મારા કારણપરમાત્માનો જ વિજય છે. વિકાર-ફિકારનો વિજય છે નહિ. વ્યવહાર-ફ્યવહારનો વિજય છે નહિ. સમજાણું કાંઈ? કેવો છે એ? **'ત્રિકાળ નિરાવરણ,...'** ત્રિકાળ-નિરાવરણ. વસ્તુસ્વભાવમાં આવરણ કેવું? ભગવાન સ્વભાવમાં મહિમાવંત સ્વભાવ, ધ્રુવસ્વભાવ એમાં આવરણ કેવું? અને **'નિરંજન,...'** અંજન રાગાદિનું એમાં કેવું? સમજાણું કાંઈ? મેલનું અંજન કેવું? વસ્તુ જ્યાં નિરંજન પ્રભુ ભગવાન જ્ઞાયકબિંબ વસ્તુસ્વભાવની મૂર્તિ, સ્વભાવ ચૈતન્યનું દળ, ત્રિકાળ નિરાવરણ. **'નિજપરમભાવને ક્યારેય છોડતો નથી;...'** એવો કારણપરમાત્મા પોતાનો નિજપરમભાવ પરમસ્વભાવ એને ક્યારેય છોડ્યો નથી. આ **'णियभावं णवि मुच्चइ'**નો અર્થ ચાલે છે પહેલા પદનો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શાશ્વત ધ્રુવસ્વરૂપ પરમસ્વભાવભાવ એ કારણ પ્રભુએ કદી છોડ્યો નથી. કદી એનો અભાવ એમાંથી થયો નથી. કારણપ્રભુ દ્રવ્ય એમાં એવો ભાવ પરમભાવ કદી છૂટ્યો નથી, એમ કહે છે. ભગવાન આત્મા કારણપ્રભુ આ એમાં ત્રિકાળ નિરાવરણ નિરંજન નિજ પરમભાવ. નિજપરમભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ એટલે ચારિત્ર. એવો શુદ્ધભાવ કારણપ્રભુએ પોતાનો શુદ્ધ ધ્રુવભાવ કદી છોડ્યો નથી.

**શ્રોતા** :- મહારાજ! પ્રવચન સાંભળીને અનુભૂતિ થઈ ત્યારે પ્રત્યક્ષ અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રવચનથી થતું નથી. પ્રવચનથી થતું નથી. એનો ખ્યાલ પરપદાર્થ છે. જરી વાત છે.

**શ્રોતા** :- ... વાત લગભગ ત્યાં સુધી પહોંચાડી દ્યો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ કોઈ પહોંચાડતું નથી. એ જ્ઞાનગંગામાં એમ થતું જ નથી. એવું છે, ભગવાન! એવી ચીજ છે. આહા..હા..! પુસ્તક બનાવનાર. લેખક છે. લેખક છે. પુસ્તક બનાવે છે. જ્ઞાનગંગા અને ઘણા પુસ્તક બનાવ્યા છે. લખનાર કોણ? આહા..હા..! પર્યાય એક સમયની પર્યાય ક્યાં આત્મા છે? અહીં તો ધ્રુવભાવ લેવો છેને. એક સમયની પર્યાય પણ વ્યવહાર આત્મા છે, નિશ્ચયથી અણાત્મા છે. વસ્તુ આત્મા છે. અભૂતાર્થ આત્મા છે. .. ભૂત-અર્થ, છતો અર્થ ભૂતાર્થ ધ્રુવસ્વભાવ એકરૂપભાવ ત્રિકાળ સત્... સત્... સત્.... સત્... એકરૂપ સત્નું દળ, સત્નું દળ, શાશ્વત દળ એમાં પોતાનો કારણપરમાત્મા એ દળ સ્વભાવને કદી છોડ્યો નથી. આહા..હા..! સત્ય કદી સાંભળ્યું જ નથી. ગડબડી જ બધી સાંભળી છે. બહારથી આમ થાય છે અને તેમ થાય છે. ધૂળમાંય નથી થતું. સાંભળને! સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા દેહમાં બિરાજમાન આખો આત્મા કહે છેને ક્રિયા આપણે આવ્યું હતુંને ઇષ્ટોપદેશમાં? કે જ્યારે જ્ઞાની પરની વિશેષતા એ નથી જોતા. પોતાની વિશેષતાને પણ નથી

જોતા. તો વિશેષતા પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરની વર્તમાન પ્રગટ પર્યાય કેવળજ્ઞાન છે, આ અલ્પજ્ઞાન છે અને આ વરણપર્યાય એ પર્યાય વિશેષતા નથી જોતો. કેમકે પર્યાયબુદ્ધિ છૂટી ગઈ એ તો દ્રવ્યબુદ્ધિ થઈ છે. તો પરની પર્યાય છે એને જોઈને રાગ-દ્વેષ નથી થતો. પર્યાયનું લક્ષ નથી તો પર્યાયને જોતો નથી, વિશેષને જોતો નથી. વિશેષનો આધારા સામાન્ય છે એને જોવે છે. સમજાણું કાંઈ? તો ભગવાન આત્મા પોતાની વિશેષતા એ પણ નથી જોતો. એ તો સામાન્ય-વિશેષ દ્વારા સામાન્યને દેખે છે, વિશેષને નથી દેખતો. એકલો ધ્રુવસ્વભાવ ભગવાન જોતાં જ વિશેષતા નામ સંવર-નિર્જરાની દશા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ... પહોંચાડી તો દિધા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પણ પુસ્તક બનાવનાર છે. ગડબડી પુસ્તકો. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન! એ તું તો ચિદ્દ્યન, આનંદનું દળ, શાશ્વત મૂર્તિ ધ્રુવ ભગવાન આત્માએ પોતાનો ધ્રુવસ્વભાવ ક્યારે છોડ્યો છે? છોડે તો વસ્તુ રહેતી નથી. આહા..હા..!

'**णियभावं**' શબ્દ પડ્યો છેને એમાં? મૂળ પાઠમાં. '**णियभावं णवि मुच्चइ**' '**सो हं इदि चिंतए णाणी**' એવો હું છું એમ. ભગવાન આત્મા કારણપ્રભુ દ્રવ્ય એનો જે નિજભાવ-નિજભાવ પૂર્ણજ્ઞાન, પૂર્ણ દર્શનસ્વભાવ, સ્વભાવની મર્યાદા શું? સ્વતઃસ્વભાવ બેહદ અપરિમિત, જ્ઞાન અપરિમિત, દર્શન અપરિમિત, આનંદ અપરિમિત, સ્વચ્છતા, વિભુતા, પરમેશ્વરતા એવો એકરૂપ સ્વભાવ ભગવાન કારણપરમાત્મા દ્રવ્યે પોતાનો નિજસ્વભાવ કદી છોડ્યો નથી. સમજાણું કાંઈ?

અને '**પંચવિધ સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિ પરભાવને ગ્રહતો નથી;...**' ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ પરમાત્મા નિજપ્રભુ દળ એણે પોતાનો નિજ શાંત, વીતરાગ આનંદભાવ એકરૂપભાવ કદી છોડ્યો નથી અને '**પંચવિધ સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્ગલદ્રવ્યના સંયોગથી...**' કર્મની વાત કરી. એનાથી જનિત પોતામાં રાગ વિકલ્પ પુણ્ય દયા, દાન આદિ ભાવ એણે કદી ગ્રહણ કર્યો જ નથી આત્માએ. આહા..હા..!

**શ્રોતા** :- ... દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકલ્પ નહિ, વિકલ્પ નહિ. એ સ્વભાવમાં ગયો એ વાત નથી. દાન-બાન દેવાનો વિકલ્પ એ આત્મામાં નથી.

**શ્રોતા** :- ... જેમ વિકલ્પ ઉઠતો હોય... પર પદાર્થનું દાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દાન બાન દેતા નથી. એ પણ નહિ. અહીંયાં તો બીજી વાત છે. પોતાનો દાનસ્વરૂપ આત્મામાં ગુણ ત્રિકાળ છે. શાશ્વત એ ગુણ છે. એને અંતર જોતા એકાકાર થાય છે તો પર્યાયમાં અનંત આનંદનું દાન પોતામાં થાય છે. સ્વાર્થી છે સ્વાર્થી. કહ્યું હતુંને પંડિતજી! સ્વાર્થી-સ્વાર્થી. સાચો સ્વાર્થી છે. જૂના માણસ ઠીક કહે. વૃદ્ધ ઠીક છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અંતરાયકર્મની...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંતરાયકર્મ-ફંતરાયકર્મ આત્મામાં છે જ નહિ.

**શ્રોતા** :- નાશ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નાશ પણ નથી. અહીંયાં તો પર્યાયની વાત છે. આ તો વસ્તુના સ્વભાવમાં અલ્પજ્ઞાન આદિ રાગાદિ જેણે પકડ્યો જ નથી. કર્મની તો વાત જ શું? અહીંયાં તો ભગવાન ધ્રુવસ્વભાવ નિત્ય અભેદ એકરૂપ સ્વભાવ પોતાનો ભાવ છોડ્યો નહિ અને વિકલ્પને કદી પકડ્યો નથી. શું પકડે? સામાન્ય સ્વભાવ એક સમયની પર્યાયને પણ પકડતા નથી, એક સમયરૂપ થતા નથી. તો રાગને પકડે એ વસ્તુમાં છે નહિ.

**શ્રોતા** :- અપના છોડા નહીં ઔર દૂસરે કા લિયા નહીં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લે કોણ? લે કોણ અને દે કોણ? માન્યતા ભ્રમ હતો અજ્ઞાનીનો કે હું રાગમય થઈ ગયો અને હું રાગ છોડું છું. શું છે?

**શ્રોતા** :- વજનારાચ સંહનનની વાત આવે છે એમ દાન, લોભ, ભોગ, ઉપભોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો છે નહિ કાંઈ. એ તો પોતામાં દાન, ભોગ આદિ અનુભવ અંદરમાં પોતામાં ગુણ પડ્યો છે. અભેદ ભેદ પડ્યો છે દાન, લાભ, ભોગ, સ્વભાવ કાયમનો શાશ્વત. આ એમાં એકાકાર થતાં પોતામાં આનંદની અનુભૂતિ થઈ એ એણે પોતાને દાન દીધું, લાભ પોતાને થયો, ભોગ-અનુભવ થયો એનું નામ છે. બાકી બધી વાત ખોટી છે.

**શ્રોતા** :- બહારનું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહારનું શું છે? આ કોણ દઈ શકે રજકણ? આહાર કોણ દે? ત્રણકાળમાં કોઈ દઈ શકે આત્મા? સમજાણું કાંઈ? એ તો જડની પર્યાય છે. એને કારણે ખસે અને એને કારણે જાય છે. એ પરમાણુમાં અનંતગુણ નથી? રજકણ અનંતગુણ સંપન્ન નથી? અને એના ગુણની પર્યાયમાં પરિવર્તન નથી થતું? તો એને કારણે પરિવર્તન થાય છે. શું આત્મા પરનું દાન દઈ શકે છે? કદી ત્રણકાળમાં નહિ. આ તો બીજી વસ્તુ છે. નરને નારાયણ બનાવવાની ચીજ છે. નર નારાયણ છેને? આહા..હા..! નારાયણ જ છોને પ્રભુ તું. નારાયણ કદી અલ્પ-પામર થયો જ નથીને. એમ કહે છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એ અલ્પજ્ઞ અવસ્થારૂપે થયો નથી, તો રાગને ગ્રહે કઈ રીતે? આહા..હા..!

**શ્રોતા** :- મહારાજ! નરથી નારાયણ થાય છે, પણ નારાયણથી નર નથી થતો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નરથી નારાયણ... આ તો ભગવાન વસ્તુસ્વરૂપ છે એવી પૂર્ણ પરમાત્મા પોતે પૂર્ણાનંદ અખંડાનંદ અભેદ એક વસ્તુ છે, એકરૂપવસ્તુ. બસ એવી ચીજે પોતાનો ધ્રુવસ્વભાવ કદી છોડ્યો નથી અને અધ્રુવભાવને કદી પકડ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન કારણપ્રભુ આ એમાં અંતરમાં અભેદદૃષ્ટિ કરવી અને એમાં સ્થિર થવું આ એનું નામ

ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. કહો, હીરાચંદજી! હીરાલાલજી. કહો આ હીરાની વાત ચાલે છે જુઓ.

**શ્રોતા :-** એ પરમાત્મા ... એવા પરમાત્મસ્વરૂપમાં સ્થિર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ પરમાત્મા સ્વયં છે એમાં સ્થિર થાય તે પરમાત્મા.

**શ્રોતા :-** ... ભક્તિ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ નહિ. પરની ભક્તિ-ભક્તિ કાંઈ આત્મામાં છે જ નહિ. પરની ભક્તિનો વિકલ્પ આત્મામાં છે જ નહિ. એને આત્મા કહેતા જ નથી. એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્‌ગલદ્રવ્યના...'** સમજાણું? **'રાગાદિપરભાવને...'** પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. એ જડ છેને નિમિત્ત. .. કહ્યુંને? પણ એ છે જ નહિ. સ્વરૂપમાં કહ્યું. એક સમયની પર્યાયના અંશ ઉપર દૃષ્ટિ દેવાથી, ભેદદૃષ્ટિ કરવાથી એ વિકલ્પ થયો એમ દેખાય છે, વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિવંતને, અંશદૃષ્ટિવંતને, વર્તમાન દૃષ્ટિવંતને રાગ છે, સંસાર છે એવું મિથ્યાદૃષ્ટિને અંશમાં દેખાય છે. સમ્યગ્દૃષ્ટિમાં પૂર્ણાનંદ ભગવાન સંસારને કદી પકડ્યો નથી અને સંસારરૂપ થયો જ નથી. સંસારરૂપ થાય તો સંસાર છૂટે નહિ, રાગરૂપ હોય તો રાગ કદી છૂટે જ નહિ. રાગરૂપ કદી થયો જ નથી ભગવાન આત્મા. સમજાણું કાંઈ? વિભાવને ગ્રહતો નથી. ઓહો..હો..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જેણે ગ્રહ્યો જ નથીને, ભગવાન! તો વ્યવહારરત્નત્રયથી તને નિશ્ચયરત્નત્રય પ્રાપ્ત થાય એ ક્યાંથી આવ્યું? એ નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિ કારણપરમાત્માને કારણે આવે છે એમ કહે છે.

ભગવાન આત્મા કારણપ્રભુ એની અંતરદૃષ્ટિ એકાકાર હોવાથી નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિ કારણપરમાત્માના આશ્રયે થાય છે. ઇ વિકલ્પ વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય એમ ત્રણ કાળમાં નથી. એના આત્માને આત્મા કહે છે અને એ આત્મામાં સ્થિર થવું એનું નામ પ્રત્યાખ્યાન છે. એનું નામ સંસારનો અભાવ છે, એનું નામ ખરેખર ત્યાગ છે. સમજાણું કાંઈ? અને એનું નામ ચારિત્ર છે અને એ ચારિત્ર સાક્ષાત્ પૂર્ણ મુક્તિ પર્યાયનું કારણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ સુદ-૧૨, સોમવાર, તા.૩૦-૦૫-૧૯૬૬
## ગાથા-૯૭, કળશ-૧૨૯, પ્રવચન-૭૮

નિયમસાર. નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર. ૯૭ ગાથા. એનો ત્રીજો બોલ છે. '**જે કારણપરમાત્મા...**' ત્યાંથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ અભેદ એકાકાર ચૈતન્ય પ્રભુ. એ પહેલા આવ્યું. '**સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાની વિજય-ધજાને લુંટનારા, ત્રિકાળ નિરાવરણ નિરંજન, નિજપરમભાવને ક્યારે છોડતો નથી;...**' એક બોલ. કોણ? કારણપરમાત્મા. વજન ત્યાં છે. જ્ઞાયકભાવ આત્માએ કદી છોડ્યો નથી. સમજાણું કાંઈ? ભગવાન ભાવવાન ગણીને આત્માને કારણપરમાત્મા દ્રવ્ય ગણીને એનો કાયમ અસલી એકાકાર સ્વભાવભાવ એણે કદી છોડ્યો નથી. સમજાણું કાંઈ? એક.

'**પંચવિધ સંસારની વૃદ્ધિના કારણભૂત, વિભાવપુદ્‌ગલદ્રવ્યના સંયોગથી જનિત રાગાદિપરભાવને ગ્રહતો નથી;...**' કારણપરમાત્મા. કારણપ્રભુ ત્રિકાળ જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય કારણપ્રભુ એકાકારસ્વરૂપ એણે પોતાના ત્રિકાળીસ્વભાવભાવને છોડ્યો નથી અને એણે વિભાવપર્યાયને કદી પકડી નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય અને સામાન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી એ સામાન્ય ત્રિકાળસ્વભાવ એણે ભગવાન આત્માએ છોડ્યો નથી અને એ પરમાત્મસ્વરૂપે સંસારના વિકલ્પને કદી પકડ્યો નથી, ગ્રહ્યો નથી. સમજાણું કાંઈ? એણે કારણપરમાત્મા અથવા આત્મા અથવા શુદ્ધાત્મા એને કહે છે. સમજાણું કાંઈ? જરી શબ્દ તો યાદ છેને બે? ત્રીજી ગાથા. '**जाणदि पस्सदि सव्वं**' એનો અર્થ ચાલે છે. '**सो हं इदि चिंतए णाणी**' ત્રીજા પદનો અર્થ ચાલે છે. બે પદનો અર્થ આ થઈ ગયો. નિજભાવ કદી છોડ્યો નથી અને પરભાવ કોઈ દિ' ગ્રહ્યો નથી.

હવે '**નિરંજન સહજજ્ઞાન...**' ભગવાન આત્મામાં નિરંજન-નિર્મળ સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિક દૃષ્ટિ અથવા દર્શન અને દૃષ્ટિ એ બધું લઈ લેવું. સ્વભાવિકચારિત્ર, સ્વભાવિકવીર્ય, સ્વભાવિક સુખ. એવા '**સ્વભાવધર્મોના આધાર...**' એ ગુણોના કારણપરમાત્મા આધાર અને કારણપરમાત્મા '**આધેય સંબંધી વિકલ્પો રહિત,...**' પહેલા તો એમ કહ્યુંને કારણપરમાત્મા જ્ઞાયકભાવને છોડ્યો નથી. કદી રાગને પકડ્યો નથી. એવો અભેદસ્વભાવ એ દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્માએ ત્યારે એમ કહ્યું નિજભાવ છોડ્યો નથી. તો બે બોલ થઈ ગયા. બે બોલ થઈ ગયાને? એક આત્મા અને એનો ભાવ. એમ સ્પષ્ટ કર્યું

કે નિજભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ આત્માએ, કારણપ્રભુએ, સ્વભાવવાને, દ્રવ્યે પોતાનો કાયમ સ્વભાવ છોડ્યો નથી, વિકલ્પને પકડ્યા નથી. તો કહે છે કે એ ભાવ અને ભાવવાન બે તો થયાને? સમજાણું કાંઈ? તમે તો કહ્યું કે કારણપરમાત્માએ નિજભાવ.. બે ભાવ થઈ ગયા એમાં જુઓ. સમજાણું કાંઈ? કે ભગવાન વસ્તુ આધાર અને નિજભાવ, જ્ઞાયક-દર્શન-આનંદ પરિપૂર્ણભાવ આધેય, આધેય. આધારમાં આધેય એવા બે **'સંબંધી વિકલ્પો રહિત...'** આ ગુણથી અભિન્ન અથવા ગુણ ભગવાન આત્માએ ધાર્યો છે અને આધારને આધારે ગુણ રહ્યો છે એવો પણ જેમાં ભેદ નથી. સમજાણું કાંઈ?

ભાવ ભાવવાનનો એમ પહેલા સિદ્ધ કર્યું જરી. ભાવવાને ભાવ કદી છોડ્યો નથી. અને એ ભાવવાન ભગવાન જ્ઞાયકભાવવાને વિભાવને લીધો નથી. તો કહે ભાવવાન અને ભાવ એ બે તો રહ્યાને? એ પણ નહિ. ભાવવાન એ આધાર અને ભાવ એ આધેય. એવા બે **'આધાર-આધેય...'** **'સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી...'** એવો ભગવાન આત્મામાં પૂર્ણ વીરાગસ્વભાવ, અકષાયસ્વભાવ, પૂર્ણાનંદનિત્યાનંદ સ્વભાવ એ સ્વભાવ ધર્મોના આત્મા આધાર, સ્વભાવધર્મ એને આધારે રહ્યો એવા બે ભેદ પણ એમાં નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? બે **'સંબંધી વિકલ્પો રહિત,...'** એવો ભગવાન આત્મા એને અહીંયાં કારણપરમાત્મા અથવા કારણજીવ અથવા ત્રિકાળી કારણસમયસાર આત્મા કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એણે કદી લીધો જ નથી, અડ્યો જ નથી એમ કહે છે. અને નિજભાવ અને ભાવનો આધાર એવો પણ ભેદ નથી. સમજાણું કાંઈ? એવા અભેદ ભગવાન આત્મા એનો આશ્રય કરવો અથવા એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એને આશ્રય બનાવવો, મોક્ષમાર્ગને, મોક્ષમાર્ગની પર્યાયને એને આશ્રયે બનાવવો. સમજાણું કાંઈ? એ આશ્રય બનાવવાલાયક ચીજ ભેદરહિત છે. સમજાણું કાંઈ?

**'સદા મુક્ત છે...'** ભગવાન આત્મા સદા મુક્ત છે. વસ્તુ-વસ્તુ. સમજાણું કાંઈ? સ્વભાવ એક સમયની પર્યાયમાં વિકૃતભાવ અને કર્મનો સંબંધ એ તો વ્યવહાર થયો. એ તો વસ્તુમાં છે નહિ. સદા મુક્ત. લ્યો **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** ઇ ભાવબંધ અને દ્રવ્યબંધરહિત સ્વરૂપ છે. એટલે કે ભાવબંધરહિત એટલે મુક્તસ્વરૂપ છે. **'સદા મુક્ત...'** ભગવાન સદા મુક્ત આત્મા છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... સદા મુક્તસ્વરૂપ એની દૃષ્ટિ કરવી અને દૃષ્ટિમાં એનો આશ્રય કરવો એ સદ મુક્ત આત્મા છે. સમજાણું કાંઈ? એ છેને અધિકારમાં આવ્યું આજ લખ્યું હતું નહિ? બંધ અધિકારમાં નથી? જ્ઞાનનો આશ્રય આત્મા છે, દર્શનનો આશ્રય આત્મા છે. ભાઈ! નથી આવતું? એ જરી વાંચવું હતું. પહેલા મગજમાં આવ્યું હતું. પણ છતાં એમાં જે આશ્રય છે એટલે એનો અર્થ ઇ. સમજ્યાને? દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો આ આશ્રય છે, એમ. વસ્તુ ગુણગુણી અભેદ છે એ દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય આ છે. વ્યવહારનો આશ્રય પર છે. આવે છેને, ભાઈ! બંધ અધિકારમાં. ઇ જરી મગજમાં આવ્યું હતું એકફેરી વિચારમાં. પણ જોયું નહિ. મગજમાં ન આવ્યું.

શુદ્ધ આત્મા જ્ઞાન છે. કારણ કે તે જ્ઞાનનો આશ્રય છે. જરી આ એક વિચાર આવ્યો. સમજ્યા? કે શુદ્ધ જ્ઞાન ભગવાન અભેદ વસ્તુ તે જ્ઞાન છે. સમજાય છે? શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કહ્યું છે. કારણ? કે જ્ઞાનનો આશ્રય છે. શુદ્ધ આત્મા એ સમ્યગ્જ્ઞાન એનો એ આશ્રય છે. માટે તે આત્મા તેને શુદ્ધ જ્ઞાન કીધું છે. જુઓને કેવી શૈલી લીધી છે! સમજાણું? શુદ્ધ આત્મા દર્શન છે. ભગવાન આત્મા જ દર્શન છે. કેમ? કે દર્શનનો આશ્રય છે આત્મા. દર્શનનો આશ્રય છે આત્મા. સમ્યગ્દર્શનનો આશ્રય છે આત્મા. જે ગુણગુણીના ભેદરહિત વસ્તુ અભેદસ્વરૂપ તે દર્શનનો આશ્રય છે આત્મા. માટે તેને આત્માને દર્શન કહીએ છીએ. એમ કહ્યું, સમજાય છે કાંઈ? સમજાય છે? થોડું ગુજરાતી આવી જાય છે. બધું કાંઈ હિન્દી નથી આવતું એમાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેનો ગુણ અને ગુણી એવો આધાર-આધેય એવો વિકલ્પ પણ નથી. એવી ચીજ એ જ જ્ઞાન છે. એ જ જ્ઞાન છે. કેમકે સમ્યગ્જ્ઞાનની પર્યાયનો આશ્રય એ છે. આશ્રય એ છે તો બે એક થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન એ તો પરાશ્રય એ તો કહ્યુંને પહેલા? આચારાંગ આદિ શબ્દશ્રુતજ્ઞાન કારણ કે એ તો જ્ઞાનનો શબ્દશ્રુતનો આશ્રય છે. એ શબ્દશ્રુતનો આશ્રય છે, એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન એ પણ પરાશ્રય વસ્તુ છે. એ કાંઈ આત્મા આશ્રય વસ્તુ ન થઈ, જ્ઞાન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ અભેદ એને કહે છે કે અમે જ્ઞાન કહીએ છીએ. કેમ? કે એ સમ્યગ્જ્ઞાનનો એ આધાર આશ્રય છે. ઓલો ગુણગુણીનો આધાર એની અત્યારે વાત નથી અહીં. અહીં પર્યાયનો આશ્રય તે વસ્તુ છે. માટે તે જ્ઞાન આત્મા છે અને એ આત્માનું જ્ઞાન કે જ્ઞાનનો આશ્રય આત્મા છે માટે તેને જ્ઞાન કહીએ છીએ. આહા..હા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નથી. કેમકે એ આત્મા નથી. આહા..હા..! સમજાય છે?

જીવાદિ નવ પદાર્થ દર્શન છે. એ દર્શનનો આશ્રય તો પદાર્થ છે. ભગવાન આત્મા દર્શનનો આશ્રય ન થયો. સમજાય છે કાંઈ? અબંધપરિણામ અહીં તો ઇ અપેક્ષા છે. બંધ અધિકાર છેને? એટલે જે આમ આ શાસ્ત્રનો આશય જ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા એ બંધપરિણામ વસ્તુ પરાશ્રય છે. ભગવાન આત્મા એ દર્શન છે. સમ્યગ્દર્શન ભગવાન આત્મા સમ્યગ્દર્શન છે. એમ કેમ કહ્યું? કે ગુણ અને ગુણી તો અભેદ છે. એ તો અભેદ નિર્વિકલ્પ વસ્તુ છે, પણ દર્શનનો આશ્રય એ છે, આધાર એ છે, સમ્યગ્દર્શનનો આધાર એ છે. એથી તે આત્મા સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

અને શુદ્ધ આત્મા ચારિત્ર છે. લ્યો, આહા..હા..! આવી વાત થતાં. ભગવાન આત્મા જે કારણપરમાત્મા જેણે નિજભાવ કદી છોડ્યો નથી અને વિકલ્પને, ઉદયભાવને કદી ગ્રહ્યો નથી. એવો પરમસ્વભાવભાવ કારણપ્રભુ એ પોતાના સ્વરૂપને આશ્રયે ચારિત્ર છે. એનું ચારિત્ર એ આત્મા છે. ચારિત્ર એ આત્મા છે. કેમ? કે એ ચારિત્ર વીતરાગી પર્યાયનો આશ્રય ભગવાન છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર વીતરાગી ચારિત્ર પર્યાય એ વ્યવહાર વિકલ્પના આશ્રયે નથી.

આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ-વસ્તુ પૂર્ણાનંદ નિર્વાણનાથ પ્રભુ! કહે છે કે એ પોતે આત્મા ચારિત્ર છે હોં. કેમ? કે વીતરાગી પર્યાયનો આધાર, આશ્રય એ છે. અહીં તો પર્યાયનો આધાર પર્યાયવાન છે એમ કહે છે. આહા..હા..! અબંધપરિણામી ચારિત્ર, અબંધ પરિણામી સમ્યગ્જ્ઞાન-દર્શન. બંધ અધિકાર છેને? અબંધપરિણામી સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર એ અબંધસ્વભાવી આત્મા જ છે ઇ. સમજાણું કાંઈ? અબંધપરિણામી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અબંધપરિણામસ્વરૂપ એ અબંધપરિણામસ્વરૂપ, અબંધસ્વભાવસ્વરૂપ એ આત્મા જ છે. સમજાણું કાંઈ? અને ઓલો વ્યવહાર જીવનિકાય ચારિત્ર લીધું. એટલું બધું લીધું. જૈનદર્શનમાં છ કાય અનંત છેને? અનંત. જૈનનો વ્યવહાર લેવો છેને. ઓલાને તો વ્યવહાર હતો કે દિ' અજ્ઞાનીને? છ કાયના અનંત જીવ. જેનું જ્ઞાનમાં લક્ષ થયું છે અને જેમાં જરી વિકલ્પ ઉઠ્યો છે કે આ ન મરે. એ બધો પરાશ્રયભાવ છે માટે તે બંધપરિણામ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા એ ચારિત્ર છે કેમકે ચારિત્રનો આશ્રય એ વ્યવહારનો પ્રતીત છે એટલે નિષેધ છે. એ કારણે ભગવાન આત્મા તો દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો આશ્રય આ છે ત્યાં વ્યવહારનો નિષેધ થઈ જાય છે. ત્યાં વ્યવહારનો લક્ષ અને આશ્રય રહેતો નથી. એટલે નિષેધ થઈ જાય છે. પાછો વ્યવહારનય નિષેધ્ય અને નિશ્ચય નિષેધક છે. સમજાણું કાંઈ? અહીં તો ઓલા આશ્રય ઉપર જરી લક્ષ ગયું હતું તો ખ્યાલ આવ્યો. સમજાય છે?

**શ્રોતા** :- આધાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આધાર.

**શ્રોતા** :- આશ્રય કહો કે આધાર કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એક જ છેને. આહા..હા..! ભાઈ! તે પ્રભુ આત્મા છેને. પરમેશ્વર એ કારણપ્રભુ છે ભગવાન. એને આશ્રયે અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આશ્રય એ છે. સમજાય છે?

તો કહે છે કે ભગવાન **'સદા મુક્ત...'** છે. અહીં તો ઓલો અબંધસ્વભાવી લક્ષમાં આવ્યુંને? એ વસ્તુ સદા અબંધસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે. તો અબંધપરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અબંધપરિણામને આશ્રય આ છે. અબંધસ્વભાવી સદા મુક્તસ્વરૂપ અબંધપરિણામનો આશ્રય છે, અબંધપરિણામનો આશ્રય વિકલ્પ નિમિત્ત છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? પણ વસ્તુ તો વસ્તુ તો એવી હોય. મહાન પદાર્થ મોટો પ્રભુ ચૈતન્ય મહાપ્રભુ. કહે છે કે એ કારણપ્રભુ એને કહ્યા. કારણપ્રભુ, કારણપરમાત્મા કહ્યાને? કારણપ્રભુ કહો, કારણપરમેશ્વર કહો. એ કારણ પરમેશ્વર પ્રભુ કહે છે કે સદા મુક્ત. સદા મુક્ત નામ સદા અબંધસ્વરૂપી. બસ, સદા અબંધ સ્વરૂપી એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું માટે તે અબંધપરિણામનો આશ્રય મુક્ત થયો. સદા મુક્ત પ્રભુ અબંધ મોક્ષ પરિણામ, મોક્ષના માર્ગના પરિણામનો કારણ એ કારણપરમાત્મા થયો એટલે કે સદા

મુક્ત આશ્રયભૂત થયો. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આપ રજુઆત એવી કરો છોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ છે. એય..! હિંમતભાઈ! એમ કહે સમજાય છે તમે કીધું, પણ તમે એવી રજુઆત કરો ત્યારે સમજાય છેને, એમ કહે છે. વજુભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- એમાં કાંઈ ના પડાય એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના પડાય ક્યાંથી? બાપુ! આમાં વસ્તુ જ એમ છે ત્યાં બીજી રીતે લોજિકથી, ન્યાયથી વિચાર તો કરે કે નહિ? સમજાણું કાંઈ? ભગવાન આત્મા સદા મુક્તસ્વરૂપ વસ્તુ... વસ્તુ... વસ્તુ... જેમાં નિજભાવ, ત્રિકાળીભાવ સ્વભાવ કદી છોડ્યો નથી અને જેણે વિકલ્પને કદી ગ્રહ્યો નથી એવા ભગવાન કારણપરમાત્મા એ સદા મુક્ત છે એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય છે. સમજાણું કાંઈ? અથવા એને લક્ષે દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય છે. આહા..હા..! ઓલા કહે કે વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય. પ્રભુ! આમાં વ્યવહાર રહેતો જ નથી. વ્યવહાર પરદ્રવ્ય થઈ જાય છે અને સ્વદ્રવ્યના લક્ષે આ પ્રગટે એમાં પરદ્રવ્યનું લક્ષ નિષેધ થઈ જાય છે. સમજાણું કાંઈ? એણે કહ્યું કે વ્યવહાર તે પ્રતિષેધ છે, નિશ્ચય તેનો પ્રતિશેધ્ય છે. એનો અર્થ? કે જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રને આશ્રયે લક્ષ આ મળ્યું એટલે ઓલું લક્ષ રહેતું નથી. એટલે નિષેધ થઈ જાય છે એનો અર્થ એમ છે. આહા..હા..! નિષેધ કરું એમ ક્યાં છે? આ કરું એ તો વળી વિકલ્પ જ નથી. વળી કોને નિષેધ કરે? સમજાય છે કાંઈ? પ્રવિણભાઈ! છે પુસ્તક છેને? ભાવનગરથી આવ્યા છેને મહિનો વિસામો લેવા. આ વિસામો છે અંદર. સમજાણું કાંઈ?

કહે છે '**સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત...**' ઓહો..હો..! સ્વભાવિક મુક્તિરૂપી પરિણતિ. સ્ત્રી. એના સંભોગ એટલે એકાકારથી ઉત્પન્ન થતા આંદનું સ્થાનભૂત, અતીન્દ્રિય આનંદનું સ્થાનભૂત. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું સ્થાનભૂત. ભગવાન ધ્રુવ કારણપ્રભુ, કારણ નિજસ્વભાવસ્વરૂપ નિજપરમાત્મા એ મુક્તિના આનંદના સુખનું સ્થાન એ છે. એ સ્થાન છે. કોઈ બાહ્ય ક્ષેત્રે જાય અને આ મોક્ષના કેવળ મેળવીએ, ક્યાંય બહારના આધારે ડુંગરમાં, જંગલમાં જઈએ તો આનંદ મેળવીએ કે ઇ ક્યાંય બીજે સ્થાનમાં છે નહિ. સમજાય છે કાંઈ? ઇ અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય પ્રદેશી સ્વદેશમાં ભગવાન સદા મુક્તરૂપે બિરાજે છે. આહા..હા..! એને પરમપરિણતિ નિર્મળ જે કેવળજ્ઞાન અને કેવળદર્શન એવી સિદ્ધ પર્યાય એનાથી ઉત્પન્ન થયેલો પરમ આનંદ એ આનંદનું સ્થાન એ ભગવાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! બેયની વાત કરી દીધી. દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય લે અને પૂર્ણાનંદ પરમાત્મ સિદ્ધદશાનું સ્થાન-આધાર આત્મા છે. સમજાણું કાંઈ?

'**એવા કારણપરમાત્માને...**' '**સ્વભાવધર્મોના આધાર-આધેય સંબંધી વિકલ્પો રહિત સદા મુક્ત, તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન થતા સૌખ્યના સ્થાનભૂત...**' મુક્તિના

સુખનું ઘર છે. ઘર છે, આવાસ છે, નિવાસ કરવાયોગ્ય છે. સમજાય છે કાંઈ? પણ આવી ... વાત. કોઈ જગ્યાએ તો આવું. વળી કાઢી નાખ્યું એ. આવું હોય તો આવું એમ કીધું છેને. ઓલીકોર આવ્યા છેને બહાર. ઓલા આવે. અત્યારે જરી આવેને. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન નિશ્ચયથી મોક્ષનું સ્થાન આધારભૂત એવા ભગવાનને '**નિશ્ચયથી નિજ નિરાવરણ...**' એવા કારણપરમાત્માને. ધ્યાન રાખજો. એવા નિજકારણપરમાત્માને '**નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન વડે જાણે છે...**' એ અંદર નિજજ્ઞાનસ્વરૂપ ત્રિકાળી એ દ્વારા એ આત્મા જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પર્યાય નહિ હોં. આહા..હા..! '**એવા કારણપરમાત્માને...**' ભગવાન કારણસ્વભાવ નિજભાવ પૂર્ણાનંદભાવ એવા કારણપરમાત્માને અંદરમાં રહેલી જ્ઞાનશક્તિ જે '**નિજ નિરાવરણ પરમજ્ઞાન...**' '**નિશ્ચયથી નિજ નિરાવરણ પરમજ્ઞાન...**' અંદરનું. એ વડે કારણપરમાત્માને જે જ્ઞાન જાણે છે '**અને તે પ્રકારના સહજ અવલોકન વડે...**' દર્શન. '**(-સહજ નિજ નિરાવરણ પરમદર્શન વડે) દેખે છે;...**' ભગવાન પૂર્ણ જ્ઞાન... પૂર્ણ જ્ઞાન વડે કારણપરમાત્માને જાણે છે. અને સહજ સ્વભાવદર્શન વડે આત્માને દેખે છે. એ ત્રિકાળીની વાત છે. પર્યાયની વાત નથી.

**શ્રોતા :-** ચારિત્રની વાત અહીં નથી. કારણપરમાત્મા કારણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, કારણમાં એમાં ને એમાં જ્ઞાન અને દર્શન એમ એને જાણે-દેખે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે કારણસમયસાર...**' જુઓ, એમ કહ્યુંને? '**હું છું...**' સમજાણું કાંઈ? એવો કારણસમયસાર હું છું. પોતાને અંદર પૂર્ણજ્ઞાન વડે જાણવું, પૂર્ણદર્શન વડે દેખે છે એવા કારણપરમાત્મા કારણસમયસાર હું છું. '**એવી સમ્યગ્જ્ઞાનીઓને સદા ભાવના કરવી.**' જોઈએ. લ્યો, એ ભાવના પર્યાય છે. સમજાણું કાંઈ? તો શું સમ્યગ્જ્ઞાનીઓને તો પછી ચોથે, પાંચમે, છઠ્ઠે નહિ અને ઉપર આઠમે હશે આ? સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાની છે તો બધા આવી ગયા છે ત્યાં. સમજાય છે કાંઈ? સ્વરૂપાચરણનું આજે આવ્યો છે એક લેખ. ભાઈ નથી? ઓલા રામજી. શું કહેવાય ઇ? હા એ. ભાઈ! અંદર સ્વરૂપમાં... એ દાખલો આપ્યો છે. ૧૩૬ છેને કળશ? ૧૩૬ કળશમાં. એણે નાખ્યું ઠીક કર્યું છે. ઓલાએ માગ્યું છે કે તમે આધાર તો શાસ્ત્રનો આપ્યા વિના તમે સ્વરૂપાચરણ ચોથે-ચોથે કર્યા કરો છો? સમજ્યાને? ભાઈ! તમારી વાત સાચી હોં કહે એમ કરીને જરી.

**सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।**
**यस्माज्ज्ञात्वा व्यक्तिकरमिदं तत्त्वतः स्वं परं च**
**स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।**

ત્યાંથી કાઢ્યું છે. કીધું આ શું છે કહે છે જુઓ, '**स्वस्मिन्नास्ते**' '**स्वस्मिन्ना**' રહે છે અને

'**विरमति परात्सर्वतो रागयोगात्**' '**विरमति**' સમ્યગ્દૃષ્ટિ અને '**स्वस्मिन्ना**' રહે છે. '**आस्ते**' '**आस्ते**' .. સ્વરૂપાચરણ લેશે. ઠીક કાઢ્યું ભાઈએ. આ ૧૩૬ કળશ સમજ્યાને? સમજાય છે કાંઈ? '**એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે,...**' '**आस्ते**' છેને? ભાઈ! તકરાર તું શી રીતે કરે છે આતે? થોડીઘણી મીઠાશ વાપરી છે. ભાઈ! આર્સ-અનાર્સના વાંધા શું કરવા કાઢે છે, ભાઈ! વસ્તુ છે એ વસ્તુ જોને. જરી એમ કે. ... ઠીક પણ લીધું છે. આ આર્સવાંક્ય અને આ અનાર્સવાંક્ય છે. ભાઈ! આ સ્વરૂપ આત્મા છે. એ સ્વરૂપ વસ્તુ છે. આ એની દૃષ્ટિ થઈ તો એમાં કોઈ સ્થિરતા થઈ કે નહિ? અનંતાનુબંધીનો અભાવ થયો તો એ તો ચારિત્રની પ્રકૃતિ છે મોહ. તો એના અભાવમાં કાંઈક સ્થિરતા થઈ કે નહિ? અને '**स्वस्मिन्नास्ते**' લે આ દાખલો કહે. શુદ્ધતાનું આચરણ છે ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? ઠીક હવે ઇ ચાલ્યું અંદર ઠીક માહોંમાહે ચાલે છે ઇ. .. ગયું હવે અંદર.

**શ્રોતા** :- સ્વરૂપાચરણમાંથી નીકળ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે ઇ ઓલું પકડાય છે હળવે-હળવે. બે-ત્રણ દાખલા આપ્યા છે ભાઈના ..માં. સંયમનું લક્ષણ એમ કે ભાઈ! સંયમ છે એમાં સમ પડ્યું છે. સમ્યગ્દર્શન તો એકલા વ્રત-વ્રત અને ચારિત્રને પોકારે છે એમ નથી. એમ કહ્યું.

**શ્રોતા** :- ધવલમાં એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, છેને. સમ શબ્દ પડ્યો છે. સંયમ લક્ષણ જ્યાં ચાલ્યું છેને ૧૪૪ પાને. એ જરી ભૂલ થઈ ગઈ છે એને છાપવામાં. પહેલામાં ૧૫૪ પાને એમ કરીને લખ્યું છે. પણ મેં કીધું ૬૪ હશે પણ ૫૪. ૬૪માં તો આપણે ઓલું નીકળ્યું છે. ઓલું છેને સમકિતનું? ૬૪માં નથી? ૧૬૪ પાને? સમકિત અને ચારિત્રનું પ્રતિબદ્ધ કરનારું અનંતાનુબંધી. એ ૧૬૪ પાને છે. અને આ ૧૪૪માં સંયમ. સમ્યક્ તે વિપરીત એકલા વ્યવહારવ્રત આદિનો નિષેધ કરવા માટે આ સમ શબ્દ વાપર્યો છે. સંયમ-સમ્યક્પૂર્વક. આત્માના અનુભવને સમ્યક્ સ્થિરતાપૂર્વક, દૃષ્ટિપૂર્વક એમાં સ્થિરતા થવી એનું નામ ચારિત્ર છે. બાકી આ વ્રતાદિના ચારિત્રને અહીં ચારિત્ર કહેતા નથી. દ્રવ્યલિંગીએ અનંતવાર આવું કર્યું છે. એમાં લખ્યું છે હોં. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગી લખ્યું છે. એણે લખ્યું હશે કે આમાં હશે? આવ્યો હતો નહિ શબ્દ? ૧૪૪ હોં. સંયમન કરવાને સંયમ કહે છે. સંયમનું આ પ્રકારે લક્ષણ કરવાથી. જુઓ, પાઠમાં છે એ બધું. 'દ્રવ્યં ભાવચારિત્રશૂન્ય દ્રવ્યચારિત્ર સંયમ ન હોઈ શકે.' ટીકા છે વીરસેનચાર્યની. ... જ્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન નથી ત્યાં સુધી સંયમ ચારિત્ર ન હોઈ શકે. દ્રવ્યં ભાવચારિત્રશૂન્ય દ્રવ્યચારિત્ર સંયમ ન હોઈ શકે. દ્રવ્યચારિત્ર એ સંયમ જ નથી. વ્રતનો વિકલ્પ આદિ એ સંયમ જ નથી. ભગવાન આત્મા જેમાં અભેદ ચૈતન્યપ્રભુ ચારિત્રનો આશ્રય થાય અને એ આત્મા જ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એનું નામ સંયમચારિત્ર છે. વ્રતના વિકલ્પ આદિ સંયમ અને ચારિત્ર ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ? આ વીરસેનસ્વામીનું કાઢ્યું લ્યો સમજ્યાને? એમ કે આ બહુ અભ્યાસી માણસ છે. લખ્યું છે. બહુ અભ્યાસી હોય માટે આ વસ્તુ

સમજાય એમ નથી કહે. એમ લખ્યું છે થોડું. એ કાયમી વસ્તુનું શું સ્વરૂપ છે? સમજાણું?

'કેમકે સંયમ શબ્દમાં ગ્રહણ કરેલા સમ શબ્દથી એનું નિરાકરણ કર્યું છે.' ઓલું વ્યવહાર વિકલ્પનો ચારિત્ર માને એનું નિરાકરણ કર્યું છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી પ્રભુ એના આશ્રયે દર્શન-જ્ઞાન થયું અને એને આશ્રયે સ્થિરતા થઈ એને સંયમ અને ચારિત્ર કહે છે. બાકી બીજું ચારિત્ર-ફારિત્ર છે નહિ. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિનું દ્રવ્યલિંગ એ ચારિત્ર છે જ નહિ. સમ્યગ્દર્શનમાં અને એ ચારિત્રમાં એ ભાગ વ્યવહાર આવે છે વચ્ચે જરૂર. સમજાણું કાંઈ? સ્વભાવના આશ્રયના જોરથી, ઉગ્ર જોરથી જે સ્થિરતા આવી, તો એમાં વિશેષ સ્થિરતા નથી તો એ કાળે વ્યવહારચારિત્રનો વિકલ્પ વ્યવહાર હોય છે ખરો, આવે છે જરૂર, પણ એ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચારિત્ર નથી એને ચારિત્ર વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારનયનો વિષય માનવો જરૂર, આદરવો નહિ બિલકુલ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવા નિરાવરણ પરમજ્ઞાન વડે ભગવાન પોતાને જાણે છે, અવલોકે છે એ જ કારણસમયસાર હું છું. હું છું એ પરિણતિ છે. '**તે કારણસમયસાર હું છું...**' એ પરિણતિ. '**એવા સમ્યગ્જ્ઞાનીઓએ...**' સમ્યગ્જ્ઞાનીઓએ તો સમ્યગ્જ્ઞાની ચોથેથી બધા સમ્યગ્જ્ઞાની છે. સમજાણું કાંઈ? '**સદા ભાવના...**' સદા સ્વરૂપની એકતાની '**ભાવના કરવી.**' જોઈએ. સ્વરૂપ તરફની એકતા સદા હોવી જોઈએ, કરવી જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! '**એમ સમ્યગ્જ્ઞાનીઓએ...**' સમજાણું કાંઈ? '**सम्यग्ज्ञानिभिरिति**' છેને? સંસ્કૃત છેલ્લો શબ્દ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદની ખાણ પડી છે. સમજાણું કાંઈ? જે કોઠીમાં માલ હોય એ કોઠીનું કાણું ખોલતા હશેને? કોઠી-કોઠી નહિ પહેલા બહુ કોઠીયું હતી. તેલ ભરે, દાણા ભરે, બધું ઘઉંને એવું ભરતા હોં. ૫૦-૫૦ મણ, ૧૦૦-૧૦૦ મણ હોં કોઠીયું લોઢાની. ધૂળની હતી ધૂળની કોઠીયું. સાધારણ માણસને ધૂળની. ઓલાને લોઢાની. અનાજ માટે ઠંડી પડેને તો કોઠીયું હતું. ઘરદીઠ બબ્બે ત્રણ-ત્રણ ચાર કોઠીયું હતી. હવે કોઠા ક્યાં રહ્યા?

**શ્રોતા** :- કોકને દેખાડવી હોય તો પણ મુશ્કેલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મુશ્કેલ.

અહીં કહે છે કે ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શનની કોઠી છે. આ અંદર એકાગ્ર થા અને કાણું પાડ અને કાઢ અંદરથી માલ. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પ અને નિમિત્તથી માલ નહિ નીકળે. એમાં માલ છે નહિ. ભગવાન આત્મા એક સમયમાં પ્રભુ અનંત જ્ઞાન-દર્શન-આનંદથી અભેદરૂપ પ્રભુ છે. એની સમ્યગ્જ્ઞાનીઓએ સદા ભાવના કરવી જોઈએ. સદામાં કોઈ સમયે એનો આશ્રય છૂટી જાય તો દૃષ્ટિ રહેતી નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સામાન્ય સ્વરૂપ જે કારણ પ્રભુ એની સદા ભાવના, એ તરફની સામાન્યમાં વિશેષપણે ભાવના કરવી જોઈએ. સમજાણું? એ સામાન્ય તરફમાં વિશેષ કરવી જોઈએ. સદાય એના તરફનું લક્ષ ન છૂટે

એવી ભાવના કરવી જોઈએ. કોઈ સમયે પણ રાગની વિશેષતા અને પરની મુખ્યતા થઈ જાય તો દૃષ્ટિ સ્વાશ્રયની રહેતી નથી. સમજાય છે કાંઈ?

**'એવી રીતે શ્રી પૂજ્યપાદસ્વામીએ (સમાધિતંત્રમાં ૨૦માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'**

(अनुष्टुभ्)

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम्॥

અહીં તો કળશ પણ આવે છેને આપણે સમયસારનો. સમયસારમાં આવે છેને? લેવાનું નથી છોડવાનું. ઇ. આવે છે. આ બીજી રીતે નાખ્યું. આનો આધાર આપ્યો. ... આવે છે.

**'શ્લોકાર્થ :- જે અગ્રાહ્યને ગ્રહતું નથી...'** ભગવાન આત્મા પરમાનંદ પ્રભુ સ્વભાવનો આધાર પરમાત્મા પોતે આત્મા વસ્તુ **'અગ્રાહ્યને ગ્રહતું નથી...'** વ્યવહારનો વિકલ્પ આદિ દયા, દાન, વ્રતાદિનો ભાવ તો કદી એણે ગ્રહ્યા જ નથી. સમજાણું કાંઈ? એવો પ્રભુ પરમાત્મા પોતાનો નિજસ્વભાવ એણે અગ્રાહ્યને નથી ગ્રહ્યો. વિકલ્પ અગ્રાહ્ય છે એને નથી ગ્રહતો. ઓહો..હો..! એ ગ્રહણ કરવાલાયક નથી એને ગ્રહતો નથી. રજકણને તો ક્યાંથી ગ્રહે, પણ વિકારી પર્યાય અગ્રાહ્ય છે. સમજાણું કાંઈ? પરને આશ્રયે ઉત્પન્ન થતો વ્યવહાર એ સ્વને આશ્રયે ગ્રહાતો નથી. અગ્રાહ્ય તે ગ્રહતો નથી. આહા..હા..! બહુ થોડા શબ્દમાં પૂજ્યપાદસ્વામીએ પણ સમાધિતંત્ર, આ ઇષ્ટોપદેશ જેણે સર્વાર્થસિદ્ધિની ટીકા, તત્ત્વાર્થસૂત્રની લ્યો વ્યવહારસૂત્રની ટીકા કરી. એણે આ નિશ્ચયનું તત્ત્વ બનાવ્યું. ભાઈ! નિશ્ચય નામ સત્, નિશ્ચય નામ સત્. વ્યવહાર નામ ઉપચાર અસત્. ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ અગ્રાહ્યને ગ્રહતો નથી.

**'તેમ જ ગૃહીતને (-ગ્રહેલાને, શાશ્વત સ્વભાવને) છોડતું નથી,...'** લ્યો, ખુલાસો કર્યો. .. છેને એનો આધાર આપ્યો છેને. જેણે પોતાનું જ્ઞાન-દર્શન-આનંદ પૂર્ણસ્વભાવ, શાશ્વતસ્વભાવ, શાશ્વતસ્વભાવ. ભગવાન આત્માનો શાશ્વતભાવ, શાશ્વતસ્વરૂપ એને કદી છોડ્યું નથી. કહો, સમજાણું કાંઈ? શાશ્વતભાવને છોડ્યો નથી અને અશાશ્વત વિકલ્પ આદિને ગ્રહ્યું નથી. **'સર્વને સર્વ પ્રકારે જાણે છે,...'** એ તો સર્વને સર્વ પ્રકારે. સર્વને સર્વ પ્રકારે. બધા ભેદથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભેદપણે **'સર્વને સર્વ પ્રકારે જાણે છે, તે સ્વસંવેદ્ય (તત્ત્વ) હું છું.'** એ સ્વ નામ પોતાથી વેદન કરનારો આત્મા જ હું છું. સ્વસંવેદ્ય પોતાથી. પોતાથી એટલે કે રાગથી નહિ, વ્યવહારથી નહિ, નિશ્ચયથી નહિ. પોતાનો જ્ઞાયકભાવ, ત્રિકાળ શુદ્ધભાવ, સ્વસંવેદ્ય. સ્વ નામ પોતાથી સં-પ્રત્યક્ષ રાગની અને પરની અપેક્ષા કર્યા વિના નિરપેક્ષપણે હું આત્માને, સ્વપણે સંવેદ્ય છું એ હું આત્મા છું. સમજાણું કાંઈ? **'તે સ્વસંવેદ્ય (તત્ત્વ) હું છું.'** 'तत्स्वसंवेद्यमस्म्यहम्' જુઓ, સમજાણું કાંઈ? આ તો મુનિ કહે છે. આ છઠ્ઠા ગુણસ્થાને મુનિને વિકલ્પ ઉઠે છે જ્યારે લખ્યું એ વખતે કહે છે. આઠમા ગુણસ્થાનની વાત છે આ? સમજાણું કાંઈ? જૈનદર્શન(પત્રિકા)માં એમ લખે છે બસ,

એ આમ છે, આઠમું છે, ફલાણું છે, ઢીંકણું છે. એ તમારામાં લખે છે ત્યાં ઇંદોરથી. અરે..! ભગવાન! વસ્તુ-વસ્તુના સ્વરૂપની શરૂઆત જ્યાંથી થાય છે ત્યાંથી આ ભાવ ન હોય તો પછી ઉપર ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? પહેલા નંબરે ભગવાન પ્રભુ સ્વ-સ્વ પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ આદિ ગુણ. સં નામ પ્રત્યક્ષપણે વેદનમાં આવે એવો હું આત્મા છું. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનથી વાત કરે છે. ચોથા ગુણસ્થાનથી. કરે છે પોતે છઠ્ઠે ગુણસ્થાને રહેલા મુનિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! હજી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કોને કહેવું એની ખબર નથી. થઈ ગયો ધર્મ અને થઈ ગયું ચારિત્ર અને થઈ ગઈ દીક્ષા અને વ્રત. શેઠ!

**શ્રોતા :-** કાંઈક ઢીલું તો મૂકવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ઢીલું મૂકો, ભાઈ! કે ભાઈ અત્યારે પૂર્ણ ચારિત્રની પર્યાય પ્રગટ થાય એવો કાળ નથી. એટલું ઢીલું મૂકો. કેવળજ્ઞાન પ્રગટે એવો અત્યારે કાળ નથી. એને પોતાને કારણે હોં. પરને કારણે કાળ નથી (એમ નહિ). સ્વકાળની પર્યાયમાં પુરુષાર્થ કેવળજ્ઞાન થાય એટલો કાળ બસ એટલી વાત. ઢીલું મૂકવામાં એટલું છે ઢીલું સમજો છો? ઢીલાની શું વ્યાખ્યા છે? થોડું નમતું મૂકવું લ્યોને. .. નમતું મૂકવું. આ નમતું થોડું મૂકવું એ તો એટલું છે. કે પોતાના આત્માને આશ્રયે વર્તમાન કેવળજ્ઞાન થાય એટલો પ્રયત્ન અને પુરુષાર્થ છે નહિ.

**શ્રોતા :-** મુનિની વાત ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કહે છે કે મુનિને લાયક છે, છે. એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાંઈક એમાં પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં પણ... આહા..હા..! લ્યો, આ પૂજ્યપાદસ્વામી ભગવાન કુંદકુંદાચાર્ય પછી ૩૦૦ વર્ષ પછી થયા હોં. એ કહે છે. એ તો મુનિપદે છે. નેમિચંદસિદ્ધાંતચક્રવર્તી હોય, સ્વામીકાર્તિકેય હોય સમજાણું કાંઈ? બધા મુનિ તો ભાવલિંગી સંત હતા. દિગંબર સંત એટલે ઓહો..હો..! ધર્મના ધુરંધર થાંભલા! જેમ આકાશને થાંભલા નથી એમ ભગવાન આત્માને વિકલ્પનું આલંબન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા નિરાલંબન ભગવાનને પકડીને સ્થિરતા કરી લીધી. આહા..હા..! અને દાંડી પીટીને કહે છે કે અમે જ્યાં છીએ એ પંચમ કાળ છે. રાગનું પુણ્ય બંધાશે, સ્વર્ગમાં જશે. અમે ના પાડીએ છીએ એ નહિ રે નહિ. એ સ્વર્ગ નહિ, સુખ નહિ, રાગ નહિ, પુણ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં પૂજ્યપાદસ્વામી કહે છે જુઓ, એ તો સમાધિમરણ કરીને સ્વર્ગમાં ચાલ્યા ગયા. પૂજ્યપાદસ્વામી સંત મુનિ મહા દિગંબર વનવાસી હતા. આત્માના આનંદનું વેદન કરીને દેહ છોડીને સ્વર્ગમાં ચાલ્યા ગયા. સમજાણું કાંઈ? પણ હું આવો થઈને રહ્યો છું એમ કહે છે. અહીંયાં પણ આવો થઈને રહ્યો છું અને ત્યાં પણ એવો થઈને રહીશ. આહા..હા..!

**'વળી (આ ૯૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહે છે) :-'** લ્યો બોલો એક.

**(वसंततिलका)**

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम्।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्॥१२९॥**

**'શ્લોકાર્થ :- આત્મા...'** એટલે કે એ કારણપરમાત્મા શુદ્ધસ્વભાવરૂપ ભાવ એ **'આત્મામાં...'** પોતાના સ્વરૂપ સ્વભાવમાં **'નિજ આત્મિક ગુણોથી...'** પોતાના નિજ આત્મિક સ્વભાવરૂપી ગુણોથી **'સમૃદ્ધ...'** ગુણોથી સમૃદ્ધ. સમૃદ્ધિવાળો ભગવાન છે. નિર્ધન નથી. આહા..હા..! ભગવાન પોતાના નિજગુણ સ્વભાવથી સમૃદ્ધ છે. સમજાણું કાંઈ? વીતરાગી સ્વભાવ આદિ અનંતગુણથી સમૃદ્ધ ભગવાન પરમાત્મા નિજસ્વરૂપ **'આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી...'** પોતાનો કાયમી શાશ્વત સ્વભાવથી **'સમૃદ્ધ આત્માને...'** એવા ગુણથી સમૃદ્ધ આત્માને. ઓહો..હો..! શબ્દ પણ થોડા પડે છે એમને. રાજાના વખાણ કરેને. ચારણને પાંચ રૂપિયા આપે તો કેટલા ચડાવી દે એને લ્યો, ખોટા. આ તો સાચું છે. પૂરું કહી શકાતું નથી. સાચું છે તેટલું કહી શકાતું નથી એમ કહે છે. ઓલાને ખોટું એક રૂપિયો આપે તો વિક્રમભુપ જાવ. એક હતી. વાવડી નહિ તમારી છેને? ચોરે ઉતર્યા હતા. તમારા સામું છેને મામાનું ઘર. મામા કે મામાના દીકરા. એ જોડે એક વાત કરતા હતા કોક કે એક ચારણ આવ્યો હતો અને અહીં કોઈકે એક આપ્યો તો વિક્રમભુપની ઉપમા. ચડાવી દીધો. શું પણ ત્યાં કાંઈ પૈસા બેસે છે? એમ નથી. આ તો પૂરું છે તેનું કહી શકાતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા **'એક પંચમભાવને--જાણે છે અને દેખે છે;...'** જુઓ, ભાષા જુઓ. જાણવા-દેખવાનું પાઠમાં છેને. એ તો પંચમભાવ ભગવાન આત્મા એને જાણે અને દેખે છે. **'તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ...'** એ અંદર ત્રિકાળી જ્ઞાન અને ત્રિકાળી દર્શન એ પંચમભાવને જાણે-દેખે એવો ભગવાન આત્મા સ્વભાવિક એક પંચમભાવ ત્રિકાળીભાવ... ત્રિકાળીભાવ... ત્રિકાળીસ્વભાવ એણે છોડ્યો નથી. કદી પંચમ સ્વભાવને એણે છોડ્યો નથી. ભગવાન ભાવવાન આ કારણ આત્મા એણે પંચમભાવ સ્વભાવને કદી છોડ્યો નથી **'અને અન્ય એવા પરભાવને...'** અન્ય એવા પરભાવને **'કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...'** જુઓ, એ વિકલ્પ આદિ બધા પૌદ્ગલિક વિકાર છે, એ આત્માનું સ્વરૂપ છે નહિ. પુદ્ગલની વિકારી પર્યાય છે એ બધી. **'પરભાવને...'** વ્યાખ્યા કરી એ તો. **'અન્ય એવા પરભાવને...'** કેવા પરભાવ? **'કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે...'** ખરેખર વિકલ્પ જે છે શુભ-અશુભભાવ બધો પૌદ્ગલિક વિકાર

છે. ભગવાન ચૈતન્યબિંબને એણે કદી ગ્રહ્યો નથી. **'એ ગ્રહતો નથી જ.'** ભગવાન કદી એને ગ્રહતો નથી. ત્રણકાળ, ત્રણલોકને એણે વિકલ્પને-વિભાવને કદી ગ્રહ્યો નથી. ઓહો..હો..! ભગવાન આત્મા કારણપ્રભુ જેણે અંતરદૃષ્ટિ જ્ઞાનનો આશ્રય બનાવ્યો એ આત્માએ પોતાનો નિજભાવને છોડ્યો નથી, વિકલ્પને ગ્રહ્યો નથી, એવું દૃષ્ટિ-જ્ઞાનમાં આવ્યું એ ધર્મી જીવ વ્યવહારથી મુક્ત છે. એ પરમાત્મસ્વભાવ જેણે વ્યવહારને ગ્રહ્યો નથી. સમજાણું કાંઈ? ત્રિકાળી જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એણે વિકલ્પને ગ્રહ્યો નથી એવા દૃષ્ટિવંત, એની દૃષ્ટિવંત એણે પણ વેપાર પોતાની પર્યાયમાં કદી એકત્વ કર્યું નથી. વ્યવહારથી મુક્તિ, નિશ્ચયમાં લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ પૂર્ણ સ્વભાવનો પિંડ એણે પોતાનો ભાવ છોડ્યો નથી અને વિકલ્પને ગ્રહ્યો નથી. એનો અર્થ? એવા ભાવની જ્યાં દૃષ્ટિ થઈ, એવા પદાર્થની સમ્યગ્દૃષ્ટિ થઈ એ સમ્યગ્દર્શને આ એનો આશ્રય લીધો અને રાગથી મુક્ત છે એ. સમજાણું કાંઈ? જેમ સદા મુક્તસ્વરૂપ છે એમ દૃષ્ટિવંત સદા વ્યવહારથી મુક્ત છે. આહા..હા..!

વ્યવહાર હોય... વ્યવહાર હોય.. હાલી નીકળ્યા. પણ કોણે ના પાડી? પંડિતજી! સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. બિલકુલ? ઠીક લાગે. ડોસા પણ ઠીક. આવા ડોસા હોય કાંઈ વૃદ્ધ? એક વૃદ્ધ માણસ નીકળ્યા. અલવરમાં નીકળ્યા એક. વસ્તુ એવી છેને. વસ્તુ એવી છે એમાં. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરવાનું નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જેવા ગુણથી સમૃદ્ધ ભગવાન આત્મા છે એવા દૃષ્ટિ અને ગુણની સમૃદ્ધિનો જ્યાં આશ્રય લીધો વિકલ્પથી મુક્ત છે. એમાં છે જ નહિ વ્યવહાર. નિશ્ચયમાં એણે રાગ ગ્રહ્યો નથી એમ દૃષ્ટિવંતે રાગ પોતામાં લીધો જ નથી. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? એ પરદ્રવ્યરૂપ રહી ગયું. સમજાણું કાંઈ? એ સ્વનું જ્ઞાન કરવાથી .. છે એટલું જ્ઞાનમાં રહી ગયું બસ, આદર-ફાદર છે નહિ. સમજાણું? અને એ છે તો નિશ્ચય છે એમ નથી. સમજાણું કાંઈ? એવા **'પૌદ્ગલિક વિકાર છે તેને એ ગ્રહતો નથી...'** ભગવાન સમ્યગ્દર્શનથી આત્માની જ્યાં પક્કડ કરી એ દૃષ્ટિ વિકારને કદી પકડતી નથી. પોતામાં મેળવતી નથી. આહા..હા..! કહો, રતિભાઈ! ૧૩૦.

**(शार्दूलविक्रीडित)**

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम्।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने॥१३०॥**

વાહ! જ્યાં અમૃતના ભોજન હોય ત્યાં બીજા ભોજન શું કરે? આહા..હા..! જ્યાં મીઠી કેરીયું મળતી હોય એ ધૂળને કોણ ચાટે? એ આવે છેને .. બાકી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'શ્લોકાર્થ :- અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને...'** શું કહે છે? આ રાગની પક્કડ કરવાથી તો શરીર મળે છે. અથવા રાગ-દ્વેષ કલહ મળે છે. આહા..હા..! **'અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી...'** વિકલ્પનો આગ્રહ કરવાથી આ મારું છે, રાગ મારો છે, પુણ્ય મારું છે. એવો આગ્રહ કરવાથી થતા વિગ્રહને, ક્લેશને અને શરીરને **'છોડને,...'** આહા..હા..! સમજાણું કાંઈ? એ શરીર-શરીરની ક્રિયા પણ નહિ, એ રાગાદિ ક્લેશ નહિ. બેય નથી. મારામાં બેય નથી. સમજાણું કાંઈ? **'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે...'** લાંબી વાત છે હોં થોડી. વિશુદ્ધ-પૂર્ણ સહજજ્ઞાનાનંદસ્વરૂપ સુખ. ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ સુખની પ્રાપ્તિ અર્થે **'મારું આ નિજ અંતર મારામાં-ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે...'** આહા..હા..! મારા દર્શનમાં ચિંતામણિ રત્ન આવી ગયું કહે છે.

**શ્રોતા :-** નિરંતર લાગ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો નિરંતર હું એમાં લાગ્યો છું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** છઠ્ઠે નિરંતર લાગે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોથેથી નિરંતર છે. સ્થિરતા ઓછી છે. .. ક્યાં વાત છે? આહા..હા..! પોતામાં આનંદ છે ત્યાં રાગમાં આનંદ ભાસે ક્યાંથી? પકડે ક્યાંથી? એવા સ્વરૂપની આનંદ દૃષ્ટિમાં પરનો આનંદ છૂટી ગયો છે. પરમાં સુખ છે એ બુદ્ધિ છૂટી ગઈ છે. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૧૨, મંગળવાર, તા.૩૧-૦૫-૧૯૬૬

## કળશ-૧૩૦ થી ૧૩૨, પ્રવચન-૭૯

એની ૯૭મી ગાથા ચાલે છે. એનો કળશ છે ૧૩૦. પાનું-૧૮૭. નીચે છે નીચે. ૧૮૭. શું કહે છે જુઓ, પોતાનું શુદ્ધ પરમાત્મસ્વરૂપ જે આત્મા એનો અનુભવ ધર્મ કેમ થાય એની વાત ચાલે છે. અથવા સાચું ચારિત્ર શું છે અને સાચું નિશ્ચય પરમાર્થ-પ્રતિક્રમણ શું છે એ વાત ચાલે છે. તો કહે છે કે ધર્મી જીવ **'અન્ય દ્રવ્યનો આગ્રહ કરવાથી ઉત્પન્ન થતા આ વિગ્રહને હવે છોડીને,...'** શરીર, વાણી, પુણ્ય-પાપના ભાવ એ પુણ્ય-પાપનો ભાવ એ વિકાર છે. આત્માની દશામાં શુભ-અશુભભાવ છે એ વિકાર છે. કર્મ, શરીર એ ભિન્ન છે. એ બધાનો આગ્રહ છોડીને કે આ મારું નથી અને હું એનો નથી. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આત્મા સુખધામ એ સિવાય

શુભ-અશુભરાગ કર્મના શરીરનો આગ્રહ છોડી **'વિગ્રહને હવે છોડીને,...'** વિગ્રહ શબ્દે રાગ-દ્વેષાદિ ક્લેશ અને શરીર. બેનું લક્ષ છોડીને **'વિશુદ્ધ-પૂર્ણ-સહજજ્ઞાનાત્મક સૌખ્યની પ્રાપ્તિ અર્થે,...'** પોતાનો આત્મા પૂર્ણ સહજાત્મસ્વરૂપ આનંદ એની પ્રાપ્તિ અર્થે.

**'મારું નિજ અંતર મારામાં-ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** શું કહે છે? ધર્મ કરનાર જીવને પોતાનો અતીન્દ્રિય આનંદ, પોતાના સ્વભાવમાં ભાસે છે. સમજાણું કાંઈ? આત્મા આનંદમૂર્તિ છે. જેમ સિદ્ધ ભગવાનમાં આનંદ છે એવો આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. ધર્મીની અતીન્દ્રિય આનંદની રુચિ અને દૃષ્ટિ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય આનંદકંદ ઘન આત્મા છે એ પુણ્ય-પાપના શુભ-અશુભરાગથી ભિન્ન, પોતાના પૂર્ણ સ્વભાવથી ભગવાન આત્મા અભિન્ન. એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી આત્મામાં આનંદ છે એવી રુચિ અને પ્રગટ આનંદનો સ્વાદ આવી ગયો છે. પ્રવિણભાઈ! આરેરે..! ભારે! એ કારણે ધર્મીના આનંદના સ્વાદમાં ચિત્ત લાગ્યું છે. સમજાણું કાંઈ? આ શરીર, વાણી, ભોગ જડ તો ક્યાં રહ્યા પૈસા અને ધૂળ. ચીમનભાઈ!

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્યાં રહી ગયા પૈસા ધૂળ ધમાહા. એય..! મલૂપચંદભાઈ!

**શ્રોતા :-** એની જ મોટપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની જ અજ્ઞાનીને મૂઢતા અને મોટપ છે. મૂઢ જીવ લક્ષ્મી, શરીર, સ્ત્રી, કુટુંબ એમાં સુખ છે એવો મૂઢ, અધર્મી, મિથ્યાદૃષ્ટિ અસત્‌નો આદર કરનાર માને છે. કહો, સમજાણું કાંઈ? શું છે? હરિભાઈ! શું છે? એમ જ છે? આ બધા પૈસાવાળા બેઠા જુઓ. એના ભાઈ પૈસાવાળા છે, આનો દીકરો છે, આ પોતે છે. આ બધા પૈસાવાળા છોને બધા ધૂળવાળા અને મમતાવાળા. સમજાણું કાંઈ? ધર્મ જેને કહીએ અને ધર્મ જેને કરવો છે. બહુ ટૂંકામાં તત્ત્વ સુખના અભિલાષી, ધર્મના અભિલાષી એને કહીએ અતીન્દ્રિય આનંદના અભિલાષી. જેને ધર્મ કરવો છે એ અતીન્દ્રિય આનંદનો અભિલાષી છે. આહા..હા..! ભગવાન આત્મા સુખામૃતનો પિંડ એ **'ચૈતન્યમાત્ર-ચિંતામણિમાં નિરંતર લાગ્યું છે....'** મન. ધર્મીની દૃષ્ટિ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એમાં ચિત્ત લાગ્યું છે. ધર્મીની દૃષ્ટિમાં પુણ્ય-પાપના ભાવમાં પણ ચિત્ત લાગ્યું નથી, તો બાહ્યની ચીજમાં એનું ચિત્ત લાગ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિરંતર લાગ્યું છે તેમાં આશ્ચર્ય નથી,...'** આશ્ચર્ય શું? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની શીલા પડી છે એવું જ્યાં અંતરમાં બોધ સમ્યગ્જ્ઞાન થયું તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં આવ્યો. ધર્મીનું ચિત્ત ત્યાં જ લાગ્યું છે. શુભાશુભરાગ હોય કે સંયોગમાં દેખાતો હોય છતાં ધર્મીનું ચિત્ત તો અતીન્દ્રિય આનંદ આ છે એનો અનુભવ સ્વાદ લેવામાં લાગ્યું છે. આહા..હા..! કહો, એનું નામ ધર્મ. ધર્મ એવો નથી કે લ્યો બહારની ક્રિયા કરી, આમ પડિક્કમણા

કરી ને સામાયિક કરી ને ધૂળ કરી.

**શ્રોતા** :- ધૂળ કરી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળ કરી. શું કર્યું? સમજાણું કાંઈ? પાંચ-દસ હજારનું દાન દીધું અને બે-ચાર મંદિર બનાવી દીધા અને સમજાણું? આ શેત્રુંજય છેને ત્યાં બહુ લખાણ આવ્યું છે એક કાંઈક. આવા આટલા દાન કરીએ છીએ, ઢેબરા ખવરાવીએ, દૂધ ખવરાવીએ, દહીં ખવરાવીએ છીએ. .. કાલે આવ્યું હતું મોટું. આમ ખવરાવીએ... આમ ખવરાવીએ... આમ ખવરાવીએ... એમાં જાણે ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી સાંભળને. ધર્મ પોતાનો આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ આત્મા છે. એ બધાથી ખસીને પુણ્ય-પાપના ભાવની રુચિ છોડીને, એના ફળની રુચિ છોડીને, દીધા-લીધાની ક્રિયાનો હું સ્વામી નથી એવી દૃષ્ટિ છોડીને પોતાનો જ્ઞાનાનંદ ચૈતન્ય ભગવાન એમાં દૃષ્ટિ લાગી છે તો કહે છે કે અમારું ચિત્ત આનંદમાં રહે, એવું ચિત્ત લાગ્યું એમાં આશ્ચર્ય શું? એમાં આશ્ચર્ય શું? જ્યાં જરૂરિયાતનો આનંદ જોયો ત્યાં ચિત્ત રહે એમાં આશ્ચર્ય શું? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માખી જેવું જનાવર પણ એ ફટકડીનો સ્વાદ લઈને સાકરના સ્વાદ ઉપર આવી તો એની પાંખ સાકરની ભીનાશમાં ચોંટી જાય. સાકર પડે તો એની પાંખ પણ પક્કડમાં આવે. સ્વાદની મારી માખી ઉડે નહિ. સ્વાદિષ્ટ લાગ્યું છે તો ઉડતી નથી. ચિત્ત લાગ્યું છે સાકરની મીઠાશમાં. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની સાકરની મીઠાશનો પિંડ છે આત્મા. આહા..!

શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ, હિંસા, જૂઠું, ચોરી આદિનો ભાવ એ બેય દુઃખરૂપ ઝેર અમૃતથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો કહે! એમ કહે કેટલાક. કાઢ્યો ક્યાં ભગવાન! તે સાંભળ્યું નથી એટલે? બિલ્લી બચ્ચાને સાત-સાત દિવસ સુધી ફેરવે પછી આંખ આવે ત્યારે આહા..હા..! આ તો નવું છે. નવું નથી. એ તો પૃથ્વી તો પહેલાથી છે. તારી આંખ ખુલી એટલે દેખાણું કે ઓહો..હો..! એમ આત્મા પુણ્ય અને પાપને ધર્મ માનીને કરતો હતો અને શરીરની ક્રિયા અને જડની ક્રિયા મારી છે એમ માનતો હતો એ મિથ્યાત્વભાવમાં ચૈતન્ય શું છે એ ચૈતન્યની સૃષ્ટિનો ખ્યાલ નહોતો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સમ્યગ્દર્શન થતાં જ, પછી ચાહે તો દેડકો-મંડુક હોય, ચાહે મગરમચ્છ એક હજાર યોજનના હોય, સમજાણું કાંઈ? ચાહે તો સાધુ, ત્યાગી હોય અને શ્રાવક નામ ધરાવનારા સાચા હોં. બહારના આ શ્રાવક-ફાવક કહે છે એ નહિ. આહા..હા..! અતીન્દ્રિય આનંદની જ્યાં રુચિ જામી ગઈ છે તો એમાં આનંદમાં ચિત્ત લાગે તો આશ્ચર્ય શું છે? સમજાણું કાંઈ?

‘**કારણ કે અમૃતભોજનજનિત સ્વાદને જાણીને...**’ જુઓ. ‘**દેવોને...**’ દેવ હોય છેને સ્વર્ગના દેવ એને હજાર વર્ષે આહારની ઇચ્છા થાય છે. કંઠમાંથી અમૃત ઝરે છે. અમી કહે છેને અમી? આ થુંકમાં અમી કહે છેને? એને તો અમૃત ઝરે છે કંઠમાંથી. એટલું મીઠું અમૃત કે એને ભોજનની

તૃપ્તિ થઈ જાય. કહે છેકે **'દેવોને...'** **'અમૃતભોજનજનિત સ્વાદને જાણીને દેવોને અન્ય ભોજનથી શું પ્રયોજન છે?'** એને લાડવા કે દાળ-ભાત કે મોસંબી પીવાની શું જરૂર છે? સમજાણું કાંઈ? તમારા મેસુબ ને લાડુ ને ચુરમાને છેને? એને તો ધૂળ દેખે છે. આહા..હા..! આ પણ અંદર ધૂળ છે, પણ એટલી મીઠાશવાળી કંઠમાંથી અમૃત ઝરે. એવું પુણ્ય બાંધીને સ્વર્ગમાં ગયા. ભોજનની ઇચ્છા થાય ત્યાં કંઠમાંથી આમ લુખ્ખુ મોઢું હોયને. મોઢું કહે છેને. તો એમાં અમી આવે છેને અમી? તો ભીનાશ-ભીનાશ બધું થઈ જાય. એમ એને કંઠમાં એવી મીઠાશ એ સમયે આવે છે કે એ સ્વાદ આગળ દેવોને આહાર-પાણી, પતરવેલિયા, શીખંડ ને રસ-પૂરીનો શું સ્વાદ લે? એમ કહે છે.

**શ્રોતા** :- કચરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કચરો છે કચરો. સમજાણું કાંઈ? અહીં તો ઓલા રસ-પૂરી અને ઘીમાં તળેલી અને સાથે પતરવેલીયું કડકડીયું. દેવોને અમૃતના ભોજનનો જ્યાં રંગ લાગ્યો, રસ લાગ્યો અંદરમાં. ધૂળનો સ્વાદ હોં. એ ધૂળનો સ્વાદ પણ અલૌકિક. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ક્ષુધા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-એ ક્ષુધા એટલે ઇ લાગે બીજું ક્યું પેટ ફરીવળે એવું કાંઈ નથી ત્યાં એને. એ તો વૈક્રિયક શરીર છે. શરીર તો એવું ને એવું રહે. જરી ક્ષુધાની ઇચ્છા હજારો વર્ષે થાય છે. સમજાણું કાંઈ? કંઠમાંથી અમૃત ઝરે. જેમ આ પાણી ઝરે અંદર. સમજાણું કાંઈ? બહુ લુખ્ખુ મોઢું હોયને. આંબલી-આંબલી રાખેને આંબલી. આંબલીના કાતરા. કાતરા સમજો છો? આંબલીના એ આટલી-આટલી આંબલી હોય છેને. એટલો હાર ચારે બાજુ રાખો અને બેસાડો તો અમી આવ્યા વિના રહે જ નહિ એને. ખાટી... ખાટી... ખાટી... એકદમ અમી આવે. એમ પુણ્યના ફળ તરીકે સ્વર્ગમાં ગયો આહારની ઇચ્છા કાળે એને કંઠમાંથી અમૃત ઝરે. છે તો ધૂળ હોં. એ ચૈતન્યનું અમૃત નથી. અહીં તો દાખલો આપ્યો છે. એ પણ પુદ્ગલ છે. પણ એટલી મીઠાશ. આ સાકર હોય છેને સાકર? શું કહે છે? સેક્રિન. કેટલા ગુણી? છસ્સો ગુણી. છસ્સો ગુણી સાકરની મીઠાશ આવે છેને? તો એ તો કેટલા ગુણી! રજકણનો એટલો સ્વાદ કહે છે કે એને દાળ, ભાત, રોટલી અને ચુરમાનો શું સ્વાદ આવે? એ તો ઉકરડા જેવું લાગે. આહા..હા..!

**'(જેમ અમૃતભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી,...'** સમજાણું કાંઈ? **'તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર-ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.)'** આહા..હા..! આ જુઓ આ નિશ્ચય પ્રતિક્રમણ! આ નિશ્ચય-સાચું ચારિત્ર! પોતાનો ભગવાન આત્મા અમૃતરસનો દરિયો, જ્ઞાનનો ભંડાર છું, સુખનો શું આવ્યું હતુંને? સુખથી હું દરિયો છું. જ્ઞાનનો હું દરિયો છું અને સુખથી હું ભરિયો છું એવો મેળ આવ્યો હતો. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું કે નહિ? શું? 'જ્ઞાનનો હું

દરિયો છું અને સુખથી હું ભરિયો છું. પરમાત્માનો પ્રકાશ છું અને પ્રકાશનો પુંજ છે.' પ્રકાશકનો પ્રકાશનો પ્રકાશક છું. ઠીક ચીમનભાઈ ઠીક શબ્દ ગોઠવી દીધા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એવા અમૃતનો રસકંદ પ્રભુ એવી જેને દૃષ્ટિ, રુચિ, સમ્યગ્દર્શન થયું. સમજાણું કાંઈ? ત્યાંથી ધર્મ શરૂ થયો. પોતાના આનંદના રસ આગળ એ બાહ્ય પુણ્ય-પાપનું ફળ, ચક્રવર્તીનું રાજ. આહા..હા..! ઓલા રાડ નાખે છેને પુણ્યને વિષ્ટા કહો છો. પંડિતજી! એ કહે છે કે પુણ્યને વિષ્ટા કહે છે. અહીંની નિંદા કરે છેને. પણ એમાં તો આવ્યું છે 'ચક્રવર્તી કી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સમ માનત હૈ સમ્યગ્જ્ઞાની લોક.' કાગનું વીટ થઈ ગયું? આ તો આ વિષ્ટાથી તો કાગડાની વિષ્ટા ખરાબ થઈ. સમજાણું કાંઈ? કહો છે એ ત્યાં ઇંદોરમાં છેને, ભાઈ! મંદિરમાં છે ઉપર લખ્યું છે. અને ઉજ્જૈનમાં પણ અમે ગયા હતા. શેઠના મંદિરમાં છે. લખ્યું છે. 'ચક્રવર્તીકી સંપદા...' ચક્રવર્તીની સંપદા? છન્નું હજાર ઇન્દ્રાણી જેવી દેવી હોં. આ તમારી નહિ ઢોકળા ખાનારી સાધારણ. રોટલી-રોટલા ખાનારી. જરી બે દિ' રોટલા ન ખાય તો આમ થઈ જાય. એની રાણીયું જેને સોળ હજાર તો દેવ સેવા કરે. ચક્રવર્તીની રાણી. સમજાણું કાંઈ? 'ચક્રવર્તીકી સંપદા અને ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્જ્ઞાની લોક.' આહા..હા..! આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્જ્ઞાની હોય તો એ ચક્રવર્તીને ઘરે રાણી થઈને જાય. ચક્રવર્તીને એ હોય છેને? ભલે બીજી હોય. પણ બીજે જાયને છન્નું હજારમાં? સમજાણું કાંઈ?

આ નહિ રે નહિ. મેં આનંદનો સ્વાદ ચૈતન્યમાં લીધો છે. આહા..હા..! હું ચૈતન્ય આનંદ અતીન્દ્રિય આનંદનો પંડિ પ્રભુ મેં જોયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં ભગવાન આત્મા દેહથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપનો વિકલ્પ જે ભાવ એ વ્રત-અવ્રતનો એનાથી ભિન્ન, અંતર અનંત આનંદથી અભિન્ન. એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની થઈ છે તો પોતાના ચૈતન્યના સ્વાદ આગળ દુનિયાનું બીજું કાંઈ દેખાતું નથી. બીજામાં એનું કોઈ ચિત્ત લાગતું નથી. આહા..હા..! 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્જ્ઞાની લોક.' પંડિતજી! તો આ કહે એય..! સોનગઢવાળાએ પુણ્યને વિષ્ટા કહી. હવે સાંભળને તારે પ્રેમ કેટલો કરવો છે? આહા..હા..! હજી તો પુણ્યના ફળ, બહારમાં ધૂળ મળે આ પાંચ, પચાસ લાખ અને બંગલા દસ-દસ લાખના. ધૂળ છે તારી સાંભળને. એનો આશ્રય કરવાથી તો રાગ અને દુઃખ ઉત્પન્ન થાય છે. ચીમનભાઈ! શું હશે? મગનભાઈ! એને છોકરો રળે છેને ત્યાં. નાખોને તમતમારે પૈસા અહીંથી ત્યાં નાખો, અહીંથી અહીંયાં નાખો. શું છે પણ? ધૂળ છે? ભારે વાત, ભાઈ!

ભગવાન આત્મા જેણે એક સમય પણ કદી અવલોકન કર્યું નથી અને પરનું જ અવલોકન કરીને એમાં સુખ-દુઃખની કલ્પના કરી રાખી હતી. સમજાણું કાંઈ? એ કલ્પનાને છોડીને ભગવાન ચિદાનંદની મૂર્તિ નિર્વિકલ્પ જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એના આનંદનો સ્વાદ લાગ્યો. ધર્મીને બીજી ચીજ કેમ ગમે? સમજાણું કાંઈ? ઓહો..હો..! કન્યા આઠ વર્ષની હોય પછી લગન થઈ જાય ચક્રવર્તીને

ઘરે પણ ભોગમાં ચિત્ત ચોંટતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પોતે મુનિ કહે છે. એવા અતીન્દ્રિય આનંદમાં જ્યાં લીન થયો એનું નામ ચારિત્ર છે, એનું નામ ચારિત્ર છે. કોઈ ક્રિયાકાંડ આવી-આવી કરવી એ કાંઈ ચારિત્ર-ફારિત્ર છે નહિ. વ્રતનો વિકલ્પ ઉઠે અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય કે આ મેં પાળી અહિંસા, ફહિંસા એ બધો વિકલ્પ છે, રાગ છે, એ ચારિત્ર નથી. ચારિત્રમાં તો અમૃતનો સ્વાદ આવે છે, દુઃખ નથી થતું. અહીં તો કહે છે કે ભાઈ! ચારિત્ર તો ખાંડાની ધાર છે. એકવાર લ્યો તો ખરા, નગ્ન થાવ તો ખરો, ઉઘાડા પગે ચાલો તો ખરા. એ તો બધી કષ્ટની વાત કરો છો તમે. એને ચારિત્ર કહેતા નથી. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગમાર્ગમાં પરમેશ્વરે, તીર્થંકરદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. એમાં આત્મામાં એક-એકમાં પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા જોયો. સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદમય આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો. જ્ઞેય કરીને જ્ઞાન થયું કહે છે કે ચિત્ત કેમ બીજે લાગે? સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! એનું નામ ધર્મ છે. આહા..હા..! ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ!

**'જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એના આનંદને જાણીને. 'માંહી પડ્યા તે મહાસુખ માને, દેખનારા તે દાઝે જોને.' એવું આવે છે ઓલામાં. 'હરિનો રે માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી એ વળતા લેવું નામ જોને. માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખનારા તે દાઝે જોને.' ધર્મી જીવ આત્માના આનંદના જ્ઞાનમાં મશગુલ છે એ લોકોએ બીજા મૂઢ જેવા કે આ તો હું લ્યો. નહિ બોલવું, નહિ સમજાવું, નહિ કહેવું લ્યો કહે અમે ધર્મી છીએ અને આનંદમાં... શેઠ! આહા..હા..! દેખનારા દાઝે મૂઢ જીવો કે લે અમે નથી અમે? હવે સાંભળને! ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ એના સ્વાદમાં જ્યાં ચિત્ત લાગ્યું. વિકલ્પ કોણ છે વસ્તુ, બોલવું, ખાવું વસ્તુ શું છે? સમજાણું કાંઈ? એમાં ધર્મીનું ચિત્ત લાગતું નથી. આનંદમાં ચિત્ત લાગ્યું સ્થિર થયો એનું નામ ભગવાન ચારિત્ર અને સાચું પ્રતિક્રમણ કહે છે. આહા..હા..! ભારે વાત આકરી કહે! ૧૩૦ થયો. ૧૩૧.

**(शार्दूलविक्रीडित)**

**निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं**
**नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम्।**
**पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना**
**प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम्।।१३१।।**

શું કહે છે? સાચું ચારિત્ર અથવા સાચું પ્રતિક્રમણ. સમજાણું કાંઈ? અથવા સાચો ધર્મ. આ પ્રત્યાખ્યાન.

**'શ્લોકાર્થ :- દ્વંદ્વરહિત,...'** ભગવાન આત્માનો સ્વભાવ **'દ્વંદ્વરહિત, ઉપદ્રવરહિત,...'** બેપણું

નહિ જેમાં. આત્માનો આનંદ અને રાગનો સ્વાદ એવું બેપણું નથી. બે દ્રવ્યનો સ્વાદ નથી જેમાં. ભગવાન આત્મા અતીન્દ્રિયનો સાગર પડ્યો છે પ્રભુ આત્મા એક-એક આત્મા એવો. એમાં **'દ્વંદ્વરહિત,...'** બીજા દ્રવ્યનો સ્પર્શ અને સંબંધ વિનાનો. **'ઉપદ્રવરહિત,...'** જેમાં કોઈ ઉપદ્રવ નથી, ક્લેશ નથી, વિઘ્ન નથી. **'ઉપમારહિત,...'** એ અતીન્દ્રિય આનંદની ઉપમા શું કહેવી? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો અનુભવ એની ઉપમા શું? **'નિત્ય, નિજ આત્માથી ઉત્પન્ન થતા,...'** એવો નિત્ય ભગવાન આત્મા દ્વંદ્વરહિત ભગવાન આત્મા એકલો આત્મા. ઉપદ્રવરહિત એ દ્રવ્યમાં શું ઉપદ્રવ છે? અને ઉપમારહિત પ્રભુ ચૈતન્ય ભગવાન આત્મા **'નિત્ય, નિજ આત્મામાં...'** નિત્ય નિજ આત્મામાં **'ઉત્પન્ન થતા,...'** કાયમી ભગવાન રહેલો ભગવાન એ નિજ આત્મા એ તો પદાર્થ થયો. હવે **'ઉત્પન્ન થતા,...'** એની અંતર સન્મુખ થઈને **'ઉત્પન્ન થતા અન્યદ્રવ્યની વિભાવનાથી, (અન્યદ્રવ્ય સંબંધી વિકલ્પો કરવાથી) નહિ ઉત્પન્ન થતા...'** શુભ-અશુભ રાગાદિ કરવાથી ઉત્પન્ન થનાર એ છે નહિ.

**'એવા આ નિર્મળ સુખામૃતને પીને...'** ઓહો..હો..! 'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે આશા...' આનંદઘનજીનું. 'જ્ઞાન સુધારસ...' જ્ઞાન સુધારસ 'આશા ઓરનકી ક્યા કીજે! ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકરુ આશા ધારી' કૂતરા જેવો માળા! જ્યાં-ત્યાં ભટક ભટકને ટૂકડા કોઈ દે, ટૂકડા દે. ભટક ભટક કોઈ મને માન આપે. મને મોટો કહે, મારા ઇન્દ્રિયને સુખ દે, કોઈ મને ભોગની સામગ્રી આપે. કૂતરાની જેમ 'ભટકત દ્વાર દ્વાર લોકનકે' જ્યાં ત્યાં મોઢું તાકે. કોઈ મને ઠીક કહે છે? શેઠ! કૂતરા સામે તાકે. કે આ મને ઠીક કહે છે? ઠીક દેખે છે? મારા કૂતરા જેવા જ્યાં ત્યાં ભટક-ભટક.

**શ્રોતા :-** .. ક્યાંય જાતો તો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં રાગ જાય છેને અંદર ભટકે છેને આમ લક્ષ? લક્ષ્મીમાંથી, સ્ત્રીમાંથી, બાયડીમાંથી, કુટુંબમાંથી, આબરૂમાંથી, અભિનંદનના પત્રમાંથી., આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાંથી, સારા બંગલા. ઠાઠ માઠ 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી.' કૂતરાની આશા ધારવી. પણ ક્ષુધારસ પીધો આત્માના આનંદમાં ખુમારી ચડે એ આનંદની પીપાસા કરતો નથી. સમજાણું કાંઈ? 'આતમ અનુભવ રસકે રસિયા ઉતરે ન કબહુ ખુમારી આશા ઓરનકી ક્યા કીજે. આતમ અનુભવ રસકે રસિયા.' ભગવાન આત્મા અતીન્દ્રિય સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થયો. 'આતમ અનુભવ રસકે રસિયા ઉતરે ન કબહુ ખુમારી આશા ઓરનકી ક્યા કીજે?' મોહનભાઈ! એ બેયને સરખું વહેંચાણું નથી. ફલાણુ... આ ભાઈને આમ પૈસા વધી ગયા, નાનાભાઈને વધી ગયા, આ કહે મોટાભાઈને વધી ગયા. એમ બેમાં વાંધા. ...ભાઈ! એકને નાના ભાઈને. ઓલાને નાનાના મોટાને, આને નાના-મોટાને. આ મોટાને દીકરા નહિ. એ ધૂળ છે કહે છે એમાં શું છે પણ? કોની આશા કરવી? ચીમનભાઈ! આહા..હા..! તારા આત્મામાં આનંદ પડ્યો છેને ત્યાં ચિત્ત

લગાવને, ભગવાન! બહારમાં કાંઈ છે નહિ. આહા..હા..! આ છોકરાવને પણ જ્યાં-ત્યાં ફિલ્મમાં સુખ હશે. એય..! પીક્ચર જોવા જાય, ફિલ્મમાં જોવા જાય, કોક જાદુગરિયો આવે તો જોવા જાય, ઢીંકણો આવે તો જોવા જાય. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે કુકર આશા ધારી.' કૂતરાને બિચારાને રોટલા જોતા હોયને રોટલી. પાંચ-દસ ઘરે બારણા બંધ હોય તો માથુ મારે ઉઘડે તો. ત્યાં ઓલો કહે કોણ ખખડાવે છે? વળી બહાર નીકળે તો એક લાકડી મારે. લાકડી મારે લ્યો રોટલા ન દે.

કહે છે, પ્રભુ! તને આત્માના રસનો રસ જ નથી. આત્માના રસનો રસ નથી. સમજાણું કાંઈ? જેણે પુણ્ય-પાપનો રસ અને પુણ્ય-પાપના ફળમાં રસ, મૂઢ, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની 'ભટકત દ્વાર દ્વાર લોકનકે.' સમજાણું કાંઈ? અહીં કહે છે ઓહો..હો..! ભગવાન! '**(-અન્યદ્રવ્યો સંબંધી વિકલ્પ કરવાથી) નહિ ઉત્પન્ન થતા,...**' પોતાની આત્માની એકાગ્રતાથી ઉત્પન્ન થતા '**નિર્મળ સુખામૃતને પીને...**' જુઓ, પીને. પીતો હશે અંદર. ચુસે કે નહિ આ શું કહેવાય તમારી? કુલ્ફી. આમ આત્મામાં આનંદ પડે છે એને ચુસે છે ધર્મી, એમ કહે છે. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ ઝેર છે. આહા..હા..! અને એ પુણ્ય-પાપનું ફળ મળે રાજી-રાજી થાય મૂઢ છો? સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે અમે તો '**નિર્મળ સુખામૃત પીને (એ સુખામૃતના સ્વાદ પાસે સુકૃત પણ દુ:ખરૂપ લાગવાથી),...**' જરી ધ્યાન રાખો. આહા..હા..! શું કહે છે? પોતાની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, દાનનો શુભભાવ એ સુકૃત પણ દુ:ખરૂપ લાગે છે. સમજાણું કાંઈ? નામ સુખ છે, (પણ વાસ્તવમાં) દુ:ખ છે. આહા..હા..! સુકૃત-શુભભાવ. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની પરિણતિ કરીને, પોતાના શુદ્ધ સ્વભાવનો આનંદ લઈને જેની પાસે એ વ્રત, મહાવ્રત એ આદિ દાન, દયા, પૂજા, ભક્તિનો શુભવિકલ્પ, શુભ-સુકૃત કે જેના આનંદ આગળ એ દુ:ખરૂપ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ શુભભાવ દુ:ખરૂપ છે. આ કહે કે અમારે ધર્મરૂપ છે. ધૂળમાંય અંશે નથી. નહિ? બિલકુલ દુ:ખ બંધનું કારણ. ચિત્ સુખનું અને અબંધનું કારણ છે નહિ. એવી દૃષ્ટિ આત્મામાં લાગી ગઈ એમ કહે છે. એ વિકલ્પ આવે છે ભૂમિકા પ્રમાણે. પણ કહે છે અહીં તો.. મુનિ એ અર્થમાંથી કાઢે છેને? ૯૭ ગાથામાંથી કાઢ્યું છે બધું. સમજાણું કાંઈ? જુઓ, '**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी॥**' ધર્મી જીવ તો પોતાનામાં જ્ઞાન-દર્શન-આનંદ ભર્યો છે એની એકાગ્રતા કરે છે. સમજાણું કાંઈ? .. સ્વાદ આવ્યો હોય. સમજયા? 'ચાખે રસ ક્યું કરી છૂટે સુરીજન સુરીજન તોરી.' કહે છે કે ભગવાન આત્માના આનંદનો સ્વાદ આવ્યો હવે સુરીજન એ દેવતા એ ટોળી આવીને કહે કે નહિ-નહિ તું માને છે એવો ધર્મ નથી. સાંભળતો ખરો. સમજાણું કાંઈ?

કહે છે જુઓ, સુકૃતના પરિણામ પણ જેણે દુ:ખરૂપ લાગે. ઇન્દ્રો પ્રશંસા કરવા આવે અને એને એમ લાગે કે આ શુભભાવ ઠીક ભક્તિ કરે છે. એ શુભભાવ થયો એને. દુ:ખરૂપ લાગે છે.

સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ જ્યાં ધર્મીને દુઃખરૂપ લાગે છે. સોળ તીર્થંકર ભાવનાનો ભાવ ધર્મીને દુઃખરૂપ લાગે છે. ગજબ વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોક પરમાત્માનો માર્ગ ત્રિલોકનાથ. જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક સમાડી દીધા સમયમાં. ત્રણકાળ એક સમયમાં સમાડી દીધા. લોકાલોકનું ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશના એક સમયમાં સમાડી દીધા. ભાવ. સમજાણું કાંઈ? એ ભગવાન ફરમાવે છે, ભાઈ! પ્રભુ! તારો સુકૃતભાવ પણ તને દુઃખરૂપ લાગવો જોઈએ અને ભગવાન આત્માના આનંદમાં શુદ્ધોપયોગમાં આનંદ છે એવું લાગવું જોઈએ. ત્યારે એનું નામ સાચું પ્રત્યાખ્યાન, સાચો ત્યાગ અને સાચું ચારિત્ર કહેવામાં આવે છે અને સાચો ધર્મ એને કહે છે. ચરિતં ખલ્લુ ધમ્મો, ધમ્મો મોહ ક્ષોભ વિહુણો પરિણામો. એ ચરિત્ર. સમજાણું કાંઈ? આ તો થોડું છોકરા, બાયડી છોડે અને નગ્ન થઈ જાય ત્યાં ઓહો..હો..! આ સાધુ થઈ ગયા. ઓહો..હો..! ભાઈ! ધૂળેય નથી સાધુ સમજતો ખરો, ભાન ન મળે તને. એવા નાગા તો કુતરા પણ ફરે છે ઘણાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુભાશુભ લાગણીના કપડારહિત ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? અજીતપ્રસાદજી! હજી તો... ભગવાન આત્મા જેમાં શરીર, કર્મ તો આડમાં દેખાય છે એ તો છે જ નહિ, પણ જેમાં શુભપરિણામ છે એ એમાં નથી. સમજાણું કાંઈ? એ શુભપરિણામની લાગણીનું કપડું છોડીને ભગવાન પૂર્ણાનંદમાં લીન થવું આ એનું નામ સાચું ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહા..હા..! રાડ નાખે ઓલા તો. અરે..! સોનગઢવાળા. સોનગઢવાળા નહિ આ તો ભગવાનનો માર્ગ આવો છે. એ પંડિતજી ભાઈ કહેતા હતા આજે બપોરે આવ્યા. આ લખું. જુઓ શાસ્ત્રમાંથી. જુઓ શાસ્ત્રમાં છે એમ લખ્યું છે, એમ કહીએ છીએ. એને વાંચન ઘણું છે. સમજાણું કાંઈ? અરે..! ભાઈ! તે જોયું નથી. તારું માહાત્મ્ય તે સાંભળ્યું નથી. આહા..હા..! કોણ છે? એક કૃત્રિમ જરી શુભરાગ હવે એ તો નિગોદના જીવને પણ આવે છે. જેનાથી મનુષ્યપણું મળે એવો શુભભાવ નથી આવતો? તો એમાં શું આવ્યું? સમજાણું કાંઈ? એમાં આત્મા ક્યાં આવ્યો?

**શ્રોતા** :- ગતિ આવી એમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગતિ અને ભવ આવ્યો. ભગવાન આત્મા 'નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.' શ્રીમદ્ કહે છેને. 'નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.' આહા..હા..! જુઓને થોડી નાની ઉંમરમાં કેટલા સબ્દો કહે છે! ભગવાનનો પંથ ભવ અંતનો ઉપાય છે. ભવના અંતનો ઉપાય તેને વીતરાગમાર્ગ, પરમેશ્વરનો માર્ગ કહીએ. જેમાં ભવ મળે એ પરમેશ્વરનો માર્ગ છે? સમજાણું કાંઈ?

જુઓ, અહીં કહે છે. એ સુખ કહ્યું અહીંયાં. કે '**એવા આ નિર્મળ સુખામૃતને પીને જે જીવ સુકૃતાત્મક છે...**' જુઓ, નીચે કર્યું. '**સુકૃતવાળો;...**' સુકૃતવાળો '**શુભકૃત્યવાળો; પુણ્યકર્મવાળો; શુભભાવવાળો.**' લ્યો. સમજાણું કાંઈ? '**તે હવે એ સુકૃતને પણ છોડીને...**' આહા..હા..! '**(-એ**

**સુખામૃતના સ્વાદ પાસે સુકૃત પણ દુઃખરૂપ લાગવાથી.)'** ભગવાન આત્મા. સમજાણું કાંઈ? આ ઉનાળામાં જુઓને તરબુચ નથી હોતા? તરબુચ કહે છેને શું કહે છે? શું કહે છે? તરબુચ. અધમણ-અધમણ. આવા અધમણ-અધમણ હોં લાલ ઘુમ જેવા. ધોળી ચામડી થોડી હોય. લીલી થોડી હોય અને ધોળી બહુ. તરબુચ આવા અધમણ-અધમણ હોં મોટા. છરી મારી. એક સાથે કાઢે ડગળી હોં. મોટું આવડા અધમણ હોયને અધમણ? આહા..હા..! ડગળી અને લાલચોળ... લાલચોળ... કોઈ કોઈ બીજ અંદર હોય. પણ લાલચોળ આમ અંદરથી. અને બીજ કાઢીને આમ ખાય. એ જાણે તો મેસુબ-ફેસુબ એની પાસે કાંઈ નહિ.

**શ્રોતા** :- જોયું છે કે કલ્પના છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! બધું દેખ્યું છે અને જોયું અને ખાધું છે. અમે કાંઈ બાકી નથી રાખ્યું. બધું કર્યું છે. શું કહેવાય તમારી આ પીવાનું શું કહેવાય? બરફમાંથી નીકળેલું, આઈસ્ક્રીમ ને કુલ્ફીને બધું એકે એક વસ્તુ કરી છે. પાલેજ હતાને પાલેજ તો માલ લેવા ભરૂચ જઈએ તો બપોરે તરસ લાગી હોય તો એક કુલ્ફી પતરાની ઓલી હોયને એમાં નાખી હોય ઠંડા ગોળામાં નાખી હોય. અમારે તો ઉમરાળા ગામ છેને ત્યાં વેલા મોટા થાય તરબુચના. બહુ-બહુ પાણી બહુને. મોટા-મોટા તરબુચ હોં. આમ બહાર નીકળીએ આમ જોઈએ રસ્તામાં જુઓને નાની ઉંમરની વાત છેને. આમ બતાવે. તે દિ' તો એક રૂપિયાનું તરબુચ કહેવાય. એકરૂપિયાનું એટલે? આ અત્યારે પાંચ રૂપિયાનું એવું એક રૂપિયાનું આવડું. એમ ભગવાન આત્મા આનંદના રસથી ભરેલો છે. એમાં એક છરી એકાકાર અંદર થઈને કાઢે થોડું એના સ્વાદ આગળ બધો સ્વાદ ફીક્કો લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પોતાના આનંદ (પાસે) એ તરબુચ-ફરબુચ છે જ ક્યાં? આ તો મહાન પદાર્થ પ્રભુ અતીન્દ્રિય આનંદરસથી ઠસોઠસ ભરેલો છે ભગવાન. એવી અંતરમાં દૃષ્ટિ લગાવીને અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ એ શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા દુઃખરૂપ લાગે... દુઃખરૂપ લાગે... આહા..હા..! સમજાણું કાંઈ? તો પાપભાવ તો દુઃખરૂપ લાગે જ લાગે. આ કમાવું, ભોગને આબરૂ એ ભાવ શુભ તો દુઃખરૂપ જ છે. એની તો વાત અહીંયાં કરી જ નથી. સમજાણું કાંઈ? પણ સુકૃત જે પંચમહાવ્રતનાદિના પરિણામ મુનિને છટ્ઠે ગુણસ્થાને અઠ્યાવીશ મૂળગુણ, આવશ્યક, સામાયિક, ચોવિસંથો આદિ હોય છેને. એકવાર ભોજન. વિકલ્પ છે સુકૃતનો શુભરાગ. પુણ્યબંધ કરનાર. શુભભાવવાળો, પુણ્ય કર્મફળવાળો, શુભકૃત્યવાળો, સુકૃતવાળો અને દુઃખરૂપ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર આવે છે પણ સમ્યગ્દૃષ્ટિને દુઃખરૂપ લાગે છે એમ કહે છે.

**શ્રોતા** :- સંવર-નિર્જરા થાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય સંવર-નિર્જરા હોય નહિ. ધૂળેય સારી નહિ બંધાય સાંભળને.

પુણ્ય પણ નહિ બંધાય એવા. જેની દૃષ્ટિ શુદ્ધ ઉપર છે ત્રિકાળમાં. શુદ્ધપરિણતિ એ જ મારો ધર્મ છે. એનો રાગ રહી જાય છે તો એના બંધમાં ઉત્કૃષ્ટ પુણ્ય બંધાશે, આદરણીય નથી. આહા..હા..! તીર્થંકરગોત્ર આદિ એને બંધાય છે જેને ઝેર લાગે છે ભાવ. આહા..હા..! ત્યાગે એને આગે. બહારની ચીજની વાત છે હોં. અંતરની વાત નથી કાંઈ. અંદરના રાગનો ત્યાગ સ્વભાવના શાંતિનો આદર એમાં એકાગ્રતા એનું નામ ચારિત્ર અને ધર્મ છે. સમજાણું કાંઈ?

કહે છે એ **'સુખામૃતને પીને...'** લે! પીને વળી એમ લીધું છે હોં. પીને. પીને એટલે? ભગવાનના આનંદના સ્વાદને લઈને શુભરાગને છોડ. એમાં શું છે? એમાં સુખ નથી, એમાં તો દુ:ખ છે. **'એ સુકૃતને પણ છોડીને અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે પ્રાપ્ત કરે છે.'** શુભવિકલ્પ છૂટી ગયો તો સ્થિરતામાં બધી અદ્વિતીય ચિંતામણિની એકાગ્રતા થઈ. ઓહો..હો..! **'અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર...'** એક અદ્વિતીય નામ અજોડ, તુલના નહિ એવો ભગવાન ચૈતન્ય પ્રભુ જાગૃત સ્વભાવરૂપ ત્રિકાળ **'ચિંતામણિને સ્ફુટપણે...'** એવો ભગવાન આત્મા ચિંતામણિને. જુઓ, ચિંતામણિ. એ ચૈતન્યચિંતામણિ મળ્યો. ચૈતન્યચિંતામણિ મળ્યો. જેટલો એકાગ્ર થાય એટલો આનંદ આવે છે. આહા..હા..! એ ચિંતામણિ હાથમાં રાખે ઇચ્છે એ પ્રમાણે મળે ધૂળ. આ તો આ ચિંતામણિ જેટલી અંતર એકાગ્રતા કરે એટલો અમૃતનો આનંદ જ આવે છે. એનું નામ સાચું પ્રત્યાખ્યાન અને સાચો ત્યાગધર્મ કહેવાય છે. જેને વ્યવહાર પણ છૂટી ગઈ અને સ્વરૂપમાં સ્થિરતા થઈ ગઈ એનું નામ યથાર્થ ત્યાગ છે. આહા..હા..! આ તો સાંભળ્યું પણ ન હોય, સાંભળ્યું પણ ન હોય. માની લીધું આમ ધર્મ થઈ ગયો, પચ્ચખાણ થઈ ગયો, ત્યાગ થઈ ગયો, આમાં આટલા દ્રવ્ય મને ખપે નહિ, આટલા પદાર્થ ખપે નહિ. આખું દ્રવ્ય ખપે નહિ એમ કહે. ભગવાન આત્મા અનંતગુણનો ધણી એ તને ખપતો નથી. આ શું? આ ભગવાન આત્માનો અનાદર કરીને જેટલો રાગ ઉત્પન્ન થાય એ .. એ બંધનું કારણ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... ઉતરી જાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધી ઉતરી ગઈ. સાચો ધર્મ નથી એની પાસે એમ. એકલો મિથ્યાત્વભાવ છે.

**'પ્રાપ્ત કરે છે.' 'અતુલ ચૈતન્યમાત્ર-ચિંતામણિને સ્ફુટપણે (-પ્રગટપણે) પ્રાપ્ત કરે છે.'** એમ કહે છે. વિશેષ દશા ચૈતન્ય ભગવાન આત્મા એમાં લીન થતાં શાંતિની... શાંતિની.. વિશેષ પ્રાપ્ત થાય છે એ પ્રગટરૂપ પરમાત્મા પર્યાયમાં આવ્યો. એને આનંદ અને શાંતિ અને ચારિત્ર કહે છે. એ ચારિત્ર મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? ૧૩૨.

**(आर्या)**

**को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्।।१३२।।**

ઓહો..! '**શ્લોકાર્થ :- ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા...**' અર્થાત્ ગુરુએ એ કહ્યું હતું. જુઓ, ભાષા કેટલી વિનયથી લે છે! '**ગુરુચરણોના સમર્ચન...**' '**સમ્યક્ અર્ચન; સમ્યક્ પૂજન; સમ્યક્ ભક્તિ.**' અર્ચન એટલે પૂજન-ભક્તિ. સમ્યક્ પૂજન એનો અર્થ? કે એણે જે કહ્યું એવું અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાનમાં લીધું. એ સમ્યક્ પ્રકારે ગુરુનું અર્ચન, પૂજન, ભક્તિ કહેવામાં આવે છે. આહા..હા..! ઇ ગુરુના ચરણના પગલા નથી અહીં લેવા એના પગ. પગ જ નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ. એવી વાત જે ગુરુએ એને કહી એવું શિષ્યે ઝીલ્યું. ઓહો..હો..! મારી ચીજ. એને કહે દેશનાલબ્ધિમાં એમ આવે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ગુરુચરણોના સમર્ચનથી...**' સમ્યક્ પ્રકારે પૂજન-ભક્તિથી '**ઉત્પન્ન થયેલા...**' લ્યો, ભક્તિથી એટલે પરના વિકલ્પથી ઉત્પન્ન થઈ? '**નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન...**' જુઓ, સમજાણું કાંઈ? નિજ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની મહિમાને જાણતો કોણ વિદ્વાન '**આ પરદ્રવ્ય મારું છે એમ કહે?**' એ અમૃતચંદ્રાચાર્યનું છે. એ રાગ મારો છે એમ કોણ કહેશે? એમ કહે છે. લ્યો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા ગુરુના ચરણની ભક્તિ કરી છેને? તો ગુરુએ એમ કહ્યું કે તારું સ્વરૂપ તો વીતરાગ પિંડ છે. એ રાગાદિ ઉત્પન્ન થાય એ તારું સ્વરૂપ નથી અને સ્વરૂપમાં છે નહિ અને સ્વરૂપથી ઉત્પન્ન થયું નથી. ભગવાન જ્ઞાનજ્યોત પ્રભુ એ તારી ચીજ છે એમ ગુરુએ કહ્યું હતું તો કહે છે કે એવી દૃષ્ટિવંત ધર્માત્માને, એવા સ્વરૂપના જાણનારને 'રાગ મારો છે' એમ કેમ કહી શકે? અથવા રાગ મારો એમ કેમ માને? વ્યવહારરત્નત્રય મારી ચીજ છે એ કેમ માને? એમ કહે છે. એ સુકૃત પરિણામ મારા છે એમ કેમ માને? આહા..હા..! ભારે વાત આકરી! ઢીલી-ઢીલી કરીને, વિપરીત કરીને એવું મૂક્યુંને લોકોને. આહા..હા..! ખુશી-ખુશી થઈ જાય બધા. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ગુરુ મહિમા તો ગુરુ ભક્તિ વડે જ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ગુરુ ભક્તિ વિના આવે જ નહિ અંદરમાં મહાગુરુ આત્મા. એ તો આવી ગયું છે નહિ ઇષ્ટોપદેશમાં? એ નિમિત્તથી કથન કર્યું.

**શ્રોતા :-** મહિમાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહિમા અંદર નિજ મહિમા આવી ત્યારે ગુરુભક્તિએ ઉત્પન્ન થયો એમ કહેવામાં આવ્યું. આહા..હા..! એ તો વ્યવહારથી સ્થાપવું છે તો અંદર સમજાવે શી રીતે? સમજાણું કાંઈ? બહારમાં તો એવું લાગે 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો...' હવે રાગ છે ઇ બધો. વાણી જડની, વિકલ્પ રાગનો. ભગવાનનો રંગ લાગ્યો એ શુભરાગ. લાગે કેવું લોકોને? આહા..હા..! રાગ છે બેય હોં. એમાં ધર્મ બિલકુલ નથી. લોકોને એમ લાગે આહા..હા..! 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો...' એય..! બાબુભાઈ!

**શ્રોતા** :- રંગ લાગ્યા પછી જ બધું થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-- 'તારી ભક્તિ કરવાનો મારો ભાવ જાગ્યો મહાવીર તારો રંગ' ભક્તિ કરવાનો ભાવ એ રાગ અને ઝેર. આ તો માર્ગ એવો છે, ભાઈ! એટલામાં રાજી થઈ જાય તો રાગનું જ અનુમોદન કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ગુરુનો મહિમા જ આ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! સમજાણું કાંઈ? 'પૂજા કરવાનો મારો ભાવ જાગ્યો' તો ઓલો કહે આહા..હા..! ભગવાનનો ભક્ત લાગે છે હોં આ. લોકોને માહાત્મ્ય ઇ આવે બહારનું હોં. કહે છે કે ભાઈ! એ 'રાગ અને રાગની ક્રિયા એ ઠીક છે, એ ઠીક છે' એમ માન્યતા જેની છે તેને ચૈતન્યના સ્વભાવનો આદર નથી. આહા..હા..! આ તો અમૃતના પ્યાલાની વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? એ ધર્માત્મા અંદર લ્યો બાવળ નીચે બેઠા હોય મુનિ. કાળા શરીર. ઉંહું.. બોલે તો જાણે કાગડા જેવી ભાષા હોય લ્યો. કંઠ જડની ક્રિયા છે. એય..! વજુભાઈ! મોઢા-બોઢા ઓલા થઈ ગયા હોય. .. આમ વાણી હોય અને ઝપટ વાગતી હોય ત્યારે કેટલી ધર્મની પ્રભાવના થાય લ્યો! કહે છે કે સાંભળતો ખરો, ભગવાન! એ વાણી જડ અને વિકલ્પ ઉઠ્યો એ જડ. એમાં પ્રભાવના-પ્રભાવના છે નહિ. સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! આ તો અલક-મલકની વાત છે. મુંબઈમાં મળે એવું નથી ત્યાં ક્યાંય હોં. ધૂળ મળે એવું છે ત્યાં.

**શ્રોતા** :- આવી વાત સાંભળવા માટે જ ગુરુની પૂજા કરી છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાવ કોનો છે? કહો, સમજાણું આમાં?

**'આ પરદ્રવ્ય મારું છે એમ કહે?'** આહા..હા..! કે આવા રાગથી આત્માને લાભ થશે, ભગવાનની ભક્તિથી આત્માને લાભ થશે, ભગવાનની પૂજાથી આત્માને લાભ થશે એમ કોણ કહે અજ્ઞાની? એમ કહે છે. આહા..હા..! કઠણ વાત જગતને સત્ય વાત સિદ્ધાંત જે સત્ય છે એ વાતની રુચિ થવી કઠણ જગતને. સમજાણું કાંઈ? એમ કોણ કહેશે? અર્થાત્ કહેશે નહિ. કહે નહિ હોં. ભાષા લીધી છે. એમ કોણ માનશે? એમ છે મૂળ તો. કહે કોણ? સમજાણું કાંઈ? **'નિજ મહિમાને જાણતો કોણ વિદ્વાન...'** એ રાગાદિ મારા છે અને મને લાભ થશે. શુભરાગથી મારા આત્માને હિત થશે. સમજાણું કાંઈ? એમ કોણ જ્ઞાની કહેશે? એટલે માનશે? કહેશે એ તો શબ્દ છે હોં. એનો અર્થ કોણ એમ માનશે? ધર્મી માનશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૯૭ ગાથા. સમજાણું કાંઈ? એ શબ્દ આવે છેને આમાં ... પછી આવશે. મારું પરદ્રવ્ય એમ કોણ કહે? ત્યાં પણ એમ ભાષા છે. ત્યાં પણ કોણ કહે? એનો અર્થ કે કોણ માને? ભગવાન અનાકુળ આનંદકંદની દૃષ્ટિમાં શુભરાગાદિને પરદ્રવ્ય એ મને લાભદાયક છે, એનાથી હિત થશે એમ કોણ માને? અજ્ઞાની માને એ તો સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ધર્મી એમ માનતા નથી. એનું નામ સાચું ચારિત્ર અને નિશ્ચય-પ્રત્યાખ્યાન કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ-૧૩, બુધવાર, તા.૦૧-૦૬-૧૯૬૬**
**ગાથા-૯૮-૯૯, કળશ-૧૩૩, પ્રવચન-૮૦**

નિયમસાર.

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।**
**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે,**
**છું તે જ હું--ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

બંધ રહિત. હિતનો અર્થ એમ કર્યોને? બંધવિત કહ્યું છેને? રહિત રહી ગયો છે. આ તો બંધવિત આત્મા. વિન? આ વિત છે. ત થઈ ગયોને બંધવિહિન આત્મા એ બરાબર છે. વીતરાગ કહેવાય છેને? વીરાગ-રાગરહિત. વીતનો અર્થ થાય છેને વીતરાગ. રાગરહિત એમ વીતનો અર્થ જ રહિત થાય છે. એટલો ફેર છે. ઓલો વીતરાગ છે. દીર્ઘ એમને? આ હ્રસ્વ છે. ઇ હળવે દઈને.

'**ટીકા :- અહીં (-આ ગાથામાં)...**' ટીકા ૯૮ની. '**બંધરહિત આત્મા ભાવવો--એવી ભવ્યને શિખામણ દીધી છે.**' ભવ્યજીવને એવી શિખામણ દીધી છે કે ભગવાન આત્મા બંધરહિત છે એવી ભાવના કરવી જોઈએ. ઓલા વાંધો ઉઠાવે છે બંધસહિત અને બંધરહિત કેમ માને છે? બંધસહિત તો નિમિત્તથી છે, વ્યવહારથી છે. સમજાણું કાંઈ? આત્મા કરણના સંબંધમાં નિમિત્ત હોવા છતાં બંધરહિત ભાવના કરવી એવી વાત છે. સમજાણું કાંઈ? હું આત્મા બંધરહિત છું.. સમજાણું કાંઈ? એવી ભાવના કરવી જોઈએ. જુઓ '**એવી ભવ્યને શિખામણ દીધી છે.**' ભવ્ય જીવને એવી શિખામણ દીધી છે. સમજાણું કાંઈ? આવી ગયું. ... ઇ જોવા ગયો હતો તમારો. ઝટ જોઈ લવ ક્યાં છે. શું કહેવાય ભાઈ? અરૂણ-અરૂણ. સાઈકલ. વજુભાઈને .. બિચારા અહીંયાં આવેને. કહો, સમજાણું કાંઈ?

જુઓ, શું કહે છે? '**શુભાશુભ મનવચનકાયસંબંધી કર્મોથી...**' કર્મો નામ કાર્ય. અહીંયાં કેટલું લીધું છે? કે આત્મામાં જે શુભ-અશુભપરિણામ થાય છે એની સાથે જે યોગ થાય છે યોગ. એ યોગને અહીંયાં શુભાશુભયોગ કહેવામાં આવ્યા છે. પરિણામ તો પછી લેશે. સમજાણું કાંઈ? શું કહે છે? કે '**શુભાશુભ મનવચનકાયસંબંધી કર્મોથી...**' કંપન્ન. જુઓ, આત્માના પ્રદેશમાં કંપન્ન-કંપન્ન થાય છેને? યોગનું કંપન્ન થાય છે. સમજાણું કાંઈ? તેથી '**પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે;...**' એનાથી તો પ્રકૃતિ અને પ્રદેશ. પ્રકૃતિ નામ કર્મનો સ્વભાવ અને પ્રદેશ નામ કર્મના

પરમાણુની સંખ્યા. એ યોગથી પ્રકૃતિ અને પ્રદેશ બંધાય છે. પહેલા બંધ સિદ્ધ કરે છે.

**'ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે;...'** એ શુભાશુભપરિણામની વાત છે. ચાર કષાયોથી ચાહે ક્રોધ હોય, માન હોય, માયા હોય, લોભ હોય, શુભ હોય કે પ્રશસ્ત કે અપ્રશસ્ત. સમજાણું કાંઈ? એ ચાર કષાયોથી કર્મમાં સ્થિતિ એટલે મુદ્દત અને અનુભાગ નામ ફળદાનશક્તિ કરવાની નિમિત્ત ત્યાં અનુભાગ પડે છે. એમ સિદ્ધ કર્યું પહેલા. સમજાણું કાંઈ? **'આ ચાર બંધો રહિત...'** લ્યો. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** આવે છેને? ભગવાન આત્મા અંતરમાં સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એ કર્મથી અબદ્ધસ્પૃષ્ટ છે. નિશ્ચયથી કર્મથી બદ્ધ અને સ્પર્શ છે નહિ. કહો, બરાબર છે? તો ના પાડે છે, તકરાર કરે છે. અરે..! પણ કર્મબંધસહિત છે અને કર્મબંધરહિત. હમણા કહો છો? હવે સાંભળતો ખરો, એ તો વ્યવહારથી નિમિત્તસંબંધ છે. સ્વભાવદૃષ્ટિએ જુઓ તો નિમિત્તસંબંધથી રહિત છે. આહા..હા..! એને અબંધ તો આમ ગોઠતું નથી. બંધાયેલ છું. બંધાયેલ જેલમાં પડ્યો તો કહે હા એ ઠીક. સમજાણું કાંઈ? દૃષ્ટાંત આપ્યું છેને એ ૧૪મી ગાથામાં. પાણીમાં કમળનું પત્તું પાણીથી જુઓ તો જાણે સંબંધરૂપ છે, પણ કમળના પાનની રૂવાંટી નીચે એવી કોરી હોય છે કે એના સ્વભાવથી જુઓ તો પાણીથી બંધ છે જ નહિ. પાણી સાથે સંબંધ જ નથી. સમજાણું કાંઈ? એનું નામ અનેકાંત છે. વ્યવહારથી બંધ છે, નિશ્ચયથી બંધ છે જ નહિ. પંડિતજી! એ વાત સત્ય છે.

**શ્રોતા :-** નિશ્ચયથી બંધ હોય તો પછી છૂટે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છૂટે કે દિ'? હા, ભારે! નિશ્ચયથી બંધ હોય તો સત્ એનું સ્વરૂપ જ થઈ ગયું. સમજાણું કાંઈ? વ્યવહારથી પરલક્ષમાં .. નિમિત્તસંબંધ છે. .. સંબંધ છે. વસ્તુદૃષ્ટિએ જુઓ તો સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ ચાર બંધો રહિત સદા નિરૂપાધિસ્વરૂપ...'** આહા..હા..! જુઓ, સમ્યગ્દૃષ્ટિ જીવ. ભવ્યને અહીં કહ્યુંને? અભવિને તો બંધરહિતની દૃષ્ટિ હોતી નથી. ભવ્યમાં લાયકાત છે. તો કહે છે કે અરે..! ભવ્ય! એ પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિબંધ જે પડ્યો છે રસબંધ આદિ એ જડમાં છે. તારો ભગવાન આત્મામાં બંધનો સંબંધ છે જ નહિ.

**શ્રોતા :-** અબદ્ધસ્પૃષ્ટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અબદ્ધસ્પૃષ્ટ છે. સમજાણું કાંઈ? એ ચાર બંધરહિત. મારી મુદ્દત કેટલી? કે ઓહો..હો..! ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ, ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ. હમણા પ્રશ્ન ઉઠ્યો હતોને. ભાઈ! આ કર્મની ૭૦ ક્રોડાક્રોડી. પ્રશ્ન થયો હતો ભાઈ અહીંયાં કે ૭૦ ક્રોડાક્રોડી બાંધે અને પછી ૭૦ ક્રોડાક્રોડી બાંધે પછી ૭૦ ક્રોડાક્રોડી બાંધે તો ઘણા વધી જાય. એવો અવકાશ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એવો અવકાશ છે જ નહિ. ભલે એક સમયે બાંધે અંતર્મુહૂર્ત. પણ પછી પણ અંતર્મુહૂર્તે ૭૦ ક્રોડાક્રોડી બાંધે એવો તો અવકાશ છે જ નહિ. એટલો અવકાશ છે જ નહિ. ૭૦

ક્રોડાક્રોડી બાંધે એટલો જ એના પરિણામમાં અવકાશ છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? ઉપરાઉપર ૭૦ ક્રોડાક્રોડી... ૭૦ ક્રોડાક્રોડી... ૭૦ ક્રોડાક્રોડી... કેટલા ગંજ થઈ જાય. ઓહો..હો..! એક ૭૦, બે ૭૦, ત્રણ ૭૦, ચાર ૭૦. એમ હોય જ નહિ. એટલો એમાં અવકાશ જ નથી. સમજાણું કાંઈ? એ પ્રશ્ન ચાલ્યો છે. શ્રીમદ્ રાજચંદ્રમાં ચાલ્યો છે. કોઈએ એવો પ્રશ્ન કર્યો હતો સમજાણું? કે ભાઈ! ૭૦ ક્રોડાક્રોડી બંધ છે. એવો પ્રશ્ન ચાલ્યો હતોને ત્યાં. એ તો અમે સાંભળતા હતા. અમને ખ્યાલમાં છે. એવો અવકાશ જ નથી ઉપરા ઉપર ૭૦ ક્રોડાક્રોડી બાંધે એવો અવકાશ જ નથી. એમાં છે હોં. ૨૭ પાનું છે. ૨૭. ૩૨૫ પત્ર છે.

'અજ્ઞાનમાં કર્મ પરિણામની પણ અમુક પ્રકૃતિ છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક જીવને મોહનીયકર્મનું બંધન થાય તો સીત્તેર ક્રોડાક્રોડી સાગરનું થાય એમ જિને કહ્યું છે. તેનો હેતુ સ્પષ્ટ છે કે જો અનંતકાળનું બંધન થતું હોય તો પછી જીવનું...' ઓલાએ પ્રશ્ન કર્યો હતો કે અનંતકાળ કર્મ હોય તો છૂટે કે દિ'? અનંતકાળ જોઈએ. કે અનંતકાળનું કર્મ છે નહિ. 'એમ બંધ હજી નિવૃત્ત ન થયો પણ લગભગ નિવર્તવા આવ્યો હોય ત્યાં વખતે બીજી એવી સ્થિતિનો સંભવ હોય, પણ એવા મોહનીયકર્મ કે જેની કાળસ્થિતિ ઉપર કહી છે એવા એક વખતે ઘણા બાંધે એમ ન બને. અનુક્રમે જો તે કર્મથી નિવૃત્ત થવા પ્રથમ .. તે સ્થિતિનું બાંધે તેમ બીજું નિવૃત્ત થતાં પ્રથમ ત્રીજું બાંધે, પણ બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું એમ સો એક મોહનીય કર્મના સંબંધમાં તે સ્થિતિનું બાંધ્યા કરે એમ બને નહિ.' એ બધા પ્રશ્ન એમાં આવ્યા હતા. 'કારણ કે જીવને એટલો અવકાશ નથી.' જીવમાં એટલો અવકાશ જ નથી કે ઉપરાઉપર બાંધે એવા જીવના સ્વભાવમાં, પર્યાયમાં એમ નથી. સમજાણું કાંઈ? એમ આયુષ્યકર્મને માટે કહ્યું છે. એમ કે આયુષ્યકર્મની સ્થિતિ પણ એક સાથે બેની બાંધે નહિ. એટલી એની યોગ્યતા એવી છે. એવી યોગ્યતા છે. પરમાણુ તો એ સમયે યોગ્યતા.. પણ એટલી યોગ્યતા નથી કે વારંવાર ઉપરાઉપરી ૭૦ ક્રોડાક્રોડી... ૭૦ ક્રોડાક્રોડી બાંધે એમ હોય નહિ. સમજાણું કાંઈ? નિહાલચંદભાઈ! આ પત્ર છે એમાં. ત્યાંના બહુ પરિચયમાં આવી ગયા છેને. કહો, સમજાણું કાંઈ? વયા ગયા લાગે છે ભાઈ તમારા દીકરા ગયા? કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જે ચૈતન્યસ્વરૂપ ભગવાન બિરાજે છે આત્મા. એને બંધના લક્ષની દૃષ્ટિ છોડીને અબંધસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરવી એ જ પોતાનો પુરુષાર્થ સમ્યક્ ચૈતન્યનો છે. સમજાણું કાંઈ? વ્યવહારથી નિમિત્તસંબંધ છે, નિશ્ચયથી સંબંધ છે નહિ. ... પુરુષાર્થની જાગૃતિ કરીને સ્વભાવસન્મુખ દૃષ્ટિ કરવી એ જ સમ્યગ્દર્શન પામવાની ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

**'આ ચાર બંધો રહિત સદા...'** સદા. **'નિરૂપાધિસ્વરૂપ...'** ભગવાન આત્મા નિરૂપાધિ કમળનો સ્વભાવ પાણીથી લેપ છે નહિ. કમળનો સ્વભાવ જુઓ કમલીનીનું તો પાણીથી લેપાતો જ નથી, એમ ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવથી જુઓ તો એ કર્મબંધન સંબંધ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો કર્મથી નિરાળો ભગવાન આત્મા છે એવું ભવ્યજીવોને પોતાના

આત્માને અબંધદષ્ટિથી, પરિણામથી આત્માને અબંધ જોવો જોઈએ. આહા..હા..! નિરંતર નિરૂપાધિસ્વરૂપ જે આત્મા **'સદા નિરૂપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું...'** સદાય ઉપાધિરહિત છે એમ. **'ચાર બંધો રહિત સદા નિરૂપાધિસ્વરૂપ...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય... નિરૂપાધિસ્વરૂપ જ ત્રિકાળ છે. નિશ્ચયથી ઉપાધિ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તે હું છું...'** નિરૂપાધિ સદા ભગવાન આત્મા એ હું છું. એવી સમ્યગ્જ્ઞાનીઓને, એવી સમ્યગ્દષ્ટિઓને, સાચા જ્ઞાનીઓને નિરંતર ભાવના કરવી જોઈએ. નિરંતર એવી ભાવના કરવી જોઈએ. લ્યો, આ આચાર્ય એમ ઉપદેશ કરે છે જુઓ, કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? હું બંધ છું... હું બંધ છું... એ તો એક જાણવાલાયક ચીજ છે, આદરવાલાયક છે નહિ. એક સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ હું અબંધ છું એ તો વિકલ્પથી સમજાવું છે. સમજાણું? પણ વસ્તુમાં તો બંધરહિતભાવ છે એ વસ્તુ પૂર્ણ નિરાળી છે. એવું અંતરમાં ધર્મી જીવને નિરંતર સ્વભાવ સન્મુખની એકાગ્રતારૂપ ભાવના કરવી જોઈએ. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે. અહીં પ્રત્યાખ્યાન છેને? સાચું પ્રત્યાખ્યાન એનું નામ છે. પોતાના આત્માને સદા નિરંતર નિરૂપાધિસ્વરૂપ અંતરમાં દેખવું-જાણવું, ભાવના કરવી એનું નામ સાચું ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? બંધ છતા અબંધ. બંધ તો પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં એટલી એક સમયની પર્યાય અને રાગ વચ્ચે એટલો સંબંધ છે. એટલો સંબંધ છે. સ્વરૂપમાં શું છે? સમજાણું કાંઈ? એ તો પર્યાયમાં જરી વિકલ્પ એક સમયનો એ વિકલ્પ કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એકલા અંશ સંબંધમાં, અંશ સંબંધમાં. વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! **'નિરંતર ભાવના કરવી.'** જોઈએ.

**'(હવે આ ૯૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'** બોલો.

**(मंदाक्रांता)**

**प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं**
**संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।**
**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे॥१३३॥**

આહા..હા..! કેટલું કહે છે જુઓ! આહા..હા..! હે સખે! એમ બોલાવ્યો છે. **'હે મિત્ર!'** આહા..હા..! ભગવાન તું આત્મા છોને, પ્રભુ! તો આત્મા **'જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...'** સમજાણું કાંઈ? ભગવાન આત્મા મુક્તિસામ્રાજ્યનું મૂળ છે. એ બંધનનું મૂળ છે નહિ. આહા..હા..! ભગવાન અબંધસ્વભાવી કહો કે મુક્તસ્વભાવિ કહો. અબંધસ્વભાવી કહો, અબંધસ્પૃષ્ટ કહો કે મુક્તસ્વરૂપ કહો. વર્તમાન હોં વર્તમાન. આહા..હા..! **'મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...'** ચક્રવર્તીનું રાજ જોવે છેને ઇન્દ્રના રાજ, અર્ધલોકના, ...ના, ઉત્તરાધના. એ તો ધૂળના રાજ કહે છે. ભગવાન

આત્મા અનંત-અનંત જેમાં ગુણ પડ્યા છે, ગુણરૂપી સામ્રાજ્ય અનંતગુણ મુક્તરૂપી સામ્રાજ્યનું એ મૂળ છે. વાહ..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક એક ગુણ મુક્ત છે. એવા અનંત ગુણનું સામ્રાજ્ય સ્વરૂપ ભગવાન મુક્તિના સામ્રાજ્યનું મૂળ છે. એમાં રાગ અને વિકાર ને કર્મથી સંબંધ એવી દૃષ્ટિથી જોવું એ સંસારનું મૂળ છે. સમજાણું કાંઈ?

**'જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે...'** સામ્રાજ્ય. આહા..હા..! જુઓ, ઓલા ચક્રવર્તીનું સામ્રાજ્ય, ઇન્દ્રનું સામ્રાજ્ય. ભગવાન આત્મા અરે..! જેનું નામ યાદ કરવાથી જેને અહીંયાં આનંદ અને ઉલ્લસીત વીર્ય થાય એના સ્વભાવનો અનુભવ કરવાથી શું છે? એમ કહે છે. આહા..હા..! ભગવાન અબંધ... અબંધ... અબંધ... અબંધ... અબંધ... અબંધ... એ દિવ્યશક્તિમાન જંજીરેથી નીકળે. રાગની એકતાની દૃષ્ટિ છે એ સ્વભાવની સામ્રાજ્યની દૃષ્ટિ કરીને મુક્તિનું મૂળ ભગવાન આત્મા જ છે. સમજાણું કાંઈ? **'એવા આ નિરૂપમ,...'** જેમાં કોઈ ઉપમા આપી શકાતી નથી. ઉપમા કોઈ હોઈ શકે જ નહિ. કોની ઉપમા આપે એને? **'સહજ પરમાનંદવાળા...'** જુઓ, ભાષા જ્ઞાન અને આનંદ બે જ લીધા છે બસ. સ્વભાવિક **'પરમાનંદવાળા ચિદ્રૂપ...'** કેવા છે ભગવાન આત્મા? પરમ અતીન્દ્રિય આનંદવાળું ચિદ્ જ્ઞાનરૂપ, પરમ અતીન્દ્રિય આનંદવાળું ચિદ્રૂપ. સમજાણું કાંઈ? એ કર્મવાળું નહિ, રાગવાળું નહિ, તો છે કેવું? સહજ પરમ આનંદ અતીન્દ્રિય આનંદ, શાંત આનંદ જે ત્રિકાળી છે એનો સ્વભાવ જ એવા **'પરમાનંદવાળા ચિદ્રૂપ...'** એવા પરમ આનંદવાળા ચિદ્રૂપ. જ્ઞાનરૂપ. **'(-ચૈતન્યના સ્વરૂપને)...'** ચિદ્રૂપનો અર્થ કર્યો. પરમાનંદવાળા ચૈતન્યસ્વરૂપને **'એકને...'** એકને. એકને. એક જ ચૈતન્ય ભગવાન પરમાનંદવાળું સ્વરૂપ છે એ મુક્તિ સામ્રાજ્યનું મૂળ છે. એ એકને બુદ્ધિમાન **'એક ડાહ્યા પુરુષોએ...'** દ્વૈતને. **'એક ડાહ્યા પુરુષોને...'** એ બુદ્ધિમાન એને કહે છે. પોતાનું મુક્તિરૂપી સામ્રાજ્યનું મૂળ ભગવાન. પરમ આનંદનું પરમ આનંદવાળા ચિદ્રૂપને એકને જ **'સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે;...'** અંતરમાં એને એકને જ આદરણીય કરવાનો છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? પોતાની જ્ઞાનપર્યાયને અંતર્મુખ કરીને એમાં જ એકતા કરવાલાયક છે. **'સમ્યક્ પ્રકારે...'** સમ્યક્ પ્રકારે એટલે કથનથી નહિ, વિકલ્પથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એક ડાહ્યા પુરુષોએ...'** પુરુષોએ નામ આત્માને. હવે પુરુષોને અને સ્ત્રીને એમ કાંઈ નથી અહીંયાં. સમજાણું કાંઈ? એ પુરુષો શબ્દે આત્મા જ છે. **'એક ડાહ્યા પુરુષોએ...'** પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધુંને પુરુષ તે આત્મા છે. બીજા કોણ ભગવાન આત્મા એ જ અનંતગુણનું સામ્રાજ્ય મૂળ પુરુષ છે. પુરુષોત્તમપુરુષ આત્મા છે. પુરુષોત્તમપુરુષ રામચંદ્રજીને કહે છે કે નહિ? આ પુરુષોત્તમપુરુષ આત્મા છે. એવું **'સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે;...'** ગ્રહવું શબ્દે જાણવાલાયક છે. એને જ જાણવાલાયક છે. જ્ઞાયકસ્વરૂપ એકાકાર છે એ પકડવાલાયક, એમાં એકાકાર થવા લાયક છે. આહા..હા..! આ મુક્તિનું પાસ થવું હોય તો આ કરવાલાયક છે એમ કહે છે. માર્ક મેળવવો

હોય. માર્ક મેળવવા શું કહે છે એય..! આ તમારે માર્ક મેળવેને માર્ક શું કહેવાય? ભણવામાં. માર્કની ખબર નથી? માર્ક-માર્ક આવે છેને. તો આ માર્ક આત્માના મુક્તિના માર્ગના માર્ક છે.

**'તેથી હે મિત્ર!'** આહા..હા..! જુઓ, મુનિ પોતે **'હે મિત્ર!'** આવને ભાઈ સાથે, કહે છે. પાઠમાં સખા છેને, ભાઈ! સખા. હે **'सखे '** આહા..હા..! સમજ્યા? ભગવંત **'सखे '** ત્રીજી લીટીમાં છે. હે સખા! આહા..હા..! સંબોધન તો જુઓ! ભવ્યને પહેલું કહ્યું તો કહે હે સખા! મારી સાથે ચાલ તો ખરો. **'તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને,...'** જુઓ, આહા..હા..! તું પણ મારા ઉપદેશનો સાર. પાછો ઉપદેશનો સાર આ છે એમ કહે છે. આખા ઉપદેશનો સાર આ છે એમ. સમજાણું કાંઈ? ગમે તેટલી વાત મેં કરી હોય પરમાગમની પણ આ ઉપદેશનો સાર આ છે. **'તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને,...'** સાંભળીને **'તુરત...'** તુરતથી હોં. વાયદા ન કર, કહે. સમજાણું કાંઈ? ભાઈ! તું ભગવાન છોને. તારું સ્વરૂપ જ ભગવાન અબંધ પૂર્ણ ગુણસંપન્ન છેને. એવો વીતરાગભાવ મારા ઉપદેશમાં જે આવે છે એ સાંભળીને તુરત. સાંભળીને તુરત... એટલું નહિ થાય. **'તુરત જ ઉગ્રપણે...'** પોતાના આત્માનો આશ્રય લે. 'તરત' એ કાળને બતાવે છે, 'ઉગ્રતા' પુરુષાર્થને બતાવે છે. સમજાણું કાંઈ? તુરત જ કાળનો વાયદો કર્યા વિના તરત જ, આજ જ. એ શબ્દ આવે છેને પ્રવચનસારમાં આવે છે. પ્રવચનસારમાં. એ બધી વ્યાખ્યા શૈલી ઇ આખી લીધી છે. આજ આવે છે. આજ જ અત્યારે, અધુના. અધુના. આવે છે. એ પ્રવચનસારમાં ચરણાનુયોગની.

**શ્રોતા** :- અવિલંબ!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અવિલંબ. વિલંબ નહિ. આહા..હા..! જેનો પ્રેમ લાગે એમાં વિલંબ શું? સમજાણું કાંઈ? ભૂખ લાગી હોય ને વિલંબ થાય? લ્યો, એક જણો કહે અરે..! ભુખ એવી લાગી છેને આ સૂકી રોટલી હોય તો લાવોને. લાડવો-બાડવો નહિ પણ હવે સુકી રોટલી લાવો. ભુખ એવી લાગી છે ગુડગુડીયા બોલે છે એમ કહે. એય..! ભુખ લાગી છે. બવ એવી ભુખ લાગી છે કે પીરસતા પીરસતા જાણે ઝટ ખાવા જાવ હું. પણ અહીંયાં ખાવા શી રીતે બેસવું કહે મારે? એ ઓલો કહેતો હતો. ... આવ્યો હતોને. કહો, એટલા પૈસા, એટલા ઓલા પણ કહે ત્યાં. પીરસતો હતો. પીરસતા એવી ભુખ લાગી છે મારે એવી લાગી છેને. પણ અહીં ખાવું કેમ? કહો, હવે, કહો, એય..!

**શ્રોતા** :- રોટલીની ભુખ લાગી છે આ ભુખ નથી લાગી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ નથી લાગી. હાં, વાત ઇ કહેવી છે. કે આમાં આ ભૂખ છે કે ભાઈ! ભુખ લાગે તો મારી વાત સાંભળ **'તુરત જ...'** તુરત જ અવિલંબ, શીઘ્રપણે **'ઉગ્રપણે...'** પાછું એમ. શીઘ્ર તો કાળને બતાવે છે. **'ઉગ્રપણે...'** આમ જ્ઞાયક ચૈતન્યસ્વભાવ આમ પૂરો અબંધ પડ્યો છે. ઉગ્ર પુરુષાર્થથી અવિલંબથી એને પકડ. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! હવે કાળલબ્ધિ

પાક્યા વિના આ વાત તમે કેમ કરો છો આટલી? ક્રમબદ્ધમાં જે થવાનું હશે તે થાશે. અરે..! સાંભળતો ખરો. જેની રુચિ લાગે એમાં પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. એ કાળને જોવે? એ કાળને જોશે કે આ કાળે થશે કે નહિ? એ જોવાનું છે એને? પોતાનો અતીન્દ્રિય આનંદ અબંધ જેની રુચિમાં આવ્યો એ આવ્યો એને એ સમયે કાળલબ્ધિ છે જ! સમજાણું કાંઈ? આહા..હા..!

પહેલા આ કહ્યુંને, જ્યારે તને રુચિ થઈ તો કાળ સમય પાકે એક સમયમાં છે જ. આહા..હા..! તે ઉપદેશનો સાર સાંભળ્યો અને સાંભળીને તને પુરુષાર્થની તુરંત વિલંબરહિત. ભાઈ! વિલંબરહિત ભગવાન તો કહે છેને. પણ સાંભળતો ખરો. કાળે થાય પણ તારો વિલંબરહિત સ્વભાવ તરફ પુરુષાર્થ ઉગ્ર થયો તો કાળ પાકી ગયો તારો. સમજાણું કાંઈ? એક કારણ મળે અને બીજું કારણ સાથે ન હોય એમ બે નહિ. **'તુરત જ ઉગ્રપણે...'** ઉગ્રપણે, કઠોર પુરુષાર્થથી, કઠોર પુરુષાર્થથી, ઉગ્ર પુરુષાર્થ, વીર્યનું એટલી વીરતા... વીરતા... વીરતા... ભગવાન આત્મામાં.

**શ્રોતા** :- ઉગ્ર પુરુષાર્થ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આત્મસ્વરૂપની રચનાનું વીર્ય જે છે એની વીરતાથી અંદરમાં સ્પર્શીને. આહા..હા..! ઉપદેશ તો જુઓ એક પંચમકાળના મુનિ દિગંબર સંત મુનિ, ભાવલિંગી હોં મુનિ છે. આહા..હા..! સાથે ચાલને ભાઈ તું. એમ કહે છે. આહા..હા..! તું ન રહી જા હોં એમ કહે છે. આ જાતનું કરે એ મારા સખા છે, મિત્ર છે, એમ કહે છે લ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તુરત ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે...'** જુઓ, કોની પ્રત્યે? એ ચિત્ચમત્કારમાત્ર. ચમત્કારમાત્ર. બધાને જાણનાર-દેખનાર ભગવાન એ ચમત્કાર એનો છે. બધાને જાણવું-દેખવું એમાં કોઈ અપૂર્ણ છે અને વિકાર-ફિકાર છે નહિ. એવો ચૈતન્યચમત્કારમાત્ર, ચૈતન્ય ચમત્કારમાત્રનો અર્થ? વિકાર, અપૂર્ણતા, બીજો સંબંધ એમાં છે નહિ. **'ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર.'** ગુજરાતીમાં વલણ કર એમ છેને? વૃત્તિ કર. તારી પરિણતિ એમાં લગાવી દે એમ કહે છે. વલણ-વલણ. આ વલણ નથી કરતા સટ્ટામાં તમારે? પણ એ વલણ ચુકવે છેને ટાઈમે. એ ચૈત્ર સુદ બીજે જે કર્યું તે દિ' વલણનો દિવસ લાવો. લાવો ૬૦ હજાર. કહો, સમજાણું કાંઈ? એમ આ તારા સમયનું વલણ છે, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા** :- એ બધું વલણ પંદર દિ'નું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પંદર દિ'નું પણ આવે તે દિ' તો એક સમય જ આવેને. આવે તે દિ'નો સમય છેને? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- મિત્રતાથી નિખાલસપણે તો કીધું કે મારો ઉપદેશ સાંભળીને તું આ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઉપદેશમાં આ છે એને તું નિર્ણય કર અને સ્વભાવ તરફ ઢળ. એ તારે કરવાનું છે, એમ કહે છે.

**શ્રોતા** :- સાંભળ્યા પછી કરવાનું તારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? અને ઉપદેશનો પ્રકાર પણ આ છે એમ પણ લઈ લીધું. ઉપદેશની પદ્ધતિ પણ શું છે? કે ચૈતન્ય ચમત્કાર ભગવાન અબંધસ્વરૂપ છે એમાં ઉગ્ર પુરુષાર્થથી વિલંબરહિત પુરુષાર્થ કર. સમજાણું કાંઈ? એ જ ઉપદેશનો સાર અને એ જ ઉપદેશ છે. રાગ કર ને શુભ કર ને આમ કર ને તેમ કરે, પછી આ કર એવો ઉપદેશ છે જ નહિ. આહા..હા..! એને મહિમા નહિ... મહિમા નહિ... ભગવાન ચૈતન્ય આનંદસ્વરૂપ ડોલે છેને અંદરમાં. પૂર્ણાનંદનો છલોછલ દરિયો નજર કરવા જાય ઓલા નદીમાં પાણીના પૂર આવે તો આહા..હા..! એમ થઈ જાય. આ તો એનાથી અનંતગુણો સ્વભાવ પડ્યો. ક્ષેત્ર થોડું હોય એની વાત નથી. સમજાણું કાંઈ?

**'આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે...'** એ પોતાની વૃત્તિ કર, પોતાની પરિણતિ એ તરફ વાળ એમ કહે છે. આહા..હા..! રાગ ને પુણ્ય ને દયા ને દાન ને નિમિત્ત ને ત્યાં તારું વલણ છે એ વલણ છોડ, આશ્રય છોડ, લક્ષ છોડ, સખા! આહા..હા..! નિમિત્તનો આશ્રય નહિ, ભેદનો આશ્રય નહિ, રાગનો આશ્રય નહિ. સમજાણું કાંઈ? એવો આશ્રય છોડ, હે સખે! એમ કહ્યું લ્યો. આહા..હા..! પંડિતજી! મુનિ કેટલું કહે છે! આહા..હા..!

**શ્રોતા :-** ... બરાબર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આત્મા બરાબર .. છે. તારો આત્મા અને મારો આત્મા બરાબર છે, એમાં ફેર છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! .. છેને ખબર. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! સખે.. સખે... સખા. એ ઈશ્વરમાં ઠાકોરજીમાં નહિ? સખા હોય છે એના નાચનારા. છે કે નહિ? સાંભળ્યું છે નાની ઉંમરમાં. પાવૈયા હોય છેને હીજડા એ હીજડા જે ઉતરે એ .. પછી વેશ પહેરી બરાબર અને એનો સખો થાય અને ભગવાન પાસે નાચે. નાની ઉંમરના હતાને જોયા છે. એટલે કોણ નાચે એમ કહેતા. કે આનો સખો છે એમ કહે છે. આ પાવૈયા હોયને હીજડા. પછી એની પાસે વેશ હોય ઉંચો હોં બધો. એવો પહેરે ઉંચો અને ઠાકોરજીની પાસે એવો નાચે. છોકરા જોવા જાય ત્યાં. અમારે ત્યાં નદીને કાંઠે થાતું. બધું થોડું-થોડું બધું એક-એક જોઈ લીધું છે બધું. એને પૂછયું હતું પાછું હોં કે ભાઈ આ કહેવાય શું? આમ તો હીજડા ઇ કોઈ નહોતું કહેતું. ઇ ભગવાનનો સખો છે કહે. કેમ પંડિતજી! એમ છે? છે. હીજડા હોય છે. એ સખા હોં બરાબર એ તો એવો નાચ કરે. આપણે દીકરી નાચતી હતી નહિ રામજીભાઈની, સુમનભાઈની નહિ? ઇ ભક્તિ હતી હોં. બીજું કાંઈ નહોતું, પણ લોકોને ખબર ન પડી. ઇ સખા-સખા તરીકે. ભગવાન ઈશ્વર પાસે સખા તરીકે અમે અને તમે એક છીએ હોં એવો નાચ કરે. બહુ નાચ કરે હીજડા તો બહુ નાચ કરે. એ સખા કહેવાય એને હોં એ નાચે ત્યારે. હીજડો ન કહેવાય, બીજું ન કહેવાય ઇ વખતે. વજુભાઈ! આહા..હા..! આ તો ઘણા વર્ષ પહેલાં એકવાર સાંભળ્યું હતું. ઇ ખ્યાલ છે. આ નાચે છે ઇ શું કહેવાય કીધું આ? કહે એ ઈશ્વરના સખા કહેવાય.

અહીં કહે છે કે હે સખા! આહા..હા..! તું પણ પરમાત્માનો સખો છો. પરમાત્મા ચૈતન્ય ચમત્કાર ભગવાન આત્મા. આહા..હા..! જુઓ, તારા ચૈતન્ય પ્રત્યે વલણ કર, વૃત્તિ કર, પરિણતિ કર. પરિણતિ નામ પર્યાય સ્વભાવ તરફ જુકાવ... જુકાવ... જુકાવ... અંદર વલણ કર... વલણ એ તારું કર્તવ્ય અને એ મારો સખા અને મિત્ર થાય છે. આહા..હા..! એમ કહે છે કે મારી વૃત્તિની પરિણતિ અંતર્મુખ થઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- ખબર પડી ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર પડી ગઈ એમ કે અમારી વૃત્તિ અમારા સ્વભાવ તરફ થઈ છે. ભગવાન! તું પણ અંતરમાં વાળને, ભાઈ! વાળને! તારામાં તાકાત જ એ છે. આહા..હા..! કોઈ કાળની વાટ, કોઈ ..વાટ તારે જોવાની છે જ નહિ. સમજાણું કાંઈ? ૯૯. .. તોપણ ઘણું ચાલ્યું જુઓ.

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसं च वोसरे।।९९।।**

આ શ્લોક આવે છે શ્વેતાંબરમાં.

**શ્રોતા** :- વોસરે-વોસરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વોસરે. એ ગાથા સ્થાનકવાસીમાં પણ આ બોલાય છે હોં. બોલાય છે. લખ્યું છેને કોક કોકે સમજે છે ક્યાં અંદરમાં કાંઈ?

**પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.**

આ વોસરેનો અર્થ કર્યો પરિહરું. '**અવશેષ સર્વ હું પરિહરું.**' આહા..હા..!

'**ટીકા :- અહીંયાં સકળ વિભાવના સંન્યાસની (-ત્યાગની) વિધિ કહી છે.**' જુઓ, આ ચારિત્રનો અધિકાર છે. આ પ્રત્યાખ્યાન, સાચા પરમાર્થ-પ્રત્યાખ્યાનનો અધિકાર છે. '**સકળ વિભાવનો...**' ત્યાગ.

**શ્રોતા** :- એટલે બેય શુભ-અશુભ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શુભ-અશુભ તો બધા વિકારી વિભાવ છે. સકળ વિકારી પર્યાય ચૈતન્ય ચમત્કાર ભગવાન આત્મામાં દૃષ્ટિ કરવાથી સકળ સંન્યાસ વિભાવનો ત્યાગ થઈ જાય છે, એનું નામ સાચું ચારિત્ર અને સાચું પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એનું નામ ત્યાગ. બહારથી ત્યાગ સ્ત્રી, કુટુંબ છોડ્યા અને બેઠા એ ત્યાગ-ફાગ નથી. સમજાણું કાંઈ? '**સકળ વિભાવ...**' ઉદયભાવ, શુભભાવ હો કે અશુભ હોય, વ્રતનો વિકલ્પ હોય કે અવ્રતનો વિકલ્પ હોય, દયાનો ભાવ હોય કે હિંસાનો ભાવ હોય બધો વિભાવ છે. સમજાણું કાંઈ '**સકળ વિભાવના સંન્યાસની (-ત્યાગની) વિધિ કહી છે.**'

**શ્રોતા** :- જૈનધર્મની વિધિ આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ વિધિ. વીતરાગભાવની વિધિ.

**શ્રોતા** :- બેયમાં શું ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ વિધિ સ્વરૂપમાં સ્થિર થાવું એ વિધિ.

**શ્રોતા** :- મંત્ર બોલવાની નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજાણું કાંઈ?

**'સુંદર કામિની, કાંચન...'** સુવર્ણ ધન. કંચન અને કામિની બે આવે છેને? અન્યમાં પણ આવે છે નહિ? 'કંચન અને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને તે જ લુંટે.' આવે છેને પંડિતજી! 'કંચન અને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને તે જ લુંટે.' મમતા હોં મમતા. કંચન અને કામિની એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..! એની મમતા કહે છેને જુઓને. **'વગેરે સમસ્ત પરદ્રવ્ય-ગુણ-પર્યાયો પ્રત્યે...'** પરદ્રવ્ય-ગુણ-પર્યાય પ્રત્યે, એમ કહે છે. એ બધા પરદ્રવ્ય ગુણ-પર્યાય છે. રાગાદિ બધા પરદ્રવ્ય-ગુણ-પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'મમકારને હું તજું છું.'** શું કહે છે? **'સુંદર કામિની,...'** સુંદર કામિની. પદ્મણી જેવી સ્ત્રી એની મમતા એને હું છોડું છું. એ મારી ચીજ જ નથી. સમજાણું કાંઈ? અને **'કાંચન,...'** સોનું, આબરૂ, કીર્તિ આદિ શબ્દ પડ્યો છેને? શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ છે એ બધા સમસ્ત પરદ્રવ્ય છે. એ રાગાદિ પરદ્રવ્ય છે. ઓહો..હો..!

**'પરદ્રવ્ય-ગુણ...'** એનો ગુણ શક્તિ પરની-રાગની. અને અવસ્થા પ્રત્યે **'મમકારને હું...'** મમકારને હું. મમકારને હું **'તજું છું.'** કર્મ છૂટે તો હું મમકારને તજું છું એમ નથી. સમજાણું કાંઈ? કર્મ નથી. પહેલા તો નિષેધ કરી દીધો. કર્મ છે જ નહિ મારામાં પછી શું પ્રશ્ન? સમજાણું કાંઈ? તો 'કર્મ મંદ પડે તો હું પુરુષાર્થ કરી શકું છું' એમ છે જ નહિ.

**શ્રોતા** :- એ તો અનંતકાળ ન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અનંતકાળ નહિ કરી શકે. પોતાના સ્વાધિન પુરુષાર્થથી આત્મા અંતરમાં પુરુષાર્થ કરી શકે છે.

**શ્રોતા** :- બહિરંગ કારણનો અભાવ ચાલે તો ક્યાંથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહિરંગ કારણનો અભાવ હોય જ છે એમાં. કરવો પડે છે? એ તો કહે, એ કર્મ ઘટે, કર્મ ઘટે તો રાગ ઘટે. હવે ધૂળેય નહિ સાંભળતો ખરો. કર્મ ઘટે, પ્રતિબદ્ધકારણ મટે તો આત્માને રાગ મટે. લ્યો, હવે આ કે દિ' રાગ મટે તારો? સમજાણું કાંઈ? મોટી ચર્ચા થઈ હતી.

**શ્રોતા** :- પ્રતિબદ્ધકારણ તો મટવો જ જોવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં પ્રતિબદ્ધકારણ (મટવો જોવે). અહીંયાં સ્વભાવના પુરુષાર્થમાં 'હું મમકાર રહિત છું' એવો પુરુષાર્થ કર્યો તો પ્રતિબદ્ધકારણ નાશ થઈ ગયું, છે જ નહિ. એની સામું

જોવું છે જ ક્યાં? સમજાણું કાંઈ?

જુઓ, ભાષા કેવી લીધી છે? **'પરદ્રવ્ય-ગુણ-પર્યાય...'** હોં. હા. એ બધું પરદ્રવ્ય, પરદ્રવ્યની શક્તિઓ અને એની વર્તમાનદશા, વિભાવ વિકાર પ્રતિ મમકારને હું તજું છું એમ.

**શ્રોતા :-** એ મને છોડે છે એમ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, ઇ મને છોડે છે એમ (તો) નહિ, પણ 'હું છોડું છું' એ પણ હજી વ્યવહારની વાત છે. સમજાવું છેને. એ સ્વભાવમાં એકાગ્ર થાય છે તો એ મમકાર છૂટી જાય છે એને 'હું છોડું છું' એમ કહેવામાં આવે છે. આહા..હા..! પણ અહીં તો સમજાવું હોય તો શું કરે? સમજાવાની શૈલી સમજાણું કાંઈ?

**'મમકારને હું તજું છું. પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** શું કહે છે? પરમ ઉપેક્ષા લક્ષણ. પરમ ઉપેક્ષા લક્ષણ. નિર્મમત્વનું લક્ષણ પરમોપેક્ષા. નિર્મમત્વનું લક્ષણ પરમોપેક્ષા. પરની બિલકુલ ઉપેક્ષા. અપેક્ષા નથી. વિકલ્પની, રાગની, નિમિત્તની બિલકુલ અપેક્ષા જ નથી. કહો, સમજાણું કાંઈ? **'પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત...'** કોણ? **'નિર્મમકારાત્મક આત્મામાં...'** જુઓ, **'નિર્મમત્વમય,...'** ભગવાન આત્મા નિર્મમત્વમય, ભગવાન આત્મા નિર્મમત્વમય. કેવો છે આત્મા? **'પરમોપેક્ષલક્ષણથી લક્ષિત...'** એ છે. એ તો પરમ પરની ઉપેક્ષા કરવાના લક્ષણથી લક્ષિત છે. આહા..હા..! રાગાદિ નિમિત્તની ઉપેક્ષાના લક્ષણથી લક્ષિત એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા પણ કડક ભારે! આહા..હા..!

ભગવાન આત્મામાં **'નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ.'** એવો ભગવાન આત્મા **'નિરમમકારાત્મક...'** નિર્મમત્વસ્વરૂપ ભગવાન આત્મા પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત છે. બિલકુલ રાગની, નિમિત્તની અપેક્ષા એમાં છે જ નહિ, એમ કહે છે. વ્યવહારની અપેક્ષા છે જ નહિ એમ કહે છે. વ્યવહારની ઉપેક્ષા લક્ષણે લક્ષિત ભગવાન છે. આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ? વ્યવહારાદિ છે એની ઉપેક્ષા લક્ષણે લક્ષિત છે. તો એની અપેક્ષા કરીને અંદરમાં લક્ષિત થાય એવો આત્મા નથી. સમજાણું કાંઈ? **'પરમોપેક્ષાલક્ષણથી...'** પરમ ઉપેક્ષા, પરમ વીતરાગતા, પરમ પરતરફની અપેક્ષાનો અભાવ એવા લક્ષણથી લક્ષમાં આવનારો નિર્મમકારસ્વરૂપ, નિર્મમકારસ્વરૂપ ભગવાન આત્મામાં. આહા..હા..! ઓલા કહે પણ પરની અપેક્ષા વિના એકાંત થઈ જાય છે લ્યો. સમજાણું? અહીં તો કહે કે વ્યવહારની પરમોપેક્ષાલક્ષણથી લક્ષિત ભગવાન આત્મા છે. આહા..હા..! પરની ઉપેક્ષા સહિત, સ્વની અપેક્ષા સહિત. પરની અપેક્ષા તો કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! નિરપેક્ષ જૈનધર્મ નહિ ઓલા કહે. અરે..! સાંભળતો ખરો માળા! કહો, પંડિતજી! એમ કહે છે કે નિરપેક્ષ ભગવાનનો ધર્મ નથી, સાપેક્ષ જોઈએ. હવે સાંભળને સાપેક્ષ તો વ્યવહારનું જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ? આ તો જુઓ આચાર્ય મુનિએ શું કહ્યું છે? **'ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।'** **'वट्ठिदो'** સ્થિત રહીને. એમ. ત્યાં સુધી આવશે.

**'ममत्तिं परिवज्जामि'** **'परि'** છેને એટલે સમસ્ત પ્રકારે શબ્દ લીધો. **'परि'**ને. મમતાને સમસ્ત પ્રકારે છોડીને. નિર્મમત્વ એવો ભગવાન આત્મા પરની ઉપેક્ષાલક્ષણે લક્ષિત પ્રભુ બિલકુલ પરના લક્ષે લક્ષિત થઈને પોતાનું લક્ષ થાય એમ છે નહિ. પરનું લક્ષ કરીને સ્વનું લક્ષ થાય એમ નથી. તો વ્યવહાર પહેલા પછી એની ઉપેક્ષા થતા આત્મા લક્ષિત થાય એવો આત્મા જ નથી, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? શું? કે વ્યવહાર પહેલો અને પછી આ ઉપેક્ષા એમ છે જ નહિ, એમ કહે છે અહીં તો. આહા..હા..! ભગવાન આત્મા પરમ ઉપેક્ષા, પરની અપેક્ષા બિલકુલ નથી. પરની બિલકુલ ઉપેક્ષા લક્ષણથી લક્ષિત નિર્મમત્વસ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં **'उवट्ठिदो'** **'સ્થિત રહીને...'** લ્યો, એમાં સ્થિત થવું. આ એનું નામ ચારિત્ર છે.

**શ્રોતા** :- ઉપસ્થિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, સ્થિત.. સમજાણું કાંઈ? **'उवट्ठिदो'**નો અર્થ સ્થિર કર્યો. ઉપસ્થિત છેને મૂળ પાઠમાં એનો અર્થ સ્થિત રહીને. આહા..હા..!

**'આત્માને અવલંબીને,...'** એ પાછું સ્થિત રહીને વિશેષ કહ્યુંને? **'आलंबणं च मे आदा'** મારું આલંબન મારો આત્મા છે. એ ભગવાનની પ્રતિમા આલંબન એ મોટી તકરાર થાય છેને દેરાવાસી અને સ્થાનવાસીમાં. ઓલા કહે આલંબન છે, ઓલો કહે આલંબન ન હોય. એ આલંબન તો વિકલ્પ આવે છે ત્યારે ભગવાનની દશા છે. પણ એ વિકલ્પ અને નિમિત્તની ઉપેક્ષા કરીને આલંબન મને થયું. મારું આલંબન તો એક આત્મા જ છે. સમજાણું કાંઈ? ઓલું વ્યવહાર અવલંબન છૂટી ગયું એમાં. એ વચ્ચે વ્યવહાર આલંબનરૂપ વ્યવહાર છે ખરો. સમજાણું કાંઈ? જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય તો વ્યવહાર આલંબન તરીકે શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એવું આલંબન છે, પણ એ છે એમાં ઉપેક્ષાબુદ્ધિ અંદરમાં થાય છે. તો ઉપેક્ષા થાય છે તો કરે છો શું કામ? પણ એ આવ્યા વિના રહે જ નહિ એમ કહે છે. પણ છે ઉપેક્ષા લક્ષણે લક્ષિત. એની અપેક્ષા રાખીને આત્માની ઉપેક્ષા થાય એમ છે નહિ. આહા..હા..!

**'આત્માને અવલંબીને, સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન...'** સંસાર ઉદય રાગ-દ્વેષ વિકલ્પ એ સંસાર. એના એકાકાર અનુભવથી **'ઉત્પન્ન સુખદુ:ખાદિ અનેક વિભાવરૂપ...'** સુખ-દુ:ખની કલ્પના એ સંસાર સુખ-દુ:ખરૂપી પરિણામ એ સંસાર છે. અથવા એ ઉદયભાવની સંસૃતિ છે એના એકાકાર અનુભવથી ઉત્પન્ન થયેલો સુખ-દુ:ખ, હરખ-શોક **'અનેક વિભાવરૂપ પરિણતિને હું પરિહરું છું.'** શું કહે છે? જેટલી સુખ-દુ:ખની કલ્પનાનું વેદન એ સંસૃતિનો સંભોગ છે, એ સંસારનો અનુભવ છે. સમજાણું કાંઈ? જેટલી સુખ-દુ:ખની કલ્પના, રતિ-અરતિનું વેદન એ બધા સુખ-દુ:ખ હરખ-શોક એ સંસારનો જ અનુભવ છે. એ **'સંસૃતિરૂપી સ્ત્રીના સંભોગથી ઉત્પન્ન સુખદુ:ખાદિ...'** પરિણતિને હું છોડું છું અને મુક્તિરૂપી પરિણતિ પોતાની સ્વભાવદશા એમાં હું સ્થિર થાવ છું. ઓહો..હો..! વાત તે પણ મોટી વાતું અને માણસને એમ લાગે કે આતે

શું? અરે..! એ તો આઠ-આઠ વર્ષના બાળક કરીને મુક્તિને પામ્યા. સમજાણું કાંઈ? આઠ-આઠ વર્ષના રાજકુમારો આ સાંભળી પાવર ફાટી ગયા અંદરથી. આહા..હા..! સખા! એમ કહ્યું છેને. હે સખા! ચાલને મારી સાથે. ભગવાનને રંજવા નાચને એકવાર. એ સખા નાચે હોં નાચે. સમજાણું કાંઈ? એમ પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્યચમત્કાર પ્રભુ એમાં એકાકાર થઈને ભગવાનને રંજન તો કર. સમજાણું કાંઈ? તારી મુક્તિ થશે, સખા! અમારી સાથે તારી પણ મુક્તિ થશે. આહા..હા..! સંસારરૂપી સ્ત્રી પરિણતિનો ભોગ એ અમારા સખા નથી. સમજાણું કાંઈ? એ સંસાર ઉદયભાવના મિત્ર છે. એ વિકારનો મિત્ર છે. આવી સ્પષ્ટ વાત પણ એટલું માની લે શુભયોગથી સમકિત થાય, શુભયોગમાં સંવર-નિર્જરા. આ ગજબ કરે છેને બહુ. આ શું ખોટું ઠરાવે છે? શું કરતા હશે? ઉપરની વાત છે. આઠમા ગુણસ્થાનની. આ એને કહે છે કે આઠમા ગુણસ્થાન... મુનિ પોતે મુનિ છે આ તો. હજી આચાર્ય પણ નથી. એના આચાર્ય પોતે કહે હું. હું. **'परिवज्जामि' 'परिवज्जामि'** એમાં પણ હું છું. આહા..હા..! કહો, **'आलंबणं च मे आदा'** મારો આત્મા મને આલંબન છે હોં. મારો આત્મા મને આલંબન છે. કથનમાં આવે તો શું થયું? સમજ્યા? સંસૃતિને, વિભાવરૂપ અવસ્થાને, વિકારરૂપદશાને હું પરિહરું છું.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રી અમૃતચંદ્રસૂરીએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૦૪માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :'** એ તો આવે છે. આપણે આવે છેને નિષેધે. શિષ્યે પ્રશ્ન કર્યો કે નાથ! તમે તો શુભ અને અશુભ બેય પરિણામનો નિષેધ કરો છો. શુભક્રિયા અને અશુભક્રિયા બધાનો નિષેધ. હવે આલંબન કોનું શ્રાવકને અને મુનિને? બનારસીદાસે એમ લીધું છે. શ્રાવક અને મુનિને આલંબન કેવું? પાઠમાં ભલે મુનિને લીધા. સમજાણું કાંઈ? મુનય. એક અંશ... શ્રાવકને, તમે તો કહો છો કે દયા, દાન, ભક્તિ, વ્રતાદિ એ શુભ રાગ છે. એને બંધનું કારણ કહીને તમે નિષેધ કરો છો અને સાધુ પંચમહાવ્રતના પરિણામ આદિનો તમે નિષેધ કરો છો. તો હવે રહેવું ક્યાં? નિષેધ કરો તો આલંબન કોનું? કોઈ આશ્રય છે? આશ્રય જે કરવાની ચીજ હતી દયા પાળવી, આમ કરવું, તે કરવું, ભગવાનની સ્તુતિ એ આલંબનને તો તમે બંધનું કારણ કહો છો, એનો તો તમે નિષેધ કરો છો. **'શુભ આચરણરૂપ કર્મ...'**

**(शिखरिणी)**

**'निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणे**
**स्वयं विंदंत्येते परमममृतं तत्र निरताः।।'**

જુઓ, ઓહો..હો..! હજી તો આ ૯૦૦ વર્ષ પહેલાંની વાત આ તો મુનિ પોતે અમૃતચંદ્રાચાર્ય. **'निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल'** નાથ! તમે તો શુભ અને અશુભપરિણામ બેયનો નિષેધ

કરો છો. બેય ધર્મ નથી. હવે કરવું શું શ્રાવકને અને મુનિને? હંમેશા ષટ્કર્મ કરવા શ્રાવકને એવું આવે લ્યો. આવે છે કે નહિ? ભાઈ! હવે એ તો શુભભાવ છે સાંભળતો ખરો. બંધનું કારણ છે, નિષેધ છે. આહા..હા..! જ્યાં વ્યવહારનયના ગ્રંથમાં હંમેશા છ કર્તવ્ય કરવા એને અહીંયાં નિશ્ચય સત્‌ના આશ્રયમાં નિષેધ કરી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કે શ્રાવકને હંમેશા આમ કરવું... આમ કરવું... સ્વાધ્યાય, સંયમ આવે છે કે નહિ? ગુરુ, સેવા, ભગવાનની ભક્તિ, દાન, આમ કરવું થોડું. અહીં તો પ્રભુ તમે તો બેયનો નિષેધ કરો છો. તો શ્રાવકે કરવું શું? અને મુનિને કરવું શું? મુનિને તો પંચમહાવ્રત હોય ઈર્યા, સમિતિ, જોઈને ચાલવું, ખાવું, પીવું, એમાં રોકાય તો ઠીક પડે. હવે એને તો તમે કહો છો કે બંધનું કારણ... બંધનું કારણ... બંધનું કારણ...

**'શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ--એવા સમસ્ત કર્મોનો નિષેધ કરવામાં આવતા...'** ઇ વળી અર્થ કર્યો હતો ઓલા પહેલામાં આવે છેને કર્મ જડ? એમ કે જડનો નિષેધ છે. અહીં સ્વભાવની વાત છે. પણ ઇ તો આવે છેને બધા શબ્દો? ચારેય એમાં પછી આવે છે. વ્રત, નિયમ બધા પરિણામ કર્મ છે, શુભરાગ છે. **'એવા સમસ્ત કર્મોનો નિષેધ કરવામાં આવતા અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આચાર્ય કહે છે કે સાંભળતો ખરો. એ શુભ અને અશુભપરિણામનો અભાવ કરીને ભગવાન આત્માને શ્રાવક કે મુનિ. સમજાણું કાંઈ? **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** મુનિને અશરણ નથી. મુનિને આત્માનું શરણ છે અંદર. શ્રાવકને પણ આત્માનું શરણ છે. લ્યો. ઓહો..હો..! પંચમ ગુણસ્થાનમાં આત્માનું શરણ. ઓલો શુભયોગ એ આત્મા છે? પાંચમા ગુણસ્થાને, ચોથે ગુણસ્થાને શુભયોગ જ છે જાઓ. શુભયોગ છે એનાથી સંવર-નિર્જરા. એ શુભયોગ આત્મા છે? શ્રાવકને પાંચમા ગુણસ્થાને અને મુનિને **'નિષ્કર્મ અવસ્થતા પ્રવર્તતાં,...'** અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ કરતાં. સમજાણું કાંઈ? કાંઈ અશરણ નથી. એ અશરણ નથી. રાગરહિત થાય તો અશરણ નથી.

**'એ રીતે નિષ્કર્મ અવસ્થા...'** જુઓ, એને નિવૃત્તિ અવસ્થા કીધી. પુણ્ય-પાપ પરિણામથી રહિત નિવૃત્તિ અવસ્થા વર્તે છે **'ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું-રમણ કરતું-પરિણમતું જ્ઞાન તે મુનિઓને શરણ છે;...'** એ આત્માનું જ્ઞાન અને આનંદ એ શરણ છે. બીજું કોઈ શરણ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ-૧૪, ગુરુવાર, તા.૦૨-૦૬-૧૯૬૬**

**ગાથા-૯૯-૧૦૦, કળશ-૧૩૪, પ્રવચન-૮૧**

ફરીને થોડું લઈએ. આ અધિકાર નિશ્ચય-સાચો ત્યાગ અથવા સાચા પ્રત્યાખ્યાનનું સ્વરૂપ ચાલે છે. એમાં શુભાશુભપરિણામનો ત્યાગ એનું નામ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ જે '**શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ એવા સમસ્ત કર્મોનો નિષેધ કરવામાં આવતા...**' શુભભાવ અને અશુભ બેય ત્યાગ નથી, બેય ધર્મ નથી, બેયમાં પ્રત્યાખ્યાન નથી, બેય પ્રતિક્રમણ સ્વરૂપ નથી, બેય ચારિત્રસ્વરૂપ નથી. શુભ-અશુભપરિણામ બેય ચારિત્રસ્વરૂપ નથી. વ્રત-અવ્રતના પરિણામ ચારિત્રસ્વરૂપ નથી. વ્રત-અવ્રતના પરિણામ પ્રત્યાખ્યાન સ્વરૂપ નથી. વ્રતમાં તો પ્રત્યાખ્યાન આવે છે.

**શ્રોતા** :- વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર સાવદ્યયોગના. અહીં તો કહે છે કે વ્રત-અવ્રત બેયના ભાવ પ્રત્યાખ્યાનસ્વરૂપ નથી, ચારિત્રસ્વરૂપ નથી, એટલે કે બેય ભાવ ધર્મસ્વરૂપ નથી.

**શ્રોતા** :- બંધસ્વરૂપ તો નથીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બંને ભાવ ધર્મસ્વરૂપ નથી, પછી બંધસ્વરૂપ આવી ગયું એમાં. સમજાણું કાંઈ? તો એવું બંધસ્વરૂપ કહેવાથી બે પરિણામનો તો નિષેધ થયો. તો શ્રાવક અને મુનિને શરણ કોણ? એવા શુભ-અશુભપરિણામનો જ્યાં નિષેધ છે ધર્મમાં તો એને ધર્મ કરવામાં શરણ કોણ? એમ પૂછે છે. સમજાણું કાંઈ?

શુભ આચરણરૂપ કાર્ય--વ્રત, તપ, દયા, દાન આદિના પરિણામ એ ત્યાગ નથી. એ તો અત્યાગભાવ છે. સમજાણું કાંઈ? આ પ્રત્યાખ્યાન અધિકાર છેને. પ્રત્યાખ્યાન નામ ત્યાગ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો ભાવ એ ત્યાગસ્વરૂપ નથી, એ અત્યાગસ્વરૂપ છે.

**શ્રોતા** :-.. તો મુનિ શું કામ અંગીકાર કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરતા જ નથી. કોણ કરે છે? એ તો શુદ્ધોપયોગ અંગીકાર કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ ;- પ્રતિજ્ઞા તો લે છે.

ઉત્તર :- પ્રતિજ્ઞા પણ વ્યવહારથી વચ્ચે આવે છે. આવે છે પણ એ ખરેખર તો શુદ્ધોપયોગ જ અંગીકાર કરે છે.

**શ્રોતા** :- એ પણ વ્યવહારથી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારથી છે. વ્રત લેવા એ તો વ્યવહાર છે, શુભરાગ છે, પણ એ ધર્મ પ્રત્યાખ્યાન એ ત્યાગસ્વરૂપ નથી. તો કહે છે કે જ્યારે બેનો ત્યાગ કર્યો તો મુનિ અને શ્રાવકને કોનું શરણ? કરવાનું હતું એ તો છોડાવ્યું તમે.

**શ્રોતા** :- હવે શરણ કોનું રહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-તો શરણ કોનું રહ્યું?

**'એવા સમસ્ત કર્મોનો નિષેધ કરવામાં આવતા...'** જુઓ, **'એવા સમસ્ત...'** શુભ-અશુભ જેટલા પરિણામ છે એ બધા ધર્મસ્વરૂપ નથી, ત્યાગસ્વરૂપ નથી. એ **'નિષેધ કરવામાં આવતા અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** જ્યારે શુભ-અશુભપરિણામ રહ્યા નહિ તો કર્મ નામ આચરણનું કાર્ય રહ્યું નહિ એ વ્યવહાર. તો **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ, પોતામાં જ્ઞાયકસ્વભાવમાં વર્તે છે એ નિષ્કર્મ દશા છે, શુભકર્મરૂપ દશા છે. પણ આત્માનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની એકાગ્રતા એ નિષ્કર્મસ્વરૂપ આચરણ છે, એ જ ધર્મ છે. આરે..! આહા..હા..! સમજાણું કાંઈ? **'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં...'** અર્થાત્ ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાન આનંદ સચ્ચિદાનંદસ્વરૂપ પોતાની દૃષ્ટિ સ્વભાવમાં રાખીને સ્વભાવમાં સ્થિર થાય છે એ રાગરહિત નિષ્કર્મ દશા છે. સમજાણું કાંઈ?

**'મુનિઓ કાંઈ અશરણ નથી;...'** એ નિષ્કર્મ અવસ્થા પ્રવર્તન કાળમાં કોઈ અશરણ નથી. **'(કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું-રમણ કરતું-પરિણમતું...'** ત્રણ શબ્દ લીધા. **'જ્ઞાન તે જ મુનિઓને શરણ છે;...'** સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કે મુનિ બેયને ભગવાન જ્ઞાનસ્વરૂપ. જુઓ, જ્ઞાન એટલે આત્મા. શુદ્ધ ચૈતન્યબિંબ જ્ઞાયકસ્વભાવ શુભાશુભપરિણામનો નિષેધ કરવાથી પોતાનો સ્વભાવ પરમાનંદસ્વરૂપ એના આશ્રયમાં નિષ્કર્મ દશા વર્તતા આત્મા જ એને શરણ છે. સમજાણું કાંઈ? ભારે વાત આકરી. આ બધું કરવું અને આ કરવું એ તો કહે છે કે નહિ. શુભભાવ કરી શકે છે. પરનું તો કરી શકતો નથી, પણ શુભ-અશુભભાવ કરી શકે છે. શુભાશુભપરિણામ, પુણ્ય-પાપના ભાવ આચરણરૂપમાં પોતાની દશામાં કરી શકે છે, એ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અનાસક્તિએ કરે તો ધર્મ થાય કે નહિ? એય..! છગનભાઈ! નહિ આ બધા કાર્યકરને પૂછેને બધા કામ કરવા પણ અનાસક્તિએ કરવા એમ ખોસ્યું લાકડું. કરી શકે કોણ પરનું કાર્ય? એની તો અહીંયાં વાત છે જ નહિ. પોતામાં જે શુભ-અશુભની લાગણી, ભાવ ઉત્પન્ન થાય છે એને બંધનું કારણ જાણીને ધર્મી એ તરફનો આશ્રય છોડીને ચિદાનંદ પ્રભુ શુદ્ધ આત્મા એનો આશ્રય કરીને રાગરહિત નિષ્કર્મદશા વર્તે છે એમાં આત્મા શરણ છે.

**શ્રોતા** :- વ્યવહારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આરે..! પણ આત્મા શું ચીજ છે? અનંત-અનંત શાંતરસનો પિંડ પ્રભુ, અનંત આનંદની મૂર્તિ આત્મા છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એ તરફનો આશ્રય કરવાથી શુભાશુભપરિણામ છૂટી જવાથી, સ્વભાવના આશ્રયે રાગાદિની ક્રિયાના અભાવરૂપ નિષ્કર્મદશા સંવર અને નિર્જરા શુદ્ધ ચારિત્ર પર્યાય એનું શરણ આત્મા છે. સમજાણું કાંઈ? ઇ ચારિત્રની પર્યાયનો આધાર આત્મા છે. એ આત્મા જ્ઞાયકસ્વરૂપ એને આશ્રયે વીતરાગી પર્યાય ઉત્પન્ન નિષ્કર્મદશા થઈ એ જ ધર્મ, એ ચારિત્ર, એ પ્રત્યાખ્યાન, એ ધર્મ. એનો આશ્રય-શરણ આત્મા છે. સમજાણું કાંઈ?

**'ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું...'** ભગવાન આત્મા પોતાનું ચૈતન્ય જ્ઞાનસૂર્ય એમાં જ્ઞાનમાં આચરણ કરતું, જ્ઞાન-જ્ઞાનની એકાગ્રતા કરતું થકું, જ્ઞાનમાં એકાગ્ર-રમણ કરતો થકો આત્મા પોતાનું શુદ્ધસ્વરૂપ એમાં રમણ કરતું ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધસ્વરૂપ, શુદ્ધનું પરિણમન કરતું થકું **'જ્ઞાન જ...'** શ્રાવક અને મુનિઓને શરણ છે. મુનિ નામ લીધું છે મૂળ પાઠમાં. બનારસીદાસે બેય વાત લીધી છે. શ્રાવક અને મુનિ. સમજાણું કાંઈ? ૧૦૪ છેને. એ જ છે જુઓ. આમાં પાનું છે ૧૨૭. આઠમો શ્લોક છે. બધું ફેર છેને હવે. ૧૨૭ પાનું છે. **'સિષ્ય કહે સ્વામી તુમ કરની અસુભ સુભ, કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ..'** શિષ્ય પ્રશ્ન કરે છે, પ્રભુ! તમે તો શુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્યબંધ કહીને ધર્મનો નિષેધ કર્યો. અને અશુભપરિણામ તો નિષેધ છે જ. **'સિષ્ય કહે સ્વામી તુમ કરની અસુભ સુભ, કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ મોખકે સધૈયા...'** આત્માના પૂર્ણાનંદસ્વરૂપની દશા, છૂટવાની દશા સાધવામાં **'ગ્યાતા દેસવિરતી મુનિસ...' 'મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનિસ, તિનકી અવસ્થા તો નિરાવલંબ નાંહી હૈ...'** મહારાજ! તમે તો શુભપરિણામનો નિષેધ કરી નાખ્યો. એ આચરણ ધર્મ નથી. તો એણે કરવું શું હવે? કહે છે કે **'તિનકી અવસ્થા તો નિરાવલંબ નાંહી હૈ, કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભો અભ્યાસ...'** એ પુણ્ય-પાપના પરિણામ તરફનું લક્ષ છોડીને પોતાનો ભગવાન ચિદાનંદ મૂર્તિ એનો અનુભવ કરવાનો અભ્યાસ કરે છે. **'એસૌ અવલંબ ઉનહીકૌ ઉન માંહી હૈ,...'** ધર્મી જીવનું અવલંબન, આત્માનું અવલંબ આત્મામાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'નિરૂપાધિ આતમ સમાધિ સોઈ સિવરૂપ,..' 'નિરૂપાધિ આતમ સમાધિ...'** શાંત મૂર્તિ નિર્વિકલ્પ સમાધિ. આહા..હા..! શુભ-અશુભપરિણામ રહિત, શુભ-અશુભભાવ એ તો અશાંતિ છે, અસમાધિ છે, દુઃખરૂપ છે. એનાથી છૂટીને ધર્મી, શ્રાવક કે મુનિ પોતાની નિરૂપાધિ આત્મ સમાધિ એમાં એકાગ્ર થઈને શાંતિ **'સોઈ સિવરૂપ, ઔર દૌર ધૂપ પુદ્ગલ પરછાંહી હૈ.'** એ સિવાય બધા વિકલ્પ એ પુદ્ગલની છાયા છે, બંધનું કારણ છે, એ ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ? બેય લીધા હોં. જ્ઞાની, અણુવ્રતી, શ્રાવક અને મહાવ્રતી મુનિ. જ્ઞાતા.. પાછી ભાષા એવી લીધી છે. ભાષા એવી લીધી. જ્ઞાતા દેશવિરતી મુનિ. એટલે જ્ઞાતા દેશવિરતીની સાથે લગાડી દે તો ઇ શરણ થઈ ગયુંને?

ઓલા વ્રતાદિ છેને એટલે. નહિતર ..નાખી દીધું. જ્ઞાતા, દેશવિરતી અને મુનિ. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- દેશવિરતી થાય એટલે સ્વરૂપમાં લીનતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને પણ દેશવિરતી જ એ છે. એ સ્વરૂપ ચિદાનંદમૂર્તિ અખંડાનંદ ભગવાન એમાં એકાગ્ર થઈને શાંતિ, સમાધિ પ્રગટ કરે એનું નામ દેશવિરતી શ્રાવક કહેવામાં આવે છે. કહો, ધીરૂભાઈ! તો કેટલા વર્ષથી શ્રાવક.. કરતા હતા તમે બધા? મોટા મંદિર બનાવે, મોટા અપાસરા બનાવે, મોટા સામાયિકો કરે, પોષા કરે, પડિક્કમણ કરે કેટલા વર્ષથી? જગુભાઈ! કહે છે કે ભગવાન પ્રભુ આત્મા પોતાના સ્વભાવના શરણમાંથી નીકળીને શાંતિ નિર્વિકલ્પ સમાધિ પ્રગટ કરે એ જ શાંતિ ધર્મ, એ જ ચારિત્ર, એ જ પ્રત્યાખ્યાન એ જ ત્યાગ એ ધર્મ. સમજાણું કાંઈ? એ સિવાય જેટલા શુભાશુભપરિણામ પુદ્‌ગલની છાંય.

**'તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...'** સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિ મુનિ શુભાશુભ પરિણામના નિષેધમાં થવાવાળી પોતાની નિર્મળદશા એના આશ્રયે ભગવાન આત્મા એ આત્મામાં લીન થયા થકા. લ્યો લીન થયા થકા **'પરમ અમૃતને...'** પરમ અમૃત જુઓ, પાંચમા ગુણસ્થાનની વાત. ઓલા કહે છે કે ના, પાંચમે ગુણસ્થાને નહિ. એ અમૃતનો અનુભવ એ આઠમે હોય લ્યો. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- તેને આત્માનો અનુભવ કરવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થઈ રહ્યું. ચોથેથી અમૃતનો અનુભવ? અહીં તો વ્રતની અપેક્ષાએ વાત લીધી છેને પ્રત્યાખ્યાન એટલે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ સ્વરૂપ પ્રભુ. કહો, સમજાણું કાંઈ? એવા આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરીને એમાં લીન થઈને અતીન્દ્રિય અમૃતનો સ્વયં અનુભવ કરે છે. અતીન્દ્રિય અનુભવ સ્વયં આસ્વાદ કરે છે, પાંચમા ગુણસ્થાનમાં રહેવા છતા પણ. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! લ્યો, આ શ્રાવકપણું. આ શ્રાવકપણું કેવું? આ તો લાખો શ્રાવક અનાદિથી ઘણા વર્ષથી કહે છે. અમે શ્રાવક છીએ.

**શ્રોતા** :- સંખ્યા તો એક કરોડની લખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક કરોડની સંખ્યા હમણા કોક કહેતું હતું. એ સંખ્યા બાંધી છેને ઓલા નહિ જમાદાર કોક છે. બાબુલાલ એણે કીધું હતું. કોક કહેતું હતું. એક કરોડ.

**શ્રોતા** :- દસ કરોડ હોય તોય શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દસ કરોડ હોય તોપણ.. વસ્તુસ્વરૂપ ભગવાન એ આત્મપિંડ ચિદાનંદ સહજાનંદ મૂર્તિ કહ્યુંને? નરૂપાધિસ્વરૂપ. સમજાણું કાંઈ? ઓલામાં કહ્યું. એવો ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી રહિત એવી અંતર દૃષ્ટિ કરીને અંતરમાં અમૃતનો અનુભવ કરે છે, આસ્વાદન કરે છે આ એનું નામ પ્રત્યાખ્યાન, ચારિત્ર અને ધર્મ કહે છે. આહા..હા..!

ભગવાનભાઈ! કેટલા વર્ષથી પ્રત્યાખ્યાન, પડિક્કમણા, સામાયિક, ચોવિસંથો. સાંજ-સવાર કરી કરીને પથરણાય કેટલા ફાટી ગયા લ્યો. ...ઓલામાં ..

**'વળી (આ ૯૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):-'** બોલો.

**(मालिनी)**

**अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो**
**भववनधिसमुत्थं मोहयादःसमूहम्।**
**कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या**
**प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि।।१३४।।**

જળચર ક્યાંથી કાઢ્યું? **'याद'**? **'याद'**નો અર્થ જળચર. શું? પાણી. ..માં થયુંને. **'याद'**નો અર્થ પાણીમાં રહેનારા.

શું કહે છે જુઓ, **'મન-વચન-કાયા સંબંધી...'** મન-વચનના લક્ષે-આશ્રયે ઉત્પન્ન થતાં શુભાશુભભાવ **'અને સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે...'** એટલે મન-વચન-કાયા સંબંધી ઇચ્છા અને ઇન્દ્રિયો સંબંધી ઇચ્છા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના લક્ષે મન, વચન અને કાયા સંબંધી લાગણીનો શુભભાવ **'અને સમસ્ત ઇન્દ્રિયો સંબંધી ઇચ્છાનું જેણે નિયંત્રણ કર્યું છે...'** જેણે **'નિયંત્રણ કરવું = સંયમ કરવું; કાબુ મેળવવો.'** વશ કર્યો છે. શુભભાવને છોડી દીધો છે. અને પોતાનો આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યસ્વભાવ એ સ્વભાવમાં અંતર્મુખ થઈને નિર્મમત્વ અતીન્દ્રિય પર્યાય પ્રગટ કરી છે. એ સમજાણું કાંઈ? એ કેવો છે?

**'એવો હું...'** જુઓ, **'એવો હું...'** એમ કહે છે. મુનિ કહે છે **'એવો હું...'** શુભાશુભ મન-વચન-કાયાની ઇચ્છા એને રોકીને અને ઈન્દ્રિયો સંબંધી ઇચ્છાને રોકીને. **'એવો હું...'** એ તો રોકીને કહ્યું. **'હવે ભગવસાગરમાં ઉત્પન્ન થતાં..'** ભવસાગરમાં ઉત્પન્ન થતા **'મોહરૂપી જળચર પ્રાણીઓના...'** એ શુભાશુભપરિણામ બધા મોહરૂપી જળચર પ્રાણીઓ છે. એ ભવસાગરમાં ઉત્પન્ન થતા. શુભાશુભપરિણામ એ ભવસાગરમાં ઉત્પન્ન થવાવાળા જળચર પ્રાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કોમળતા ને દયા ને સેવા ને ભક્તિ ને પૂજા, પરની સેવા-ભક્તિ કરે છે એમ માને છેને અજ્ઞાની? એમાં જે ભાવ છે એ ભવસાગરના જળચર પ્રાણીનો ભાવ છે. સમજાણું કાંઈ? **'મોહરૂપ જળચર પ્રાણીઓના સમૂહને અને કનક અને યુવતીની વાંછાને...'** લ્યો, કનક અને કામિની બે. **'અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી...'** અતીપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી. પોતાનો આનંદસ્વરૂપ આત્મા, એની એકાગ્રતારૂપી ધ્યાનમયી **'સર્વ શક્તિથી...'** પોતાના શુદ્ધ સર્વની એકતાથી, એકાગ્રતાથી એ શુભાશુભપરિણામરૂપી ભવસાગરના જળચરને છોડું છું. લ્યો આ મુનિ કહે છે. આ લખતા વખતે પણ કહે છે.

**શ્રોતા :-** ...લક્ષ છોડી દીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ છે છૂટ્યા જ છે. દૃષ્ટિમાં આશ્રય આદર ક્યાં છે? સમજાણું કાંઈ? જેટલા શુભાશુભપરિણામ રહિત પરમાનંદ પ્રભુ આત્મા એની અંતર એકાગ્ર કરવાથી જેટલા નિર્મળ પરિણામ થયા એ વડે. એ વડે એ ધ્યાનમયી સર્વશક્તિ વડે '**તજું છું.**' તજું નામ ઉત્પન્ન થતો નથી, એમ. વ્યાખ્યા એમ છે. છોડું છું તો ક્યાં હતું તે છોડે?

**શ્રોતા :-** પ્રત્યાખ્યાન કરું છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રત્યાખ્યાન એટલે આમાં ઠરવું એ પ્રત્યાખ્યાન. બીજું શું? શુદ્ધ સ્વરૂપમાં ઠરવું એનું નામ પ્રત્યાખ્યાન. પણ આ વ્યવહારથી કથન છેને કે શુભાશુભપરિણામને છોડું છું. તો છે ક્યાં હજી? જ્યારે ધ્યાન થયું અંતરમાં ત્યાં છે જ નહિ. છે નહિ એને છોડે કેમ? સમજાણું કાંઈ? પણ પહેલા પ્રગટ હતો અને હું સ્વરૂપની ધ્યાનદૃષ્ટિથી, એકાગ્ર શક્તિ વડે એ શુભાશુભપરિણામ છોડું છું. છોડું નામ એને ઉત્પન્ન થતો નથી. એનો ત્યાગ કરું એનો અર્થ કે સ્વરૂપમાં ઠરું છું. એ ઠરું એ જ ત્યાગ. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલી તો સમજણ કરવી જ કઠણ. આ કર્યા ને આ માન્યા અને આ કર્યા. બહારમાં ધમાલ... ધમાલ... આહા..હા..!

એવી '**વાંછાને અતિપ્રબળ-વિશુદ્ધધ્યાનમયી સર્વશક્તિથી તજું છું.**' એનો અર્થ? પોતાના આનંદસાગરમાં હું ડુબું છું. તો ભવસાગરના જળચર પ્રાણી ઉત્પન્ન થતા નથી એમ કહે છે લ્યો. સમજાણું કાંઈ? મારો ભગવાન આત્મા જુઓ, આ પાંચમા ગુણસ્થાને મુનિને આ દશા હોય છે. સમજાણું કાંઈ? તો મુનિને પંચમ ગુણસ્થાને પણ એ દશા છે. જેટલા આનંદસાગરમાં સ્થિર થયો એટલા ભવસાગરનો ભાવ છૂટી ગયો, એમ કહે છે. સાંભળવું કઠણ પડે અને માણસને એ એકાંત છે. સાંભળને હવે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સ્વ-આશ્રય વિના શાંતિ અને સમાધિ ક્યાંથી આવશે? ચારિત્ર તો સમાધિ છે, શાંતિ છે, આનંદની લહેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્ર એટલે આ લૂગડા છોડી દીધા, નગ્ન થઈ ગયા અને આ કરી લીધું એ ચારિત્ર-ફારિત્રની દશા કે દિ' હતી? એ શ્લોક પૂરો થયો.

હવે ૧૦૦. ૧૦૦ શ્લોક. '**અહીં (આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (-ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.**' ગ્રહણ કરવાયોગ્ય છે. ભગવાન આત્મા એ ગ્રહણ કરવાયોગ્ય છે. પ્રત્યાખ્યાન છેને? ચારિત્રનો અધિકાર છેને? તો પોતાનો આત્મા અખંડાનંદ. એ પુણ્ય-પાપ કાંઈ આત્મા નથી, દેહ કાંઈ આત્મા નથી. આ તો જડ, માટી, ધૂળ છે. શુભ-અશુભ દયા, દાન આદિના પરિણામ કોઈ આત્મા નથી. '**(આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (-ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.**' ગાથા.

**आदा खु मज्झ णाणे आदा म दंसणे चरित्ते य।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।१००।।**

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.**

આહા..હા..! અહીં એ લીધું છે સમજ્યાને? બીજામાં .. લીધું. એ લેશે અર્થમાં. સવારે .. કે આત્મા .. આત્માની પ્રીતિ કરવી. ભગવાન આનંદસ્વરૂપની પ્રીતિ કરવી. પુણ્ય-પાપની પ્રીતિ છોડવી અને આત્માનો અનુભવ કરવો. એ વાત આવી હતીને? એનું કરવું. પુછતાછ.. કીધા? પુછતાછ. અહીં અમારે પૂછ-પરછ એમ ચાલે છે ગુજરાતીમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મા...'** હવે આત્મા કોને કહે છે? લ્યો પંડિતજી! આ આત્મા કોને કહે છે. ભગવાન કહે છે પણ તને નિર્ણયમાં આવવું જોઈએને, એમ કહે છે. તારી પર્યાય અને આત્મા સમીપમાં આવ્યા વિના આત્મા જણાતો નથી. આહા..હા..! **'આત્મા...'** ભગવાન આત્મા **'ખરેખર...'** એટલે ખરેખરમાં, યથાર્થમાં **'અનાદિ-અનંત,...'**

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ નહિ. કોઈ ઉત્પન્ન થયો નથી, કોઈનો નાશ નથી. ભગવાન આત્મા સમજાણું કાંઈ? લે, આત્માનો નાશ નથી થતો એ શું કારણ? સવારમાં છોકરાને પૂછયું બધા છોકરા આટલા આટલા દિ' સાંભળ્યું એં..એં.. થઈ ગયું હતું લ્યો. કેટલા ૨૮ છોકરા આજે હતા. સવારમા. કે આત્મા નાશ ન પામે એનું શું કારણ? પછી માંડ માંડ ગડીયો આવ્યો કે જે શક્તિને નિમિત્તે... પણ એ અસ્તિત્વના કારણે. પણ એનો અર્થ શું? હોવાપણાના ગુણને કારણે હોવાવાળી ચીજ નાશ થતી નથી. ઓલા છોકરા હોયને રસ્તામાં કેટલાક આવે. ફરવું હોયને. કેટલાય હતા. આ તો ૨૮ અને બે સામા આવ્યા. ૩૦ હતા લગભગ. આ પણ પૂછયું હજી મુદ્દાની રકમ. આ બધા શીખવે છેને આખો દિ'! .. એં..એં.. થઈ ગયું. પણ આત્મા છે એનું કારણ શું? આત્મા છે અને નાશ ન થાય, નાશ ન થાય એનું કારણ શું?

**શ્રોતા :-** ભગવાને કીધું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે બોલે પછી બહુ માંડ માંડ કરતા અસ્તિત્વગુણને કારણે. પણ એનો અર્થ શું? હોવાપણાના ગુણને કારણે, હોવાપણાના સામર્થ્યને કારણે આત્મા હોવાપણે ત્રિકાળ રહે છે. સમજાણું કાંઈ? આ બધા શીખવે... એ હોવાપણાનો ગુણ છેને? અસ્તિત્વ ગુણનો અર્થ વિદ્યમાનપણું, હોવાપણું એનો ગુણ છે. ગુણ એવો છે. હોવાપણું, વિદ્યમાનપણાના ગુણને કારણે એ આત્મા ત્રિકાળ વિદ્યમાન રહે છે. ભાષા સાદી જોઈએ કે નહિ? ઓલા અસ્તિત્વ ગુણને કારણે. પણ અસ્તિત્વ શું પણ? જે શક્તિના નિમિત્તે.. એય..! પ્રવિણભાઈ! આવ્યું હતું કે નહિ સવારમાં? પણ બધાય બોલતા નહોતા પછી. મેં કીધું પહેલું તો પૂછવું. કેટલા દિ' થયા હવે આ ૧૯ થયા. કાલે એક દિ' રહ્યો હવે. કે આત્મા નાશ પામતો નથી. કાંઈક પ્રશ્ન હતો હોં. સમજ્યાને? આત્મા શું હતું નહિ? છોટાભાઈ હતા સાથે. આત્મા નાશ પામતો નથી એનો એ છે, એમ ને એમ છે એનું

કારણ શું? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- જાતિસ્મરણનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એના ઉપરથી હતું. એ સાચી વાત. આ છોડીનું. રાજુલને લઈને ઓલો પ્રશ્ન. ત્યાંથી અહીંયાં આવ્યું એમાં શું હતું આ? શું સિદ્ધ થયું? શું થયું એમાં? કયા કારણથી એમ છે? કે આત્મામાં ગુણ એવો છે, ગુણ એવો છે, શક્તિ એવી છે, સામર્થ્ય એવું છે. ગુણ સત્‌નું સત્ત્વ ગુણ છે. દ્રવ્યનું સત્ત્વ, અસ્તિત્વ, હોવાપણાનો ગુણ છે. હોવાપણાથી હોવાપણે કાયમ આત્મા રહે છે. એમ સમજાણું કે નહિ? વજુભાઈ! આ બધા ગોખી જાય છે બિચારા ગોખી જાવ. એ જીવના સાત ભૂલ, .. સાત ભૂલ... કાંઈ એકેય શબ્દની કાંઈ ખબર ન મળે. ગડીયા બે-ત્રણવાર, ચારવાર બોલાવે થઈ રહ્યું. કાંઈ ખબર એકેય નહિ.

**શ્રોતા** :- ષટ્‌દ્રવ્યલક્ષણં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એક શબ્દ પણ. ષટ્‌દ્રવ્યલક્ષણં એ ભાષા થઈ, પણ એનો અર્થ કે એનો ભાવ, એના ભાવમાં એવો એક ભાવ છે કે હોવાપણાનો એક એમાં ભાવ છે, ગુણ છે, શક્તિ છે, સત્‌નું સત્ત્વ છે, દ્રવ્યનું દ્રવત્વભાવ એવો છે. સત્ત્વ છે એવું કે જે સત્ત્વને કારણે એ સત્‌નો નાશ થતો નથી. કહો, સમજાણું કાંઈ? ભાવમાં કાંઈ, ભાષામાં કાંઈ ખ્યાલ આવવો જોઈએ કે નહિ? લ્યો, એમ ને એમ પાઠ ગોખી જાય એકેય શબ્દના અર્થની ખબર ન મળે. ક્યાં ગોખીને પણ નથી સરખું. એકેય શબ્દ પહેલો એને આ જીવની ભૂલ. શું જીવની ભૂલ? જીવ એટલે કોણ કે જીવની ભૂલ? સમજાણું કાંઈ? કે જીવ પોતે પદાર્થ છે. અસ્તિત્વ નામનો ગુણ, હોવાપણાના ગુણને કારણે, કાયમ રહેનારી ચીજ છે. જુઓ, આ અનાદિ-અનંત. સમજાણું કાંઈ? છે એનો ગુણ છે. ગુણ અસ્તિત્વ ગુણ કહો કે જે શક્તિને નિમિત્તે, જે ગુણને કારણે, હોવાપણાના ગુણને કારણે, હોવાપણું કાયમ આત્માનું છે. સમજાણું કાંઈ? શું કીધું?

**શ્રોતા** :- પ્રવેશિકા આજે આવી ગઈ. પ્રવેશિકાનો પહેલો બોલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો ભાઈ બધા છોકરાઓને... આ રાજુલનો પ્રશ્ન ઉઠ્યો હશે. ઓલા કીધું આ છોકરા આ સાંભળ્યું આ? જુઓ, આ ઓલા ભવમાંથી અહીં આવી છે. તો આત્મા છે એ કઈ રીતે છે? ઘણા હતા છોકરાઓ તો. ખાવાનું બે વાર મળે, બેસવાનું ઠુંગો મળે, સવારમાં ગાંઠીયા મળે અને બપોરે કાંઈક મળે લ્યો. પણ એમાં આ શું ચીજ છે? આહા..હા..!

ભાઈ! જુઓ, ભગવાન આચાર્ય કહે છે. **'આત્મા ખરેખર, અનાદ-અનંત,...'** અસ્તિત્વ. હોવાપણાના ગુણને કારણે એની શક્તિ એટલે સ્વભાવ, હોવાપણાની શક્તિ છે, ગુણ છે, સત્ત્વ છે, ભાવ છે, સામર્થ્ય છે. એ કારણે ત્રિકાળ હોવાપણે આત્મા અનાદિ-અનંત રહે છે. સમજાણું કાંઈ? **'અમૂર્ત,...'** છે. લ્યો, એ તો પહેલી વસ્તુ સિદ્ધ કરી હોવાપણું. પણ એ હોવાપણું અમૂર્ત છે, એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. ભગવાન આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એમાં છે જ નહિ ત્રિકાળ.

ત્રણકાળમાં કોઈ દિ' નથી. ઠીક, તો પછી?

**'અતીન્દ્રિયસ્વભાવવાળો...'** જુઓ, એ તો અતીન્દ્રિયસ્વભાવ છે. ઇન્દ્રિયથી, રાગથી, મનથી, ગ્રહી શકાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો... એને થોડો પ્રશ્ન બીજો કર્યો. થોડા અહીંયા હતા. કીધું એના ગુણ બધા વિખાઈ ન જાય એનું કારણ શું? પહેલું તો ગુણ કીધું અસ્તિત્વ. હવે બધા ગુણનો પિંડલો એ ગુણ છૂટા ન પડે એનું કારણ શું? તો ઓલો અગુરુલઘુને લઈને આમ ગોખે, પણ એવા ગુણનું સ્વરૂપ એનું છે એવી એની શક્તિ છે કે જેટલા છે તેટલા એમાં રહે. એમાં ઓછો ન થાય અને વધે નહિ એવી એની એક શક્તિ છે. શક્તિને કારણે અતીન્દ્રિય સ્વભાવવાળા અનંતગુણ એમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય-ઇન્દ્રિયથી રહિત. આહા..હા..! ઇન્દ્રિયથી ગ્રાહ્ય (ન થાય એવો) એ તો અમૂર્ત છેને? અતીન્દ્રિયસ્વભાવવાળો એ, તો એક પરમાણુ પણ અતીન્દ્રિયસ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? પણ એ શુદ્ધ છે, તો પરમાણુ પણ શુદ્ધ છે. હવે મૂળ વાત તો હવે આવશે છેલ્લે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ખરેખર **'અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો,...'** સમજાણું કાંઈ? **'શુદ્ધ,...'** છે. માસ્તરને શીખવાની વાત નથી, આત્માને શીખવાની વાત છે. માસ્તર તો એની રીત પ્રમાણે શીખવતા હોય સૌ એ તો ઠીક. કહો, સમજાણું કાંઈ? એ આવે છે. અહીંયાં તો શુદ્ધ છે. નહિતર આ વિશેષણ તો કાળદ્રવ્યને લાગુ પડે છે. સમજાણું કાંઈ? જે **'અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળો,...'** અને એક કાળાણુ શુદ્ધ છે. પણ હવે એ મુખ્ય જે છે એની વાત કરે છે. આ **'સહજસૌખ્યાત્મક છે.'** આ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! આ તો અહીંયાં જ્ઞાનપ્રધાન ન લેતા આનંદપ્રધાન લીધું. આહા..હા..! આનંદ માટે, આ સુખને માટે તાલાવેલી છેને જગતની? તાલાવેલી. મરીને પણ સુખ લેવું. મરીને હોં. પ્રાણ જાય તો પ્રાણ છોડ. દુઃખ ન જોઈએ, સુખ જોઈએ. પણ સુખ ક્યાં છે? તો કહે છે એ ભગવાન સહજસુખસ્વરૂપ છે. સહજ સ્વભાવિક આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ. ભાષા જુઓ, જ્ઞાનસ્વરૂપ ન લેતા, આનંદ જાણે છે જ્ઞાનને. એટલે એ તો સહજ આનંદમૂર્તિ છે. કોણ? આ આત્મા. ભગવાન આત્મા. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આનંદસ્વરૂપ છે આત્મા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહજ પાછા ઇ સહજસ્વભાવ અતીન્દ્રિયઆનંદરસસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદરૂપ છે, અતીન્દ્રિય આનંદરૂપ છે. આત્મિક છેને? સૌખ્યાત્મક. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી આત્મા કોણ એની ખબર નથી. પોતે કોણ છે? ભગવાન જાણે. માથા ફોડે. જગતની વાત, પણ આત્મા કોણ? સમજાણું કાંઈ? આહા..હા..! કહે છેકે અનાદિ-અનંત ખરેખર અમૂર્ત છે, અતીન્દ્રિયસ્વભાવવાળો છે, શુદ્ધ છે. એટલું તો ઠીક. પણ સહજ

સ્વભાવિક એમાં સ્વભાવ જ અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપ છે. એ અતીન્દ્રિય તો ઓલામાં લઈ લીધું છે એટલે અહીંયાં એકલું સુખ લઈ લીધું.

'**સહજસૌખ્યાત્મક...**' છે. સ્વભાવિક અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? આનંદ રહે છે તો આત્મા સ્વભાવમાં રહે છે. આનંદ ક્યાંય બીજામાં છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- બીજા સાધન કરતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય સાધન નથી. એ આનંદમાં સાધન રહે છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં સાધન રહે છે. એના સાધનથી અતીન્દ્રિય આનંદ પ્રગટે છે. સમજાણું કાંઈ?

હવે કહે છે. ઇ તો વ્યાખ્યા કરી. હવે '**आदा खु मज्झ णाणे**' એ તો '**आदा**' શબ્દ પડ્યો છેને પહેલો '**आदा**' એની વ્યાખ્યા કરી. હવે '**खु मज्झ णाणे**'ની વ્યાખ્યા કરે છે. આવો આત્મા '**સહજ શુદ્ધજ્ઞાનચેતનારૂપે પરિણમેલો...**' આ પર્યાયની વાત ચાલે છે હવે. આ દ્રવ્યની વાત કરી. વસ્તુ એવી છે. હવે એ વસ્તુ મારી પર્યાયમાં કેમ પ્રગટી? કે '**સહજશુદ્ધ...**' રાગ-દ્વેષ કરવા એ કર્મચેતના, હરખ-શોખને ભોગવવા એ કર્મફળચેતના--એનાથી રહિત. પ્રત્યાખ્યાન છેને? '**શુદ્ધ જ્ઞાનચેતનારૂપે...**' ભગવાન આત્મા જુઓ ઓલામાં સૌખ્યસ્વરૂપ લીધું હતું એથી હવે અહીંયાં કીધું સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતનારૂપે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન, આનંદસ્વરૂપ ભગવાન પોતાની પર્યાયમાં એ શુદ્ધજ્ઞાન અને આનંદસ્વરૂપ પરિણતિરૂપે '**પરિણમેલો...**' પરિણમેલો. પોતાની શુદ્ધ ચૈતન્યપરિણતિ પર્યાય અવસ્થારૂપ થયો થકો '**જે હું...**' એવો '**જે હું તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં...**' એ મારું સમ્યગ્જ્ઞાન શુદ્ધપરિણતિમાં એ સમ્યગ્જ્ઞાન શુદ્ધપરિણતિમાં મારા સમ્યગ્જ્ઞાનમાં '**ખરેખર...**' સાચેસાચું કહીએ તો કહે '**તે (આત્મા) છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ?

આ શ્લોક બધે ઘણે ઠેકાણે આવે છે. સમજાણું કાંઈ? ત્યાં આવે છેને સમયસારમાં આવે છે, ભાવપાહુડમાં આવે છે. આત્મા ભગવાન આત્મા. ત્યાં તો એમ લીધું છે કે મારા જ્ઞાનરૂપી કાર્યમાં આત્મા જ છે. સમજાણું કાંઈ? અહીં એ જ કહ્યું, જ્ઞાનચેતના એ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? જેમ પુણ્ય-પાપના ભાવ એ વિકારી કાર્ય છે, હરખ-શોક એ વિકારી કામ છે, એમ જ્ઞાનચેતના નિર્વિકારી કાર્ય છે. તો કહે છે કે '**સહજશુદ્ધજ્ઞાનચેતનારૂપે પરિણમેલો...**' આ ચારિત્ર. આ શુદ્ધ જ્ઞાનચેતનારૂપ પરિણમેલો એ ચારિત્ર. એ સંવર, એ નિર્જરા, એ ધર્મ બધા બોલ લીધા. સમજાણું કાંઈ? તો મારી જ્ઞાનચેતનારૂપે, જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ આનંદસ્વરૂપ આત્મા આ એની જે સમ્યગ્જ્ઞાનરૂપી ચેતનાનું કાર્ય, સમ્યગ્જ્ઞાનરૂપી ચેતનાનું કાર્ય એ જો નથી. એવા કાર્યમાં સહજ જ્ઞાનમાં. મારા સમ્યગ્જ્ઞાનમાં સાચેસાચું કહીએ તો કાર્યનું કારણ આત્મા જ છે. અથવા મારા સમ્યગ્જ્ઞાનમાં આત્મા છે. સમ્યગ્જ્ઞાનમાં આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ આત્મા નથી અને એમાં આત્મા આવતો નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ,

કોમળતાના શુભભાવ એમાં આત્મા નથી, એ આત્મા છે નહિ, એ તો અણાત્મા વિકારભાવ છે. ભારે વાત ભારે!

**'સહજશુદ્ધજ્ઞાનચેતના...'** જુઓ, પર્યાયની વાત કરે છે હોં. પર્યાય મારી એવી છે જેને પ્રત્યાખ્યાન કહે છે. એ બધાના એક-એક બોલ લેશે. સ્વભાવિક શુદ્ધ રાગના અવલંબન વિના એ ચૈતન્ય જ્ઞાયક સુખરૂપના અવલંબનથી, અવલંબનથી અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના આશ્રયે, એના અવલંબનથી અને મારા કાર્યમાં એ કારણ હોવાથી એ સમ્યગ્જ્ઞાનમાં હું આત્મા જ છું. જુઓ, અહીંયાં પર્યાયમાં આત્મા છે એમ કહ્યું. સમજાણું કાંઈ? શુદ્ધસમ્યગ્જ્ઞાન પરિણમ્યું એમાં આત્મા છે. એ સમ્યજ્ઞાનમાં આત્મા આવ્યો છે. આત્મા એ-રૂપ પરિણમ્યો છે. આત્મા એ આવ્યો છે. સમ્યક્જ્ઞાનના કાર્યમાં કારણરૂપ ભગવાન છે. તો કારણ ભગવાન કોઈ કાર્યમાં પરિણમી ગયો છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આ એને સમ્યગ્જ્ઞાન કહે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-એની જ વાત છેને. હજી તો એક-એકના ઘણા બોલ છેને. હજી તો જ્ઞાનની એકની વાત આવી. હજી તો ઘણા છેને. દર્શન ને ચારિત્ર ને પચ્ચખાણ ને સંવર ને યોગને. સમજાણું? છ બોલ છે. અહીં તો પહેલા એ લીધું કે ભાઈ! અમને જ્ઞાન પ્રગટ્યું છે. તો જ્ઞાનની વ્યાખ્યા શું? જ્ઞાનની વ્યાખ્યા શું? કે ભગવાન અનાદિ-અનંત સુખરૂપ પ્રભુ આત્મા એનો આશ્રય કરીને શુભાશુભ પરિણામનું અવલંબન છોડીને એ જ્ઞાનાનંદ ભગવાન એને કારણ બનાવીને પર્યાયમાં સમ્યગ્જ્ઞાનરૂપી પરિણમન થયું એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. કેટલું ભણ્યો એની અહીં વાત નથી. આરે..! આરે..! સમજાણું કાંઈ? કેટલો ભણ્યો છે? કેટલું શીખ્યો છે? કેટલું શીખવતા આવડે છે એ વાત એમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :-ભણતર શું કામનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભણતર કામનું એ પોતાને શાંતિ પ્રગટે એ. ભણતર શું કામનું છે? એમ ભણાવે, ભણે તો આમ ભણાવે એ ભણતર કામના એમ. આ ચોપડીયું બનાવે. હોય તો બધી ધૂળ જેવી.

**શ્રોતા** :- .. ધૂળ જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એના ભાવ પણ બધા ધૂળ જેવા એમ. આ તો ભગવાન આત્મા.. સમજાણું કાંઈ? આ તો નિયમસાર અને આચાર્ય કહે મેં મારા ભાવ નિમિત્તે આ નિયમસાર બનાવ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એવો આ આત્મા અને સર્વજ્ઞ પરમેશ્વર વ્યક્તરૂપે પરમાત્મા આમ ફરમાવતા હતા, સમજાણું કાંઈ? કે તારો આત્મા એને સમ્યગ્જ્ઞાન કહીએ કે જે આત્મા અનંતસુખરૂપ છે એ સુખરૂપનું જ્ઞાન થતાં પોતાની પર્યાયદશામાં આનંદરૂપથી, જ્ઞાનરૂપનું પરિણમન થયું એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અને એ

સમ્યગ્જ્ઞાનમાં આત્મા છે. આત્મા પ્રગટ્યો છે, આત્મા પ્રસિદ્ધ થયો છે કે આ આત્મા. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપ, વિકલ્પ ને વ્યવહારમાં આત્મા આવતો નથી અને એમાં આત્મપ્રસિદ્ધિ થતી નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

**'आदा खु मज्झ णाणे'** મારા જ્ઞાનમાં આત્મા છે. એનો અર્થ? હું ભગવાન આત્માને અનંતસુખરૂપ છે, અનાદિ-અનંત છે, અતન્દ્રિયસ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? શુદ્ધ અનંતસુખરૂપ છે. એવી દૃષ્ટિ કરીને મારા જ્ઞાનમાં પરિણમન સમ્યક્ થઈ ગયું છે. સમ્યગ્જ્ઞાનરૂપી દશા થઈ છે. એ દશામાં આત્મા છે. એ આત્મા પરિણમન કરીને સમ્યગ્જ્ઞાનમાં આવ્યો છે. રાગ પરિણમન કરી સમ્યગ્જ્ઞાનમાં આવ્યું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! શુભભાવ પહેલા કષાય મંદ થયો, સાવદ્યયોગનો ત્યાગ થયો, તો એ પરિણામથી આ સમ્યગ્જ્ઞાન થયું એમ નથી, આહા..હા..! સમજાણું કાંઈ? કે શાસ્ત્ર ભણ્યો અગિયાર અંગ, નવ પૂર્વ સમજાણું કાંઈ? તો એ જ્ઞાન સમ્યક્ છે એમ પણ નહિ. આહા..હા..! ભગવાન આત્મા એકલા અનંત આનંદ સુખસ્વરૂપ એનું મહાન અસ્તિત્વ થનારું અનાદિ-અનંત. એનો આશ્રય કરીને આત્મા જ જ્ઞાન સમ્યક્પણે પરિણમ્યું એના જ્ઞાનમાં આત્મા આવ્યો છે. એ રાગ થઈને કષાય મંદથી સમ્યગ્જ્ઞાન થયું એમ છે નહિ. પરના લક્ષે જે જ્ઞાન ઉત્પન્ન થયું એને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. આહા..હા..! આ તે વાત! ઓલા રાડ નાખી જાય બિચારા. બાહ્ય ત્યાગવાળાને તો અંદર જાણે અરર..! અમારો ત્યાગ ઉડી જાય છે. હતો કે દિ' હવે સાંભળને. સમજાણું કાંઈ?

**'સહજશુદ્ધજ્ઞાનચેતનારૂપે...'** જ્ઞાનચેતનાસ્વરૂપે **'પરિણમેલો...'** પર્યાય **'જે હું...'** એવો પરિણમેલો જે હું. ખ્યાલ આવી ગયું મને સમ્યગ્જ્ઞાન પરિણમ્યું એવો ખ્યાલ આવી ગયો. અરૂપી છેને.

**શ્રોતા :-** .. ખબર પડે કે ન પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કોણ જાણે? આ શું છે? ઓલો પ્રશ્ન નહોતો ભાઈ સમયે-સમયે. એ તો બીજી વાત છે. સમજાણું કાંઈ?

હું **'પરિણમેલો જે હું...'** આહા..હા..! **'તેના (અર્થાત્ મારા) સમ્યગ્જ્ઞાનમાં ખરેખર...'** સાચે સાચું કહએ તો એ સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! પ્રવિણભાઈ! આ ઓલા ભગવાનનું ભજન કરો, ભગવાનનું ભજન કરો. રામ... રામ... રામ.. રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... જાઓ સાક્ષાત્કાર થઈ જશે. ભગવાનનું ભજન કરો ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ધૂળમાંય નથી હવે સાંભળને તારા. આહા..હા..!

**શ્રોતા :-** .... બધું ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગયા? લ્યો, શેઠ કહે છે, ભાઈ! આહા..હા..!

ભાઈ! આત્મા જેમાં આવ્યા વિના એ સમ્યગ્જ્ઞાન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

આહા..હા..! લ્યો, એ જ્ઞાન લીધું. હવે દર્શનની વાતને બીજી ભાષા કહે છે. આમાં આટલું કહ્યું **'સહજશુદ્ધજ્ઞાનચેતનારૂપે પરિણમેલો હું...'** હવે ઓલામાં સમ્યગ્દર્શન છેને? આખા સમ્યગ્દર્શને આત્માને ઝીલ્યો આખો. કહે છે **'પૂજિત...'** પૂજિત. **'પરમપંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...'** પૂજવાલાયક પરમપંચમગતિ જે મોક્ષ એની પ્રાપ્તિના નિમિત્તભૂત **'પંચમભાવ...'** એ **'પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો...'** ઓહો..હો..! ભાષા ફેરવી જુઓ દર્શનનું જોર છેને અંદર? એ મોક્ષમાં પણ પાછું કહે છેને કે સંસારરૂપે સિદ્ધ કેમ નથી પરિણમતા? શ્રદ્ધાનું એટલું જોરથી. આવે છે કે નહિ? ઓલા કહે કર્મને લઈને નહિ. અરે..! સાંભળને સાંભળ. ઓલા કર્મ નથી માટે. શ્રદ્ધાનું એટલું જોર પંચમપારિણામિકભાવની ભાવનારૂપે પરિણમી જાય છે. આ તો મોક્ષમાર્ગ પર્યાય છે. ઓલી પંચમભાવની પૂર્ણ પર્યાય પ્રગટી.

અહીં તો કહે છે કે **'પંચમગતિ પ્રાપ્તિના હેતુભૂત...'** પંચમભાવ એ દ્રવ્ય છે. આ એની ભાવનારૂપે એ પર્યાય છે. સમજાણું કાંઈ? **'પંચમભાવની ભાવનારૂપે...'** એ ત્યાં લીધું જુઓ. પંચમભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી પરમપારિણામિકભાવ, પરમ અસ્તિરૂપ પરમસ્વભાવભાવ એની ભાવનારૂપે **'પરિણમેલો જે હું...'** લ્યો, અહીં તો પોતે મુનિ કહે છે, એવો **'પરિણમેલો જે હું...'** તો આ મુનિને કહે છે કેટલાક અત્યારે નહિ, એ એમ નથી. એની વાણી બરાબર નથી! અરે..! ભગવાન! શું કરે છે તું? હવે તારી કોઈ અજ્ઞાનદશામાં કોઈ ઠેકાણા ન મળે. આચાર્ય પોતે કહે છે કે નહિ **'आदा खु मज्झ णाणे'** પોતે હે છેને કુંદકુંદાચાર્ય? મુનિ પણ પોતે હે છે પદ્મપ્રભમલધારિદેવ. સમજાણું કાંઈ?

**'પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો જે હું...'** એવો જે હું. **'તેના સહજસમ્યગ્દર્શનવિષયે...'** આ પર્યાય છે. સહજસમ્યગ્દર્શન એટલે નિશ્ચયસમ્યગ્દર્શન, શુદ્ધસમ્યગ્દર્શન, પરમાર્થસમ્યગ્દર્શન. **'સહજસમ્યગ્દર્શનવિષયે...'** હવે એ તકરાર પાછી. એ સમ્યગ્દર્શન વિષય ન હોય, ઓલો કહે વિષય ન હોય. એમ તકરાર ચાલતી હતી કેટલાક વચ્ચે. જ્ઞાનમાં વિષય હોય, દર્શનમાં. હવે સાંભળને. ઇ ચર્ચા ચાલતી હતી પહેલી ખૂબ. સ્વભાવિક સમ્યગ્દર્શન. એના વિષયમાં **'(અર્થાત્ મારા સહજસમ્યગ્દર્શનમાં)...'** મારા સહજસમ્યગ્દર્શનમાં ભગવાન પંચમભાવની પંચમગતિની પ્રાપ્તિ હેતુભૂત પંચમભાવની પરણતિ. સમજાણું કાંઈ? એવો પરિણમેલો હું સહજસમ્યગ્દર્શનમાં **'તે (આત્મા) છે;...'** એ સમ્યગ્દર્શનમાં આત્મા આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગુરુથી સમ્યગ્દર્શન, ગુરુથી સમ્યગ્દર્શનમાં ગુરુ નથી આવ્યા, રાગ નથી આવ્યો, વિકલ્પ નથી આવ્યો, એમ કહે છે.

ભગવાન આત્મા જે માથે કહ્યા એવા પંચમગતિના પ્રાપ્તિ હેતુભૂત પંચમભાવની ભાવનારૂપ એવો હું એવી શ્રદ્ધા-સમ્યગ્દર્શન સહજ સ્વભાવિક સહજસમ્યગ્દર્શનના વિષયમાં અથવા સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? આ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન કહે

છે. હજી સમ્યગ્દર્શન એને કહે છે. આ મુનિ પોતે પોતાની વાત કહે છે. કુંદકુંદાચાર્યે કહ્યું '**आदा मे दंसणे**' કહો, હવે મુનિને ખબર ન પડે દર્શનની. અહીં કહે મારા દર્શનમાં આત્મા આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ત્રણકાળમાં ખબર પડતી હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! બધે ત્રણે કાળે ખબર પડે, સાંભળને. એ આત્મા ઉઠીને જાગીને આવ્યો પોતાની દર્શનની પરિણતિમાં. એને ખબર કે આત્મા હું છું. ઓલો કહે ના.. ના... ના... ઇ કાંઈ ખબર પડતી નથી. માળા મૂઢ છો? એ બે બોલ થયા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૧૫, શુક્રવાર, તા.૦૩-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૦, પ્રવચન-૮૨

નિયમસાર શાસ્ત્ર ચાલે છે. એમાં ચારિત્રનો અધિકાર છે. ચારિત્રના પેટા ભેદરૂપે પ્રત્યાખ્યાનનો અધિકાર ચાલે છે. એમાં અહીંયાં ૧૦૦મી ગાથા. બે બોલ આવ્યા છે. શું કહે છે? કે આ આત્મા શુદ્ધ જ્ઞાનચેતનારૂપે થયેલો આ આત્મા. તેમાં એ આત્મા પોતે જ આવેલો છે. '**જે હું તેના સમ્યગ્જ્ઞાનમાં ખરેખર તે (આત્મા) છે;...**' એટલે? કે રાગ-પુણ્ય વિકલ્પ આદિના આશ્રયથી આ જ્ઞાન થયેલું નથી. જે જ્ઞાન અંતરમાં સમ્યક્ થયું તે આત્માને આશ્રય કરીને થયેલું છે. એથી આત્મા કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય એ કાર્યમાં કારણ આત્મા પોતે આવેલો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-- એમાં .. નથી આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કે રાગાદિ એમાં નથી આવ્યું. પરનું ભણતર કર્યું માટે સમ્યગ્જ્ઞાન થયું એમ એમાં એ નથી આવ્યું એમ કહે છે.

**શ્રોતા** :- નિમિત્ત આવ્યું છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્ત એનો અર્થ જ કાંઈ નથી. નિમિત્ત એટલે કે પરચીજ છે. તે એમાં આવતી નથી. સમજાણું કાંઈ? એ વાત આવી ગઈ છે. હવે દર્શન. આ તો ચારિત્રનો વિષય છે.

'**પૂજિત પરમપંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...**' પંચમભાવની ભાવના આ હેતુ. '**પૂજિત પરમપંચમગતિ...**' એટલે મોક્ષ. એની પ્રાપ્તિનું કારણ. કોણ? કે '**પંચમભાવની ભાવનારૂપે પરિણમેલો તે...**' એટલે શું કહ્યું? ભગવાન પરમસ્વભાવ શુદ્ધ ચૈતન્ય એ પરમપારિણામિક સ્વભાવમાં એકાગ્ર થયેલી દશા એ જ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? એમાં વ્યવહારરત્નત્રય

આદિ એ મુક્તિનું કારણ નથી એમ અહીંયાં સિદ્ધ કરે છે. કારણ નથી એને કહેવું એ વ્યવહારનયનો વિષય છે. કહો, સમજાય છે કાંઈ? કહે છે **'પૂજિત...'** પરમગતિ પૂજિત હોં પાંચમી ગતિ, મોક્ષ ગતિ. એની પ્રાપ્તિનું કારણ, મોક્ષની નિર્મળ આનંદની પૂર્ણદશાની પ્રાપ્તિનો હેતુ પંચમભાવની ભાવના. જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ ધ્રુવ એની એકાગ્રતા, એની ભાવના, એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી જે પંચમભાવની એકાગ્રતારૂપ ભાવના એ જ મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રય જે એને નિમિત્તરૂપે કહ્યું હતું એ નિમિત્તરૂપે પણ આમાં મોક્ષના કારણમાં નથી. નથી એથી એને કહ્યું કે એ નિમિત્ત એ કારણમાં આવતું નથી. સમજાણું કાંઈ? એકલો પ્રભુ ચૈતન્યસ્વરૂપે ભગવાન ભરેલો એના સ્વરૂપની એકાગ્રતાની પંચમભાવની પરિણતિ, એકાકારની ભાવના બસ એ મુક્તિનું એક જ કારણ છે. કહો, સમજાય છે કાંઈ?

'એવા ભાવનારૂપે થયેલો જે હું' એમ પાછું કહ્યું. **'તેના સહજસમ્યગ્દર્શનવિષયે...'** એમાં સમ્યગ્જ્ઞાનમાં ખરેખર આત્મા એમ કહ્યું હતું. અહીં **'સમ્યગ્દર્શનવિષયે...'** એટલે કે સમ્યગ્દર્શનમાં **'તે (આત્મા) છે;...'** ભગવાન આત્મા એની સન્મુખતાની પ્રતીતમાં તે પોતે જ આત્મા તેમાં આવ્યો છે સ્વભાવરૂપ પરિણમન થઈને, એમ કહે છે. ભારે વિષય! એકલો ચૈતન્ય ગોળો, ચૈતન્ય પિંડ બ્રહ્મ આનંદસ્વરૂપ એનું પરિણમન જે એકાકાર થયું એમાં સમ્યગ્દર્શન જે થયું એ સમ્યગ્દર્શનનો વિષય અથવા સમ્યગ્દર્શનમાં એ આત્મા આવ્યો. અથવા સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય અથવા સમ્યગ્દર્શનની પરિણતિમાં આત્મા પરિણમ્યો છે એ રૂપે. સમજાય છે કાંઈ? વ્યવહાર વિકલ્પ અને નિમિત્ત સંહનન એ કાંઈ એમાં આવ્યા નથી કે એને લઈને પરિણમન થાય. સમજાણું કાંઈ આમાં?

સહજસમ્યગ્દર્શનના સ્થાનમાં, સમ્યગ્દર્શનમાં **'તે (આત્મા) છે;...'** ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ એનો અંતર વિષય કરીને જે સમ્યગ્દર્શન પ્રગટ્યું કહે છે કે એ સમ્યગ્દર્શનમાં એ આત્મા આવ્યો છે. સ્વભાવ શુદ્ધ છે એનું પરિણમન એમાં આવ્યું છે. ભારે! આ વ્યવહાર અને નિમિત્તના તો ભુક્કા ઉડે છે આમાં. ભુક્કા નહિ, છે એમ એનું જ્ઞાન થાય છે. ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. હવે આજે ચારિત્રની વ્યાખ્યા છે. **'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત...'** અહીં તો ચારિત્ર છે એ સાક્ષાત્ નિર્વાણને ઓપ્યું છે. જુઓ, ત્યાં શબ્દ એ વાપર્યો છે. આહા..હા..! ભગવાન આત્મા એની સન્મુખની પ્રતીત, સમ્યગ્દર્શન એના સન્મુખનું અંતરનું સમ્યગ્જ્ઞાન એ મુક્તિનું કારણ ખરું, પણ સાક્ષાત્ મુક્તિનું કારણ ચારિત્ર છે.

**શ્રોતા :-** ... ત્યારે મુક્તિ થાય છે. ... તત્કાળ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્યારે મુક્તિ થાય. ચારિત્ર વિના મુક્તિ હોય નહિ. તત્કાળ. કારણ પૂર્ણ થયું, ચારિત્રની પર્યાય પૂર્ણ થઈ કે મુક્તિ થઈ બસ. સમજાય છે કાંઈ?

**'સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત...'** જુઓ, સાક્ષાત્ મોક્ષનો ઉપાયભૂત **'નિજસ્વરૂપમાં**

**અવિચળ સ્થિતિરૂપ...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ એમાં અવિચળ, ન ચળે તેવી સ્થિતિ. આહા..હા..! નિજસ્વરૂપમાં, પોતાનું સ્વરૂપ જે છે શુદ્ધ સત્... સત્... સત્... સત્... સત્... શુદ્ધ એના '**નિજસ્વરૂપમાં અવિચળ...**' અવિચળ-વિશેષે ચળવું નહિ, સ્થિર એવી '**સ્થિતિરૂપ સહજપરમ ચારિત્ર પરિણતિવાળો...**' મુનિ પોતે, આચાર્ય પોતે કહે છે કે હું આવો. '**आदा खु मज्झ चरित्ते**' કુંદકુંદાચાર્ય કહે '**आदा खु मज्झ चरित्ते**' મારા ચારિત્રની રમણતામાં એ આત્મા આવ્યો છે. કોઈ પુણ્ય-પાપના વિકલ્પ કે એનું પરિણમન એમાં આવ્યું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે અહીંયાં તો અત્યારે કહે, આમ મુનિ આમ ભલે કહે, પણ ઇ અત્યારે તો સાતમા ગુણસ્થાન સુધી તો શુભયોગ જ હોય. પછી એમ કહે. અહીં તો કહે છે કે છઠ્ઠે હું કહું છું એમાં મારા ચારિત્રમાં આત્મા છે સાંભળને. શુભયોગ મારા ચારિત્રમાં છે નહિ. કોણ જાણે કયા ગુણસ્થાનની આ વાત કરતા હશે, એમ અંદર માનતા હશે. આઠમા ગુણસ્થાનની. આ નહિ... આ નહિ...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હો, અહીં આત્માથી થાય છે. એ કહે કે શુભરાગથી થાય છે. શુભ ઉપયોગથી થાય છે લ્યો એમ કહે છે. અહીં તો કહે છે કે સાક્ષાત્ નિર્વાણ નામ મુક્તિ, એના પ્રાપ્તિનો ઉપાય '**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજપરમચારિત્રપરિણતિવાળો...**' સ્વભાવિક શુદ્ધતાની પરિણતિ વીતરાગદશા... વીતરાગદશા એવો જે હું. એવો જે હું. આહા..હા..! મુનિને પોતાની ચારિત્રની ખાત્રી થાય છે. હું પોતે આત્મા સહજચારિત્રરૂપે પરિણમેલો તેનો કર્તા હું છું. સમજાય છે કાંઈ? ઓલા વ્યવહારરત્નત્રય, કષાય મંદ અને પંચમહાવ્રતના પરિણામ હતા માટે હું ચારિત્રની પરિણતિવાળો છું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ વાત! આત્મા એટલે સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ અનંતગુણની સમૃદ્ધિસ્વરૂપ એવો ભગવાન એ પોતાની રમણતામાં અવિચળ સ્થિતિમાં એ પોતે આત્મા જ પરિણતિરૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? એમાં પંચમહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો એ ચારિત્રને બિલકુલ મદદ કરતા નથી એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

એવો સ્વભાવિક. જુઓ અહીં વર્તમાન પર્યાયને પણ સ્વભાવિક કહે છે. સ્વભાવિક મારી દશા, શુદ્ધજ્ઞાનરૂપે, આનંદરૂપે, શ્રદ્ધારૂપે, શાંતિરૂપે જે અવિચળ સ્થિતિરૂપે પરિણમનની પર્યાયરૂપે એવો '**પરિણતિવાળો જે હું...**' લ્યો ઓલા કેટલાક એમ કહે કે એ 'હું' એમ કાઢી નાખો. પણ અહીં તો અસ્તિત્વની સિદ્ધિ કરે છે. કે 'હું' એ અભિમાન છે. એ ભેદ પડે છે વળી એમ કહે. પણ અહીં તો સમજાવું ભેદ એટલે? પાછું બધું એક એમ. 'હું આ' એમ નહિ, 'મારી આ શ્રદ્ધા' એમ નહિ. અત્યારે હાંકે છેને એવું? અહીં તો કહે છે કે હું. પાઠમાં લીધુંને. '**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य**' મારું ભગવાનસ્વરૂપ આત્માનું. એની જે વીતરાગપરિણતિ રાગથી ઉદાસીન વીતરાગદશારૂપે મારા આત્માનું થવું એક સાક્ષાત્ ચારિત્ર મોક્ષનો ઉપાય એમાં હું આવેલો છું.

આત્મા એ રૂપે થયેલો છે. સમજાણું કાંઈ? એ સંહનન અને મનુષ્યદેહ એ હતા તો ચારિત્રનું પરિણમન થયું એમ નથી. હું હતો તો થયું એમ કહે છે, ભાઈ! આહા..હા..! એ શરીર અને સંહનની મજબુતાઈ વજ્રઋષભનારાચ હોય તો ચારિત્ર થાય, કેવળજ્ઞાન થાય, મુક્તિનો ઉપાય પ્રગટ થાય અને આ થાય. અહીં કહે છે કે એ વાતું બધી નિમિત્તનું જ્ઞાન કરવાની હતી. વસ્તુનું સ્વરૂપ ભગવાન આત્મા પોતાના ચરિત્રમાં રમતા... રમતા... પોતાના નિજઘરમાં રમતો પ્રભુ. પોતે જ રમણતાના અવિચળ સ્થિતિમાં આત્મા જ આવેલો. અહીં તો બીજી થોડી ભાષા કરશે.

'**તેના સહજચારિત્રમાં પણ...**' એ મારા સહજસ્વરૂપમાં પણ '**તે પરમાત્મા સદા સંનિહિત છે;...**' ભાષા ફેરવી છે. મારા '**ચારિત્રમાં પણ તે પરમાત્મા...**' એટલે ત્રિકાળીસ્વરૂપ સદા નિકટ જ વર્તે છે. આહા..હા..! '**પરમાત્મા સદા સંનિહિત...**' સંનિહિત-સમીપ-નિકટ વર્તે છે. મારી વીતરાગી પરિણતિમાં પ્રભુ પરમાત્મા નિકટ-સમીપમાં વર્તે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ એને બફમ જેવું લાગે. આ શું છે? ત્રણલોકનો નાથ જેના એક જ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી જેની તાકાત, એવી અનંતી પર્યાય જેના એક ગુણમાં પડી એવા અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા છે. એ અહીંયાં પરમાત્મા કહે છે કે મારા ચારિત્રમાં તે પરમાત્મા ત્રિકાળી સ્વરૂપ સદા નજીક છે, સદા નિકટ છે. એનું જ પરિણમન આત્મા પોતે ચારિત્રરૂપે થાય છે. નિકટમાં એ છે. રાગાદિ બધા વેગળા રહી જાય છે. લ્યો શેઠ! આ ચારિત્ર. આ લૂગડા ફેરવ્યા અને આ નગ્ન થઈ ગયા થઈ ગયા (એટલે) ચારિત્ર લ્યો!

**શ્રોતા** :- નિકટ ક્ષેત્ર બતાવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્મા ભાવ બતાવે છે. ક્ષેત્ર શું બતાવે? પરમાત્મા પૂર્ણ સ્વરૂપ ધ્રુવ એ મારી પરિણતિમાં નિકટ છે. મારો ભાવ પૂર્ણ એ પરિણતિમાં નિકટ છે. સમજાણું કાંઈ? પણ નિકટ છે એનો અર્થ થયોને પણ. મારી ચારિત્રની દશામાં હું પોતે જ સમીપ છું. શુદ્ધ ધ્રુવ સમીપમાં છે. તેથી ચારિત્રનું પરિણમન છે. રાગ સમીપમાં છે માટે ચારિત્રનું પરિણમન છે, પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે માટે આ ચારિત્રનું પરિણમન છે એમ નથી. સમજાણું કાંઈ? ઓલા તો અત્યારે એમ કહે છે કે પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ શું કરવા પાળ્યા કુંદકુંદાચાર્યે? એ ચારિત્ર છે. ચારિત્ર હતું તો પાળ્યું. મુક્તિનું કારણ છે. બિલકુલ નથી, સાંભળને હવે. એ વ્રતના વિકલ્પ ઉઠે એ તો રાગ છે. રાગ એ કાંઈ મુક્તિનો ઉપાય નથી. અને રાગમાં તો પુદ્ગલ સમીપમાં, કર્મ સમીપમાં છે. સમજાય છે કાંઈ? સ્વભાવિક ભગવાન આત્મા એનું સ્વભાવિક મુક્તિના કારણરૂપે ચારિત્ર ચરવું, સ્વરૂપમાં રમવું, આનંદની લહેરમાં રમવું એ રમણતામાં મારો પરમાત્મા સમીપ, નિકટ, નિકટ એક અભેદરૂપે પરિણમેલો નજીકમાં એ છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ શું હશે? પ્રવિણભાઈ! એની એને ગતાગમની ખબર પડતી નથી. આ તે કોણ છે? આ શું છે લ્યો.

સચ્ચિદાનંદ એકલો આનંદ નિત્યાનંદ પ્રભુ. પહેલું માથે કહ્યું હતું શુદ્ધ સહજસૌખ્યાત્મક. સ્વભાવિક આનંદસ્વરૂપ પ્રભુ આ જગતના ભોગ અને આબરૂના આનંદનો વિકલ્પ તો ઝેર છે. એ ઝેરમાં ભગવાન ઘોળાઈને આઘો--સમીપમાં ન રહે તો દૂર થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો અનાકુળ આનંદની મૂર્તિ છેને આત્મા. સમજાણું? એની શુદ્ધદશાના પરિણતિના પર્યાયમાં, વીતરાગીદશામાં કે જે વીતરાગીદશા સાક્ષાત્ મુક્તિના સાક્ષાત્ ઉપાયભૂત કારણ છે એમાં તો આત્મા સમીપમાં છે, જ્ઞાયકભાવ તદ્રૂપે પરિણમ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે '**आदा मे पच्चक्खाणे**' હવે પચ્ચખાણની વ્યાખ્યા કરે છે. અધિકાર પ્રત્યાખ્યાનનો છે. આ અધિકાર પ્રત્યાખ્યાનનો છે. હવે એ પ્રત્યાખ્યાન ખરું શું? કે '**ભેદવિજ્ઞાની,...**' હું. જુઓ, રાગ અને વિકલ્પ જે વ્યવહારના, જે વ્રતાદિનું કહ્યું કે મારે ત્યાગ છે અવ્રતનો કે આ પાપનો એવો જે વિકલ્પ, એ વિકલ્પથી પણ હું ભિન્ન એવો હું '**ભેદવિજ્ઞાની,...**' એમ પહેલો શબ્દ વાપર્યો છે. સમજાય છે કાંઈ? '**ભેદવિજ્ઞાની, પરદ્રવ્યથી પરાઙ્મુખ...**' હું ભેદવિજ્ઞાની. રાગ, પુણ્ય આદિના ભાવથી મારી ચીજ ભિન્ન છે. એવો હું ભેદવિજ્ઞાની-સમ્યગ્જ્ઞાની '**પરદ્રવ્યથી પરાઙ્મુખ...**' છું. એ રાગાદિ, વિકલ્પાદિ, પુણ્ય-પાપના પરિણામ આદિથી પરાઙ્મુખ છું. સમજાય છે કાંઈ? '**પરદ્રવ્યથી પરાઙ્મુખ અને પંચેન્દ્રિયના ફેલાવરહિત...**' મુનિ છેને પોતે? '**દેહમાત્રપરિગ્રહવાળો...**' મુનિને તો એક દેહમાત્ર નિમિત્ત હોય છે. મુનિને બીજું કાંઈ હોતું નથી. એ મુનિને વસ્ત્ર અને પાત્ર હોય એને મુનિ કહેવાતા નથી. અને વસ્ત્ર-પાત્ર હોય અને મુનિ માને છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, એમ કહે છે. આહા..હા..! પંડિતજી! ભારે વાત! આ બધા માનનારા ખોટા હશે? અનંતવાર ખોટા સાંભળને!

અહીં તો 'એક દેહમાત્ર સંયમ હેતુ હોય જો' આવ્યું હતુંને? 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો. અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ. દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' શ્રીમદ્ રાજચંદ્ર. અપૂર્વ. આહા..હા..! સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, લાખોના મોતીના વેપાર હોવા છતાં એમાં હું નથી હોં. આ નહિ હોં. સમજાય છે? હું છું ત્યાં આ નથી અને આ છે ત્યાં હું નથી. હવે મારે ચારિત્રની દશા સર્વભાવથી ઉદાસીન. સર્વ પદાર્થથી ઉદાસીન, ઉપેક્ષાવૃત્તિ થઈ માત્ર દેહ સંયમ હેતુ એમ પોકાર એ કરી ગયા છે. સમજાણું કાંઈ? માત્ર દેહ, એક દેહ સંયમ.

અહીં કહે છે કે હું પાંચ ઇન્દ્રિય છે, આ દેહ છે, પણ પાંચ ઇન્દ્રિયના ખંડ-ખંડ વિષયના ફેલાવથી હું રહિત છું. હું તો અતીન્દ્રિય આત્માની એકતામાં રહેલો છું. આહા..હા..! સમજાય છે કાંઈ? જેને સ્પર્શ ઇન્દ્રિયનો વિસ્તાર જ જ્યાં લક્ષ નથી એમ કહે છે. એને વળી વસ્ત્ર ઢાંકવા અને એને પાત્રથી આહાર લેવા જવું એ મુનિને હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પાણીપાત્ર એ દિગંબર!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાણીપાત્ર દિગંબર! ઓહો..હો..! અહીં તો એક દેહ જ લીધો. પાત્ર-ફાત્ર. એ પાણી પછી. દેહ છે એટલું બસ. આટલી વાત છે.

એ '**પંચેન્દ્રિયના ફેલાવરહિત...**' અહીં તો કહેવું છે શું? કે પાંચ ઇન્દ્રિયમાં સ્પર્શ ઇન્દ્રિય એનો વિષય જે છે આ એના ફેલાવરહિત છું. એના તરફના પ્રસરરહિત છું. અતીન્દ્રિય ભગવાન આત્માની એકતાસહિત છું. આહા..હા..! એને આખો દેહમાંથી આમ ભિન્ન જ્યાં ચૈતન્ય ગોળો સ્થિરતામાં પરિણમે છે મુનિદશામાં આખો ગોળો ચૈતન્ય પ્રભુ પાંચ ઇન્દ્રિયથી ભિન્ન ખંડ-ખંડ અને જડ અને વિષયોથી ભિન્ન પરિણમે છે. કહે છે કે પાંચ ઇન્દ્રિયના વિસ્તારથી રહિત. આ ઇન્દ્રિય આ લક્ષ જઈને આ એવું મારે નથી. અખંડાનંદ પ્રભુ અતીન્દ્રિય પ્રભુ આત્મા એમાં એકાકારથી તેના વિસ્તારથી રહિત, પંચેન્દ્રિયાના વિષયના વેપારના ફેલાવરહિત. સમજાય છે કાંઈ? હજી મુનિપણું કેવું હોય એની ખબર ન મળે અને થઈ ગયા મુનિ એને દીક્ષા. માને કે અમે મુનિ છીએ. મિથ્યાત્વને પોષે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- મુનિ મિથ્યાત્વને પોષે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મુનિ હતો કે દિ'? નામ ધરાવે. ભગવાન આત્મા મુનિપણું એટલે ચારિત્રપણું એટલે, પ્રત્યાખ્યાન પણું એટલે ઇ વાત તો કરે છે અહીંયાં. ચિદાનંદસ્વરૂપ ભગવાન પાંચ ઇન્દ્રિયના લક્ષના વિસ્તારથી તો રહિત થઈ ગયો છે.

એવો '**દેહમાત્રપરિગ્રહવાળો...**' એટલે છે એમ. દેહમાત્ર એક નિમિત્તપણે છે. '**જે હું...**' એવો હું. જુઓ, આ દિગંબર મુનિ પદ્મપ્રભમલધારિદેવ અને કુંદકુંદાચાર્ય '**आदा पच्चक्खाणे**' એમ કહ્યુંને? મારા પ્રત્યાખ્યાનમાં આત્મા છે. એ વસ્ત્ર-પાત્રનો વિકલ્પ અને વસ્ત્ર છે તો આ પ્રત્યાખ્યાન છે એમ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે ઇ વસ્ત્ર પણ શરીરને નભાવવા માટે છે. સહન ન થઈ શકે ટાઢ. પણ એનો અર્થ શું થયો? હું કોનું નભાવ? ચારિત્રનું નભાવ? ત્યાં? એ તો મૂર્છા છે. રાગ એટલો જે વસ્ત્ર લેવા એ તો મૂર્છા છે. એ પરિગ્રહભાવ મૂર્છા પરિગ્રહ છે. એટલો પરિગ્રહ જ્યાં .. ત્યાં મુનિદશા આવે એમ ત્રણકાળમાં બને નહિ.

**શ્રોતા** :- ચારિત્રનો હેતુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય હેતુ નથી. રાગનો હેતુ, બંધનો હેતુ છે. સમજાય છે? .. એમ ઘણી ચર્ચા ચાલી હતીને અમારે ઘણી? એમાં આવે છેને? એટલામાં આવે છે. મૂર્છા પરિગ્રહ કહ્યો. વસ્ત્રની ક્યાં પણ તારી વસ્ત્ર ઉપર વૃત્તિ થઈ એ મૂર્છા છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મૂર્છા નથી પછી એનો અર્થ શું? તો ગમે તેની સોડમાં સૂવો, (અને માનો કે) મૂર્છા નથી. ત્રણકાળમાં બને નહિ. અહીં તો કહે છે કે સ્ત્રીના સંગનો પરિચય તને ઉઠ્યો

વિકલ્પ કેનો આવ્યો? 'એના સંગમાં રહું મને વાંધો નથી' આવો વિકલ્પ કેમ છે તને? સમજાય છે કાંઈ? પરીક્ષા કરું. હું એવામાં રહી પણ પરીક્ષા કઈ કરવી છે તારે? કે સ્ત્રીના સંગમાં રહીએ અને બ્રહ્મચર્ય પાળીએ ત્યારે શંકા. અરે..! મૂઢ! એમ ન હોય સાંભળને. સંગ કરવાની વૃત્તિ થઈ ત્યાં કાટ પડી તને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અહીં તો વસ્ત્ર લેવાની વૃત્તિ થઈ ત્યાં જ ચારિત્ર રહ્યું નથી અને ચારિત્ર માને તો તે મિથ્યાદૃષ્ટિ, મૂઢ અજ્ઞાની છે. મોક્ષતત્ત્વને જાણતો નથી કે કેવી નિર્મળદશા તે મુક્તિનું કારણ હોય! વસ્ત્રસહિતનો રાગ એ ચારિત્ર નથી અને મુક્તિનું કારણ માને તો મુક્તિ કાર્યને સમજતો નથી, એના કારણને સમજતો નથી, તેના એ વખતે રાગની મંદતા કેટલી હોય તે આસ્રવને પણ સમજતો નથી અને આસ્રવ એટલો ટળ્યો તો નિમિત્ત કેટલું રહે અને કેટલું નિમિત્ત છૂટે એવા સંયોગનું પણ જ્ઞાન એને સાચું છે નહિ. સમજાય છે કાંઈ? પોકાર મુનિ કરે છે. ઓલા કહે કે બહુ સરળ માને બધું. શું માને પણ આમાં? ચારિત્ર નથી અને ચારિત્ર માને, મનાવે ત્યાં શું માને છે? શેઠ! બધી વાત કબુલ કરે. શું કબુલ છે એને? ક્યાં કરી છે એણે?

ચારિત્રની દશા છઠ્ઠે ગુણસ્થાને કેટલી અને કેવી હોય એની જેને ખબર નથી એ મનાવે છે એને એકેય વાત બેઠી છે ક્યાં હજી? સમજાણું કાંઈ આમાં? જેની ચારિત્ર એટલે સંવરની ઉગ્રતામાં કેટલો રાગની મંદતાનો વિકલ્પ મંદરૂપે એક આહાર-પાણી લેવાની વૃત્તિ રહી જાય, બસ. એટલી જેની સંવર દશા છે એ સમ્યગ્દર્શનપૂર્વક આવી દશા એ દશાની જેને ખબર નથી એને એકેય તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આપની ... ઝીણું અને ઉંડું!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ઉંડું નહિ ઇ છે જ એવું. વળી ઝીણું અને ઉંડું શું? જુઓ, કહે છે કે મારો આત્મા પરદ્રવ્યથી પરાઙ્મુખ ત્યારે ઓલો પરાઙ્મુખ છે તો આ એક રહ્યું છેને. ઇ કહે છે. રહ્યું છે પંચેન્દ્રિયના વિસ્તારરહિત દેહમાત્ર રહ્યો છે એમ કહે છે, એમ. રહિત એક દેહમાત્ર રહ્યો છે. આહા..હા..!

**'જે હું તેના નિશ્ચયપ્રત્યાખ્યાનમાં...'** મારા સાચા પ્રત્યાખ્યાનમાં, મારા સાચા ચારિત્રમાં, મારા સાચા રાગના અભાવરૂપ ત્યાગમાં **'કે જે (નિશ્ચયપ્રત્યાખ્યાન)...'** જુઓ, હવે બોલ લે છે. **'શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ અને દુખ...'** એ છ બોલ. આહા..હા..! **'એ છના સકળસંન્યાસ્વરૂપ છે...'** જુઓ, શુભ-અશુભપરિણામ, પુણ્ય-પાપ બંધ, સુખ-દુઃખ સંયોગ અને વિકલ્પ. છએથી રહિત હું છું. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એનો ત્યાગ, પુણ્ય-પાપ એનું બંધન એનો ત્યાગ. સુખ-દુઃખનો સંયોગ એનો ત્યાગ. એ વખતે સુખ-દુઃખની કલ્પના થવી તેનો ત્યાગ. સમજાણું કાંઈ? આ એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં આવે છે. લ્યો, આ ચારિત્ર! ચારિત્રની દશામાં હું કેમ આવ્યો? આટલા ટળ્યા છે એટલે આમ આત્મા એ બાજુમાં ચારિત્રરૂપે આવ્યો છું, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું પણ ..ને એવી લાગે કે આમાં ફેર

શું પડ્યો? ફેર પડ્યો આખા નવેય તત્ત્વો, સાંભળને. શુભ-અશુભપરિણામ.. હજી પ્રત્યાખ્યાનની વાત કરે છે હોં. પછી કરશે બીજી હજી સંવર-નિર્જરાની. શુભ-અશુભભાવ એ સકળસંન્યાસ છે મારે તો. સકળસંન્યાસ્વરૂપ છે. શુભાશુભભાવનો સકળ સંન્યાસ્વરૂપ છે. સર્વસ્વ ત્યાગસ્વરૂપ છે.

**શ્રોતા** :- શુભથી તો સંવર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, શુભથી સંવર થાય લ્યો એને.

**શ્રોતા** :- એનો ત્યાગ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કરે? જૈનદર્શનમાં અત્યારે આવા ફાંટા પડ્યા. બબ્બે ફાટા પડી ગયા તોપણ કોઈ ઇન્દ્ર આવ્યું નહિ, દેવ ન આવ્યું, સર્વાર્થયોગના જીવોની દશા એમાં શું થાય? જે જાતનો પ્રવાહ ચાલતો હોય તે જાતની યોગ્યતા જે હોય એમાં ઇન્દ્ર શું કરે અને ત્રણ જ્ઞાનના ધણીને ખ્યાલમાં આવે તોપણ શું કરે? સમજાય છે? બે ફાંટા પડી ગયા ફડાક દઈને મોટા. સ્ત્રીને તીર્થંકર ઠરાવનાર. તોયપણ કોઈ ઉતર્યું નહિ. એલા! ત્રણલોકના નાથ તીર્થંકરને બાયડી ઠરાવીને એને ઓઢણું ઓઢાડી દીધું. તારે માથે એને. એને માથે ઓઢાડી દીધું. ત્રણલોકનો નાથ તીર્થંકર. આહા..હા..!

આ હું તે પણ કોણ? આ તો આવી સ્થિતિમાં બે ભંગ પડ્યા. અરે..! પવિત્ર માર્ગના ખંડ પડ્યા. તોય ત્યાં (કોઈ ન આવ્યું!) એ પણ જીવો જ એ પરિણતિવાળા હોય એને એ પરિણતિ કોણ રોકે? સમજાય છે કાંઈ? જુઓને મુનિ પોતે કહે છે '**आदा पच्चक्खाणे**' ભાઈ! એ પચ્ચખાણમાં ત્યાગ કેનો વર્ત્યો? કે શુભાશુભભાવનો, પુણ્ય-પાપના બંધનનો અને તેના ફળનો ત્યાગ વર્ત્યો છે. શુભાશુભભાવ એનું બંધન, ફળ સંયોગ. બસ છએ આવી ગઈ. એ છએનો હારડો. શુભ-અશુભભાવ, પુણ્ય-પાપનું બંધન, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ છએનો મારે અંતરના પ્રત્યાખ્યાનમાં છએનો ત્યાગ વર્તે છે. સમજાણું કાંઈ?

**'એ છના સકળસંન્યાસ્વરૂપ છે (અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે)...'** જુઓ, '**તેમાં–તે આત્મા સદા આસન્ન રહેલો છે;...**' મારો આત્મા ભગવાન એના સમીપમાં-પરિણતિમાં રહેલો છે. એ મારા પ્રત્યાખ્યાનમાં આત્મા રહેલો છે એ શુભ અને અશુભનો તો સંન્યાસ થઈ ગયો છે. સમજાણું કાંઈ? જુઓ, આ મુનિ. આ ૭૦૦-૮૦૦ વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્ય પછી થયા છે. મુનિ પોકાર કરે છે કે અમે આવા ચારિત્રવંત આવા છીએ હોં. અમે આમ છીએ. કેમ? કે શુભાશુભપરિણામના અભાવરૂપ સ્વભાવરૂપ અમારું પરિણમન થયું છે. એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. હવે અહીં તો પ્રત્યાખ્યાન કોને કહેવું એની ખબર નહિ. બે હાથ જોડીને ઉભો, પાંચ આસ્રવ સેવાના પચ્ચખાણ લ્યો થઈ ગયું જાવ. આ સામાયિક કરી સર્વસાવદ્યયોગ કર્મે ભંતે સામાયિક સાવદ્યયોગ પચ્ચખાણ. ... ભગવાનભાઈ! ... અપ્પાણં વોસરે.

અહીં કહે છે કે મેં આત્માને વોસરાવ્યો, પણ કેવો? શુભાશુભપરિણામવાળી દશા એના

ત્યાગરૂપે મેં આત્માને આ રીતે વોસરાવ્યો છે પરના અશુદ્ધભાવને. સમજાણું કાંઈ? ઓલાને કાંઈ ખબર ન મળે. તાવકાયં ઠાણેણં માણેણં.. કાયોત્સર્ગ કરવા બેઠા કાયોત્સર્ગ. શેની પણ તાવકાયં? હજી તને ખબર ન મળે આત્મા શું? આત્માની શક્તિ શું? એની પરિણતિ કોને અવલંબે નિર્મળ થાય? અને કોને અવલંબને મલિન થાય? એવા ભેદની ખબર ન મળે અને તું કહે કે મારે કાયોત્સર્ગ થઈ ગયો. સમજાણું કાંઈ? ભગવાન સામે ઉભા રહે આ તો આમ લ્યો. તાવકાંય ઠાણેણં માણેણં અપ્પાણં... કાયોત્સર્ગ કર્યા હશે કે નહિ? ધીરૂભાઈ! ઇ ઓછા ખોટા ઇ.

અહીં તો કહે છે કે પ્રભુ! એકકોર પ્રભુ આત્મા અનંતગુણ સંપન્ન, એના પ્રત્યાખ્યાન એટલે સ્વરૂપની ચારિત્રદશાની પર્યાયમાં આ પ્રત્યાખ્યાન શબ્દ છે એટલે ત્યાગ એમાં લીધો. સમજાય છે? બીજામાં સમુચ્ચય વાત હતી. આમાં ત્યાગ લીધો. કહો, જ્ઞાનમાં આત્મા, દર્શનમાં આત્મા, ચારિત્ર સાક્ષાત્‌માં નાખ્યું ઇ. હવે આમાં પ્રત્યાખ્યાનમાં ત્યાગ લઈને આમ આત્મામાં લીધું એમ. કે જેમાં પ્રત્યાખ્યાન એટલે લોકો કહે ત્યાગ-ત્યાગ. પણ શેનો ત્યાગ? શુભ-અશુભભાવ જે દયા, દાનનો ભાવ થાય એનો ત્યાગ. સમજાણું કાંઈ? અને એના ફળના બંધનનો ત્યાગ અને એના ફળના સંયોગનો ત્યાગ. આવું પુણ્ય બંધાય પછી ભગવાન પાસે જઈએ આ એના ફળનો ત્યાગ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(અર્થાત્ એ છ વસ્તુઓના સંપૂર્ણ ત્યાગસ્વરૂપ છે)'** સકળ છેને? સકળસંન્યાસ. સર્વવિરતિ છેને? **'તેમાં...'** એટલે છ પ્રકારના સકળ ત્યાગમાં **'તે આત્મા...'** તે આત્મા. તે છના અભાવસ્વભાવે પરિણમનમાં આત્મા જ નિકટ વર્તે છે. સમજાય છે કાંઈ? **'સદા આસન્ન (નિકટ) રહેલો છે;...'** સદાય ભગવાન આત્મા પોતાના શુભ-અશુભરાગના અભાવસ્વરૂપે, પરના ત્યાગરૂપે, પોતાની અસ્તિરૂપે. સમજાણું કાંઈ? શુભ-અશુભપરિણામના ત્યાગરૂપે અને પોતાના અસ્તિસ્વભાવે ત્રિકાળ જ્ઞાયકભાવે ભરેલો તે મારા પ્રત્યાખ્યાનમાં પરિણમતો આત્મા છે. આહા..હા..! લ્યો, એટલી વાત કરી છે.

હવે સંવર-સંવર. સંવર છેને? **'आदा में संवरे'** પછી **'जोगे'** **'आदा'** સંવર-સંવર કોને કહેવો. **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણી,...'** જુઓ, આ મુનિ. સ્વભાવિક વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... જેને શુભ-અશુભભાવમાં પણ એકરૂપે વૈરાગ્ય વર્તે છે. શુભ તે ઠીક છે અને અશુભ તે અઠીક છે એને વૈરાગ્ય કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? વૈરાગ્ય જેને શુભ અને અશુભપરિણામ. ઇ કહેશે એમાં હોં. સમજાણું? આહા..હા..! વૈરાગ્ય સ્વભાવિક મહેલના શિખર. શિખર. એનો પણ શિખામણી. વૈરાગ્ય... વૈરાગ્ય.. વૈરાગ્ય... ઉપેક્ષા આખી દુનિયાની ઉપેક્ષા.

**'સ્વરૂપગુપ્ત...'** હું એક સ્વરૂપમાં ગુપ્ત રહેલો પ્રભુ! ચૈતન્યચમત્કાર વસ્તુ એવું જે મારું સ્વરૂપ એમાં ગુપ્ત **'અને પાપરૂપી અટવીને બાળવા માટે પાવક સમાન...'** સમજાણું કાંઈ? **'પાપરૂપી અટવીને બાળવા માટે પાવક સમાન...'** ઇ તો પાપ શુભાશુભપરિણામ બધું પાપ.

પંડિતજી! કાલે રાત્રે કહ્યું હતું. વ્યવહારરત્નત્રયને પાપ કહ્યું છે સમયસારમાં, પુણ્ય-પાપ અધિકારમાં, જયસેનાચાર્યની ટીકામાં. વ્યવહારરત્નત્રય નિશ્ચયરત્નત્રયથી પતીત થાય છે, ભ્રષ્ટ થાય છે માટે એ પાપ છે.

**શ્રોતા** :- દ્રવ્યથી ખસી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ખસી ગયો. આ લોકો કહે વ્યવહારરત્નત્રય બારમા સુધી હોય વળી એક જણો કહે, એક જણો વળી કહે છઠ્ઠા સુધી હોય, વળી બીજો કહે સાતમા સુધી હોય. દીધે રાખ કોણ પૂછે છે અત્યારે? સામા બિચારા સાંભળનારને તો કેટલીક ખબર ન હોય. આ બધા ભણેલા છે, નિવર્તેલા છે, વાંચેલું છે. કાંઈક અમારા કરતા સારા હશેને માટે એ કહે ઇ સાચું. આહા..હા..! ભાઈ! સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ કહેલો 'કેવળી પણ્ણંતો ધમ્મો' એ ધર્મ એને કહેવાય છે કે ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણતિરૂપે, ચારિત્રરૂપે પરિણમે. સમજાય છે? એમાં શુભાશુભપરિણમન. પાપરૂપી અટવી. શુભાશુભની અટવી બાળે માટે પાવક છે. બાળવા માટે પાવક છે. શુભાશુભપરિણામથી, શુભથી આત્માને લાભ થાય એ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'પાપ પાપ તો સહુ કહે' એ તો રાતે કહ્યું હતું. યોગસારમાં છે. 'અનુભવી જન પુણ્યને પણ કહે પાપ.' પોતાના સ્વરૂપની પતીત થાય છેને? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ કહે છે કે જેને પરથી વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... ઉદાસ દુનિયામાં શું છે? કેમ છે? જેની ઉપેક્ષા વર્તે છે. વૈરાગ્ય-વૈરાગ્ય. શાસનને લાભ થશે કે નહિ થાય એ પણ જેને પડી નથી. આહા..હા..! સહજ વૈરાગ્ય એમ કહ્યું છેને એકદમ? કે મહારાજ થોડું અહીંયાં અટકોને. જેને મારા ઉપદેશથી. ઉપદેશ જ વાણી છે, મારી ચીજ જ નથી. અને એ વિકલ્પ ઉઠે તે મને આશ્રય કરવાલાયક નથી. ઉપદેશનો વિકલ્પ તે પણ બંધનું કારણ છે. એનાથી પણ જેને વૈરાગ્ય છે. આહા..હા..! કાંઈક લાભ થાશે. મહારાજ! તમે આ દુનિયાને સમજાવો થોડું.

**શ્રોતા** :- એમના માટે તો શાસ્ત્ર લખ્યા!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લખ્યા એ તો વિકલ્પ આવ્યો અને થઈ ગયા. લખે કોણ અને કહે કોણ? લખાય ગયા રજકણની પર્યાય તે કાળે થવાની હતી તે થઈ ગઈ. વિકલ્પ આવ્યો તેને હેયબુદ્ધિએ જાણતા હતા. આહા..હા..! હેયબુદ્ધિએ જાણતા હતા, જ્ઞેયબુદ્ધિ હેય. આ મારી ચીજમાં નથી. એ વિકલ્પથી મને જરીએ લાભ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ વીતરાગ માર્ગ. કહે છે, અરે..! **'પાપરૂપી અટવીને બાળવા માટે પાવક...'** છે એ તો અગ્નિ છે. ઝળહળતી અગ્નિ ભગવાન. ચૈતન્યજ્યોત પુણ્ય-પાપને બાળવાને, ઉત્પન્ન થવાને રાખ કરી દે એવો આત્મા છે. આહા..હા..! ઉધઈ. ઉધઈને શું કહે છે? ઉધઈ જીવાત નથી હોતી જીવાત? દીમક. બહુ કોમળ હોય છે. બહુ

કોમળ હોય છે. ધોળી-ધોળી ધૂળમાં ધૂળ કરે છે. એ તો અગ્નિનો તાપ સહન ન કરી શકે.

**શ્રોતા :-** લાકડું ખાઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાકડું ખાઈ જાય અને અગ્નિનો તાપ સહન  કરી શકે. આ તડકાનો તાપ સહન ન કરી શકે. સમજાય છે? ધાણી. ધાણી હોય છેને ધાણી? જુવારની ધાણી. ધાણી શેકે કોઈ. એ ધાણી જેમ સડ... સડ... સડ... થઈ જાય. આ નજરે જોયું છે હોં. તડકો આકરો હતો અને જંગલ ગયો અને વળી નીકળી આમ ત્યાં તડકો તો સડ... સડ.... સડ... એનું ફોતરું જરી એક રહી ગયું હશે જરી ઉડીને એટલું એ ઉધઈ-ઉધઈ થાય છેને. દીમક બહુ. તડકામાં તો પહેલા જતાને અપવાસ કરતા એટલે બપોરે જઈએ એક વાગે, બે વાગે. એમાં આમ ઉધઈ થોડી નીકળી. તડકો જ્યાં પડ્યો એની માથે. જરીક તડકો બહાર નીકળી હશે. સડ-સડ. સમજાણું કાંઈ? એ ઉધઈ હોય છેને ઝીણી નહિ જંગલમાં? આ ધૂળ કાઢે છે અને આમ-આમ કરીને પછી અંદર જાય-આવે. શું કહે છે તમારે? ઉધઈ-ઉધઈ. ઉધઈ કહે છે. ઉધઈ તો તાપ જરીએ સહન ન કરે, ખલાસ થઈ જાય. આ તો આત્મા અગ્નિ સમાન શુભાશુભપરિણામ રહી શકે નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'પાપરૂપી અટવીને બાળવા માટે પાવક...'** અગ્નિ છે. એવો **'જે હું...'** આહા..હા..! ચૈતન્યની અગ્નિ ઉગ્રપણે જ્યાં પરિણમી. પુણ્ય-પાપની ભાર નથી કે ત્યાં ઉત્પન્ન થાય. ઉત્પન્ન ન થાય એમ કહે છે. બાળવું તો ક્યાં છે? સમજાણું કાંઈ? **'તેના શુભાશુભસંવરમાં (તે પરમાત્મા છે),...'** લ્યો, તેના શુભાશુભસંવરમાં આત્મા છે. શુભાશુભપરિણામ, શુભાશુભપરિણામરહિતમાં આત્મા છે, એમ કહે છે. સંવરમાં છેને? શુભાશુભસંવરમાં એટલે એટલે શુભાશુભપરિણામરહિતમાં આત્મા છે. શુભાશુભપરિણામમાં આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દિગંબર સંતોની વાણી ઉગ્ર રહસ્યવાળી છે. એક-એક વાતમાં બધા સત્ત્વને-તત્ત્વને પ્રગટ કરે એવી. એવી વસ્તુસ્થિતિ છેને. વસ્તુસ્થિતિ છે એવી પરિણમી છે ચારિત્ર છે એને. પ્રચુર સ્વસંવેદન. હવે એક જણે યોગને વર્ણવ્યો હતો.

**'તથા અશુભોપયોગથી પરાઙ્મુખ...'** 'जोगे' છેને? 'आदा में जोगे' છેલ્લો શબ્દ. એ હું અશુભયોગથી તો પરાઙ્મુખ છું. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કલ્પના એનાથી તો પરાઙ્મુખ છું. **'શુભયોગ પ્રત્યે ઉદાસીનતાવાળો...'** છું. વિકલ્પ છેને? અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પ રાગ છે, શુભોપયોગ છે, પણ એના પ્રત્યે પણ ઉદાસીનતાવાળો છું. એમ તો મુનિ પોતે કહે છે અને આ કહે છે કે શુભોપયોગથી આત્માને સંવર અને નિર્જરા થાય. આહા..હા..!

**શ્રોતા :-** ધવલનો દાખલો આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ધવલનો દાખલો વારંવાર આપે. જયધવલનો. આ શુભ-અશુભ વિના નિર્જરા ન થાય. માળા સાંભળતો ખરો. એ તો પ્રમાણનું જ્ઞાન બેનું કથન કર્યું છે. કથન બે

પ્રકારે નિર્જરાનું. વસ્તુ તો એક જ પ્રકારે નિર્જરા થાય છે. સમજાણું? ત્યાં આગળ એવો વિકલ્પ નિમિત્ત ગણીને આરોપથી કથન કર્યું છે. આરોપથી કથન કર્યું છે. વસ્તુ-ફસ્તુ નહિ. સમજાણું આમાં?

**'તથા અશુભોપયોગથી પરાઙ્મુખ, શુભોપયોગ પ્રત્યે પણ...'** જુઓ, ઓલા શુભોપયોગ પ્રત્યે પણ. ઓલા અશુભની સાથે કહ્યુંને? એટલે શુભયોગ થયો છતાં ઉદાસીનવાળો. થાય છે ખરો. ઓલો તો છે જ નહિ. આ જરી છે પણ ઉદાસીનતા. આ હોય તો ઠીક એમ નથી. આહા..હા..!

કહો, શાસ્ત્ર લખવાનો વિકલ્પ, પંચમહાવ્રતનો રાગ, ઉદાસીન છું... ઉદાસીન છું... આહા..હા..! ઉત્ આસીન મારું આસન ત્યાંથી ખસી ગયું છે. સમજાણું કાંઈ? ચૈતન્ય 'સુરતા લાગી જેને આત્માની. સુરત લાગી આત્માની' એને આ કહે છે રાગની રમતુંમાં ઠીક પડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'અલખ નામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી.' એમ કહે છે. 'સુરત લાગી...' સુરતા લાગી ચૈતન્યના સ્વરૂપની રમતમાં એને શુભના ભાવની રમતમાંથી પડતું મૂકી. આહા..હા..! પણ દુનિયાનું હિત થશને, મહારાજ! તમારે ભલે રાગ થાય. અરે..! આહા..હા..! એય..! ધીરૂભાઈ! આ માર્ગ કેવો હશે આ તે? આ તો સ્વાર્થી લાગે છે એકલો. સ્વપ્રયોજનની સિદ્ધિ કરનારો એવો સ્વાર્થી આત્મા. શુભ ઉપયોગ પ્રત્યે પણ ઉદાસીનવાળો? આ જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એનાથી પણ ઉદાસીનવાળો? અરે..! જે ભાવે સર્વાર્થિસદ્ધિ મળે સર્વાર્થસિદ્ધનો ભવ. કહે છે કે એ ભાવ પ્રત્યે પણ ઉદાસીન. એ ભાવ પ્રત્યે હું છું પંચમ આરાનો મુનિ, પણ મને એ શુભભાવ હોય છે, પણ હું છું ઉદાસીન હોં એનાથી. એના આદરવાળો નહિ, એનાથી ઉદાસીનવાળો છું. આહા..હા..! સમજાય છે કાંઈ? એ શુભભાવમાં મારો આદર નથી. ભગવાન આખો ચૈતન્યપિંડ ભગવાન અનાકુળ આનંદનો નાથ બિરાજે છેને. એના પડખે, સમીપે ચડ્યો તેને શુભયોગનો આદર કેમ હોય? સમજાણું?

**'શુભોપયોગ પ્રત્યે પણ ઉદાસીનવાળો અને સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ...'** આહા..હા..! જુઓ, છે તો વિકલ્પ અત્યારે. પણ હું ત્યાં જવા માગું છું. આહા..હા..! સાક્ષાત્ શુદ્ધોપયોગ ભગવાન ચૈતન્યનો વીતરાગી વેપાર. વીતરાગી વેપાર. શુભરાગ રાગ વેપાર. સમજાણું કાંઈ? એ તો પોતે કહ્યું હતું. અમારું મન હમણા આમ ખેંચાયા કરે છે. ટીકા થાય છે. અમારું મન માટે આ ટીકા થઈ ગઈ. અમે ખેંચાયા કરે છે. વિકલ્પ વારંવાર આવતો હતો કે ટીકા થાય, પણ હું એનાથી ઉદાસીન છું, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

**'સાક્ષાત્ શુદ્ધોપયોગની સન્મુખ...'** ચિદાનંદ ભગવાનની સમીપના ઉપયોગની સન્મુખ **'જે હું...'** તેવો જે હું. હવે જરી મૂકે જુઓ, આહા..હા..! કહે છે કે આ વાણી નીકળીને આવે ટાણે. આમ ભાઈ! એ ટાણે વાણી નીકળીને એટલે જરી કહે છે. આવી જ વાત જ્યારે તમે કહેવા માગો

છે. '**आदा खु मज्झ णाणे**' તો આ શું છે આ વાણી નીકળે છેને? સાંભળને ભાઈ! '**आदा खु मज्झ णाणे**' '**आदा मे दंसणे चरित्ते य। आदा पच्चक्खाणे आदा में संवरे जोगे॥**' પણ એ ઓછી વાણી કેવી છે? '**પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે...**' આહા..હા..! વીતરાગે કહેલા આગમો એવા જ પરમાગમ. આહા..હા..! આવા મુનિને એમ કહવું કે એ ખોટા છે અને એ માન્ય નથી. આહા..હા..! એના પરિણામ આકરા બાપા, ભાઈ! કહે છે '**પરમાગમરૂપી...**' ત્યારે આ જૂઠું બોલે છે? આચાર્યને પણ વર્ણવે છે ભેગા. આચાર્યે આ શબ્દ જે કહ્યા એ પરમાગમરૂપી પુષ્પ ઝર્યા છે મુખમાંથી.

**શ્રોતા** :- એમ જ કહે છે કુંદકુંદાચાર્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આહા..હા..! '**आदा खु मज्झ णाणे**' મોરો ભગવાન મારા જ્ઞાનમાં આવ્યો છે. એ વિકલ્પ-ફિકલ્પથી હું ઉદાસીન છું. એવું પરમાગમ ઝર્યું છે. ઓલી વાણી કહેવી કેમ ત્યારે? આટલું બધું આત્મા... આત્મા... આત્મા... કરો તમે. વજુભાઈ! ભાઈ! એ પરમાગમરૂપી પુષ્પનો રસ. પુષ્પ એકલા નહિ. પરાગ-પરાગ. ભમરા લે છેને પરાગ પુષ્પમાંથી રસ-રસ. પરમાગમરૂપી પુષ્પનો રસ જેના મુખમાંથી ઝરે છે. શાસ્ત્રનું રહસ્ય જેના મુખમાંથી ઝરે છે, એમ કહે છે. વાણી હોય તો ભલે, પણ ઇ વાણી આવી છે, કહે છે. ભલે એટલે ઠીક એમ નહિ. પણ વાણી આવી આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવો પદ્મપ્રભ...**' પોતાનું નામ નાખ્યું મુનિએ. '**એવો પદ્મપ્રભ-તેના શુદ્ધોપયોગમાં...**' આ યોગ. યોગનો અર્થ શુદ્ધોપયોગ કર્યો. જોગ એટલે શુદ્ધોપયોગ. આહા..હા..! '**आदा जोगे**' મારા શુદ્ધોપયોગમાં પુણ્ય અને પાપના રાગરહિત મારા શુદ્ધ આચરણના વેપારમાં આત્મા-આત્મા '**તે પરમાત્મા રહેલો છે...**' '**તેના શુદ્ધોપયોગમાં પણ...**' આ બધામાં કીધું હતું એટલે કહે છે એના શુદ્ધોપયોગમાં પણ તે ભગવાન રહેલો છે. એ શુદ્ધ પરમાત્મા ધ્રુવસ્વરૂપ એ ભગવાન તેના પરમાત્મા શુદ્ધોપયોગમાં રહેલો છે. '**કારણ કે તે (પરમાત્મા) સનાતન સ્વભાવવાળો છે.**' શું કહે છે? શુદ્ધોપયોગમાં પણ સનાતન સ્વભાવ છે. માટે એ શુદ્ધોપયોગમાં એ જ આવેલો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા ધ્રુવ સનાતન સ્વભાવવાળો.. સનાતન સ્વભાવવાળો એવો ભગવાન આત્મા હોવાથી મારા શુદ્ધોપયોગમાં એ સનાતન સ્વભાવ હોવાથી એ રહેલો છે, એમ. કાયમ સ્વભાવી આત્મા મારા શુદ્ધોપયોગમાં એ કાયમસ્વભાવી આત્મા રહેલો છે. એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. આટલા છ બોલમાં આત્મા કીધો, લ્યો. સમજાણું કાંઈ? એમાં ક્યાંય રાગ અને પુણ્ય આવ્યું એમ કહ્યું નથી. આ એનું નામ પ્રત્યાખ્યાન અને સાચું ચારિત્ર કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૧, શનિવાર, તા.૦૪-૦૬-૧૯૬૬
## શ્લોક-૧૩૫, પ્રવચન-૮૩

૪૯માં ભરતક્ષેત્રમાં થયા. એણે આ બનાવ્યું છે. તો એમાં વર્તમાન ચારિત્રનો અધિકાર ચાલે છે. ચારિત્રના પેટામાં નિશ્ચય-પ્રત્યાખ્યાનનો અધિકાર છે. અહીંયાં આવ્યા જુઓ, પાનું-૧૯૩. અહીં આધાર આપે છે.

**'એવી રીતે એકત્વસપ્તતિમાં (-શ્રી પદ્મનંદી-આચાર્યવરકૃત પદ્મનંદીપંચવિંશતિકાના એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૩૯, ૪૦ અને ૪૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-'** શું કહે છે જુઓ,

**(अनुष्टुभ्)**
**'तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः॥**

પદ્મનંદીપંચવિંશિતિનો (એકત્વસપ્તતિ) અધિકાર છે. શું કહે છે? **'તે જ એક પરમજ્ઞાન છે,...'** આ ચૈતન્યભગવાન ચૈતન્ય સૂર્ય એની અંતરમાં જ્ઞાન એનું નામ જ જ્ઞાન કહેવામાં આવે છે. ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્માનો શુદ્ધ અનાદિ-અનંત એ પુણ્ય-પાપના રાગથી રહિત, કર્મ, શરીરથી રહિત પોતાના એક સમયમાં પૂર્ણાનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપ પ્રકાશ એની અંતરમાં જ્ઞાન થવું એનું નામ જ્ઞાન કહે છે. એકલા શાસ્ત્રનું જ્ઞાન કે બાહ્યની કળાનું જ્ઞાન એને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને એ જ્ઞાન સંવર-નિર્જરાનું કારણ છે. શાસ્ત્રજ્ઞાન આદિ પરાલંબી જ્ઞાન છે, એ જ્ઞાન સાચું જ્ઞાન નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ જે મોક્ષનો માર્ગ છે એમાં પહેલા જ્ઞાન લીધું છે. કે ભગવાન આત્મા ચૈતન્યબિંબ સૂર્ય અનાદિ-અનંત જ્ઞાયકસ્વરૂપ એની અંતરમાં આશ્રય કરીને પુણ્ય-પાપના વિકલ્પનો આશ્રય છોડીને શાસ્ત્રજ્ઞાનનું પણ અવલંબન છોડીને. પંડિતજી! આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા અનાદિ-અનંત ધ્રુવ જેમાં અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણ પડેલો છે. એવો ભગવાન આત્મા જેને પુણ્ય-પાપના આસ્રવથી રહિત કહ્યો અને શરીર, કર્મ એ અજીવતત્ત્વથી પણ રહિત છે અને અનંત જ્ઞાન, આનંદસહિત જે આત્મતત્ત્વ છે એનું અંતરમાં અવલોકન કરીને, એનો આશ્રય કરીને જે સમ્યગ્જ્ઞાન થાય છે એને અહીંયાં મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યું છે. એ જ્ઞાન તે જ્ઞાન, બાકી બધું અજ્ઞાન. કહો, સમજાણું કાંઈ? સમજાણું? તમારી બીજી ભાષા હશે. આ તો હિન્દી થોડી થોડી સાંભળે.

**'તે જ એક પરમજ્ઞાન છે,...'** જુઓ, ચૈતન્યજ્યોતિ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ જેમાં એકલો ચૈતન્યરસ સ્વભાવ પડ્યો છે, અનાદિ-અનંત સ્વતત્ત્વ સત્ત્વ પ્રભુ એનું અંતરમાં જ્ઞાન કરવું એનું નામ ભગવાન મોક્ષમાર્ગમાં જ્ઞાન કહેવામાં આવે છે, બીજાને શાસ્ત્રમાં જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આ સંસારની વિદ્યા અને આ ડોક્ટર અને વકીલાત અને બધા ભણતર એમ.એ.ના પુંછડા લગાવે છેને? એ બધા જ્ઞાન નથી, પણ એ અજ્ઞાન છે બધા.

**શ્રોતા** :- એ તો પેટ પૂરવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પેટ ભરવા માટે? પણ એ તો નહિ, પણ શાસ્ત્રજ્ઞાન કરવું એ પણ શાસ્ત્ર પરપદાર્થ છે, એનું જ્ઞાન કરવું એ જ્ઞાનને પણ સાચું ગણવામાં આવતું નથી. સમજાણું કાંઈ?

અને **'તે જ એક પવિત્ર દર્શન છે,...'** ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ એવો પોતાનો આત્મા એની અંતરમાં અવલંબન કરીને સમ્યક્ નિશ્ચયદર્શન પ્રતીતિ પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એને સાચી શ્રદ્ધા ગણવામાં આવતી નથી. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધા એ શ્રદ્ધા જ નથી એમ કહે છે.

**શ્રોતા** :- શ્રદ્ધાની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પરને આશ્રયે થાય છેને? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંતરમાં અંતર અવલોકન કરીને અંતરમાં જ્ઞાનનું સ્વસંવેદન કરીને આ પૂર્ણાનંદ આત્મા એવી પ્રતીતિ થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, પંડિતજી! આ સમ્યગ્દર્શન આ તો કાંઈક બીજું કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન. એમ જ્ઞાની બહુ કહે છે. કહે છે કે નહિ ભાઈ? કહે છે. અહીં ના પાડે છે કે એમ છે નહિ. સમજાણું કાંઈ? પોતાના ચૈતન્યમૂર્તિ પરમાનંદ અનંતગુણનો પિંડરૂપ પ્રભુ એની અંતર્મુખ થઈને નિર્વિકલ્પ રાગનો આશ્રય લીધા વિના, મનનું અવલંબન લીધા વિના એકલા ચૈતન્ય પ્રભુનો આશ્રય-અવલંબન લઈને જે અંતરમાં નિર્વિકલ્પ જ્ઞાનમાં પ્રતીતિ થવી એનું નામ શાસ્ત્રકાર સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? એમ લેવું. **'એક પવિત્ર દર્શન છે,...'** જુઓ, એ દર્શન છે એ અપવિત્ર છે. વ્યવહાર સમ્યગ્દર્શન એ અપવિત્ર છે.

**શ્રોતા** :- આ પવિત્ર છે તો ઓલું આપોઆપ જ અપવિત્ર થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અપવિત્ર થઈ ગયું. ઠીક કહે છે પંડિતજી. એય..! નિહાલભાઈ! ભાઈ! પ્રભુ આત્મા છેને. સત્... સત્... સત્... વસ્તુ સત્ ચિદાનંદ અનાદિ-અનંત શાશ્વત ચૈતન્ય પ્રભુ જેમાં જ્ઞાન અને આનંદ આદિ પરિપૂર્ણ પડ્યું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એવા આત્માને જોયો છે. એવો પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન એની અંતરમાં અવલોકન કરીને આ જ્ઞાનમૂર્તિ એવું જ્ઞાન કરીને અંતરમાં નિર્વિકલ્પ રાગ વિના પ્રતીતિ કરવી એનું નામ પરમપવિત્ર સમ્યગ્દર્શન

કહે છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વની શ્રદ્ધા વ્યવહારુ કે પંચમહાવ્રતના પરિણામ અથવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એને અહીંયાં પવિત્ર નથી કહેતા, એ તો અપવિત્ર શ્રદ્ધા છે. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ?

અને **'તે જ એક ચારિત્ર છે...'** ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં ચરવું-રમવું, પંચ મહાવ્રત કે બાર વ્રતનો વિકલ્પ રાગ એ ચારિત્ર નથી. એ ચારિત્ર નથી. અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ જે મુનિને ઉઠે છે એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? ચારિત્ર એને કહીએ જુઓ, **'તે જ એક...'** પાછો શબ્દ એમ છેને? એક છેને? એટલે બીજું કોઈ ચારિત્ર છે એમ નહિ. ભગવાન આત્મા એ બધામાં એક-એક લીધું છેને? જુઓ, **'એક પરમજ્ઞાન છે, તે જ એક એ પવિત્ર દર્શન છે,...'** એ ખુબી છે કે ભગવાન આત્મા... આજે નવા આવ્યા છે લોકો. પછી બતાવશું. એને જાતિસ્મરણ છે. પછી કહેશું. ભવનું જ્ઞાન છે. પૂર્વભવનું જ્ઞાન છે એને. પછી કહીશું વ્યાખ્યાન પૂરું થાય પછી. સમજાણું કાંઈ?

શું કહે છે? એક ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ આનંદકંદ એનું એક જ્ઞાન એ જ જ્ઞાન છે. બીજું કોઈ જ્ઞાન એ જ્ઞાન જ નથી. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યના અનુભવમાં પ્રતીતિ કરવી એ જ એક સમ્યગ્દર્શન છે, બીજું કોઈ સમ્યગ્દર્શન છે નહિ. અને **'તે જ એક ચારિત્ર છે...'** ભગવાન આત્મા પોતાના ચિદાનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરીને આનંદમાં લીન ચરવું, રમવું, જમવું, અંતરમાં લીન થવું. વિકલ્પ નામ રાગરહિત ભગવાન આત્મામાં પૂર્ણાનંદમાં ઘુસીને લીન થવું એ એક જ ચારિત્ર છે, બીજું કોઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? છે ભાઈ! એમાં છે? એ આધાર દીધો છે. પદ્મનંદીપંચવિંશતિ એક શાસ્ત્ર છેને? પદ્મનંદીપંચવિંશતિ એક મુનિ થયા છેને પદ્મનંદી? નવસો વર્ષ પહેલા મુનિ દિગંબર જગંલમાં રહેનારા, એણે આ પદ્મનંદી બનાવ્યું છે. અહીં આધાર ટીકાકાર મૂળ શ્લોક તો નિયમસાર છે અહીંયાં કુંદકુંદાચાર્યનો. એની ટીકા કરનારા પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિ હતા. એણે ટીકા કરી છે. એણે પદ્મનંદી આચાર્યનો આધાર આપ્યો છે કે પદ્મનંદીઆચાર્ય દેવ પણ એને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહે છે કે જેમાં આત્મા પરમાનંદ પ્રભુ એ દૃષ્ટિમાં દેખાય, પ્રતીતમાં આવે, અનુભવમાં આવે એને ચારિત્ર, જ્ઞાન અને દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'તે જ એક ચારિત્ર છે...'** આહા..હા..! કહો, શેઠ! ચારિત્ર બીજું છે નહિ એમ કહે છે. આ પંચમહાવ્રત અને અઠ્ઠાવીશ મૂળગુણમાં રાગ એ ચારિત્ર-ફારિત્ર છે નહિ. તે અચારિત્ર છે. સમજાણું કાંઈ? એમાં છે કે નહિ? ભાઈ! જુઓ, **'એક ચારિત્ર...'** એમ લખ્યું છેને? **'તે જ એક ચારિત્ર છે...'** આહા..હા..! ભગવાન આત્મા પોતાનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ એ અતીન્દ્રિય આનંદનું વેદન, આસ્વાદન, આનંદનું ઉગ્રપણે આનંદના આસ્વાદનની લીનતા બસ તે જ એક ચારિત્ર છે. સમજાણું કાંઈ? **'અને તે જ એક નિર્મળ તપ છે.'** આ બાર પ્રકારના તપ કહે છેને?

અનશન, ઉણોદરી, રસપરિત્યાગ એ બધી નિમિત્તની કથનશૈલી છે, વસ્તુ નથી, એ તપ નથી. પંડિતજી! તપ તે જ ચૈતન્ય જ્યોતિ ભગવાન આનંદમૂર્તિ એમાં એકાકાર થઈને ઇચ્છાની વૃત્તિ ઉત્પન્ન ન થાય અને અતીન્દ્રિય આનંદથી તપ્યંતિ, શોભ્યંતિ આત્મા અતીન્દ્રિય આનંદથી શોભાયમાન છે એનું જ નામ ભગવાન શાસ્ત્રકાર પરમાત્મા અને કુંદકુંદાચાર્ય એનું **'તે જ એક નિર્મળ તપ છે.'** એનું નામ નિર્મળ તપ છે. બાકી બધા મલિન તપ છે. આ અનશન, ઉણોદરી, વૃતિ સંક્ષેપ, રસપરિત્યાગ એનો જે વિકલ્પ ઉઠે છે શુભરાગ તેને મલિન તપ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે જ એક નિર્મળ તપ છે.'** એમ પાછી તપની કોઈ બીજી જાત છે એમ છે નહિ. ઓહો..હો..! વીતરાગી પરમાત્મા એણે કેવળજ્ઞાનથી જોયું એવી ચીજ અંતરમાં, દષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એનું જ્ઞાન-દર્શન-ચારિત્ર એકેય સાચું નથી. સમજાણું કાંઈ? લ્યો, ચાર બોલ લીધા. બીજો શ્લોક.

**(अनुष्टुभ्)**

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम्।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम्॥**

**'શ્લોકાર્થ :- સત્પુરુષોને...'** એ ધર્માત્મા પુરુષોને. સત્પુરુષ નામ ધર્માત્મા **'તે જ એક નમસ્કારયોગ્ય છે,...'** જુઓ, એ પુર્ણાનંદનો નાથ, નિર્વાણનાથ પોતાનું નિજસ્વરૂપ એ જ નમસ્કાર કરવાયોગ્ય એક જ છે. ભગવાનને નમસ્કાર કરવા એ પણ વિકલ્પ અને પુણ્યબંધનું કારણ છે.

**શ્રોતા :-** આમાં તો બહુવચન લખ્યું છે 'સત્પુરુષો.'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્પુરુષોને. ઘણા પુરુષોને કીધાને. ધર્માત્મા પુરુષો કીધાને. 'જ્ઞાની' એક ક્યાં કહ્યા છે? 'મુનિ' એમ પણ એક નથી કહ્યું, સત્પુરુષો ધર્માત્મા એમ કહ્યું છેને.

**શ્રોતા :-** નિજ આત્મા એમ થયુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિજ સત્પુરુષો ઘણા છે એનું નિજસ્વરૂપ આત્મા.

**શ્રોતા :-**એક છે કે ભિન્ન-ભિન્ન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**ભિન્ન-ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

પરમાત્મા એક સમયમાં પુણ્ય-પાપનો રાગ જે છે એનાથી રહિત પ્રભુ આત્મા બિરાજમાન છે. એવો નિજાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આ એને નમવું, વલણ, જુકવું, આ એમાં એકાકાર થવું તે એક જ ખરેખર જૈનશાસનમાં નમસ્કાર કરવાયોગ્ય ચીજ કહેવામાં આવે છે. ઓહો..હો..! ભગવાનને નમસ્કાર કરવા, પરમાત્માને, પ્રતિમાને. કહે છે એ નમસ્કાર વ્યવહાર વિકલ્પ છે, એ ખરેખર નમસ્કાર છે નહિ. સમજાણું કાંઈ? શું આવ્યું? જુઓ, **'તે જ એક નમસ્કારયોગ્ય છે,...'** એક નમસ્કારયોગ્ય એ જ ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એના તરફ

વળવું નિર્વિકલ્પ દૃષ્ટિથી અંતરમાં વીતરાગી પર્યાયથી એકાકાર થવું તે એક જ આત્મા નમસ્કાર કરવાલાયક જગતમાં હોય તો પોતાનું નિજસ્વરૂપ છે. નાસ્તિથી કહ્યું તો એ કહ્યું (કે) બીજાને નમસ્કાર કરે છે ભગવાન આદિ એ તો કોઈ વ્યવહાર છે, વિકલ્પ છે, તે ખરેખર નમસ્કાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર મુનિ ભરતક્ષેત્રમાં વર્તમાન ૪૯ની સાલમાં થયા હતા. બે હજાર વર્ષ પહેલાં. એ આઠ દિવસ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ વર્તમાન બિરાજમાન છે. સમવસરણમાં બિરાજમાન અત્યારે છે અને ત્યારે પણ હતા બે હજાર વર્ષ પહેલાં. કારણ કે એને કરોડ પૂર્વનું આયુષ્ય અને પાંચસો ધનુષનો દેહ છે. તો ત્યાં આગળ એ કુંદકુંદાચાર્ય પોન્નુરહીલ. પોન્નુરહીલ જાણો છો? એ મદ્રાસમાં છે. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ છે. વંદેવાસ. વંદેવાસથી પાંચ માઈલ છે પોન્નુરહીલની ટેકરી. ત્યાં કુંદકુંદાચાર્ય દિગંબર બે હજાર વર્ષ પહેલાં રહેતા હતા ધ્યાનમાં. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. પોન્નુર.

**શ્રોતા** :- પોન્નુરનો અર્થ થાય છે સોનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સુવર્ણ. સમજાણું કાંઈ? આ સુવર્ણપુરી છેને? એનું નામ સુવર્ણપુરી છે. એ સુવરણ ગઢ છે.

**શ્રોતા** :- પોન્નુર એટલે સોનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સોનું. એ ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ પરમાત્માનો ભેટો કરીને કુંદકુંદાચાર્ય કહે છે કે અરે..! સાંભળતો ખરા. એ શાસ્ત્ર મૂળ પાઠ છેને? એનો અહીં આધાર આપ્યો છે. અહીં થોડા શબ્દો છે. પણ ઘણા શબ્દનો આધાર આપીને આ કહ્યું છે. ભગવાન એમ કહેતા હતા અને એમ છે. આહા..હા..! પ્રવિણભાઈ! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ઓલો કહે રામ... રામ... રામ... રામ... રામ... રામ... ઓલો કહે ૐ... ૐ... ૐ... ૐ... ૐ... બધું વિકલ્પ છે, રાગ છે, પુણ્યબંધનું કારણ છે. એ વાસ્તવિક નમસ્કાર નથી. સમજાણું કાંઈ? એય..! નિહાલભાઈ! આ શું કરવું આ બધું પણ આ?

**શ્રોતા** :- સાષ્ટાંગ નમસ્કાર કરે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાષ્ટાંગ નમસ્કાર ભગવાન આત્માને. બધા અવયવો અંદરમાં જોડી દેવા. સમજાણું કાંઈ? પોતાની જ્ઞાનપર્યાય, દર્શનપર્યાય આદિને બધાને અંદરમાં એકાકાર કરવી. એ સાષ્ટાંગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાંબો થાય છે કે નહિ આમ સાષ્ટાંગ કરીને કાંઈક? એમ પ્રભુ આત્મા એક સમયમાં અનંતગુણ સંપન્ન એકરૂપ આ એણે સમસ્ત પર્યાયને વર્તમાન પ્રગટમાં અવલંબન લેવું એનું નામ ભગવાન નમસ્કાર કરવાયોગ્ય આત્મા કહે છે. એ આત્મા જ

નમસ્કાર કરવાયોગ્ય છે. બાકી બીજી કોઈ ચીજ નમસ્કાર કરવાયોગ્ય નિશ્ચયમાં નથી, ખરેખર છે નહિ, વ્યવહારથી હોય, વ્યવહાર છે, પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ!

**'તે જ એક મંગળ છે,...'** કહે છેને ભાઈ મંગળિક કરો. ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં આવે છેને? તો એ બધા તો વ્યવહાર મંગળિક છે, વિકલ્પ છે, શુભરાગ છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંતર બિરાજમાન પૂર્ણાનંદ એ તરફ એકાકાર થવું **'તે જ એક મંગળ છે,...'** આહા..હા..! આચાર્યે પણ દિગંબર સંત તે નાગા છેને? બાદશાહથી આઘા. દુનિયાની પડી નથી. આ માર્ગ છે. બીજો કોઈ માર્ગ સત્ય છે નહિ. **'તે જ એક મંગળ છે,...'** ભાઈ! અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં. એય..! હરિભાઈ! અહીં તો કહે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પોતાનું નિજસ્વરૂપ એ તરફ વળવું એ જ એક મંગળ છે. મં-ગળ. 'મ' નામ પાપને બાળનાર અને 'મંગ' નામ પવિત્ર અને 'લ' નામ પ્રાપ્તિ કરાવનાર એ જ ભગવાન આત્મા એક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મંગળ એ જ કરાવી શકે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કરાવી શકે. બહાર કોણ કરાવી શકે? ત્રણલોકના નાથ કાંઈ આત્માનું મંગળ કરાવી શકે છે? સમજાણું કાંઈ? આહા..હા..!

**'તે જ એક મંગળ છે,...'** ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ એ વિકલ્પ, પુણ્ય-પાપથી રહિત એ તરફ વળવું એ આત્મા એક જ મંગળસ્વરૂપ જગતમાં છે. અને **'તે જ એક ઉત્તમ છે...'** ઓહો..હો..! આવે છેને ચાર આવે છેને? ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા આવે છે કે નહિ? ચાર બોલ લીધા છે એ મંગળ, ઉત્તમ અને શરણ. સમજાણું કાંઈ? ચૈતન્ય પ્રભુ પૂર્ણ સ્વરૂપ પડ્યું છેને ધ્રુવ, જેમાં અનંત-અનંત પરમાત્મા બિરાજમાન આત્મામાં છે. સમજાણું કાંઈ? અનંત-અનંત સિદ્ધદશા પ્રગટ એ બધી પર્યાય અંદર આત્મામાં પડી છે. ભવિષ્યની જે અનંત સિદ્ધ પર્યાય પ્રગટવાની છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ ચારિત્ર આનંદ, સુખ આદિ સિદ્ધ પર્યાય એ સિદ્ધની એક સમયની પર્યાય છે સિદ્ધ તો. તો એવી સિદ્ધની પર્યાય પરમાત્માની અનંતી પર્યાય શક્તિમાં પડી છે. એ જ એક આત્મા ઉત્તમ છે, બીજું કાંઈ ઉત્તમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! સર્વજ્ઞ પરમેશ્વર બીજા એ પણ પોતાના માટે ઉત્તમ નથી, કહે છે. એ રાગ ઉત્પન્ન થાય છે વિકલ્પ જે એ પણ ઉત્તમ નથી. પોતાની એક સમયની દશા પ્રગટરૂપ છે એ પણ ઉત્તમ નથી. એ ઉત્તમ એ ચૈતન્ય છે એ તરફ વળવું એ જ એકલું ઉત્તમ છે. આહા..હા..! કહો, સમજાય છે? સમજાય છે કાંઈ? એ 'સમજાય' અમારી ગુજરાતી ભાષા છે.

**'તે જ એક ઉત્તમ...'** ભાષા તો જુઓ, એક ઉત્તમ પ્રભુ. સચ્ચિદાનંદ નાથ પૂર્ણાનંદ પ્રભુ પોતાનું નિજસ્વરૂપ ધ્રુવ **'તે જ એક ઉત્તમ છે...'** કે જેમાં એકાકાર થવાથી શાંતિ અને આનંદ પ્રગટે છે. **'અને તે જ એક શરણ છે.'** એ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતાનો નિજપરમાત્મા

કારણપ્રભુ, કારણપરમાત્મા, ત્રિકાળી ધ્રુવ કારણપ્રભુ એ જ એક જગતમાં શરણ છે. લ્યો, આ તો મંગળિકના બોલ લઈ લીધા બધા. પહેલા જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ લીધા, પછી આ મંગળિકના ત્રણ બોલ લીધા. સાત થઈ ગયા.

**શ્રોતા :-** અરિહંત શરણં પવ્વજ્યામી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, અરિહંતા શરણં પવ્વજ્યામી એ આ પવ્વજ્યામી છે કહે. ઓલા બૌદ્ધ કહે બુદ્ધં શરણં પવ્વજ્યામી, આ કહે અરિહંત શરણ પવ્વજ્યામી. અહીં તો કહે, આત્મા શરણં પવ્વજ્યામી. આહા..હા..! ભાઈ! એ તો બહારની ચીજમાં શુભરાગનો વિકલ્પ આવે છે. તો એ મંગળિક ઉત્તમ વ્યવહારે કહેવામાં આવે છે. પુણ્યબંધનું કારણ છે. એ ભગવાન આત્મા મુક્ત અબંધસ્વરૂપ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ એનું અબંધપરિણામ પ્રગટ કર્યા વિના ઉત્તમ અને શરણ કોઈ ગણાતું નથી. આહા..હા..! ભગવાન શરણં, ભગવાન શરણં. લ્યો આપે છેને મરતા? બુદ્ધં શરણં, અરિહંત શરણં, ઓલા કહે શ્રી કૃષ્ણ શરણં. એય..!

**શ્રોતા :-** લબ્ધિના ભંડાર!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લબ્ધિના ભંડાર છે એ મંગળિકમાં ભળી ગયું. આ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ અનંત-અનંત ગુણ શક્તિ સંપન્ન આત્મા એ જ પરમાત્મસ્વરૂપ એ જ એક આત્મા પોતાના માટે શરણ છે. વિકલ્પ પણ શરણ નથી, પરમાત્મા પર સર્વજ્ઞદેવ પોતાને પરમાર્થે શરણ છે નહિ. શું પરનું લક્ષ કરવાથી પોતાનો આશ્રય થાય છે? મરતા કહે લ્યો શરણં. પણ કોનું શરણ? ધ્યાન રાખજો. અરિહંતા શરણં. તો અરિહંતા શરણંનો વિકલ્પ આવ્યો. વિકલ્પ લક્ષ પર ઉપર ગયું. સમજાણું કાંઈ? એમાં શરણ શું આવ્યું? ભગવાન આત્મા, આત્મા અનંત સચ્ચિદાનંદ, નિર્વિકલ્પ પરમાત્મ નિજસ્વરૂપ એ જ પોતાને શરણ છે. સમજાણું કાંઈ? સાત બોલ થઈ ગયા એ ચાર અને ત્રણ. બીજો.

**(अनुष्टुभ्)**

**आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः॥'**

'**શ્લોકાર્થ :- અપ્રમત્ત...**' ધર્માત્માને. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદમાં જુકનારને '**તે જ એક આચાર છે,...**' આ જ્ઞાનાચાર ને દર્શનાચાર ને ચારિત્ર આચાર ને તપાચાર ને વીર્યાચાર કહે છે કે નહિ? એ બાહ્ય વ્યવહાર પાંચ આચાર કહે છે એ વ્યવહાર આચાર ખરો આચાર નથી. આહા..હા..! ભારે! સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં પૂર્ણાનંદ અનંત ગુણસંપન્ન એવો પ્રભુ જેમાં અનંત કેવળજ્ઞાનની જ્યોતિ જેમાં ઝળહળ બળે છે. એવો ભગવાન આત્મા એમાં એકાકાર થવું તે જ એક આચાર. કહો, પંડિતજી! આ એક આચાર. કેવું ખાવું, કેવું પીવું, કેમ લેવું ધુળધાણી ધમાહા. એ વિકલ્પ ઉઠે છે એ ખરો આચાર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનમાં આવે

છેને આઠ આચાર? કાળે ભણવું, વિનયથી ભણવું એ તો બધો વિકલ્પ છે.

**શ્રોતા** :- જ્ઞાનના આચાર, દર્શનના આચાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા ઇ. એ બધો તો વિકલ્પ છે, શુભરાગ છે, એ ખરો આચાર નથી. આહા..હા..! .. નથી એટલે ખોટું ભાઈ! એનો અર્થ થઈ ગયોને અસત્યાર્થ. વ્યવહાર અસત્યાર્થ. ભાષા એ તો એકની એક ઓહો..હો..! આચાર્યે તો .. સમજાણું કાંઈ? **'ववहारोऽभूदत्थो'** જેટલો વિકલ્પ વ્યવહારનો એ બધો અભૂતાર્થ આચાર છે. જ્ઞાનના આઠ આચાર, દર્શનના આઠ આચાર, સમકિતના નિઃશંક આદિ, ચારિત્રના પાંચ સમિતિ, ગુપ્તિ આદિ આઠ. સમજાણું કાંઈ? તપના બાર આદિ જે હોય ઇ. વીર્યાચાર. એ તો પરતરફ ભેદરૂપનું લક્ષ કરીને જે વિકલ્પ ઉઠે છે તે ખરું આચાર જ નથી. પુણ્યબંધનું કારણ એ આચાર ક્યાંથી આવ્યું? આહા..હા..! ભારે વાત ભાઈ ઝીણી! જગતને સત્ય-પરમેશ્વર સત્ય પરમેશ્વર. આહા..હા..! **'भूदत्थो'** ભૂતાર્થ, ત્રિકાળ, સત્યાર્થ એ જ પરમાત્મામાં એકાકાર થવું એ જ આત્મા એ આચાર અથવા એમાં લીન થવું એ એક જ આચાર છે, બે આચાર છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- પાંચ આચાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઇ એક આચાર છે આ. ભગવાન આત્મા એક સ્વરૂપે બિરાજમાન એમાં એકાકાર થઈને વીતરાગી પર્યાય પ્રગટ કરવી એ એક જ સમ્યક્ આચાર છે. એક જ આચાર છે. પાંચ-પાંચ આચાર. ભગવાન એક અને પાંચ આચાર ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એ તો રાગના પ્રકાર થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગના પ્રકાર થયા એમાં આત્મામાં શું આવ્યું? આહા..હા..! તમે ત્યાંથી આવ્યા? ક્યાંથી આવ્યા એ? કારંજા! ઠીક. ભાષા હિન્દી.

**'તે જ એક આવશ્યક ક્રિયા છે...'** હવે સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. છ બોલ આવે છેને છ? તો કહે છે કે સામાયિકની ક્રિયા કોને કહેવી? આહા..હા..! એક જ આવશ્યક, એક જ સામાયિક આ છે કે જેને આત્મા પૂર્ણાનંદના લક્ષમાં લઈને અતીન્દ્રિય આનંદની પર્યાયની પરિણતિ થવી તે એક જ સામાયિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વિકલ્પથી સામાયિક કરીને બેસે એ સામાયિક-બામાયિક છે નહિ, એમ કહે છે. એય..! પંડિતજી! આ સામાયિક-બામાયિક વ્યવહારથી કરે છે એ સામાયિક નથી, એમ કહે છે. અસામાયિકને સામાયિક કહેવી એ વ્યવહારનું લક્ષણ છે. આહા..હા..! ભગવાન આત્મા **'તે જ એક આવશ્યક...'** આવશ્યક ક્રિયા કહે છેને? છ આવશ્યક છે કે નહિ? છ આવશ્યક છેને? તો સામાયિક. પ્રભુ વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મા. એમાં એકાકાર થઈને નિર્વિકલ્પ સમાધિ અને શાંતિ પ્રગટ કરવી એ એક જ સામાયિક છે. એને ભગવાન સાચી એક સામાયિક, એક સામાયિક એ એક જ સામાયિક છે. બીજી વળી સામાયિક છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! સામાયિકમાં બેસે.

**શ્રોતા** :- આમાં લખાણ શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ આવ્યુંને આ સામાયિક છે અને વિકલ્પવાળી સામાયિક તે સામાયિક નહિ, છતાં એને વ્યવહારથી સામાયિક કહેવામાં આવે. નિશ્ચયમાં સ્થિર થાય આનંદમાં તો વિકલ્પ ઉઠ્યો શુભરાગ સ્મરણ આદિનો વ્યવહારસામાયિક એને કહે છે, પણ ખરી તે સામાયિક છે નહિ. આહા..હા..! ચોવિસંથો. ભગવાનની સ્તુતિ. ચોવીસ તીર્થંકરની સ્તુતિ કોને કહે છે? ભગવાનનું સ્મરણ કરવું એ ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે? કે ના. ચોવીસ તીર્થંકરની સ્તુતિ એક જ પ્રકારની છે. કઈ? કે અનંત ચોવીસ નહિ પણ એવા અનંત તીર્થંકર બિરાજમાન આત્મામાં છે. તીર્થંકરની પર્યાય પ્રગટે કેવળજ્ઞાન, કેવળદર્શન. તો પર્યાય છેને? અવસ્થા છેને? તો એવી અનંતી અવસ્થા અંદર આત્મામાં પડી છે. ભગવાન ચિદાનંદ નારાયણ થવાને લાયક પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ છે. એમાં અનંત તીર્થંકર બિરાજમાન છે અંદરમાં. સમજાણું કાંઈ?

એવો ભગવાન પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ બ્રહ્મ આનંદકંદ આ એમાં એકાકાર થવું એ એક જ ચોવિસંથો છે. એનું નામ ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. એ પોતાના ભગવાનની સ્તુતિ એનું નામ સ્તુતિ ચોવિસંથો લ્યો. ઓહો..હો..! એ આવ્યુંને સમયસારમાં? કે ભાઈ! તમે જે ભગવાનની સ્તુતિ કહો છો એ સ્તુતિ નથી તો વાસ્તવિક કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહે છે? એ ૩૧ ગાથા સમયસારમાં ચાલે છે. તો ત્યાં કહ્યું, શિષ્યનો પ્રશ્ન એમ હતો કે તમે ખરી કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહો છો? તો કહે ભાઈ! ખરી કેવળજ્ઞાનની સ્તુતિ અમે એને કહીએ છીએ કે એકલો ભગવાન કેવળજ્ઞાન ઇન્દ્રિયથી પાર **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'** પર વિષય લક્ષ છોડીને, ખંડ ઇન્દ્રિયનો વિષય છોડીને, ઇન્દ્રિય આ જડનું લક્ષ છોડીને, ભગવાન અતીન્દ્રિય આનંદમય પ્રભુ કેવળજ્ઞાનની મૂર્તિ આત્મા એમાં એકાકાર થઈને શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવું આ એનું નામ કેવળજ્ઞાનની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. ઓહો..હો..! ભારે વાત પણ, ભાઈ! વ્યવહારને તો ક્યાંય ગણ્યો જ નહિ અહીં.

**શ્રોતા** :- ગણ્યોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગણ્યો છે ખોટામાં. આહા..હા..! અભૂતાર્થ છેને, અભૂતાર્થ છે. ઓહો..! પ્રભુ આત્મા ક્યાં એ ગુણથી અપૂર્ણ છે કે જેને પરનો આશ્રય લેવો પડે? સમજાણું કાંઈ? પોતાના નિજસ્વરૂપનું માહાત્મ્ય જગતને નથી.

**શ્રોતા** :- પોતાની પાસે ન હોય તો બીજા પાસે ભીક્ષા માગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાં માગે? ભીખારી માગે માળા ચક્રવર્તી થઈને અને ચક્રવર્તીની રાણી થઈને ભીખ માગે. એ આવે છે કે નહિ? આ દેવમાં નહિ દેવમાં? ભિખારી નહિ? અનુભવપ્રકાશ યોગસાર. 'પ્રભુ ભીક્ષાર્થે ભમે એવી જનને ટેવ' યોગસાર છેને યોગીન્દ્રદેવનું યોગસાર. પ્રભુ

ભીક્ષાર્થે ભમે. અરે..! ત્રણલોકનો નાથ ક્યાંય ભીક્ષાર્થે. ભગવાનની મૂર્તિ પાસે જઈને ‘એ આપજો.’ ત્યાં હશે તારો ભગવાન. ભગવાન કાંઈક આપોને. ‘શિવપદ અમને દેજો રે મહારાજ શિવપદ અમને દેજો!’ ભગવાન કહે, તારું શિવપદ અમારી પાસે નથી લે. સમજાણું કાંઈ? ભગવાન પાસે ‘હે નાથ! શિવપદ!’ ‘તું ક્યાં છો? તારું શિવપદ અમારી પાસે છે?’ ઇ તો એક શુભરાગ ભક્તિ હોય ત્યારે એમ બોલાય. ત્યાં શિવપદ તારું છે? ભગવાન દેવાનો છે?

**શ્રોતા** :- મંદિરમાં જઈને કરવું શું પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો શુભરાગ હોય તો ભક્તિ આવે. એ તો વાત થઈ ગઈને. સમજાણું કાંઈ? પણ વાસ્તવિક એ છે નહિ એમ સમજી લેવું. આહા..હા..! ‘રાજા ભીક્ષાર્થે ભમે’ એમ છેને કાંઈક? નહિ? પ્રભુ ભીક્ષાર્થે પ્રભુ લ્યો ત્રણ લોકનો નાથ જ્યાં-ત્યાં હાથ જોડીને માગે અરે..! મને કાંઈક ધર્મ આપજો હોં. મને કાંઈક સમ્યગ્જ્ઞાન દેજો. અરે..! ત્રણલોકના નાથ તારામાં પરિપૂર્ણ પડ્યો છેને. ત્યાં માગવા ભીખારી બનીને જાય છે. સમજાણું કાંઈ? અનંત... અનંત... અનંત... જે ચતુષ્ટય પડ્યું છે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસુખ, વીર્ય એવી જે પ્રગટ દશા પરમાત્માને હોય છે એવી અનંતી શક્તિ તારા આત્મામાં પડી છે. એવો અનંતચતુષ્ટય તારા આત્મામાં પડ્યો છે. ભગવાન જાણે શું થશે? સમજાણું કાંઈ? અનંતચતુષ્ટય ભગવાન આત્મા કહે છે કે એની અંતર એકાકાર થવું એ જ તારી ચોવીસ તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..!

અને સામાયિક, વંદના. ગુરુને વંદન કરવા. કહે છે કે ગુરુને વંદન કોને કહે છે? કે ગુરુ પોતાનો આત્મા અનંત ગુણનો ધણી. આહા..હા..! આ એમાં એકાકાર થવું એ ખરેખર ગુરુની વંદના અને આવશ્યક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? બહારમાં તો ભાઈ કહે છે કે હંમેશા શ્રાવકને છ કર્તવ્ય કરવા આવશ્યક છે. આવે છે કે નહિ? દિન પ્રતિ પૂજા, ગુરુની સેવા, દાન, સંયમ, તપ--છ બોલ આવે છે કે નહિ? ષટ્કર્મ. કહે છે કે એ પુણ્યભાવ છે, શુભભાવ છે, ખરું એ વંદન નથી. આહા..હા..! આ વાત કાયરના કાળજા તો કંપી ઉઠે અંદરથી. કહે છે કે આ? સાંભળતો ખરો. સમજાણું કાંઈ? અનંતગુણનો બાદશાહ એવો પ્રભુ આત્મા ભિખારી થઈને પર પાસે માગે લાજ આવતી નથી તને? સમજાણું કાંઈ? કહો, મલુપચંદભાઈ! શું હશે? કરોડપતિ માગવા જાય કોક વાઘરીને ત્યાં તો? એય..! રોટલી આપજો બાપા થોડી. પણ ભૂખ લાગી હોય તો ત્યાં પણ જવું પડે લ્યો.

**શ્રોતા** :- પાલિતાણાના દરબારને માગવું પડ્યું હતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ઇ તો ભિખારા હતા. ઇ ક્યાં બાદશાહ હતો? સમજાણું કાંઈ? બાદશાહ પ્રભુ આત્મા એક સમયમાં અનંત ..ગુણ. અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા આકાશના પ્રદેશની સંખ્યા કરતા પણ ભગવાન એક આત્મામાં અનંતગુણા ગુણ પડ્યા છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અત્યાર સુધીમાં સિદ્ધ જે થયા. સિદ્ધ. છ મહિના અને આઠ સમયે સિદ્ધ થાય છે ૬૦૮. છ માસ અને આઠ સમયમાં ૬૦૮ પરમાત્મા થાય છે. અત્યારે અહીંયાં નહિ હોય તો મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થાય છે. એવી સંખ્યા અનંતકાળથી છ મહિના આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામ્યા. અત્યારે અનંત પરાવર્તન થઈ ગયા. એની સિદ્ધની સંખ્યા જે છે એનાથી સંસારી જીવની સંખ્યા અનંતગુણી છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સદાય એમ છે. હજી તો આગળ બીજું લેવું છે. એ સિદ્ધની સંખ્યા કરતા એક નિગોદના શરીરમાં અનંતગુણા જીવ. એમ કરતા-કરતા આખો લોક ભર્યો છે સિદ્ધ કરતા અનંતગુણા જીવ અને એનાથી અનંતગુણા પરમાણુ છે. શું? આ રજકણ પોઈન્ટ આ ધૂળ. એનો ટૂકડો કરતા... કરતા... કરતા... આ તો ધૂળ છે. આ શું ચીજ છે? માટી ટૂકડો કરતા છેલ્લો પોઈન્ટ રહે પરમાણુ એવા પરમાણુની સંખ્યા જીવની સંખ્યા કરતા અનંતગુણી છે અને એ પરમાણુની સંખ્યા કરતા ત્રણકાળનો સમય અનંતગુણો છે. ત્રણકાળનો સમય. સમજાણું કાંઈ? અને એમાં આકાશ વ્યાપક. આકાશ ચાલ્યું જાય છે એમ ને એમ. ક્યાંય આકાશ નથી એમ નથી. બેહદ ચાલ્યો જાય છે. એ બધા આકાશના પ્રદેશ પોઈન્ટ જેટલા અનંત છે એ ત્રણકાળના સમય કરતા અનંતગુણા આકાશના પ્રદેશ છે અને એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. પંડિજી! આહા..હા..! અનંતગુણા ગુણ છે. આમાં અનંતગુણા ગુણ છે. એનાથી અનંતગુણાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. એ આકાશ પ્રદેશના જેટલા પ્રદેશ છેને એ સંખ્યા જે અનંતી છે એમાં એક એક જીવમાં એનાથી અનંતગુણા ગુણ છે. ગુણની સંખ્યા અનંતગુણી છે. ખબર નથી ઘરમાં. તારા ઘરમાં શું પુંજી છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એવો અનંતગુણનો નાથ આત્મા કહે છે કે એને વંદન કરવા એ એક જ વંદન છે. આહા..હા..! અહીં ગુણગ્રામ આવ્યુંને ગુણગ્રામ?

**શ્રોતા :-** ..તો આત્મામાં જે ગુણ પ્રગટ છે એ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો મોટી સંખ્યા છે. એનાથી પણ મોટી સંખ્યા છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય એનાથી પણ અનંતગુણી છે. આ તો એક આત્મામાં એવા-એવા. અનંત આત્મા એવા-એવા, અનંત પરમાણુ. એક-એક પરમાણુમાં પણ અનંતગુણા એટલા છે. આકાશના પ્રદેશ કરતા એક પરમાણુમાં અનંતગુણા ગુણ છે. એવા-એવા અનંત દ્રવ્ય છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એક ભગવાન આત્મા ઓહો..હો..! અનાકુળ આનંદના રસનો પિંડ પ્રભુ ચૈતન્ય તું. આ એને વંદન કરવા, અંદર આદર કરવો, ગુણગ્રામ કરવા એટલે એકાકાર થવું એ જ ગુરુની વંદના એક જ પ્રકારની ગણવામાં આવી છે. કહ્યુંને? એક આવશ્યક છેને? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ. એક જ પ્રતિક્રણ છે. પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને ભગવાન

પૂર્ણાનંદમાં લીન થવું એ એક જ પ્રતિક્રમણ. પ્રતિક્રમણના બે ભેદ છે જ નહિ. આહા..હા..! કથનના બે ભેદ છે, વસ્તુ તો એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ મોક્ષમાર્ગ બે કથનમાં છે. મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ એક જ છે. સમજાણું કાંઈ? ટોડરમલ મોક્ષમાર્ગપ્રકાશકમાં બનાવ્યું છે કે મોક્ષમાર્ગ બે માનવા ભ્રમ છે. મોક્ષમાર્ગનું નિરૂપણ કથન બે પ્રકારનું છે. મોક્ષમાર્ગ તો નિશ્ચય એક જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણું લીધું છે. સમજાણું કાંઈ?

સામાયિક, વંદન, પ્રતિક્રમણ. એક જ પ્રતિક્રમણ છે. સ્વરૂપ પરમાનંદ પ્રભુ એમાં નિશ્ચયમાં વીતરાગદશા દ્વારા લીન થવું એ એક જ પ્રતિક્રમણ છે. કાયોત્સર્ગ. એ એક જ છે. કાયા, વિકલ્પ આદિને છોડીને સ્વરૂપમાં વીતરાગી દશામાં રહેવું એ એક કાયોત્સર્ગ છે અને પ્રત્યાખ્યાન પણ એ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ક્રિયા એક છે. આ કહે છેને આવશ્યક ક્રિયા. જુઓ ભાષા છે એમાં. આવશ્યક ક્રિયા. રાગની ક્રિયા ક્યાં ગઈ? દેહની ક્રિયા તો જડ છે, આ તો માટી, ધૂળ છે. આ તો પરમાણુ છે. એક-એક પરમાણુમાં અનંતગુણ છે. એક-એક ગુણની એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય હોય છે. એ તો જડની ક્રિયા છે, આત્માની નહિ. અને અંદરમાં દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ ઉઠે છે એ રાગની ક્રિયા છે. એ આત્માની નહિ. ઓહો..હો..! એક જ ક્રિયા છે. ક્રિયા બે પ્રકારની નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! કોઈએ તો જિંદગીમાં જૈનમાં જન્મ્યા છતા સાંભળ્યું નહિ હોય. જન્મ્યા અમે જૈનમાં. કે અમે જૈન છીએ. શું જૈન છો? જૈન શું કહે છે એની તો ખબર નથી. અમે જૈન છે. ઓલા કહે અમે દિગંબર જૈન છીએ.

ભગવાન દિગંબર આચાર્ય પદ્મનંદી પ્રભુ મહાદિગંબર સંત, વનમાં રહેનારા એ કહે છે કે એક આવશ્યક ક્રિયા એક જ છે. બે ક્રિયા આવશ્યકની છે નહિ. સામાયિક બે પ્રકારની, ચોવિસંથો બે પ્રકારના, વંદના બે પ્રકારના, પ્રતિક્રમણ બે પ્રકારના, કાયોત્સર્ગ બે પ્રકારના, પ્રત્યાખ્યાન બે પ્રકારના એમ છે જ નહિ. આહા..હા..! કહો, હરિભાઈ! આહા..હા..! અરે..! ભાઈ! તારો ભગવાન તારી પાસે પડ્યો છેને! પ્રભુ તારી પાસે રે ક્યાં જોવા નીકળ્યો? તને તારી ખબર નથી. એ રાગની આડમાં ભગવાન બિરાજમાન અંદર છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આવ્યું છે. સમજાણું કાંઈ?

લ્યો **'અને તે જ એક સ્વાધ્યાય છે.'** જુઓ, હવે આ. આ લોકો કહે છેને શાસ્ત્ર-સ્વાધ્યાય કરવાથી અસંખ્યગુણી નિર્જરા થાય છે. ભાઈ! આહા..હા..! અરે..! સાંભળ રે સાંભળ. ભગવાન આત્મા અનંતગુણનો પિંડ નિર્વિકલ્પસ્વરૂપ આ એમાં એકાકાર વીતરાગ પર્યાયથી થવું એ એક જ સ્વાધ્યાય છે, બે સ્વાધ્યાય છે નહિ. એક શાસ્ત્રનો સ્વાધ્યાય અને આત્માનો સ્વાધ્યાય એમ બે નથી.

**શ્રોતા** :-- સ્વાધ્યાયનો અર્થ પણ એ છે સ્વ-અધ્યાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઇ તો સ્વ-પોતાનો અધ્યાય છેને? ભગવાન આત્મા આમ

જ્ઞાનજ્યોતિ બિરાજમાન સૂર્ય ચૈતન્યસૂર્ય છે. ઓહો..હો..! ઓલો કહે બે સ્વાધ્યાય. એ ધવલમાં આવ્યું છે ધવલમાં. સાંભળ્યું છે? શું છે? કે શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા-કરતા સંવર-નિર્જરા થાય છે. અરે..! સાંભળતો ખરો. સ્વાધ્યાય તો એક જ પ્રકારનો છે. બીજો એ વિકલ્પ ઉઠ્યો એ તો વ્યવહારસ્વાધ્યાય કર્યો એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ ધવલમાં આવે છે. એમ કે મુનિઓ સ્વાધ્યાય કરે છે શાસ્ત્રનો. પણ સ્વાધ્યાય કઈ? અસંખ્યગુણી નિર્જરા એ શાસ્ત્રના વિકલ્પથી લક્ષ એ નિર્જરા છે? એ તો પુણ્યબંધનું કારણ છે. ભગવાન આત્મા સ્વચિદાનંદસ્વરૂપ સ્વયં પ્રભુ આ એનો સ્વ-અધ્યાય અંતરમાં એકાકાર થઈને જ્ઞાનનું ભણતર પ્રગટ કરવું આ એનું નામ ભગવાન એક જ સ્વાધ્યાય કહે છે.

**'વળી (આ ૧૦૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે :- '** લ્યો, બોલો.

**(मालिनी)**

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे**
**सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः।।१३५।।**

દિગંબર મુનિ, પદ્મપ્રભમલધારિદેવ ૮૦૦ વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં થયા. આ એની ટીકા બનાવી છે કળશ. મૂળ પાઠ કુંદકુંદાચાર્યનો છે. આ ટીકા એની છે. બેય સંત હતા, મુનિ હતા. આ કુંદકુંદાચાર્ય આચાર્ય હતા, આ મુનિ હતા, આચાર્ય નહિ.

**'શ્લોકાર્થ :- મારા સહજસમ્યગ્દર્શનમાં,...'** જુઓ, મુનિ કહે છે પોતાનું સ્વરૂપ. પંચમ કાળના મુનિ. મારા સ્વભાવિક સમ્યગ્દર્શનમાં હું શુદ્ધ પરમબ્રહ્મ આનંદકંદ છું એવી અંતરમાં જે દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું નિર્વિકારી નિર્વિકલ્પ દૃષ્ટિ, વીતરાગી પર્યાયરૂપ સમ્યક્ થયું. એવા મારા સમ્યગ્દર્શનમાં.. આગળ કહેશે **'તે પરમાત્મા જ છે...'** ત્રીજી લીટી. ત્રીજી લીટી. મારા સમ્યગ્દર્શનમાં **'તે પરમાત્મા જ છે...'** ત્રીજી લીટી. લીટી કહેને પંક્તિ. લાઈન ત્રીજી. **'મારા સહજસમ્યગ્દર્શનમાં,...'** એ શુદ્ધોપયોગમાં મારો પરમાત્મા જ છે. આહા..હા..! અને મારા સહજ **'શુદ્ધજ્ઞાનમાં,...'** મારા સમ્યગ્જ્ઞાન ચિદાનંદ પ્રભુમાં મારો આત્મા પરમાત્મા જ સમ્યગ્જ્ઞાનમાં છે. પરથી જ્ઞાન થયું અને પરમાં જ્ઞાન થયું એ મારામાં છે નહિ. આહા..હા..! મારા સહજ **'ચારિત્રમાં,...'** એમ બધામાં લેવું દરેક શબ્દો ઉપર. મારા સહજ **'ચારિત્રમાં,...'** તે પરમાત્મા જ સમીપમાં આવે છે અંદરમાંથી. ભગવાન પૂર્ણાનંદમાં લીન થવાથી ભગવાન જ શક્તિરૂપથી પ્રગટરૂપ વીતરાગી પર્યાયની ચારિત્રમાં આત્મા જ આવે છે. એ દયા, દાન કે વ્યવહારરત્નત્રયથી અહીંયાં ચારિત્ર થયું એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં...'** જુઓ, સુકૃત નામ શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ સુકૃત શુભભાવ, દુષ્કૃત નામ અશુભભાવ એ કર્મદ્વંદ્વ છે. બે કર્મનું દ્વંદ્વ છે. શુભભાવ-અશુભભાવ કર્મદ્વંદ્વ છે, આત્મા નથી. આહા..હા..! **'દ્વંદ્વના સંન્યાસકાળમાં...'** તો બેય દ્વંદ્વના ત્યાગકાળમાં, પ્રત્યાખ્યાનમાં તે જ પરમાત્મા છે. એ શુભાશુભપરિણામ અપ્રત્યાખ્યાનરૂપ છે. એના ત્યાગમાં પોતાના શુદ્ધસ્વરૂપની રમણતામાં મારો આત્મા જ પ્રગટ થઈને પ્રસિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? શુભભાવ એ પ્રત્યાખ્યાન છે નહિ. **'સંવર અને શુદ્ધ યોગમાં...'** મારું શુભાશુભપરિણામ રહિત શુદ્ધ સંવર. ભગવાન આત્માની સંવરદશા અને શુદ્ધ ઉપયોગ. યોગ એટલે ઉપયોગ. શુદ્ધ ઉપયોગ. શુભ અને અશુભ એ અશુદ્ધ ઉપયોગ. શુભભાવ અને અશુભભાવ એ અશુદ્ધ ઉપયોગ. એનાથી રહિત ભગવાન આત્મા એમાં એકાકાર થઈને શુદ્ધ ઉપયોગ આ એમાં મારો આત્મા છે.

**'તે પરમાત્મા જ છે...'** કહો, સમજાણું કાંઈ? ભારે માર્ગ! વીતરાગનો માર્ગ વીતરાગમાર્ગથી ઉત્પન્ન થાય છે, વીતરાગ પર્યાયથી ઉત્પન્ન થાય છે. રાગથી-ફાગથી ઉત્પન્ન થતો નથી. આહા..હા..! ભારે કઠણ આ જગતને. આ ગૃહસ્થાશ્રમને માટે શું હશે પણ? ગૃહસ્થાશ્રમ હોય કે મુનિધર્મ હોય એ ધર્મ તો પાતાના સ્વરૂપને આશ્રયે બેયને થાય છે. યોગસારમાં આવ્યુંને? ગૃહસ્થ હોય કે શ્રાવક, મુનિ હોય. ગૃહસ્થાશ્રમમાં ભલે વેપારાદિની ક્રિયા રાગાદિની હોય એનાથી રહિત આત્માનો અનુભવ કરવો એ જ એને મોક્ષમાર્ગ છે. ગૃહસ્થાશ્રમમાં પણ આત્મા ભગવાન મૂર્તિ આ એનો અનુભવ અને એમાં લીન થવું એ જ મોક્ષમાર્ગ ગૃહસ્થાશ્રમમાં છે. સમજાણું કાંઈ?

**'(અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાયનો આશ્રય,...'** લ્યો, બધાનો આશ્રય લીધો. એ **'અવલંબન શુદ્ધાત્મા જ છે);...'** સમ્યગ્દર્શનનું અવલંબન પણ આત્મા, રાગાદિ નહિ. શ્રુતજ્ઞાનનો અવલંબન-આશ્રય આત્મા, રાગાદિ નહિ. ચારિત્રનું અવલંબન-આશ્રય આત્મા-વ્યવહાર નહિ. સુકૃત-દુષ્કૃતના ત્યાગમાં આત્મા અવલંબન આશ્રય, વ્યવહાર-પ્રત્યાખ્યાન નહિ. સંવર અને શુદ્ધ યોગમાં મારો આત્મા જ સમજાણું કાંઈ? આશ્રય અને અવલંબન છે.

**'મુક્તિની પ્રાપ્તિ માટે...'** જેને આત્માના પૂર્ણ આનંદની શુદ્ધદશાની પ્રાપ્તિ કરવી છે. તો **'મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં અન્ય કોઈ પણ પદાર્થ નથી, નથી.'** જોર દીધું. આહા..હા..! તારો ભગવાન આત્મા અનંતગુણનો નિર્વિકલ્પ પંડિ પ્રભુ એ જ મુક્તિની પ્રાપ્તિમાં આધાર અને આશ્રય-અવલંબન છે, બીજો કોઈ પદાર્થ છે નહિ. આહા..હા..! મુક્તિની પ્રાપ્તિ માટે ત્રણલોકના નાથ પણ તને કારણ નથી, કહે છે. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજમાન હોય અને ભગવાનના કલ્પવૃક્ષના ફૂલ અને હીરાના થાળ, મણિરત્નના દીવા. કહે છે કે એ શુભભાવ છે, ધર્મ નથી. સમજાણું કાંઈ? એ પણ તારા આત્મા માટે, મુક્તિના કારણ માટે એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા મુક્તસ્વરૂપ જ દ્રવ્ય છે, અબદ્ધસ્પૃષ્ટ છે. ભગવાન સ્વરૂપ પ્રભુ

આત્મા એક સમયનો વિકલ્પ અને નિમિત્તનું લક્ષ છોડી દે, ભગવાન અબદ્ધસ્પૃષ્ટ પરથી બંધ અને સ્પર્શ વિનાની ચીજ છે. એવી ચીજ અબદ્ધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે. આ એને આશ્રયે મુક્તિ પ્રાપ્ત પર્યાયમાં થાય છે, બીજાથી થતી નથી. સમજાણું કાંઈ? **'મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં અન્ય કોઈ પણ પદાર્થ...'** ત્રણલોકના નાથ પણ મુક્તિની પ્રાપ્તિ માટે તને શરણ નથી. આહા..હા..!

**શ્રોતા** :-એની વાણી તો છેને.

**શ્રોતા** :- એને વાણી જ ક્યાં હતી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાણી ક્યાંથી આવી? લ્યો.

ભગવાન આત્મા વાણીએ એમ કહ્યું. શું? વાણીએ એમ કહ્યું કે તારો અખંડાનંદ પ્રભુ તારી મુક્તિને માટે કારણ તારો આત્મા છે, એવું વાણીએ કહ્યું. સમજાણું કાંઈ? એમ એણે બરાબર શ્રદ્ધા અને જ્ઞાનમાં લેવું જોઈએ.

**શ્રોતા** :- તારું કારણ તું જ છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તું જ છો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૨, રવિવાર, તા.૦૫-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૧, શ્લોક-૧૩૬, પ્રવચન-૮૪

અધિકાર ચાલે છે એના પેટાભેદમાં.. પરમાર્થ-પ્રત્યાખ્યાન ચાલે છે.

**(पृथ्वी)**

**क्वचिल्लसति निर्मलं क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनरनिर्मलं गहनमेवमज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्।।१३६।।**

નિત્ય... આવે છેને? ક્વચિત્ મેચક-અમેચક... એ આ નિર્મળ.. ઇ શૈલી. ઇ શ્લોક ઇ આવે છે કળશ. મેચક-અમેચક કહેશે.

**શ્રોતા** :- ક્યારેક મેચક... ક્યારેક અમેચક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઇ. ઇ ક્ષુલ્લકની શૈલી છે ઇ. આ નિર્મળ-મલિન શબ્દ વાપર્યો છે.

આત્મા. આ નિશ્ચય-પ્રત્યાખ્યાનનો અધિકાર છેને? તેથી કહે છે કે પ્રત્યાખ્યાન કરવું છે, થવું છે ત્યાં રાગાદિ પણ હોય છે. ત્યારે આમ વસ્તુ જોતાં નિર્મળ દેખાય છે. પદાર્થ જોતાં તે નિર્મળ છે. **'ક્યારેક નિર્મળ તેમજ અનિર્મળ દેખાય છે,...'** વસ્તુ જોતા નિર્મળ છે અને પર્યાયમાં મલિનતા જોતા તે અનિર્મળ પણ દેખાય છે. એ પોતાને જ કારણે અહીં સિદ્ધ કરવું છે. પરને કારણે એવું અહીં કાંઈ સિદ્ધ કરવું નથી. એ પોતાના અસ્તિત્વનું જ એવું સ્વરૂપ છે કે ત્રિકાળ નિર્મળ પણ દેખાય છે. એક બાજુ નિર્મળ અને અનિર્મળ એની અવસ્થામાં મલિનતાના અંશનું પરિણમન એનો સ્વતઃ તે સમયનો ભાવ, તેથી તેને અનિર્મળ પણ દેખાય છે.

**શ્રોતા :-** આત્મા કરે તો સ્વભાવ થઈ જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની અહીં વાત જ નથી. ઇ તો જ્યારે એમ સિદ્ધ કરવું હોય છે. આવે છે. એ તો આત્મવલોકનમાં જે આવે છેને, નિમિત્ત વિના થાય તે સ્વભાવ થઈ જાય. એ તો એક સ્વભાવ ત્રિકાળ થઈ જાય એ અપેક્ષાએ. આ સ્વભાવ નથી, કૃત્રિમ વિકાર.. એ વિકાર ક્રમ એ અનિત્ય છે એમ સિદ્ધ કરવું છે. કર્મના નિમિત્તે ક્ષણિક ઉપાધિ થાય છે માટે તે આત્માનો સ્વભાવ નથી. નિત્ય સ્વભાવ જ્ઞાનાનંદસ્વરૂપ છે, એમાં વિકાર અનિત્ય તે ક્ષણિક છે. તેથી તે જુદો પડી જાય અને વસ્તુનું વસ્તુત્વ એકલું રહે છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'વળી ક્યારેક અનિર્મળ દેખાય છે...'** એકલી પર્યાય દેખો રાગવાળી તો દશામાં અનિર્મળ પણ દેખાય છે. **'તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે,...'** આ શું? વસ્તુ નિર્મળ, વળી મલિન, નિર્મળ-મલિન બેય અને એક મલિન દેખતા પર્યાયમાં રાગ દેખતા અનિર્મળ. **'તે જ...'** તે જ વસ્તુ. **'તે જ...'** વસ્તુ. **'નિજ જ્ઞાનરૂપી દીપક...'** નિજ પોતાના જ્ઞાનરૂપી દીપક. જુઓ **'નિજ જ્ઞાનરૂપી દીપક...'** ચૈતન્યના જ્ઞાનનું સ્વરૂપ એનું જ્ઞાન. **'નિજ જ્ઞાનરૂપી દીપક કે જેણે પાપતિમિરને નષ્ટ કર્યું છે...'** કે જેણે વિકારને, અજ્ઞાનને, નિજ દીપક જ્ઞાન દ્વારા નાશ કર્યું છે. **'તે સત્પુરુષોના હૃદયકમળરૂપી ઘરમાં નિશ્ચળપણે સંસ્થિત છે.'** એવું આત્મતત્ત્વ જ્ઞાનીને હૃદયમાં, સમ્યગ્દર્શનના વિષયમાં, એ હૃદયમાં-ઘરમાં હૃદયકમળરૂપી ઘર એમાં નિશ્ચળપણે હૃદયમાં સ્થિત છે. વસ્તુ શાશ્વત આનંદકંદ સિદ્ધ છે. સમજાય છે કાંઈ? શ્લોક જરી છે.

૧૦૧ ગાથા. ૧૦૦ પૂરી થઈ.

एगो य मरदि जीवो एगो य जीवदि सयं।
एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ।।१०१।।

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

**શ્રોતા :-** સિદ્ધિ લહે એમાં તો બે કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સિદ્ધિમાં એકલો પોતાની મુક્તિને પામે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

હવે એ ગાથામાં એનો અર્થ કરે છે. અહીં તો દાખલો કાલે જ બની ગયોને રાતે. તાળુ દઈને સૂતા હતા. રાતે ગુજરી ગયા એમ ને એમ ચંદનબહેન. એકલા કોઈ ન મળે. લ્યો, આ ભાઈ-ભોજાઈ ભેગા રહે. એ ગયા હતા ભાવનગર. ક્યાં ગયા રતિભાઈ? ભેગા રહેતા હતા. તે .. એકલા. અઢી વાગે તો મેં અહીંયાં જોયા હતા. પરમ દિ' બપોરે વ્યાખ્યાનમાં આવ્યા. બરાબર લાકડી લઈને. હું બેઠો હતો તો જોયા હતા. સાંભળ્યું વ્યાખ્યાન, રાતે ભક્તિમાં આવ્યા. દસ વાગે ચર્ચા કરીને સૂતા. સૂતા પછી ક્યારે ખલાસ થઈ ગયું. ક્યારે થયું ખલાસ કોઈને ખબર નથી. પછી અનુમાન કરે બધા. આહા..હા..! એકલા ખાટલામાં સુવાડ્યા ત્યાં કાંઈ ન મળે. ઓય માળા આ શું? એકલો અંતરમાં જોવાવાળા બેઠા હોય તોપણ એકલો જ મરે ત્યાં. ઉંધો પડે ત્યાં શ્વાસ કોણ નાખતું હતું જોડે? આહા..હા..! એકલો આત્મા અનાદિ-અનંત.

'**ટીકા :- અહીં (આ ગાથામાં) સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે...**' લ્યો, કોઈ એને સહાય નથી.

**શ્રોતા** :- એક નિમિત્તને બાદ કરીનેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અહીં નિમિત્ત-ફિમિતની સહાય નથી. અહીં નિમિત્તની સહાય કહેવાય નહિ એને. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

એકલો ભગવાન આત્મા '**નિત્ય મરણમાં...**' હવે લે છે. સમયે-સમયે આયુષ્યના પરમાણુઓ સમયે-સમયે ક્ષય થાય છે. જે આયુષ્ય લઈને આવ્યો છે એ સમયે-સમયે ક્ષય થાય છે. કહો, બરાબર છે? એ સમય-સમયે ... મરણ છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને જે કાંઈ ભાવ કરેલા એ ભાવ પ્રમાણે ત્યાં એક આયુષ્ય બંધાણું. એ આયુષ્યની સ્થિતિ કહે છે કે એક સમયે સમયે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તો સમયે-સમયે જોયું છેને? એ સમયે આયુષ્યના રજકણો ક્ષય થાય છે. નિત્યમરણ કહે છે. શું? સમયે-સમયે મરે છે. આયુષ્ય પૂરું થાય છે સમયે-સમયે. સમયે-સમયે લોકો જાણે કે મોટો થાય, ભગવાન જાણે કે સમયે સમયે મરી જાય છે. એ આયુષ્ય એટલું ટૂંકું થઈ ગયું. તો કોઈ કહે છે કે ભાઈ આ બહારનું સાંભળ્યું ઇ.

**શ્રોતા** :- મા જાણે મારો દીકરો મોટો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, મોટો (થઈ ગયો). એવી વાતું કરે પણ અંદર બેસતું નથી એને. મોટો દીકરો થાય છે. આયુષ્યમાં તો ઘટતું જાય છે. જેટલું લઈને આવ્યો એમાં એક સમય વધવાનો નથી. એક સમય વધવાનો નથી. જે મુદત્ દેહ અને આત્માના યોગની આયુષ્યને લઈને આવ્યો, એક સમયમાત્ર ત્રણ કાળમાં કોઈ ઇન્દ્રિ, નરેન્દ્ર, જિનેન્દ્ર ફેરવવામાં સમર્થ નથી. એ સમયે-સમયે આયુષ્યના રજકણો ગળતા જાય છે.

કહે છે કે એ **'નિત્યમરણમાં (અર્થાત્ સમયે-સમયે થતાં આયુકર્મના નિષેકોના...'** એટલે રજકણનો સમૂહ. એના **'ક્ષયમાં)...'** એ સહાય વિના વ્યવહારથી એકલો મરે છે, એમ લેવું. પછી બીજી વાત. શું કીધું? ઓલો વચલો બીજો શબ્દ ફરીવાર આવશે. બીજી વાતમાં. એ આખા ભવની વાત થાય છે. સમયે-સમયે આયુષ્ય પૂરું થાય છે એ નિઃસહાય. કોઈની સહાય વિના બધા કુટુંબ-કબીલા લાખ, કરોડ બધું પડ્યું હોય લક્ષ્મી આદિ. કહે છે કે એ સમયે-સમયે રજકણ ક્ષય થાય એમાં કોઈની સહાય નથી. કહો, સમજાય છે કાંઈ? બે લાખના બંગલામાં બેઠો હોય અને બહાર પૈસાના ઢગલા દેખાતા હોય, પણ કહે છે કે એને કોઈ સહાય વિના જે રજકણો લઈને, આયુષ્યની સ્થિતિ લઈને આવ્યો છે એ સમયે-સમયે એનું મૃત્યું થાય એને કોઈ રોકી શકે એવું નથી, એમ પહેલું સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ બધા કહ્યલા કુટુંબ ભેગા થયા હોય ને બધા બેઠા હોય વાતું કરે વાણિયા બહુ ભાષા મીઠી. હેં ચંદ્રકાંતભાઈ! પચાસ-પણોસો-સો માણસો બેઠું હોય કહ્યલું કુટુંબ. એક ફેરી ક્યાંક વ્હોરાવા ગયા હતાને એમાં એક બાઈ એવું બોલી, કહ્યલું કુટુંબ ભેગું થયું. મેં કીધું આ શું હશે વળી? એ બધી વાણિયાની મીઠાશ. ધૂળમાંય કહ્યલા કુટુંબ નથી ત્યાં હવે. લાખ તારા પૈસા અને કરોડ બધું મકાન, બાયડી, છોકરા બધા ભેગા થાય. બધું...

કહે છે કે તે સમયે પણ તે જીવનું આયુષ્ય જે છે તેના સમય-સમયના કર્મના રજકણો દેહની સ્થિતિના સમયે-સમયે નાશ થાય છે. એ મરણને કોઈ બહાર સહાય કરી શકતું નથી. .. ખાવા-પીવામાં લહેરમાં આમ દેખતા હોય. પણ સમયે-સમયે એનું મૃત્યુ થાય છે. જે સ્થિતિ કર્મની લઈને આવ્યો. ભગવાને જોયું કે આ કર્મની સ્થિતિ આટલી. એ સમયે-સમયે એ સ્થિતિ નાશ પામે છે એને રોકવા સહાયમાં કોઈ સમર્થ છે નહિ. કહો, બરાબર હશે આ? હુશિયાર માણસો કાંઈ કરે કે નહિ? ધૂળેય કરે નહિ. સાંભળને હુશિયારી તારી શું કામ આવે પરમાં? મોટા માંધાતા ફૂ થઈને ઉડી જાય લ્યો અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નિત્યમરણમાં (અર્થાત્ સમયે-સમયે થતાં આયુકર્મના...'** ક્ષયમાં સહાયકના બીજા કોઈની સહાય વિના. વ્યવહારથી જીવ વ્યવહારથી મરે છેને? ... ક્યાં મરે? નિશ્ચય એ તો જે સ્વરૂપ છે ઇ છે. સમજાણું કાંઈ? **'અને તે ભવસંબંધી મરણમાં...'** હવે બીજો બોલ. ભવનો અંત જે સમયે આવ્યો એ સમયે કોઈ સહાય ત્રણકાળમાં કોઈ છે નહિ. જે સમયે આયુષ્ય પૂરું થયું, ભવ બદલાણો, બીજો કોઈ સહાય નથી. ... કહ્યું અહીં. આ બારણું ઉઘાડ્યું ત્યાં મડદું. ઓલા ક્યારે મરી ગયા? ભગવાન જાણે.

**શ્રોતા** :- એ તો મોટો શહેનશાહ પણ એમ ગુજરી ગયોને!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શહેનશાહ ગુજરી ગયો મોટો સાડા ત્રણ કરોડના મકાનમાં. સાડા ત્રણ કરોડના મકાનમાં શહેનશાહ. સવારે જોવે ત્યાં મડદું! શું થયું? શું થયું શું સ્થિતિ તેની ભવની પૂરી થઈ. જે સમયે દેહની સ્થિતિ પૂરી થાય તે સમયે દેહ છૂટે છૂટકો. છૂટે છૂટકો. એમાં કોઈ ઇન્દ્ર,

નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ એને સહાય થઈ શકે નહિ. આહા..હા..!

**'(જીવ) એકલો જ મરે છે;...'** એકલો જ મરે છે. આહા..હા..! તારી ચીજમાં ભાઈ! જે કાંઈ દેહની સ્થિતિ લઈને આવ્યો એ સમયે-સમયે મરણ થાય એમાં એકલો જ મરે છે ..માં અને ભવના અભાવ કાળે ભવ છૂટવાને કાળે એક સમયમાં બધું પલટું, ગુલાંટ ખાઈ જાય બધું. ભવ બીજો, ક્ષેત્ર બીજું, કાળ બીજો, ભાવ બીજો એક સમયમાં. આહા..હા..! દ્રવ્યના સંયોગ જુદા઼. ક્યાં એક સમયે અહીં અને ક્યાં એક સમયે બીજે ભવે. કોઈ તારું શરણ નથી, ભાઈ! તું એકલો છો. જુઓ, આ નિત્ય પ્રત્યાખ્યાનના અધિકારમાં આ લીધું. માટે, તું તારી સ્વરૂપની સંભાળ કર અને રાગનો અભાવ કર, એમ કહે છે. આહા..હા..! .. આ સમાધાન. બીજું સમાધાન ક્યું હતું?

ભગવાન આત્મા જેટલું આયુષ્ય સ્વ અને પરના જે જે આયુષ્ય છે. છોકરાઓ મરે, બાયડી મરે, બાપ મરે એના આયુષ્યની સ્થિતિની જે .. લઈને આવ્યો. ક્ષણે-ક્ષણે મૃત્યુ થાય તેમાં પણ બીજાનો હાથ નથી અને ભવના અભાવ કાળે એની સ્થિતિ પૂરી તે સમયે થવાની. એમાં ત્રણકાળ, ત્રણલોક કંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ઠેસ વાગેને મરી જાય. નથી થતું? શું થયું ઘડીકવારમાં આમ કાંઈક લાગ્યું. જાવ ઉડી ગયા.

**શ્રોતા :-**... બે મિનિટ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે મિનિટ. પણ આ તો વળી ઓલા મોટા-મોટા કરોડોપતિ ગૃહસ્થો એક ક્ષણમાં. ભાઈ હતા કલ્યાણજીભાઈ હતા પોરબંદરમાં. ૨૦ લાખ રૂપિયા થયા. તો દસ લાખ ગયા તો દસ લાખ હતા. તે દિ' મરવાના દિવસે એક લાખ પેદા કર્યા નવા સાંજ સુધીમાં. પછી? સાંજે બેઠા લક્ષ્મીચંદ પિતાંબર. આમ બેઠા લક્ષ્મી પિતાંબર આમ કર્યું બસ. અહો..! કલુ! બસ એટલું કહ્યું. કલુ! ત્યાં કલુ ગયો. કલ્યાણજી ગોવિંદજી પોરબંદર. બહુ માણસ આમ ખાનદાન હતા હોં લોકોત્તરમાં. કલુ! એમ જ્યાં કહ્યું, કલુ! એ કલુ ગયો. એ લક્ષ્મીચંદ પિતાંબર બબ્બે લાખની સખાવત કરનારા ધૂળ જેવા આમ ઉભા હતા બધા ત્યાં. શું કરે પણ? સમજાણું કાંઈ? સખાવત એની શું કરે અને બહારની ચીજ શું કરે? જેની સ્થિતિ જે સમયે પૂરી થઈ એને, જિનેન્દ્ર કહે છે, કોઈ ફેરવવા સમર્થ નથી. એકલો મર અને એકલો જન્મ. આહા..હા..! .. કરનારા, સરખા સેવા કરનારા હોય તો મરણ સારું થાય એમ હશે કે નહિ કાંઈ? નહિ? મરવા ટાણે કોઈ ન મળે તો .. આમ કરે .. કેમ છો બાપુ તમને? સમુકો મુંઝવે. ભાઈ! હવે એને મરવા દેને સરખું. એક જણો એમ કહેતો હતો. બહુ ઓલું નાખવા માંડ્યા. ... બહુ ખરાબ. અરે..! ભાઈ! રહેવા દ્યોને. મરવા દ્યોને. હવે બહુ હેરાન થઈ છીએ અમે. આહા..હા..! કોણ સહાય કરે? બાપુ! તું તત્ત્વ જ જ્યાં ભિન્ન છોને. આ રજકણો કર્મના, શરીરના એ તો પરવસ્તુ છે. પરવસ્તુને અને તારે કાંઈ સંબંધ નથી. એ જગતના તત્ત્વો જડ અને તું ચૈતન્ય ભગવાન બેય એક ક્ષેત્રમાં આવ્યા એથી કરી એક ભાવરૂપે થઈ જાય છે (એમ છે નહિ). ઓહો..! આવું જાણતા છતાં કહે છેકે એ આત્માની અંતર

દૃષ્ટિ કરતો નથી. ભગવાન આત્મા હું સિદ્ધ સમાન.

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે એમ ફરમાવ્યું, ભાઈ! તું ચિદાનંદ છોને. એ તારા સ્વરૂપમાં તો અનંત આનંદ પડ્યો, બાપુ! ત્યાં ઘરમાં તું જોતો ખરો! એ ઘરમાં નજર તો કર! બાપ વારસો મૂકી જાય તો મારો તરત હજી અહીંયાં મર્યો ને બહાર ન કાઢે ત્યાં કેટલું મૂકી ગયા અને ક્યાં છે બધું તપાસે.

**શ્રોતા** :- તરત તો ન તપાસે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! તરત તપાસે. સાંભળ્યું નથી તમે? થયું છે નહિ તમારે નાગનેશમાં થયું હતું. એ તો બધા મરી ગયા છે એટલે કાંઈ વાંધો નહિ. એય..! આ બધું જાણે છે. એ મડદા હતા અને ચાર હજારની નોટું બોટું હતી એ બાંધી દીધી અહીં. સાથળે બાંધી દીધી. મડદું ભલે પડ્યું. ઓલો કહે ઓલો લઈ જશે અને ઓલો કહે ઓલો લઈ જશે. બધી વાતું છે હોં. નામ-બામ નથી આપતા. સમજ્યાને એટલે મડદું પડ્યું હતું આમ. અને લૂગડું ઉપર... હજાર રૂપિયાની નોટું હતી કાંઈક કોકે સાથળે બાંધી દીધી અને લુગડું ઉપર.. પછી કાઢીને સામે લઈ જઈએ. ત્યારે બીજો કહે એલા પણ ક્યાં ગયું? ઓલો કહે ક્યાં ગયું? કહો, છોટાભાઈ! બન્યું છે એના ગામમાં. સમજાણું કાંઈ? અહીં તો અમારે બધી વાતું આવી હોયને ઘણી દુનિયાની. મડદું કાઢવા ત્યારે મરી ગયો ત્યાં ઓલા તપાસ કરવા માંડ્યા ક્યાં ક્યાં છે? ઓલો કહે હું લઈ જાવ અને ભાઈ કહે કે હું લઈ જાવ, ભત્રીજો કહે હું લઈ જાવ. કાકા-ભત્રીજો બે વચ્ચે વાંધાં. બાંધી અહીં... એમાં બધું એ ... આહા..હા..!

અરે..! ભગવાન! બાપુ! કોઈ.. એલા પણ આ મરી ગયો એનો તને શોક પણ નથી? પણ કોને અમારે .. હતા? અહીં ક્યાં સ્નાન હતું. મરીને ગયો તો એ ગયો એમાં શું છે કહે. પૈસા કેટલા મૂકી ગયો છે લાવ. આહા..હા..! ભગવાન! તારી મૂડી તો તારી પાસે છેને, પ્રભુ! ચૈતન્યલક્ષ્મી આનંદકંદથી ભરેલો છો. એ તારી નજરને આળસે તારું નિધાન ખોવાઈ ગયું તને. સમજાણું કાંઈ? સમજાય છે? નજરને આળસે. ભગવાન! તારી નજર અંતરમાં નિધાન ઉપર તે કોઈ દિ' મૂકી નથી. આ ચીજ શું છે પણ આ? આ બધાને જોવ વિશ્વાસ કરું પણ હું કોણ છું? હું કોણ છું? કેવો છું? અને કેમ છું અને ક્યાંથી છું? એ જોવાને વખત જ લીધો નથીને. ચીમનભાઈ! આ હોળી બહારની માંડી. આ પૈસા થયા ને મકાન થયા ને બાયડી થઈ અને છોકરા થયા. ક્યાં પણ થયા? ક્યાં થયા? તારી પાસે થયા છે? એ તો ત્યાં થયા.

**શ્રોતા** :-પણ હૂંફ બહુ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં હૂંફ આવતી નથી. માળો મફતનો મૂઢ થઈ આમ જ્યાં .. મારી. મૂઢ છો? ક્યાં તારી? એ તો જડ છે. સમજાણું કાંઈ? મકાન કાંઈક પાંચ, પચાસ લાખના મકાન હોય તો આમ ઓહો..હો..! નજરું ફરે આમ જાણે. શું પણ છે?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેના .. ધૂળ ઠરે? એ તો પર છે. અહીં આવે એવું છે? મરવાકાળે કાંઈક સહાય આપે એવું છે? કે સારા બંગલા રંગરોગીતમાં મરીએ તો પરિણામ સારા થાય એમ હશે કે નહિ? આહા..હા..! એક ઘરે કીધુંને વહોરવા ગયા ત્યાં બધું સાફસૂફ બધું હોં. ઘણા વર્ષની વાત છે. ઓલા લાકડા બહાર શું કહેવાય તમારે? પાલેશ. પાલેશ કરેલા લાકડા, દાદરા-દાદરા બધું આ અને આમ ગોળ ચક્કર લાકડા મૂકે છેને ત્રિપાઈમાં લૂગડા ઢાંકેલા અને માથે આમ બધા ઓલા. મરતા નીકળવું આકરું પડશે કીધું આને. રાજકોટમાં, ભાઈ! લીલાધરભાઈને ઘરે. એ તો લીલાધરભાઈને ઘરે થયું. આ બધું. આહા..હા..! ભારે આકરું પડશે કીધું આને આ. આ નજરમાં આ .. લાકડા બાકડા સાફ. બધા કોઈ ઠેકાણે પોલીશ. ધૂળ-બુળ કેવી? નોકરો-બોકરો બધું સાફસૂફ રાખે. આમ જ્યાં વહોરવા ગયા તો. મેં કીધું આકરું પડશે આને બહાર નીકળવું.

**શ્રોતા** :- અમારી નજર તો રાજી થવામાં જાય અને આપની નજર ત્યાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભારે વાત આકરી! ચારેકોર નજરમાં પણ લાકડા જુઓ તો આમ સાફસૂફ. ઓલા પાછી પાથરેલા લૂગડા એવા ઉંચા અને એમાં વળી કાચના, ઢીકણા, ફીકણા મૂકેલા હોય. એવા ગોળા આવડા મૂક્યા હોય અને પછી પ્યાલા મૂક્યા. આમાં શું, બાપા? ક્યાં જઈશ પણ તું? એ ત્યાં નજર ચોંટી રહેશે અને મર્યા વિના છૂટકો નથી લે. સમજાણું?

અહીં ભગવાન આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ! ક્ષણે-ક્ષણે આયુષ્યના મૃત્યુમાં અને ભવના અભાવ કાળે મૃત્યુમાં બીજાની સહાય વિના વ્યવહારથી. પરમાર્થે જીવ મરે ક્યાં અને ઉપજે ક્યાં? ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ અનંતગુણનો પિંડલો આત્મા અનાદિ-અનંત છે. એ કાંઈ પરમાર્થે મરતો પણ નથી અને પરમાર્થે (જન્મતો પણ નથી)!

**'તથા...'** હવે જન્મની વાત કરે છે. જ્યાં દેહ છૂટ્યો અહીંથી **'સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોની ઉત્પત્તિમાં,...'** શું કહે છે? અહીંથી મરીને કોઈ નરકમાં જાય, કોઈ મનુષ્યમાં જાય, મનુષ્ય મરીને મનુષ્ય થાય, કોઈ મનુષ્ય મરીને પશુ થાય, કોઈ મનુષ્ય મરીને દેવ થાય, કોઈ મનુષ્ય મરીને થોર થાય અને કોઈ મનુષ્ય મરીને કીડી થાય. બાદરમાં ઉપર આવડી-આવડી થાય છેને ઇયળું? અહીં મરીને પાધરી ઈયળ ત્યાં થાય. શું કહે છે? એ શરીર કેવું છે? કે સાદિ-સાંત. એ નવું મળ્યુંને અંત આવવાનું શરીર. મૂર્તિક છે. મૂર્ત છેને એ શરીર? નરકનું હો, કીડીનું હો, દેવનું હોય કે મનુષ્યનું હોય. વિજાતીય-આત્માની જાતથી જુદી જાત છે જડ દેહ શરીર. વિભાવવ્યંજનપર્યાય જડની વિભાવિક વિકારી આકૃતિની પર્યાય છે શરીર આ માટી. .. અહીંથી મર્યો એવા **'નરનારકાદિપર્યાય...'** નામ શરીરની ઉત્પત્તિમાં **'આસન્ન-અનુપરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયના કથનથી (જીવ એકલો જ) સ્વયમેવ જન્મે છે.'** એ શરીરમાં એકલો જઈને ઉત્પન્ન થાય છે. બીજો એનો આત્મા કે એનો મા-બાપ કે બાયડી કાંઈ

સાથે કાંઈ આવે એવું નથી. આહા..હા..!

આ શરીર જ્યાં છોડ્યું ત્યાં બીજે સમયે .. ત્રણ સમય. સમજાય છે? ફટ શરીર બીજું છે એકલો જઈને ઉપજે. કોઈ શરણ નથી. અહીં પાછો .. અરે..! બાપુ! એ તો.. ત્યાં મરીને જાય ઉપજે એમાં કોઈ ન મળે ત્યાં. સમજાણું કાંઈ? અહીંયાં રાજા-મહારાજ આમ ખમ્મા. હીરાના પલંગમાં સૂતા હોય હોં. ખમ્મા અન્નદાતા! દેહ છૂટે અને સાતમી નરકના શરીરમાં ઉપજે. ભાઈ! તારા જન્મમાં કોઈ તને સહાય નથી હોં. જ્યાં જઈને ઉત્પન્ન થઈશ ત્યાં તને અહીંથી અને ત્યાંથી કોઈ સહાય છે નહિ. આહા..હા..! માળો પણ ચોંટ્યો છેને. પરમાં જે નથી થાતા એરૂપે એમાં ચોંટ્યો છે.

**શ્રોતા :-** નિમિત્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તનો અર્થ શું? એ પરવસ્તુ છે, એ પર છે, પૃથક્ છે એને કારણે ટકી અને બદલી રહ્યા છે. તારે કારણે એ ટકી અને બદલી રહ્યા નથી. સ્વતંત્ર જગતના પદાર્થો છે. આહા..હા..!

કહે છે એ **'સાદિ-સાંત...'** એટલે આદિ છે શરીરની, અંત આવવાનો છે. આત્માથી વિજાત છે પણ એ જડની પર્યાય વિકારી આકૃતિની પર્યાય નરકની, નારકીની. ઓહો..હો..! બ્રહ્મદત્ત સાતસો વર્ષનું આયુષ્ય હોં. ચક્રવર્તી છન્નું હજાર જેને ઘરે રાણીયું. એ પલંગમાં પોઢ્યા એ સાતસો વર્ષના સમય કેટલા? અસંખ્ય. સમજાય છે? એની સેકન્ડો કેટલી? સંખ્ય. સંખ્યાતી સેકન્ડ. ત્યાં સાતમી નરકે પડ્યો છે ૩૩ સાગરે અત્યારે બ્રહ્મદત્તનો જીવ. એના પાપના પરિણામને કારણે. એક સેકન્ડમાં અસંખ્ય વર્ષનું દુઃખ. એક સેકન્ડમાં અસંખ્ય વર્ષનું દુઃખ એમ ગણતરી ગણો અહીં. સાતસો વર્ષની જેટલી સેકન્ડું થાય. એક સેકન્ડ અહીં એનો અસંખ્ય અબજ વર્ષનું દુઃખ ત્યાં અસંખ્ય અબજ. એવી બીજી સેકન્ડનું અસંખ્ય અબજ, ત્રીજી સેકન્ડનું અસંખ્ય અબજ. એવી રીતે ૩૩ સાગરે ત્યાં ઉપજ્યો છે. સમજાણું કાંઈ? અહીં તો સાતસો વર્ષમાં પહેલો નાનો હશે ત્યારે તો કાંઈ ચક્રવર્તી નહોતો. ભલે જન્મતો. પછી કહે .. ઓહો..હો..! એના પાંચસો વર્ષના કોઈ આયુષ્યના સેકન્ડો ગણો તો સંખ્યાતા થાય. ૩૩ સાગરનું આયુષ્ય અસંખ્ય-અસંખ્ય અબજનો આંટો એક-એક સેકન્ડે આવે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એવા પાપના પરિણામ ભોગવવા પડતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ એવા ક્રુર કર્યા છે. મહા ક્રુર કરેલા. ભગવાન આત્માનો આદર છોડી દઈ અનાદર... અનાદર... અનાદર... એકલી ક્રુરતા! આ તો એનો દાખલો આપ્યો. પણ અનંતવાર દરેક જીવ સાતમી નરકે ગયો છેને. ક્યાં નવો હતો? સમજાણું કાંઈ? એ મનુષ્ય હોય એ મરીને એકેન્દ્રિય થાય, પૃથ્વીમાં જાય, પાણીમાં જાય, અગ્નિમાં, વાયુ અને વનસ્પતિમાં ઉપજે. કોઈ સહાય નથી, બાપુ! એ શરીર આવ્યું અને પૂરું થશે. એટલામાં અહીંથી મરીને ત્યાં જન્મવામાં

કોઈ તને સહાય નથી. એમ કહીને કહે છે કે ભગવાન! તું કાંઈક તારા સ્વભાવની સંભાળ કર. આ નિત્ય પ્રત્યાખ્યાનની વાત છેને? નિશ્ચય-પ્રત્યાખ્યાન. આહા..હા..! ભગવાન! તું સચ્ચિદાનંદ, નિત્યાનંદ પ્રભુ છોને. ભાઈ! તારામાં કોઈ ખામી છે નહિ. એવડો તું પદાર્થ છો. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એવો તને જોયો અને કહ્યો છે. ભગવાન પરમેશ્વરે એવો કહ્યો અને જોયો છે. ભાઈ! તું અનંત આનંદ જ્ઞાનસ્વરૂપ અંદર અંતર બિરાજમાન. એની તે દૃષ્ટિ કરી નહિ અને આ બહારની દૃષ્ટિએ આવા હેરાન સમયે-સમયે મરણ અને જન્મમાં ઉપજ્યો છો. સમજાણું કાંઈ?

**'આસન્ન-અનુપચરિત...'** એટલું નજીક છેને શરીર. દૂર નથી. ઓલું ઘર, મકાન જેમ દૂર છે એમ નથી. આ શરીર નજીક છેને ત્યાં ઉપજ્યો ફટ દઈને. **'સ્વયમેવ જન્મે છે.'** એ પોતે એકલો જઈને જન્મે છે. કહો, બાયડી, છોકરા કોઈ સાથે આવતા હશે કે નહિ બધા છન્નું હજાર? ઓલો હતોને શું કહેવાય? સિકંદર. એટલા સિકંદરે કાળાકેર કરેલા અને ... મારા મરણ વખતે બધા વૈદોને, હકીમોને હાજર કરજો. મારુ મડદું એ જનાજો એ હકીમને કાંધે ઉપડાવજો. મારા આ મડદાને છેલ્લે હાથ આમ રાખી ગયો. એ હકીમને કાંધે ઉપડાવજો કે આ હકીમો જે ગૌરવ કરે છે કે અમે બીજાને દવાથી જીવતા રાખીએ. આ સિકંદર બાદશાહને ઉતારીને દાટવા જાય છે આ. મારો જનાજો એ જ હકીમોને કાંધે ઉપડાવજો એમ બોલી ગયો હતો. એને કાંધે ઉપડાવજો. વર્ષના વારસદાર અને વરખાસન બાંધેલા બધાને લાખ-લાખ રૂપિયાના વરખાસનો ખાધેલા. આ મરવા ટાણે બધાએ કાંઈ માલ સાલ નાખ્યા નહિ. ઓહો..હો..! સુમનભાઈ! અને જેટલી લક્ષ્મી મેં લૂંટી અન્યાય કરીને એના ઢગલા કરજો મારી પાસે અને પોલીસો હોય એ બધાને બંધુક લઈને સાથે મોઢા આગળ ટૂકડી રાખજો. આટલા-આટલા પોલીસો લાખો છતાં આ જનાજામાં ચાલ્યો. ઓલો તો ક્યાંય વયો ગયો પહેલો. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ તારું રક્ષક છે નહિ. એકલો જઈ ક્યાં જન્મે? આહા..હા..! અહીંથી રાજાનો કુંવર હોય એ મરીને નરકમાં ઉપજે. તે અહીં જમશેદપૂરની ભઠ્ઠી એના કરતા અનંતગુણી અગ્નિ પહેલી નરકમાં છે. એના ઉપજવાના મધપુડા જેમ ઉપજેને માખીયું એવા એના ઉપજવાના સ્થાન છે. એટલા શસ્ત્ર... એટલા શસ્ત્ર... હાય... હાય... આ શું છે આ? પડે ફટ નીચે. છત્રીસ પ્રકારના નીચે શસ્ત્ર તીખા એમાં પડે ઉપરથી ફટ. રાડ નાખે. અરેરે..! આ શું છે આ? ક્યાં સુધી આ? હજી આયુષ્ય રહે ત્યાં સુધી. કટકા થઈ જાય, ટૂકડા થઈ જાય, તે સમયે પોતાની મેળે જન્મે એકલો કહે. આહા..હા..! સમજાય છે કાંઈ? હજી અહીં તો કાઢતા હોય હોં. ખાટલામાં સુવાડીને એને આમ બધું કરે. મોટા રાજાને કાઢેને. ઢોલિયામાં કાઢે. અમથા ન કાઢે એને. મોટા સારા ઢોલીયા હોય અને એમાં બેસાડે અને વળી કાં તો મોટી શું કહેવાય? પાલખી. હોકો હાથમાં રહી ગયો હોય અને .. ચડવ્યા હોય મડદાને. ભાઈસાહેબ તો બિરાજ્યા હોય નરકમાં.

**શ્રોતા :-** બાપુ ઠાઠથી જાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠાઠથી જાય. ઠાઠથી જાય પણ ઇ તો વયો ગયો નરકમાં. અહીં ક્યાં હતો? આ તો ધૂળ છે. આહા..હા..! માણસની પણ ભ્રમણા. હા .. એમ કાઢ્યા એમ કહે છે. પાઘડી અને હાથમાં ઓલું.. બાંધ્યું તો હોય શરીર શી રીતે નહિતર? દોરી બાંધી હોય પાછળ. હોકા રાખે હાથમાં સોનાના હોં. આહા..હા..! ઇ બધું ઢેઢને જાય પછી. એના ઢેઢ હોયને એના. પછી માથે ગાયું દોવરાવે. જ્યાં બાળ્યા હોયને રાજા તરફથી ગાયું દોવરાવે રાખું ઠંડી થાય. દરબારને દૂધ પહોંચતા હશે. મારા મૂર્ખના ગામ છેને પણ બધા! કહે છે કે એકલો મરીને જન્મે છે. આહા..હા..! હવે?

**'સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ...'** ચારેકોર ઉભા હોય, મા, બાપ, બંધુજનો, કુટુંબ, ભાઈ! શું કરીએ? ભાઈ! શું કરીએ? **'સર્વ બંધુજનોથી રક્ષણ કરવામાં આવતું હોવા છતાં પણ, મહાબળ-પરાક્રમવાળા જીવનું...'** આહા..હા..! મરણની વ્યાખ્યા વિશેષ કરીને સામે મુક્તિ કહેશે હવે. **'મહાબળ-પરાક્રમવાળો...'** ભગવાન અનંતવીર્યનો ધણી છે પ્રભુ. શું કરે? આહા..હા..! એ **'જીવનું એકલાનું જ, અનિચ્છિત હોવા છતાં...'** એને ઇચ્છતો નથી મરણને. ઇચ્છે છે? **'હોવા છતાં સ્વયમેવ મરણ થાય છે;...'** જાય ચાર ગતિમાં રખડે છે એમ કહે છે. આહા..હા..! નિત્ય-પ્રત્યાખ્યાન, નિશ્ચય-પ્રત્યાખ્યાનમાં આ મૂક્યું. ભાઈ! હવે તો એનો છેડો છોડ. આહા..હા..! આવા જન્મ-મરણ કર્યા ભગવાન! હવે તો છેડો છોડ હવે! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત કેવળજ્ઞાન આનંદનો કંદ એને તો હવે પકડ. એની નજરું કર, એનો વિશ્વાસ કર, એમાં ઠર. એ વિના તારા આરા ઉતરવાના નથી. એ માટે આ કહે છે. હવે સામું કહે છે.

**શ્રોતા :-** પચ્ચખાણ લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પચ્ચખાણ ઈ.

હવે **'(જીવ) એકલો જ પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત સ્વાત્માશ્રિત,...'** જુઓ, મોક્ષ જાય તો એકલો જાય છે. ત્યાં કોઈ સાથે આવતું નથી. આહા..હા..! **'પરમગુરુના પ્રસાદથી...'** ધર્માત્મા સંતોએ એને સ્વ આત્માનો આશ્રય કરવાનું કહ્યું. સમજાય છે કાંઈ? હે ભગવાન! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! તું તારો આશ્રય કર! એમ ગુરુએ કહ્યું હતું. ગુરુના ઉપદેશમાં એ ઉપદેશ આવ્યો છે. આહા..હા..! જુઓને, આત્માવલોકનમાં નથી આવતું? ગુરુ તો એને કહીએ કે વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગભાવનું વર્ણન કરે અને વારંવાર મુહુમુહુ એટલે વારંવાર. ગુરુ વીતરાગમાર્ગ છે. રાગને કર અને રાગ એ વાત નહિ. ગુરુ તો આજ વાત કરે, ભાઈ! તું રાગથી નિરાળો પ્રભુ છોને. પૂર્ણાનંદના વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ છોને. સર્વજ્ઞ વીતરાગ પોકાર કરી ગયા છે. અમારી જાતની, નાતની, ભાતવાળો તું આત્મા છો. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કીધું શબ્દ અહીં જુઓ **'પરમગુરુના પ્રસાદથી...'** એટલે કે પરમગુરુએ આ કહ્યું હતું. કે પ્રાપ્ત શું? **'સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનના બળે...'** આહા..હા..! ભગવાન ગુરુ એમ જ કહે છે

કે ઉપદેશ વીતરાગ સંતોનો, વીતરાગી મુનિઓનો, ધર્માત્માનો ઉપદેશ એ જ હોય છે કે પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને ભગવાન આત્માના અંતરમાં જા આ એ ઉપદેશ ભગવાન સંતોનો હોય છે. આહા..હા..!

**શ્રોતા :-** પ્રસાદ શબ્દ આવેને એટલે કાંઈક બીજા ભાવ આવી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા આવી જાય છે. પ્રસાદ આવ્યોને જરી. એ પ્રસાદનો અર્થ ઇ. વ્યવહારનો અર્થ સમજો. સવારમાં નહોતું આવ્યું? જે વ્યવહાર આવે એને વ્યવહાર તરીકે સમજી લેવું.

**શ્રોતા :-** વ્યવહાર તરીકે તો ઉભું રાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાખ્યુંને કીધુંને. આહા..હા..!

**'પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત...'** સંતોએ વીતરાગભાવ ભરેલો ભગવાન એમ એને જણાવ્યો. ભાઈ! જે નિર્દોષતા અને પવિત્રતા તું (પ્રગટ કરવા) જે માગે છો એ બધી નિર્દોષતા અને પવિત્રતાનો સ્વભાવ તારો પૂર્ણ પડેલો જ છે. એ કાંઈ બહારથી આવે એવું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ કહીને એમ કહ્યું કે એને સમ્યગ્દર્શન માટે પણ સ્વ આત્મા આશ્રયની જ વાત એણે કરી, સમ્યગ્જ્ઞાન માટે પણ સ્વ આત્માના આશ્રયની વાત કરી, સ્થિરતા માટે સ્વ આત્માના આશ્રયની વાત કરી અને મુક્તિ માટે શુક્લધ્યાનમાં પણ સ્વાત્માના આશ્રયની વાત કરી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! તારા નિજાનંદ ભગવાનને તો નિહાળ. એ નિજઘરને તો જો! એ પરઘરમાં આથડ્યો અનંતવાર. આહા..હા..! એથી અહીંયાં કહે છે, પરમગુરુએ આ કહ્યું છે હોં. જૈન સાધુ એટલે કે વાસ્તવિક તત્ત્વના અનુભવી એ એક જ વાત કરે છે, કહે છે. આહા..હા..! જુઓને, વાત કેટલી ફરી ગઈ છે અત્યારે. એ તો વાત વીતરાગ દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર પરની અપેક્ષા વિના. સ્વના આશ્રયની દૃષ્ટિ, સ્વના આશ્રયનું જ્ઞાન અને સ્વના આશ્રયમાં લીનતા એવી જ વાત ભગવાન સંતોના મુખથી ઉપદેશમાં આવે છે. આ સિવાય વિરૂદ્ધ આવે એ વીતરાગની વાત નહિ. સમજાય?

**શ્રોતા :-** એ તો રાગ પોષે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ કરતા પણ આ સ્વ-આશ્રય પ્રગટશે એ વીતરાગમાર્ગનો ઉપદેશ નહિ. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત કરતા-કરતા તને કલ્યાણ થશે એ વીતરાગમાર્ગનો ઉપદેશ નહિ. અજ્ઞાનીના રાગીનો અજ્ઞાનનો ઉપદેશ છે. કેમ જોવું આમાં શું છે? અને ઓલું આત્માવલોકનમાં ઇ આવે છે સમજાય છે? વારંવાર. મુહુ-મુહુ. ઓહો..હો..! વારંવાર સંતો જૈનના સંતો એ સંતો છે, બાકી કોઈ સંતો વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના માર્ગ સિવાય ક્યાંય સંત અને જ્ઞાની હોઈ શકે નહિ. એ જ્ઞાની અને સંત એ જ એક વાત જગત પાસે મૂકે છે. જગત પાસે એ પીરસે છે. ભગવાન! તારામાં પૂર્ણતા પડી છેને, પ્રભુ! તું

એનો આશ્રય કર, શ્રદ્ધા માટે એને જો, જ્ઞાન માટે એને જ્ઞેય કર, સ્થિરતા માટે એનો આશ્રય કર. આ એનો પ્રસાદીનો ઉપદેશ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'એકલો જ પરમગુરુના પ્રસાદથી...'** પાછા ઉપદેશ દેનારા કેવા એ પણ સિદ્ધ કર્યું. ઝીલનારે આ આશ્રય કર્યો એને પણ સિદ્ધ કર્યું. **'સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનના બળે...'** નિશ્ચય શુક્લધ્યાનના બળે. વળી લ્યોને શુક્લધ્યાનના બે પ્રકાર નથી, પણ અહીં નિશ્ચય સ્વભાવના આશ્રયે જે થયું ધ્યાન, **'નિજ આત્માને ધ્યાઈને...'** ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર બાદશાહ અનંતગુણનો સાહેબો. સમજાય છે કાંઈ? આહા..હા..! પરમ દિ' કહ્યું હતું. એકફેરી નહોતું કહ્યું? કે 'સાહેબા તું ચુકીશમા, વાલમ તુ ચુકીશમા એ અવસર લહી જી' હે આત્મા! 'સાહેબા તું ચુકીશમા વહાલમ તું ચુકીશમા' હે વહાલમ આત્મા! હે સાહેબા! હવે તું આત્માના સ્વભાવમાંથી ચુકીશ નહિ, ભાઈ! તને અવસર મળ્યો, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? બહારમાં મજા ભારે આવે. પૈસા દરેડા થાયને. દસ-દસ હજારની પેદાશું એક દિ'એ દેખે ત્યાં આંખ ફાટી જાય. ફાટી જાય આંખ ફરે નહિ. આહા..હા..!

કહે છે, ભાઈ! ભગવાન! એ મરણમાં એકલો, જન્મમાં એકલો, રખડવામાં એકલો અને છૂટવામાં એકલો, એમ કહેવું છે અહીં. એક રજકણનો પણ સહાય નથી. અહીં તો પાછું ગુરુએ કીધું, ગુરુની સહાય નથી એમ કહે છે. એની સહાય તને નથી.

**શ્રોતા :-** શુરૂઆતમાં તો આવીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી જ નથી એમ કહે છે. ઇ માટે તો આ વાત માંડી છે. શેની માંડી છે આ?

**'એકલો...'** **'सिज्झदि णीरओ'** **'सिज्झदि णीरओ'** રજ વિનાનો થઈ, કર્મના રજકણ વિનાનો થઈ ભગવાન આત્મા પોતાના નિજનો આશ્રય લઈ એકલો મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? **'एगो य मरदि जीवो एगो य जीवदि सयं। एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ॥'** જાય એટલે ચાર ગતિમાં રખડવું. એની સામે જોવે. સમજાણું?

**શ્રોતા :-** ... વાત હોય તો પરિણામ ઢીલા થાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકરા પાપના છેને, ઢીલા થાય. પણ ઓલી વાત હોય તો. બીજી વાત શું છે ઇ? અખંડાનંદ, ચિદાનંદનો આશ્રય લે, ભાઈ! બીજી કોઈ ચીજ તને શરણ નથી. ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ શરણ નથી. એ તારા દાન, દયાના પરિણામ થાય, આ પુણ્ય થયા એ શરણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આ પાંચ, દસ લાખ રૂપિયા ખચાર્યા. હવે ધૂળમાંય નથી સાંભળને. ધૂળ તો પર છે. એમાં તે મમતા થોડી કરી હોય અને પુણ્ય થયું હોય. પુણ્ય તો રાગ છે. એ રાગ શરણ-ફરણ નથી. નિજ આત્માનું શરણ લે! આહા..હા..! કહો, બાબુભાઈ! આ જાત્રા-બાત્રાનું શરણ નથી, ભગવાનનું સમ્મેદશિખરનું શું કહેવાય સિદ્ધગીરી. સિદ્ધગીરીમાં સિદ્ધ થાય એમ ત્રણ

કાળમાં ન થાય એમ કહે છે અહીં. નિજાત્માનો આશ્રય લે, બાપુ! ત્યાં સિદ્ધપણું છે. ત્યાં ડુંગરમાં, પર્વતમાં સિદ્ધિ નથી ત્યાં. આહા..હા..! રાડ નાખે હોં કહે. ૯૯ વાર ચડે અને ઉતરે. એક મળ્યો હતો તે દિ'. ૯૫માં મળ્યો હતો. પહેલી જાત્રા કરવા ગયાને. લીંબડીનો કોક હતો. ઓલી બાંધેને જોળી. જોળી બાંધેને જોળી ફૂલ નાખેને આમ. આમ નાખો અહીં બાંધે. એ લાખવાર ઉપર ચડે તોપણ સંવર-નિર્જરા નથી કીધું એને. એય..! તમે એમ ધારો કે ૯૯ વાર ચડ્યા અને ઉતર્યા અને ભવ ઘટે. ત્રણકાળ, ત્રણલોકમાં નથી. શુભભાવ છે.

**શ્રોતા** :- આદેશ આપે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યા આપે છે? કાંઈ આપ્યો નથી. ઇ તો બધા તમારા જેવા હોય તો આપેને તમને. આદેશ આપે કે ભવનો અભાવ થઈ જશે, જાવ. ધૂળમાંય નહિ થાય એમ કહે છે અહીં. એ ગુરુ જ ખોટા છે, કહે છે.

**શ્રોતા** :- એકાદો ભવ ઘટે કે ન ઘટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક ભવ અંશે ન ઘટે ત્રણકાળમાં. અશુભભાવ ઘટવામાં શુભભાવ હોય, પણ એ શુભભાવ છે. એ શુભભાવ છે, પુણ્યબંધનનું કારણ છે, પણ એને આશ્રયે ભવનો અભાવ થાય ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ. સાક્ષાત્ સમવસરણમાં પરમાત્મા બિરાજતા હોય તો એને લક્ષે સંવર-નિર્જરા થાય. ત્રણકાળમાં નથી. એમ તો અહીં કહે છે. નિજ આત્માનો આશ્રય કીધુંને? '**નિજ આત્માને ધ્યાઈને...**' કે ભગવાનને ધ્યાઈને? શેત્રુંજયને ધ્યાઈને? સમજાણું કાંઈ? વાત તો વીતરાગના ઘરની એવી જરી આકરી છે. સાધારણ કાયરને તો 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ.' ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર વીતરાગદેવ એમ ફરમાવે છે કે ભાઈ! જેટલો પરદ્રવ્યનો આશ્રય લે તેમાં પુણ્ય અને પાપ બે થાય છે. સ્વદ્રવ્યના આશ્રય વિના સંવર, નિર્જરા અને મુક્તિનો ઉપાય ત્રણકાળમાં પ્રગટ થતો નથી. સમજાય છે? વચ્ચે વ્યવહાર આવે જરૂર, પૂર્ણ ન થાય તો વ્યવહાર હો ભલે, પણ એ વ્યવહારને આશ્રયે આત્માને નિર્જરા (થાય) અને ભવ ઘટે એમ છે નહિ. એમાં એકેય રતિ સાચી નથી. કહેનારા હોય તે બધા .. ઉંધે રસ્તે ચડ્યા છે. સમજાણું કાંઈ?

'**નિજ આત્માને ધ્યાઈને...**' ભાષા કેવી જુઓ, '**નિજ આત્માને ધ્યાઈને...**' અંતર ચુસે આત્માને. એકાકાર થાય છે. આનંદસ્વરૂપમાં દૃષ્ટિમાં મૂકી અને એમાં એકાકાર થઈને, '**રજરહિત થયો થકો શીઘ્ર નિર્વાણ પામે છે.**' જુઓ, અલ્પકાળમાં તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ.

**(अनुष्टुभ्)**

**'स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते॥'**

'**શ્લોકાર્થ :- આત્મા સ્વયં કર્મ કરે છે,...**' શુભાશુભભાવને સ્વયં કરે છે. સ્વયં કરે પાછું જુઓ ઇ. કર્મબર્મ કરાવવાનું ન આવ્યું. ભાઈ! કર્મ મંદ પડે તો સ્વયં પુણ્ય-પાપના ભાવ થાય એમ નહિ અહીંયાં વાત. સ્વયં કર્મ કરે છે. શુભાશુભપરિણામ સ્વયં કરે છે. '**તેનું ફળ સ્વયં ભોગવે છે,...**' તે વિકારના ફળને પોતે આત્મા જ ભોગવે છે. કોઈ બીજી ચીજને કરતો નથી અને બીજાને ભોગવતો નથી. સમજાણું કાંઈ? શુભાશુભભાવ કરે, કર્મ શુભાશુભ બંધાય. એના ફળ કાળે પણ સ્વયં રાગ હરખ-શોકને ભોગવે. બીજો કોણ ભોગવે અને બીજો કોણ કરી દે? આહા..હા..! '**સ્વયં સંસારમાં ભમે છે,...**' ચાર ગતિમાં રખડે ઇ પોતાને કારણે રખડે છે. નિગોદથી માંડી બટાટા, શક્કરકંદ, લીલફુગમાં અનંતા અવતાર કર્યા. એ ત્યાંથી માંડીને સંસાર નવમી ગ્રૈવેયક સુધી સ્વયં સંસારમાં ભમે છે. પોતાની ભૂલથી ભગવાન ભૂલેલો ચાર ગતિમાં ઉંધે રસ્તે ચડી ગયો છે. સમજાણું કાંઈ?

'**સ્વયં સંસારમાં ભમે છે,...**' ભાષા જુઓને સ્વયં નિગોદથી માંડીને બધું હોં. '**અને સ્વયં સંસારથી મુક્ત થાય છે.**' પોતાની મેળાએ સ્વયં ભગવાન આત્માને વીતરાગ પરમાત્માના ઉપદેશનું નિમિત્ત પામી અંતરમાં સ્વનો આશ્રય લઈને આત્મા પોતાની મેળાએ કેવળજ્ઞાન પામીને મુક્તિ પામે છે. એમાં કોઈ સંહનન શરીર, દેવ-ગુરુ-શાસ્ત્રની કે બાયડી-છોકરાની કાંઈ મદદ-ફદદ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નાનાભાઈને બહુ રોગ હતો. મોટાભાઈએ માંસ લાવીને ઇંડાને ખવરાવેલા. બહુ સેવા કરેલી. મોટો મરીને ગયો નરકમાં. નાનો મરીને .. થયો જમડો ઓલો પરમાધામી. ઓલો મારવા આવે પરમાધામી. 'એલા પણ તારા માટે મેં પાપ કર્યા. હું નરકમાં આવ્યો અને તું?' કહે, 'કોણે કીધું હતું તને?' સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ભાઈએ માર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાઈએ માર્યો. કીધું નહોતું આ બે જણા હતા તે. નાનો ભાઈ હતો તે મરતો નથી, પછી મોટો ભાઈ એને હતો. આ તો અમે બધી સાંભળેલી ચોખ્ખી વાત. કીધું એણે કે મારા ભાઈને દુઃખ હતું. અમે બે જણા વાંઢા ઘરમાં. દશાશ્રીમાળીના દીકરા હતા બે. પછી બહુ સેવા કરી, મરે નહિ. હવે કરવું શું? બે રૂપિયાનું ઝેર લઈ આવ્યો કહે. આપ્યું. મર્યો નહિ મારો કહે, પછી થોડા દિ' રાખ્યું. પછી પાંચ રૂપિયાનું (ઝેર) લઈ આવ્યો, કહે આપ્યું. મરી ગયો. સમજાય છે? આ જેણે કરેલું એણે કીધું અમને. મહારાજ! એવા અમે પાપ કર્યા છે. આ સગા બધા હોં દશાશ્રીમાળી. મોટુ-નાનું જરી ચાલ્યું થોડું મંદવાડ. તો મોટાએ બે રૂપિયાનું ઝેર લાવીને આપ્યું, પણ મર્યો નહિ માળો. બે રૂપયે મર્યો નહિ. જુઓને આયુષ્ય છેને. મરે કોણ? મારે કોણ આયુષ્ય પૂરું થયા વિના? એ થોડા દિ' પછી કહે પાંચ રૂપિયાનું લઈ આવ્યો ઝેર. ભાઈએ આપ્યું ઝેર. આપ્યા ભેગો (મરી ગયો). આ પાપ કર્યા છે કહે મેં. હતો છેક મરણ સુધી. ક્રુર પરિણામી. સમજાણું કાંઈ? આહા..હા..! એ થયેલો સાધુ પાછો. એ સાધુ થઈને વાત કરે આવી બધી. એ પછી ભ્રષ્ટ થઈ ગયો

પાછો. .. ને મરી ગયો. આહા..હા..! અરે..! દુનિયા તે કાંઈ.. કહે છે કે કોને માટે અને શું કરું છું એની ખબર નથી. ઓલા .. ગયા નાનાને.. નાનાને માટે કર્યું અને મોટો થયો નારકી, નાનો થયો પરમાધામી. માર. ભાઈસાહેબ પણ આ પૂર્વમાં મેં તારા માટે પાપ કર્યું હતુંને? ખાનગી-ખાનગી તને કીધું નહોતું. ઇંડા લાવતો, માંસ લાવતો. કોને કહ્યું તમને? સુમનભાઈ! બે ભાઈનો ભાગ પડતો હશે કે નહિ કાંઈ? આહા..હા..! '**સ્વયં સંસારમાં ભમે છે, સ્વયં સંસારથી મુક્ત થાય છે.**' એકલો મુક્ત થાય છે.

'**વળી, શ્રી સોમદેવપંડિતદેવે (યશસ્તિલકચંપૂકાવ્યમાં બીજા અધિકારની અંદર એકત્વાનુપ્રેક્ષા વર્ણવતા ૧૧૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**' બોલો.

(वसंततिलका)

'एकस्त्वमाविशसि जन्मनि संक्षये च<br>
भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।<br>
अन्यो न जातु सुखदुःखविधौ सहायः<br>
स्वाजीवनाय मिलितं विटपेटकं ते॥'

'**શ્લોકાર્થ :- પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...**' આહા..હા..! તેણે કરેલા પાપ અને પુણ્ય એ '**કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં...**' એકલો જન્મમાં તું પ્રવેશ કરે છો. એકેન્દ્રિયમાં, બે ઇન્દ્રિયમાં, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, માતાના પેટમાં. '**તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે,...**' પૂર્ણ થઈ સ્થિતિ તું પ્રવેશ કરે છો. કોઈ તને સહાય-ફહાય છે નહિ. '**બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખ-દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી;...**' આમ કહે છેને ભાઈ! પૈસાવાળા બાયડી-છોકરા સારા પાલવ્યા હોય. આ મોટા શું કરવા કરીએ છોકરાઓને? મોટા હોય તો વૃદ્ધાવસ્થામાં સેવા કરે. એના માટે કરતા હશે કે નહિ?

**શ્રોતા** :- તો બીજું શું કરવા કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય નથી. એની મમતા માટે કરે છે.

**શ્રોતા** :- છોકરા પાછા અમેરિકા જઈને રહે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! ક્યાંના ક્યાં. કેટલા પૈસા ખર્ચ્યા હશે રામજીભાઈએ જુઓ. ઓલો ત્યાં બેઠો. એકના એક. ઇ ઠીક, બાપુ! આહા..હા..! તમારે ક્યાં ત્રણ એક બેઠો ત્યાં, એક બેઠો ક્યાંય અને એક બેઠો ક્યાંય, લ્યો. એક ઇંદોર, એક રામપર અને એક મુંબઈ. કહો છે? આટલું કર્યું શું આવ્યું તમારી પાસે? 'બાપુજી!' એમ કહે બે શબ્દ મીઠા હોં. બાપુજી! ત્યાં આ ખુશ થઈ જાય કે 'બાપુજી' તો કહે છે આટલા ખર્ચ્યા એમાં. આરે! આરે મીઠા ઝેર છે. બાપુજી કહેને બાપુજી કહે છે. આમ સફળ પાપ બધા ખર્ચ્યા ભણ્યામાં. જાને ભાઈ! બાપુજી ક્યાંથી કહે? આહા..હા..!

લાખવાર, કરોડવાર બાપુજી કહીએ જો તને સખ આવતું હોય તો. નોકર રાખીએ બે રૂપિયાના પગાર દાડીયો. આહા..હા..! અરે..! પણ મારે જગતની મુંઝવણ. મીઠા મહેરામણના ઝેર ખોટા હોં. ખોટા ઝેરમાં ડોલી રહ્યો માળો! આહા..હા..!

કહે છે કે '**સુખદુ:ખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી;...**' તારા બાયડી કે છોકરા કોઈ. છે શું ત્યારે આ? આ '**પોતાની આજીવિકા માટે...**' એ સ્વાર્થ માટે ધુતારાની ટોળી તને મળી છે. કહો, શશીભાઈ! કહે છે કે આ બધા છેને ધુતારાની ટોળીયું બધી છે. બાયડી, છોકરા અને બધાય. મીઠું-મીઠું બોલે. પણ તમારા વિના ચાલે કાંઈ મારે? આમ .. અરે..! ધુતારાની ટોળી છે માળા! મારી નાખે તને. સમજાણું કાંઈ? એય..! મોહનભાઈ! અરે..! પણ તમારા વિના ચાલે? તમે એકલા જશો તો અમે શું કરીશું? તમારા બહેન મરી ગયા અને હવે તમે એકલા.. લે ભાઈ! હોળી અહીં બેસવું છે આપણે. ઇ ધુતારાની ટોળીયું બધી હોં. પોતાની આજીવિકા માટે પાછું એમ. પોતાના સ્વાર્થ માટે. તમારે માટે નહિ. એ શરીરમાં ઠીક હોય ત્યાં જ્યા લાંબુ ચાલ્યું હોય થોડું. મનમાં વિચાર કરે કે હવે મરી જાય તો ઠીક, નહીં તો પૈસા જાશે અને બચશે નહિ બે વાત છે. બને છેને પણ? પૈસા નીકળે છે. ડોક્ટરે ના પાડી કે ચાર-છ મહિના કાઢે એટલું ખરું. બચશે નહિ. હાય.. હાય.. ઘરમાં સારી આબરૂ, નાક મોટું બે-પાંચ હજાર ખર્ચ્યા વિના ચાલે નહિ. ડોક્ટર મારુ સારું લાંબુ ન ચાલે તો ઠીક. આ સ્વાર્થના પૂતળા બધા જુઓ આ. આમ વિચાર આવે ઓલાને. ઇ પોતાના સ્વાર્થ માટે '**આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.**' તું ઠગાવાયોગ્ય અને ઇ બધા ઠગનારાઓ છે બધા કહે. મફતનો પડ્યો છે એમાં? એમ કહે છે લ્યો. પણ આ પૈસાવાળા બાપુજી કહે તો કેટલું.. ભલે સામું ન જોવે. અંતે એનું ધાર્યું ન થાય. વાત જ ન કરે. બાપુજી! હમણા મને વખત નથી હોં બેસો એકકોર. પણ એલા તું આ દીકરો છો. બે કરોડ થઈ ગયા તો વાતું કરવા વખત નથી? આટલું કામ બાપુજી! એટલું માથે કામ છે.

**શ્રોતા** :- બાપુજીને એમ થાય કે આ ભાઈને કામ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કરે પણ ન થાય તો? એ ઓલો મૂઢ એના જેવો અને ઓલો મૂઢ બેય સરખેસરખા એમ કહે છે અહીં. સમજાણું? ધુતારાની ટોળી છે ઇ તો કહે છે. સાચી વાત હશે? બાપુ! તું એની નજર છોડ હવે કહે છે. તારા સ્વરૂપની નજર કર. ત્યાં શરણ છે, બાકી બહારમાં શરણ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૩, સોમવાર, તા.૦૬-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૨, શ્લોક-૧૩૭, પ્રવચન-૮૫

એમાં શું આવ્યું આ? એમ કહે છે. આ એકલો આવ્યો અને આ વાત ચાલે છે નિશ્ચય પ્રત્યાખ્યાનની. ચારિત્રનો અધિકાર ચાલે છે. કહે છે કે ભાઈ! એકલો તું છો માટે એકલો સ્વભાવ તરફ દૃષ્ટિ અને એકલો સ્વતંત્ર થા. આમ એકલો સંસારમાં રખડ્યા કરે છો ઇ કરતા આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ, એકલાપણું જેનું છે, પરથી જુદાપણું, રાગથી જુદાપણું છે, એની સંભાળ કર, ભાઈ! એનો આશ્રય કર તો તને ખરું એકલાપણું પ્રત્યાખ્યાનપણે, ચારિત્રપણે પરિણમે અને પ્રગટે. સમજાણું? એ માટે આ અધિકાર લીધો છે. શ્લોક-૧૩૭.

**(मंदाक्रांता)**

**एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः**
**कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।**
**भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-**
**देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्।।१३७।।**

ઓહો..! '**જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે;...**' કોઈ એને સહાય નથી. હરણને એક બચ્ચુ હરણનું હોય અને સિંહ આમ ફાડે. છે કોઈ શરણ? આમ. બચ્ચુ હરણનું એક પામર પ્રાણી એનું પણ બચ્ચું એટલે આમ સિંહ આવે તો .. આહા..! પોતાના દુષ્કૃતથી જન્મને પામે છે, નરકાદિના અવતારને પામે છે અને પોતાના દુષ્કૃતથી મૃત્યુને પામે છે. કહો, સમજાય છે?

શ્રી કૃષ્ણ વાસુદેવ જેવા પુરુષ જેને આઠ-આઠ હજાર દેવ સેવા કરતા, જેને ઘરે ૩૨-૩૨ હજાર પદ્મણી જેવી રાણીયું અને મોટો અર્ધ ભરતના સ્વામી. એ જંગલમાં જઈને એ 'તરસે તડફડે ત્રિકમો કોઈ નહિ પાણીનું પાનાર રે' આવે છે સજ્ઝાય. કાલે કરી હતીને. સમજાય છે? 'ગર્વ ન કરશો રે ગાત્રનો કૃષ્ણ જેવા વડભીર એ તરસે તરફડે ત્રિકમો.' એ જંગલમાં આમ દ્વારકા સળગી, માતા-પિતાને રથમાં નાખીને બહાર કાઢવા જાય છે. આખું ગામ લાખો માણસ ઝળહળ... ઝળહળ... બળે છે. અરે..! મારા જનેતા, મારા પિતા એને હું કાઢું રથમાં બેસીને. બળદ-બળદ બળી ગયા બધા. પોતે થયા બળદ રથને. એ દરવાજા બહાર જ્યાં કાઢે છે. એ વાસુદેવ અને બળદેવ આહા..હા..! જુઓ તો દશા! જન્મતા પહેલા જેને દ્વારકા દેવે રચી એ દ્વારકાના બળવા ટાણે મા-બાપને કાઢી ન શક્યા. જ્યાં મા-બાપને કાઢવા જાય ત્યાં આકાશથી અવાજ થાય છે, 'બંધ કરો. બે નીકળી જાવ નહિ બચે ઇ. તમારા બે સિવાય નહિ બચે કોઈ. મા-બાપને મૂકી દ્યો ત્યાં.'

હાય..! હાય..! આહા..હા..! ઇ રોતા અને કકળતા રથ મૂકી બહાર નીકળ્યા હોં. એલા! ત્રણ ખંડના ધણી જેણે હાથે પર્વત જેણે ઉપાડ્યો. આવે છેને કોટી શીલા. આવે છે આપણામાં પણ આવે છે. મોટી કોટી શીલા આવે છે. ગોવર્ધન નહિ. આંગળીએ ઉંચો કર્યો હતો હોં આંગળીએ જોરથી. એ જોરે બાણ વાગ્યું ત્યાં ઉભા ન થઈ શક્યા. જંગલમાં સૂતા હતા. આહા..હા..! અહીંથી નીકળ્યા સળગતા મૂકી, મા-બાપને બળતા મૂકીને નીકળ્યા. બળદેવ ઉપર કાંધે હાથ નાખીને કહે છે, ભાઈ! હવે ક્યાં જાશું, બાપુ? ક્યાં જાશું, ભાઈ? ક્યાંય શરણ નથી. પાંડવને દેશ બહાર કર્યા, આ દ્વારકા સળગી ગઈ, કાંઈ માલ ન મળે. જાદવ કુળનું બચ્ચું ન મળે. આહા..હા..! એ જંગલમાં એવી તૃષા લાગી. બળદેવને કહે, પાણી ભાઈ મને તૃષા બહુ લાગી છે. આહા..હા..! હાકલ મારે ત્યાં હજાર દેવ ઉભા રહે એને પાણીના દેનારા ન મળે, ભાઈ! એ સ્વતંત્ર જીવ એકલો છે. આહા..હા..!

**શ્રોતા** :- ક્યાં વયા ગયા દેવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધા ગયા દેવ. આમ જાદવનું બચ્ચું ન રહ્યું. એક રહ્યો ઇ જરતકુમાર ત્યાં મારવા માટે. આહા..હા..! એ ઉતારશે ભાઈ તૃષામાં હોં. ભાઈ! ક્યાં જાશું? ચાલોને ભાઈ! પાંડવ આપણને રાખશે હોં. ભાઈ! મેં તો પાંડવને રજા દીધી છે તે. દેશબહાર કર્યા છેને. ભાઈ! એ સજ્જન છે હોં. આપણને રાખશે. આહા..હા..! મોટા ત્રણ ખંડના સિંહ, વાઘ આમ અત્યારે દીન પેઠે કરે. જુઓ, આ કર્મના ચાળા! એકલો જીવ દુ:ખી થાય, એકલો જન્મે અને મરે. કોઈ સહાય છે નહિ. ઇ આમ સૂતા છે હોં જંગલમાં. પાણી લેવા જાય. જરતકુમારે આમ પગ ઉપર પદ્મ દેખીને મૃગ છે (એમ સમજીને) બાણ માર્યું. રાડ સિંહ નાદ. વાસુદેવ છેને. કોણ છે જંગલમાં બિનગુનેગારને મારનાર. જાહેર થાવ. જરતકુમાર આવે છે. ભાઈ! હું તો જરતકુમાર છું. કોણ છો તમે? આમ અરે..! આ તા મારો શ્રી કૃષ્ણ. અરે..! ભાઈ! જેના માટે બાર વર્ષ ફર્યો, ન ફરે નેમના વચન રે. ભગવાને કહ્યું હતું કે આના હાથે મરશે એ ન ફરે નેમના વચન. ત્રિલોકનાથ ભગવાનની વાણી ન ફરે. આ મારે હાથે લાજ કરવા પ્રભુ તમે અહીંયાં આવ્યા? તમે કૃષ્ણ તમે કૃષ્ણ? અરર..! ભાઈ! તું ભાગી જા હોં અત્યારે. મારું કૌસ્તૂભ છે એક મણિ. જો આ લે. પાંડવ પાસે જા, ભાઈ! રાજમાં કોઈ નથી. જાદવ મરી ગયા બધા. હવે તું વૃદ્ધ છો પણ પરણજે અને જાદવનું કુળ રાખજે. બાકી અમે તો હવે મરીને. આહા..હા..! આ જુઓ સંસાર! સમજાય છે? કોણ છે આમાં? આહા..હા..!

આમ બળદેવ આવે છે હોં. અરે..! ભાઈ! આ શું છે? છ મહિના સુધી કોઈ શરણ નથી... કોઈ શરણ નથી... ત્રણ ખંડના યોદ્ધા મોટા હાથી જેવા, વાઘ જેવા. એ દીન થઈને આ સ્થિતિ. કહે છે પ્રબળ કર્મને કારણે... ઓહો..! મરીને. રાવણ જેવા મરીને નરકે ગયા લ્યો. નરકે ગયા હોં નરકે. આહા..હા..! લક્ષ્મણે બાણ માર્યું રાવણને. તરત મરી ગયા. જાણે છે કે એ પ્રતિવાસુદેવ છે. નરકે જાય. અમે આ પુણ્યના આટલા ધણી છીએ એટલે આવું અમારે થયું છે હોં. હે માતા! એની સ્ત્રી

પાસે જાય છે. બહેન! અમે તારા પતિને માર્યો છે. પણ આ આવી સ્થિતિ અમે વાસુદેવ-બળદેવ બીજો ઉપાય નથી હોં, બા! આહા..હા..! એ સ્મશાનમાં સાથે રામ અને લક્ષ્મણ સાથે. જુઓ, આ દશાઓ કર્મની વિચિત્રતા. કહે છે કે મૂક હોળી કર્મની હવે. આ આત્માને સંભાળ અને આત્માને જો એ વિના તારા કાંઈ આધાર નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- શલાકા પુરુષો અને એકાવતારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-આવા શલાકા પુરુષોની આ સ્થિતિ. હવે તું પામર તે કોણ? અમને આ હવે પૂછે કોણ પણ જેના શલાકા તીર્થંકરોના જ્ઞાનમાં આવી ગયું કે એ પુરુષો મોક્ષગામી જ છે. શલાકા છાપ પડી ગયેલી સિદ્ધ થવાના, થવાના અને થવાના. આહા..હા..! એવા જીવોની આ સ્થિતિ! ભાઈ! હોળી મૂક સંસારની. હોળી મૂક સંસારની એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! જીવ એકલો એ મરીને ત્યાં વિદ્યાધરો, રાજાઓ, રાણીઓ હજારો હોં. એ વિદ્યાઓ સાધેલી રાવણે. બધી પડી રહી અહીં. જઈને પોઢ્યા નીચે. છે કોઈ? એલા પણ ઉપજ્યો હું આ બધું ક્યાં ગયું? બાપા! તારા જેવા કર્મ ત્યાં ઉપજ, ભાઈ!

**'અને મૃત્યુને પામે...'** આ મરણને પામે. શ્રીકૃષ્ણ જેવા, વાસુદેવ જેવા એકલા. કોઈ માણસ નહિ સાથે. હવે આ કહે કે અરે..! પણ અમારા વિના એકલા મરી ગયા. પણ આ જોને વાસુદેવ ત્રણ ખંડનો ધણી. હાકલ મારે ત્યાં હજાર દેવો ઉભા હોય આઠ હજાર દેવ. રાણીઓ પદ્મણી જેવી પોકાર કરે કોણ છે? ત્યાં રાણી તૈયાર. એ એકલા મર્યો, બાપુ! કોઈ સામું ન મળે. ભાઈ હતો પાણી લેવા ગયો. ચીમનભાઈ!

**શ્રોતા** :- મોટાભાઈ પાણી લેવા ગયા, નાના ભાઈએ માર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓલા પણ મોટા હતા. જરતકુમાર પણ મોટા હતા. આહા..હા..! .. બધું અનંતકાળથી ચાલ્યું આવે છે.

**'મૃત્યુને પામે છે; જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો...'** જુઓ, ભાષા. આહા..હા..! એ ભગવાન આત્મામાં આનંદ પડ્યો છેને, પ્રભુ કહે છે. જુઓ આ એકલાનું અહીં બતાવે છે. તારામાં અતીન્દ્રિય આનંદ પ્રભુ પડ્યો છેને એના **'તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો...'** તું તારે કારણે. આમાં કર્મને સંભાર્યું નથી ક્યાંય. છે? કર્મને લઈને છે?

**શ્રોતા** :- એ તો નિમિત્ત પામી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તની ક્યાં વાત? એક ચીજ હોય એની સાથે શું? તારા ભાવકલંક પાપના કારણે જ્યાં જન્મે છો અને તારા પાપના કારણે જ્યાં-ત્યાં મૃત્યુમાં જા છો, ભાઈ! તારું કોઈ શરણ છે નહિ. અને એકલો ભગવાન સદા સુખનો દરિયો આત્મા સહજાનંદી આત્મા. સમજાય છે કાંઈ? એ સજ્ઝાયમાં આવે છે. એ ઓલા હાથમાં આવી કાલે. ગમે ક્યાંક હશે. સજ્ઝાય. આ પહેલી બહુ શીખેલા ત્યાં દુકાન ઉપર. ૬૫-૬૬-૬૭ એ દુકાન ઉપર ચારેય

સજ્ઝાયમાળા. દુકાન ઘરની હતી તો આ બધું ખુબ કરતા. ખુબ વાંચેલું અને ખુબ તે દિ' હોં. ૬૪-૬૫-૬૬ની વાત છે. સંવત્. 'સહજાનંદી આત્મા' એમા ઇ આવે છે. 'સૂતો કંઈ નિશ્ચિંત રે મોહતણાએ રણીયા ભમે, જાગ જાગ રે મતિવંત રે લૂંટે જગતના જંત એ.' અહીં આવ્યું હતુંને? ધુતારાની ટોળી. હરિભાઈ! 'સહજાનંદી આત્મા...' જુઓ, આ સહજાનંદી અહીં કીધું. સ્વસુખ. 'સૂતો કંઈ નિશ્ચિંત રે મોહતણા રે રણિયા.' રણિયા એટલે દુશ્મનો. એ મોહતણા દુશ્મન માથે ફરે. 'જાગ જાગ રે મંતિવંત રે! એ લૂંટે જગતના જંત રે. નાખી વાંક અનંત રે' માથે નાખે. શું કરવા તારો હાથ જાલ્યો પરણવા વખતે? હવે આમ કરશો? છોકરો થયો ઓલો કહે ... એય..! 'નાખી વાંક અનંત...' વાંક નાખશે તારો કાઢશે કરવું પડશે તમારે. આ બધું કરવું પડશે તમારે. સંભાળ કરવી પડશે. શું કરવા પરણ્યા હતા? હાથ શું કરવા જાલવા આવ્યા હતા?

**શ્રોતા :-** દલીલ પણ વ્યાજબી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળનીય દલીલ વ્યાજબી નથી. મૂઢપણે કર્યું હતું. ભાઈ હવે મૂકને. હું મૂકી દઉં છું લે. સમજાણું? 'નાખી વાંક અનંત રે, કોઈ વીરલા ઉગરંત રે' એમાંથી વીરલો કોઈ ખસી જાય છે. બાકી તો વાંક નાખીને પોટલા માથે લઈને મજૂરી જ કર્યા કરે છે. છગનભાઈ! શશીભાઈ! એમ હશે કે નહિ?

**શ્રોતા :-** એમ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઓલા છોકરા કાંઈક કહે, બાયડી કાંઈક કહે, છોડી કાંઈક કહે, બાપા! પણ આટલું જોશે હોં. આપણા ઘર પ્રમાણે આમ કરવું પડે હોં તમારે. ઇ કહે પાછી. અરે..! મારી વાંક નાખીને પણ લૂંટવા લૂંટારા ભેગા થયા છે બધા. ઇ કહે છે કે ભાઈ! તારા સ્વસુખથી વિમુખ તું તારે કારણે થયો છો હોં. એને કારણે નહિ. તને મોહ લાગ્યો છે અંદરમાં. આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારું શરીર. ધૂળેય નથી તારું સાંભળને. એ તો બધા પર છે.

**શ્રોતા :-** શરીર પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરીર ધૂળ-માટી છે. ક્યાંકના રજકણના આવીને ખડકાણા અહીં. દાળ-ભાત-રોટલાના રજકણો હતા એના ગરવામાં-વાસણમાં. ઇ ખડકાણા છે અહીં. આ આત્મા છે? આ તો માટી છે. દાળ, ભાત, રોટલા અને શાક અને ચા ને દૂધ પડ્યા હતા એના વાસણમાં. એ વાસણમાં અહીંથી ખડકાણા છે અહીંયાં. આ તો વાસણના અંદરના રજકણનું મોઢું છે આ. પણ મોહમાં આ મારું શરીર. લ્યો, એટલે મારા શરીરને આમ રાખું હું. પણ ધૂળમાં તારું હતું કે દિ'?

**'તીવ્ર મોહને લીધે...'** જુઓ અહીં મિથ્યાત્વ લીધું છે હોં. **'સ્વસુખથી વિમુખ થયો થકો...'** ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ. આહા..હા..! અરે..! એના સન્મુખ જોવાને તને અવસર-વખત પણ ન મળ્યો? તીવ્ર મોહને લઈને મારે આટલું તો કરવું પડે, મારે આટલું તો કરવું પડે. શેઠ થાય, કાંઈક મોટો પ્રમુખ થાય કાં ઓલો શું કહેવાય પ્રમુખ શું કહેવાય ઇ? મોઢા આગળ માણસ

થાય લ્યોને કામ કરતા. કાર્યકર. મારે આટલું કરવું પડે. કાર્યકર કહેવાય કે નહિ? એય..! વજુભાઈ! કાર્યકરની કમિટિ હોય પાછી, વળી ઢીકણાની કમિટિ હોય. મારે હારે. કહે છે ભગવાન એ તારો આનંદ નિધાન અહીં છેને, બાપુ! તું લૂંટવા ઉભો થયો છો હવે. અહીં કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની ખાણ પ્રભુ આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપી આત્મા છે. જેટલા સિદ્ધના ગુણો છે તેટલા જ તારામાં ગુણો છે, બીજા કાંઈ ફેર નથી. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદ જે સિદ્ધને છે એવો તો એક પર્યાયનો આનંદ નહિ એવો તો અનંત પર્યાયનો આનંદ તારામાં છેને, ભગવાન! તું સ્વસુખથી વિમુખ કેમ થયો? કહો, આ તે આત્માને કહેવું કે ઓલા કર્મને કહેવું? ભાઈસાહેબ! કર્મ ખસ, બાપા! બાબુભાઈ! શું કરવું આમાં? કર્મનો વાંક ખરોને જૈનમાં તો? માનતા થયો.

અહીં કહે છ **'સદા તીવ્ર મોહને લીધે...'** આહા..હા..! અરે..! ભગવાન અતીન્દ્રિય પ્રભુ આનંદનો રસકંદ આત્મા પોતે શુદ્ધ સ્વરૂપે અરે..! એમાં તું મોહને લઈને વિમુખ થયો હોં. પરમા એકાગ્રતા અને સાવધાની લઈને અહીંથી વિમુખ થયો થકો **'કર્મદ્વંદ્વજનિત...'** જુઓ, સ્વસુખથી વિમુખ થયો **'કર્મદ્વંદ્વજનિત ફળમય...'** શું? **'(શુભ અને અશુભકર્મના ફળરૂપ) સુંદર સુખ...'** દુનિયાની દૃષ્ટિએ કહ્યા હોં. આમ રાજ ચક્રવર્તીના, અબજોની પેદાશ, પૈસા આવે એ નાખવા ક્યાં? એવું સુખ એ બાપા! તારા સ્વસુખથી વિમુખ થયો એના એ બધા ફળ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાનો આનંદ અંતરમાં પડ્યો છે, ભાઈ! તે તારી દૃષ્ટિ અને સ્વસન્મુખતા કોઈ દિ' કરી નથી અને પરસન્મુખ થઈ સ્વસન્મુખના આનંદને ચુક્યો અને સુંદર સુખ મળ્યા. એટલે? આ સ્વસુખ મળ્યા નહિ એનાથી વિપરીત આ ધૂળના કલ્પનાના સુખ તને મળ્યા. આ બાયડી, છોકરા, પૈસા, ધૂળ ધમાહા. જુઓ, મલુપચંદભાઈ! આ પૈસાવાળો છેને એનો છોકરો એટલે એનું નામ લીધું.

**શ્રોતા :-** બધાયનું એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાનું એવું છે? આ એમના દીકરાને દસ હજાર રૂપિયાનો પગાર. અહીં તો રોટલા ખાવા રસોયાને ગોતવો પડે લ્યો. સમજાણું કાંઈ? પણ ઓલો છોકરો પરણાવેલો, બાયડી ઘરમાં કર્યું તોય રસોયો ગોતવો પડે જુઓ. આ મારે. ઇ છે વાત. એ વાત જુદી છે. કહો, સમજાણું? એ છોટાભાઈ કહેતા કે .. એમ બોલ્યા.

કહે છે એ **'સુંદર સુખ...'** સુંદર એટલે લોકોએ માનેલાની અપેક્ષાએ આચાર્ય પણ વાત કરે છે. લોકોને એમ લાગે કે આહા..હા..! ખમ્મા-ખમ્મા આમ પાંચ-પચાસ લાખ રૂપિયા, હીરા મોટા મકાનના. આહા..હા..! એય..! દસ-દસા લાખના મકાન એના મામાના દીકરાને. મામા દીકરા શું કહેવાય? શાંતિલાલ ખુશાલ. ગોવા. દસ-દસ લાખના બંગલા બે. ચાલીસ કરોડ નગદ. દશાશ્રીમાળી આપણા વાણિયા છે હોં દશાશ્રીમાળી. પચાસ હજારની પેદાશ એક લાખની દરરજો

એક લાખ પેદા થાય.

**શ્રોતા** :- આપ પાછુ એવું બોલોને તો અમને મન થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં સુંદર ફળ કહ્યું છેને? એને એમ થઈ જાય કે આહા..હા..! મૂઢ છો? આત્માના આનંદના સુખથી તું ઉલટો .. ઝેર ઉભું કર્યું છે તે. આનંદને ઘુંટ્યું તે ઝેર ઉભું કર્યું મોહથી. અંદર ઘુંટણ જોઈએ એને તો આનંદ પ્રગટ થાય. એને આનંદમાં મોહ નથી ઘુટ્યું. આનંદની ઉલટી ઝેર દશા એના સંયોગોમાં એમ લાગે. આહા..હા..! મારા જેવો કઈ સુખી નથી. ધૂળમાંય નથી. હવે હોળી છે સાંભળને મારા. સમજાણું કાંઈ?

એ '**કર્મદ્વંદ્વ...**' સ્વભાવથી વિમુખ એટલે કર્મદ્વંદ્વના બે ફળ એમ કહે છે. એક બહારની અનુકૂળતા અને એક દુઃખ. દુઃખ પ્રતિકૂળતા. આહા..હા..! એક વૃદ્ધ બાઈને જોઈ હતી. ભંડારીયામાં. ભંડારીયું છેને આ? ભાવલા અને ભંડારીયા. કોઈ ઘર ન મળે. બિચારી ક્યાંય એકલી. માથે પછેડો ઓઢેલો. પાણીનો કળશ મૂક્યો હતો. કોઈ સામું પણ ન જોવે. રોટલો દેવા આવતા હશે કોક. ઇ પાણી પીવાય કેમ પીવું? કેમ? આહા..હા..! વૃદ્ધ બાઈ. કુટુંબ મરી ગયેલા. ખોખું ખોખરા જેવું રહી ગયેલું મકાન જાણે. જીર્ણ... જીર્ણ... જીર્ણ... અમે દિશાએ નીકળ્યા હતા. આ જુઓ દશા. માણસની દશા હોં આ માણસ! સમજાણું? એ વારંવાર એવી દશાઓ તો અનંતવાર ભોગવી એ ભગવાન અતીન્દ્રિય આનંદના પ્રેમ અને રુચિ વિના એટલે કે સમ્યગ્દર્શન વિના. સમ્યગ્દર્શન એટલે આત્માના આનંદની પ્રીતિ અને રુચિ અને પુણ્ય-પાપની રુચિનો ત્યાગ એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? એવા આનંદથી વિમુખ થયેલો, એવા દુઃખને અને સુખને વારંવાર ભોગવે. હવે ગુલાંટ ખાય છે તો એકલો, મોક્ષ જાય તો એકલો, એમ કહે છે. આહા..હા..! એક ભાણાના જમનારા તું સિદ્ધાંત પાઠે જો. એ બાપ મરી શ્રેણિક મરીને નરકે, એ અભયકુમાર મરીને સ્વર્ગે અને કેટલાક રાજકુમારો એની સાથે જમનારા કેવળ પામીને મોક્ષે. એક થાળીમાં બેસનારા હોં ભેગા. સમજાણું કાંઈ? હીરાની થાળીયું હોં. ઇ રાજા મોટા અને મોટો થાળ, વાટકા દાળ-શાકના જુદા, વસ્તુ મોટી હોય થોડી-થોડી. વચ્ચે મૂક્યો હોય શેરો-બેરો થોડો. ભાગ પાડીને આ નથી આપણે ભાઈ પંચોળુ નથી કરતા લગનમાં.

**શ્રોતા** :- પોરબંદરમાં તો રોજ થાય. દરેકના લગનમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નહિતર આપણે લગન કરેને આ પંચોળુ બેસેને. ઓલા વર સાથે બેસે. એમાં સારી-સારી ચીજું આપે બરફી ને લાડવા ને ધૂળને જે કાંઈ હોય એ.

**શ્રોતા** :- બધાનો એકમાં સ્વાદ લઈ લીધો હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! પણ કહે છે કે એ એક એમાંથી મરીને નરકે જાય. સગુ કુટુંબ બધું હોં એક સાથે. અભયકુમારને પૂછે. અભયકુમારની બુદ્ધિ મોટી હતી. .. બને તો પૂછે, ભાઈ! આનો કેમ ઉકેલ કરવો? પિતાજી પૂછે પુત્રને. આનો કેમ ઉકેલ કરવો? હવે ઓલાને નરકે

જાવું છે આને જાવું છે સ્વર્ગમાં. સમજાય છે? અને કેટલાય રાજકુમારો કેવળ પામી મોક્ષ જવાના છે. આ એકલા મરીને નરકમાં, એકલા મરીને સ્વર્ગમાં અને એકલા મરીને મોક્ષમાં. છે કોઈ સાથે? અરે..! પણ અહીં આવ્યો ત્યાં મુંઝાઈ ગયો એને. કારણ કે આ મળ્યું છે મને. અનુકૂળ કે પ્રતિકૂળ. પ્રતિકૂળ મળ્યું, પણ પ્રતિકૂળ પણ નથી તારું અને અનુકૂળ પણ તારું નથી. આહા..હા..!

કહે છે અરે..! એકલો જીવ ગમે તેમ કરીને. ભાષા એટલી વાપરી છે. પુરુષાર્થ કરીને. '**ગુરુ દ્વારા...**' સત્‌સમાગમ દ્વારા ઇ સાંભળે છે કે '**એક તત્ત્વને પામીને...**' એ ચૈતન્યતત્ત્વને પામ એમ ગુરુ દ્વારા એને સાંભળવાનું મળીને. આ બેકલું છોડી દે. રાગ હું અને પુણ્ય હું અને પાપ હું એ છોડી દે. એ તારી ભ્રમણા છે. સમજાણું કાંઈ? એ પુણ્યના પરિણામ એ મારા, એ પાપના પરિણામ મારા એ મૂઢ એ તારું તત્ત્વ નહિ. તું એકલો ચૈતન્ય છો, ભાઈ! એ શું કીધું જુઓ, '**ગુરુ દ્વારા...**' ગમે તેમ કરીને પુરુષાર્થ દ્વારા. આ સત્‌ની શોધમાં પડ્યો આત્મા, એને ગુરુ મળ્યા. એને કહ્યું કે એક તત્ત્વને પામ. ભગવાન ચૈતન્ય પ્રભુ જે પુણ્ય-પાપના બે ભાવથી ભિન્ન તત્ત્વ છે. આ એને પામ તો તને મુક્તિ થાય. નહિતર મુક્તિ થાય એવું નથી. ઓલા કર્મદ્વંદ્વ કહ્યો હતોને. કર્મદ્વંદ્વની સામે એકલું નાખ્યું આ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- જેટલા .. સામા ગુરુ વિના ભાંગે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુરુ વિના ભાંગે જ નહિ આત્મા વિના ઇ. મોટો એવો આત્મા ઇ છે. સમજાણું કાંઈ? લોકોએ વાતું કરે છે એમ કે એકલો વનમાં ઝાડે ન શોભે. એમ બાયું વાતુ બહુ કરે. એકલો વનમાં ઝાડેય ન શોભે! શું છે પણ તારે હવે બેકલા રહેવું છે તારે? અને વાતની પાછી મીઠાશ ઇ ડાહી હોય ઇ વધારે મોઢા આગળ મૂકે. એકલો વનમાં ઝાડેય ન શોભે. ભાઈ! શું છે પણ તારે હોળી? બેકલા રહેવું છે? ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનું તત્ત્વ છે, ભાઈ! એવા તત્ત્વની શ્રદ્ધા અને જ્ઞાન વિના તારું પરિભ્રમણ મટે એવું નથી. કહો, સમજાણું આમાં?

'**એક તત્ત્વને...**' પુણ્ય-પાપના વિકલ્પ વિનાનું. એવા ચૈતન્યતત્ત્વને પામીને. ભગવાન આત્મા એકલો જ્ઞાયકસ્વભાવથી ભરેલો પ્રભુ છે. જેમાં કર્મ શરીર તો નથી, પણ જેમાં શુભ અને અશુભ દયા, દાન, કામ, ક્રોધના ભાવ ઉઠે એ કૃત્રિમ ક્ષણિક ઇ વસ્તુના સ્વરૂપમાં નથી. એવા ભગવાન આત્માને એકવાર પામ. આત્માને પામ. એ આત્માની દૃષ્ટિ કર અને સ્થિર થા. ચારિત્ર છેને. એવા તત્ત્વને '**પામીને તેમાં સ્થિત રહે છે.**' દેખો, એવું ચૈતન્ય ભગવાન આત્મા અનંતકાળે અણપ્રાપ્ત પ્રભુ વિકલ્પ અને પુણ્ય-પાપની આડમાં એ ભગવાન સંતાણો હતો અંદર. એને શોધીને પામ્યો છે અને પછી એમાં સ્થિર થાય છે. આ સ્થિર થાય છે ઇ ચારિત્ર. આ સ્થિત થાય છે ઇ ચારિત્ર. એનું નામ નિશ્ચય-નિશ્ચય-સાચું પ્રત્યાખ્યાન. એનું નામ પ્રત્યાખ્યાન-પચ્ચખાણ. પચ્ચખાણ હાથ જોડીને બેસે ત્યાં પચ્ચખાણ કર્યા. ધૂળમાંય પચ્ચખાણ નથી સાંભળને. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જે આત્મા અનંત આનંદની ખાણ એકલી જોઈ છે. એને

જીવ પામીને એમાં સ્થિર થશે એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં આવે છે. આ એવા ચારિત્રવંતને મુક્તિ થયા વિના રહેશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એના સ્વરૂપના ગાણા એને હજી ગોઠતા નથી. પુણ્યની વાતું જ્યાં આવેને પુણ્યની વાત આવે તો આહા..! મીઠાશ આવી જાય છે. સુખ ભોગવવું છેને. સળગે છે ત્યાં દુઃખ. આહા..હા..! પૈસાનો ઓશિયાળો, બાયડીનો ભિખારી ઓશિયાળો. ઓશિયાળો તે કેટલો ઓશિયાળો? આ જોવે ને આ જોવે ને આ જોવે. કાંઈ ન જોવે તે બાદશાહ. માગે ઇ માગણ, ન માગે તે બાદશાહ. કહે છે કે એકવાર ચૈતન્યતત્ત્વને પામ બાદશાહ! તારું સ્વરૂપ એ છે હોં ભગવાન! એક્કો-એક્કો. સમજાણું કાંઈ? બાદશાહને એક્કો જીતે છેને?

**શ્રોતા :-** હુકમનો એક્કો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો હુકમનો જ એક્કો છે અહીં. ઓલો હુકમ છે? આ હુકમ ચાલે છે. હવે હુકમ ચાલ્યા સાંભળને.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વર્તમાન પ્રભુ બિરાજમાન સાક્ષાત્ દેહ દેવાલયથી ભિન્ન પ્રભુ બિરાજે છે. એવા આત્માની દૃષ્ટિ કર, એમાં ઠર. મુક્તિ થયા વિના રહેશે નહિ. બીજી કોઈ ક્રિયાકાંડ એમાં કામ કરતું નથી. સમજાણું કાંઈ? એ ૧૦૨ શ્લોક (ગાથા). એ તો કળશ હતો. હવે મૂળ શ્લોક (ગાથા).

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।**

આ શ્લોક તો બહુ આવે છે આ લોકોમાં. જુદાં-જુદાં શ્લોક હોય છેને સ્થાનકવાસીમાં?

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

ધર્માત્મા પોતાનો સ્વભાવ પરિપૂર્ણ પોતાના ધ્રુપદમાં ભાળે છે. ધર્મી જીવ પોતાનો સર્વસ્વ સુંદર શાંત આનંદ સ્વભાવ એ પોતાના નિજ ધ્રુવપદમાં ભાળે છે. એવો જ્ઞાની **'એકત્વ ભાવનારૂપે પરિણમેલો...'** 'ભગવાન ચિદાનંદ પ્રભુ એક અભેદ ચૈતન્ય છું' એમ આત્મામાં એકલાપણાના પરિણમન નામ પર્યાય-અવસ્થા દ્વારા **'પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.'** ધર્માત્મા ધર્મી શું પોતાને કેવો કેમ જાણે છે અસ્તિરૂપે? અને નાસ્તિરૂપે કેમ જાણે છે? એની વ્યાખ્યા (છે).

**'ત્રણે કાળે નિરૂપાધિક સ્વભાવવાળો હોવાથી...'** ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... સચ્ચિદાનંદ પ્રભુ સત્શાશ્વત જ્ઞાન આનંદનો કંદ ભગવાન ત્રણે કાળે નિરૂપાધી. ત્રણે કાળમાં એને ઉપાધિ વસ્તુને નથી. વસ્તુને શું હોય? વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... એવા **'સ્વભાવવાળો હોવાથી નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** લ્યો, નિરાવરણ નિરૂપાધિ છે તો તેના લક્ષણો

શું છે? અને આવરણ વિનાના જ્ઞાન અને દર્શન જેનું લક્ષણ છે. **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો કારણપરમાત્મા...'** આહા..હા..! ત્રિકાળ જ્ઞાન અને દર્શન જેનો સ્વભાવ છે, જાણક અને દર્શન જેનો ત્રિકાળ લક્ષણ સ્વભાવ છે, એનાથી લક્ષિત એવો કારણપરમાત્મા. સમજાણું કાંઈ? **'નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...'** ભગવાન એનું જ્ઞાન જાણવું અને દેખવું. ત્રિકાળ જેમ દ્રવ્ય નિરાવરણ છે, નિરૂપાધિ છે, એમ એનો જ્ઞાન અને દર્શન લક્ષણ સ્વભાવ એ નિરાલંબ છે. સમજાય છે કાંઈ?

વસ્તુનું વસ્તુપણું, વસ્તુ એટલે આત્મા એનું વસ્તુપણું તો નિરાવરણ છે, પણ વસ્તુનું વસ્તુપણાનો સ્વભાવ જે જ્ઞાન અને દર્શન એ પણ નિરાવરણ છે. સમજાણું કાંઈ? આ ક્યાં કહે? ક્યાં ઓથે પણ ગરી ગયો આ? 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' એ પુણ્ય અને પાપની વિકલ્પની જાળમાં પડ્યો એ જાળની પાછળ ભગવાન ત્રણલોકનો નાથ અનંતજ્ઞાનદર્શન લક્ષણે લક્ષિત પડ્યો છે, ખબર કરતો નથી. સમજાણું કાંઈ? **'એવો કારણપરમાત્મા...'** પાછો એ કારણપરમાત્મા હોં ત્રિકાળી અહીં તો. વસ્તુ. અને આવો સ્વભાવ હોવાથી તે સ્વભાવ નિરાવરણ સ્વભાવવાળો ભગવાન કારણપ્રભુ તે **'સમસ્ત સંસારરૂપી નંદનવનના...'** સમસ્ત સંસારરૂપી નંદનવ. એ ઉપમા મોટી આપે છે. સંસારરૂપી નંદનવન. મેરૂપર્વતનું નંદનવન સદાય રહે છે. સમજાય છે કાંઈ? ત્યાં વનનો કોઈ દિ' અભાવ થતો નથી.

તો એમ આ સંસારરૂપી નંદનવન. એના વૃક્ષો, એના **'મૂળને ફરતા ક્યારાઓમાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન વર્તતું જે શરીર...'** આ હોળી શરીરની કહે છે કેવી છે? ભગવાન દર્શન-જ્ઞાનના લક્ષણે લક્ષિત ત્રિકાળી સ્વરૂપ છે. તો આ શરીર કેવું છે? શરીર કેવું છે? કે **'સમસ્ત સંસારરૂપી નંદનવનના વૃક્ષોનું મૂળ ફરતા ક્યારાઓમાં...'** ક્યારાઓ હોય છેને ક્યારા સમજાય છે? શું કહે છે હિન્દીમાં શું કહેવાય? ક્યારી. એ ક્યારામાં પાણી ભરવા માટે એ ઝાડ ફૂલે એની પુષ્ટિ માટે **'જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન...'** ધોરિયા પાણીના મૂક્યા એવું આ શરીર. એ શરીરની રુચિ અને શરીરની પ્રીતિ એ સંસારના ઝાડને રાખવાના ઝેરના ઝાડને પોષવાના પુષ્ટિ આપવાના પાણીના ઝેર જેવું આ શરીર છે, કહે છે. આહા..હા..! શરીરના રજકણો જડ-માટી એને જેણે માટીપણે કબુલ્યા કે એ હું માટી છું અને એ ધણી છું. એમ માનનારને નંદવવૃક્ષ સંસારના પુષ્ટ પાકકા થાય. ધોરિયા જોડ્યા છે રખડવાના વૃક્ષના. એવું આ શરીર. આહા..હા..! આ શરીરની આટલી ઉપમા આપી. શરીર તો જડ છે હોં. પણ શરીર મારું એવી મમતાને કારણે શરીરને આવું નિમિત્ત કહેવામાં આવ્યું.

આ **'તેની ઉત્પત્તિમાં હેતુભૂત...'** આવા શરીરને ઉપજવામાં નિમિત્ત **'દ્રવ્યકર્મ અને ભાવકર્મ વિનાનો હોવાથી...'** શું કહે છે? એ આવું જે શરીર તેની ઉત્પત્તિ બોધ જડકર્મ અને પુણ્ય-પાપના ભાવ એ વિનાનો આત્મા છે તે એકલો છે. સમજાણું કાંઈ? શું કહ્યું હતું જુઓને. સંયોગ કહ્યો

હતોને. **'सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा॥'** સમજાણું કાંઈ? વિશેષ અંદર કરશે. બાહ્ય-અભ્યંતર પરિગ્રહો એ બધા મારા સ્વરૂપથી બાહ્ય છે. એ સમસ્ત દ્રવ્યકર્મ વિનાનો, ભાવકર્મ વિનાનો ભગવાન એકલો એક... એક... એક છું એમ કહે છેને પહેલું? એક વ્યાખ્યા ચાલે છેને અંદર. **'एगो मे सासदो अप्पा'** **'एगो मे'** શાશ્વત આત્મા. એકલું શાશ્વત ત્રિકાળ રહેનારું તત્ત્વ એકલો હું છું. શરીર જે આવું છે એનાથી મારું સ્વરૂપ ભિન્ન છે. શરીરની ઉત્પત્તિમાં સ્થાન દ્રવ્યકર્મ અને ભાવકર્મ એનાથી હું રહિત છું. તેથી તે એક છે.

**'અને તે જ (કારણપરમાત્મા) સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...'** આહા..હા..! શું કહે છે? કારણપરમાત્મા ત્રિકાળીની વાત ચાલે છે. **'સમસ્ત ક્રિયાકાંડ...'** દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના વિકલ્પો એ બધા ક્રિયાકાંડ છે. એના **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ...'** કોલાહલ. આનું આ પાળું, આને આ છોડું, આને આ મૂકું, આને લઉં. એ બધી વિકલ્પની જાળની કોલાહલતા છે, કહે છે. એ કોલાહલ વિનાનો આત્મા છે. સમજાણું કાંઈ? ઓલા ઠામડા ઠીકરા બધા ... ગોઠવ્યા હોય કોલાહલ ઉત્પન્ન થાય કે નહિ વિકલ્પો? પણ જેને જે હોય ઇ લ્યોને. આ કરવું, આ મૂકવું, આ છોડવું, આ ન લેવું, આ લેવું. કહે છે એવી જે વિવિધ ક્રિયાકાંડના આડંબર. પુણ્ય અને પાપના બેય ક્રિયાકાંડ હોં. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આ કરું, આ મૂકું એ બધો વિકલ્પ. શુભક્રિયાકાંડ સંસારના અશુભક્રિયાકાંડ. એવી **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને...'** ત્રિકાળી-ત્રિકાળી. ભગવાન આત્મા શાશ્વતો છે. એ **'સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે?

મારો સ્વભાવ જે શરીરથી રહિત, કર્મથી રહિત, પુણ્ય-પાપથી રહિત અને એ આત્મા પુણ્ય-પાપના કોલાહલથી રહિત અંતરનો જે અતીન્દ્રિય આનંદ. સમજાણું? સહજજ્ઞાન શુદ્ધજ્ઞાનચેતના. આત્માની સ્વભાવિક જ્ઞાનનું વેદવું. વેદવું એટલે ત્રિકાળીની વાત છે હોં આ. આત્મા ત્રિકાળી જ્ઞાનને અંદર વેદે અતીન્દ્રિયપણે એવો ભોગવતો થકો આત્મા ત્રિકાળી શાશ્વત એવો ને એવો રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પર્યાયની વાત નથી. વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય પ્રભુ એ પોતાની સહજજ્ઞાનચેતના, સ્વભાવિક જ્ઞાનચેતના ત્રિકાળી એને જ્ઞાનચેતના વડે અતીન્દ્રિયપણે ભોગવતો થકો. એ એનો અનુભવ પણ ત્રિકાળી આત્મામાં રહ્યો થકો એમ કહે છે મૂળ તો. ભગવાન આત્મામાં અતીન્દ્રિયનો અનુભવ ત્રિકાળી પડ્યો છે. સમજાણું કાંઈ? ઇ અતીન્દ્રિય અનુભવ ત્રિકાળમાં ન હોય તો પર્યાયમાં અતીન્દ્રિય અનુભવ આવે નહિ. સમજાણું કાંઈ? એ ધ્રુવ-ધ્રુવ.

વસ્તુ આત્મા પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું, જોયું અને અનુભવ્યું. એ તો એની પર્યાયમાં અનુભવ્યું. પણ આ તો ભગવાને કહ્યું કે તારું સ્વરૂપ સહજજ્ઞાનચેતના સ્વભાવિક જ્ઞાનનું એકાગ્રપણું વસ્તુમાં હોં. એવી એને સ્વજ્ઞાન ભાવને અતીન્દ્રિયપણે ઇન્દ્રિય વિના અતીન્દ્રિયપણે

અનુભવતો થકો એ શાશ્વત રહીને તે પ્રમાણે પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ સ્વભાવિક જ્ઞાનચેતનાને અંતર ત્રિકાળી અતીન્દ્રિયપણે ભોગવતો થકો શાશ્વત રહીને. એ શાશ્વત ધ્રુવપણું રહીને. અતીન્દ્રિયપણે અનુભવવું એ પણ શાશ્વતપણે રહીને.

**'મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** એમ કહ્યું. મેં એમાં નજર કરીને એટલે મારે માટે ઉપાદેયપણે રહે છે, એમ કહે છે. ધર્મી જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા આવો આખો આત્મા છે એમ અનુભવમાં આવ્યો કે આ સહજજ્ઞાનને અતીન્દ્રિયપણે ભોગવતું તત્ત્વ શાશ્વત મારા માટે ઉપાદેયપણે એમ ને એમ પડ્યો છે, કહે છે. સમજાણું કાંઈ? ઇ ભાન થયું પુણ્ય-પાપના વિકલ્પ રાગ વિનાની ચીજ મારી છે. એ મારી ચીજ ક્રિયાકાંડના વિકલ્પથી કોલાહલથી રહિત છે અને તે સહજજ્ઞાનને અતીન્દ્રિયપણે ભોગવે તે સહિત શાશ્વત છે. એવું શાશ્વતપદ એમ ને એમ શોભતું **'મારા માટે ઉપાદેયપણે રહે છે;...'** એવો અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરનાર ધ્રુવ-ધ્રુવ તત્ત્વ મારે માટે ઉપાદેયપણે એટલે આદરણીય મારે માટે રહે છે. મારે બીજું આદરણીય હોતું નથી. આહા..હા..! આ સમ્યગ્દષ્ટિને આ જ આદરણીય છે, બીજું આદરણીય નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપની કૃપાની સાથે જ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે સમજાય છે. એય..! દેવાનુપ્રિયા!

કહે છે, કારણપરમાત્મા પ્રભુ ધ્રુવસ્વરૂપ શાશ્વત એને સહજજ્ઞાનચેતના એ પણ શાશ્વત. એને અતીન્દ્રિયપણે ભોગવવું એ પણ શાશ્વત. એ કાયમતત્ત્વ છેને શાશ્વત છે. એમ ને એમ છેને? એ વસ્તુ એમ ને એમ છે. એને ક્ષણિક પર્યાયનો અનુભવ એ અહીં વાત નથી અત્યારે. અહીં અતીન્દ્રિય અનુભવ પ્રગટ કરવો છે એટલે અતીન્દ્રિય શાશ્વત અનુભવ પડ્યો છે એ મારે ઉપાદેય એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ધર્મીને માટે આવો આત્મા આદરણીય છે, બીજો આદરણીય નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..!

**'एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।'** ત્રિકાળ લક્ષણ હોં. બસ ત્યાં સુધી હજી વ્યાખ્યા ચાલે છે. હજી ત્યાં સુધીની વ્યાખ્યા આવે છે. આહા..હા..! **'एगो मे सासदो अप्पा '** હું એક ભગવાન આત્મા પુણ્ય-પાપ આદિથી રહિત અને મારું શાશ્વત-શાશ્વત કાયમ રહેવું વસ્તુનું. એમ જાણવા-દેખવાનું કાયમ રહેવું અને એ જાણવા-દેખવાને અતીન્દ્રિયપણે અનુભવવું, ભોગવવું એ પણ કાયમ રહેવું. કહો, સમજાય છે આમાં? પણ એ કાયમ રહેલો છે મારે માટે એ જ આદરણીય છે, કહે છે. સમ્યગ્દષ્ટિ જીવને ચોથા ગુણસ્થાનથી ભગવાન આત્મા શાશ્વત અતીન્દ્રિય આનંદને અનુભવનારો શાશ્વત હોં અનુભવ એ. અનુભવ એટલે ક્રિયા એ અહીં વાત નથી. એથી સર્વ ક્રિયાકાંડથી રહિત કહ્યો છે. પર્યાયથી રહિત. ધ્રુવસ્વરૂપ... ધ્રુવસ્વરૂપ... ધ્રુવસ્વરૂપ... એ ધ્રુવ મારા માટે ઉપાદેયપણે રહે છે. ધ્રુવપણું રહ્યું છે કેમ? કે મારે આદરણીય છે માટે એ-પણે રહેલો છે. સમજાણું કાંઈ?

વસ્તુના સ્વભાવની નિત્યતા કાયમ રહેનારી ધ્રુવતા એજ સમ્યગ્દષ્ટિને આદરણીય અને ઉપાદેયપણે છે. માટે આવો મારા માટે સદાય રહેલો છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવને નિમિત્ત તો ઉપાદેય નથી... ઉપાદેય આદરણીય નથી, અલ્પજ્ઞ પર્યાય પણ આદરણીય નથી. સમજાણું કાંઈ? એક સમયમાં શાશ્વત ચૈતન્ય અનુભવ અતીન્દ્રિયનો ભોગવનારો પ્રભુ એ જ સમ્યગ્દષ્ટિને આદરણીય છે. આહા..હા..! એ જ અંગીકાર દૃષ્ટિમાં લેવા જેવો છે અને એને આશ્રયે જ આત્માને અનુભવ થાય, માટે એવો મારે માટે રહેલો છે, ટકી રહ્યો છે એમ કહે છે. જુઓને '**મારા માટે ઉપાદેયપણે રહે છે;...**' ઓહો..હો..!

**શ્રોતા** :- આ સુખનું સાધન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ કાયમ સુખનું સાધન પડ્યું છે અંદર ઇ કહે છે. કાયમી સુખનું સાધનને ભોગવતો અનુભવ ધ્રુવરૂપે ભગવાન આત્મા એવો ને એવો રહ્યો છે. એ ઉપાદેય છે, બાકી ઉપાદેય કાંઈ નથી. આશ્રય કરવાલાયક, અવલંબન કરવાલાયક, આદરણીય કરવાલાયક, ઉપાદેય હોવાલાયક આવો ધ્રુવસ્વભાવ તે આત્મા છે, બાકી કોઈ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? આ શું વાત હશે આવી? આવો મોટો ભગવાન સંતાઈને ક્યાં બેઠો હશે? એક જણો કહેતો હતો આ ધોયેલ મૂળા જેવો આટલા વખાણ કરો છો તો ગયો ક્યાં કહે. આહા..હા..! અરે..! ભગવાન! તે પણ કાંઈ નજરું કરી નહિને. તે નજર કરી નહિ અને ક્યાં ગયો એ તું કહે છો એનો અર્થ શું? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ગોસળીયો ખોવાઈ ગયા જેવું થાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગોસળીયો ખોવાઈ ગયો એની વાત સાંભળી છે? એક છે. ઇ શ્રીમદ્ પાસે એક વાત આવી હતી. એક .. કોઈ છોકરો હશે નાની ઉંમરનો અને વિધવા બાઈ. એનો બાપ મરી ગયેલો. પછી મોટો થયો એટલે કહે ભાઈ હવે ભાઈ! તું કાંઈક ધંધો કર, બાપા! આપણે આજીવિકા કરીએ મા-દીકરો. પણ બા મને કાંઈ હું ત્યાં જાવ તો... ગોસળિયો નામ હતું. ગોસળિયો. હું ત્યાં જાવ અને ગોસળિયો ખોવાઈ જાય તો? અરે..! કાળા કેર છે. હું ત્યાં જાવ, પણ ગોસળિયો ખોવાઈ જાય તો? એની મા કહે અરેરે..! આના બાપના ગામતરા આ છોકરો આવો. કોને આજીવિકા કરવી? આહા..હા..! ભાઈ! તને એક દોરો બાંધી દઉં છું. ઉનનો દોરો બાંધી દઉં. એની સામું જોજે કે ગોસળિયો આ છે. સમજાણું? એ રીતે નહિ ખોવા તું ભાઈ! પચ્ચીસ રૂપિયા લઈ જા અને કાંઈક લઈ આવ જા. એમાં બરાબર લેવા ગયો એમાં આ સટ્ટાની વાતું કરતા હોયને પછી ધોળા લૂગડા પહેરેલા પાંચ પચ્ચીસ માણસ આમ ને આમ ઇ જાણે કે અહીં મળશે ચીજ. .. અંદર ગર્યો. ગર્યો અને ઓલી ભીંહ પડી (અને દોરો) તૂટી ગયો. ગોસળિયો ખોવાઈ ગયો. ગોસળિયો ન મળે. આહા..હા..! ગોતતા ગોતતા ન મળે પછી ઘરે આવ્યો, બા! ગોસળિયો અહીં આવ્યો છે? ગોસળિયો ખોવાઈ ગયો ત્યાં. હાય.. હાય... નસીબ તો જો કહે આ. છોકરો આવો

પાક્યો. આહા..હા..! ભાઈ! તું સૂઈ જા આપણે ગોસળિયાને ગોતશું. સૂઈ જા. સૂઈને પાછો દોરો બાંધ્યો. આમ જોવે ત્યાં બા આ રહ્યો ગોસળિયો. હતો જ ત્યાં. પણ ક્યાં ગયો હતો?

**શ્રોતા** :- દોરો બાંધી દ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-- ઇ જ કહે છે બાંધ ધ્રુવ આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે એની દૃષ્ટિ કર એ દોરો છે. સમજાય છે કાંઈ? ગોસળિયો ખોવાઈ ગયો છે મારે ભારે! એ શ્રીમદ્ વાત કરતા હતા એવી. આ ખોવાઈ ગયો. આમાંથી હાથ આવતો નથી. આ બાયડી, છોકરા મારા, પૈસા મારા, આબરૂ મારી, કીર્તિ મારી, પુણ્ય-પાપના ભાવ મારા એમાં ઘુંચાઈ ગયો તો ગોસળિયો હાથ જ આવતો નથી એને. ગુરુએ એને દોરડી બાંધી કે જ્ઞાનાનંદ લક્ષણે લક્ષિત તે આત્મા. જ્ઞાનના લક્ષણે જણાય તે આત્મા. રાગ અને પુણ્ય-પાપથી જણાય નહિ તે આત્મા. સમજાય છે? એ લક્ષણે જો પકડે તો એને આત્મા હાથ આવે.

**શ્રોતા** :- ગુરુ બાંધે .. દોરો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..!

હવે બીજી વાત કરે જરી. એ **'सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा'** ઇ છેને? **'શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો...'** બાહ્યમાં પૈસા ધૂળ આદિ બહાર, આ અભ્યંતરમાં શુભ અને અશુભ થતો રાગ. ઇ બધા બાહ્ય સંયોગો ભાવ છે, સંયોગીભાવ, સ્વભાવિક નહિ. જુઓ શબ્દ એમ છેને? **'सव्वे संजोगलक्खणा'** એ આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે પણ સંયોગી લક્ષણભાવ છે, આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..! એ તીર્થંકરોએ તો વારંવાર પેથી-પેથીએ નહિ પણ વાળે-વાળે મોતી પરોવ્યા છે. માળો એ ગણે ત્યારેને. અહીં તો કહે છે, ભગવાન! બાહ્ય જેટલા સંયોગી લક્ષણિકભાવ, બાહ્ય શરીર, વાણી, કર્મ તો એકકોર બધાય. પણ અંદરમાં શુભ-અશુભભાવ ઉઠે છેને દયા, દાન, વ્રત એ બધા સંયોગીલક્ષણ, સંયોગીસ્વરૂપ છે હોં, તારું સ્વરૂપ નથી.

**'શુભાશુભકર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો...'** એ બધા પરિગ્રહ છે. શુભરાગ પણ પરિગ્રહ છે. **'તે બધા નિજસ્વરૂપથી બાહ્ય છે.'** ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ એનાથી એ બધા વિકલ્પો બાહ્ય છે **'આમ મારો નિશ્ચય છે.'** કહો, સમજાણું કાંઈ? **'सेसा मे बाहिरा'** કીધુંને **'एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।'** ઇ ગાથાઓ બોલે છે હોં એ લોકોમાં. આખી લીધેલી છે ઘણે ઠેકાણે નિયમસારમાંથી. અર્થમાં ઠેકાણા ન મળે. પછી દયા, દાનના પરિણામ એ ધર્મ છે. પણ એલા દયા, દાન પરિણામ બાહ્ય સંયોગી લક્ષણ છે એ તો, વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? એ લક્ષણોથી લક્ષિત આત્મા નથી. બધા બાહ્ય છે. **'આમ મારો નિશ્ચય છે.'** એમ મારો નિર્ણય છે. આ એને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૪, મંગળવાર, તા.૦૭-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૩, શ્લોક-૧૩૮, પ્રવચન-૮૬

ચારિત્રનો અધિકાર. એના પેટામાં નિશ્ચય-પ્રત્યાખ્યાન. ૧૩૮ કળશ છે. '**(હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :-)**'

**(मालिनी)**

**अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।**
**निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः**
**किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः।।१३८।।**

મુનિ પોતે પોતાને માટે કહે છે અને ધર્મી એ રીતે માને છે એમ અહીંયાં કથન કરે છે. '**મારો પરમાત્મા શાશ્વત છે,...**' આ આત્મા શુદ્ધસ્વરૂપે પર્યાયમાં અશુદ્ધતા છે એ તો દુઃખરૂપ દશા છે, એ કાંઈ મૂળ આત્મસ્વરૂપ નથી. વસ્તુ તરીકે ચૈતન્યજ્યોત, ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એકલો ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજ એવું ધ્રુવસ્વરૂપ, એવો મારો પરમાત્મા શાશ્વત છે, એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ પોતાના ધ્રુવસ્વભાવને ઓળખીને એમાં ઠરવા માગે છે. સમજાણું કાંઈ? '**મારો પરમાત્મા...**' હોં. પાછા બીજા ભગવાન આત્મા ત્યાં રહ્યા. આ હું એક આત્મા છું. છ ખંડના ધણી ચક્રવર્તી હોય, જેને ઘરે છન્નું હજાર સ્ત્રી હોય અને જેના રાજના વૈભવ, ઇન્દ્રો જેના મિત્રો હોય. પણ હું આ નહિ હોં આ નહિ. હું તો મારું તત્ત્વ શાશ્વત વસ્તુ છેને. અનાદિ-અનંત જેની એકરૂપતા, ધ્રુવતા, શાશ્વતતા, પરમાત્મસ્વરૂપ એ હું છું. સમજાય છે કાંઈ?

કથંચિત્ '**એક છે,...**' વસ્તુ તરીકે ભગવાન એક છે એમ. કથંચિત્ એટલે વસ્તુ તરીકે એક છે. ગુણાદિ ભેદ હોય, પણ વસ્તુ તરીકે અભેદ એક છું. શાશ્વત છું, વસ્તુ તરીકે એકરૂપ છું, એકરૂપ છું. પર્યાયમાં દોષ છે, અનંતાગુણો છે, એની પર્યાય છે, એ ભેદોને લક્ષમાં ન લેવા. એકરૂપ વસ્તુ છું એમ ધર્મી પોતાના ધર્મની વર્તમાન ભાવનામાં આવું અંતરમાં ચૈતન્યની સત્તાને સંભાળે છે. કહો, સમજાણું? એ ચૈતન્યને સંભાળે તે શેઠ, બાકી બધા નોકર. આપણે કહ્યું હતું એક ફેરી શેઠિયાનું. ભગવાન આત્મા જેનામાં અતીન્દ્રિય આનંદની ખાણ પડી છે. ક્યાં છે પણ ગોતવા ક્યાં જવી? માણસ કહે. પણ એ એની નજર કોઈ દિ' અંતરમાં ગઈ હોય ત્યારેને? બહાર ગોતે તો એ ચીજ નથી. અંતરમાં અંતર વલણ કરે, અંતર વલણ કરે. વર્તમાન દશાનું અંતર વલણ કરે તો એ શું છે

એનું ભાન થાય. એ વલણ કરવાને અવસર નથી એને. બહારમાં આ... આ... આ... આ... આ.. રાગ છું ને પુણ્ય છું ને શરીર છું ને. એ તો બધા પુણ્ય અને પાપના બહારના ઠાઠ જગતના જડના છે, એ કાંઈ આત્મા નથી. સમજાય છે કાંઈ? કહે છે કે ધર્મી આ રીતે ભાવના કરે છે, કરતો હોય છે, અમે કરીએ છીએ એમ કહે છે ભેગું.

**'સહજપરમચૈતન્યચિંતામણિ છે,...'** આહા..હા..! ભગવાન આત્મા સ્વભાવિક ચૈતન્ય ચિંતામણિ, ચૈતન્યચિંતામણિ, ઓલા પથરાના ચિંતામણિ મળે છે. આ તો દેવ જેને અધિષ્ઠિત હોય છે. પથરા-પથરા. એને કોઈ દેવ અધિષ્ઠિત હોય તો એને ચિંતામણિ કહેવાય. ઇચ્છા પ્રમાણે મળે એ પૂર્વના પુણ્યના યોગ હોય એને એ મળે ધૂળ. સમજાણું? આ તો ચૈતન્યચિંતામણિ પ્રભુ. કહે છે કે અમે જેટલી એકાગ્રતાની કિંમત અંદર કરીએ આ એટલો ચૈતન્યચમત્કાર અંતર દશામાં બાહ્ય પ્રગટપણે પરિણમે. એવો અમે સહજચૈતન્યચિંતામણિ છીએ. સમજાણું કાંઈ? વસ્તુ આખી પ્રભુ. એક સમયમાં પરમાત્માનો કંદ પોતે આત્મા છે. વસ્તુ છેને. ચિદાનંદ સચ્ચિદાનંદ સત્ સત્ સત્ સત્ શાશ્વત સત્, ધ્રુવ સત્, અસલી સત્, એકરૂપ ચાલુ રહેવાવાળું સત્. એ કેવો છું હું? કે સ્વભાવિક પરમચૈતન્યચિંતામણિ છું. સ્વભાવિક. ઓલો ચિંતામણિ પથરો તો ઘણા રજકણને સ્કંધ ભેગા થાય. ત્યારે એક દ્રવ્ય નથી. આ તો એક દ્રવ્ય હું એવો છું એમ કહે છે. સમજાણું કાંઈ? મડદું જીવતું થાતું હોય એવું નથી આવતું? ઓલું કાંઈક આવે છેને ઓલા રાજાના નહિ? દમયંતિને. શું હતું એય..! એવી વાતું સાંભળતા ત્યાં ઓલા ચોપડીમાં ભણતા ત્યારે. મડદું મારેલું આપે એને હાથમાં તો જીવતું થઈ જાય. સાંભળ્યું નથી? એય..! લે ઓલા કહે છે સાંભળ્યું છે. અમે સાંભળ્યું છે ભાઈ વાંચ્યું પણ છે.

**શ્રોતા** :-.. લૂગડું અડધું ઉડી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉડી ગયું. આ તો દમયંતિને કે નળને બેમાંથી કોકને. આમ હાથમાં આપે મારીને. જીવતું થઈને પડી જાય અંદર. એવો આત્મા અને એની કોઈ પદ્મ હશે એવી વાત આવે છે. આવ્યું હતું હવે તમારે ચોપડીમાં આવ્યું હતું અને તમને ખબર નથી. આ ચોપડીમાં આવ્યું છે આ ભણતરમાં ઓલા દલપતરામ કવિના વખતમાં.

**શ્રોતા** :- નળે દમયંતિને આપ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દમયંતિને આપ્યુંને? હા ઇ બસ. નળે માછલું મારીને દમયંતિને આપ્યું એ વાત આવે છે. એય..! ભગવાનભાઈ! સાંભળ્યું છેકે નહિ? હા ઈ. એના હાથમાં આમ ઓલું હતુંને. મારેલું આપ્યું પણ જ્યાં આપે ત્યાં ચેતન થઈને, જીવતું થઈને ભાગી ગયું. આ તે કેવી .. એમ થઈ ગયું ઓલાને. સંતાડી દીધું માછલાને? એવી એક પુણ્યની પ્રકૃતિ. ઓલું મરી તો ન ગયું હોય હોં. પુણ્યની પ્રકૃતિને લઈને એવા ચમત્કાર બહાર દેખાય. એવા દેખાય. આહા..હા..! સમજાય છે? આમ હાથ નાખે-હાથ નાખે ત્યાં ચરુ ઓલો છેને તેજપાળ-વસ્તુપાળ નહિ? જ્યાં

ખોદવા જાય, દાટવા જાય ત્યાં ચરુ નીકળે. વસ્તુપાળ-તેજપાળ એવા પુણ્યશાળી હતા. કરોડો રૂપિયા. કહે નાખવા ક્યાં હવે? દાટો પછી જાત્રા કરવા નીકળીએ. દાટવા જાય ત્યાં નીકળે. ચરુ નીકળે. એની વહુ કહે શું કરવા દાટો છો. પગલે-પગલે નિધાન તમારે છે. એ તો ધૂળના નિધાન છે હોં. આ ચૈતન્યના નિધાન પગલે-પગલે ચૈતન્યચિંતામણિ છે, એમ કહે છે. આહા..હા..! એના એક શુભભાવ આગળ આવા બહારના ઋદ્ધિના ધૂળના ઢગલા દેખાય એ ભગવાન શુભભાવથી રહિત શુદ્ધ સચ્ચિદાનંદ પરમચૈતન્યચિંતામણિ. મહા ચૈતન્યચિંતામણિનો સાગર આત્મા છે. એમાં એકાગ્ર થાય તેટલી અંદરમાં શાંતિ અને પ્રગટ, પ્રગટ, પ્રગટ દેખાય એવો એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે પણ આવો આત્મા બેસે શી રીતે? એય..! એ અશુદ્ધતા આવી ક્યાંથી? હજી તો એ વાંધા નડે છે. આ તો હજી અશુદ્ધની પાછળ આખો શુદ્ધ ભર્યો એમ કહે છે. સમજાણું કાંઈ?

અશુદ્ધ તો એમ નહિ એમ કે આવો આત્મા આખો પવિત્ર હોય તો એને અશુદ્ધતા ક્યાંથી આવી? પણ અશુદ્ધતા એની દશામાં ન હોય તો લાવને આનંદ પ્રગટ. આ વસ્તુ છે ઇ કોઈ પોતે વાસ્તવિક વસ્તુ કોઈ દુ:ખરૂપ હોઈ શકે? સ્વભાવ એનો દુ:ખરૂપ હોય? સત્ત્વ હોય, સત્ત્વનું સત્ત્વ એ પવિત્ર અને શુદ્ધ જ હોય. એની અંદર વિકાર હોય નહિ. વિકાર એની દશામાં છે. એની હાલતમાં, પર્યાયમાં, અવસ્થામાં વિકૃતભાવ છે. એ વિકૃત એક સમયની દૃષ્ટિએ ઉભો કરેલો છે. વસ્તુમાં નથી. કહો, બાબુભાઈ! ત્યાં ક્યાં ચૈતન્ય પોતે કોણ ભગવાનની ખબર ન મળે એને. સમજાય છે કાંઈ? ધર્મી સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને સહજપરમચૈતન્યચિંતામણિ. હાથ લાગ્યું દૃષ્ટિમાં એને એકાકાર થઈને જેટલો આનંદ અને શાંતિ લેવી હોય એટલો લઈ શકે એવો સહજ ચિંતામણિ હું આત્મા છું. મારા અતીન્દ્રિય આનંદના અનુભવને માટે મારું ચૈતન્ય જ ચિંતામણિ રત્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સદા શુદ્ધ છે...'** ત્રિકાળ વસ્તુ તો શુદ્ધ છે. **'સદા શુદ્ધ છે...'** પવિત્રનું ધામ ભગવાન વસ્તુ અસંખ્ય પ્રદેશી ધ્રુવ અસલ એમ ને એમ... એમ.. એમ... ચાલ્યું આવતું સત્ત્વ. અવસ્થા છે એ તો પલટે છે ક્ષણે-ક્ષણે પણ સદૃશ્યતાનું ચાલ્યું આવતું ધ્રુવ **'સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે...'** પાઠમાં છેને ઇ શબ્દો નાખવા છેને પાછા? **'णाणदंसणलक्खणो एगो मे सासदो अप्पा '** એનું છેને આ બધું? **'અનંત નિજ દિવ્યજ્ઞાન...'** પાછું કહે છે કેવું? મારું જ્ઞાન છે તે અનંત... અનંત... અંત શું? જેનો સ્વભાવ છે, જેનો ભાવ છે, જેનું સ્વ... સ્વ... સ્વ... સત્ત્વ સ્વરૂપ છે એવું જે જ્ઞાન તે અનંત છે, અનંત છે. સામર્થ્યરૂપે અનંત છે, શક્તિરૂપે અનંત છે. એવું દર્શન પણ સામર્થ્ય અને શક્તિરૂપે **'નિજ દિવ્યજ્ઞાનદર્શન...'** જુઓ, મારું દિવ્ય જ્ઞાનદર્શનથી મારો આત્મા સમૃદ્ધ છે. કહો, આ સમૃદ્ધિવાળો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ ધૂળવાળો નથી કહેતા કે આ સમૃદ્ધિવાળા એય..! હવે ઓલાનું નામ સાંભળે ઓલા રાજી રાજી થઈ જાય. ઓલા પુનમચંદનું નામ લે ત્યાં. બે કરોડ રૂપિયા. હવે એના બાપ તો અહીંયાં બેઠા હતા.

**શ્રોતા** :- રાજી થાય એમાં વળે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓલા ગયા હતાને અમે કેવું કહેવાય? આપણે ગયા હતા મુંબઈથી દમણ. પહેલા ઉતર્યા હતા એ વાવ-વાવ. વાપી. વાપીમાં વાત કરે, ભાઈ! .. એ તો અમે ઓળખીએ છીએ કીધું પુનમચંદને. પણ કહે પુનમચંદે તો બે કરોડ તો ભેગા કર્યા એ તો આના દીકરા. ત્યાં વાત ચાલતી હતી. પણ એનો ભાગીદાર પંદર લાખનો આસામી કહે માછીમાર. એય..! માછીમાર. તમે હતા સાથે? નહોતા. અહીંયાં આવી ગયાને દર્શન કરવા. ત્યાં પણ હું જ્યાં નીકળ્યોને મુંબઈથી કાલ્બાદેવીમાંથી ભગવાનના દર્શન કરીને. સીમંધર ભગવાનના. તો આણે તાર કરેલો પુનમચંદે ત્યાં. મહારાજ આવે છે માટે આપણા બંગલે લઈ જજો. કયું ગામ દમણ? દમણ-દમણ. દમણમાં પગલા કરાવજો. અહીં મોટર આવી તો સામો આવ્યો. પંદર લાખ, વીસ લાખ રૂપિયા એય..! ચીમનભાઈ! માછીમાર હોં. ધંધો મચ્છીનો નહિ. ધંધો છોડી દીધો હો. આમ દેખો તો વાણિયા-વેપારી રૂપાળો. કોણ છો? કે ભાઈ પુનમચંદનો તાર છે કે હમારાજને વાપીથી દમણ બંગલામાં પગલા કરાવવા. કોણ છો તમે? કહે હું એનો ભાગીદાર છું. ગામમાં વાત ચાલી કે એલા ભાગીદાર પંદર-પંદર લાખાના આસામી થયા. એય..! ચીમનભાઈ! મારી નાખ્યા કીધું આ તો.

**શ્રોતા** :- એના બાપ તો કેટલા બધા રૂપિયાના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બાપ તો બધા સમજવા જેવા બેઠા છે આ. આ એના બાપના બાપ આ બેઠા. પણ એ વખતે એ જરી સંતોષી હતા ઇ બધાય. આ તો બધી હોળી સળગે છે. વાત ત્યાં કરતા હતા હોં. જઈને બંગલામાં પગલા કર્યા બંગલો કર્યો મોટો. ઓહો..હો..! પછી કોકને પૂછયું કોણ છે આ? કે મચ્છીમાર. પૈસા મૂક્યા. સો, એકસો એક મૂક્યા. છોકરાઓ પાસે મૂકાવ્યા પૈસા. ધંધો? કહે કે ધંધો માછીમારનો અમારો નથી હવે. નાત છે અમારી માછીમાર. પણ જેના સંગમાં આવ્યા એ પંદર લાખવાળા થયા. હવે એના વખાણ લોકોને. અરે..! પણ આના સંગમાં આવે એને સિદ્ધપદ થાય એવું આ ચૈતન્ય તું છો. આહા..હા..! એની તને ખબર ન મળે. એના પાસા સેવ આત્માના સિદ્ધ થઈ જાય એવો છો. સમજાણું કાંઈ? સુમનભાઈ! એમ લોકો વાતું કરતા હતા. ત્યાં ઉતર્યા હતાને બહાર. છેને બહાર કાંઈક શું હતું ઇ? બહાર ઉતર્યા વાપીમાં. ત્યાં વાતું ચાલતી હતી લોકો વાતું કરે. ઓય કીધું આ પૈસાના લાલચુ.

એમ આ ભગવાન આત્મા ચૈતન્ય સહજાત્મની ખાણ છે. કહે છે કે **'અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી...'** સમૃદ્ધિવાળો મારો આત્મા છે. મારી સમૃદ્ધિ પરિપૂર્ણ મારી પાસે છે. આહા..હા..! સમજાય છે? **'આમ છે તો...'** એમ કહે છે. આવી સમૃદ્ધિથી હું ભરેલો છું તો. **'પછી બહુ પ્રકારના બાહ્યભાવોથી મને શું ફળ છે?'** તો પછી આ શુભ અને અશુભ, પુણ્ય અને પાપ, દયા, દાનના વિકલ્પથી મને ફળ શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? જેના પડખે ચડ્યા પરમાત્મા પર્યાયમાં થાય એવો હું ભગવાન આત્મા છું. આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી. શબ્દ છે

ખરોને ઓલા મૂળમાં? ઇ છેને **'सव्वे संजोगलक्खणा'** ઇ એની વ્યાખ્યા ઇ છે. એ તો એ બહુ પ્રકારના વિકલ્પો ઉઠે શુભ કે અશુભ એવા વિકલ્પથી મારે શું ફળ છે? એમાં તો બંધન ફળ છે, સંયોગ ફળ છે. એ તો આત્માના સ્વભાવથી વિપરીત છે. મારે તો આવો સમૃદ્ધવાળો ભગવાન દૃષ્ટિમાં ચૈતન્યચિંતામણિ મળ્યો, હવે મારે પુણ્યના વિકલ્પથી પણ ફળ શું? એમ કહે છે. આ ભક્તિ, દયા, દાનના વિકલ્પથી ફળ શું? એ તો પુણ્ય છે. એમાં મારો આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? આવો આત્મા પણ ક્યાં સંતાઈ ગયો? કોઈ દિ' સાંભળ્યો જ નથી. સમજાણું કાંઈ? એની કિંમત શું છે ઇ ખબર જ ન મળે ખબર જ ન મળે શું છે? આહા..હા..!

નહોતું કહ્યું એક ફેરી, પોરબંદરની વાત દેવીદાસભાઈ કહેતા. દેવીદાસ કવરીયા. કોઈ ગરીબ માણસ હતા. અત્યારે સાધારણ થઈ ગયેલા. પહેલા ગૃહસ્થ હતા. કે એ ગૃહસ્થ હતા. નામ હું ભૂલી ગયો. દેવીદાસભાઈએ કહેલું કે બહુ ગૃહસ્થ હતા પછી સાધારણ થઈ ગયા. પટારો ખોલ્યો ઘણા વર્ષે. ગોદડાનો. એમાં એક હાર નીકળ્યો મોતીનો. હાર મોતીનો નીકળ્યો તો ઓલા ખુશી થઈ ગયા. સાધારણ થઈ ગયેલાને. હાર નીકળ્યો. વેચવા ગયા તો સાત હજાર. સાત હજારનો. આ સાત હજાર જેણે લીધો એણે બીજાએ જોયો કે એલા હાર વીસ હજારે દેવો છે કે? ઓય મારા! વીસ હજાર. ત્રીજા કહે કે એલા ત્રીસ હજારે દેવો છે? એને ઓલા પાસે. ચોથો કહે સાંઈઠ હજારે દેવો છે. ઓલાના પુણ્ય નહિ તો સાત હજારે. ઓલાને સાંઈઠ હજાર. દેવીદાસભાઈ કહેતા લ્યો. હારની કિંમતી આવી. એ ધૂળની નીચે પડેલો. ગોદડામાં ક્યાંય પટારામાં પડી રહેલો. એક ગૃહસ્થ માણસ હતાને. એમ આ ભગવાન ચૈતન્યનો હાર અસંખ્ય પ્રદેશી અનંતગુણનો દરિયો એમ ને એમ પડ્યો છે તારી દૃષ્ટિના નિધાનને દેખ્યા વિના. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પોતાની દૃષ્ટિએ જ્યાં પડ્યો. ભગવાન એને જોવે છે. અરે..! મારે હવે આ સમૃદ્ધિવાળો આત્મા. મારે પુણ્ય-પાપ કરીને ફળનું શું કામ છે મારે? સમજાણું કાંઈ? વાત ઇ છે કે વસ્તુનું સ્વરૂપ એને ભરોસે અને એના અંતરના લક્ષે આવવું જોઈએ. આ વાત છે. તેથી કહે છે **'મારે બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?'** સમજાય છે? એ ૧૦૨ થઈ. ૧૦૩.

**जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे।**
**सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं॥१०३॥**

લ્યો **'वोसरे'** આવ્યું. અપ્પાણં વોસરે આવે છેને? તાવકાયં ઠાણેણં અપ્પાણં વોસરે. અપ્પાણં શું અને વોસરે શું ભાન ન મળે કાંઈ. અપ્પાણં વોસરે.

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

આહા..હા..! કાલના કઠિયારા આજના કેવળી થાય એ દુનિયાને કિંમત થાય. ઓહો..હો..! આ શું છે પણ આ? કાલે લાકડા વેચવા નીકળ્યો હોય. વાણિયા લાકડા લીધા કરોડપતિ, અબજોપતિ ..

જ્યાં અંદરમાં દૃષ્ટિ દઈ ત્યાગી થઈ અને અંતરમાં દૃષ્ટિ આપે છે જ્યાં કેવળી! આમ દેવો આવે પૂજા કરવા. આ શું છે પણ આ? એ ચૈતન્યરત્નની સંભાળ કરી એણે. સમજાણું કાંઈ? ભગવાન એક સમયમાં પૂર્ણ આનંદનો નાથ ચૈતન્યચિંતામણિ મહાસાગર પડ્યો છે. એ સાગરમાં નાખી નજરું આ ઠર્યો અને કેવળ કહે છે એક ક્ષણમાં! સમજાણું કાંઈ? એવો ચૈતન્યચિંતામણિ એને મારી શુદ્ધિ કરવાની વૃદ્ધિ માટે હું આ ભાવના કરું છું.

'**ટીકા :- આત્મગત દોષોથી...**' લ્યો, આવ્યો દોષ. જુઓ, આત્માની પર્યાયમાં દોષ છે. છે તો ટાળવા છેને? મિચ્છામી દુક્કડમ. શેના? દોષ હોય તોને. દોષ નથી એને ટાળવા શું? એને જૂઠાં છે આ દોષ, મારા નથી એનું કરવું શું? એની દશામાં અનાદિથી સ્વરૂપનો અનાદર અને પુણ્ય-પાપનો આદર અને પરવસ્તુની વિસ્મયતા અને પરવસ્તુની પોતા કરતા અધિકતા એવી મિથ્યાદૃષ્ટિ અને રાગ-દ્વેષની દશાનો દોષ એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ?

એ '**આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.**' '**મને પરમ-તપોધનને...**' કુંદકુંદાચાર્યે મેં.. મેં... કર્યું છે. મારે.. આહા..હા..! '**મને પરમ-તપોધનને...**' હું એક આત્મા છું અને એ આત્માના પૂર્ણ આનંદના સમૃદ્ધિની દૃષ્ટિમાં હું એક ધનવાન છું. તપનારૂપી ઇચ્છાથી રહિત સ્વરૂપની સમૃદ્ધિવંત ધનવાન હું છું. તપોધન છું. આહા..હા..! આ ભીખારી નથી એમ કહે છે. નગ્નમુનિ હોય આત્માના આનંદમાં ઝુલતા હોય આમ ચક્રવર્તી મોટા રાજા-મહારાજા હોય અને નીકળે તો પધારો નાથ પધારો... પધારો... આહા..હા..! એ વિકલ્પ ઉઠે છે આહારનો એ પણ નહિ... નહિ... નહિ... નહિ... આ મારી સમૃદ્ધિ ચિદાનંદ પ્રભુ જેને અતીન્દ્રિય આનંદના ખજાના ખોલ્યા જેણે દૃષ્ટિથી એને બહારની મહિમા કોઈ આવતી નથી. એવી સમૃદ્ધિ મારી પાસે છે. ધર્મી એમ માને આ છ ખંડના ચક્રવર્તી, આ છન્નુ હજાર સ્ત્રી એની મહિમા આવતી નથી. આહા..હા..! આવો! છ ખંડનો ધણી, છન્નું હજાર સ્ત્રી અને નવ નિધાન અને સોળ હજાર દેવ સેવા કરે, ઇન્દ્રો જેના મિત્રો. એની મહિમા ધર્મીને આવતી નથી. એને આત્માના અંતર સવરૂપમાં અનંતજ્ઞાન-દર્શન-આનંદની સમૃદ્ધિ એવો હું ઇચ્છા તોડીને સ્વરૂપની જાગૃતિવાળો તપોધન હું છું. લ્યો, આ મુનિ પોતાને માટે કહે છે. એમ દરેક આત્મા એવો છે.

'**પરમ-તપોધન...**' પાછું જોયું પરમ-તપોધન. ઇ આ તપ એટલે આ નહિ હોં. રાગ અપવાસ કરવો, ઉણોદરી કરવી, એ તો બધી લાંઘણું છે. ભગવાન આત્મામાંથી સમૃદ્ધિના સ્વરૂપને સંભાળતી ઉગ્ર દશા જે આત્મામાં આનંદની સમૃદ્ધિવાન છું એવું અંદરની દૃષ્ટિ અને સ્થિરતામાં ભાન થવું આ એને તપોધન અને તેને તપસ્યાવાળો, સમૃદ્ધિવાળો આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! હાથી ચાલ્યો જતો હોય છ ખંડનો ધણી અને આમ મુનિને દેખેને. જ્યાં બાવળ નીચે બેઠા હોય મુનિ તો. નીચે ઉતરીને પગે લાગે. કાંઈ ન લાગે. કાંઈ એને ન લાગે. ઓહો..હો..! ભાઈ! આ તો શું છે? હું એક તપોધન સંત મારા આનંદમાં, આનંદના રેલમછેલના પ્રવાહમાં મશગુલ છું.

એવો આનંદ આ ચક્રવર્તીને આટલા સંયોગમાં પડ્યા નથી. દુઃખી છે. કહો, મગનભાઈ! લક્ષ સંયોગ ઉપર ગયું કે આ દસ લાખના બંગલા, ધૂળ લાખના પૈસા અને આટલા કરોડ. ઓહો..હો..! દુઃખી... દુઃખી... દુઃખી... બિચારા દુઃખી છે આ હોં. એ બિચારા ભિખારી છે રાંકા-રાંકા. એ પૈસાના ખપીઓ એ ભિખારી છે. બાબુભાઈ! સાચી વાત હશે? ભગવાન આત્માના કામી અંદર સ્વરૂપના એ સમૃદ્ધિ તપોધનના ધણી પોતે છે. જે લક્ષ્મી શાશ્વત જેનામાં પડી છે. એની જ્યાં દૃષ્ટિ કરીને સહજાત્મનો સ્વામી થયો. કહે છે કે હું એક પરમ-તપોધન. બીજી વાત '**ભેદવિજ્ઞાની,...**' હું રાગથી અને પરથી ભિન્ન મને જ્ઞાન છે. આહા..હા..!

**શ્રોતા** :-ખબર પડે એને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું લખ્યું છે આ?

ભગવાન આત્મા શાંતરસનો સાગર અને રાગ દુઃખરૂપ એ બે વચ્ચેની એકતા તૂટીને ભેદવિજ્ઞાનમાં વર્તું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? એ આ ધર્મનીનું આ લક્ષણ. આહા..હા..! એકકોર સહજાત્મસ્વરૂપનો ભંડાર એકકોર રાગ વિકલ્પ ઉઠે. કોઈપણ પંચમહાવ્રત કે દયા, દાન. બેયની એકતા તૂટીને ભેદજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? એવો હોવા છતાં એટલે કહે છે કે આવો છતાં મને કાંઈક પર્યાયમાં દોષ છે એમ કહે છે હોં. સમજાણું કાંઈ? '**પૂર્વસંચિત કર્મના ઉદયના લીધે ચારિત્રમોહનો ઉદય હોતા...**' મારી પર્યાયમાં જરી દોષ ઉત્પન્ન થતાં કર્મનું નિમિત્ત છે તેમાં જોડાણો છે થોડો, એમ કહે છે. '**જે કાંઈ પણ દુઃચારિત્ર હોય...**' મારા સ્વરૂપની અસ્થિરતા જરી થઈ ગઈ હોય. સમજાય છે? '**ચારિત્રમોહનો ઉદય હોતા...**' એટલે કે ચારિત્રમોહ જડ છે એનો ઉદય હોતા અહીંયાં થાય વિકાર એમ નહિ, પણ પોતે તેના સંગમાં હજી પૂર્ણ અસંગ થયો નથી. ભેદવિજ્ઞાન હોવા છતાં, તપોધનદશા હોવા છતાં તદ્દન કર્મના ઉદયના સંગમાં બિલકુલ ન જોડાવું એવું હજી થયું નથી. સમજાણું કાંઈ? અસંગ પ્રભુથી ખસીને એટલો જરી સંગના ..માં ગયો છે એ મારી દશાનો દોષ છે. સમજાણું કાંઈ? મારી દશામાં દોષ છે, મારી દશાનો એ દોષ છે.

'**તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી...**' તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી '**હું સમ્યક્ પ્રકારે તજું છું...**' હું સ્વરૂપમાં સ્થિર થઈને તેને ઉત્પન્ન થવા દેતો નથી, તેનું નામ તજું છું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ પ્રત્યાખ્યાન.

**શ્રોતા** :- વોસરામી આવ્યુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વોસરામીનું આ પચ્ચખાણ આવ્યું. વોસરે એટલે આ. સમજાણું કાંઈ? ઓલા પઠવા જાયને વોસરે-વોસરે કરે એય..! ભગવાનભાઈ! પોષા-બોષા કર્યા ત્યારે સાંભરે છેને? પાછા વોસરે. શું પણ વોસરે-વોસરે? ધર્મ વોસરે છે. ભગવાન આત્મા નિર્દોષનો ભંડાર એની જ્યાં અંતરદૃષ્ટિ ભેદજ્ઞાનની થઈ, પછી જરી પર્યાયમાં રાગાદિ ઉત્પન્ન થાય તેને સ્વભાવની અંતરમાં વલણની એકાગ્રતા દ્વારા એ ઉત્પન્ન ન થાય આ તેને વોસરાવ્યું છે એમ કહેવામાં આવે છે.

આહા..હા..! સમજાણું કાંઈ? વોસરે-વોસરેની તકરાર. કીધી હતીને મોટી અમારે ત્યાં. ૭૨માં વોસરે-વોસરેની તકરાર. ઉપડી હતી એમાંથી. આ પ્રશ્ન ઉઠ્યો હતોને આ ભગવાન દેખેનો. એ ૭૨માં એ ઉઠ્યું હતું વોસરેમાંથી. આહાર થોડો વધેલો.. સરવા છેને સરવા આહાર થોડો વધેલો એટલે આમ કહ્યું એક સાધુને પઠવાના જગજીવનભાઈને.. ઇ પઠવા ન ગયા અને એક કૂતરું આવ્યું ઉપર. એ કૂતરાને બટકું નાખ્યું ને વોસરે-વોસરે કરતા હતા. એલા પણ આ શું કરે છે તું કીધું આ. એય..! પછી મેં તો દાખલો આપ્યો હતો ઓલા ભાવનગરનો હોં. એ ભાવનગરનું જોયેલું એક ફેરી નહિ ઓલા ઘોઘાને. ઓલા ત્યાં પાયખાના નીચે રહે છે અને માથેથી દિશા જાય. છે ભાવનગરમાં ઓલીકોર. ઘોઘામાં. આમ છે આ બાજુ. તે દિ' જોયેલું ત્યાં દિશાએ જાતાને પહેલા. નીચે રાખે પાયખાના મોટા. પાયખાના શું ઓલા શું કહેવાય? રહેતા ઓલીકોર. ઉપર દિશાએ જાય અને પછી નીચે મોટા ઓલા હોયને પીપ શું કહેવાય મોટા? આ હાંકીને લઈ જાય ઇ આવડા મોટા. ઇ નીચે પડ્યા હોય ગાડા એમાં નાખતા. કીધું એલા આ ઉપરથી નાખે અને વોસરે-વોસરે કરે આ રીત તે સાચી કહેવાય કીધું? તે દિ' કહ્યું હતું હોં ૭૨માં. એમ આ તમે ભગવાને કીધું વધેલો આહાર હોય તો એને એકકોર જતનાથી નાખવો. આ તો બધી વિધિ આની છેને. આહાર વધે શેનો? મુનિ તો દિગંબર હોય. એને તો પેટ અહીંથી લીધું. પણ આ વિધિ એમાં લખી છેને મારે આ બહારમાં લખી નાખી એવી બધી. પાત્રા રાખ્યા અને વ્હોરવા ગયા ને આહાર એને વધે. બહાર બધી ગડબડ ઉભી કરી. પછી આહાર નાખી દેવો ઇ મમતા પાછી કે અરર..! આટલો કેમ નાખી દેવો ઉકરડામાં? હવે આખી દુનિયા છે વોસરાવી છે કે નહિ તમારે? શું કરવું છે હવે? આટલી મમતા કે આ રોટલો અહીં ઉકરડે જશે એ કરતા કૂતરાને નાખો. ઇ વોસરવાની રીત જ નથી કીધું આ. આવે છેને એ રીત છે બધી પચ્ચખાણની. પછી વોસરે-વોસરે કરે. આ શું રીત કરો છો તમે કીધું? આ તો આજ્ઞાની મશ્કરી કરો છો. એમાથી ચાલી હતી બધી વાત. શરૂઆત ત્યાંથી થઈ હતી. આ વોસરવાની વિધિની ભાન ન મળે અને કહે કે પછી અમે આત્માની શુદ્ધિ કરીએ, ત્યાગ કરીએ છીએ. ત્યાગ એમ ન હોય. રાગની ઉત્પત્તિ થાય તે પહેલા અંદરમાં સ્વરૂપમાં એકાગ્રતા થાય ત્યારે રાગ ઉત્પન્ન ન થાય એને રાગને વોસરાવ્યો એમ કહેવામાં આવે છે. હવે બહારને ક્યાં વોસરાવું હતું? સમજાણું કાંઈ? એ સ્થાનકવાસી-દેરાવાસીને વોરસવાનું બહું. દિગંબરમાં એવું નથી.

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા .. બધે. પાણી વધ્યું હોય તો પઠવા જાય તો વોસરે-વોસરે કરે. કહો, સમજાણું આમાં?

કે જે **'સમ્યક્ પ્રકારે તજું છું...'** જુઓ સમ્યક્ પ્રકારે તજું પાછું. તે હું એમ છેને? મારા પરમ અસ્તિત્વના આનંદના આશ્રયે મારું પરમ આનંદનું અસ્તિત્વ જે હું એને આશ્રયે તેને ઉત્પન્ન થવા

દેતો નથી. તેને વોસરે એમ કહેવામાં આવે છે. **'સામાયિક શબ્દથી ચારિત્ર કહ્યું છે કે જે (ચારિત્ર)...'** ત્રણ પ્રકારે હોય છે એમ કહે છે. **'સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે.'** એમ કહે છે અહીં. ત્રણ પ્રકાર છે ખરાને એટલે નાખે છે. ઓલું **'सव्वं तिविहेण'** છેને? **'सामाइयं तुं विविहं करेमि'** એમ છેને ત્રીજા પદમાં?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એટલે. હમણા ભેદ પાડશે. મારી સામાયિક દશા, સમતા વીતરાગી દશા એવા સામાયિકના ત્રણ પ્રકાર. એક વીતરાગી સામાયિક, એક છેદોપસ્થાપનની વીતરાગી દશા અને એક પરિહારવિશુદ્ધિ રાગ ઉત્પન્ન થવા ન દેવો એવી એક દશા. એવા નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. **'(હું તે ચારિત્રને નિરાકાર કરું છું.)...'** નિર્વિકલ્પ કરું છું એમ કહે છે. હું નિર્વિકલ્પમાં આવું છું. શુદ્ધ ભગવાનના અવલંબનમાં પેઠો હું નિર્વિકલ્પ દશામાં છું એને નિરાકાર કરું છું. **'અથવા...'** ભાષા જુદી, ભાવ જુદા, વાતું બધી જુદી જાતની.

**શ્રોતા :-** બહુ સાચી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાચી?

**'અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું;...'** લ્યો, થોડું તો રાખ્યું હોં. વ્યવહારરત્નત્રય જે છે એને છોડીને હું નિશ્ચયરત્નત્રયની ઉત્કૃષ્ટતાને પામું છું. સમજાણું કાંઈ? **'નવ પદાર્થરૂપ પરદ્રવ્યના...'** જુઓ, નવ તત્ત્વ છે એ બધા પરદ્રવ્ય છે, ભેદરૂપ છે માટે. એકલો ચૈતન્ય પ્રભુ અભેદસ્વભાવે અવલંબતો આત્મા એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય એક અભેદ છે. આ બધા નવના ભેદો બધા વિકલ્પ અને રાગ છે. હું જીવ છું, આ અજીવ છે. સમજાય છે? આ દયા, દાનના પરિણામ પુણ્ય છે, હિંસાના પાપ છે, આ હિંસાના પરિણામ આદિથી છૂટે તો, શુભાશુભથી છૂટે તો સંવર થાય, વિશેષ શુદ્ધિ તો નિર્જરા, પૂર્ણ શુદ્ધિ તો મોક્ષ, રાગમાં અટકવું તે બંધ. એવા નવ પ્રકારના ભેદને અહીંયાં પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. આહા..હા..! એક સ્વદ્રવ્ય છે. નવ પ્રકારના ભેદને સ્વદ્રવ્યથી ભિન્ન માટે તેને પરદ્રવ્ય કહ્યા છે. સમજાણું કાંઈ? એ આત્મામાં ઓલો સંવર-નિર્જરાની પર્યાય ઉત્પન્ન થાય એ પર્યાયનું લક્ષ જાય તો વિકલ્પ થાય છે, કહે છે. માટે તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ભારે વાત! સમજાણું કાંઈ?

**'નવ પદાર્થરૂપ પરદ્રવ્ય...'** જોઈ ભાષા? હવે રાડ નાખે ઓલા કહે નવ પદાર્થની શ્રદ્ધા છોડવાયોગ્ય હોય? ભાઈ! ચૈતન્ય પ્રભુ એકરૂપ છે, અનંતગુણનો પિંડ. એની એકતામાં એકરૂપતાની દૃષ્ટિ વિના તેની એકતા થતી નથી. તેથી અંતરમાં એક પૂર્ણાનંદની એકતાના લક્ષે એકતા થાય તેને અહીંયાં સ્વદ્રવ્ય કહેવામાં આવે છે અને જેટલા નવ તત્ત્વના ભેદના વિકલ્પો ઉઠે એ બધા નવના પરદ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'નવ પદાર્થરૂપ પરદ્રવ્ય...'** એમાં નવમાં જીવ આવ્યો હોં. પણ હું જીવ છું એવો જે વિકલ્પ રાગ છે, એ પરદ્રવ્ય છે. આહા..હા..!

ભગવાન આત્મા નિર્વિકલ્પ સનાથસ્વરૂપે બિરાજમાન એને આ વિકલ્પનું રક્ષણ અને એનાથી આત્મા સનાથ થાય એવું એના સ્વરૂપમાં નથી. તેથી કહે છે કે **'નવ પદાર્થરૂપ પરદ્રવ્યના શ્રદ્ધાન...'** આ નવની શ્રદ્ધા આ નવનું **'જ્ઞાન...'** અને નવમાં એકાકાર થઈને શુભપરિણામમાં આચરણ એ **'રત્નત્રય સાકાર (સવિકલ્પ) છે,...'** રાગવાળા એ રત્નત્રય છે. સમજાણું આમાં કાંઈ? શું કીધું?

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધસ્વરૂપ એકરૂપ એના આશ્રયમાં એકતા થાય, એકના લક્ષે એકતા થાય. માટે તેને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે અને અનેકપણાના વિકલ્પો ઉઠે એના લક્ષે તો રાગ જ થાય. સમજાણું કાંઈ? આ મોક્ષની પર્યાયના લક્ષે પણ રાગ થાય એમ કહે છે. નવ પદાર્થમાં મોક્ષતત્ત્વ આવ્યું કે નહિ? આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! સંવર-નિર્જરા-મોક્ષ આવ્યું. પુણ્ય-પાપ અને આસ્રવ અને બંધ, જીવ અને અજીવ નવ આવ્યા નવ. કહે છે કે એક પ્રભુ આત્મા પોતાના જ્ઞાયકભાવનો આશ્રય છોડીને જેટલા એ ભેદના આશ્રયમાં લક્ષ જાય એ બધા નવ તત્ત્વની શ્રદ્ધા એ રાગરૂપ છે. નવ તત્ત્વનું જ્ઞાન એ રાગરૂપ છે અને નવ તત્ત્વના રાગમાં ઠરવું એ પણ આચરણ રાગરૂપ છે. સમજાણું કાંઈ?

એવા **'(-સિકલ્પ) છે, તેને નિજસ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (અંગીકાર) વડે નિરાકાર-શુદ્ધ કરું છું,...'** એને શુદ્ધ કરું છું એનો અર્થ? શબ્દ શું છે? એય..! રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું એટલે? કે એ ઉત્કૃષ્ટ થાય છે? પણ એને સમજાવું શું રીતે? આવા જે ભેદ પડે છે નવ તત્ત્વના અંદર. સમજાણું? એ બધા એક સ્વભાવી ભગવાન એનાથી આ બધા નવ તત્ત્વના વિકલ્પોથી વિરૂદ્ધ છે. તેથી તેની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ તે નિજસ્વરૂપથી વિરૂદ્ધ છે. હવે વિરૂદ્ધને હું અવિરોધ કરું છું. તેનો અર્થ કે એના તરફનો આશ્રય છોડી દઈને એકરૂપમાં આશ્રયમાં આવું. એમ એનો અર્થ છે. આ તો તેને કરું છું, એય..!

**શ્રોતા :-** ... પલટી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પલટીને ક્યાં કહ્યું છે આમાં? આ બધા તમારા પૂછો વ્યાકરણને. ત્રણના ભેદને કહું છું નથી આવ્યું પહેલું? એને ભેદના, એ ત્રણના ભદે કહું છું ત્રણના ભેદ. એનો અર્થ એ કે જે ત્રણ છે એ તો અભેદસ્વરૂપે છે, પણ એના ભેદને કહું છું એટલે વિકલ્પવાળી વાત કરાય. વાત એમ છે. છેને પહેલા શ્લોકમાં આવે છે. નિશ્ચયરત્નત્રય બતાવ્યું હવે એને જ ભેદથી કહીશ, એમ કહ્યું. હવે એને ભેદથી શી રીતે કહું? ઇ તો છે ઇ છે.

**શ્રોતા :-**ભેદ પાડતા રાગ ઉઠે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભેદ ત્રણ છે એકરૂપે ભગવાન. સમ્યક્ નિશ્ચયરત્નત્રય જ્ઞાન-ચારિત્ર એને હવે ભેદથી કહીશ એટલે વ્યવહારથી કહીશ. વિકલ્પ દ્વારા વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન જે હોય એને કહીશ. ભારે તકરાર, ભાઈ! અર્થોમાં હજી તકરાર વાંધા. વાસ્તવિક

સ્થિતિ છે ઇ જાણવા માટે અર્થમાં વાંધા. અહીં કહે જુઓ એ વ્યવહારને નિશ્ચય કરે છે. વ્યવહાર દ્વારા નિશ્ચય થાય છે. કાલે ઇ પોકાર કરતો હતો ઓલો. જયપુરનો એક શ્રાવક છે પંડિત. ઇ કહે કે નહિ નિશ્ચયથી થાય નિશ્ચય એ વાત બરાબર છે આત્મધર્મની વાત. સ્થાનકવાસીનો એક પંડિત છે. આ થાય એ બરાબર છે. અહીંનું વાંચે છે ૨૦ વર્ષથી. સામો પક્ષ કહે કે નહિ વ્યવહાર વિના ચાલે નહિ. એય..! આજે ભાઈ પૂછતા હતા બાબુભાઈ તો બહુ. આમ પણ કરવું પડે કે નહિ? નિશ્ચયમાં ધ્યાનમાં ન રહેવાય. પણ ધ્યાનની ક્યાં પણ પહેલા નિર્ણય તો કરે! બાબુભાઈ!

**શ્રોતા** :- નિર્ણયમાં જ હા પાડવામાં પરસેવો ઉતરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ નિર્ણય તો કરે કે અભેદ ચૈતન્યમાં એકાકાર થવું એ જ ધ્યાન અને સમ્યગ્દર્શન છે. આ રાગાદિના ભાવ હોય. હોય તો છેને, ક્યાં નથી? પણ એ કાંઈ વસ્તુસ્થિતિને આત્માને લાભદાયક છે નહિ. ત્યારે શું કરવું અમારે? પણ શું કરવું એ નિર્ણય તો કર. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પનો ભાવ હોવા છતાં નિર્ણયમાં એમ આવવું જોઈએ કે એ વિકલ્પ તે બંધના કારણ છે, સ્વભાવ તરફ ઢળવું તે શાંતિ અને મોક્ષનું કારણ છે. એમ એની નિર્ણયની ભૂમિકા પાક્કી થવી જોઈએ. સમજાણું કાંઈ?

'**તેને નિજસ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...**' એટલે શું કીધું? જે નવ પદાર્થની વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને શુભરાગ હતો તેને છોડીને, એમ. તેને છોડીને. કારણ કે નવનું આમ હતું હવે એને આશ્રયે નવના બાર ભેદ હતો બાહ્ય. નવ તત્ત્વનું લક્ષ બહાર હતું. હવે બહાર લક્ષે દ્વારા અંતરલક્ષમાં જાવું છે એમ છે? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ. હવે એને અંતરમાં આમ વળવું એને કહે બાહ્ય વળેલા દ્વારા અંતરમાં વળવું. એની શું વ્યાખ્યા? એનો અર્થ શું? કાંઈક મગજમાં બેસવું જોઈએને. કે આમ ભટકે છે બહાર વિકલ્પ એ દ્વારા અંતરમાં જાવું. પણ એનો અર્થ શું? એનું લક્ષ છોડવું, એનું વજન દૃષ્ટિમાંથી છોડી અને અંતરના સન્મુખ થવું એને અહીંયાં નિજસ્વરૂપની શ્રદ્ધા અંદર કરે છે, એમ કહેવામાં આવે છે. સાકારને નિરાકાર કરે છે, સવિકલ્પને નિર્વિકલ્પ એટલે શુદ્ધ કરે છે, એમ.

**શ્રોતા** :-આ કઈ રીતે અર્થ સમજવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-આ કીધુંને.

**શ્રોતા** :- શબ્દોમાં તો ખ્યાલ આવી જાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શબ્દોમાં ખ્યાલ આવે એવો છે ઇ. આને આ બાહ્યવૃત્તિ છે એને હવે હું છોડીને અંતરમાં જાવ છું. એને રાખીને બહાર આ... આ.. (એમ કરીને અંદરમાં જવાશે)? એ વડે એટલે? એને એમ કહ્યું છે. તે .. સ્વીકાર વડે અંતરના સ્વભાવના એકરૂપના સ્વીકાર વડે ભેદને છોડું છું. જુઓને આવે છેને. ઇ એનો અર્થ છે. ના, એમ એનો અર્થ છે ઇ. જુઓને આવ્યુંને.

'**તેને નિજસ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર વડે નિરાકાર-**

**શુદ્ધ કરું છું, એમ અર્થ છે.**' એવો એનો અર્થ છે. એ તો આવે છે. સહેજે આવે છેને સ્વરૂપાચરણ ચારિત્ર એનો એવો અર્થ છે એમ આવે છેને પ્રવચનસારમાં. ઇ શૈલી છે. આમાં પહેલા આવી ગઈ. એ શૈલી છે એક. હવે આનો અર્થ શું? કે વ્યવહાર વિકલ્પ નવ તત્ત્વની શ્રદ્ધા, નવ તત્ત્વનું જ્ઞાન, નવ તત્ત્વમાં શુભરાગમાં આચરણ ઠર્યો હવે એને હું અહીં શુદ્ધ કરું એનો અર્થ શું? કે નિજસ્વરૂપના શ્રદ્ધાન પોતાનું નિજસ્વરૂપ ભગવાન એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું અનુષ્ઠાનરૂપ આચરણ એવું સ્વભાવરત્નત્રય. દેખો, ભાષા એ વાપરી છે. અહીં સ્વભાવરત્નત્રય કીધા.

ભગવાન આત્મા પૂર્ણ આનંદનો કંદ પ્રભુ એની અંતર શ્રદ્ધા, અંતર જ્ઞાન અને અંતર રમણતા એને ત્રિકાળી સ્વભાવરત્નત્રયનું પિંડ ત્રિકાળ છે. પણ એનો આશ્રય કરીને પર્યાય પ્રગટી તેને અહીંયાં સ્વભાવરત્નત્રય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ સ્વભાવરત્નત્રયની પર્યાયો જેટલી પ્રગટ થાય એ બધી શક્તિરૂપે દ્રવ્યમાં પડી છે. શું કીધું? સ્વભાવરત્નત્રયની નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન, વીતરાગી પર્યાય જે પ્રગટ થઈ તેને સ્વભાવરત્નત્રયરૂપે સવિકલ્પને આરૂપે કરવું. એટલે કે એને છોડીને આ કરું છું. એની એવી શક્તિઓ અનંત-અનંત પર્યાય દ્રવ્યમાં પડી છે. એ સ્વભાવરત્નત્રય પ્રગટ્યા એવી-એવી શક્તિઓ અનંત પડી છે અંદરમાં એક પ્રવાહ આવ્યો, બીજો પ્રવાહ આવ્યો, કરતા... કરતા... પૂર્ણ પ્રવાહ આવ્યો કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? આ ભારે વાતું કહે. ઓલા દરિયામાંથી પ્રવાહ આવે તો તો સમજાય કે એક પાણી આમ આવ્યું અને એક પાણી આમ આવ્યું. ભાઈ! તારો સ્વભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છેને. એમાં આ બધી શક્તિઓ, બધી રસરૂપે પડી છે અંદર. સ્વભાવરૂપ રસ એટલે શક્તિરૂપે. એની અંતર નિર્વિકલ્પ થતાં ભગવાન આત્મા નિજસ્વરૂપની વસ્તુની શ્રદ્ધા, નિજસ્વરૂપનું અંતરજ્ઞાન, નિજસ્વરૂપનું અનુષ્ઠાન--એ ત્રણ પર્યાયને સ્વભાવરત્નત્રય કહેવામાં આવે છે. આ રત્ન છે રત્ન. એ સ્વભાવરત્ન છે પર્યાય. એ રત્નથી મુક્તિનું રત્ન પૂરું મળે છે. ઓલાને તો રતન કીધું હતું એય..! વ્યવહારરત્નત્રયને રત્ન કીધું હતું. આનો આરોપ ત્યાં ગયો. શું કરે પણ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જાય. સ્વભાવરત્નત્રયના સ્વીકાર. આ શું પણ? મો-માથા વિનાની વાત જાણે લાગે. ભાઈ! તું મોટો પ્રભુ છો, ભાઈ! મો-માથા વિનાની વાત નથી. આહા..હા..! તારા સ્વભાવની ખાણમાં તો અનંતા-અનંતા પરમેશ્વરો પડ્યા. એવડો મોટો ભગવાન એને તું ન જાણ અને તું મોટપ લેવા બહારથી માગ તો મળે એવી નથી. એવડો લાગે. આ તો બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. એક અપમાન જરી થાય તો જ્યાં સુધી સમાધાન ન થાય ત્યાં ચાલે નહિ લ્યો. જરી ધાર્યું ન થાય, અપમાન અરે..! આમ કેમ બોલ્યા? આમ કેમ ઇ બોલ્યો? મારા માટે શું ધારતા હશે? એય..! લાંબી હોળી સળગે?

**શ્રોતા** :- ખટકો રહેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ જ કહે છે. ખટકો કેટલો પણ કઈ જાતનો? બહારના ખટકા... ખટકા... ખટકા... આ એમ કેમ થયું? આ આમ કેમ હીણો શબ્દ બોલ્યો? મારે માટે આમ વાપરવું જોઈએ અને આમ. હવે મૂકને હોળી બધી રાગની છે. એના સમાધાન માટે કેટલો કાળ ગાળે અંદર આમ આમ કરીને. અહીં ગાળને હવે અંદરમાં. કેમ અમુલખભાઈ!

**શ્રોતા :-** ... ઘુંટાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે એમાં ને એમાં માળો પણ લાકડામાં જ ઘુંટાય છે ઇ.

કહે છે, હું તો આવાના સ્વીકાર વડે હોં. સ્વીકાર તો સ્વભાવનો છે, પણ અહીંયાં તો પર્યાયના સ્વીકાર વડે ઓલી પર્યાયને છોડવી છેને? ભગવાન આત્મા વસ્તુના અંતર્મુખની શ્રદ્ધા, અંતર સ્વભાવનું જ્ઞાન, અંતર્મુખનું અંતર એકાગ્રતાપણે આચરણ દ્વારા એ નિરાકાર, એ વિકલ્પને તોડીને નિર્વિકલ્પ થાવ છું. સમજાય છે? સાકાર અને નિરાકાર એટલે સવિકલ્પને નિર્વિકલ્પ કરું છું. સવિકલ્પને છોડીને નિર્વિકલ્પ થાવ છું, એવો એનો અર્થ છે. અભણને આ બધું ભણવું પડતું હશે આવું બધું? ભાઈ! તું તો મોટો ભણતરનો પિંડ છો. કેવળજ્ઞાનનો કક્કો એક સમયનો ઉભો કરે. સમજાણું? જુઓને ક છેને પહેલો ક? કક્કા કેવળજ્ઞાનનો નાથ છો તું પહેલો. ત્યાંથી તારી શરૂઆત થાય છે. આમ કેવળજ્ઞાન, આવું કેવળજ્ઞાન. ક્ષણે-ક્ષણે બાહ્યને જોતા... જોતા... જોતા... ભિન્ન-ભિન્ન જોતા-જોતા અનંતકાળ ગયો. તો એ અનંતનું ભિન્ન-ભિન્ન જોતાં એનો સરવાળો કરે તો અનંતજ્ઞાન થઈ જાય. બરાબર છે કે નહિ? ભિન્ન જોતા-જોતા કેટલો કાળ ગયો? આ પોરબંદરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને મુંબઈના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ધૂળના ઘરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, બાયડીના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને છોકરાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. એ બધા એના જાણવામાં ક્રમસર બધું જ્ઞાન આવ્યું છે કે નહિ આમ જાણપણું? એ બધા જાણપણાનો આખો સમૂહ ભેગો કરે તો અનંત થઈ જાય છે. પણ આ ક્રમે-ક્રમે જાણે છે અને આ એક સમયમાં જાણનારો ત્રિકાળ કક્કો ભગવાન આત્મા કેવળજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વળી, હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું...'** બીજી રીતે ઓલા ત્રણ પ્રકારને. વ્યવહારરત્નત્રય જે છે, વ્યવહાર એટલે ભેદોપચાર, એને અભેદોપચાર કરું છું એટલે કે ત્યાંથી નીકળીને આત્માનું શુદ્ધસમ્યગ્દર્શન, શુદ્ધજ્ઞાન અને શુદ્ધચારિત્ર અભેદરત્નત્રયની શુદ્ધિ કરું છું **'અને અભેદોપચાર ચારિત્રને અભેદોનુપચાર કરું છું...'** એ ત્રણના જે ભેદો જે શુદ્ધ છે એને પણ અભેદ આત્મામાં એકાકાર કરું છું. ભાષા પણ કઈ જાતની? આ એને ચોપડામાં આવે નહિ, સાંભળવામાં મળે નહિ. **'એમ ત્રિવિધ સામાયિકને ઉત્તરોત્તર સ્વીકૃત કરવાથી...'** એવા આ પ્રકારે ત્રણ પ્રકારના સામાયિકને ઉત્તરોત્તર. સામાયિક પાઠમાં છે ખરુંને. **'सामाइयं तुं तिविहं करेमि सव्वं णिरायारं'** એનો અર્થ કર્યો છે. **'ઉત્તરોત્તર સ્વીકૃત કરવાથી સહજપરમતત્ત્વમાં...'** સ્વભાવિક એવું જે મારું પરમતત્ત્વ. એને આ વિકલ્પરહિત કરીને, નિર્વિકલ્પ થઈને **'અવિચળ**

**સ્થિતિરૂપ...'** અવિચળ સ્થિતિ આત્મામાંરૂપ '**સહજનિશ્ચયચારિત્ર હોય છે.**' એવી દશાને નિશ્ચયચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સહજપરમતત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...**' જોયું અવિચળ સ્થિતિરૂપ સ્થિરતા. જ્ઞાયકસ્વભાવ ઉપર સ્થિરતા. અવિચળ-ચળે નહિ એવી સ્થિતિરૂપ. સહજનિશ્ચયચારિત્ર એને હોય છે. આનું નામ સાચું ચારિત્ર કહેવામાં આવે છે '**કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે.**' એ સાચું ચારિત્ર ઓલું નિરાકારતત્ત્વ. નિરાકાર શબ્દ વાપર્યોને સ્થિરતામાં? શું કીધું? સ્થિરતામાં નિરાકાર વાપર્યો કે નિરાકારતત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે. આમ ગુલાંટ મારી. શું કહ્યું? એ આત્મા નિરાકાર છે અભેદ નિર્વિકલ્પ એમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કે નહિ? શું કીધું?

**શ્રોતા :-** નિરાકારતત્ત્વમાં લીન થવાથી નિરાકાર ચારિત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ. ઓલું પાછું છેલ્લું કીધુંને નિરાકાર કરું છું. એ વસ્તુ જ નિરાકાર છે એટલે અભેદ છે. વિકલ્પ-ફિકલ્પનો એમાં ભેદ નથી. એવી આત્મવસ્તુ અભેદ... અભેદ... અભેદ... નિરાકાર અભેદ વિશેષ વિનાનું સામાન્ય. એવા સામાન્યને આશ્રયે હું પર્યાયમાં નિર્વિકલ્પતા પ્રગટ કરું છું, એમ કહે છે. આવું ભણવામાં આવતું હશે કાંઈ ચોપડીમાં આવે? નહિ? મેટ્રીકમાં તું આવ્યોને હવે? ત્યાં આવું આવશે કે નહિ? નહિ? આહા..હા..! થોથા બધા બંધના હોય. હોંશું ત્યાં કેટલી લાગે. આ પાસ થાય તો હોંશ થઈ જાય લ્યો. હવે એને અભિનંદન દેવા આવે ધૂળવાળા બધા છોકરાઓ. અહીં તો કહે છે કે આવું ચારિત્ર પ્રગટ કરે એને અભિનંદન છે. એ અભિનંદન ઘટે અને એ અલ્પકાળમાં મોક્ષને પામશે. એની વ્યાખ્યામાં દાખલો જરી આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૫, બુધવાર, તા.૦૮-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૪, શ્લોક-૧૩૯-૧૪૦, પ્રવચન-૮૭

**'એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદિપીકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:'**

**(वसंततिलका)**

'द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।

तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य॥'

શું કહે છે? '**શ્લોકાર્થ :- ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' દ્રવ્ય જે વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય એને અનુસરનાર અને યોગ્યતા પ્રમાણે એનું ચરણ હોય છે. ચારિત્રની જે ક્રિયા છે એ દ્રવ્યને અનુસારે, જેવી દ્રવ્યની નિર્મળતા પ્રગટ થાય એના પ્રમાણમાં ઇ ચારિત્રની એને નિર્મળતા કે એની મર્યાદા હોય છે. '**અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે...**' જેવી પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આદિની યોગ્યતા છે ત્યાં એના પ્રમાણમાં ત્યાં દ્રવ્યનું પરિણમન શુદ્ધ એની ભૂમિકા પ્રમાણે હોય છે. સમજાણું? ચરણ એટલે પંચમહાવ્રતાદિની ક્રિયાઓ, યોગ્યતા આદિ એના એ દ્રવ્યને અનુસારે, દ્રવ્યની જેટલી શુદ્ધતા હોય છે એના પ્રમાણમાં એ ચરણ હોય છે અને એ ચરણની શુદ્ધતા જેટલી હોય છે એના પ્રમાણમાં દ્રવ્યની શુદ્ધતા હોય છે.

'**એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે.**' નિર્મળતા ત્રણ કષાયના અભાવની હોય અને રાગની તીવ્રતા અંદર વસ્ત્ર-પાત્ર લેવાની હોય એવું બને નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એ પંચમ ગુણસ્થાન અને છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જે ભાવ હોય એનો એ દ્રવ્યાનુસાર દ્રવ્યની જેટલી શુદ્ધિ હોય એના પ્રમાણમાં એના વિકલ્પભાવ હોય છે. '**અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે...**' દ્રવ્યની શુદ્ધિ પણ એના પ્રમાણમાં જેટલા પંચમહાવ્રતાદિના પરિણામ હોય તેમ તેની શુદ્ધિ ત્રણ કષાયના અભાવની હોય. '**એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે...**' તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને-દ્રવ્યની શુદ્ધિનું જ્ઞાન કરીને અથવા ચરણનો આશ્રય કરીને, પંચમહાવ્રતાદિ કે ભૂમિકાયોગ્ય રાગની મંદતાનું જ્ઞાન કરીને '**મુમુક્ષુ મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' કહો, સમજાણું આમાં?

વસ્તુ જે છે આત્મા એની જેટલી શુદ્ધિની પર્યાય નિર્મળ સ્વ-આશ્રયે પ્રગટે એના પ્રમાણમાં એને રાગની મંદતાની લાયકાતની યોગ્યતા હોય. તો દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એની રાગની મંદતા હોય, રાગની મંદતાના પ્રમાણમાં ત્યાં એની શુદ્ધિ હોય. બેનું જ્ઞાન કરી મોક્ષમાર્ગમાં આરોહણ કરો. એમ અહીંયાં વ્યવહારથી નાખ્યું છે લ્યો.

**'વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:--'**

(अनुष्टुभ्)

चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।
यतंते यातनाशीलयमनाशनकारणम्॥१३९॥

'**શ્લોકાર્થ :- જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે...**' ધર્મી, સંતની બુદ્ધિ ચૈતન્યતત્ત્વ અનંત આનંદ અને જ્ઞાયકભાવસ્વરૂપ ચૈતન્યતત્ત્વ જ્ઞાયકભાવ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યભાવ, એવી એની ભાવના, એની અંદર એકાગ્રતા, એમાં રત અને લીન

છે. સમજાય છે કાંઈ? ચૈતન્યતત્ત્વ તે વસ્તુ, ભાવના તે પર્યાય. વસ્તુ જે એક સમયમાં જ્ઞાયકભાવ અનંતગુણનું ચૈતન્યતત્ત્વ એની અંદરની ભાવના; વિકલ્પ, નિમિત્ત કે મેળવવું કે છોડવું એ ભાવના નહિ. ભગવાન ચૈતન્યદ્રવ્ય પૂર્ણાનંદસ્વરૂપ એની અંતરમાં એકાગ્રતા, એમાં જેનું ચિત્ત લીન છે, નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમાં જેની પરિણતિ લીન છે. **'એવા યતિઓ...'** એવા મુનિઓ, ધર્માત્મા ચારિત્રપ્રધાન અધિકાર છેને? **'યમમાં પ્રયત્નશીલ રહે છે...'** યમમાં પ્રયત્ન યતિઓ **'યમમાં પ્રયત્નશીલ રહે છે...'** એવા મુનિઓ યમ નામ સંયમમાં પ્રયત્નશીલ-સાવધાન રહે છે. સમજાણું કાંઈ?

એ યમ એટલે સંયમ. સ્વરૂપમાં શુદ્ધ આનંદનું સ્વરૂપ એમાં લીન એવી પરિણતિ સંયમ એ યાતનાશીલ યમના. યમ યાતનાશીલ યમના. યાતનાશીલ. યાતના એટલે દુઃખ, શીલ એટલે દુઃખમય, યમના એટલે મરણ. દુઃખમય મરણના એ યાતનાશીલ, યમના એટલે દુઃખના મય મરણના એ સંયમ-યમ **'નાશનું કારણ છે.'** શું કીધું સમજાણું આમાં? યમ આત્માનું સમ્યગ્દર્શનપૂર્વક અંતરલીનતારૂપી સંયમ એટલે યમ તે, યાતનાશીલ દુઃખમય જે મરણ એના નાશનું કારણ છે. સમજાણું કાંઈ? એ ૧૩૯ કળશ થયો.

૧૦૪ ગાથા. એ આ બહુ બોલાય છે, નહિ? **'खामेमी सव्वे जीवा सव्वे जीवा खमंतु मे'** આવે છેને? બધાને ખમાવું છું નથી આવતું? પણ એનો અર્થ શું કહે છે?

**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए।।१०४।।**

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં,**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

ચારિત્રની વ્યાખ્યા છે. ચારિત્ર એટલે સમાધિ. ચારિત્ર એટલે વીતરાગતા, ચારિત્ર એટલે શાંતિ.

**'ટીકા :- અહીં, (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે.'** આ ગાથામાં જે અંતર્મુખ ભગવાન આત્મા દૃષ્ટિથી અંતર્મુખ થયો છે, પણ સ્થિરતા દ્વારા અંતર્મુખ થયો છે. અંતર્મુખ-અંતર્મુખ. જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદથી ભરેલો એની સન્મુખની દૃષ્ટિ અને સ્થિરતા છે એવા પરમતપોધન, પરમ જેને આનંદરૂપી ધન પ્રગટ્યું છે એની ભાવશુદ્ધિનું કથન છે, એની ભાવશુદ્ધિનું કથન છે. આહા..હા..! એ આનંદનું નિધાન ખોલ્યું અંદરથી એમ કહે છે. પોતે પોતાની વાત કરે છે. પાઠમાં એમ છે ખરુંને. **'सम्मं मे सव्वभूदेसु' 'सम्मं मे सव्वभूसु'** કુંદકુંદાચાર્ય કહે છે. મને બધા જીવ પ્રત્યે સમતા વર્તે છે. કોઈ જીવ શત્રુ કે મિત્ર એમ નથી. એનો અર્થ કરશે.

જુઓ, **'જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે...'** ભાવ ઇન્દ્રિય અને ખંડ-ખંડ દ્રવ્યેન્દ્રિય એના તરફના આશ્રયને જેણે છોડ્યો છે. અતીન્દ્રિય આત્મા ભગવાન એના અવલંબન

અને આશ્રયને જેણે લીધો છે **'એવા મને, ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે;...'** કહે છે કે હું. ચારિત્ર છેને? હું બધી ઇન્દ્રિયોના વેપાર તરફનો આશ્રય છોડી અતીન્દ્રિય ભગવાન આત્મા તેના આલંબનના આશ્રયમાં પડ્યો મને સમ્યગ્દષ્ટિ ભેદજ્ઞાની મુનિઓ આદિ હોય, તેમ અજ્ઞાની મૂઢ અનંત સંસારના અજ્ઞાનમાં પડેલા હોય--બેય પ્રત્યે સમતા છે. સમજાય છે કાંઈ? ઓલો પ્રશસ્તરાગ ધર્માત્મા પ્રત્યે સાધર્મીના લક્ષે આવે ઇ કહે છે કે વિષમભાવ છે. અને અજ્ઞાની પ્રત્યે એમ આવે કે 'આ ઠીક નથી ભાઈ તારો ભાવ' એવો જે દ્વેષનો અંશ એ પણ અસમતાભાવ છે. સમજાણું કાંઈ? સાધર્મી પ્રત્યેનો પ્રેમ એ રાગ છે એમ કહે છે, એ મને નથી. ચારિત્ર લેવું છેને અહીં તો! એ પણ જ્ઞેય છે. મારા જ્ઞાનમાં આ ઠીક ભેદવિજ્ઞાનીઓ છે અને આ અજ્ઞાનીઓ ઠીક નથી એવા વિકલ્પથી રહિત હું સમતામાં છું. સમજાણું કાંઈ? જુઓ, જ્ઞાની અને અજ્ઞાની પ્રત્યે મને સમતા છે, એમ કહે છે.

**'મને...'** **'सव्वभूदेसु'** એમાં કોઈ બાકી નથી. **'वेरं मज्झं ण केणवि'** એવા જીવો (પ્રત્યે) હું તો જ્ઞાતા-દૃષ્ટા તરીકે દૃષ્ટિમાંથી તો જ્ઞાતા-દૃષ્ટા છું, પણ અસ્થિરતામાં જે કાંઈ સાધર્મી પ્રત્યે વિકલ્પ જે આવતો હતો રાગનો અને અસાધર્મી પ્રત્યે એમ કે 'આ ભાવ ઠીક નહિ હોં, મિથ્યાત્વ છે, અજ્ઞાન છે.' એવો જે કષાયનો કણ હતો એ બેયથી હું તો સમતાભાવ છું. મારે બેયમાં હવે કષાયનો કણ નથી. કહો, સમજાણું આમાં?

**શ્રોતા** :-... બધા મુનિઓને ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધા મુનિઓને. કુંદકુંદાચાર્યને શુ? આ તો વધારે સમતાની વાત છેને. વિકલ્પ હોય છે એ વાત જુદી છે, પણ અહીં તો વધારે સમતાને લીધું છે. બધા મુનિઓને એમ છે. ભાવની સ્થિરતાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એક બાજુ એવું આવે કે **'न'** **'धर्मो धर्मीके बिना'** ધર્મ ધર્મી જીવ વિના હોય નહિ. માટે જેને ધર્મીનો પ્રેમ નથી એને ધર્મનો પ્રેમ નથી. એ તો વિકલ્પ અને અચારિત્રના કષાયની અપેક્ષાનું કથન છે ઇ. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન શું કરે છે? સિદ્ધ ભગવાનના જ્ઞાનમાં એમ છે ત્યાં કે 'આહા..હા..! આ શાસન ભારે વધે છે' એમ હશે? વિકલ્પ હશે? અને ત્યાં શાસનની હાનિ થાય તો એને ખેદનો અંશ હશે? કહો, જુગલરાજજી! નહિ? એમ વાત કરે છે. સમજાણું કાંઈ?

સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વીતરાગી પિંડ પ્રભુ આત્મા એની દૃષ્ટિ થઈ તે ઉપરાંત એટલી સમતા... સમતા... સમતા... હોય છે કે જ્યાં પોતાના જેવા ભેદજ્ઞાનીઓને દેખીને પણ જ્યાં વિકલ્પનો પ્રમોદ શુભરાગનો નથી, અજ્ઞાનીઓને દેખીને અશુભનો વિકલ્પ જ્યાં નથી, એવી સમતાનું પરિણમન તેને ચારિત્ર કહે છે, એને નિશ્ચય પ્રત્યાખ્યાન કહે છે. કહો, સમજાણું કાંઈ? એ જાતનો રાગ એ છૂટી ગયો છે.

**'મિત્ર-અમિત્રરૂપ પરિણતિના અભાવને લીધે...'** વ્યાખ્યા કરે છે **'वेरं मज्झं ण केणवि'**ની.

એક પદની વ્યાખ્યા થઈ. **'सम्मं मे सव्वभूदेसु'** સર્વ પ્રાણીઓ જ્ઞાની કે અજ્ઞાની પરદ્રવ્યમાં ધર્મી પ્રત્યેનો વિકલ્પ અને અધર્મી પ્રત્યેનો વિકલ્પ એ મને નથી. સમજાણું કાંઈ? કોઈ એવું કહે કે સત્યમાર્ગની પ્રરૂપણ ચાલતી હોય અંદર એમાં કોઈ ખોટું કહેતું હોય ઉંધું. તો એને તિરસ્કાર તલાક આવ્યા વિના રહે નહિ. 'નહિ, એ માર્ગ એમ નથી' એવો વિકલ્પ આવે. ઇ અસ્થિરતાની અપેક્ષાની વાત છે. સમજાણું કાંઈ? અહીં તો એથી ઉપરાંતની વાત ચાલે છે. તલાક પણ નહિ. કાંઈ નથી. હું તો સ્વરૂપે સ્થિરતા, સમતા, પરિણમનમાં હો, બેય જગતના જીવો જ્ઞાની કે અજ્ઞાનીના સમૂહો, એ પ્રત્યે મને વેર કાંઈ છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'(મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે મને કોઈ પ્રાણી સાથે વેર નથી;...'** આહા..હા..! સમતા વીતરાગતા છે. સમજાણું? મિત્ર હો કે શત્રુ હો એ-રૂપ પરિણતિનો જ જ્યાં અભાવ છે. આ મિત્ર છે કે શત્રુ છે એ દૃષ્ટિમાં તો નથી કોઈ મિત્ર-અમિત્ર. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને કોઈ મિત્ર છે કે અમિત્ર એ દૃષ્ટિમાં તો નથી, પણ અસ્થિરતામાં જે જરી મિત્ર-અમિત્રનો વિકલ્પ ઉઠતો હતો. વિષમતાનો ભાવ રાગનો હતો એ અહીં મને અત્યારે નથી, એમ કહે છે. સ્વરૂપની સ્થિરતાના પરિણમનમાં એ જાતના વિકલ્પનો પણ જ્યાં ત્યાગરૂપ પરિણમન વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નીચલી ભૂમિકામાં સમ્યગ્દૃષ્ટિને કોઈ આ મિત્ર છે કે અમિત્ર એ દૃષ્ટિનો વિષય તો છે જ નહિ. પણ અસ્થિરતાના પ્રસંગમાં ચારિત્રની વીતરાગતાની ધારાની કમીને લઈને મિત્રો નામ ધર્માત્મા પ્રત્યે કાંઈ વિકલ્પ પ્રેમ હતો અને અધર્માત્મા પ્રત્યે જરી 'આ નહિ' એવો જે અણગમાનો વિકલ્પ હતો એ મારા ચારિત્રની ખામી હતી, એમ કહે છે. એ મને હવે નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? આટલું-આટલું આ ભરતક્ષેત્રમાં ધર્મના પ્રસંગો કેવા વિરોધરૂપે થાય. હલે છે ...? છે... છે... હું તો એનો જાણનાર સમતાના પરિણમનથી જાણનાર છું એમ. સમજાણું કાંઈ? વિકલ્પ આવતો કે આ ઠીક કે અઠીક એ વખતે એનો જાણનાર હતો, પણ છતાં ચારિત્રમાં ખામી હતી. સમજાણું કાંઈ? એનો ત્યાગ નહોતો પ્રત્યાખ્યાન તરીકે. વસ્તુના સ્વરૂપ તરફ ઢળતા, લીન થતાં દૃષ્ટિના વિષયમાં એકાકાર થતાં એટલી સમતા છે કે મિત્ર-અમિત્ર વિનાની પરિણતિને લઈને કોઈ મારો વેરી કે સજ્જન છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આનું નામ સાચો ત્યાગ. એનું નામ રાગના અભાવરૂપ સાચું પરિણમન. ભારે વાત!

**'કોઈ પ્રાણી સાથે વેર નથી...'** **'वेरं मज्झं ण केणवि'** કહો, આવે છે કે નહિ? ભગવાનભાઈ! ઘણીવાર બોલ્યા છે. પણ વેરની આ વ્યાખ્યા. વિષમતા અને સમતામાં બેય પ્રકારની વિષમતાનો વિકલ્પ જે હતો, આ સજ્જન છે ધર્માત્મા, આ અસજ્જન છે અજ્ઞાની એવો જે વિકલ્પનો અંશ હતો, એ અત્યાગભાવ હતો. એના ત્યાગથી હું સમતાભાવથી મને કોઈ પ્રત્યે વિરોધ અને અનુકૂળતા અને મિત્રતા છે જ નહિ. એનું નામ ખરેખર રાગના અભાવરૂપ પ્રત્યાખ્યાન ચારિત્ર કહેવાય છે.

**શ્રોતા** :- એમાં .. સમજવું શી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વખતે વિકલ્પ હતો. અહીં સાંભળોને કહે છે. અત્યારે આમ છે મારું. એય..! એ તો કહ્યું નહિ? જરી આવે છે વિકલ્પ ત્યારે હોય છે. ઇ પણ ત્યાગભાવે પરિણમે ત્યારે યથાર્થ ચારિત્ર છે એમ કહે છે. એટલો પણ વિકલ્પ તે અત્યાગભાવ છે. સમજાણું કાંઈ?

**'સહજ વૈરાગ્ય-પરિણતિને લીધે...'** કહે છે કે સ્વભાવિક રાગના અભાવની પરિણતિ નામ પર્યાયને લઈને. **'મને કોઈ પણ આશા વર્તતી નથી;...'** આમ હોય તો ઠીક એવી કોઈ આશા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને આ ધર્મ વધે અને આ પ્રમાણે વધે, જૈનશાસનની શોભા થાય (એવી આશા હોતી નથી)!

**શ્રોતા** :- પ્રભાવના થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પ્રભાવના અહીં વધી. એ વિકલ્પના અભાવરૂપે વૈરાગ્ય-પરિણતિને લીધે **'મને કોઈ પણ આશા વર્તતી નથી;...'** આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- આચાર્યને લખતા-લખતા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લખતા-લખતા પણ 'આશા પુસ્તક હોય તો ઠીક અને આ હોય તો ઠીક' એવું કાંઈ મને છે જ નહિ, કહે છે. વજુભાઈ! આહા..હા..! એકલું જ્ઞાનસ્વરૂપ ભગવાન એની સ્થિરતામાં, રમણતામાં રમવા લાગ્યો એના અમૃતના ઘુંટડા પીવા માંડ્યો અંદરના. સમતાના સમતા આ તમારે વાણિયા લખે છેને કાંઈક શું કહે છે? 'સમતાના ફળ મીઠાં છે.' ઇ સમતા કઈ? ભાષા તો બહુ લખે, બારણા ઉપર લખે.

**શ્રોતા** :- મીઠા ફળના આશા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મીઠા ફળીયા આશા ... ધૂળની લક્ષ્મી. આ શાંત... શાંત... દુનિયા ડોલાવ કે દુનિયામાં ફેરફાર થાવ કે અનુકૂળતા વધી જાવ. મને નથી કાંઈ. સમજાણું કાંઈ? ઓલા કહે આને આટલો પણ રાગ નથી આવતો? એમ કરીને એને દોષ જોવે. આ કહે છે કે રાગ નથી આવતો એ જ એને નિર્દોષતા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- દોષનો ત્યાગ એ જ ...!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનું નામ ઇ રાગ આવ્યો છે એના અભાવરૂપ સ્વરૂપ તેને ચારિત્ર કહીએ. આહા..હા..! એવી વસ્તુ તે વસ્તુ છેને? સમજાણું કાંઈ? આ તો સાચા ચારિત્રની વ્યાખ્યા છેને? અને એમાં પણ નિશ્ચય-પ્રત્યાખ્યાન એટલે રાગનો ત્યાગ. એટલે જે રાગ હતો જેટલો એટલો વિષમભાવ હતો. એ વિષમભાવ હતો. ધર્મી જીવને કાંઈક લાભ થાવ, આમ થાવ એ બધો વિકલ્પ વિષમભાવ હતો. સમજાણું કાંઈ? શુભ ભલે વિકલ્પ હોય, પણ તે વિષમભાવ છે. એ સમતારૂપી ચારિત્રના પરિણામ નથી. આહા..હા..! વીતરાગી સંતોએ તો સમતાના રસમાં પરિણમેલો મને કોઈપણ આશા વર્તતી નથી. આહા..હા..! એ છઠ્ઠે ગુણસ્થાને ... વર્તે છે. વિકલ્પ વખતે કહે છેને આ

લખવા વખતે કહે છે. '**आसाए वोसरित्ता णं**' આ વિકલ્પ ઉઠ્યો છે લખવા ટાણે તો આચાર્ય કહે છે કે '**आसाए वोसरित्ता णं**' એ તરફની વિકલ્પની ભાવના મારી નથી. મારી તો અંતરના અભાવસ્વરૂપે પરિણમું એ જ મારી વસ્તુ છે. એ વિકલ્પના કાળમાં કાંઈ લાભ છે મને અને બીજાના લાભને ધર્મનો લાભ ચિંતવું માટે લાભ મને છે એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલો વિકલ્પનો અભાવ થઈને વૈરાગ્ય-પરિણતિએ પરિણમ્યો. એમ કહ્યુંને? સ્વભાવિક વૈરાગ્ય-પરિણતિને લીધે. સહેજે ઉદાસીન પરપદાર્થથી ધર્મની બાહ્યમાં વૃદ્ધિ હોય કે ઘટાડો હોય એના તરફના વિકલ્પની વિષમતા મને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન. એના ઉપર આરૂઢ થયેલો સમતાના પરિણમને ચડેલો મારે કોઈ આશા છે જ નહિ. સમજાણું કાંઈ?

વિકલ્પ છે એ પણ દોષરૂપ છે એમ કહીને કહે છે કે એના અભાવરૂપ વર્તે તે મારે આશા કાંઈ નથી લે. આહા..હા..! કાંઈ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા એને માટે આમ સંરક્ષણ થવું જોઈએ, આનું આમ કરવું જોઈએ, સમજાણું? સંઘનું રક્ષણ અને પોષણ નથી આવતું? પ્રવચનસારમાં આવે છે. પાછળ આવે છે. એ વિકલ્પવાળાનો એ આચાર છે. આહા..હા..! હું એક આત્મા મારા સ્વરૂપની રમણતાએ ચડેલો મને કોઈ આશા નથી, કોઈ આશા નથી. આ મોક્ષ થાવ એવી આશા નથી, એવો વિકલ્પ નથી, એમ કહે છે. એવું ચૈતન્યનું ચારિત્ર પરિણમન એવા '**પરમસમરસીભાવસંયુક્ત...**' જુઓ, પરમસમરસીભાવ, સમતા... સમતા... સમતા... આહા..હા..! પરમસમરસીભાવસહિત આવી એક સ્થિતિ પ્રત્યાખ્યાન અને ચારિત્રની છે એમ એણે નિર્ણય તો કરવો પડશે કે નહિ? એના નિર્ણયમાં એમ આવે કે વિકલ્પો આવે છે એ હિતકર છે, તો એ જે રાગથી લાભ માનનાર છે. સમજાણું કાંઈ? અને (એવું) માનનાર નથી અને (વિકલ્પ) આવે છે તોપણ તે વિષમતા છે અને દોષરૂપ છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપ શું હલે? સ્થિરતા... સ્થિરતા... સમતા... સમતા... આહા..હા..! સમજાણું? ઓલામાં વળી આવે છે ક્યાંક. ભાઈ! જુઓ, સત્યનું ઓલું ન હોય, ઉંધું હોય કાંઈ. સમજાણું? તો વગર બોલે પણ બોલવું. વગર બોલે બોલવું. સત્‌નો વિરોધ થતો હોય. સમજાય છે? એવું આવે છે. આ સોળ બોલે તીર્થંકરગોત્ર બંધાયને સોળ બોલે? એમાં આવે ... ખરે ટાણે બોલવું. એ તો જ્યારે એને એ જાતના વિકલ્પનો યોગ છે એ અપેક્ષાની વાત કરી છે. ભગવાન આત્મા આહા..હા..! બોલવું પણ ક્યાં છે અને વિકલ્પ પણ ક્યાં છે? સ્વરૂપમાં ઠર્યો સમતાના રસે. આહા..હા..! એને અહીંયાં ચારિત્ર અને એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. ચારિત્ર સાક્ષાત્ મોક્ષનો માર્ગ છે તેમ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આ વાતું ભારે! આ તો વીતરાગમાર્ગ છે. કહે છે કે એ વિકલ્પ વિષમ છે. આહા..હા..! એ અત્યાગ છે, રાગ છે. સમજાણું કાંઈ? એક કલાક મારે વ્યાખ્યાન દેવું પડશે. એય..! સભા ભરાયેલી છે અને ભીક્ષા માટે હું આવ્યો

છું. ભીક્ષા લીધી. એક કલાક. જેનું અનાજ લીધું એને કાંઈક દવું તો પડે કે નહિ? જેનો રોટલો ખાધો એનું કાંઈક દેવું કે એકલું લેવું લેવું જ? કોણ દે અને કોણ લે, ભાઈ! સાંભળને કહે છે. આહારને લેવાનો એક વિકલ્પ જરી હતો એ પણ અહીંયાં તુટીને નિર્વિકલ્પ થઈ ગયો છે. કોને લે અને કોને દે? આ લીધો માટે દેવું એ દૃષ્ટિ જ મિથ્યાત્વની છે અજ્ઞાનીની. કોનું લેવું અને કોનું દેવું! સમજાણું કાંઈ?

ઇ ચાલે છેને. એવી એક વાત આવે છે કે જેટલું ગૃહસ્થોનું અથવા જગતમાંથી લેવું એટલું એને સામું દેવું જોઈએ. કોણ લે અને કોણ દે? ઉંધી વાતું આવી ક્યાંથી માંડી તે? સમજાણું? એય..! ધીરૂભાઈ! ચાલે છે કે નહિ એમ? ભાઈ! જુઓ, માણસ શ્વાસ લે છે દુનિયા પાસેથી. હવે એને કાંઈક દેવું જોઈએ. આહાર લેવો, પાણી લેવું, સ્થાન લેવું. જુઓ, અરે..! સાંભળને ભગવાન! સ્થાન-બાન લે કોણ અને મૂકે કોણ? આહા..હા..! એક વિકલ્પ આવ્યો છે આહાર લેવાનો એ વિષમ છે કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિષમતા છે. સંયમના હેતુએ વિકલ્પ ઉઠ્યો છે આહારનો. આહા..હા..! વીતરાગતા તે વીતરાગતા છેને! એવી વીતરાગતા કોને કહેવી, બાપુ! આહા..હા..! એની દૃષ્ટિમાં અને એના જ્ઞાનમાં આવી વીતરાગતા છે તે જ આદરણીય એમ એને નક્કી થવું જોઈએ. વચમાં એવા વિકલ્પો આવે માટે મને હીત છે કે બીજાને એમાંથી હીત છે એમ જરીએ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- (હીતકર માને) તો મુનિપણું જ ક્યાં રહ્યું!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની દૃષ્ટિ જ મિથ્યાત્વ થઈ ગઈ. અને 'હું લઉં છું માટે દઉં છું' એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. કોણ લે છે? કોની પાસેથી લે છે? લીધું કોઈની પાસેથી નથી. સમજાણું કાંઈ? ભાઈ! જેનો જગતમાં થોડો મહેનત કરીને આપતા હોય એની પાસે કાંઈ સાટું વાળવું જોઈએ કે નહિ? મૂઢ છો? દે કોણ અને લે કોણ? તું તો જ્ઞાયકસ્વરૂપ છો. કોની પાસે તે લીધો? એક રજકણ લીધો છે કોઈનો જગતનો? નબળાઈને લઈને રાગ ઉઠ્યો હતો એ અત્યાગભાવ છે. એને છોડીને સ્થિરતા કરીને આશા બિલકુલ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તમારા ઘણા એવા કાર્યકર્તાઓ બોલે તમારા જેવા ત્યાં પહેલા. એમ જ કહેતા હતા. દુનિયા પાસેથી લેવું હોય તો કાંઈક દેવું જોઈએ. આહાર-પાણી એના લેવા, સ્થાન એના લેવા અને કાંઈ એને લાભ ન થાય તો લીધું શું? તો કાં એકકોર જંગલમાં વયું જાવું જોઈએ. એમ કહે છે કે નહિ? એય..! ધીરૂભાઈ!

**શ્રોતા** :- ધર્મનો લાભ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં ધર્મનો લાભ નથી ત્યાં. આહા..હા..! બોલે છે શું ધર્મલાભ? આહા..હા..! એ વિકલ્પ વૃત્તિ ઉઠી આહારની અને બીજાઓ ધર્મ સમજે એ વૃત્તિ ઉઠી એટલો તો અત્યાગભાવ છે, ભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ? એનો પણ ત્યાગ કરીને વૈરાગ્યપણે પરિણતિએ પરિણમેલો પરમસમરસીભાવ. સમતાના અમૃતના સાગરને એકાકારથી ઉછાળતો

**'પરમસમાધિનો હું આશ્રય કરું છું...'** લ્યો, છે? અહીં પર્યાયનો આશ્રય કહ્યો છે. પરમશાંતિનો આશ્રય કરું છું. ઓલો વિકલ્પ જે છે ઇ નહિ. **'પરમસમાધિનો હું આશ્રય કરું છું (અર્થાત્ પરમસમાધિને પ્રાપ્ત કરું છું).'** એમ. સમજાણું કાંઈ? હું તો વીતરાગતાને પ્રાપ્ત કરું છું, એમ કહે છે. રાગ જે ઉત્પન્ન થાય છે ધર્મ સંબોધવાનો, સમજાય છે? કે જેને ગુરુ પાસેથી વાંચન આદી લેવાનો, એ બધો વિકલ્પ અત્યાગભાવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકલ્પથી જે સાંભળતો હતો એના કરતા વિકલ્પનો અભાવ કરીને પરિણમે તેને વીતરાગતાનો વધારે લાભ થાય એમ કહે છે. વિકલ્પસહિત સાંભળતો હતો ત્યાં જ્ઞાન થાય. વિકલ્પસહિત સાંભળો તો જ્ઞાન વધારે થાશે. કહે છે કે એ વિકલ્પનો પણ ત્યાગ થઈને સંસારરૂપે હું પરિણમું છું, સમતાને અંગીકાર કરું છું, પ્રાપ્ત કરું છું. આ નહિ.. આ નહિ... એનાથી લાભ નથી... એનાથી લાભ નથી... આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે તો વિકલ્પ છે ઇ વખતે. પણ અંદર આ છેને. ભાવ ત્યાં પડ્યો છેને નિર્વિકલ્પતાનો. ક્ષણે-ક્ષણે નિર્વિકલ્પતા આવે છે કે નહિ? લક્ષનું જોર ત્યાં છેને? ભલે હો. સમજાય છે? એ વિષમતા વિકલ્પ ઉઠે એટલી છે એટલી અંદર પરિણમવાની સમતા તેમાં... એની સમતા અંગીકાર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? વાહ..! વીતરાગતા. જુઓ, આ વીતરાગનો માર્ગ. એક ધર્મના પમાડવાના વિકલ્પનો પણ ત્યાગ નથી ત્યાં સુધી એ દોષ છે. આહા..હા..!

**શ્રોતા :-** આપ વીતરાગતાને વેદાવો ત્યારે વધારે વીતરાગતા સમજાય છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એય..! હિંમતભાઈ અમારે સમજી ગયા છે ઇ હવે તમારે. સમજાણું આમાં?

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એવું જેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું પછી જે વિષમતાના પોતાની નબળાઈને કારણે વિકલ્પો હતા, પરને કારણે નહિ, એવા શુભાશુભવિકલ્પ, શુભના વિકલ્પના ત્યાગરૂપી પરિણમન તેને યથાર્થ ત્યાગ અને પ્રત્યાખ્યાન કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવી પરમસમાધિને પ્રાપ્ત કરું છું.

**'એવી રીતે શ્રી યોગેન્દ્રદેવે (અમૃતાશીતીમાં ૨૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**(वसंततिलका)**

**' मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः**
**स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।**
**संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-**
**मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि॥'**

**'શ્લોકાર્થ :- હે ભાઈ! સ્વભાવિક બળસંપન્ન એવો તું...'** જુઓ, સંબોધન કર્યું જુઓ. **'હે**

**ભાઈ!'** લ્યો. ઓલામાં સખા કહ્યું હતું. કહે છે ખરુંને એટલે એમ સંબોધન લીધું. **'સ્વભાવિક બળસંપન્ન...'** ભગવાન! તું તો સ્વભાવિક વીર્યવાળો છોને. સ્વભાવિક અનંતબળસંપન્ન તારું સ્વરૂપ છે. તારે બળ ક્યાંયથી લેવા જાવું પડે એવું નથી. શરીરમાં નબળાઈ હોય તો કાંઈક ખોરાક ખાય તો બળ થાય, ફલાણું ખાય તો થાય એમ છેને. પાણી-બાણી પીવે તો કાંઈક તાજો થાય કંઠ-બંઠ. આમ મોઢું વળી ગયું હોય તો જરી આમ થાય, એવો નથી. તું તો સ્વભાવિક બળસંપન્ન છો. સમજાણું કાંઈ? **'સ્વભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને,...'** આહા..હા..! જુઓ, તારા વીર્યની પૂર્ણતા છેને પ્રભુ કહે છે. તારામાં આત્મસ્વભાવ બળ એટલું ભર્યું છે કે ઓલો વિકલ્પ જે છેને આટલો એ આળસ તજીને. એ આળસ છે, પ્રમાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજા ધર્મ પામે એવો વિકલ્પ, આનું અજ્ઞાન નાશ થઈ જાય એવો વિકલ્પ. કહે છે કે તારામાં એટલું બળ છે કે એ વિકલ્પનો પ્રમાદ છે એને છોડી દે. એ તારો સ્વભાવ વિકલ્પના અભાવ કરવાનો તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સિદ્ધસ્વરૂપે અનંતબળ એટલે પાછું એમ કે આટલો વિકલ્પ છોડવો? આવો વિકલ્પ છોડવો? એમ. રાગની એકતા છોડી, અશુભરાગ છોડ્યો હવે રહી ગયો ધર્મનો રાગ પમાડવાનો કે પામવાનો વિકલ્પ કોઈ. એ છે કહે છે કે એ છોડવો? કે હા. ઇ છોડવા જેટલું તારામાં બળ છે. એને રાખવાનું બળ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન સમજે કે આવા વિકલ્પ છોડે તો છોડી શકાય એવું બળ? એવું સ્વભાવિક બળ? સ્વભાવિક બળ છે. સમજાણું કાંઈ? પુણ્યનો, શુભનો વિકલ્પ જે છે, ધર્મ પમાડવાનો કે આદિ. સમજાણું? પંચ મહાવ્રત પાળવાનો આદિ વિકલ્પ. ભાઈ! તું તો સ્વભાવિક બળસંપન્ન છોને. સહજ આનંદના બળવાળો પ્રભુ તું છો. તારા બળમાં કોઈ કચાશ નથી કે આવો વિકલ્પ ન છોડી શકે, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ ઘણું છોડ્યુંને? ના, ના, ભાઈ! તારામાં એટલું બળ છે કે એ શુભવિકલ્પનો અભાવ કર એવી તારામાં સમતા દશા પ્રાપ્ત થાય એવી તારામાં તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલું આમાં ઝીણું, પ્રવિણભાઈ! ઓલા તો કહે નમો અરિહંતાણં. રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... રામ... ભજો ભાઈ જાવ. ભગવાનનો સાક્ષાત્કાર થઈ જશે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કરો.

**શ્રોતા :-** ઓલા કહે નમો અરિહંતાણં કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કહે નવ લાખ જપંતા નવકાર શું કીધું ઇ? નરક નિવારે. નવ લાખ જપે. નવ લાખ જપે એ વિકલ્પ છે કહે છે રાગ. એની તો અહીં વાત જ નથી. આ તો ધર્માત્મા આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદનસ્વરૂપનું ભાન છે અને અસ્થિરતા તે આદરણીય નથી એવી સ્થિતિમાં જે અસ્થિરતાના ધર્મ પમાડવા આદિના વિકલ્પો છે એ બળહીનને લઈને ઉત્પન્ન થયેલો વિકલ્પ છે અને તું તો બળસંપન્ન છો કે એનો આશ્રય કર તો વિકલ્પ તૂટી જાય એવી તારામાં તાકાત છે.

આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને,...'** એ બધો પ્રમાદ છે, કહે છે. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને અઠ્યાવીશ મૂળગુણ ઉઠે. સમજાણું? બીજાના સામાયિક.. એ બધો આળસ છે, આળસ છે, પ્રમાદ છે.

**શ્રોતા :-** .. ત્યારે પાળ્યા હતાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાળે કોણ પાણે? આહા..હા..! ભાઈ! વચ્ચે આવ્યા એ અત્યાગરૂપભાવ છે. સમજાણું કાંઈ? અત્યાગરૂપને પાળવા અને એમાં ત્યાગ પ્રગટ થાય. સમજાણું કાંઈ? એમ અત્યાગભાવને છોડવાથી સ્થિરતાનું પ્રત્યાખ્યાન થાય. કહો, વજુભાઈ! શું કહે આ બધાય એમ કહે પાળ્યું હતું કુંદકુંદાચાર્યે. અઠ્યાવીશ મૂળગુણને પાળ્યા હતા. છેક મરતા સુધી પાળ્યા. છોડી દીધું હતું મુનિપણું? આહા..હા..! કહે છે, ભાઈ! એણે પાળ્યું હતું. કાંઈક કચાશ રહી ગઈ હતી એને તું પાળ્યુંનું જોર દે એ જ વાતમાં ફેર છે. જે અત્યાગભાવરૂપે વિકલ્પ ઉઠ્યો એના ભાવે એને પાળ્યો ત્યારે એનું સંયમ રક્ષણ થયું એ વાત તારી તદ્દન વિરૂદ્ધ દષ્ટિની છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના વિકલ્પો ઉઠ્યા હતા એ આળસ હતી, એ અત્યાગભાવ હતો, એ પ્રમાદ હતો. કહે છે તારામાં તો ઘણું બળ છેને, પ્રભુ! સ્વભાવિક બળ છે. આ તો કૃત્રિમ વિકલ્પ ઉઠ્યો છે. તું બળ જો કહે તો પંચમહાવ્રતનું બળ છે, અઠ્યાવીશ મૂળગુણનું બળ છેને? ના, ના; સ્વભાવિક બળ એટલું તારામાં છે એનો અભાવ કરવાની તાકાતવાળું તારું બળ છે. સમજાણું કાંઈ? ભાઈ! ભારે વાત!

**'ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને,...'** સ્મરીને છેને? લખ્યું નથી એક લીટી પડી આમાં. એમાં છે? ઝાંખી થઈ ગઈ હશે. બહુ ઝીણું એક ઝીણું આમાં તો. કહે છે, ભાઈ! તું તો અનંત-અનંત સ્વભાવિક બળનો ધણી છોને, પ્રભુ! તારા બળને કોણ હીણું કરવાની તાકાત છે? એ રાગના વિકલ્પો ઉઠે એ પ્રમાદ છે. તારા બળ દ્વારા એનો અભાવ કરીને **'ઉત્કૃષ્ટ સમતારૂપી...'** છઠ્ઠે ગુણસ્થાને સમતા છે, પણ આ જાતના આળસના વિકલ્પોનો અભાવ કરીને **'ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને,...'** ઇ કુળદેવી ઇ છે. તારા કુળની, સ્વભાવની રીત ઇ છે. રાગનો અભાવ થઈને સમતારૂપી પરિણમવું એ તારી કુળદેવી છે. આહા..! એ કુળદેવીને યાદ કર.

**શ્રોતા :-** ભગવાનને કુળદેવી છે ખરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એય..! ચંદુભાઈ! તમારા કુળદેવી, ભગવાનને કુળદેવી હતી કહે છે લે. ધૂળમાંય નથી સાંભળને. આ કુળદેવી છે. તારા કુળની સમતા દશા તે કુળદેવી છે. રાગ આવવો તે કુળદેવી નથી. આહા..હા..! તારા ચૈતન્યના કુળની રીતમાં સ્વભાવિક બળસંપન્ન ભગવાન એવા પંચમહાવ્રત આદિના વિકલ્પોનો અભાવ કરવારૂપી સમતારૂપી કુળદેવી છે. એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો એ તારી કુળદેવી નથી. કુળદેવીને કલંક છે એમ કહે છે અહીં તો.

આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાંભળી નથી આ શું છે કેમ? કેમ ભગવાનભાઈ! ઓઘે કુટાવ્યું અત્યાર સુધી બધુંય. આહા..હા..! કથનપદ્ધિ એક દિગંબર સંતોની. ઉગ્ર વચનો જેના ઉગ્ર વચનો. એલા કુળદેવી કોણ તારી? રાગ? શુભરાગ કુળદેવી? એ તારા કુળની શક્તિ હશે? આહા..હા..! શુભવિકલ્પોનો અભાવ એવા તારા બળથી પરિણમીને ઉત્કૃષ્ટ સમતારૂપી, વીતરાગદશારૂપી એ વીતરાગદશા એ કુળદેવી છે. ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે એની પરિણતિ કુળદેવી વીતરાગભાવ તે પરિણતિ એની કુળદેવી છે. રાગભાવ એની કુળદેવી છે? સમજાય છે? આહા..હા..!

એને '**સ્મરીને,...**' એમ કહ્યું છેને? એને વીતરાગભાવને યાદ કર. રાગભાવને છોડ. આહા..હા..! '**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને, અજ્ઞાનમંત્રી સહિત...**' લ્યો, નાશની વાત કરે છે. '**અજ્ઞાનમંત્રી સહિત મોહશુત્રનો...**' અજ્ઞાનમંત્રી છે. મોહ રાજા એનો અજ્ઞાનમંત્રી છે. રાગથી લાભ માનવો એવો મોહશત્રુ એને વસ્તુનું અજ્ઞાન અભાવ ઇ એનો મંત્રી છે. સમજાણું કાંઈ? એય..! વસ્તુ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ એનું તને અજ્ઞાન અને મોહ શત્રુ મિથ્યાભાવ એનાથી લાભ થશે, રાગથી લાભ થશે એ વીતરાગસ્વભાવી આત્માનું જે અજ્ઞાન એવો અજ્ઞાનરૂપી મંત્રી એ સહિત મિથ્યાત્વરૂપી શત્રુ એને નાશ કરનારા '**આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.**'

**શ્રોતા** :- શીઘ્ર?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર. ઓલા ચક્રવર્તી ઓલા ચક્ર મારે છેને? જાવ બોલાવો. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- સાહિત્યની આ સુંદર પ્રતીતિ આવે છે. બધી ઉપમા આપીને કહ્યું છે એ બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! સાહિત્યકાર છેને ઇ? આહા..હા..! સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર ચડાવ વીતરાગનું એમ કહે છે. શું કહે છે? આહા..હા..!

'**કુળદેવીને સ્મરીને,...**' '**આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.**' એ જ્ઞાનની પરિણતિ નિર્મળાનંદ થાય એને પરિણમ. આહા..હા..! સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર ચલાવ. રમણતાનું ચક્ર ચાલતા અજ્ઞાનસહિત મોહશત્રુનો નાશ થઈ જઈને વીતરાગ સમતાના પરિણમનમાં પરિણમનારો થઈ જા. શીઘ્ર ગ્રહણ કર એમ કહે છે. ધીમે-ધીમે શું ઓલાને જાઓ. બાહુબલજીને મૂક્યું ચક્ર ભરતે લ્યો. હારી ગયા ..માં મૂક્યું બીજો ઉપાય ન મળે. હવે શું કરવું? આહા..હા..! છ ખંડના ધણી આટલા રાજાને જીતીને આવ્યા. વૈતાલ પર્વતે લખ્યા નામ અમે છ ખંડને જીત્યા છીએ. અમે ઋષભદેવના પુત્ર છીએ ભરત. હું પહેલો ચક્રવર્તી આ ચોવીસીમાં થયેલો છું. ભગવાનનો પુત્ર છું. આ ભવે ચરમશરીરે આ ભવે મોક્ષ જાવું છે. એય..! એમ લખીને આવ્યા. હું ચરમશરીરી છું. મારો દેહ છેલ્લો છે. ભગવાને કહ્યો છે અને મને ખબર છે. હું છ ખંડ સાધીને આવ્યો. વૈતાલ પર્વત ઉપર

ઘણા નામ લખેલા પૂર્વના ચક્રવર્તીના. (એકનું) ભૂંસાડી નાખ્યું એમાં. આહા..હા..! પૂર્વે લખનારને કેટલી ઉત્સાહ અને હોંશ હશે! એના નામને હું ભૂંસાડું છું. મારું નામ લખું છું. કારણ કે વૈતાલ પર્વતને સ્થળ અને સ્થાન તો હોય એટલું હોય. આવા તો અનંતા પાકતા જાય. .. આવે છે ત્યાં. હાય.. હાય.. બાહુબલીજી સાથે હાર્યા. હવે? બાહુબલીજી ઘરના ભાઈ સાથે હાર્યા. બીજા પરના હતા એની સાથે જીતીને આવ્યા. છેવટે ઉપાય ચક્ર ચલાવ્યું. ચક્ર ગોત્ર ઉપર ન કરે ઇ ચક્ર. બાહુબલીના હાથમાં ઉભું રહ્યું આમ. સમજાણું કાંઈ? આમ.. આહા..હા..! ધિક્કાર સંસાર! બેય સમકિતી હોં. બેય ચરમશરીરી. છેલ્લા દેહ ચોક્કસ થઈ ગયેલા અમારે આ ભવે કેવળજ્ઞાન છે. એ વખતે આમ હાથમાં આવ્યું. આમ... શાંત! ઓહો..! સંસાર! એક બાપના દીકરા એણે આ ચક્ર ચલાવ્યું ગજબ સંસાર તારો, ભાઈ! એ વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય! આહા..હા..! આ સંસાર! નગ્ન દિગંબર થઈ ગયા. રાજ માટે લડતા હતા. સમ્યગ્જ્ઞાન ચક્ર ચલાવ્યું અંદર. સમતા... સમતા... સમતા...!

**'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'** હવે થોડો વિકલ્પ રહી ગયો હતો ઓલો હજી ધ્યાનમાં. ઇ અટક્યું હતું કે આ ભરતની ભૂમિ છે. આ શું? આમાં? ભરત આવ્યા. આમ પૂજા કરે. આમ લક્ષ અરે..! આને કાંઈ નથી લાગતું. એ તો નિર્વિકલ્પ થઈ ગયા. નિર્વિકલ્પ થઈને કેવળજ્ઞાન લીધું. કહો, સમજાણું? ઓલા પંચમહાવ્રતાદિના વિકલ્પો આવા ઉઠતા હતા એ બધા પ્રમાદના હતા. છોડીને સ્વરૂપમાં રમણતામાં પડતા સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને ગ્રહણ કર્યું, તોડી નાખ્યું અજ્ઞાનને-અસ્થિરતાને. સમજાણું? ભગવાન આત્મા જ્ઞાનના ચક્રે પરિણમનમાં ચડ. મોહ રહેશે નહિ, અસ્થિરતા રહેશે નહિ, નાશ કરી દેશે. એવું તારા આત્મામાં બળ છે. પણ એ બળવાન કેવડો એની એને ખબર નથી. આ શરીરનું કાંઈક બળ હોય તો એને ખબર પડે. મુઠ્ઠીમાં રાખે છે જુઓ બળને આમ. પણ ઇ બળ તો ધૂળના છે. એમાં ક્યાં બળ હતું? ચૈતન્યના અનંત બળ જેમાં આવો વિકલ્પ પણ તોડવાની તાકાત તારામાં છે, રાખવાનો તારો સ્વભાવ નથી. આહા..હા..! એવા **'સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.'**

**'વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)'**

**(वसंततिलका)**

**मुक्त्यङ्गनालिमपूनर्भवसौख्यमूलं।**
**दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तिम्।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्रम्।।१४०।।**

**'શ્લોકાર્થ :- જે (સમતા)...'** વીતરાગ પર્યાય વસ્તુ શુદ્ધ આનંદકંદ પરમાત્મા પોતે એમ અનુભવ કરીને વિશ્વાસ કર્યો છે અને સમતા વસ્તુની વીતરાગપરિણતિએ પરિણમેલો સમતાભાવ

એ મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યે ભ્રમર સમાન છે. મોક્ષરૂપી સ્ત્રી પ્રત્યે ભમરો જેમ ગુંજન કરે એમ આત્મામાં એ વિકલ્પનો અભાવ થઈ અને સમતારૂપ પરિણમન થાય એ મુક્તિરૂપી લક્ષ્મીને વરવા ભ્રમર સમાન છે. આહા..હા..! ભમરો ... જેમ બહુ કપડા એવા ઉંચા હોય છેને કેવી સ્ત્રી? પદ્મણી. એના કપડામાં સુગંધ હોય છે. એ ભમરા ત્યાંથી ખસે નહિ. એમ કહે છે મુક્તિરૂપી લક્ષ્મી વરવા સમતા તે ભ્રમર સમાન છે. એ મુક્તિરૂપી લક્ષ્મીને લીધે છૂટકો છે. આહા..હા..! સમજાણું? આ બધું છે કે નહિ તમારું સાહિત્યકાર જેવું હશે કે નહિ થોડું-થોડું?

**શ્રોતા** :- સાહિત્યથી ઉંચા નંબરનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉંચા નંબરનું. મુક્તિરૂપી સ્ત્રી આત્માની શુદ્ધપરિણતિની ઉગ્રતા. એના પ્રત્યે આ સમતા ભ્રમર સમાન રત છે. એ વીતરાગતાની પર્યાય અંદરમાં પ્રગટતા મોક્ષલક્ષ્મી અલ્પકાળમાં પ્રગટ થાય છે. એવી સમતા **'જે મોક્ષસુખનું મૂળ છે...'** લ્યો, એ જ વીતરાગ સમતા તે પરમાનંદરૂપી મોક્ષ એના સુખનું મૂળીયું છે. કહો, વ્યવહાર-ફ્યવહાર વિકલ્પ-ફિકલ્પ એ મોક્ષના સુખનું મૂળ નથી. વીતરાગ... વીતરાગ... અસલ પરિણતિ વિકલ્પની અસમતાનો ત્યાગ થઈ અને વીતરાગપરિણતિ તે જ મોક્ષના સુખનું મૂળ છે. માટે, તે વીતરાગતા પ્રગટ સ્વભાવનો આશ્રય કરીને કરવી એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૬, ગુરૂવાર, તા.૦૯-૦૬-૧૯૬૬
## ગાથા-૧૦૫, શ્લોક-૧૪૦-૧૪૧, પ્રવચન-૮૮

નિમયસાર શાસ્ત્ર ચાલે છે. એમાં ચારિત્રનો અધિકાર. ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવું એનું નામ ચારિત્ર. પણ એ ચારિત્ર સ્વરૂપનું ભાન થયા વિના રમવું હોઈ શકે નહિ. પણ ચારિત્ર એટલે શું? ચરવું. કાંઈક માલ છે તને ભોગવવો-અનુભવવો. માલ શું છે એ જાણ્યા વિના શેમાં ચરે? આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદસ્વરૂપ અનંતશાંતિ અને આનંદથી ભરેલો પદાર્થ છે એમ જ્યાં સુધી અનુભવમાં, જ્ઞાનમાં, પ્રતીમાં આવે નહિ ત્યાં સુધી રમવું શેમાં? સમજાય છે કાંઈ? શેમાં લીન થવું?

કહે છે, આ નિયમસાર છે નિમયસાર. કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ થયા સંવત્ ૪૯. એનો કહેલો મોક્ષમાર્ગનો અધિકાર. એમાં મોક્ષમાર્ગમાં અહીંયાં ચારિત્રનો અધિકાર ચાલે છે. ચારિત્ર કોને કહેવું અને એ ચારિત્ર સાક્ષાત્ આત્માને મુક્તિનું કારણ છે. પણ એ ચારિત્ર પોતાનું શુદ્ધ

સ્વરૂપ શુભાશુભરાગથી ભિન્ન અને પોતાના પૂર્ણ આનંદથી અભિન્ન એવી અંતરમાં અનુભવ અને પ્રતીત આવ્યા વિના ચારિત્રસ્વરૂપમાં રમણતા થતી નથી. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણાનંદસ્વરૂપે જે કહ્યું એમ છે. એવું જ્યાં સુધી એની દૃષ્ટિમાં અને જ્ઞાનમાં ન જામે ત્યાં સુધી તેને આત્મા શું ચીજ છે એની ખબર નથી તો રમે શેમાં? ચારિત્ર શેમાં કરવું? ઝીણી વાત છે.

**શ્રોતા** :- વ્રત પાળવા એ ચારિત્ર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્રત શું પાળે? વ્રત તો વિકલ્પ છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ નિજ ચૈતન્ય જ્ઞાયક અનંત આનંદનો ભંડાર આત્મા છે. એવી જ્યાં સુધી અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પથી રુચિ છૂટીને પરના કર્તાપણાદિની બુદ્ધિ છૂટીને, બુદ્ધિ પોતાના શુદ્ધસ્વરૂપમાં જામી જાય ત્યારે તેને પહેલા સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. આહા..હા..! આ તો જેને હીત કરવું છે એની વાત છે. રતનલાલજી! વાતું કરવી હોય એની અહીં વાત નથી. પોતાનું હિત કરવું છે, આત્માની મુક્તિ અથવા ધર્મ. તો ધર્મ ચારિત્ર છે. ધર્મ કરવાનો અર્થ ચારિત્ર કરવું. ચારિત્રનો અર્થ સ્વરૂપમાં રમવું, એનો અર્થ છે સમતા પ્રગટ કરવી. અહીં સમતાની વ્યાખ્યા ચાલે છે. તો સમતા કોનામાં પ્રગટ કરવી? એ ચિદાનંદસ્વરૂપ પોતાની અંતરમાં શ્રદ્ધા-જ્ઞાનમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એમાં રમણતા, શાંતિ અને સમતા ક્યાંથી પ્રગટે? કહો, બરાબર છે, પ્રવિણભાઈ?આહા..હા..!

તો કહે છે કે **'જે (સમતા) મુક્તિરસુંદરીની...'** ભ્રમર સમાન રત છે. ભગવાન આત્મા સમતાનો પિંડ આત્મા છે. આ સમતા પર્યાયની ચાલે છે. ભગવાન આત્મા શુદ્ધ અરાગી વીતરાગી શાંતરસનો પિંડ આત્મા છે. એની દૃષ્ટિ કરીને અંતરમાં પુણ્ય અને પાપના રાગથી રહિત વીતરાગભાવ, સમતા પ્રગટ કરવી એ જ ચારિત્ર છે, એ જ મુક્તિનો ઉપાય અને એ જ ધર્મ છે. ભારે ઝીણી વાત! એ સમતા મુક્તિરૂપી સ્ત્રી, આત્માની પૂર્ણાનંદ પૂર્ણ શુદ્ધદશારૂપી મુક્તિ, આત્માની પૂર્ણ શુદ્ધદશારૂપી મુક્તિ એવી જે પોતાની સ્ત્રી તેના પ્રત્યે ભમરા સમાન છે. જેમ ભમરો સારી ચીજ ઉપર લીન થાય છે, એમ સમતા એ મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યે લીન છે. પોતાના સ્વભાવમાં વિકલ્પ ન કરવો. ઠીક-અઠીક કાંઈ છે જ નહિ. મારો સ્વભાવ શુદ્ધ અને શાંત છે એવી દૃષ્ટિ કરીને રાગની ઉત્પત્તિ ન થવી અને શાંતિની ઉત્પત્તિ થવી એ જ શાંતિને અહીંયાં સમતા કહે છે, તેને અહીંયાં ચારિત્ર કહે છે. એ ચારિત્ર ને સમતા મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યે ભમરા સમાન લીન થાય છે લીન.

**'જે મોક્ષસૌખ્યનું મૂળ છે,...'** પરમાનંદસ્વરૂપ મોક્ષ. મોક્ષ એટલે પરમાનંદસ્વરૂપ આત્માનું છે એવી પર્યાયમાં, અવસ્થામાં પરમાનંદ પ્રગટવું એવું જે મોક્ષનું સુખ એની એ સમતા આત્મામાં જ્ઞાતા-દૃષ્ટા રહીને વીતરાગતા પ્રગટ કરવી એ જ મોક્ષનું મૂળ છે. બહુ વાત કઠણ. મોક્ષસુખનું એ મૂળ છે.

**શ્રોતા** :-જડ હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જડ(મૂળ) છે. આહા..હા..!

**'મોક્ષસૌખ્યનું મૂળ છે,...'** શાંતિ. કોઈ પ્રત્યે ઠીક કે અઠીક નહિ. પોતા પ્રત્યે સમતા નામ વીતરાગીદશા પ્રગટ કરવી એનું નામ મોક્ષસુખનું મૂળ છે, એમાંથી મોક્ષ પ્રગટે છે. લ્યો, સમજાણું કાંઈ? **'જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે...'** આ તો ભાઈ મૂળ તત્ત્વ અધ્યાત્મ છે. દિગંબર મુનિઓ જંગલમાં રહેનારા હતા. જંગલમાં. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા સંવત્ ૪૯ જંગલમાં રહેતા હતા. એણે આ શાસ્ત્ર બનાવ્યું. ભગવાન પાસે આઠ દિવસ ગયા. કુંદકુંદાચાર્ય મહારાજ, ભગવાન બિરાજે છે મહાવિદેહમાં શ્રી સીમંધર ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, એની પાસે ગયા, આઠ દિવસ રહ્યા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એવી પ્રતીતિ કર. શાંતિની દશા સમભાવ પ્રગટ કરવો એ સમભાવ **'દુર્ભાવનારૂપી...'** અંધકાર. દુર્ભાવનારૂપી અંધકારનો સમૂહ એને નષ્ટ કરવા માટે ચંદ્રના પ્રકાશ સમાન છે. અંધકારનો નાશ ચંદ્રનો પ્રકાશ થતાં અંધકારનો નાશ થાય છે. એમ ભગવાન આત્મા. સમતા, શાંતિ... શાંતિ... શાંતિ... શુભાશુભભાવથી રહિત પોતાનો શાંત સ્વભાવ એમાં એકાગ્ર થઈને સમતા પ્રગટ કરવી એ તિમિર-અંધકારના સમૂહને નાશ કરવામાં ચંદ્રના પ્રકાશ સમાન એ સમતા છે. આ અલંકાર આવે છે આમાં. **'અને જે સંયમીઓને નિરંતર સંમત છે...'** આહા..હા..! શાંતિ સંતો પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ એમાં લીન છે અને એમાં વીતરાગતાની સમતા પ્રગટ કરી છે એવા સંયમીઓને, ધર્માત્માઓને, સંતોને એ સમતા તત્કાળ સંમત છે. એ વીતરાગભાવ એ સંમત છે. વચ્ચે રાગાદિ પુણ્યભાવ આવે એ સંમત નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાતું મોંઘી, ભાઈ!

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્યસૂર્ય. એ પોતામાં સમતાથી રમે, શાંતિ રાગની ઉત્પત્તિ નહિ અને પોતાના સ્વભાવના અવલંબનથી સંયમીઓને શાંતિની ઉત્પત્તિ છે એ સંયમીઓને એ શાંતિ સંમત છે, એ માન્ય છે, એનું નામ ચારિત્ર છે અને એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતાદિના પરિણામ વચ્ચે આવે છે એ માન્ય નથી, એમ કહે છે. એ તો રાગ છે, એ વિષમભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે સમતાને હું અત્યંત ભાવું છું.'** પદ્મપ્રભમલધારિ દિગંબર મુનિ છે. એ કુંદકુંદાચાર્યના શ્લોકની ટીકા કરનારા. કહે છે કે ઓહો..! સમસ્ત વિષમતા વિકલ્પની, રાગ-દ્વેષની એનો નાશ કરીને હું મારી શાંતિમાં રમનારો અને જેને શાંતિ પ્રગટ છે એને હું નમન કરું છું. અહીં તો હું અત્યંત ભાવું છું. મારી શાંતિની ભાવના કરું છું. હું એકાગ્ર થઈને રાગરહિત મારી દશા પ્રગટે એવી ભાવના ભાવું છું. રાગ ઉત્પન્ન થાય એવી ભાવના મારી છે નહિ. આહા..હા..! કહો,

સમજાણું કાંઈ? ૧૪૧.

(हरिणी)

जयति समता नित्यं या योगिनामपि दुर्लभा
निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा।
परमयमिनां प्रव्रज्यास्त्रीमनःप्रियमैत्रिका
मुनिवरगणस्योच्चैः सालंक्रिया जगतामपि।।१४१।।

પદ્મપ્રભમલધારિદેવ મુનિ દિગંબરે કળશ બનાવ્યો છે. કુંદકુંદાચાર્યનો શ્લોક છેને **'वेरं मज्झं ण केणवि सम्मं मे सव्वभूदेसु'** હું તો સર્વ પ્રાણી પ્રત્યે વિષમતાનો અભાવ અને સમતાનો પ્રગટ કરનાર એને અહીંયાં ચારિત્ર અને વીતરાગતા કહે છે. અહીંયાં મુનિ કહે છે.

**'શ્લોકાર્થ :- જે યોગીઓને પણ દુર્લભ છે,...'** ઓલા કહે છેને **'सेवानां योगरूपी गहनं'** એય..! શું કહે છે ઇ? એય..! દેવાનુપ્રિયા! શું કહે છે ઇ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ છે જુઓ એને યાદ છે. પરની સેવા કરવી અને .. એ તો યોગીઓને દુર્લભ છે. એવી વાત અહીંયાં છે નહિ. અરે..! અનંતવાર એવા થયા એમાં શું થયું? અને પરની સેવા કરી શકે છે કોણ? ... આવા ને આવા.

અહીં જુઓ, **'યોગીઓને પણ દુર્લભ છે,...'** કોણ? વીતરાગતા. યોગી નામ ધર્માત્મા પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ પરમાનંદ મૂર્તિ એમાં લીન થઈને સમતા પ્રગટ કરવી એ સંતોને પણ દુર્લભ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ, સમ્યગ્જ્ઞાની આત્માના શુદ્ધ સ્વભાવની પ્રતીત અને જ્ઞાન કરનારો અને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થનારો એને પણ એ સમતા અત્યંત દુર્લભ છે. સમજાણું કાંઈ? **'જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...'** જ્વાર-જ્વાર શું કહે છે? ભરતી. ભરતી આવે છેને સમુદ્રમાં? એ પૂનમનો ચંદ્ર ઉગે તો સાગરમાં ભરતી આવે છે. એમ સમતા--હું જ્ઞાતા-દૃષ્ટા છું. હું જાણનાર-દેખનાર છું, હું પરનો કર્તા નથી, પરથી કાંઈ લેનાર નથી અને મારામાં પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એનો પણ કર્તા-હર્તા નથી. એવા ધર્માત્મા **'નિજાભિમુખ સુખના સાગરમાં...'** નિજ અભિમુખ. ભગવાન આત્મા એના નિજ અભિમુખ-સન્મુખ જે પુણ્ય-પાપના વિકલ્પ છે એનાથી વિમુખ, પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખ. **'નિજાભિમુખ સુખના સાગરમાં...'** એ સમતા પોતાના નિજસ્વભાવની સન્મુખમાં **'સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે,...'** જેમ પૂર્ણ ચંદ્રમાં ઉગે તો ભરતી આવે છે. ભરતી આવે છે ભરતી. એમ આત્મામાં નિજ અનુભવ અંતર દૃષ્ટિ કરીને **'નિજાભિમુખ સુખ...'** પોતાના આત્માની નિજ સન્મુખ ઉત્પન્ન થયું એવું સુખ. એવો સુખનો સાગર એને સમતાભાવ એ સુખના સાગરમાં ભરતી નામ જ્વાર લાવવાનું કારણ છે. આહા..હા..!

એ સમતા વીતરાગભાવ સુખસાગરને પૂર્ણ કરવામાં સમર્થ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મ ચીજ ભાઈ બહુ દુર્લભ છે. એ લોકો માને છે એવો ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ?

**'નિજાભિમુખ...'** આ તો મુનિઓએ કહ્યું છે. **'સુખના સાગરમાં...'** નિજસ્વરૂપમાં સન્મુખ થઈને, અભિમુખ થઈને સુખનો સાગર એને પ્રાપ્ત કરવામાં ભરતી લાવવામાં, જ્વાર લાવવામાં એ વીતરાગતા ચંદ્રના પ્રકાશ સમાન છે. કહો, સમજાય છે કાંઈ? આવો કેવો ધર્મ? કાંઈ કરવું હોય તો લાગે કે ભાઈ આ ભક્તિ કરવી, પૂજા કરવી, દયા કરવી. લ્યો. અહીં ભગવાન કહે છે કે એ કરવું-કરવું એ બધું અલગથી છે, એ ધર્મ-બર્મ નથી. કહો, સમજાણું કાંઈ? વીતરાગતા આવી એટલે વીતરાગતા આનંદ આવે જ એમ કહે છે. જેટલી સમતા પ્રગટી એટલો આનંદનો સાગર ઉછળ્યા વિના રહે જ નહિ એમ કહે છે. જેટલી વિષમતા છે એટલું દુઃખ છે. પુણ્ય-પાપના વિકલ્પ જેટલા છે એ તો દુઃખ છે. શુભાશુભરાગ ઉત્પન્ન થાય છે એ દુઃખ છે. હિંસા, જૂઠું, ચોરી, કામ, ક્રોધભાવ દુઃખ છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે એ પણ દુઃખ છે. બેય રાગ છે. એ રાગથી ભગવાન આત્મા નિરાળો એની દૃષ્ટિ કરીને નિજાભિમુખ સુખના સાગર. આહા..હા..! સમજાણું કાંઈ? એ સુખરૂપી સમુદ્ર એમાં ભરતી લાવવામાં પૂર્ણ ચંદ્રમા સમાન. પુનમ હોય અને સાગર ઉછળે નહિ એમ બનતું નથી, એમ સમતા હોય અને આનંદ ન પ્રગટે એમ બનતું નથી, એમ કહે છે. શું કહે છે? જેટલા પ્રમાણમાં શુભાશુભરાગ ઉત્પન્ન થાય છે એ બધું દુઃખ છે. કહો, પ્રવિણભાઈ! દુઃખ.

**શ્રોતા :-** ગરીબી છે એ દુઃખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કહે છે કે ગરીબી દુઃખ છે? સમજાણું કાંઈ? બાહ્ય સંયોગ દુઃખ છે? સંયોગમાં કાંઈ થાય છે એ મને થાય છે? એવો મિથ્યા અભિપ્રાય કાં અસ્થિરતા. મિથ્યા અભિપ્રાય કાં અસ્થિરતા એ દુઃખસ્વરૂપ છે. બીજું કાંઈ દુઃખસ્વરૂપ જગતમાં છે નહિ.

તો અહીં તો કહે છે કે પરસન્મુખમાં જેટલો વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે, એમ કહે છે. નિજાભિમુખમાં ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એની અંતર્મુખ થઈને સુખના સાગરમાં ભરતી લાવવા માટે એ સમતાભાવ પૂર્ણ ચંદ્રના પ્રકાશ સમાન, પ્રભા સમાન છે. ભારે વાત! યાદ રહેવી મુશ્કેલ. કદી પ્રયાસ કર્યો નથી. સાંભળ્યું જ નથી. સાંભળ્યું જ નથી કે આ માર્ગ વીતરાગનો છે. આ વીતરાગમાર્ગની વાત ચાલે છે. વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. વીતરાગ માર્ગ રાગથી ઉત્પન્ન નથી થતો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણ ચીજ પ્રભુ કહે છે કે જેમાં પૂર્ણ આનંદ પડ્યો છે આત્મામાં, એનો જેને વિશ્વાસ થઈ ગયો છે. 'મારો આનંદ મારા સ્વરૂપમાં પૂર્ણ આનંદ છે' એવી જેને શ્રદ્ધા, વિશ્વાસ, સમ્યક્ પ્રતીત જ્ઞાનમાં જ્ઞેય તરીકે જ્ઞાન થઈ ગયું છે એ નિજાભિમુખમાં સ્થિર થઈને-એમાં સ્વસન્મુખમાં એકાગ્ર થઈને સુખરૂપી સમુદ્રમાં ભરતી લાવવામાં એનો સમતાભાવ, વિષમતાથી ખસીને, નિજાભિમુખમાં સમતાની પર્યાય પ્રગટ થઈ એની

સાથે આનંદ પણ પ્રગટે છે. આહા..હા..! જેટલી વીતરાગતા તેટલો આનંદ. જેટલો રાગ એટલું દુઃખ. કહો, બરાબર હશે? ધીરૂભાઈ!

**શ્રોતા** :- સીધો હિસાબ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સીધો હિસાબ છે? ભાષા જુઓને.

'**યોગીઓને પણ દુર્લભ છે...**' કેમકે અંતર્મુખ વળવું સંતોને પણ ઘણું દુર્લભ છે અને અંતર્મુખ થયા વિના એને દર્શન-જ્ઞાન-ચારિત્ર કદી થતું નથી. બહિર્મુખની લાગણીથી, વિકલ્પથી ક્યારેય આત્માની શાંતિ, શ્રદ્ધા અને જ્ઞાન પ્રગટતું નથી. સમજાણું કાંઈ? '**નિજાભિમુખ સુખના સાગરમાં...**' આહા..હા..! પોતાનું નિજ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપ એની સન્મુખમાં સુખનો સમુદ્ર ઉછળવામાં, ભરતી લાવવામાં સમતા પુણ્ય-પાપથી રાગરહિત સમતા, શાંતિ પ્રગટ કરવી એ આનંદને લાવવામાં પૂર્ણ ચંદ્રના પ્રકાશ સમાન છે. કહો, સમજાણું કાંઈ? '**જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ વીતરાગી સ્વરૂપ આત્મા. વીતરાગ વિજ્ઞાનઘન એની દૃષ્ટિ અને જ્ઞાન કરીને સ્વરૂપમાં લીન થવું એવા પરમસંયમીઓ, પરમસંયમી એની દીક્ષારૂપી સ્ત્રી. દીક્ષા લીધીને દીક્ષા ચારિત્ર? એ ચારિત્રના મનને પ્યારી સખી છે. એ ચારિત્રને વીતરાગતા પ્રિય છે. આહા..હા..! એ પ્યારી છે. એ વિષમભાવ રાગાદિ ઉત્પન્ન થાય છે પંચમહાવ્રતના એ પ્યારા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એક-એક શબ્દ જ આખો ...

'**જે પરમસંયમીઓને...**' ચારિત્રવંતને. એ ચારિત્રરૂપી જ્યાં દીક્ષા લીધી છે. આ દીક્ષા-દીક્ષા કરે છેને? દીક્ષા કોણ? અંતર સ્વરૂપમાં લીનતા થવી એ ચારિત્ર છે, એ દીક્ષા છે. દીક્ષા કાંઈ લૂગડા ફેરવવા, નગ્ન થઈ જવું એ કાંઈ દીક્ષા-ફીક્ષા છે નહિ. સમજાણું કાંઈ? એવી તો બહુ દીક્ષા થાય છે સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં ઘણી દીક્ષાઓ. બાળબ્રહ્મચારીએ દીક્ષા લીધી સન્માન આપે. ધૂળમાંય દીક્ષા નથી, દખ્યા છે. દુઃખ-દુઃખ છે. અમુલખભાઈ!

**શ્રોતા** :- ખોટા રસ્તે જ ચડી ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચડી ગયા છે? તમારી સાળીએ દીક્ષા લીધી ત્યાં કીધું નહોતું કાંઈ? ઇ કહે કે અમે વ્યવહાર કરશું પછી. નહોતા ગયા. એ તો ત્યાં ગયા નહોતા. પણ એણે જવાબ આપ્યોને કે ભાઈ અમે પહેલો વ્યવહાર કરશું, પછી કરતાં-કરતાં થાશે, એમ. ધૂળમાંય વ્યવહાર હતો કે દિ' તારે? આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ પૂર્ણ આનંદમય જોયું એવું અંતરમાં જ્ઞાન અને અનુભવ વિના ચારિત્ર આવ્યું ક્યાંથી? અને વ્યવહાર પણ ક્યાંથી આવ્યો? અને વ્યવહાર જેટલો કરે છે એ રાગાદિ તો દુઃખરૂપ છે. દુઃખ કરતાં-કરતાં નિશ્ચય થશે? કહો, ભગવાનભાઈ! આપણે તમારે આ બાજુ નથી. ઇ બાજુ બહુ દીક્ષા લેવાય છે હમણા. છાપામાં આવ્યું છે. દખ્યા દે છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સમુદ્ર છે. એવો અંતરમાં ભાસ-ભાસ, જ્ઞાન, પ્રતીત, સ્થિરતા થયા વિના, સ્વરૂપની વિશેષ સ્થિરતારૂપ દીક્ષા ક્યાંથી થશે? સમજાણું કાંઈ? ઇ કહે છે કે પરમશાંત સંયમીઓ ભગવાન આત્મામાં ઇન્દ્રિયોથી ખસીને, પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને પોતાના સ્વ-અભિમુખ સન્મુખમાં સંયમ શાંતિરૂપી દશા ગ્રહણ કરી એવી દીક્ષારૂપી સ્ત્રી, એને મન-મન તો ક્યાં છે? એ ચારિત્રને વીતરાગતા પ્યારી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચારિત્રસ્વરૂપમાં રમતા ભગવાન સંતો એને એ વીતરાગતા પ્યારી છે. એ રાગાદિ ઉત્પન્ન થાય છે પંચમહાવ્રતનો વિકલ્પ એ પ્યારો નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને જે મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણલોકનું પણ અતિશયપણે આભૂષણ છે,...'** શું કહે છે? અહો..! આત્મા જ્ઞાતા-દ્દષ્ટા એવી દૃષ્ટિ થઈને જ્ઞાતા-દૃષ્ટાની રમણતા થવી એવી જે આત્માની શાંતિરૂપી ચારિત્રદશા એ મુનિવરોના સૂહનું આભૂષણ છે. એ મુનિવરોના સમૂહનો આ દાગીનો-આભૂષણ છે. શું કહે છે? ઘરેણા-ઘરેણા. એ દાગીનો છે, ઘરેણા છે. આહા..હા..!

**શ્રોતા :-** મનિવરોએ વીતરાગમાર્ગને નિશ્ચિત કરવામાં (કમી) રાખી નથી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી રાખી! પહેલું હજી શ્રદ્ધા-જ્ઞાન તો કરે કે આ ચીજ શું છે? ખબર ન મળે કાંઈ અને પછી ત્યાગ કરો. આહા..હા..!

મુનિવરો, સંતો, વીતરાગ-શાસનમાં થયેલા આત્માના શાંતિના સંત, એના જે ટોળા-સમૂહ અને ત્રણલોકનું પણ અતિશય આભૂષણ. મુનિવરોના સમૂહનું આભૂષણ અને ત્રણલોકમાં આભૂષણ હોય તો સમતા... સમતા... વીતરાગતા અવિકારીદશા એ ત્રણલોકનું આભૂષણ છે. આહા..હા..! કહો, ગજબ. ચોપડીયું બનાવેને એ છે. બેયનું આભૂષણ એ તો મુનિઓનું અને ત્રણ લોકનું. ચારિત્ર ત્રણલોકનું આભુષણ છે એમ કહે છે, ભાઈ! આહા..હા..! આત્માનું અંતર દર્શન થઈ અને સમતા, વીતરાગતા ચારિત્ર નામ સ્વરૂપમાં રમણતા પ્રગટ કરવી એ જ મુનિવરોનું આભૂષણ છે. શું કહે દાગીનાને તમારે? ઝવેરાત, ઘરેણા, ઝેવર-ઝેવર. એ મુનિવરોના આભૂષણ એ છે. દેહની ક્રિયા નહિ, પંચમહાવ્રતના પરિણામ નહિ. આ તો માટી, ધૂળ છે. એની કોઈ ક્રિયા આત્મામાં શોભા છે નહિ. અંદરમાં દયા, દાન, વ્રતના પરિણામ ઉઠે એ પણ શોભા નથી. મુનિવરોને શોભા નથી, એ તો કલંક છે. આહા..હા..! ભારે પણ મુનિપણ એને ઓછા શબ્દ પડે અમારે કહે છેને, પંડતિજી! એને લાગે છે હવે કહે. મુનિવરોના ટોળા સંતો. આહા..હા..! જ્યાં અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. બિરાજે છે ત્યાં સંતોને ચારિત્ર ઘણું છે. એ અંતરમાં એક વીતરાગદશા જેને પ્રગટી અને પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્તિના સાધનમાં પડ્યો છે એવા મુનિવરોને ચારિત્ર એ જ એક આભૂષણ અને ઝેવર છે. જુઓ, એનું શરીર નગ્ન હોય. આ વચમાં પંચમહાવ્રતના પરિણામ આવે એ આભૂષણ નથી. અરે..! આ તો કહે પંચમહાવ્રત પાળે છે.

**શ્રોતા** :- કુંદકુંદાચાર્યે .. મુનિએ પાળ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાળ્યા. ઇ નહિ. પંચમહાવ્રતના પરિણામ આભૂષણ નથી તો વળી પીંછી, કમંડળ તો ક્યાંય રહી ગયા. ઇ તો જડ છે. અહીં તો અજીવ અને આસ્રવ બે આભૂષણ નથી. પોતાની અંદર સંવર ચારિત્રદશા એ પોતાનું આભૂષણ છે, એમ કહે છે. આહા..હા..! કથનપદ્ધતિ! કહો, ચીમનભાઈ! લ્યો આ દાગીના અને લૂગડા મૂકે છેને પહેલા પાંચ લાખની મૂડી ..કોક. હરણીયાના ઓલા અને ફલાણું-ઢીંકણું. કહે છે, એ બધી શોભા અશોભા છે અને અંદરમાં રાગ ઉત્પન્ન થાય એ પણ અશોભા છે. શોભા તો એની છે જૈનશાસનમાં, જૈનશાસનમાં પોતાના જ્ઞાન, આનંદ સ્વરૂપની પ્રતીત કરીને એમાં લીન થવું એવો નિર્ણય કરીને લીન થાય છે એ જ આભૂષણ જૈન શાસનમાં ગણવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એની કિંમત કેટલી? આ પચાસ હજારનો દાગીનો, લાખનો દાગીનો, લાખના દાગીનો, પાંચ લાખના દાગીના. કિંમત જ નહિ કાંઈ. આહા..હા..!

**શ્રોતા** :- બજારમાં મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આત્માના વેપારમાંથી મળે.

**શ્રોતા** :- આત્માની બજારમાંથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્માની બજાર અનંતગુણનો પિંડ પ્રભુ ભગવાન એમાં લીન થવાથી મળે. આત્મ સામ્રાજ્ય. વીતરાગ શાંતિ, આનંદનું સામ્રાજ્ય આત્મા છે. એમાં એકાગ્ર થઈને મળે. માલ ન મળે? માલ જોતો હોય અને માલ ન મળે એમ હોય? પૈસા જોઈએ એમ કહે છેને?

**શ્રોતા** :- આબરૂ જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આબરૂ જોવે પૈસા સાથે ન હોય તો. પાંચ શેર મોકલાવજો જાવ. બે તો જોવેને બેમાંથી એક? એમ અહીંયાં આત્માના અંતર સમાજમાં અનંત શાંતિથી ભરેલો ભગવાન, એની શ્રદ્ધા અને એનું જ્ઞાન અને એમાં એકાગ્રતા એ જ આત્માના વેપારમાં શાંતિ છે, એ શોભા છે. આ આત્માની શોભા છે. બાકી શોભાની ઓભા છે. ઓભા કહે છે શું? દુઃખ.

**'તે સમતા સદા જયવંત છે,...'** કહે છે એવું આત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં આવી અને શાંતિ પ્રગટી છે એ એમ ને એમ બિરાજે છે. ચારિત્રપણું એમ ને એમ બિરાજે છે-જયવંત રહે. કે એ ચારિત્ર વડે ક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત થશે માટે એ ચારિત્ર એમ ને એમ જયવંત રહો. સમજાણું કાંઈ? આહા..હા..! એવી જે સમતા સદા જયવંત છે. આ પર્યાયની વાત ચાલે છે હોં. પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન એમાં દૃષ્ટિ લગાવીને, એકાકાર થવું એવી શાંતિ, સમતારૂપી દશા આ જગતમાં ટકી રહો. જયવંત રહો. એ ચારિત્ર પછી ન ફરે અને ચારિત્ર જયવંત રહે, કેવળજ્ઞાન મળે. સમજાણું કાંઈ? એવું ચારિત્ર કહો કે પ્રત્યાખ્યાન કહો. આહા..હા..! રાગ અને પુણ્યનો અભાવ એ ચારિત્ર છે, એ ત્યાગ છે. રાગ એ અત્યાગભાવ છે. સમજાય છે? દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એ રાગ છે, એ

અત્યાગભાવ છે. અત્યાગભાવ એ દુ:ખ છે, એ આકુળતા છે એટલી. સમજાણું કાંઈ? તે સમતા. તે સમતા. માથે એટલું કથન છે. સદા જયવંત. ઓહો..હો..! ચારિત્રનું સ્વરૂપ શું એની ખબર નથી. હજી ચારિત્ર.. નગ્ન થઈ જાય. જય ભગવાન, જય નારાયણ. પણ ચારિત્ર કોને કહેવું? ચારિત્ર ક્યાં લીધું? ચારિત્ર કોને કહે છે એની ખબર નથી. શેમાંથી આવે છે અને શેમાં રહે છે અને શેમાં થાય છે એની ખબર નથી. શરીરમાંથી ચારિત્ર આવે છે? શરીરમાં ચારિત્ર છે? પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે 'હું આમ છોડી દઉં' આવો રાગ થયો એમાં ચારિત્ર છે? સમજાણું કાંઈ? ભગવાન સ્વરૂપ પ્રભુ આત્મા નિજસન્મુખમાં સ્થિર થઈને વીતરાગતા પ્રગટે એનું નામ દીક્ષા, એનું નામ ચારિત્ર, એનું નામ સમતા, એનું નામ જગતના ત્રણલોકનું આભૂષણ. ઓહો..હો..! એ ૧૦૪ ગાથા થઈ.

૧૦૫. હવે કુંદકુંદાચાર્યની એની પોતાની ગાથા છે. નિજની ગાથા.

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।**

'**सुहं हवे**' એમાંથી ઓલો વ્યવહાર કાઢ્યો છે.

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

એ પ્રત્યાખ્યાન નામ યથાર્થ ત્યાગ રાગનો કોને હોય છે? યથાર્થ ધર્મ કોને હોય છે? જન્મ-મરણ મટવાનો શાંતિનો ચારિત્રભાવ કોને હોય છે? એની વાત કરે છે. પંચમ આરાના મુનિ છે કુંદકુંદાચાર્ય તો. સમજાણું કાંઈ? તો પંચમ આરામાં પણ સંત, મુનિઓ ચારિત્રવંત કેવા હોય છે? એની વાત કરે છે.

'**ટીકા :- જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે.**' જે કોઈ આત્મા પોતાના સાચા સ્વરૂપની સ્થિરતારૂપ ભાવ અને જેમાં પુણ્ય-પાપના રાગના અભાવરૂપ ભાવ, એવા સાચા પચ્ચખાણ યોગ્ય જીવ છે એવા જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે. આહા..હા..! એ પચ્ચખાણ કરનાર જીવ કેવા હોય છે એની વાત કરે છે. આહા..હા..! અહીં તો પચ્ચખાણ કરી લે અહીં બહારથી પચ્ચખાણ કર્યા. ઇ પચ્ચખાણ કેવા? એ તો ધૂળ. એ તો બધા અપચ્ચખાણ છે. સમજાણું કાંઈ?

'**જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે,...**' પહેલા શબ્દનો અર્થ કર્યો છે. ઓલામાં આઘું-પાછું છે. નીચે તો આઘું-પાછું છે. પહેલો શબ્દ છેને? ભગવાન આત્મા એકલા શાંત, અરાગી, વીતરાગીબિંબ પ્રભુ આત્મા છે. એને વર્તમાન દશામાં અકષાયભાવ પ્રગટ્યો છે, અકષાયભાવ પ્રગટ્યો છે એ જીવ પ્રત્યાખ્યાનને યોગ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે,...**' સમસ્ત કષાય પુણ્ય-પાપના વિકલ્પ એ પણ

કષાયકલંક છે. સમજાણું કાંઈ? એ વ્રત, વ્યવહારવ્રત ને વ્યવહારતપ ને વ્યવહારસમિતિ અને વ્યવહારગુપ્તિ એ બધો રાગ છે, કષાયકલંક છે. આરે..! વાત સાંભળવી કઠણ પડે. કષાયકલંકરૂપી કાદવ. ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ વીતરાગી મૂર્તિ એ આત્મા સમસ્ત કષાય પુણ્ય-પાપના રાગ, કાદવથી, કલંકથી રહિત અને વીતરાગી અકષાયસહિત. સમજાણું કાંઈ? અકષાયની વ્યાખ્યા કરી, નિ:કષાયની વ્યાખ્યા કરી. એ પ્રત્યાખ્યાનને યોગ્ય છે. એને યથાર્થ પ્રત્યાખ્યાન હોય છે, એને યથાર્થ ચારિત્ર હોય છે અને એ જ મુનિપણું તેને યથાર્થ છે. બીજાને મુનિપણું હોતું નથી. દાન્ત. નીચે છે. જેણે ઇન્દ્રિય દમન કરી હોય એવો, જેણે ઇન્દ્રિયને વશ કરી હોય, સંયમી.

**'સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી...'** ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ એની દૃષ્ટિસહિત અને સ્થિરતાસહિત હોવાથી પાંચેય ઇન્દ્રિયોના વેપાર ઉપર જેણે વિજય મેળવ્યો છે. પાંચેય ઇન્દ્રિયના વેપાર ઉપર જેણે જય મેળવ્યો છે. ઇન્દ્રજીત થયો. ઇન્દ્રજીત થયો આત્મા. પોતાનું અતીન્દ્રિયસ્વરૂપ એના આશ્રયથી ઇન્દ્રિયનો જય કરીને અતીન્દ્રિય પર્યાયની પ્રાપ્તિ થઈ તેને અહીંયાં દાન્ત કહેવામાં આવે છે. એ દાન્ત જીવ છે એ પ્રત્યાખ્યાન યથાર્થ રાગ અને વિકાર ને સંસારના ત્યાગયોગ્ય એ જીવ છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ઝીણું! વાત તો આ છે, ભાઈ! એણે કોઈ દિ' લક્ષમાં રખડતા ચોર્યાસીના અવતારમાં ધોખા ખાધા છે જ્યાં-ત્યાં. સાધુ થઈને મરી ગયો હેરાન. આ દયા ને આ વ્રત ને આ. વિકલ્પની જાળ, એકલી દુ:ખની જાળ એને એણે પ્રત્યાખ્યાન માન્યું. આહા..હા..! એણે પ્રત્યાખ્યાન માન્યું. એને નહિ માનવું, એને એમ બોલવું, સત્ય બોલવું, આમ કરવું, બ્રહ્મચર્ય પાળવું. એવો જે વિકલ્પ એમાં એણે સંયમ માન્યો. એનું નામ પ્રત્યાખ્યાન માન્યું. એ પ્રત્યાખ્યાન છે જ નહિ. સમજાણું કાંઈ? આ બધા દીક્ષા લેતા હશે એ આવા હશેને? દીક્ષા લે એ તો આવા જ હોય.

આ દીક્ષા નથી એટલે પછી ઓલી દીક્ષા બીજી છે. અજ્ઞાનની દીક્ષા છે. દુ:ખી થઈ ગયો દુ:ખી. અરે..! હવે આટલું પાળવું પડશે, સહન કરવું પડશે. અરે..! આટલું નહિ કરીએ તો નહિ ચાલે. લૌકિકમાં અમે પ્રતિજ્ઞા લીધી છે. લોકો શું કહેશે? એવા ભયથી અંદર રાગની આકુળતા જ છે એને તો. આહા..હા..! સમજાણું કાંઈ? દાન્ત છે. **'સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી જેણે પરમદાન્તરૂપતા પ્રાપ્ત કરી છે,...'** લ્યો, પરમ ઇન્દ્રિયદમન. અંતર અતીન્દ્રિય આનંદ પ્રગટવો એનું નામ ઇન્દ્રિયદમન કહેવામાં આવે છે. ઇન્દ્રિયનું દમન થયું તો અંદરમાં અતીન્દ્રિયનો ઉત્પાદ થયોને? સમજાણું કાંઈ? એ બે બોલનો અર્થ થયો.

'सूरस्स' **'સકળ પરિષહરૂપી મહાસુભટોને જીત્યા હોવાથી જેણે નિજશૂરગુણ પ્રાપ્ત કર્યો છે,...'** ભગવાન આત્મા **'સકળ પરિષહરૂપી મહાસુભટોને...'** પ્રતિકૂળતાના નિમિત્તને જીત્યા હોવાથી. એ તરફનું લક્ષ છોડવાથી **'જેણે નિજશૂરગુણ...'** પોતાનો વીર્યગુણ, પોતાનો પુરુષાર્થગુણ **'પ્રાપ્ત કર્યો છે,...'** પોતાની વીરતા જેણે અંદરમાંથી પ્રગટ કરી છે. સમજાણું કાંઈ? **'સકળ**

**પરિષહરૂપી મહાસુભટોને જીત્યા હોવાથી...'** એની સાથે લડાઈ કરી. ભગવાન આત્મા હું તો સર્વ પ્રતિકૂળતામાં જ્ઞાતા-દૃષ્ટા રહેનારો છું. એવો પોતામાં જ્ઞાતા-દૃષ્ટામાં રહીને, પરિષહને જીતીને પોતાનો શૂરગુણ જેણે પ્રાપ્ત કર્યો છે. પરિષહ જીત્યા તો પ્રગટ શું થયું? એમ કહે છે. ઉત્પાદ-વ્યય કહે છે. સમજાણું કાંઈ? કહે છે કે જેણે બહારની પ્રતિકૂળતા કે સ્ત્રી આદિની અનુકૂળતા. સ્ત્રીનો પરિષહ છેને એ પણ? મનથી પ્રતિકૂળતા-અનુકૂળતા, વાણીથી અને દેહ. બધી બાજુથી જેણે સમતા પ્રગટ કરી છે. સમજાણું? વીરતા પ્રગટ કરી છે. પોતાનું વીર ચૈતન્ય પ્રભુ, વીર વિશેષ વેરતી. પોતાના સ્વરૂપમાં પુરુષાર્થથી પ્રેરાઈને પોતાની વીરાગતા પ્રગટ કરી છે એવો શૂરવીર પ્રત્યાખ્યાનને યોગ્ય છે. કાયર પ્રત્યાખ્યાનને યોગ્ય નથી. અરે..! આ શું થશે? હવે શું થશે? મહામુનિપણું છે. લોઢાના ચણા મીણના દાંતે ચાવવાના છે. એવું દુઃખ છે. કહે છે કે એ કાયરથી પ્રત્યાખ્યાન થઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિજશૂરગુણ પ્રાપ્ત કર્યો છે...'** ભાષા કેવી છે? નિજ પુરુષાર્થ અંદર વીરતા પ્રગટ કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દૃષ્ટાંત આવ્યો છે. ઓલો પહેલાં પણ અમે આપતા દૃષ્ટાંત. એ દ્રૌપદીને લઈ ગયા હતાને, ભાઈ! એ દ્રૌપદીને લઈ ગયાને દેવ? એ અમરકંકા. દેવ લઈ ગયા હતા. તો દ્રૌપદી ક્યાં ગઈ? પાંડવોને ગોતવી મુશ્કેલ પડી. શ્રીકૃષ્ણને કહ્યું, અમારી રાણી ખોવાઈ ગઈ. તલાશ કરીશ. તલાશ કરી. એ નારદે બધું કર્યું હતું. નારદે કર્યું હતું બધું. એકવાર શ્રીકૃષ્ણ બેઠા હતા. કહે અરે..! નારદ! અમારી બહેન દ્રૌપદીને ક્યાંય જોઈ? તો જરી .. કહ્યું એ કાંઈક અમરકંકા દ્રૌપદી છે. હા તારા જ કામ છે આ બધા. તારું કામ લાગે છે. એમ કીધું ત્યાં ભાગી ગયો, ઉઠી ગયો. વિદ્યાધર હતાને. શ્રીકૃષ્ણને પત્તો લાગ્યો તો કહે જાવ પાંડવોને કહો. પાંડવોને કહો કે દ્રૌપદીની ખબર મળી છે. તૈયાર થઈ જાવ તમે. તમે પાંચ અને હું છ જણાએ જવાનું છે. આહા..હા..! ગયા. દરિયો મોટો દરિયો. શ્રીકૃષ્ણે દેવનું સ્મરણ કર્યું. દેવ! માર્ગ આપો. માર્ગ આપો, દરિયો ઉતરવો છે. અમરંકકા જાવું છે. સાહેબ! એમ કેમ? હું લાવી દઉં તો? દ્રૌપદીને લાવી દઉં. શું કહ્યું સમજાણું કાંઈ? અરેરે..! એ દેવ! એ દ્રૌપદીને દેવ લઈ ગયા અને તું દેવ લાવ તો અમારી વીરતા શું? સમજાણું કાંઈ? દ્રૌપદીને દેવ લઈ ગયા અને તમે દેવ લાવી આપો. એમ નથી. માર્ગ કરી દ્યો. ..ભાઈ! શું કીધું? દરિયાનો માર્ગ આપી દ્યો. બે લાખ યોજન સમુદ્ર. રસ્તો દે અમે રસ્તા ઉપર ચાલ્યા જશું. રથ ઉપર. ઓલો કહે પણ સાહેબ! બે લાખ.. કરવું આ! બીજી વાત નહિ, મૂકી દે. એ દેવ લઈ ગયો અને તું દેવ લાવ તો અમે વાસુદેવ કૃષ્ણ શેના? અમારી વીરતા એમાં (નથી), અમારી કાયરતા એમાં છે. માર્ગ આપી દે. દેવે કીધું ના પાડી. ગયા, ઉપર ગયા હતા. ત્યાં નીકળ્યા. ખબર કહેવરાવી ઓલા રાજાને. શું છે? ભક્તિ અને કાં શક્તિ. બે સિવાય ત્રીજી ચીજ નથી. કાં કર વિનય અને કાં કર લડાઈ. બીજો કોઈ ઉપાય નથી. તો લઈ ગયો માણસ ત્યાં તો આમ કહે છે. લડાઈ કરશું. કેટલા જણા આવ્યા છે? કહે છ જણા. ઓહો..! અમારી સેના તો મોટી

જબરી છે. મોટી સેના છે લાખો-કરોડોની. એ તો છ જણા છે.

શ્રીકૃષ્ણ આવ્યા, પાંડવોને પૂછ્યું, કેમ પાંડવો? શું કરીશું? તમે જાવ છો કે અમે જઈએ? સાહેબ! અમે જઈએ. આજ અમે નહિ કાં ઇ નહિ. એમ બોલ્યા. અરે..! શું બોલ્યા તમે કહે? આજ અમે નહિ કા એ નહિ. તો (પોતે નહિ એ) પહેલા આવ્યું. તારી વીરતા ક્યાં રહી? આજ અમે નહિ કાં એ નહિ. બેમાંથી એક. અમે નહિ તો પહેલું આવ્યું. નહિ જીતી શકો. સમજાણું? જાવ... જાવ... જાવ... ગયા. આવ્યા પાછા. ઓલી તો સેના મોટી. શ્રીકૃષ્ણ કહે કે જુઓ, પહેલા તો કહે લડાઈ કરવી છે? કહે સાહેબ કરવી છે. પણ કરવીમાં આમ બોલ્યાને. ગયા પાછા. શ્રીકૃષ્ણે કહ્યું આજ હું છું, આ પદ્મરાજા નહિ. એ વીરતા ઓલું પુણ્ય બોલાવે છેને. સમજાય છે? એમ આત્મામાં પુરુષાર્થ બોલાવે છે અહીંયાં. શુરવીરતા બોલાવે છે મારું રાજ છે, રાગનું રાજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હું મારી શુદ્ધપરિણતિમાં એકાકાર કરવામાં મારી જ વીરતા છે. કોઈ બીજી રાગાદિની વીરતા એમાં લાગુ પડે એવું મારામાં નથી. જુઓ, ધીરૂભાઈ! ઓલા કૃષ્ણ ત્યાં ગયા એકલા હોં એકલા. પાંચ પાંડવો જોડે ગયા. કરોડો માણસો હારી ગયા આમ શંખ ફૂંક્યો પહેલો એક આમ બસ. શંખ ફૂંક્યો. ત્યાં તો ઓલી સેના વેરવીખેર થઈ ગઈ. બીજી મૂકી હાથમાં ધનુષ્ય લીધું. ટંકાર જ્યાં કર્યો ત્યાં બીજો ભાગ. આ તે કોણ છે? ઇ કૃષ્ણ છે. લાવ દ્રૌપદીને દાસ થઈને. કાં કર લડાઈ. લડાઈ તો થઈ નહિ. થઈ રહ્યું દાસ થઈને આવ્યો. ફરીને કરીશ નહિ આવું હોં. ધ્યાન રાખજે. કર કબુલ કહે. એમ અહીંયાં શૂરવીર ભગવાન આત્મા જાગૃત થઈને કે શું થશે મારું? અરે..! કાં રાગ જીતશે અને કાં હું જીતીશ. અરે..! માળા! ધીરૂભાઈ! અહીં શૂરવીર આવ્યુંને જુઓને. શું કહે છે જુઓ **'सूरस्स'** મૂળ પાઠમાં છે. એ વીર-વીર. આહા..હા..! 'હું જાગતો આત્મા ભગવાન હું રાગને તોડીને વીતરાગ લઈશ અને અલ્પકાળમાં મોક્ષ લઈશ' એવા ધ્વનિથી ઉઠ્યા એ જીતીને જ આવે. સમજાણું કાંઈ? આ તો કહે લે અરે..! શું થાશે? આપણે ચારિત્ર લીધું. પણ હવે પળાશે કે નહિ? આમાં કોઈ કર્મનો ઉદય આકરો આવશે તો? મૂઢ છો! તું પ્રત્યાખ્યાનને લાયક નથી. સમજાણું કાંઈ? તું ચારિત્રને લાયક નથી. અહીં કહ્યુંને **'णिक्कसायस्स दंतस्स सूरस्स'** વીરનો માર્ગ છે. એ વીરના માર્ગમાં વીરતા એ પ્રત્યાખ્યાનનું કારણ છે. કાયરતા કે અરે..! આવું સંયમ આવા લોઢાના ચણા મીણના દાંતે ચાવવા. માળા પહેલીથી મોકાણ માંડી? સમજાણું કાંઈ?

**'સકળ પરિષહરૂપી મહાસુભટોને જીત્યા હોવાથી...'** ભગવાન આત્મા વીરનો ટંકાર થયો અંદરથી. કર્મ કૃશે તેને કૃષ્ણ કહીએ. સમજાણું કાંઈ? એ કર્મ એટલે રાગ-દ્વેષને કૃશી નાખે તેને કૃષ્ણ કહએ, એને આત્મા કહીએ. ભગવાન આત્મા પોતાની વીરતાએ ચડેલા સમાજ વિકલ્પના સેનાને તોડીફાડીને એકલો રાજા શ્રીકૃષ્ણ શોભે એમ આત્મા શોભે છે. એવી વીરતામાં શોભતો આત્મા તે પ્રત્યાખ્યાનને લાયક છે, સમજાણું કાંઈ? એ લાયક છે બીજો લાયક નથી. આ ચારિત્રને લાયક એ, પ્રત્યાખ્યાનને લાયક એ, ત્યાગવાલાયક એ, વૈરાગ્યને લાયક એ. આહા..હા..!

**શ્રોતા** :-... ઝણઝણાટ કરાવે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરાવે છેને? હાં. વીર-વીર. વીર્યને પ્રેરે તે વીર્ય. વીર્યને પ્રેરે તે વીર. પોતાના પુરુષાર્થને અંદરમાં એકાકાર કરીને પોતાની ગતિ-પરિણતિની વૃદ્ધિ કરે એનું નામ વીર છે. સમજાણું કાંઈ? ધીર ને વીર. ધીમાં ઇ છે બુદ્ધિ. પોતાની બુદ્ધિમાં અંદરમાં પ્રેરે એનું નામ ધીર છે, એમ વીર પુરુષાર્થથી પોતામાં પ્રેરે અંદર જાગૃત કરીને, મારું જ રાજ છે. રાગ અને કર્મનું રાજ જગતમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ? અરે..! ભાઈસાહેબ! કરીએ પણ પડી જઈએ તો? મૂર્ખ! પહેલેથી ક્યાં માંડી આ? ઇ પ્રશ્ન કરે છે પહેલા લ્યો, ચારિત્ર લઈએ પણ પડી જાય તો? પણ સાંભળ મૂર્ખ પહેલેથી આ?

અહીં કહે છે ઓહો..! જ્યાં આત્મા પૂર્ણ વીર્યની કાતળી, વીર્યની કાતળી ભગવાન. કાતળી સમજો છો? શેરડીની કાતળી હોય છેને? શેરડી નહિ શેરડી. એમાં રસ પડ્યો છેને રસ? એમ આત્મા વીર્યની કાતળી શેરડીથી ભરેલો છે. વીરરૂપી રસથી ભરેલો છે. વીરરસ... વીરરસ... એમ આવે છે શાસ્ત્રમાં. આચાર્યે પણ કામ કર્યું છેને. જુઓ, **'णिक्कसायस्स दंतस्स सूरस्स'** જેની વીરતા ઝબકી ઉઠી છે. ઝળહળ વીરતા જેમાં જાગી ઉઠી છે. જેમાં કાયરતાને અવકાશ નથી. સમજાણું કાંઈ? એ પ્રાણી ત્યાગ અને ચારિત્રને અંતર લાયક પ્રત્યાખ્યાનને યોગ્ય છે. એ દીક્ષાને યોગ્ય એ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નીરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે...'** લ્યો, ઇ **'ववसायिणो'** **'નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નીરત એવો શુદ્ધભાવ...'** ઇ વ્યવસાય. એ ધર્મીનો વ્યવસાય. વ્યવસાય શું કરો છો? પૂછતા નથી? વેપાર. શું વ્યવસાય છે? કે ભાઈ કાપડનો છે, હીરાનો છે, માણેકનો છે એમ કહે છેને? એમ ધર્માત્માને નિશ્ચયપ્રત્યાખ્યાનવાળાનો વેપાર શું? એનો વ્યવસાય-વેપાર-ધંધો શું? ... **'નિશ્ચય-પરમ-તપશ્ચરણ...'** નામ પોતાના આનંદની ઉગ્રતામાં નીરત છેને? **'રત; તત્પર; પરાયણ; લીન.'** પોતાનું પરમતપશ્ચરણ આનંદ... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદ ઉગ્ર પ્રગટ કરવામાં તત્પર. એવો શુદ્ધભાવ નિશ્ચય-પરમતપ આનંદમાં નીરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે આ એનો વ્યવસાય સંતોનો પ્રત્યાખ્યાન કરવાનો આ વ્યવસાય છે. જુગરાજજી! પૂછે છે કે નહિ? તમારો શું વ્યવસાય છે? ફલાણો શું વ્યવસાય છે? ધૂળના આ મુંબઈમાં એમ કહે કે નહિ? બધા પૂછે મોટા-મોટા આ, તમારે શું વ્યવસાય છે? કે ભાઈ અમારે સ્ટીલનું કારખાનું છે. ઓલાને શું તમારે? અમારે રેશમનું કારખાનું છે. અહીં કહે છે પ્રત્યાખ્યાનવાળાનો શું વ્યવસાય છે? કે અંતરમાં આનંદમાં લીન થવાનો શુદ્ધભાવ એ એનો વ્યવસાય છે. સમજાણું કાંઈ? આ વ્યવસાય ભાઈ કેવી જાતનો? શુભરાગનો વ્યવસાય નહિ એમ કહે છે, ભાઈ! આહા..હા..! ભારે પણ.

નિશ્ચય-પરમતપશ્ચરણ અંતર આનંદની ઉગ્રતા અતીન્દ્રિય આનંદની ઉગ્રતા તપતા-શોભતા

ભગવાન એમાં લીન એવો શુદ્ધભાવ એમાં વર્તે છે. એમ સંતો સાચા ત્યાગીનું પ્રત્યાખ્યાનનો એ વ્યવસાય છે. એ વ્યવસાયવાળાને આવું પ્રત્યાખ્યાન હોય છે, બીજાને હોતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૧૫, શનિવાર, તા.૧૮-૦૬-૧૯૬૬

## ગાથા-૧૧૦, પ્રવચન-૯૭

આલોચના અધિકાર છે. ૧૧૦મી ગાથા. જુઓ, જરી સૂક્ષ્મ તો છે પણ એને જાણવું તો પડશેને? આ આત્મા છેને આત્મા દેહમાં. એ કાંઈ શરીર, વાણી, મન આ કાંઈ આત્મા નથી, આ તો જડ છે. અંદર કર્મ છે એ જડ છે અને આત્મામાં જે કાંઈ શુભ-અશુભભાવ થાય છે રાગ એ તો વિકાર છે એટલે કે એ તો આસ્રવતત્ત્વ છે, એ નીકળી જાય એવું તત્ત્વ છે, એ કાંઈ આત્મા નથી. અને એ આત્મામાં અવસ્થા જે થાય છે અવસ્થા, પર્યાય, હાલત એ એક ક્ષણની દશા છે. અને વસ્તુ છે એ ધ્રુવ શાશ્વત છે નિત્ય-નિત્ય. આત્મા નિત્ય ધ્રુવ શાશ્વત એને અહીંયાં પરમ પારિણામિકભાવ તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વસ્તુ છેને વસ્તુ આત્મા. આ કાંઈ આત્મા છે? આ તો જડ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્મા જોયો એમાં એના બે ભાગ જોયા ભગવાને આત્મામાં હોં. રાગાદિ ભિન્ન અને શરીરાદિ ભિન્ન. એક અવસ્થા છે, હાલત બદલે અને એક કાયમ રહે છે. સદશ્યપણે, ધ્રુવપણે કાયમ રહે છે. નિત્ય છેને? ધ્રુવ છેને? શાશ્વત છેને? જેને સમયસારે જ્ઞાયકભાવ કહ્યો. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એ સત્ શાશ્વતભાવ છે. એને અહીંયાં પારિણામિકભાવ તરીકે ઓળખાવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? પારિણામિકભાવ તો જડમાં પણ હોય છે. હા એ બધા પારિણામિકભાવે વસ્તુ આ જડ છે ઇ. પણ આ જ્ઞાયકભાવરૂપ પારિણામિકભાવ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ધ્રુવ-નિત્ય. સમજાણું કાંઈ?

આ છોકરાએ જોયું હતું કે નહિ હમણા ઓલું છોડીનું? નવા આવ્યા એણે જોયુંને? ઓલું ભવનું જ્ઞાન થયું હતું ઇ. આ જુનાગઢની છોડી નહિ અહીં આવી હતી હમણા? છોડી જુનાગઢની હતી? જુનાગઢથી મરીને અહીં આવી હતી. અહીં વાંકાનેર આવી છેને? આપણે ન જોઈ પહેલી. જુઓ, આત્મા તો ઇનો ઇ છે. એને પૂછ્યું હતું છોકરાઓ હતાને. એને પૂછ્યું એલા ત્યાં ગીતા

હતી? એનું નામ ગીતા હતું. જુનાગઢમાં લુહાણાની દીકરી હતી એનું નામ ગીતા હતું. અહીં આવી એનું નામ રાજુલ પડ્યું છે. એને પૂછયું નહિ કે ગીતા ક્યાં ગઈ? કે આ રહી. ગીતા ક્યાં જાય? એ ગીતાનો જે જીવ હતો એના શરીરને ત્યાં બાળી મૂક્યું. ઓલો આત્મા હતો ઇ અહીં આવ્યો. તો આત્મા એક શરીરમાંથી બીજે, બીજામાંથી ત્રીજે એમ અનાદિ નિત્ય રહે છે. કાંઈ આત્મા નાશ થતો નથી. સમજાણું કાંઈ? એની અવસ્થાઓ બદલે, હાલત બદલે, દશા બદલે, શરીર બદલે એની અહીં અત્યારે વાત નથી. પણ વસ્તુ તરીકે ત્રિકાળ ધ્રુવ અનાદિ-અનંત નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... છે. એવા અનંતા ખોળીયા શરીરના બદલાવ્યા, પણ આત્મા કાંઈ એનો ભેગો બદલીને ભળી જતો નથી.

અહીં તો હવે કહે છે ભગવાન આ આત્મા જે ધ્રુવ નિત્ય-નિત્ય ચિદાનંદસ્વરૂપ જાણનાર-જાણનાર કાયમ રહેનારું તત્ત્વ. એ કેવું છે? કે '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...**' ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સત્... સત્... સત્... એ એવું સ્વરૂપ છે આત્માનું કે સમસ્ત કર્મરૂપી ઝેરના વૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે. એટલે કે એમાં ઇ છે નહિ. ધ્રુવ ચિદ્‌ઘન, ચિદ્‌મૂર્તિ ધ્રુવ. નિત્ય, નિત્ય, શાશ્વત કહો, ધ્રુવ કહો, નિત્ય કહો, પરમભાવે જ્ઞાયક કહો. ધ્રુવ અનાદિ-અનંત એ કાળની અપેક્ષાએ કહ્યું, પણ વસ્તુ ધ્રુવ કાયમ છે અંદર એનો આશ્રય કરવાથી ધર્મ થાય છે. સમજાણું કાંઈ? શાંતિ જોતી હોય અને ધર્મ જોતો હોય તો એ વસ્તુ ત્રિકાળ ધ્રુવ ચિદાનંદ આત્મા છે એને આશ્રયે ધર્મ થાય. તેથી કહે છે કે એ ચીજ કેવી છે? કે બધા કર્મરૂપી ઝેરના વૃક્ષના, ઝેરના વૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ બધા ઝેરના ઝાડ. ભગવાન આત્મા અમૃતનો કરંડીયો આત્મા. આત્મામાં એકલા આનંદના આદિ ચૈતન્યરત્ન ભર્યા છે. સમજાણું કાંઈ? રત્નદીપ નથી આવતું? ઉપમા હશેને આમાં? યોગસારમાં. નવ દાખલા આવશેને નહિ? રત્નદીપના દાખલા આપ્યા છે. રત્ન જેવો આત્મા છે, દીપ જેવો આત્મા છે. બધા નવ દાખલા આપ્યા છે. યોગસારમાં આવ્યા છેને? રત્ન... રત્ન... રત્ન... વસ્તુ એ પત્થર રત્ન છે બીજા, આ ચૈતન્યરત્ન છે. આહા..હા..! જાણનાર જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યરત્ન એવો સર્વજ્ઞસ્વભાવી. એટલે કે જેનું જ્ઞાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવું જે સ્વરૂપ ત્રિકાળી આ આત્માનું એ વિષના ઝાડને ઉખેડીને અભાવ કરે એવી એનામાં તાકાત છે. અથવા એનામાં ઇ છે નહિ. સમજાણું કાંઈ?

'**ત્રિકાળ-નિરાવરણ,...**' વસ્તુ જે છે ધ્રુવ સત્... સત્... સત્... સત્... પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે આત્મા જે ધ્રુવ જોયો એ તો ત્રિકાળ છે. એને અહીંયાં ત્રિકાળ નિરાવરણ કહ્યો છે. એને આવરણ છે? વસ્તુને આવરણ હોય? આ વસ્તુને આવરણ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. વસ્તુ જે સત્... સત્... સત્... અનાદિ ધ્રુવ નિરાવરણ '**નિજકારણપરમાત્મા...**' એવો જે કારણપરમાત્મા પોતે સ્વરૂપે ધ્રુવ જે છે, જેની વર્તમાન દશામાં ભલે હાલતમાં અલ્પજ્ઞપણું,

અલ્પદર્શીપણું, રાગાદિ હો, પણ વસ્તુ છે એ તો ત્રિકાળ શુદ્ધ અને નિરાવરણ છે. એવા '**નિજ કારણપરમાત્મા...**' પોતાનો ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદસ્વરૂપ, સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવાને જોયો અને પ્રગટ કર્યો સમજાણું કાંઈ? એવો આત્મા. એવા આત્માના '**સ્વરૂપની શ્રદ્ધા...**' એવો આત્મા એના સ્વરૂપની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? ધ્રુવ એની અંતર શ્રદ્ધા. શરીર, વાણી, મન જુદાં રહી ગયા, આસ્રવ, પુણ્ય-પાપના ભાવ જુદાં, અલ્પજ્ઞ પર્યાય એ વ્યવહારમાં ગઈ. પૂર્ણાનંદ એક સ્વરૂપે અખંડ ધ્રુવ આત્મા છે નિત્ય. અનેક વિકલ્પો બદલ્યા, અનેક શરીરો બદલ્યા, અનેક અવસ્થાઓ બદલી છતાં વસ્તુ તરીકે તો ધ્રુવ શાશ્વત છે. સમજાણું કાંઈ? એવા શાશ્વત ભગવાન નિજ આત્મા એની શ્રદ્ધા, એના સ્વરૂપની શ્રદ્ધા. સમજાણું કાંઈ? એ સ્વરૂપમાં શ્રદ્ધાગુણ તો પડ્યો છે. અહીં પ્રગટરૂપ એવા સ્વરૂપની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

એનાથી '**પ્રતિપક્ષ...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસૂર્ય, ચૈતન્યસૂર્ય. ભગવાન અંદર ચૈતન્યનો સૂર્ય. સમજાણું કાંઈ? નહોતું કહ્યું આ જામનગરનો ઓલો છોકરો નહિ? સાત વર્ષનો છોકરો છેને એક. અત્યારે દસ વર્ષ થયા. તે દિ' સાત વર્ષ (ત્રણ વર્ષ) પહેલા પ્રશ્ન કર્યો હતો એણે. સાત વર્ષનો છોકરો. કે મહારાજ! તમે આત્મા-આત્મા કરો છો, પણ ઇ આત્મા આંખ મીંચીએ તો દેખાતો નથી. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. આત્મા આવો મોટો અંદર છે, પણ આંખ મીંચીએ તો અંધારું દેખાય છે, બહારમાં દેખાતું નથી. તો આત્મા ક્યાં હશે? સમજાણું? સાત વર્ષના છોકરાએ પૂછ્યું.

**શ્રોતા** :- એના મનમાં આવ્યું તો એણે કહી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને એમ કે ખુલ્લું કર્યું. બીજાને અંદર ગુપ્ત હશે. પ્રવિણભાઈ! એ સાત વર્ષનો છોકરો. હમણા દસ વર્ષનો થયો. ત્યાં આવ્યો. રાજકોટ આવ્યો હતો. ત્યાં અમે ગયા. ત્યાં બીજા પ્રશ્ન કર્યા. બધા ઘણા પ્રશ્ન કર્યા હોં. આ આમાં (આત્મસિદ્ધિમાં) ૧૯મી ગાથામાં 'કેવળી છદ્મસ્થનો વિનય કરે' એ કેમ હોય? એવા બધા પ્રશ્ન કર્યા. અત્યારે દસ વર્ષનો છે. આમાં તમે આત્મા કહો છો તો આત્મા ક્યાં દેખાય? અમને તો અંધારું દેખાય છે લ્યો. અહીં કહે છે ઇ તો ચૈતન્યસૂર્ય આત્મા છે અંદર. પણ જે અંધારું દેખાય છે કીધું, ભાઈ! એ અંધારું દેખાય છે ઇ શેમાં દેખાય છે? અંધારામાં દેખાય કે પ્રકાશમાં દેખાય? એ ચૈતન્યના પ્રકાશમાં દેખાય છે કે અંધારું છે. સમજાણું કાંઈ? ચૈતન્યનો પ્રકાશ છે અસ્તિ, મોજુદગી, હયાતી, સત્ હોવાપણે. ચૈતન્યના પ્રકાશમાં આ અંધારું એમ દેખાય છે. એ ચૈતન્ય પ્રકાશ તે અંધારારૂપે નથી. એ પ્રકાશમાં દેખાય એ તો એક સમયની દશા છે. જેમાં અંધારું દેખાય છે કે આ અંધારું. એ એની વર્તમાન જ્ઞાનની દશામાં દેખાય છે. એ તો એક સમયની દશા છે. આખી ચીજ તો એકલો ચૈતન્યસૂર્ય છે. આહા..હા..! આ બધી ચોપડીયું ભણવા કે દિ' ગયો છે? ભણ્યો જ નથી. આ સંસારના ભણી-ભણીને હેરાન થઈ ગયો

હેરાન.

ભગવાન કહે છે આ આત્મા ચૈતન્યસૂર્ય અંદર છે, પ્રકાશની વર્તમાન પર્યાય પ્રગટ છે એ તો અવસ્થા છે, વર્તમાન અંશ દશા છે. પણ એની પાછળ સત્ કાયમ રહેનારું તત્ત્વ, તેને અહીંયાં ધ્રુવ સ્વરૂપ અને કારણપરમાત્મા કહે છે, એની શ્રદ્ધા તેને સમકિત કહે છે. એનાથી વિરૂદ્ધ '**તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે...**' પણ જેને મિથ્યાભ્રમણા છે. વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત બિરાજમાન તત્ત્વ છે. એની શ્રદ્ધાની જેને ખબર નથી. એવા '**મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને...**' મિથ્યાદૃષ્ટિને '**સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જ છે...**' શું કહે છે? ભગવાન આત્મા શાશ્વત વસ્તુ ધ્રુવ છે પરમસ્વભાવથી ભરેલું ત્રિકાળ, પણ જેની દૃષ્ટિની વિપરીતતા છે (એને) એ ચીજ છે એની ખબર નથી. એ ચીજ છે ભગવાન આત્મા અનાદિ છે એની ખબર નથી. ખબર નથી એવી કુદૃષ્ટિને તો છે છતાં એને તો નથી. જુઓ, છે? '**વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જ છે...**' કેમકે વસ્તુ છે પણ એની દૃષ્ટિના વિષયની ખબર નથી. આ કોણ છે? કેમ છે? ચૈતન્ય કોણ છું? એવી જેને ખબર નથી એવા વિપરીત માન્યતાવાળાને એ ધ્રુવ વસ્તુ હોવા છતાં દૃષ્ટિની વિપર્યાસને કારણે તેને તો હોવા છતાં નથી. કહો, જમભાઈ! ઘરમાં લક્ષ્મી પડી છે, પણ લક્ષ્મી વાપરવામાં કામ આવતી નથી તો એને લક્ષ્મી છે કે નથી? છે ઇ નથી જ એને માટે તો. બરાબર હશે? લક્ષ્મી જેને છે, હવે ઇ વાપરવામાં કામ ન આવે તો લક્ષ્મી કહો કે કાંકરા કહો નદીના. એને માટે તો સરખું છે. એમ આ આત્મા અંદર જ્ઞાનાનંદ અનાદિ-અનંત છે. એવી જેને દૃષ્ટિ નથી અને જેની દૃષ્ટિમાં રાગ અને શરીર અને આ હું છું... આ હું છું... આ હું છું... પુણ્ય-પાપ હું છું, શરીર હું છું, વાણી હું છું, મન. એવું જેની માન્યતામાં છે એને વસ્તુ તો ત્રિકાળ વિદ્યમાન છે, છતી ચીજ છે, પણ વિપરીત દૃષ્ટિને લઈને છતી એને માટે તો અછતી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ભલે વાપરે નહિ, પણ હૂંફ તો આપેને!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હૂંફ શું .. ધૂળ હૂંફ હોય? એને છતા અછતાં જ છે. એ છોકરાના રાખવા માટે જન્મ્યો હોય ઇ. સમજાય છે? છોકરાનો નોકર હોય ઇ. રક્ષણ કરીને. એને માટે તો કાંઈ ન મળે. એને તો આ રોટલા ખાઈ અને લૂગડા પહેરીને મરી જવાનો. પ્રવિણભાઈ! કહો, સાચી વાત છે?

**શ્રોતા** :- લક્ષ્મીનો ઉપયોગ કરતો નથી તો એને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ આ ભગવાન આત્મા અંતર વસ્તુ છે પદાર્થ છે, અનાદિ-અનંત શાશ્વત નિત્ય છે. એ કાંઈ કોઈ કરે આત્માને? આત્મા કોઈથી થાય? ઓલા બત્રીસ બોલમાં લીધું છે. નથી? મારો કોઈ કર્તા નથી, હું કોઈનો કર્તા નથી. નહિ? બત્રીસ બોલ છોકરાઓને શીખવ્યા હતા. નાના ભણવા આવ્યા હતાને હમણા? બસ્સોમાં થોડા છોકરા હતા ૨૫, ૩૦, ૪૦. બત્રીસ

બોલ શીખવ્યા હતા એને ચીમનભાઈએ. મારો કોઈ કર્તા નથી, હું ત્રિકાળ છું, હું જ્ઞાનથી ભરેલો છું, સુખનો હું દરિયો છું. અંદર સુખનો દરિયો અને જ્ઞાનનો ભંડાર. પણ ક્યાં ભગવાન જાણે કોને શું? આ છે... આ છે... આ શરીર છે, વાણી છે, રાગ છે, પુણ્ય છે, બહુ તો એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા. એવી માન્યતાવાળાને એ કુદષ્ટિ છે. એને આખું તત્ત્વ વિદ્યમાન ચિદાનંદ ધ્રુવ અનાદિ-અનંત હોવા છતાં એને માટે તો અભાવરૂપે છે. ભાવરૂપે હોવા છતાં કુદષ્ટિને વિપરીત એટલે એના તરફના વલણની દષ્ટિ વિના પરતરફના વલણવાળી દષ્ટિવંતને સ્વતરફનું સ્વરૂપ શું છે ઇ છે છતાં એને તો નથી. કહો, બરાબર હશે કે નહિ?

અંદર આત્મા આ તો શરીર, માટી એ તો બદલાઈ જાય છે ઘણા. નાશ થઈ જાય કે નહિ? કર્મ અંદર છે એ નાશ થઈ જાય છે. પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ ક્ષણિક છે, નવા થાય છે, જૂના થાય, નવા થાય જૂના જાય, એ કાંઈ કાયમની ચીજ નથી. તો એના જાણવાની અવસ્થા છે વિકારની લ્યોને. એ વિકારને એ પણ પરસન્મુખની અવસ્થા એ ક્ષણિક છે. અકરાયેલ, અનાશ, સ્વભાવથી પરિપૂર્ણ એક શાશ્વત વસ્તુ. એને જેને અંતર આ વસ્તુ છે એમ જેને શ્રદ્ધા નથી, એની શ્રદ્ધામાં તો એ અવસ્થા રાગ અને આ મોજુદગી-હયાતી હોય તો એટલી છે. આ અવસ્થા, રાગ, શરીર આ દેહ. એટલી હયાતી માનનાર કુદષ્ટિને આવો ત્રિકાળ હોવા છતાં એને માટે તો અભાવ છે. કહો, સમજાણું કે નહિ આમાં? એમાં નાખ્યું શું? કે એ ભગવાન પૂર્ણ સ્વરૂપ એની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. અને એનાથી વિરૂદ્ધ જેની દષ્ટિ છે એક અવસ્થા રાગ ને નિમિત્ત અને આટલાનો સ્વીકાર છે એ કુદષ્ટિને એટલો જ આત્મા છે. ત્રિકાળ વિદ્યમાન શાશ્વત આત્મા એને માટે તો અવિદ્યમાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કાયમ ચૈતન્યબિંબ ધ્રુવ સત્ શાશ્વત જ્ઞાયક એની જેને અંતરમાં સન્મુખની દષ્ટિ નથી, એને તો પરસન્મુખની અવસ્થા રાગ અને નિમિત્ત ઉપરના આસ્થાની શ્રદ્ધા છે. એને અંતરમાં 'આ વસ્તુ નિઃશંક પરમસ્વભાવ છે' એવી એને પ્રતીતની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો કહે છે કે વિદ્યમાન છતો પદાર્થ હોવા છતાં શ્રદ્ધાના વિષયમાં આવ્યો નથી. સમજાય છે કે નહિ આમાં? શ્રદ્ધાના વિષયમાં આ ચીજ એમ વિષયમાં આવ્યો નથી. એટલે એની શ્રદ્ધામાં વિપરીતમાં તો બસ અલ્પજ્ઞપણું આ.. આ.. આ.. બસ આ નભીએ છીએ, ટકીએ છીએ આ બધું આ છે એટલો હું. એટલે એને અજ્ઞાનીને તો, કુદષ્ટિવંતને તો છતો પદાર્થ હોવા છતાં એને માટે અછતો છે. સમજાણું કાંઈ? થોડી ગરમી હોય એ સહન કરવી જોઈએ. નરકમાં ગયા ત્યારે એટલી ગરમી હતી કે એણે સહન કરી અને મરી ગયો તો મરી ન ગયો માળો. પહેલી નરકે ગયોને પહેલી નરકે હોં. આ (આત્મા) શાશ્વત છેને? ત્યાં ગયો તો એવી ગરમી... એવી ગરમી... કે આ ગરમીથી તો અનંતગુણી, એની ગરમીનો કણ જો અહીં લાવે આસપાસ દસ-દસ હજાર ગાઉના માણસો મરી જાય એની ગરમીના આતાપથી. આહા..હા..! એણે એવા અનંતવાર. આત્મા નિત્ય છે એને

અનંતવાર સહન કર્યા છે એવા અજ્ઞાનભાવે, મૂઢભાવે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં થોડીક જરી ગરમી હોય તો કહે બસ (શાતા) થાવ. હવા હોય તો ઠીક. કહો, મોનહભાઈ!

કહે છે કે પ્રતિકૂળતા અને અનુકૂળતાનું લક્ષ કરેલો વિકાર જેના લક્ષે ઉત્પન્ન ન થાય એવી આ ચીજની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહો, લક્ષ્મીચંદજી! સમજાય છે કે નહિ ગુજરાતી? ઠીક. આહા..હા..! જુઓને આ બે ડબા ભટકાણાને અહીંયાં માટુંગા મુંબઈ. બાયુ મરી ગઈ, છોકરા મરી ગયા. પાંચ, દસ મિનિટ પછી નીકળ્યા હશે આમ જોવા. એને એમ થયું કે અરરર...! આ! બે રેલના ડબા અથડાણાને માટુંગા. આહા..હા..! પણ આહા..હા..! એવા તારે અનંતવાર એવું થઈ ગયું છે. ભાઈ! તું આત્મા અનાદિનો છો, ભાઈ! તને ખબર નથી. આવું તો અનંતવાર થયું છે અને તે પણ એ ચોવીસ કલાક વાત રહેતી. હિંમતભાઈ કહેતા કે ચોવીસ કલાક વાત રહી, પછી બીજે દિ' ભૂલી ગયા બધા. સમજાણું કાંઈ? એ સિવાય તો મોટો આથી આકરો થયો હતો. ૬૬ની સાલમાં ઇટોલામાં મોટો અકસ્માત. ઇટોલા છેને પાલેજ પાસે મોટો થયો હતો ભાઈ નહિ? મોટો તાકડે. અને હું હતો દેશમાં તાકડે તે દિ'. એ જે દિ' થયો તે દિ' બીજે દિવસે નીકળેલો હું રેલમાં પાલેજ જવા. આમ હળ.. હળ.. હળ... સળગતું હતું બધું ઇટોલાના સ્ટેશનમાં. લોકો એટલું કે આહા..હા..! આ મરી ગયા? આ થઈ ગયું? આહા..હા..! માણસો હજી તો બળતા હતા. કોણ કાઢવા જાય ત્યાં આ ડબા સળગતા હતા. ભટકાણા હતા બે ડબા બે બાજુ છેને આમ પાટા બે છે. જવા-આવવાના પાટા બે છે ત્યાં. એ ભૂલી ગયો ઓલો પાટા બે ભટકાણા વચમાં. ઇટોલાના સ્ટેશનમાં હોં લગભગ થોડું છેટું. હળહળ ડબા બળે આમ જોયા નજરે હળ-હળ બળતા હતા. માણસો, ડબાઓ આહા..હા..! પણ એવી અગ્નિમાં અનંતવાર આવી ગયો છો તું. તને ખબર નથી, (તું) અનાદિનો છો. આ અનાદિના તત્ત્વ ઉપર નજર પડ્યા વિના તને તારું અનાદિ હોવા છતાં તારે માટે અનાદિ નથી. આહા..હા..! તારે માટે આટલું બસ એમ. આ વેદન થયું.. આ થયું.. આ આ થયું. આ થયું, આ આટલો થયો, રાગ થયો, દ્વેષ થયો, આટલો થયો, એને જોનારું જ્ઞાન એટલો છું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાદિ-અનંત ભગવાન આત્મા છે. સર્વજ્ઞ પરમેશ્વરે અનંત આત્માને, અનંત આત્માને તીર્થંકરદેવે ધ્રુવ જોયા છે. એવો ભગવાન શાશ્વત જ્ઞાયક ધ્રુવ કહે છે કે જેને એ ધ્રુવની દૃષ્ટિ નથી અને જેને અધ્રુવની દૃષ્ટિ બીજી ભાષાએ આ કુદૃષ્ટિનો અર્થ ઇ છે, ભાઈ! આહા..હા..! જેને એ વર્તમાન ઉઘાડની દશા રાગ અને આમ લાંબો જાય તો આ... આ... આ... આ... આ... આ... દુ:ખ-સુખના સંયોગો અને આ બધું. એટલી જેને અંતર અશાશ્વત અને ક્ષણિક અવસ્થા વિકાર કે સંયોગ એટલાનો જે સ્વીકાર કરે છે એ આખો કુદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એને તો કહે છે કે આવો અંદર છતો ધ્રુવ બિરાજમાન પ્રભુ, પરમ સ્વભાવનો નાથ પૂર્ણાનંદ ધ્રુવ શાશ્વત આત્મા છે. એ શાશ્વતની નજર નથી અને ક્ષણિક

અશાશ્વતની પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, રાગબુદ્ધિ, સંયોગબુદ્ધિ એવા કુદૃષ્ટિને આવી ચીજ વિદ્યમાન હોવા છતાં એને માટે તો નથી. વિદ્યમાન સમજાય છે? હોવાપણું. હોવાપણે શાશ્વત હોવા છતાં એવી જે દૃષ્ટિ અલ્પજ્ઞ આ પર્યાય રાગાદિને સ્વીકારનાર હોવાપણે ત્રિકાળ હોવા છતાં એને માટે તો અહોવાપણું છે. છે જ નહિ. આ છે. કહો, સમજાણું કાંઈ? પાંચ, દસ લાખ આવ્યા અને લૂંટાણા. અરે..! લૂંટાઈ ગયા. આવ્યા તો અરે..! આ બધી દૃષ્ટિ જ અજ્ઞાની વર્તમાન ઉપર છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં છોકરા પાંચ-સાત આમ પાક્યા સરખા. સરખા એટલે પેદા કરે એવા હુશિયાર કહેવાતા હોય દુનિયાની દૃષ્ટિએ. આહા..હા..! બસ આ જ છે? આ જ છે. છે કાંઈ બીજી કોઈ ચીજ? સાત ભાઈઓ છે. આઠ છોને? કહો આઠ ભાઈઓ, ઓલા આઠ ભાઈ, કોઈ બાર ભાઈ છે. બારભાયા છેને? .. પાળિયાદમાં બારભાયા. યોદ્ધા જેવા બાર હોય તો એના બાપને એમ લાગે કે આહા..હા..! પણ ક્યાં તારી ચીજ? ક્યાં એ તું છો એમાં?

જેને આખો શાશ્વત ભગવાન આત્મા શ્રદ્ધામાં જેણે વિષય બનાવ્યો નથી. એવા કુશ્રદ્ધાવાનને વર્તમાન દશા ને સંયોગ ને રાગ એ જ જેનો વિષય છે એટલાનો એ સ્વીકાર કરનાર એ ત્રિકાળનો સ્વીકાર કરતો નથી. સમજાણું કાંઈ? એ ત્રિકાળી રહ્યો છતાં એને માટે તો નથી. આહા..હા..! કહો, આ તો સમજાય એવું છે કે નહિ? (શ્રોતા :- બાળકને સમજાય એવી રીતે સમજાવો છો!)

'**(કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી).**' જુઓ, આહા..હા..! જ્યાં શાશ્વતબિંબ ચૈતન્ય પ્રભુ ધ્રુવ જ્યાં શાશ્વત છે એની એને શ્રદ્ધા નથી. નજર પડતી નથી, નજર જાતી નથી, નજર કરતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં વળી પૈસા મળ્યા હોય, એમાં બાયડી, છોકરા સરખા હોય, એમાં આબરૂ સરખી હોય, ધૂળ સરખી હોય. થઈ રહ્યું, આપણે આ બધું છીએ. કહો, હરીભાઈ!

**શ્રોતા** :- એ બધાય પરમભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરમભાવ છે? નિહાલભાઈ! એમ કે એ તો બધો પરમભાવ એને ઇ છે. આહા..હા..! એ ઠીક કહે છે હળવે-હળવે. આ પરમભાવ ક્યાં રહી ગયો અંદર. આહા..હા..! ચૈતન્યનું તેજ જેનું સ્વરૂપ છે. ચૈતન્યનું પૂર જેનો સ્વભાવ છે એવો ધ્રુવ ભગવાન આત્મા એમ ને એમ ચાલ્યો આવે અનાદિથી. એવા ભગવાન આત્માની છતી શક્તિનું તત્ત્વ તેને જે શ્રદ્ધામાં લેતો નથી. તેને તો તેની શ્રદ્ધામાં આ વિદ્યમાન હોવાવાળું, હોવા છતાં એને માટે હોવાવાળો એ નથી. એને માટે હોવાવાળી આ વર્તમાન દશા રાગ, દ્વેષ અને સંયોગ. સમજાણું કાંઈ? આહા..હા..! જરીક રાગ આવ્યોને શુભ ત્યાં તો કહે આહા..હા..! આપણે તો ઘણું કર્યું. જરી દાન, દયાના, ભક્તિના પરિણામ અમુક થયાને તો કહે આહા..હા..! પણ ઇ વસ્તુમાં જ નથી, તને શ્રદ્ધાની જ ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય આખો પરમસ્વભાવ ભગવાન. એને વિષય ન કરીને આ શ્રદ્ધામાં

આ બધા વિષયો ધ્યેય કરીને પડ્યો એને છતી ચીજ તે એને માટે તો અછતી છે. આહા..હા..! કહો, હરીભાઈ! બરાબર છે કે નહિ આમાં? ભારે ભાઈ! આહા..હા..! કેમકે શ્રદ્ધા મિથ્યા છે. મિથ્યા એટલે કે પૂર્ણ પરમાત્મ પોતાનું શુદ્ધ ધ્રુવસ્વરૂપ છે એનું સમ્યક્પણું જેવું છે એવો જ એનો અંતર વિષય કરીને દૃષ્ટિ થઈ નથી એને તો આ વસ્તુ છે જ નહિ. એને તો આ છે... આ છે... આ છે. કારણ કે જ્ઞાનનો ક્ષયોપશમ થોડો થયો હોય વધ્યો. બસ, આહા..હા..! પૈસા-બૈસા, બાયડી-છોકરા મળ્યા એ તો વળી બહુ મૂઢ મોટો. પણ અહીં તો એક રાગ થયો જ્યાં શુભ અને એમ કહે આહા..હા..! પણ એ વસ્તુ શું આહા..હા..! એમાં ક્યાં શાશ્વત વસ્તુ આવી હતી? અને કાંઈક જ્ઞાનનો ક્ષયોપશમ થયો થોડો ઉઘાડ. વસ્તુના સ્વસ્વભાવના વિષયની શ્રદ્ધા કર્યા વિના. સમજાણું કાંઈ? કાંઈ અંતર વીર્યની, પુરુષાર્થની ઉગ્રતા થોડી દેખી. આમ કરીએ... આમ કરીએ... આમ કરીએ... એને જ જેણે કુદૃષ્ટિએ વિષય શ્રદ્ધામાં એણે લીધો છે, એમાં અહંપણું જેણે માન્યું છે, શું કીધું સમજાણું કાંઈ? આ પંડિતાઈ અને મૂર્ખાઈ એવી જે આત્માની વર્તમાન પ્રગટદશા એને જેણે અહંપણે માન્યું એ કુદૃષ્ટિને ત્રિકાળ શાશ્વત વસ્તુ છતી છતાં એને શ્રદ્ધામાં નથી. સમજાણું કાંઈ? એ તો પરલક્ષી એની ખરી પર્યાય નથી. અહીં તો છતો ભગવાન આમ બિરાજે એને અછતી ચીજ જે ક્ષણિક છે. બસ, આહા..હા..!

**શ્રોતા** :- છતાને અછતો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છતાને અછતો અને અછતાને છતો. અહીં કહ્યું હતુંને, ... લ્યો. ... આત્માનું સ્વરૂપ છે એને એ રીતે ન માનતા આળ આપે છે કે આવો નહિ... આવો નહિ... એ પરને આળ આપે છે. અનંતા આત્માની સત્તાનો સ્વીકાર કરતો નથી અને પર જે વસ્તુ છતી છે, સાચી છે એને ખોટી ઠરાવવા માગે એ પોતે જ ખોટી ઠરી જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એ '**નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ...**' શું કહે છે? આ લીલ-ફુગ, બટાટા, શક્કરકંદ, આલુ. આલુમાં ગયુંને બટાટા? આ મૂળા, લસણ, ડુંગળી એની એક કણીમાં અનંતા જીવ. શું કીધું? ગાજર. કોણે કીધું એ. આ વિદ્યાર્થી બોલ્યો. ગાજર. આ ગાજર ખાય છેને આવડા-આવડા લાલ ફર્સ્ટક્લાસ. એ બધામાં એક કટકીમાં અનંતા જીવ છે. સમજાણું કાંઈ? બટાટાની કટકી, લસણની, આ ડુંગળીની. આ ડુંગળીની કળીયું તેલમાં તળીને ખાય છેને ઘીમાં તળીને? ડુંગળીના દડા. ડુંગળી સમજો છો? પ્યાજ-પ્યાજ. ગરીબની ડુંગળી કસ્તુરી એમ લોકો કહે. આ ડુંગળીને કહે છે ખરેખર. ખરેખર ડુંગળીને કહે છે. લસણ નથી. ડુંગળી એ ગરીબની કસ્તુરી! બહુ ઉંચી. લસણ કરતા પણ ઉંચી. ગરમી બહુ અને લસણ તો.. ડુંગળીને કાપતા હોય ને આંખમાંથી પાણી નીકળે. એકવાર જોયું હતું. સમજાય છેને. જિંદગીમાં. કાપેને ડુંગળીને કાપેને આમ શાક કરવું હોય તો.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના કોકે કહ્યું. હું નાની ઉંમરનો હતો તો ઇ ખાતા હતા તો કહ્યું જરી આ .. નાખજો. બહુ નાની ઉંમરના વાત છે. આમ .. અરર..! કીધું ઈ? ગરમી... ગરમી... ગરમી... વડીલ હતા. બીજાના ઘરની વાત છે હોં. અમારા ઘરની આ વાત નથી. બીજા ઘરની.

**શ્રોતા** :- વૈષ્ણવ હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હતા તો જૈન પણ ઠેકાણું નહોતું કાંઈ. ખાવા-બાવાનું ઠેકાણું નહોતું. એય..! ભગવાનભાઈ! આહા..હા..! ડુંગળી ખાતા. જાદવજી મૂળજી ડુંગળી ખાતા. પૂછો એને ખબર છે. એક ફેરી કાંઈ કાનમાં આવીને જરી કીધેલું. ઓલો નાની ઉંમરનો હતોને. ૫૯ સાલની વાત છે. ૧૩ વર્ષની ઉંમરની વાત છે. આપણે તો કોઈ દિ' ડુંગળી ખાધી નહિ ને .. આમ કાપે ત્યાં પાણી. બહુ ગરમ. બહુ ગરમ લસણ કરતા. સમજાણું? એમાં અનંતા જીવ છે. એ ડુંગળીની એક કટકી આટલી લ્યો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી પરમાત્મા સિદ્ધ ભગવાન નમો સિદ્ધાણં થયા એના કરતા અનંતગુણા જીવ, સિદ્ધ કરતા અનંતગુણા એક શરીરમાં છે. સમજાણું કાંઈ? આ બટાટાને બધા કટકા કરીને ઘીમાં તળીને કેવા સારા લાગે શું કહેવાય એને? પતરી-પતરી. શું કહ્યો તમે? કાતરી. પતરી કરે પાતળી આમ. ઘીમાં સોસરવી કરીને આમ કડ... કડ... કડ... લાગે. એય..! છગનભાઈ!

**શ્રોતા** :- વેફર કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આપણે (પતરી કહે છે). આહા..હા..! જેની એક કટકીમાં અનંતા આત્માઓ છે. એની અહીં વાત કરે છે. એ નિત્યનિગોદના જીવ પણ શુદ્ધનિશ્ચયથી તો એવા ધ્રુવસ્વભાવથી ભરેલા જ છે. સમજાણું કાંઈ? એ નિત્યનિગોદ.. અહીં તો વળી નિત્યનિગોદ લીધા. હજી કોઈ દિ' ત્રસ થયા નથી. આહા..હા..! એટલા જીવો છે. નિગોદના ભગવાન કેવળજ્ઞાની પ્રભુએ કહ્યું. તીર્થંકરદેવ ભગવાને જોયું અને ભગવાને કહ્યું કે એટલા નિગોદના જીવ છે કે હજી અત્યાર સુધી કોઈ ત્રસ થયા નથી. કેવળ થયા નથી એટલા જીવ એમાં પડ્યા છે અનંતા. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં ઉત્કૃષ્ટ વાત લીધી છેને નિત્યનિગોદની! આહા..હા..!

**'નિત્યનિગોદના જીવોને પણ...'** એ નિત્યનિગોદના જીવો કોઈ દિ' ત્રસ નહિ થાય, ઇયળ નહિ થાય, માણસ નહિ થાય. થયા નથી અને થશે નહિ એવા નિત્યનિગોદમાં પડ્યા છે જીવો. સમજાણું કાંઈ? અત્યાર સુધી તો થયા નથી પણ ભવિષ્યમાં નહિ થાય એવા નિત્યનિગોદ પડ્યા છે. કોઈ દિ' ઇયળ નહિ થાય. ત્યાં ને ત્યાં કુટાવ્યા છે. આહા..હા..! ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુએ એક સમયમાં ત્રણકાળ જોયા, એમાં આવા જીવો નિગોદના જોયા છે. સમજાણું કાંઈ? એમાં ગરી ગયા ક્યાં જીવ? એય..! પોપટભાઈ! એમાં જીવ ગરી ગયા? ભાઈએ એમ કીધું હતું.

**શ્રોતા** :- એમાં જીવ ન હોય તો ક્યાં હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ! પૈસાવાળા માણસ. ૪૦-૪૦ કરોડ રૂપિયા આવે એને તે હવે અહીં બટાટામાં જીવ છે એ માનવાનું શું કામ છે એને? આ જીવતું જીવન મોટું. એય..! બટાટા આપ્યા ખાવા. આ કહે કે એમાં જીવ છે. ત્યાં ક્યાં ગરી ગયા જીવ કહે? આહા..હા..! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ બટાટા, શક્કરકંદ, મૂળા અને આ કાંદા, આ લસણ, ડુંગળી એમાં અનંતા આત્માઓ છે, એમ ભગવાન તીર્થંકરદેવે કહ્યું છે, જોયું છે, જાણ્યું છે અને કહ્યું છે. આહા..હા..! પણ આંખુ ઓડે વઈ જાય. પૈસા લાખ-લાખની પેદાશું દરરોજની. હવે બીજું લક્ષ ક્યાં કરવાનું રહ્યું હવે? મરી જવાનું છેને એમાં તો હવે એને? જીવતો ભગવાન આત્મા એ નિગોદમાં અનંતા આત્માઓ ચૈતન્ય પ્રભુ બિરાજે છે. આહા..હા..! કહે છે, એના આત્મામાં પણ પરમભાવ વિદ્યમાન છે. શુદ્ધનિશ્ચયથી જોઈએ એનું શરીર નહિ, એના કર્મ નહિ, એના વિકાર નહિ, એની એક સમયની અવસ્થા નહિ, પણ એની ચીજ જોઈએ નિગોદનું ધ્રુવ તો '**શુદ્ધનિશ્ચયનથી તે પરમભાવ અભવ્યત્વપારિણામિક એવા નામ સહિત નથી...**' એ પરમભાવ કાંઈ અશુદ્ધ છે એમ નથી. શુદ્ધ છે. નિગોદના જીવના પારિણામિક શુદ્ધ છે. અહીં કહે છે કે કોઈ દિ' ઇયળ નહિ થાય. કહો, એનો ભાવ આવો કાંઈ અશુદ્ધ હશે કે નહિ? શું કીધું સમજાણું આમાં? અરે..! સમ્યગ્દર્શન નહિ પામે એ તો એકકોર રાખો. ઇયળ નહિ થાય એમાંથી નીકળીને. છતાં એ નિત્યનિગોદના જીવ એના વસ્તુસ્વરૂપથી જો નિશ્ચયથી જોઈએ, પરમભાવથી ભરેલો ભગવાન જ પરમાત્મા પોતે જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઘણા વર્ષ (પહેલાં) નહોતી ભાઈએ એકફેરી વાત કરી? દામોદર વકીલ હતા ભાવનગર. આ રાયચંદ ગાંધીના. એક ફેરી વાત કરી હતી. ૭૭માં આવ્યાને વિષ્ણુ. એટલે એક ફેરી બિચારા આવે બહુ આવે તો ખરાને. ૭૭ની સાલની વાત છે. પહેલા ભાવનગર ગયા. મહારાજ! આ જૈનો અમને મિથ્યાદૃષ્ટિ કહે છે. એમ વકીલને એમ પૂછયું. ૭૭ની સાલની વાત છે. પહેલા ભાવનગર જ્યારે ગયા ત્યારે. કહ્યું, જો ભાઈ! મેં પછી એને એની શૈલી કહેવાયને? કે બટાટા, શક્કરકંદ એ બધા જીવ અનંત છે. અને એ અનંતને ન માને એટલે મિથ્યા એટલે ઉંધી શ્રદ્ધાવાળા એમ ઇ કહે છે. એને પણ કહેવું છેને. નિહાલભાઈ! વૃદ્ધ હતા, બહુ વૃદ્ધ હતા. પછી હું ત્યાં હતો ત્યાં જ ગુજરી ગયા. એ ૭૭ની સાલમાં ત્યાં જ ગુજરી ગયા. બધા રાયચંદ ગાંધીને બધા આવ્યા હતા ત્યાં. બહુ વૃદ્ધ હતા, વકીલ હતા. ખાનદાન માણસ હોં. પણ કહે આ લોકો અમને મહારાજ! બધા સ્થાનકવાસી જીવો મિથ્યાદૃષ્ટિ કહે છે. એય..! ભગવાનભાઈ! કીધું, જો ભાઈ! એમાં કારણ છે. કે એમાં જીવ અનંત છે. તો અનંત જીવ છેને ઇ છે જ. સાચા છે અને એને ન માને એટલે ખોટા દૃષ્ટિવાળા કહેવાય એટલે ખોટી દૃષ્ટિ છે એમ. એનું નામ મિથ્યાદૃષ્ટિ એમ. સમજાણું કાંઈ? એમાં ઘણા બિચારાને ખબર નથી. મૂળ તો મિથ્યાદૃષ્ટિ આખું દ્રવ્યસ્વરૂપનો વિષય નથી માટે મૂક્યા છે (મિથ્યાદૃષ્ટિમાં). પણ ઓલાને કેમ કહે છે બેને?

**'નિત્યનિગોદના જીવ...'** આહા..હા..! ટીકાકારે. કહે છે કે જે કાયમ ભગવાન બિરાજે આત્મા. કોઈ દિ' ત્રસ નહિ થાય, ઇયળ નહિ થાય. અરે..! નિત્યનિગોદમાંથી એકેન્દ્રિય પૃથ્વી નહિ થાય. એકેન્દ્રિય પૃથ્વી નહિ થાય એવા નિગોદના જીવ અનંતા... અનંતા... અનંતા... થોક પડ્યા છે. છતાં ભલે ઇયળ ન થાય, પણ એનો વસ્તુનો સ્વભાવ જોઈએ ત્રિકાળ તો પરમભાવ જ છે એનો શુદ્ધ. આહા..હા..! કહો, સમજાણું આમાં? **'અભવ્યત્વપારિણામિક એવા નામ સહિત નથી...'** એટલે શું? કે અભવ્યને કોઈ દિ' અશુદ્ધતા ટળતી નથી પર્યાયમાં. એની અપેક્ષાએ આ શુદ્ધ છે કોઈ દિ' ત્રસ થયો નથી અને નહિ થાય માટે અશુદ્ધ છે એમ નથી. વસ્તુસ્વરૂપ જુઓ, આહા..હા..! આખો લોક શુદ્ધ પરમસ્વભાવનો દરિયો ભર્યો છે. ઓલા વૈષ્ણવ એમ કહે 'જળે વૈષ્ણુ, સ્થળે વિષ્ણુ' એમ કહે છે. અહીં ભગવાન કહે છે કે આખા લોકમાં આવા પરમસ્વભાવથી ભરેલા ધ્રુવ અનંત આત્માઓ એક અંગુળનો અસંખ્યમો ભાગ ખાલી નથી. આખો ચૌદ બ્રહ્માંડ ભર્યો છે. વજુભાઈ! શું કીધું? ઇયળ ન થાય તોપણ એનો આત્મા તો વસ્તુ જોઈએ તો શાશ્વત આનંદકંદ જ્ઞાયકભાવ પડેલો છે. સમજાણું કાંઈ? અનંત આત્માઓ ભગવાન કેવળીએ જોયા. તીર્થંકરે જોયા એવા ભગવાને કહ્યા. પણ છતાં કહે છે કે એ નિત્ય (નિગોદના જીવ) કોઈ દિ' ઇયળ નહિ થાય અને એકેનદ્રિય પૃથ્વી નહિ થાય. તોપણ એનો સ્વભાવ જે ધ્રુવ છે એ તો પરમભાવ શુદ્ધ આનંદકંદ છે. આહા..હા..!

**શ્રોતા** :- આનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કહે છે. એ પછી કહે છે જુઓ.

**'જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે,...'** આ મેરુપર્વત છેને મોટો? લાખ યોજનનો મધ્યમાં મોટો. એની નીચે સોનું પડ્યું છે એકલું. સોનાના ઢગલા લાટા એકલું સોનું જ છે. એનું તળ અને દળ જ સોનાનું છે. જેમ આ મકાનમાં નીચે શું કહેવાય તમારે? પાયો. મજબુત કરે છેને પાયો? કુદરતે એના મેરુપર્વતની નીચે સોનાનું જ દળ અને પાયો છે. સમજાણું કાંઈ? લાખ યોજનનો મેરુપર્વત છેને? જંબુદ્વીપ એમાં વચ્ચે મેરુપર્વત છે. કહે છે કે **'જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણ...'** એનો પાયો જ સોનાનો છે એકલો. કુદરતે જુઓને કુદરત છેને ઇ. સારી ચીજ હોય તો મજબુત કરે છેને નીચે? કુદરતે જ મેરુપર્વત છે કે નીચે સોનું જ એકલું છે. સોનાનો જ પાયો છે એકલો. **'તેમ અભવિને પણ પરમસ્વભાવપણું છે;...'** આ અભવ્યને પણ અંદર ધ્રુવસ્વભાવ તો શુદ્ધ આનંદકંદ વસ્તુ તો છે, વસ્તુનિષ્ઠ છે, વસ્તુમાં છે. અભવિજીવોને પણ નિત્યનિગોદની સાથે નાખ્યા અને હવે અભવિ નાખ્યા. જેની કોઈ દિ' મુક્તિ થાય નહિ અભવિની એવા જીવને પણ અંદર વસ્તુ જે છે એ તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ જ્ઞાયકભાવથી ભરેલું તત્ત્વ છે. દશામાં ફેર, પર્યાયમાં ફેર, હાલતમાં ફેર!

**'વ્યવહારયોગ્ય નથી...'** શું કહે છે? અભવ્યને પરમસ્વભાવ અંદર હોવા છતાં પર્યાયમાં

પ્રગટ થવાને લાયક નથી. **'(અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણરાશિનું સુવર્ણપણું સુવર્ણરાશિમાં રહેલું છે, પણ તે વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી,...'** પડ્યું છે સોનું. છે છતાં નથી. વપરાશમાં આવે નહિ એનો શું અર્થ? સમજાણું કાંઈ? કોઈ ખોદીને લઈ ન જાય ચોર કોઈ. મેરુ પર્વત મોટો છેને લાખ યોજનનો. ચુલિકા મોટી ચાર યોજન માથે છે. શાશ્વત મંદિર છે ઉપર. ભગવાનનું મંદિર શાશ્વત છે. એની નીચે, એના પાયામાં... સારા મકાન કરે તો પાયા ઉંચા કરે છે કે નહિ? સીમેન્ટ કોંક્રીટ ખૂબ મજબુત નાખે. શીશા નાખેલા. આમાં શીશા નાખ્યા રાણપર. ગઢમાં. રાણપરનો ગઢ નહિ. .. શીશા નાખ્યા છે. આ સોના નાખેલા અનાદિના છે મેરુપર્વતની નીચે. પણ એ શું કામના કહે છે. એમ અભવિને નિગોદમાં પરમશુદ્ધભાવ ધ્રુવ પડ્યો છે, પણ અંદર દૃષ્ટિ કર્યા વિના કામનું શું? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દાખલો દેવામાં કામ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાખલો. આહા..હા..!

**'અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે...'** આત્મા છેને. 'સર્વ જીવ છે સિદ્ધ સમ' આવે છે? 'સર્વ જીવ છે સિદ્ધ સમ જે સમજે તે થાય. સદ્ગુરુ આજ્ઞ જિનદશા નિમિત્ત કારણમાંય.' સમજે તે થાય. શ્રીમદ્માં આવે છે. આપણે યોગસારમાં આવે છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય.' સર્વ જીવ છે જ્ઞાન. સર્વ. સર્વમાં કોઈ અભવિને કાઢ્યા હશે બહાર? એની વસ્તુ ચૈતન્ય જ્યોત સત્ શાશ્વત ધ્રુવ. એ અભવિને, નિત્યનિગોદને બધાને શાશ્વત તો પૂર્ણાનંદ પડ્યો છે. પણ એ કામ આવે નહિ અભવિને. કારણ કે એ દૃષ્ટિ કરતો નથી. દૃષ્ટિ કરતો નથી તેને કામનું નહિ. **'કારણ કે અભવ્યજીવો પરમસ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે).'** ભગવાન આત્મા. આહા..હા..! કઈ ભાષા નાખી જોયું? ભગવાન પૂર્ણ સ્વરૂપ ભગવાન અંદર છે. એનો આશ્રય કરવાનો, આશ્રય લેવાનો, આલંબન લેવાને અભવિજીવ અલાયક છે.

**શ્રોતા :-** કરી શકે નહિ એવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ દિ' કરી શકે જ નહિ. એની જાત જ એવી છે દશાની. સમજાણું કાંઈ?

**'સુદૃષ્ટિઓને...'** હવે સામે નાખે છે. ભગવાન આત્મા ધ્રુવ ચિદ્બિંબ જ્ઞાયકભાવ સત્ શાશ્વત. એની જેણે દૃષ્ટિ કરી છે એવા **'સુદૃષ્ટિઓને--અતિ આસન્નભવ્ય જીવોને...'** પછી વ્યાખ્યા. ઘણા અલ્પકાળમાં જેને કેવળજ્ઞાન છે, અલ્પકાળમાં જેની મુક્તદશા તૈયાર છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય માટે આવે છેને નહિ પહેલા શબ્દ પ્રવચનસારમાં. અતિ-આસન્નભવ્ય. કુંદકુંદાચાર્ય મહામુનિ સંત પરમેશ્વરના ભેટા જેને થયા આ ભવમાં. એ કહે છે કે એ આસન્નભવ્ય અલ્પકાળમાં જેને મુક્તિ છે. સમજાણું? એને એ આત્મા પરમસ્વભાવે ભરેલો એ સફળ છે. જેણે વિશ્વાસમાં એ લીધો, અંશ રાગ, નિમિત્તની બુદ્ધિ જેની છૂટી ગઈ છે અને વસ્તુના સ્વભાવની દૃષ્ટિ જેને થઈ ગઈ છે

અંદર એવા '**સુદૃષ્ટિઓને--અતિ આસન્નભવ્યજીવોને--આ પરમભાવ...**' આ ભગવાન અંતર સ્વરૂપ છેને ધ્રુવ જ્ઞાયકભાવ, અચળભાવ, શુદ્ધભાવ, નિત્યભાવ, પરમભાવ, પરમપારિણામિકભાવ. એ '**સદા નિરંજનપણાને લીધે...**' એ ભગવાન આત્માનો કાયમી અંતર સ્વભાવ સદા નિરંજન છે. કાંઈ એને અંજન છે નહિ.

શું કહે છે? કઈ શૈલી મૂકી? '**સુદૃષ્ટિઓને--અતિ આસન્નભવ્યજીવોને--આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે...**' એટલે કે એનું ત્રિકાળ નિરંજન શુદ્ધ છે એવી દૃષ્ટિ થઈ એથી નિરંજનપણાને લીધે એને સફળ થઈ ગયો છે. વસ્તુની સ્થિતિની દૃષ્ટિ થઈ એને વસ્તુ છે, સ્વભાવ છે એ સફળ થયો. દૃષ્ટિ નથી એને ઇ સફળ છે નહિ. આહા..હા..! ફરીને, '**સુદૃષ્ટિઓને-અતિ અસન્ન...**' ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ જ્ઞાયકભાવ એવી જે દૃષ્ટિ થઈ એને એ સફળ છે. કેમકે નિરંજન ત્રિકાળ શુદ્ધ છે, પણ એવી શુદ્ધ છે એની દૃષ્ટિ થઈ એને સફળ છે. શુદ્ધ છે એવી સુદૃષ્ટિ થઈ એને સફળ છે. શુદ્ધ છે અને દૃષ્ટિ અશુદ્ધ છે એને હોવા છતાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું કોના ઘરની આ હશે? અહીં તો કહે છે, પ્રભુ! તું આત્મા એવડો છો અંદર જો.. જો.. એ તે કોઈ દિ' પડખું ફેરવીને જોયું નથી. સમજાણું કાંઈ? આ રાગ ને પુણ્ય ને અલ્પજ્ઞદશા અને હું આ હું આ હું આ. ચાલ્યો જ ગયો હું એમાં. ચિદ્‌ઘન જ્ઞાયકબિંબ પ્રભુ ભગવાન અખંડાનંદ અનાદિ-અનંત પોતે ધ્રુવ જ્ઞાયકભાવ સ્વભાવ દૃષ્ટિ કરી તેને એ નિરંજનપણાને લઈને સફળ છે. અંજન વિનાની દૃષ્ટિ કરી માટે નિરંજનપણાને લઈને સફળ થઈ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે)...**' જુઓ, અજ્ઞાનમાં અહીં તો ફક્ત દૃષ્ટિએ ફર્યો સફળ છે કહે. તારું નિરંજનપણું સદાય રહ્યું છે એ પ્રતિભાસ્યો 'આ શુદ્ધ નિરંજન છે' ભાસ્યો એટલે નિરંજનપણાની સફળતા થઈ ગઈ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ બધી! સમજાણું? કુદૃષ્ટિને બીજી ભાષાએ કહીએ તો પર્યાયબુદ્ધિવંતને વસ્તુ હોવા છતાં તે એને અછતી છે. અને નિરંજન સદા હોવાથી જેની દૃષ્ટિ શુદ્ધ થઈ છે એને સદાનિરંજનપણાને લઈને પર્યાયમાં નિરંજનપણું ભાસ્યું છે એને સફળ છે. સમજાણું કાંઈ? ભાસ્યું માટે સફળ છે. આહા..હા..!

**શ્રોતા** :- કબુલે તો જ એને મળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાળ્યો તેથી સફળ છે. આ સદા ત્રિકાળ શુદ્ધબિંબ ચૈતન્યમૂર્તિ એવો ને એવો સદાય છે. એમ જેની અંતર દૃષ્ટિમાં બેઠો એને માટે નિરંજનપણું સફળ છે. સમજાણું? અંજન વિનાની ચીજ, અંજન વિનાની દૃષ્ટિએ ભાસતા તે અંજન વિનાની ચીજનું સફળપણું ત્યારે કહેવામાં આવ્યું. વિશેષ વાત કરશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧, રવિવાર, તા.૧૯-૦૬-૧૯૬૬**

**ગાથા-૧૧૦, કળશ-૧૬૦, પ્રવચન-૯૮**

નિયમસાર શાસ્ત્ર છે. ૧૧૦મી ગાથા. આલોચનાનો અધિકાર છે. આમ તો આલોચવું એટલે અહીંયાં સાધારણ રીતે તો આત્માને જોવું, દેખવું એવું એનું જે સ્વરૂપ છે એને વારંવાર જોવા અને દેખવામાં રહેવું અને શુભાશુભભાવ(થી ભિન્ન આત્માની) સ્થિરતા થવી એનું નામ આલોચના અથવા સંવર કહેવામાં આવે છે. સંવરની વ્યાખ્યા છે આ. પ્રતિક્રમણની વ્યાખ્યા ગઈ, પ્રત્યાખ્યાનની ગઈ, ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ અને વર્તમાનનો સંવર એની વ્યાખ્યા છે.

**શ્રોતા** :- (આલોયણ એ જ સંવર?)

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઇ આલોયણ કહો કે સંવર કહો. કઈ આલોયણ ચાલે છે? ઇને ઠીક. ... ઇ વાત તો ઇ, પણ ઇ આલોયણ એટલે શું? ખરેખર તો આત્મા જ આલોયણસ્વરૂપ છે. દેખવા-જાણવાના સ્વરૂપે જ આત્મા છે. એ દેખવા-જાણવાના સ્વરૂપે આલોચન, આલોચના, મર્યાદિત જોવું એવું જ એનું કાયમી, અસલી, ધ્રુવ, સદૃશ્ય, સામાન્ય સ્વભાવ છે. એ આલોચનસ્વરૂપ જ છે ભગવાન આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કાઢ્યું છેને જુઓને ભાષા તો બીજી છે પણ આ પરમભાવના સ્વરૂપનું કથન લખ્યું છે. છે તો પરિણામની વ્યાખ્યા. પાઠ પરિણામનો છે, પણ કાઢ્યું છે પરિણામિકભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ શાશ્વત પદાર્થ. એ શાશ્વતમાં આલોચનાનો ભાવ પણ આત્મપદાર્થમાં શાશ્વત છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન નહિ, પુણ્ય-પાપના રાગ નહિ, અલ્પજ્ઞ જ્ઞાન, દર્શન અને વીર્યની અલ્પજ્ઞ અવસ્થા એ નહિ. એ તો વ્યવહાર આત્મા થઈ ગયો, આસ્રવ અણાત્મા થયો, કર્મ શરીર અજીવ થયું. અહીં ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકાળ દેખનાર-જાણવાવાળો એનો કાયમી સ્વભાવ એને અહીંયાં આલોચનસ્વરૂપ પરમસ્વભાવભાવને કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, '**સુદૃષ્ટિઓને...**' એ દૃષ્ટાંત કાલે અપાઈ ગયો હતો કે મેરુપર્વત નીચે સોનું છે. મેરુ પર્વત નીચે અનાદિનું સોનું છે. જેમ મકાનના પાયામાં મજબુતી માટે ત્યાં સીસુ આદિ નાખે છે. એમ અનાદિના મેરુપર્વતના નીચે અનાદિનું સોનું નીચે. એની જડમાં, એના પાયામાં સોનું પડ્યું છે. સારી વાત નીકળે. એય..! પણ એ સોનું કામમાં આવે નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇ એની વાત જ નથી. એ તો એમ કહે છે કે જેમ નિગોદના જીવ છે અનાદિ નિત્ય અને અભવિ એનામાં અંદર પરમ-આલોચનસ્વરૂપ, પરમસ્વભાવભાવ તો અનાદિ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ પડ્યો છે. પણ જેમ મેરુની નીચે કુદરતના સ્તંભમાં, પાયામાં, કુદરતના સ્તંભમાં-પાયામાં.. અહીં નવા મકાન કરે અને પાયામાં સીસું કે આ તમારે શું કહેવાય સીમેન્ટ કોંક્રીટ ધરબાવે છેને? આ કુદરતના નિયમમાં એ મેરુપર્વતની નીચે ધરબાયેલું સોનું છે, પણ એ સોનું કામનું નથી; એમ નિત્યનિગોદ અને અભવિજીવમાં વસ્તુ પડી છે અંદર શુદ્ધ દ્રવ્યસ્વરૂપ આલોચન જ્ઞાયકભાવ પૂર્ણાનંદ, પણ એ કુદૃષ્ટિને જેની દૃષ્ટિ, જેની દૃષ્ટિમાં અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્યનો સ્વીકાર એટલા હયાતીનો સ્વીકાર છે, રાગ-દ્વેષનો સ્વીકાર છે, બહારની સત્તાનો સ્વીકાર છે. એવી કુદૃષ્ટિને એ ચીજ હોવા છતાં, વિદ્યમાન હોવા છતાં એને તો અવિદ્યમાન સરખી છે. સમજાણું કાંઈ?

'**સુદૃષ્ટિઓને...**' ૨૧૮ પાનું. બીજી લીટી. ઇ બધી વાત આવી ગઈ છે. અહીં તો આ પણ આવી ગઈ છે, પણ જરી એની સાથે મેળ કરીએ છીએ હવે. કારણ કે સફળ થયો છે, જેથી, અને કારણ કે એ બધું એની સાથે મેળવે છે. શું કહે છે? ભગવાન આત્મા અંદરમાં એનું શાશ્વત વસ્તુ શાશ્વત એના શક્તિરૂપ સ્વભાવ શાશ્વત. એ શાશ્વત વસ્તુમાં એકલો આનંદ અને શુદ્ધપણું જ પૂર્ણ ભર્યું છે. એના પરમભાવમાં શુદ્ધતા અને પરમ આનંદ છે. પણ જેની દૃષ્ટિમાં એ વસ્તુનો સ્વીકાર નથી આમ એટલે આમ જ્યાં સ્વીકાર છે, અલ્પજ્ઞ પર્યાયનું જ અસ્તિત્વ એ સત્તાની મોજુદગી .. રાગની મોજુદગી એવી કુદૃષ્ટિમાં આવા અંશનો સ્વીકાર છે એને આવી ચીજ છતી પડેલી છતાં એને માટે તો અછતી છે. સમજાણું કાંઈ?

'**સુદૃષ્ટિઓને...**' પણ જે ભગવાન આત્મા પરમ આનંદ અને પૂર્ણ જ્ઞાયક શુદ્ધસ્વરૂપ પ્રભુ છે. એવો જેણે અંતર સ્વીકાર વસ્તુના સ્વભાવનો દૃષ્ટિએ કર્યો છે. અલ્પજ્ઞપણું, રાગાદિનો સ્વીકાર જેની દૃષ્ટિમાં ઉડી ગયો છે. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધસ્વરૂપે પૂર્ણ ભાવથી શાશ્વત ભાવથી ભરેલું શુદ્ધ તત્ત્વ એની અંતરમાં જેને સ્વસન્મુખ દૃષ્ટિ થઈ છે એને એટલે કે પાછી એની વ્યાખ્યા કરી. '**અતિ-આસન્નભવ્યજીવોને...**' અલ્પકાળમાં જેને સ્વભાવમાંથી પર્યાયની પૂર્ણતા પ્રગટ થવાની નિકટતા, નજીકતા છે તેને. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાનંદની મૂર્તિ પ્રભુ શાશ્વત વસ્તુ એવા શાશ્વત એનો ગુણ અને ભાવ. એવો શાશ્વત શુદ્ધભાવ, પરમભાવ એને સફળ છે કે જેની દૃષ્ટિ એના સ્વીકારમાં ગઈ છે. સમજાણું કાંઈ? આવો છું, ધ્રુવ શાશ્વત શુદ્ધભાવ પરિપૂર્ણસ્વરૂપ એનો આશ્રય કરી, દૃષ્ટિ જેમાં સમ્યક્ થઈ છે અથવા દૃષ્ટિએ વસ્તુ પૂર્ણ એનો સ્વીકાર થયો છે, જ્ઞાને તેવા પૂર્ણ જ્ઞેયને, જ્ઞેયને જ્ઞાનમાં જણાવાયોગ્ય કરી દીધું છે. સમજાણું કાંઈ?

એવા '**સુદૃષ્ટિઓને--અતિ-આસન્નભવ્યજીવોને આ પરમભાવ...**' ભગવાન આત્માનો ધ્રુવ શાશ્વત સ્વભાવ, ધ્રુવ સત્‌નું સત્ત્વ, સત્ જે આત્મા એનું સત્ત્વ શુદ્ધસત્ત્વ બેહદ અપરિમિત જેનો સત્ત્વ સ્વભાવ એ '**સદા નિરંજનપણાને લીધે...**' ભગવાન આત્મા સદા નિરંજન નામ અંજન વિનાપણાને લીધે, નિર્મળાનંદને લીધે '**સફળ થયો છે;...**' એટલે? કે જેણે દૃષ્ટિમાં જેનો પરમસ્વભાવ સ્વીકાર કર્યો તેને એ વસ્તુ સફળ થઈ છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા શાશ્વત આત્મા, ધ્રુવ આત્મા, સનાતન સત્ આત્મા એવો શુદ્ધભાવ... પરમભાવ લેવો છેને અહીંયાં? એવો એનો શુદ્ધભાવ બેહદ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભુતા એવો એકરૂપ ત્રિકાળ પરમભાવ એવો શુદ્ધભાવ. પરમભાવ લેવો છેને અહીંયાં? એવો એનો શુદ્ધભાવ, બેહદ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિભુતા એવો એકરૂપ ત્રિકાળ પરમભાવ એને સફળ થયો છે કે જેણે દૃષ્ટિમાં એવા ભાવની હયાતી સ્વીકારી છે એને એ ભાવ સફળ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? પ્રવિણભાઈ! એ વાત આપણે જૈનધર્મમાં ભાઈ એવું હોય તો લીલોતરી ન ખાવી, .. ન ખાવા એવી વાત તો ચાલતી નથી. હવે સાંભળને. ખાવા, ન ખાવાની વાત ક્યાં? આ તો વસ્તુ કેવી છે એની ચાલે છે વાત. જૈનધર્મ એને કહે છે. ખાનાર-ન ખાનારની ક્રિયા એને જૈનધર્મ કહે છે કોણ? સમજાણું કાંઈ? છોડવું, ન છોડવું એ જૈનધર્મ છે જ નહિ. એય..! ધર્મદાસજી!

ભગવાન વીતરાગ પર્યાય પ્રગટ કરવાના કામીએ વીતરાગસ્વભાવસ્વરૂપ પૂર્ણ એનો અંતર દૃષ્ટિએ સ્વીકાર કરી, સ્થિર થઈ, વીતરાગતા, વિજ્ઞાનતા જેની વર્તમાન દશામાં શક્તિમાં હતું તે વ્યક્તપણે કર્યું એવા વીતરાગની આજ્ઞાનો એ માર્ગ છે કે પરેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવનો એ માર્ગ છે કે અમે વીતરાગને વિજ્ઞાનપણે પૂર્ણપણે થયા એ બધો સ્વભાવ તારા દ્રવ્યમાં શાશ્વત પડ્યો છે. સમજાણું કાંઈ? એવા શાશ્વત સ્વભાવનો સત્ય સમ્યગ્દૃષ્ટિ દ્વારા એનો સ્વીકાર આ એનું નામ જૈનધર્મ અને સમ્યગ્દર્શન ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુદૃષ્ટિઓને-અતિ-આસન્નભવ્યજીવોને...**' અલ્પકાળમાં જેની ભવ્યતા પાકી ગઈ છે હવે. કેવલ્ય અને પરમાત્મદશા થવાને અલ્પકાળ છે. એવા '**જીવોને--આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે...**' ત્રિકાળ નિર્મળપણાને લીધે અને નિર્મળપણે ભાસ્યો એને લીધે. સમજાણું કાંઈ? સદા ભગવાન નિર્મળાનંદ નિરંજનપણાને લીધે એવી દૃષ્ટિમાં સદા આ નિરંજન નિર્મળાનંદ છે એમ દૃષ્ટિએ સ્વીકાર કર્યો એને લીધે એ સમ્યગ્દૃષ્ટિને એ સદા નિરંજનપણું સફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આમાં... શું આવ્યું? નિર્દોષતા શું આવી? દોષ ટળ્યા. ભાઈ! એ અલ્પજ્ઞપણે અને રાગપણે જે આત્માનો સ્વીકાર હતો એ મહાન પદાર્થનો અનાદરરૂપ મિથ્યાદોષનો મોટો પાપભાવ હતો. આવો ભગવાન એક સમયમાં પૂર્ણ સદા નિરંજન નિરાકાર અખંડ ગુણ આનંદથી ભરેલો છે. એવા શુદ્ધભાવ પરિપૂર્ણનો સ્વીકાર નહોતો અને 'અલ્પજ્ઞપણે હું

આખો છું' એમ સ્વીકાર હતો એમાં અનંતગુણનો પિંડ પ્રભુ આત્મા એનો અનાદર હતો, એની અશાતના હતી, એનાથી વિરૂદ્ધ દૃષ્ટિના સ્વીકારમાં એ ચૈતન્યની એને નાસ્તિ દૃષ્ટિમાં હતી. એવી દૃષ્ટિમાં નાસ્તિ હતી એ મોટું પાપ હતું. આ જીવહિંસા એણે કરી મોટી. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ અનંત-અનંત ધ્રુવ શુદ્ધભાવથી પરિપૂર્ણ પ્રભુ એવા જીવનું જીવન અથવા દ્રવ્યનો ભાવ તે વસ્તુનો એવો ધ્રુવ અનંતભાવસ્વભાવ એ આ નહિ અને અલ્પજ્ઞ અને રાગ હું એ એણે આત્માની હિંસા કરી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રચલિત છે, ઓલું નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરમસ્વભાવભાવથી ભરેલી ચીજ અનંત-અનંત જેમાં કેવળજ્ઞાન અને અનંતા સિદ્ધપદ પેટમાં પડ્યા જેના. અનંતા સિદ્ધપદ જેના ધ્રુવપદના ગર્ભમાં પડ્યા છે એવો ભગવાન પરિપૂર્ણ સ્વભાવ આ નહિ અને આ અલ્પજ્ઞ અને રાગ એટલો હું--બસ એ જ આત્માની મોટી મહાન હિંસા છે. પૂર્ણ સત્‌નો અસ્વીકાર અલ્પ પર્યાયનો સ્વીકાર એ જ--નાસ્તિપણાનો સ્વભાવ હું આ નહિ. એમ આ નહિ, તું આવડો નહિ એવો નકાર એનું નામ--મિથ્યાદૃષ્ટિપણું એનું નામ જીવના સ્વભાવનું પર્યાયમાં (ખૂન કરે છે)! સ્વભાવ તો છે ઇ છે, પણ સ્વભાવમાં એનો સ્વીકાર થઈને જે દૃષ્ટિ થવી જોઈએ એ દૃષ્ટિની પર્યાયને વિપરીત માન્યતા દ્વારા તેનું ખૂન કરે, ઉત્પન્ન થવા દેતો નથી આ એનું નામ જીવની હિંસા કહેવામાં આવે છે. કહો, દાસ! .. જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ લ્યો. કેટલી વાર કર્યા? ઇ નહિ, ભાઈ! એ નહિ. આ તો આવો જીવનો ભાવ તેનો ભાવ પરમભાવ તેના પરમભાવના એક-એક ભાવની મર્યાદા, હદને ટંકાઈ શકે નહિ એવો જેનો સ્વભાવ અપરિમિત અચિંત્ય, વચનાતીત, વિકલ્પાતીત અને વસ્તુસ્વભાવે અપરિમિત. એવા સ્વભાવનો અસ્વીકાર એનું નામ (હિંસા)! આ છે? કે નહિ. એ નહિ, એનું નામ હિંસા. સમજાણું કાંઈ? અને આ આટલો અલ્પજ્ઞ નહિ એ તો પૂર્ણ પરમસ્વભાવ પિંડ પ્રભુ છે એવો દૃષ્ટિનો સ્વીકાર એનું નામ અહિંસક સમ્યગ્દૃષ્ટિપણું કહેવામાં આવે છે. આ અહિંસાની સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સફળપણું સદા નિરંજનપણાનું એને થયું કે જેણે સદા નિરંજનપણાને પરખ્યો. સમજાણું કાંઈ? એની કિંમતમાં આવ્યો આ. દૃષ્ટિમાં એની કિંમત થઈ ત્યારે તેને સફળપણું કહેવામાં આવે છે. છે તો છે. સમજાણું કાંઈ? પણ એ વાત તો એને અંતરમાં આ ગુંલાટ ઉંધી અને સવળી શું? એનું એને માહાત્મ્ય લાગતું નથી. આમ બહારમાં કાંઈક મારે ને તોડે ને ફલાણું તે કરી શકતો નથી, પણ એના સંયોગની ક્રિયામાં થતું હોય ત્યાં ઉભો હોય એટલે એમ માને કે જો મારે લઈને આ થયું, મારે લઈને આ થયું. હરામ એને લઈને થયું હોય તો. તારા લઈને એ થયું કે પૂર્ણાનંદનો સ્વીકાર નહિ અને અલ્પજ્ઞ અને રાગનો સ્વીકાર એ તારે લઈને થયું. સમજાણું કાંઈ? અને એ તારે લઈને સ્વીકાર થયો કે પૂર્ણ પ્રભુ પરમાત્મસ્વરૂપ જિન તે જિનવર, જિનવર તે જિન. બેય એક

જાત, એક સરખા એમ ભગવાન આત્માની એક જ દૃષ્ટિ થઈ. કહે છે કે એ અસ્તિ, મહા મોજુદગીનો સ્વીકાર થયો એને છે એવા જીવનનું સફળપણું એણે કર્યું. છે એવા પરમભાવનું દૃષ્ટિમાં સ્વીકાર કરવાથી એને છે એનું સફળપણું થયું. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત! આ વળી કેવી વાત!

**'સુદૃષ્ટિઓને-અતિ આસન્નભવ્યજીવોને,...'** ભગવાન આત્મા અલ્પકાળમાં કેવલ્ય પામવાની લાયકાતવાળા જીવને એ પરમભાવ ભગવાનભાવ **'સદા નિરંજનપણાને લીધે...'** ત્રણે કાળે શુદ્ધ હોવાને લીધે, શુદ્ધપણાનું ભાસન થયું એને કારણે **'સફળ થયો છે;...'** સમજાણું કાંઈ? એ તો ભાઈ આવી ગયુંને ઓલું શુદ્ધ, (શ્રી સમયસાર) છઠ્ઠી ગાથા. શુદ્ધપણે ભાસ્યું ત્યારે એને શુદ્ધ છે. ભાસ્યા વિના શુદ્ધ શેનું પણ? સમજાણું કાંઈ? **'જેથી...'** જુઓ, એની સાથે કહે છે હવે. **'સફળ થયો છે; જેથી,...'** શું કીધું સમજાણું આમાં? દૃષ્ટિએ એને સ્વીકાર્યો આદર આપ્યો. છે એવી દૃષ્ટિ થઈ એટલે છે એવી દૃષ્ટિ થઈ તે છે એ સફળપણું આવ્યું. નહિતર છે કે નહિ છે એને તો કાંઈ હતું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મેરુના પાયાની નીચેથી કાઢ્યું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મેરુના પાયાનો .. નથી. આ તો પ્રગટ થાય બહાર પડ્યા હતા આમ કુંડના કુંડ ભર્યા હતા એને જોયું અંદર. કાઢ્યું બહાર, એમ. મેરુપર્વતની નીચેથી નહિ.

**શ્રોતા :-** .. પહેલા કામમાં આવે આવું નહોતું. આ હવે કામમાં આવ્યું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ઇ કામમાં આવ્યું જ નથી, કોઈને આવતું નથી. એ તો કુદૃષ્ટિની અપેક્ષાએ વાત ત્યાં કરી હતી. સમજાવવા દાખલો આપ્યો હતો. આ તો ઉઘાડા છોગે પડેલા ભગવાન આમ જ્યાં એક કાંકરી મારી અને ધૂળ નીકળી ત્યાં દીઠો એક હીરો. અને હીરા લેતા-લેતા એવા ચરુના ચરુ પેઠા એટલા. ખુલ્લા હોં ખુલ્લા. દાટ્યા નહિ. ખુલ્લેખુલ્લા! સમજાણું કાંઈ? ચરુ ઉપરાઉપર આમ એક હારબંધ અને આમ હારબંધ. આમ હારબંધ અને આમ હારબંધ. ઉભો થઈ કાંકરી હાથમાં હતી તો આમ નાખી ધૂળ ઉડી ત્યાં હીરો દેખ્યો. અરે..! આમ જોવે તો હરેરાટ.. આમ જોવે તો... એ મેરુપર્વતના નીચે નહિ. એય..! નીકળે નહિ. આ તો નીકળેલું છે. છે એવું દૃષ્ટિમાં આવ્યું તો નીકળે એવું ને એવું છે. આહા..હા..! ઇ દટાય એવું છે જ નહિ. તેથી તો દૃષ્ટિ કીધીને? દૃષ્ટિમાં દટાયેલું કહેવું. અને વિપરીત દૃષ્ટિમાં દટાયેલું એટલે છે જ નહિ ઇ તો. વિદ્યમાન હોવા છતાં એને તો અભાવ જ છે. ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ પોતાનો ભાવ, ભાવ જ્યાં દૃષ્ટિએ જોયો, ભાસ્યો, જાણ્યો, જ્ઞેય કરી અનુભવ્યો, સફળ છે કહે છે. ખુલ્લો પડ્યો છે એવો સફળ છે, એમ કહે છે. મેરુ નીચેથી કાઢવો નથી. સમજાણું કાંઈ? ભારે આ. એ વખતે જુઓ કેટલું ... આમ ચરુના ચરુ ઓલો ખોદવા વસ્તુપાળ અને તેજપાળ આવે છેને પૈસા કરોડરૂપિયા. જાત્રા કરવા નીકળ્યા એટલે થોડા ભાઈ હવે આપણી પાસે આટલા બધા પૈસા છે લાવો ક્યાંક દાટીએ.

નળકોળીયામાં. દાટવા માટે ખોદવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. હીરાના ચરુ. બાયડી કહે કે કેટલે ઠેકાણે તમે દાટશો? તમારે તો પગે નિધાન છે. દાટીને કામ શું છે? વાપરો. વાપરો. આ મફતના શું કરવા સંઘરવા જાવ છો? ખોદવા ગયા ત્યાં ચરુ નીકળ્યા. તમારે દાટીને કામ શું છે અહીંયાં? ઓલી બાયડી કહે છે એને હોં. વાત સાચી કહે તારી. દાટવા જાવ ત્યાં નવા નીકળે ઇ દાટવાનું કામ શું છે? સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પૂર્ણ ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભાવ... ભાવ... પૂર્ણ શુદ્ધભાવ, અનંત શુદ્ધભાવ આ દૃષ્ટિ પડી ખુલ્લેખુલ્લો ભગવાન આ કેવળજ્ઞાન અલ્પકાળમાં થશે એવું એને દૃષ્ટિમાં થઈ ગયું. કેવળજ્ઞાન નિધાન જોયા એમ કહે છે. દૃષ્ટિએ કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર થઈ ગયો. ઇચ્છાએ કેવળજ્ઞાને સ્વીકાર્યું, જ્ઞાને 'કેવળજ્ઞાનમય નિશ્ચય છું' એમ એના પ્રતીતમાં આવી ગયું. સમજાણું કાંઈ? આહા..હા..!

આવો '**સફળ થયો છે; જેથી, આ પરમપંચમભાવ વડે...**' આ પરમભગવાન આત્મા એનો શુદ્ધ ધ્રુવ-ધ્રુવ શાશ્વતભાવ વડે '**અતિ-આસન્નભવ્યજીવને...**' અતિ નિકટ જેની યોગ્યતા કેવલ્યને પામવાની છે તેવા જીવને '**નિશ્ચય-પરમ-આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું,...**' જુઓ આ પર્યાયની વાત લે છે. નિશ્ચય-પરમ-આલોચનના પ્રકારરૂપે, આલોચનાના એક પ્રકારરૂપે ઉત્પન્ન થતી એ પર્યાય છે નવી. એ '**આલુંછન નામ સિદ્ધ થાય છે...**' તેને આલુંછન નામ એણે કર્મને લુંછી નાખ્યા અને નવી દશા પ્રગટ કરી એમ એને સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા બીજી, ભાવ બીજા, એનો વાચ્યની મહિમાનો પાર ન મળે. આહા..હા..! એને વાણીમાં મૂકીને વાતું કરવી. વચનાતીત પ્રભુ, વિકલ્પાતીત ભગવાન એને વાણી અને વિકલ્પ દ્વારા એની મહિમાના ગાણા ગાવા એ કેટલા ગાય?

કહે છે, આવો ભગવાન આત્મા જેને સ્વરૂપ પૂર્ણથી ભરેલા એવા સ્વરૂપની દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શનમાં જેનું એ જ્ઞાન થઈને પ્રતિત થયું, તેને સફળ છે જેથી એને પરમ આલોચનના પ્રકારે ઉત્પન્ન થતું આલુંછન, એને નિર્મળ વીતરાગી પર્યાયરૂપી આલુંછન નામ સિદ્ધ થાય છે. એને '**આલુંછન નામ સિદ્ધ થાય છે.**' ભાઈ! શું કહે છે સમજાણું? એને આલુંછન નામ (સિદ્ધ થાય છે). ઓલા સમ્યક્ નામ સિદ્ધ થાય છેને? ૧૪૪. એ બધી શૈલી જ વાપરે છે. ત્યારે સમ્યગ્દર્શન નામ પડે છે. આહા..હા..! આ છેને? સંતો, મુનિઓ પરંપરાની જે શૈલી છે એને તોડતા નથી અને એને સાંધી દે છે. સમજાણું કાંઈ? આ નવા નીકળેલા કાંઈકનું કાંઈક, કાંઈકનું કાંઈક કરે. અહીં નવા નીકળ્યા કહે છે, બાપા! સાચી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે એને આલુંછન નામ સિદ્ધ થાય છે. બીજાને આલુંછન-ફાલુંછન, આલોચના-ફાલોચના નામમાત્ર પણ નથી. આહા..હા..! પ્રાયશ્ચિત્ત લીધું અમને પાપ લાગ્યું હતું. ... શુભાશુભપરિણામ મારે ન કરવા. એ શુભાશુભપરિણામ ન કરવા એમ ન કહે, અશુભ-પાપ ન કરવા. સાવદ્યયોગના ત્યાગ. સાવદ્યયોગ શું ઓલો પાછો નિર્વેદ્ય યોગ શુભ રહી ગયો ઇ? એ તો વિકલ્પ ઉઠ્યો છે તો

એનો ત્યાગ શી રીતે કરે? સમજાણું કાંઈ? પણ એનું વલણ જ્યાં આમ આત્મા તરફ થયું ત્યારે શુભાશુભવિકલ્પરહિત નિર્વિકલ્પ જે દશા પ્રગટ થઈ એને આલુંછન નામ સાબિત કહેવાય છે. બીજાને આલુંછન કહેવાતું નથી. આહા..હા..! એ લુંછી નાખ્યું બધું. ભુંસાડીયો વાળ્યો વિકારનો. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્વિકારી ભગવાન આત્મા આ એને એના જેને અંતર ભેટા અને સાક્ષાત્કાર થયો એ ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવનો નાથ, પૂર્ણ ભાવ લેવો છેને ઓલો? આત્મા અને પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ એમ વર્ણવ્યું છેને. ભાવ... ભાવ... ભાવ... એનો જ્યાં અંદર ભેટો અને ભાવનું ભાસન થયું, કહે છે કે એને આલુંછન નામ સિદ્ધ છે, એને સંવર નામ અપાય છે. એને સંવરના ભેદમાં એક આ દશા એને સંવર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ...**' પાછું ઓલું સફળ થયો છે '**સફળ થયો છે; જેથી, આ પંચમભાવ વડે અતી-આસન્નભવ્યજીવને...**' એ વડે. એ વડે ઓલા ત્રિકાળી સ્વભાવ વડે આ જે પરમ આલુંછન જે પર્યાય પ્રગટ થઈ એને નામ પરમ આલુંછન કહેવામાં આવે છે. '**કારણ...**' કહે છે હવે. '**કારણ કે તે પરમભાવ...**' ભગવાન શુદ્ધભાવ, ધ્રુવભાવ, શાશ્વત '**સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવા સમર્થ છે.**' પાઠમાં છે પર્યાયનું. એ અહીંથી આ લીધું. ભાઈ! પાઠ છેને? પાઠ તો મૂળ પર્યાયનો છે. પણ કાઢ્યું આ કે પરમભાવ ભગવાનભાવ, શાશ્વતભાવનો જે આ સ્વીકાર દૃષ્ટિએ કર્યો એ શાશ્વતભાવનું સફળપણું થયું. જેથી એવા પરમભાવ વડે ઉત્પન્ન થયેલો, એવા પરમભાવ વડે ઉત્પન્ન થયેલો આલુંછન નામ સંવર દશા એ સંવર નામ અપાય છે. કેમકે પરમભાવ ઓલો ત્રિકાળી.

**શ્રોતા** :- ત્રિકાળમાં સામર્થ્ય છે માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા.

'**સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં...**' ભગવાન આત્માનો પરમભાવ તે સમર્થ છે. કેમકે એને આશ્રયે પડેલી, નીકળેલી પર્યાય એને આલુંછન નામ અપાય છે. તો એ ભગવાન આત્મા બધા વિકાર અને સંસારના ઉદયને નાશ કરવાના સ્વભાવવાળો આત્મા છે. આહા..હા..! શબ્દો થોડા પડે છે એમને મુનિને. જુઓને, કેટલી શૈલી કરી છે! ઓહો..હો..! આવું ઉત્પન્ન થતું નામ સિદ્ધ થાય છે કારણ કે. આમ થયુંને? થયુંને સંવર? થયું તેથી એ પરમભાવ ત્રિકાળી સર્વ દોષને વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડીને પરમાનંદની પ્રાપ્તિ કરાવે એવો એ પરમભાવ છે. ઝેરનો નાશ અને અમૃતની પૂર્ણાનંદની ઉત્પત્તિ એવો સાધન ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આ એણે એનું સ્વરૂપ એવડું કોઈ દિ' સાંભળ્યું નહિ. બીજી વાતું સાંભળવા જાય તારો બાપ આવો હતો ને ફલાણું આ હતું, એકે પચાસ લાખ પેદા કર્યા હતા, એક વાવ બનાવી હતી, લાખ ખર્ચ્યા હતા. બારોટ બેસેને ઓલું વયાવચ્ચ ગણવા. ઓલા બારોટીયા આવેને. બારોટ. બારોટીયા નહિ. છે તો બધા બહારવટીયા ઉંધા વખાણ કરીને આત્માના વખાણ

છોડી દીધા. એય.. બેઠા અમારા બારોટ છે. શું કહે છે? તમારી પેઢી આમ હતી, ઢીંકણું આમ હતું, ફલાણું આમ હતું, વાવ બનાવી હતી પાછળમાં એક. સવા લાખની. તે દિ' સવા લાખની. અત્યારે તો ઓહો..હો..! એવા મારા મા-બાપ! એવા બાપ અમારા મોટા હતા!

**શ્રોતા :-** ચોપડા લઈને આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આવે છેને બધા બબ્બે હજારના ચોપડા. બબ્બે હજાર વર્ષના. ઓલા બાર-બાર વર્ષના મોટા ત્રણ પડ્યા છે. બે હજારના ચોપડામાં છે ત્યાં છેને કામીયા. કામીયા છેને ઓલા મલુપચંદભાઈ નહિ? એના બારોટ આવ્યા હતા બે હજાર વર્ષના પુરાણ ચોપડા. આમ લાંબુ-લાંબુ વર્ણવ્યું. .. નકરી. ત્રણ બાર (વર્ષના) દુકાળ આમ લખ્યું છે. એમાં લખેલા ત્રણ બાર (વર્ષના) દુકાળ પડ્યા. સમજાય છે? એમાં ઓલા (ત્રણ) બાર (વર્ષના) દુકાળનું સાંભળ્યું છે એમાં. ઓલું પછી બીજું શું થયું એ નથી. બાર (વર્ષના) દુકાળ થયા હતાને? આ લોકો ત્યારે પંથ નીકળ્યાને બે? ઇ એમાં ત્રણ બાર (વર્ષના) દુકાળનું છે એમાં. બારોટના લખાણના ઇતિહાસમાં છે.

આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રણકાળના આત્માનો ઇતિહાસ જાણનારા ભગવાન એને કહે છે. ભાઈ! તારા પરમસ્વભાવની સફળતા ક્યારે? કે તું તેને સ્વીકાર ત્યારે. અને સ્વીકારી જેથી પરમભાવ વડે નિર્મળદશા ઉત્પન્ન થઈ. જેથી એ નિર્મળદશા જે વિકારનો નાશ કરે છે તેથી પરમભાવ પોતે સ્વભાવ છે. વિષના વૃક્ષના વિશાળ મૂળિયાને તોડીને સાફ કરે એવો એ પરમભાવ છે. સમજાણું કાંઈ?

**'(હવે, આ ૧૧૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :-)'**

**(मंदाक्रांता)**

**एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः**
**कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः।**
**मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां**
**एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः॥१६०॥**

આ આત્મા એની શાશ્વત શક્તિરૂપી સત્ત્વ. શાશ્વત રહેનારો એમ ને એમ, એમ ને એમ શાશ્વત. એવો જે શાશ્વતરૂપી એનું સત્ત્વ નામ ભાવ કેવો છે? કે **'કર્મના દૂરપણાને લીધે...'** જેમાં કર્મની ગંધ નથી. ક્યારે? અત્યારે. ભગવાન આત્મા જેમાં અનંત પરમાત્મા જેના ગર્ભમાં પડ્યા એવો ભગવાન એ કર્મથી દૂર વર્ત્યો છે ત્રિકાળ. **'કર્મના દૂરપણાને લીધે...'** ઓલો પોકારે અરે..! મારી નાખ્યા કર્મે. સમજાણું? તારો પથરો મોટો ઓલો પથરો હતો.. ત્યાં ગયો. ત્યાં એને કહે એલા તું કેમ આવ્યો? આમ કર્યું તો પથરો પડ્યો માથે. ભાઈસાહેબ હું આવ્યો. ઉભો થા. પણ પથરો છે ઇ ક્યાં ઉભો થાય ઇ? એમ આ કર્મ વાંકા અને ... કે મને કર્મ નડ્યા, મને કર્મ નડ્યા. એ આંધળા! જડ નથી નડ્યા સાંભળને! તારા સ્વભાવની મહિમા મૂકી અને વિકાર અને સંયોગની મહિમા આપીને તું હણાઈ ગયો છે. કર્મે હણ્યો નથી, કર્મ હણતો નથી, કર્મ ત્રણ કાળમાં હણશે

નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જે '**કર્મના દૂરપણાને લીધે...**' નહિ... નહિ... નહિ... નહિ... ઓલો કહે નહિ. હવે સાંભળને. કર્મનું નજીકપણું એ તને હોંશમાં આવે છે? ... ઇ તને હોંશ આવે છે કે આ દુશ્મન જો આવ્યો મારવા તને. હા, એ ઠીક કર્યું. અહીં કહે દુશ્મન છે જ નહિ. મારવા કોણ આવે? વળી આ છે જ નહિને આત્મામાં? આહા..હા..! સમમજાણું કાંઈ? દ્રવ્યની વાત ચાલે છે હોં. પર્યાયમાં એમ છે 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ. કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ. અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' આ તો વસ્તુની વાત છે. વસ્તુમાં ટાળવું કે લેવું કે મૂકવું કાંઈ છે જ નહિ. ભગવાનભાવ, ભગવાન પરમપંચમભાવ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવ-શાશ્વત-એકરૂપ સદશ્ય રહેનારો ભાવ કર્મથી દૂર છે. સમજાણું કાંઈ?

'**પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે,...**' એ પ્રગટ સહજ અવસ્થા એટલે અવસ્થાનું અવસ્થાયી એવો અવસ્થાયી પદાર્થ સદા રહેલો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ સત્ત્વ છેને, શાશ્વત વસ્તુ છેને? અણકરાયેલું સત્ત્વ છેને? અને અણકરાયેલું સત્ત્વ તે શાશ્વત છે. એક સમયની પર્યાયનું લક્ષ છોડી દઈને એ ભગવાન આત્માનો ત્રિકાળ પરમભાવ સહજ અવસ્થાપૂર્વક રહેલો છે, જે સ્વભાવિક શુદ્ધભાવસહિત રહેલો છે. સ્વભાવિક શુદ્ધભાવ અહીંથી કર્મથી દૂર કીધો. સહજભાવ સ્વભાવથી રહેલો છે. '**જે આત્મનિષ્ઠાપરાયણ સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે,...**' કેવો છે એ ભગવાનભાવ? ભગવાનભાવ. આત્મામાં રહેલો ત્રિકાળ સ્વભાવભાવ. કેવો છે? કે આત્મસ્થિત. આત્મનિષ્ઠાપરાયણ. એવો ભગવાનભાવ એમાં પ્રેમથી તત્પર થયેલા '**(આત્મસ્થિત) સમસ્ત મુનિઓને...**' ધર્માત્મા સંતોને. ઉત્કૃષ્ટ વાત લેવી છેને. ઉગ્રપણે જેને અવલંબ્યો છે. સમ્યગ્દર્શનમાં મંદપણે અવલંબ્યો છે અને ચારિત્રવંતે ઉગ્રપણે જેને આદર્યો છે. આહા..હા..! એવા આત્મનિષ્ઠા પરાયણ ભગવાન શુદ્ધ ધ્રુવસ્વભાવ એમાં પ્રેમથી તત્પર થયેલા. તત્પર થયેલા તિષ્ઠ સમસ્ત મુનિઓ ધર્માત્મા મુક્તિનું મૂળ એવા મુનિઓને એ પરમભાવ, ધ્રુવભાવ મુક્તિનું મૂળિયું છે. એ મુક્તિ ત્યાંથી પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમસ્ત મુનિઓને...**' જુઓ, શું કીધું? સાચા કોઈ મુનિની જાત એવી હોય કે જેને પરમભાવનું મૂળ નહિ અને બીજા મુનિને બીજું હોય. એ પરમ સંતો આત્મા એણે ઉગ્રપણે અવલંબ્યો આત્માને, દ્રવ્ય સ્વભાવને, વસ્તુસ્વભાવને એવા નિષ્ઠ પરાયણ આત્મામાં પરાયણ થયેલા એવા સંતોને એ કેવળજ્ઞાનરૂપી સિદ્ધદશા એનું એ મૂળ છે. મોક્ષનો માર્ગ એ નહિ. મોક્ષનો માર્ગ એ મુક્તિનું મૂળ નહિ. કારણ કે મુક્તિનો માર્ગ છે એ થયો આનાથી, પણ એનો વ્યય થઈને કેવળ થાય એ આનાથી. સમજાણું કાંઈ?

'**સમસ્ત મુનિઓને...**' વીતરાગી જૈન સંતોને. જૈન સંતોને એ મુક્તિ નામ પૂર્ણ સિદ્ધદશા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદની પ્રગટતા એ પ્રગટતાનું મૂળિયું એ પરમભાવ છે.

શાશ્વતભાવ તે મુક્તિના મૂળિયા છે. આહા..હા..! મુક્તિનું મૂળ ભગવાન તીર્થંકર નહિ આત્માને માટે. આહા..હા..! દિવ્યધ્વનિ તો ક્યાંય રહી ગઈ આ એને સાંભળવાનો વિકલ્પ પણ ક્યાંય રહી ગયો, આ એને જાણવાનો વર્તમાન જ્ઞાનનો પર્યાય અલ્પ પણ ક્યાંય રહી ગયો. ભગવાન આત્મા જેમાંથી મુક્તિના પર્યાય પ્રગટ પ્રવાહ વહે. ચૈતન્યના પૂર જેમાં ધ્રુવમાં શાશ્વત પડ્યા છે. એમાંથી મુક્તિની પર્યાયનું પૂર ત્યાં ફાટીને વહે છે. સમજાણું કાંઈ? .. ગાણા નિયમસારમાં એવી રીતે લીધા છેને તો એકવાર સાંભળે તો ઊભો થઈ જાય એવો છે. ભાઈ! તારી વાતું પૂરી પૂરી ભગવાન કહી શકે નહિ એવડતો તું મોટો અને એવડા મોટાનું તને માહાત્મ્ય ન આવે અને અલ્પની વાતુંનું માહાત્મ્ય આવે એ તો અનાદિકાળનો સંસાર છે. મુક્તિના મૂળિયા ભગવાન આત્મા પોતે રાખે છે કહે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વસ્તુ-વસ્તુ ધ્રુવ શાશ્વતભાવ શું? એ શાશ્વતભાવ એ સત્ત્વ આખું એ તું એમ એને ખ્યાલમાં આવતું નથી. એથી એને આ મુક્તિના મૂળિયા રાગમાં અને નિમિત્તમાં એને દેખાય છે. સમજાણું કાંઈ? આ સંયોગમાં ને રાગમાં અને ભેદમાં જાણે ત્યાંથી મુક્તિની પર્યાય થતી હશે એમ એને અજ્ઞાનમાં વિપરીતપણે બીજેથી ભાસે છે. સમજાણું કાંઈ? આ જૈનમાં જન્મ્યા એને જૈનની વસ્તુની ખબર ન મળે. વલ્લભદાસભાઈ! આ સ્થાનકવાસીમાં જન્મ્યા, તમે દેરાવાસીમાં જન્મ્યા. લ્યોને, બેય સંપ્રદાય છે કે નહિ? ભગવાનભાઈ! આ તમારા વેવાઈને એક લીધા અને આ ભાઈને લીધા જુઓ. પણ વસ્તુ વિના શેના જૈન તમે? કોને કહે જૈન? જેના સ્વભાવમાં રાગનો અંકુર ન રહે અને મુક્તિના મૂળિયા પાકે એવો ભગવાન આત્મા એના સ્વીકાર વિના જૈન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અરેરે..! અમે આનાથી હણાઈ ગયા, આનાથી હણાઈ ગયા. મરી ગયા.. મરી ગયા.. હવે પણ એમાં જૈન ક્યાં રહ્યો તું? નાગો ફરે ઇ જૈન એમ કહે છે. આ એટલું .. કાઢે ત્યાં. ઘરમાં સવા રૂપિયો કે જે કર્યો હોય એ ભરે એટલે થઈ રહ્યું જૈન જાઓ. એ પણ નથી પૂરા ભરતા. હા, ૮૯માં અમારું ચોમાસું હતું રાજકોટ. કેટલા કાંઈક છ નોકારશી હતી. છ નોકારશી હોં તે દિ' ઓલા છોટાલાલે કર્યું હતુંને પાટણમાં. અઠ્ઠાઈ કરી હતી અને આપણે સ્થાનકવાસીમાં કેટલું? છ નોકારશી. મોટી ... એક છ નોકારશી આખી હોં. જૈન.. એટલે પછી એકે કહ્યું કે અરે..! છ-છ નોકારશી છે તો હવે સવા રૂપિયો તો ભરો. એ બે હજાર ઘરમાં ... આવેલા. એમ કાંઈક... એય..! ... એમ કે જતું કરે જતું. એવું સાંભળ્યુંને જતું કરે. એય..! મનસુખભાઈ! એ વખતે વાતું કરતા હોં. એલા..! મહારાજનો જોગ અને છ-છ નોકારશી કે દિ' થાય? આખા જૈનની નોકારશી એક સાથે છ થોડા દિ'માં. નોકારશી સમજો છો? બધા જૈનનું. બધા જૈનનું ભોજન. નોકાર ગણે એ બધાનું સાથે ભોજન. ચાહે તો સ્થાનકવાસી હોય કે દિગંબર હોય એ બધાનું ભોજન. એને નોકારશી કહે છે. નોકાર ગણે કે સૌ આવો જમવા. નવ. આવા છ-છ જમણ એક-એક ઘરના હવે સવા રૂપિયો. એવી વાતું કરતા હતા સાંભળતા હતા. ત્રણસો ઘરના આવ્યા હતા કહે. ૮૯ની સાલની વાત છે. પૂરું ક્યાં ઠેકાણું છે એનું પણ?

અહીં તો કહે છે, ઓહો..હો..! મુનિઓને, ધર્માત્માને આત્મવસ્તુ જે ભાવસ્વભાવ છે એને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ મુક્તિના મૂળિયા નહિ. સમજાણું કાંઈ? હવે અહીં તો ઓલા કહે વ્યવહારના વ્રત. વ્રત ને નિયમ એ મોક્ષનો માર્ગ. અરે..! ભગવાન શું કાઢ્યું તે ત્યાંથી? સમજાણું? સવારમાં આવ્યું નહોતું? નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. ઇ તો પણ નિશ્ચય ઓલો અનુભવ અને દૃષ્ટિ હોય ત્યાં વ્યવહાર. છતાં અહીં તો વ્યવહાર તો બંધનું કારણ, નિશ્ચય મોક્ષના માર્ગરૂપ, છતાં મોક્ષનું મૂળિયું એ નિશ્ચય પર્યાય નહિ. વસ્તુમાંથી પ્રવાહ આવે છેને? પ્રવાહ ન્યાં પૂર ભર્યા છે ત્યાં. ભગવાનના ભાવમાં પૂર પડ્યા છે અંદર. સમજાણું કાંઈ? કહે છે એ **'સમસ્ત મુનિઓને...'** પાછું જુઓ, બધા મુનિઓને એમ. કોઈ મુનિઓને વ્યવહારથી મુક્તિ થઈ જાય, કોઈને નિમિત્તથી થઈ જાય, કોઈને સંહનની મજબુતાઈથી કેવળ થાય અને કોઈને આત્માને આશ્રયે થાય, એમ છે નહિ.

**'જે એકાકાર છે,...'** જુઓ હવે અહીં લે છે. **'एको भावः'** સમજાણું? **'एको भावः'** શું? અહીં જાય કે છેક પંચમભાવમાં જાય? એ શુદ્ધ-અશુદ્ધ એક પંચમભાવ. ત્યાં જાય છે નહિ? અને ચોથી લીટી જુઓ, ચોથીમાં **'एकाकारः'** છે. એ મૂળ શ્લોકમાં **'एकाकारः'** આવ્યું. હા, છેને **'एको'** અને **'एकाकारः'** એ **'एकाकारः'** પહેલું આવ્યું અહીં. **'એકાકાર છે,...'** શું કહે છે? વસ્તુનો ભાવ જે ધ્રુવ શાશ્વત છે એ એકસ્વરૂપે છે. એમાં અનેકપણું નથી. પર્યાયમાં અનેકપણું, ગુણમાં અનેકપણું, છતાં એ વસ્તુ છે એ તો એકરૂપે છે ધ્રુવ ભાવ પરમભાવ, શુદ્ધ ચૈતન્યભાવ, શુદ્ધભાવનો પિંડલો પ્રભુ એ તો એકરૂપે છે, એમાં બે ભેદ એમાં નથી. એ સદા એકાકાર છે, એકરૂપ છે. એકરૂપને આશ્રયે એકાકાર થવાય છે. એકાકાર થનારને એકરૂપ આશ્રયમાં લેવાયોગ્ય છે. સમજાણું કાંઈ? આ શું વિધિ એ પણ ભેગી આવે છે અંદર.

**'જે નિજરસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે...'** શું કહે છે? ભગવાન આત્માનો ભાવ, ધ્રુવ શાશ્વતભાવ વસ્તુનો ભાવ, વસ્તુ છે એનો ભાવ હોય કે નહિ? વસ્તુ છે એનો સ્વભાવ હોય કે નહિ? વસ્તુ છે એની સત્ત્વ અને શક્તિ હોય કે નહિ? એ નિજરસના, નિજસ્વભાવના, નિજસામર્થ્યના ફેલાવથી ભરપૂર-ભરપૂર છે, પોતાના નિજશક્તિના સ્વભાવના ભાવથી ભરપૂર ભગવાન છે. એ વસ્તુનો ભાવ ભરપૂર છે, ભરપૂર છે. નિજશક્તિના, નિજ સ્વભાવના, નિજસામર્થ્યના ફેલાવથી સામર્થ્યપણું ભરપૂર-ભરપૂર હોવાને લીધે પવિત્ર છે. આને કારણે એ પવિત્ર છે. **'અને જે પુરાણ (સનાતન) છે...'** ભગવાન. સનાતન દૃષ્ટિવંતને તે સનાતન છે. આહા..હા..! અરે..! કેટલાક કહે આવું સાંભળવું તાળા દઈ દીધા. કે ચાલો એવું નહિ સાંભળવું હો, નહિતર ભ્રષ્ટ થઈ જશો સંસારથી. કામના નહિ રહે કાંઈ. અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! આહા..હા..! પુરાણ-જૂનો આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જૂનો-અનાદિ સનાતન છે. એ તો છે, છે ને છે. એવો અનાદિભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ અનાદિ-પુરાતન


સનાતન છે. આ સનાતીઓનો ધર્મ નથી કહેતા? એ સનાતનધર્મ આ. શશીભાઈ! હોય છેને તમારે?

સનાતન ભગવાન આત્મા એક સમયની અવસ્થાનું લક્ષ છોડી દે. વસ્તુ જે સ્વભાવ સનાતન છે એ એવો ને એવો પુરાણ છે. પુરાણપુરુષ છે, પુરાણપુરુષ છે. સમજાણું કાંઈ? અન્યમતમાં પણ આવે છેને ઓલા 'જૂનો ધર્મ લ્યો જાણી મેરે સંતો જૂનો ધર્મ લ્યો જાણી રે. જૂનો ધર્મ લ્યો જાણી મેરે સંતો જૂનો ધર્મ લ્યો જાણી રે જી. જૂનો ધર્મ લ્યો જાણી મેરે સંતો જૂનો ધર્મ લ્યો જાણી રે જી.' એ જૂનો પરમભાવ ભગવાન એ જૂનો ધર્મ છે. આહા..હા..! **'પુરાણ (સનાતન) છે...'** આ કહે નવો ધર્મ નીકળ્યો હશે. એય..! ...લાલજી! કહો આ સોનગઢે નવો પંથ કાઢ્યો? અરે..! ભગવાન! અરે..! પ્રભુ! શું તું કહે છો? આ ભાવ સનાતન પડ્યો તેની દૃષ્ટિ કરવી તે સનાતન ધર્મ છે. બાકી બધા કૃત્રિમ માનેલી વાતું છે. લખે છે ઓલામાં. નવો પંથ હમણા નીકળ્યો એક. કાનજીસ્વામીનો નવો પંથ. અરે..! ભગવાન! રહેવા દે, ભાઈ! પંથ નવો એનો નથી. એ તો અનાદિ પરમાત્માના ભાવનો છે. વાત ઇ ઓલું વ્યવહારથી થાય અને નિમિત્તથી થાય એમ ન કહે એ નવો પંથ. છોટાલાલજી! એમ કહે છે કે નહિ? એવી વાત કહે.


એરે..! ભગવાન! ભાઈ! તે પરમાત્માના પેટ નથી જોયા, ભાઈ! એ ભગવાન સનાતન પરમાત્મા પોતે ભાવ ભરેલો. એની દૃષ્ટિ કરતા જે દર્શન થાય તેને ભગવાન ધર્મ કહે છે. એ સનાતન ધર્મ એનો આશ્રય કરે તેને સનાતન સાચી દૃષ્ટિ થાય.


**'તે શુદ્ધ-શુદ્ધ...'** દ્રવ્યે શુદ્ધ અને ભાવે શુદ્ધ. વસ્તુ શુદ્ધ અને ભાવે શુદ્ધ. એકલો ભગવાન પદાર્થ શુદ્ધ, ભાવ શુદ્ધ. એ ભગવાન પરમસ્વભાવભાવ **'તે શુદ્ધ-શુદ્ધ એક પંચમભાવ...'** એક પંચમભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચારભાવથી આ પરમભાવ છે. ઓલા અપરમભાવ ચાર છે. કેવળજ્ઞાન પ્રગટે એ અપરમભાવ છે, એક સમયની પર્યાય છે. **'શુદ્ધ એક પંચમભાવ સદાય જવંત છે.'** આહા..હા..! એ દૃષ્ટિમાં જોયો કે આ તો સદા, સદા જયવંત એવો ને એવો છે. સમજાણું કાંઈ? એ સદા જયવંત સનાતન આત્મધર્મ વસ્તુ છે. એ કહે છે કે એનો આશ્રય લઈને અમે સનાતન મોક્ષની પર્યાય પ્રગટ કરશું. એનું નામ જૈન. જૈન કોઈ વાડા અને સંપ્રદાયની વાત નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



દૃષ્ટિનાં નિધાન
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ



પાંડવ પુરાણ
અર્થાત્
જૈન મહાભારત
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ



ભાગવત શાસ્ત્ર
(ભાગ-૧)
પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧-૧૨, શ્લોક ૧-૪) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧-૩૨)



गुरु कहान - दृष्टि महान
(भाग - १)



શ્રીમજ્જિનસેનાચાર્ય-વિરચિત મહાપુરાણ ભાગ-૧
(આદિપુરાણ)
પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ



બોધિ-સમાધિ-નિધાન
(ભાગ-૨)
યશોધર ચરિત્ર
વરાંગ ચરિત્ર
પ્રદ્યુમ્ન ચરિત્ર
નાગરદાસ બેચરદાસ મોદી-પરિવાર



કહાન દેશના


શ્રી સકલકીર્તિ આચાર્ય વિરચિત
મહાવીર પુરાણ


પરમ-પારીણામિકભાવ
(અલગથી ઉપલબ્ધ પ્રવચનો)
ભાગ - ૧
:પ્રકાશક:
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ


श्री रामुनि विरचित
पाहुड-दोहा
(हिन्दी अनुवाद सहित)
प्रकाशक
श्री कुन्दकुन्द-कहान मोक्षार्थी परिवार
सोनगढ़ (सौराष्ट्र)


આત્માનુશાસન
શ્રી ગુણભદ્ર આચાર્ય
પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ


બ્રહ્મોપદેશ
ભાગ
૨
પ્રકાશક :
શ્રી કુંદકુંદ - કહાન મોક્ષાર્થી પરિવાર, સોનગઢ